॥ શ્રી હરિઃ ॥



શ્રી વલભ સુધા

શ્રી નૃસિંહજી કે પદ

રાગ-કાન્હરો તાલ-ધમાર

હરિ રાખે તાહિ ડર કાકૌ ।
મહાપુરૂષ સમરથ કમલાપતિ, નર કેહરિ સો ઇસ હૈં જાકૌં. ॥૧॥

અનેક સાસના કરિકરિ દેખી, નિષ્ફલભાઇ ખિસાઇ રહ્યો ।
તા બાલક કો બાર ન બાંકૌ, હરિકીસરન પ્રહલાદ ગયો ॥૨॥

હિરનકસિપુ કો ઉદર બિદાર્યો, અભૈરાજ પ્રહલાદૈ દીનોં ।
'પરમાનંદ' દયાલ દયાનિધિ, અપને ભકતકેં નીકૌ કીનૌ ॥૩॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૧ ✠ **અપ્રિલ, ૧૯૯૦**

શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

આમંત્રણ

શ્રી જગદગુરુ શ્રી વલ્લભાચાર્ય ચરણ વંશાવતંસ મથુરા–પોરબંદરવાળા નિ. લી. પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલેજી મહારાજાત્મજ. નિ. લી. પૂ પા. ગો. શ્રી માધવરાયજી મહારાજ. જયેષ્ઠ સુત પૂ. પા. ગો. શ્રી મધુરેશકુમારજી મહારાજ તથા પુ. પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ શ્રી સમસ્ત વૈષ્ણવ પરિવારને શુભાશિર્વાદ સહર્ષ જણાવે છે કે રાજા જયમલના સેવ્ય શ્રી ગુસાંઈજીના નિધિ શ્રી મદનમોહન પ્રભુનો છપ્પન ભોગ મનોરથ તથા ગો. ચિ. શ્રી વસંતકુમારજી મહોદય અને ગો, ચિ. શ્રી વિશાલકુમારજી મહોદયના શુભ યેજ્ઞોપવિત પ્રસ્તાવ નિરવારેલ છે તેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

શ્રી છપ્પન ભોગ મનોરથ – વૈશાખ સુદ ૭ તા. ૧–૫–૯૦ મંગળવાર સાંજના ૫ વાગે.

શ્રી ગણેશ સ્થાપન ગૃહશાંતિ – વૈશાખ સુદ ૮ તા. ૨–૫–૯૦ બુધવાર સવારે ૧૦–૦૦ વાગે.

શ્રી કુલદેવતા સ્થાપન મિનેકિવૃધ્ધિની સભા – વૈશાખ સુદ ૯ તા. ૩–૫–૯૦ ગુરુવાર સવારે ૯–૦૦ વાગે
મિનેકિ સાંજે ૫ વાગે, વૃદ્ધિની સભા રાત્રે ૯ વાગે

શુભ યજ્ઞોપવિત – વૈશાખ સુદ ૧૦ તા. ૪–૫ ૯૦ શુક્રવાર સવારે ૯થી૧૧ વાગે.

– પત્ર વ્યવહાર સેવા મોકલવાનું સ્થળ –

શ્રી બડા મનોરથ યજ્ઞોપવિત પ્રસ્નાવ સમિતિ "-માધવ ભવન" શીતલા ચોક, **પોરબંદર**–૩૬૦૫૭૫ ફોન –૨૧૫૧૨

માલવણ – પુષ્ટિ માર્ગીય પાઠશાળા માલવણના દશાબ્દિ મહોત્સવના ભાગરૂપે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન તા. ૧૧–૨–૯૦ થી ૧૭–૨–૯૦ સુધી કરવામાં આવેલ. વ્યાસપીઠ ઉપર શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી બિરાજયા હતા. નંદમહોત્સવ ગોવર્ધન ઉત્સવ વગેરે ઉત્સવો ખુબજ ધામધુમથી વિશાળ વૈષ્ણવજન સમુદાયની હાજરીમાં ઉજવાયેલ

પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી નિત્ય લીલામાં પધારતાં શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીયે આપશ્રીના જીવન ઝરમરની વિગતવાર માહિતી આપ્યા બાદ શ્રદ્ધાંજલિ અર્પતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

પાઠશાળાના સંચાલકો પ. ભ. શ્રી પી ટી. શાહ તથા પ. ભ. શ્રી કલ્પેશ દેશાઈનું પુ. શાસ્ત્રીજીના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

દેવગઢ બારીયા–શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતને ભૂલેલા વૈષ્ણવ વૃંદને શ્રી મહાપ્રભુજીના માર્ગનું જ્ઞાન કરાવવા અને સાચો માર્ગ બતાવવા ચતુર્થ પીઠાશ્વર પુ.પા.ગો. શ્રી દેવકીનંદન મહારાજશ્રી ગોકુલનાથજીની હવેલીમાં સપરિવાર પધાર્યા હતા. દશ દિવસ સુધી સવાર–સાંજ. રાત–દિવસ જોયા વગર વૈષ્ણવોની મુંઝવણનો ઉકેલ કરેલ અને શ્રી મહાપ્રભુજીનો સાચો માર્ગ શું છે? સેવા શું છે? બ્રહ્મસંબધ અને નામકરણ શું છે? શ્રી મહાપ્રભુજીના સિધ્ધાંત મુજબ કેવી રીતે આચાર–વિચારનું પાલન કરવુ ? ખોટો દંભ અને ડોળ કાઢી નાખવામાં સૌ વૈષ્ણવોને દિશા સૂચન કરાવ્યું.

પ. પુ. મહારાજશ્રીએ દશ દિવસોની ફલશ્રુતિરૂપ સૌ વૈષ્ણવોનું અને હવેલીના ટ્રસ્ટી મંડળનું હૃદય પરિવર્તન કરી અત્રેના મંદિરની 'આચાર્ય ગૃહ' તરીકે સ્થાપના કરી એક ઐતિહાસિક ઘટના સર્જી છે.

મહાપ્રભુજીના સિધ્ધાંત મુજબ ચાલવાના સૌ વૈષ્ણવોના દઢ સંકલ્પની ફલશ્રુતિના અંતે નગરમાં શોભાયાત્રા નીકળી હતી જેમાં પુ. મહારાજશ્રીએ સપરિવાર પગે ચાલીને શોભાયાત્રામાં ભાગ લીધો હતો. અને અહીં પધારી સૌને અનેરો લાભ આપી આનંદ–ઉલ્લાસ–ઉત્સવનું વાતાવરણ સર્જ્યું છે. આ પ્રસંગે પ. પુ. મહારાજશ્રીને સપરિવાર વિજય તિલક કરવામાં આવ્યું હતું.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૧ * એપ્રિલ, ૧૯૯૦

શ્રીવલ્લભ મહોત્સવ

વિવેચન-**પ્રો. મગનલાલ ગ. શાસ્ત્રી** (M.A.)

આજે વૈષ્ણવો સેવામાં એટલાં બધા ગુંથઇ જાય છે કે આજને દિન તેઓએ ક્ષણભર સમય મળી શકતો નથી, છતાં હું તો કેટલાક વખતથી કહેતો હતો કે આજને દિને તો શ્રીમહાપ્રભુજીના ગુણગાન અવશ્ય કરવા જોઇએ. છેવટે કંઇ નહિ તો ઘેર મંડળીઓ લાવી વેણુગીત આદિનો અનુવાદ ગવાય તો પણ ઠીક.

આજે મારે આચાર્ય ચરણના સિદ્ધાન્ત વિષયક કહેવાનું છે. પણ આચાર્ય ચરણના સ્વરૂપને જાણ્યા વિના તેમના સિદ્ધાન્ત જાણવા, વાંચવા એ વ્યર્થ છે. કારણ કે આ સિદ્ધાન્તોનો વકતા કોણ છે? તેનું સ્વરૂપ કેવું છે? તેનું સ્થાન કયાં છે? જાણ્યા વગર તેનું રહસ્ય કદી સમજી ન શકાય.

આચાર્ય ચરણ આ ભૂતળ ઉપર આચાર્ય સ્વરૂપે પ્રકટ થયા છે. સુન્દર ધોતી, ઉપરણો, ઉપવીત, તુલસીમાળા અને ઊર્ધ્વપુંડ્ર એ આર્યસદાચાર આર્યચિહ્ન યુક્ત આપનું સ્વરૂપ છે. એમના આચારમાં, ભાષામાં, આર્ય વાણીમાં લેશ પણ મ્લેચ્છોની છાયા સરખી ન હતી અને

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

તે પણ કેવા સમયમાં 'મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ' કે જ્યારે આર્યોને બલાત્કારે મ્લેચ્છ બનાવવામાં આવતા હતા. આખો દેશ મ્લેચ્છોથી આક્રાન્ત બની ગયો હતો તેવા સમયમાં આર્ય જગત્‌ને પોતાના સ્વરૂપને સમજાવ્યું કે જો સંપૂર્ણ તિતીક્ષા હોય તો ગમે તેવા વાતાવરણમાંથી પણ મનુષ્ય પુરૂષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. હું આપશ્રીનું ભાવનાની દૃષ્ટિએ સ્વરૂપ વર્ણન કરીશ.

આપના શ્રીઅંગના ત્રણ અંશ છે. ત્રણ ભાવ છે. પ્રથમ **'કૃષ્ણ એવ'** એમ શ્રીગુસાંઇજી વર્ણન કરે છે. કેમ કે નિઃસાધન જીવનો ઉદ્ધાર કેવળ પુષ્ટિ (અનુગ્રહ) થી પ્રભુ પોતે જ કરી શકે. પણ લીલામાં કૃષ્ણ અને સ્વામિનીનાં સ્વરૂપો જુદાં જુદા બિરાજે છે. હવે કેવળ કૃષ્ણ જ કહીશું તો આપનામાં સ્વામિનીત્વ નહિ આવે. પણ પુષ્ટિમાર્ગમાં જે સ્નેહ જે કોમળતા રહેલી છે તે આપનામાં સ્વામિનીત્વ ન હોય તો પ્રકટ ન થાત. જ્યારે પુષ્ટિમાં સ્નેહ અને કોમળતા રહેલી છે જે શ્રીમહા પ્રભુજીમાં કૃષ્ણની સાથે સ્વામિનીત્વ પણ છે, એમ જણાવે છે. જેનું વર્ણન આપનાં શ્રીગુસાંઇજી કહે છે કે–

'રાસસ્ત્રીભાવપૂરિતઃ' હવે ઠાકોરજી અને સ્વામિનીજીની લીલાનું આપ વર્ણન કરે છે, પણ તે પોતે અનુભવ લીધા વિના કે દર્શન કર્યા સિવાય તેમ કરી શકે નહિ. એટલે આપ લીલાના દ્રષ્ટા અને અનુભવકર્તા પણ છે. એ આપનું તૃતીય સ્વરૂપ છે. તેટલા માટે આપણે જો તમના કોઇ પણ ગ્રંથનું અવલોકન કરશું તો તેમાં કેવળ રસનો ભંડાર જ પ્રાપ્ત થશે. અને એક મુખ્ય વાત આપના ગ્રંથોમાં એ દેખાશે કે અમારા પુરૂષોત્તમ આ લોકથી અને વેદથી પણ અતીત છે. શાસ્ત્રોકત જ્ઞાન અને ભકિતથી જે મોક્ષ થાય છે તે મર્યાદા મોક્ષ છે. પોતાના સ્વરૂપ વડે કરીને પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવી આપે તેનું નામ પુષ્ટિ અર્થાત્ અનુગ્રહ. આ ત્યારે જ બને કે જ્યારે જગત્ નિઃસાધન બન્યું હોય અને મોક્ષ પ્રાપ્તિના સાધનો નિષ્ફળ થઇ જાય ત્યારે તે સાધનોના કર્તા પણ પ્રભુ પોતે જગત્ પર પ્રકટ થાય એમ સ્વરૂપ બળથી જીવોનો ઉદ્ધાર કરે.

શ્રીમહાપ્રભુજી પણ એવા જ સમયમાં પ્રકટયા કે જ્યારે જગત નિઃસાધન હતુ અને આપે જગતને વિદિત કર્યું કે જો તમે મારે માર્ગે ચાલ્યા આવો તો હું આ જગતમાં જ આ જીવનમાં જ તમને પ્રભુની પ્રાપ્તિ કરાવી આપીશ. આ પ્રભુતા લૌકિક નથી. જ્યાં વેદોકત સાધનો નિષ્ફળ જેવાં થઇ ગયાં ત્યાં વૈદિક પ્રભુતા પણ ન હોય. પણ આ તો આપશ્રીની અલૌકિક પ્રભુતાનું કારણ છે અને તે કેવળ પુરુષોત્તમ જ દર્શાવી શકે.

વળી જેમ કેટલાક માર્ગોમાં સાધુ, બાવા, આદિ થવાનું છે તે આ માર્ગમાં નથી. આમાં સૌભાગ્ય રહેલું છે. આચાર્ય ચરણોએ પોતે તેમને પુરુષોત્તમ સાથે સંબંધ કરાવી આપ્યો છે તો પછી તમારે ચિંતા કરવાની કશી જરૂર નથી, કારણ કે તમારા માટે તમારા સૌભાગ્ય પતિ છે. તમારે તો કેવળ આચાર્ય ચરણની આજ્ઞાથી પ્રભુ સેવા કરવી અને તેથી તમને ભગવત્પ્રાપ્તિ થઇ જશે. માટે તમારી ફરજ તો સાનિધ્યમાં ભગવત્સેવા અને વિયોગમાં

ભગવત્કથા કરવાની છે. વળી તેમ કરતા ગમે તેવું દુઃખ આવી પડે તો તે સહન કરવું, કારણ કે **‘ત્રિદુઃખ સહન’** કારણ કે તે પ્રભુકૃત છે.

મહાન દેવતાઓ પણ કામાદિકથી આક્રાન્ત થઇ ગયા છે પણ તે છતાં આપણે છાતી ઠોકી કહી શકીશું કે અમારા માર્ગમાં જેવો વૈરાગ્ય છે તેવો જગતમાં અન્ય કોઇ પણ માર્ગમાં નથી.

કેટલાકો આક્ષેપો કરે છે કે પુષ્ટિમાર્ગમાં જ્ઞાન સામગ્રી નથી પણ આ માર્ગમાં તો એવી સામગ્રી છે કે જ્ઞાન સ્વરૂપ પરમાત્મા પોતે તમારે વશ થઇ રહે છે. માટે જો જ્ઞાન વડે વૈરાગ્યનું અભિમાન ધરાવે તો તે તદ્દન વ્યર્થ જ છે. તમારે કાળથી પણ ન ડરવું ન જોઇએ. કારણ પ્રભુ કાળથી પર (બળવાન) છે. અને તમે તેમને શરણે ગયેલા છો એટલે કાળનું બળ પણ તમને કાંઈ ન જ કરી શકે. માટે તમારે તો નિશ્ચિંત બની કેવળ ભગવત્સેવા અને ભગવત્કથા કર્યા કરવી.

(શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડના સંવત ૧૯૮૫ના વૈશાખ અંક ૨-૩ માંથી સાભાર.)

“એસી કબહૂં નાહિં ભઇ”

લે. **મહાકવિ વલ્લભદાસ**, ગ્વાલિયર

આવું કયારેય નથી થયું હવે કહે છે કે આવું સતયુગ, ત્રેતા, દ્વાપર, કોઈ યુગમાં પણ આવું નથી થયું, જેવું આ પંચમેશ કલિયુગમાં થયું છે. શ્રીમહા પ્રભુજીનું પ્રાકટય થયું.

પૂર્ણ પુરૂષોત્તમની લીલા સારસ્વત કલ્પમાં થઇ તે વ્યૂહો સહિત પ્રકટ થયા તે ચાર વ્યૂહ છે. તેમના નામ (૧) વાસુદેવ વ્યૂહ (૨) સંકર્ષણ વ્યૂહ (૩) પ્રદ્યુમ્ન વ્યૂહ (૪) અનિરુદ્ધ વ્યૂહ. જ્યારે શ્રી પૂર્ણ પુરૂષોત્તમનું પ્રાકટય થાય છે, ત્યારે આ ચાર વ્યૂહ આપની સાથે રક્ષાર્થ પ્રકટ થાય છે. બીજા યુગોમાં જે ભગવદ્દાવતાર થયા, તે આપના અંશ, કલા માંથી થયા. પરંતુ સારસ્વત કલ્પમાં જે કૃષ્ણાવતાર થયો, તે સાક્ષાત્ શ્રીપૂર્ણ પુરૂષોત્તમ સ્વતંત્ર આપ પ્રકટ થયા. પરંતુ કોઇને આ વાતનું જ્ઞાન ન થયું. વ્યૂહોની અંદર છીપાય રહ્યા. અગિયાર વર્ષ બાવન દિવસ આપે વ્રજમાં બિરાજીને લીલા કરી. રાસાદિક અને રહસ્ય લીલા કરી. પછી આપ તો ભકતો સહિત સ્વધામમાં પધાર્યા અને વ્રજમાં જે રાક્ષસોને માર્યા અને મથુરાગમનાદિ લીલા કરી. મહાભારત કરાવ્યું. આ બધી લીલા વ્યૂહો દ્વારા થઇ પરંતુ આ ભેદ કોઇએ જાણ્યો નહિ. જેમ ફાનસની અંદર દિવો પ્રકાશે છે તેમ વ્યૂહોની અંદર આપે છુપાઇને ક્રીડા કરી.

વળી પણ કહે છે કે જેમ વ્યૂહ તો ચાર મોટા મોટા પત્તા (પાંદડા) છે અને તેની વચમાં એક નાની કમલની કળી છે તેમ પૂર્ણ પુરૂષોત્તમ પ્રકટ થયા. પરંતુ સૂર્યના પ્રકાશ વિના આ કમળ ખિલ્યું નહિ. કોટાન કોટી યુગોથી અંધારૂં જ ચાલ્યું આવ્યું. કારણ કે સારસ્વત કલ્પમાં બ્રહ્મા બાર દિવસના હતા.

તેના અનંત જુગ વીતી ગયા. પરંતુ કોઇને આજ સુધી પુરુષોત્તમના પ્રાકટયનું જ્ઞાન ન થયું. અજ્ઞાનરૂપી અંધકારમાં સર્વ સૃષ્ટિ મગ્ન હતી. વારાહ ભગવાને એક વખત પૃથ્વીને વ્રજની વાત કહી અને બીજી અનેક કથાઓ પ્રસિદ્ધ છે. પરંતુ રસાત્મક પુરુષોત્તમના સ્વરૂપને કોઇએ જાણ્યું નહિ, તેથી વર્ણન પણ ન કર્યું.

હવે શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણ ભૂતલ પર પધાર્યા, તે આપ સૂર્યરૂપ છે. તેથી જ્યારે ભક્તિ માર્ગનો સૂર્ય ઉદય થયો, ત્યારે ભકિત રૂપી કિરણ દ્વારા દશે દિશામાં પ્રકાશ ફેલાયો આપનું પ્રાકટય જ્યારે ચંપારણ્યમાં થયું ત્યારે શ્રી સ્વામિનીજીના હસ્ત કમળમાં રત્ન જડેલ પાલનું શોભે છે, આસપાસ વ્રજ ભકતોના યૂથ મંડલાકાર (ગોળાકાર) ઉભા છે. પાલનામાં કોટિ કંદર્પ લાવણ્ય શ્રીમહાપ્રભુજી પોઢયા છે. આપનો ચરણ અંગુષ્ઠ મુખમાં મેલી મંદ મંદ મુસકાઇ રહ્યા છે–આવા દર્શન માતૃ ચરણ એલ્લમાગારૂજીને થયા.

વળી તેજ સમયે શ્રીગિરિરાજમાં શ્રીનાથજીનું પ્રાકટય થયું. તે સારસ્વત કલ્પથી જે પુરૂષોત્તમરૂપી કળી સંપુટિત (બીડાયેલ) હતી. અનેક કલ્પ વીત્યા, પરતું સૂર્યના પ્રકાશ વિના કમળ ખીલ્યું નહિ. હવે શ્રી વલ્લભાધીશ પ્રભુ સૂર્યરૂપ પ્રકટ થયા, તેનું કીરણ જ્યારે શ્રીગિરિરાજ પર જઇને પડયું, તેજ સમયે શ્રીનાથજી રૂપી કમળ કળી ખિલી ઉઠી. તેથી આપનું નામ “ભકિતમાર્ગાબ્જ માર્તંડ” સર્વોત્તમજીમાં કહ્યું છે. જ્યારે આપ સૂર્યરૂપ પ્રકટ થયા, ત્યારે આ કમલ ખિલ્યું; તેની ભાવરૂપી સુગંધ ઉડી અને સૂરદાસાદિક ભગવદીયોએ ભ્રમરરૂપે આ મકરંદનો આસ્વાદ લીધો. ભ્રમર વિના કમળના સ્વાદને કોણ જાણે. તેથી આ ભગવદીયો છે તે ભ્રમરરૂપ છે અને શ્રી ગુસાંઇજી આપ ચંદ્રમારૂપ છે. “શ્રીવિઠ્ઠલાથ ચંદ ઉગ્યો જગ મેં ભકત ચાંદની છાય રહી હૈ” જ્યારે સૂર્ય–ચંદ્રમા ઉદય થયા, ત્યારે કમળ–કમોદની ખિલ્યા.

સૂરદાસજીએ ગાયું છે–“શ્રીવલ્લભ નખ ચંદ્ર છટાબિન સબ જગ માંઝ અંધેરો” કેવળ બધા જગમાં જ નહિ, પરંતુ બધા જુગમાં અંધકાર જ ફેલાય રહ્યો હતો તે હવે દુર થયો, તેથી આ અવતાર બધાથી મોટો પૂર્ણ કળા સહિત થયો. પ્રથમ કહેવાયું છે કે જે પૂર્ણ અવતારમાં વ્યૂહ સાથે પ્રકટ થાય છે. તો અહીં ચાર સંપ્રદાય છે તે જ ચાર વ્યૂહ છે. અને શ્રીનાથજી પણ ચાર વ્યૂહ સાથે પ્રકટ થયા. તેના નામ (૧) શ્રી બદ્રી નારાયણ (૨) શ્રી જગન્નાથજી (૩) શ્રી રંગનાથજી (૪) શ્રી દ્વારકાનાથજી તેના મધ્યમાં શ્રી દેવ દમન શ્રીનાથજી બિરાજે છે.

જેમ શ્રીમહા પ્રભુજીનું પ્રાકટય બધાથી મોટું છે તેમજ આપના વ્યૂહોમાં અધિક સામર્થ્ય છે. જેમ વલ્લભી સંપ્રદાયનો ડંકો દશે દિશામાં ફેલાયો છે તેમ જ ચારેય સંપ્રદાયનું પણ અધિક સામર્થ્ય છે.

અહીં ગદાધરદાસજીએ ગાયું છે–‘ગદાધર માન મરાલા’ મરાલ એટલે હંસ તે હંસ મોતીનો ચારો ચરે છે. સરોવરમાં અનેક વસ્તુઓ હોય છે, તેનાથી હંસને પ્રયોજન નથી. એક મોતીથી જ પ્રયોજન છે કે જે તેનો આધાર છે. તે પ્રમાણે જ ભકતજન લીલા સરોવરના હંસ છે. તેમાં અનેક વસ્તુ છે, અનેક પ્રકારની લીલા છે, પુષ્ટિ મર્યાદ

॥ શ્રીહરિઃ ॥

શ્રીવલ્લભનો પરિવાર

ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી

[સં. ૧૭૪૩ થી ૧૭૭૩]

ગોસ્વામી તિલકાયત શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય

પ્રેષક :- **ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા**

(ગતાંકથી ચાલુ)

શ્રીનાથજીના તિલકાયત પદે બિરાજ્યા બાદ સર્વપ્રથમ શ્રીદામોદરજી–દાઉજી મહારાજને ત્યાં શ્રીનાથદ્વારામાં વિ. સં. ૧૭૪૩માં ભાદરવા સુદ ૬ના દિને શ્રીવિઠ્ઠલેશરાયજીનું પ્રાકટય થયું હતું. આપ અનુપમ સુંદર તથા પ્રસન્નવદન સર્વાંગ સૌષ્ઠવવાળા સદા સ્વામિનીજી ભાવથી બિરાજતા. તેથી આપશ્રીના પ્રાકટય દિને આજ પણ લહેરિયા પંચરંગના વસ્ત્ર ધરાવાય છે. આપ 'લલિતા' ભાવ પણ રાખતા. આપને વિવિધ શૃંગાર, ભોગ, રાગથી લાડ લડાવવામાં આવ્યા હતા. આપશ્રીના ચાર લાલજી–મોટા શ્રીગોવર્ધનેશજી, બીજા શ્રીગોવિંદજી, ત્રીજા શ્રીમુરલીધરજી અને ચોથા શ્રીબાલકૃષ્ણજી. આપને ત્યાં બે બેટીજીનું પ્રાકટય થયેલ.

આપશ્રીના પ્રાકટય નિમિત્તે કેટલાક ગામ, જમીન પિતાશ્રીને તેમજ શ્રીનાથજીને ભેટ મળેલ. આપે શ્રીનાથદ્વારાની વૃદ્ધિ માટે ઘણા સ્થાનો અને નગરનું આયોજન કરેલ.

પ્રશ્ન–કેમજી, પુરુષ થઇને સ્ત્રીભાવ કેમ થયો ? તથા સ્ત્રીભાવથી કેમ રહ્યા ?

ઉત્તર–પોતાના પ્યારા પ્રીયતમને રિઝવવાને માટે સ્ત્રીરૂપ બન્યા. એક વખત આપને એક વૈષ્ણવે પૂછ્યું કે આપ સ્ત્રીવેશમાં કેમ રહો છો ? ત્યારે આપશ્રીએ ઉપરોકત વાત કહી અને આજ્ઞા કરી કે જીવ જેવો ઉત્પન્ન થાય છે તેવો તો રહેતો નથી. ભાવાનુસાર તે પણ રંગ બદલે, વેશ બદલે, પહેલા બાલક, પછી યુવાન થયો, પછી વૃદ્ધ થયો, તે પ્રમાણે પહેલા દાઢી મૂંછ ન હતા અને હવે દાઢી મૂંછ પણ થયા. તો મધુર રસમાં મનુષ્ય પોતાની ભાવનાથી સ્ત્રી પણ બની શકે છે. આ સાંભળી વૈષ્ણવ ચુપ થઈ ગયો. શ્રીબાલકૃષ્ણલાલજીને જશોદા ભાવથી સ્તનમાં દૂધ આવી ગયું તે પણ તો ભાવ જ હતો. તેમાં સંદેહ ન કરવો. તે વૈષ્ણવને પોતાના શ્રીલલિતાજીના સાચા સ્વરૂપના સાક્ષાત્ દર્શન કરાવી દીધા. તેથી તે કૃતકૃત્ય થયો. એમના લાલ શ્રીગોવર્ધનેશજી બાવાને પણ દર્શન કરીને પોતાના પદમાં શ્રીલલિતાજીનું વર્ણન

રાગ– સારંગ

ઉશીર મહલ ભવનન છાયો સુ બનિતા બનિ
બૈઠે રાધા ઐસી અંસ ભુજન મેલી ।

* * * *

ગોવર્ધનેશહિત વિલાસ ગ્રીષ્મ રિતુ અતિ
નિવાસ લલિતાદિક નિરેખ નૈન પાવત રસ ઝેલી.

આ પદમાં લલિતાદિકમાં શ્રી આચાર્ય વિઠ્ઠલેશરાયજી માનવામાં આવે છે. આપનું

મિશ્રિત. તેનાથી તેમને કાંઇ પ્રયોજન નથી. કેવળ રાસ રસ લીલારૂપી જે મોતી છે તેના જ ભાવનો આ સ્વાદન કરે છે, તેને જ ચણે છે, તેજ તેમનો આધાર છે. તેથી ગદાધરદાસજીએ 'મરાલ' નામ કહ્યું.

(શ્રી ગદાધરદાસજીનું એ પદ અહીં પ્રસ્તુત છે.)

('મહાકવિ વલ્લભદાસજીકા વાર્તા સાહિત્ય' હિંદી' ઉપરથી સાભાર.)

રાગ-કાફી

મિલિ ખેલેં ફાગ, બન મેં શ્રીવલ્લભ બાલા;
સંગ ખરે રસ રંગ ભરે, નવરંગ ત્રિભંગી લાલા. ૧

બાજત બાંસુરી ચંગ ઉપંગ, પખાવજ આવજ તાલા;
ગાવતિ ગારી દૈ દૈ બ્રજનારી, મનોહર ગીત રસાલા. ૨

કંચન બેલિ કરે જાનૌં, કેલિ પરે બિચ સ્યામ તમાલા;
ધાઇ ધરૈં હંસિ અંક ભરૈં, છૂટે કેસ, ટૂટી ઉર માલા. ૩

સીંચત અંગનિ રંગ ભરે, બાઢ્યૌં પ્રેમ પ્રવાહ રસાલા;
મૈન સૈન ખુર રૈનુ ઉડી નભ, છાયો અબીર ગુલાલા. ૪

દેખિ થકીં ભંવરી સબરી મૃગી મોરી ચકોરિન જાલા;
રાધા કૃષ્ણ બિલાસ સરોજ '**ગદાધર**' મત્ત (મત્ત) મરાલા. ૫

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

પ્રાકટ્ય પણ લલિતાજીના પ્રાકટ્ય દિને (ભાદરવા સુદ છઠ્ઠનું) થયું હતું. લલિતાજીની વધાઇમાં આ પ્રકારે વર્ણન કરેલ છે.

રાગ- સારંગ

આજ સખી સારદા કન્યા જાઇ ।
ભાદોં સુદ ષષ્ઠી હે શુભ દિન શુભ નક્ષત્ર
વર આઈ ॥

* * * *

'વ્રજપતિ'કી સ્વામિનિ પ્રકટી હૈ, લલિતા નામ
ધરાઇ ॥

શ્રીવિઠ્ઠલેશરાયજીના વર્ણનમાં નીચેના બે પદોમાં આ પ્રકાર સિદ્ધ થાય છે–

રાગ-ધનાશ્રી

બરસાને વર સરોવર પ્રકટયો અદ્ભુત કમલ ।
વૃષભાન કિરન પ્રકાસ પોષ્યો,
રહત પ્રફુલ્લિત સદાહી સરસ સુંદર અમલ ॥
સખી ચહૂં દિશ કેસર દલ કરણિકા
આકાર રાજત રાધિકા જસ ધવલ ।
'સૂરદાસ' મદનમોહન પિય નવ મકરંદ હિત
સેવિત સદા અતિ નલિન અલિ ॥

ભાવાર્થ–સર્વ શ્રેષ્ઠ અને સર્વોત્તમ મેવાડની ભૂમિમાં સુંદર શ્રેષ્ઠ સરોવરમાં નાથદ્વારા સુંદર પુષ્ટિ રસ સાગર ગોવર્ધનધરણના ધામમાં અદ્ભુત કમળ સુંદર કોમળ વપુ (શરીર) શ્રીવિઠ્ઠલેશરાય પ્રકટયા. વૃષભાન કિરણ શ્રીનાથજીના કિરણથી મોટા થયા અને મસ્ત પ્રસન્નવદન પ્રફુલ્લિત નિર્મલ સ્વચ્છ આપ સરસ કાંતા (સ્ત્રી)ભાવયુકત રહ્યા. આપ મુખ્ય સહચરી ભાવ લલિતા હોવાથી ચારે દિશાએ સખીરૂપ ગોસ્વામી બાલકોથી શોભિત કર્ણિકાર સ્વરૂપ રાધિકા શ્રીવલ્લભ મહાપ્રભુના યશને સુપ્રકાશ કરનારા અર્થાત (એટલે કે) કાંતા ભાવયુકત આવા સ્વરૂપથી મદનમોહન પ્રભુ જે નૂતન (નવ) મકરંદ સ્વરૂપ છે. આપ તેમનામાં ભ્રમર સ્વરૂપ રસદાન આપે છે.

રાગ- સારંગ

પ્રકટ ભઇ સોભા ત્રિભુવન કી
વૃષભાન ગોપ કે આઇ ।
અદ્ભુત રૂપ દેખિ વ્રજ વનિતા,
રિઝિ રિઝિ કે લેત બલાઇ ॥
નહિ કમલા નહિ સચિ, રતિ, રંભા
ઉપમા ઉર ન સમાઇ ।
જાતેં પ્રકટ ભયે વ્રજ ભૂષણ,
ધન્ય પિતા ધન્ય માઈ ॥
જુગ-જુગ રાજ કરૌ દોઉ જન,
ઇત તુમ ઉત નંદરાઇ ।
ઉનકે મદન મોહન,
ઇતિ રાધા 'સુરદાસ' બલિ જાઇ ॥

ભાવાર્થ–ત્રિભુવનની સુંદરતા–શોભા બૃહદ ભાનુના ગોપ મેવાડમાં લાવનારા દામોદરજી ગોપની આ શોભા પ્રકટ થઇ છે. આના દર્શન કરીને સમસ્ત વ્રજવનિતા નગરનિવાસી પ્રસન્ન થઇને ઓવારણા લીએ છે. એમની સુંદરતા સેવા ધન વૈભવમાં કમલા (લક્ષ્મી), સચી (ઇન્દ્રાણી), રતિ (કામદેવની સ્ત્રી), રંભા (ઇન્દ્રની અપ્સરા) કોઇપણ તુલનામાં આવી શકે તેમ નથી. જેમની કૃપાથી વ્રજભૂષણ પ્રકટયા. શ્રીનાથજી જે મેદપાટ (મેવાડ)માં પધરાવી લાવ્યા. તે પિતા (પિતાશ્રી) તેમના મા (માતુશ્રી) ધન્ય છે. હવે એઓ યુગ યુગ રાજ કરો. ગોવર્ધનધર શ્રીનાથજી અને તિલકાયત તેમના નંદકુમાર ગોવર્ધનધર અને અહીં

સ્વામીની સ્વરૂપ વિઠ્ઠલેશરાય એવા યુગલ સ્વરૂપના સૂરદાસ ઓવારણા લે છે.

આપના પછી આપના જયેષ્ઠ પુત્ર શ્રી ગોવર્ધનેશજી તિલકાયતના પદ પર પધાર્યા. આપશ્રીએ શ્રીનાથદ્વારામાં જ વિક્રમ સંવત ૧૭૭૩ કાર્તિક માસમાં લીલામાં પ્રવેશ કર્યો.

પ્રશ્ન–કેમ ભાઈ! એમના ઉત્સવમાં વધાઇ કેમ ગાવામાં આવતી નથી. એમની તથા શ્રી મહાપ્રભુજીની વગેરેની.

ઉત્તર–એઓ લલિતાજીનું સ્વરૂપ હોવાથી વધાઈમાં વધાઇ ગવાતી નથી અને જે વધાઇ ગવાય છે તેઓ એમના સ્વરૂપમાં સ્થિત છે. એ ઉપર કહી આવ્યા છીએ.

– ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

ગ્રંથ–પરિચય

લેખક : **ગોસ્વામી શ્યામમનોહરજી મહારાજ**

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

કૃષ્ણાશ્રય સ્તોત્રની રચના અડેલમાં શ્રી પ્રભુજીએ લાહોરના બૂલામિશ્રને માટે કરી હતી. આ ઉલ્લેખ ચોરાશી વૈષ્ણવોની ૪૬મી વાર્તાના ભાવ પ્રકાશમાં મળે છે. આનો રચના કાલ વિ. સં. ૧૫૭૦ કહેવામાં આવે છે. (શ્રી નાગરદાસ બાંભણીયા લિખિત લેખ, વૈષ્ણવ વાણી અંક ૪ વર્ષ ૧૯૭૯).

બુલામિશ્રનો જન્મ સારસ્વત બ્રાહ્મણના ઘરમાં થયો હતો. બુલામિશ્રના પિતા પુરોહિતપણાનું કામ કરતા હતા, પરંતુ બીજી કોઇ રીતે ભણ્યા ગણ્યા ન હતા. બુલા જ્યારે દશ વર્ષના થયા ત્યારે તેમના પિતાએ બુલાને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું "બેટા, તું બ્રાહ્મણ કુળમાં જન્મ્યો છે, કંઇક થોડું ઘણું શાસ્ત્રોનું અધ્યાપન કરીશ તો સન્માન ભર્યું જીવન જીવી શકીશ જો એમ નહિ કરે તો મારી જેમ અભણ જ રહી જઇશ.

પિતાએ જે પંડિતની પાસે પોતાના પુત્રને વિદ્યા મેળવવા માટે મોકલ્યો હતો તે પુરેપુરો "લાભ પૂજા પરાયણ" પંડિત હતો (એટલે કે માત્ર વિદ્યાદાનને ખાતર શીખવનાર પંડિત ન હતો, પરંતુ પોતાના લાભને તથા પોતાની પુજાને લક્ષમાં રાખીને ભણાવનાર પંડિત હતો) ચેલાને પોંતાની સમક્ષ આવેલો જોઇને એ પંડિત બોલ્યો "તારે સારી રીતે ભણવું હોય (વિંધા પ્રાપ્ત કરવી હોય) તો સૌ પ્રથમ પાંચ–દશ રૂપીયા ભેટ તરીકે લાવીને મારી પુજા ભકિત કર!" (પાંચ–દશ રૂપીયાંનું આજથી પાંચસો વર્ષ પહેલાં મૂલ્ય ઘણું બધું હતું.)

બુલા મિશ્ર ગભરાઈ ગયો. ગુરૂ પાસેથી ભાગીને ઘેર ચાલ્યો આવ્યો આંખોની ભમર ખેંચીને (આશ્ચર્યમાં અને ગુસ્સામાં) પિતાએ કહ્યું "કેમ ગુરુને ઘેરથી પાછો ફરીને ઘેર

આવી ગયો ને? અરે, અહીં ઘરમા પડયો રહીશ તો સ્ત્રીઓનું કામ ફકત ચુલો ફુંકવાનું કામ જ શીખી શકીશ. શું ગુરૂજીના ઘરમાં રહેવામાં તને શરમ આવે છે કે?"

ભુલાએ કહયું "અરે આ પંડિતજી તો મને ભણાવવાની પહેલાં જ ગુરૂદક્ષિણા માગી રહ્યા છે અને અહીં તો કોઇની પણ પાસે જઇશ તો આવી સ્થિતિ જ સર્જાશે (આમ જ થશે) તેથી હું ભણવા માટે કાશી જઇશ"

ભુલાના પિતાજીએ ટોણું માર્યું (કટાક્ષ વચન કહ્યું) "ઘરની બહાર નીકળવાની તો હિંમત નથી અને મારો બેટો કાશી સુધી ભણવા જશે!"

આ વાતથી ભુલાના મન પર સખ્ત આઘાત થયો ભુલાએ પોતાના પિતાજીના ચરણનો સ્પર્શ કર્યો અને ઘરની બહાર નીકળી ગયા. ભીખ માગીને પેટ ભરતા ભરતા ગમે તેમ કરીને કાશી પહોંચ્યા ત્યાં (કાશીમાં) પણ ભિક્ષાવૃત્તિ સિવાય બીજો કોઇ ઉપાય (આશરો) ન હતો. પરંતુ એક પંડિતજીએ ભુલાને ભણાવવાની દયાળુતા બતાવી.

ભુલાએ (ભણવા માટે) સખ્ત મહેનત કરી તો પણ ત્રણ વર્ષના ગાળામાં કંઇ ખાસ વિદ્યોપાર્જન (ભણતર મેળવવા કે) કરી શકયો નહિ. બન્ને જણ એટલે કે ભણનાર તથા ભણાવનાર પણ નિરાશ થઇ ગયા એક દિવસ પંડિતજીએ સાફ સાફ (સ્પષ્ટ શબ્દોમાં) કહી જ દીધું "ભુલા! તારા ભાગ્યમાં સરસ્વતી (એટલે વિદ્યા-ભણતર) નથી. નકામી મહેનત (વ્યર્થ પરિશ્રમ) શા માટે કરે છે?"

બિચારો ભુલા મિશ્ર ખિન્ન (દુઃખી) થઇ પંડિતજીની પાઠશાળામાંથી બહાર નીકળીને (કાશી) શહેરની બહાર ગંગાજીના કિનારા પર અન્ન-જળનો ત્યાગ કરીને બેસી ગયો બ્રાહ્મણોને માટે સુયોગ્ય એવા વિદ્યોપાર્જનના ધર્મને બજાવવાની મહત્ત્વાકાંક્ષાને ધારણ કરીને એક બ્રાહ્મણ બાળક કાશીમાં ત્રણ વર્ષ સુધી નિવાસ કરીને પણ વિદ્યા ન મેળવી શકયો તો હવે (અન્ન-જળનો ત્યાગ કરીને ગંગાજીના કિનારા પર બેસી રહયા સિવાય) બીજો કયો માર્ગ બાકી રહે?

ભુલાએ વિચાર કર્યો કે આ તપસ્યાથી સરસ્વતી (વિદ્યાની દેવી) પ્રસન્ન થઇને વિદ્યા આપશે અને જો એમ નહિ થાય તો આ રીતે પ્રાણ ત્યજવા એજ ઉચિત (યોગ્ય) છે. ત્રણ દિવસ પછી સરસ્વતીની વાણી સંભળાઇ છે કે જે કઇ બને છે તે બધું ભગવાનની ઇચ્છા પ્રમાણેજ બને છે, ભગવાનની ઇચ્છા થાય ત્યારે ચાંડલ (એટલે વિદ્યા પ્રાપ્તિના અધિકાર વગરનો શૂદ્ર) પણ વિદ્વાન બની શકે છે અને જો ભગવાનની ઇચ્છા ન હોય તો (વિદ્યા પ્રાપ્તિના અધિકારવાળો) બ્રાહ્મણ પણ મૂર્ખ જ રહી જાય છે.

"વિવેકસ્તુ હરિઃ સર્વં નિચ્છાતઃ કરિષ્યતિ"
"પ્રાકૃતાઃ સકલાઃ દેવાઃ ગણિતાનંદકં બૃહત્,
પુર્ણાનંદો હરિસ્તસ્માત્કૃષ્ણ એવ ગતિર્મમ."

અર્થ : "સારાસારની સાચી સમજણ તો એ છે કે શ્રી હરિ બધું પોતાની ઇચ્છાથી કરશે."

"બ્રહ્મા વગેરે બધા દેવો તો પ્રાકૃત છે (એટલે કે પ્રકૃતિ માયાના ઉપર જેમની

ઉત્પત્તિ (પ્રાકટ્ય) સ્થિતિ (ચાલુ રહેવું) તથા વિલય (નાશ પામવું) નો આધાર છે, એવા છે એટલે કે બીજા બધા દેવો સત્વ, અહંકાર વગેરેથી ઉદ્‌ભવેલા છે. જ્યારે બૃહત્ (એટલે કે અક્ષર બ્રહ્મ) ના આનંદની ગણતરી બીજા દેવોના આનંદની સરખામણીમાં શ્રેષ્ઠ તરીકે થઈ શકે છે તેથી શ્રીહરિ કે જે પુર્ણાનંદ સ્વરૂપ છે (અને સર્વ દુઃખોનો હરનારો છે) તે મારી ગતિ (એટલે આશ્રય) થાઓ."

બુલા મિશ્રના અંતરમાં (ઉપરના શ્લોકમાં કહ્યા મુજબનો "વિવેક" તો જાગ્યો. પરંતુ તેનું ધૈર્ય ખૂટી ગયું. (એટલે ધીરજ ન રહી) બુલાએ વિચાર્યુ કે જો બધુંય ભગવાનની ઇચ્છા પ્રમાણે જ થતું હોય તો ભગવાનની ઇચ્છાને બદલવાને માટે ભગવાનના નામ ઉપર જ ભુખ હડતાલ કરવી જોઇએ એમ વિચારીને બુલો "વિષ્ણુ–વિષ્ણુ એવો જપ કરતાં કરતાં ભુખ્યો અને તરસ્યો બેઠો રહ્યો. ભલેને આધીરો થઇને પણ હોય તો પણ ભગવાનનું નામ લીધું એટલે બુલા મિશ્રને ભગવાનનો સાક્ષાત્કાર થયો અને શ્રી મહાપ્રભુજીની પાસે અડેલ જવાની ભગવદાજ્ઞા મેળવીને બુલા મિશ્ર અડેલ પહોંચ્યા.

શ્રીમહાપ્રભુજીએ એમનું સ્વાગત કર્યું અને કહ્યું–" બુલા તમે ધન્ય (ભાગ્યશાળી) છો. તમને ભગવાનનું દર્શન થયું !"

બુલા મિશ્રે વિનય પુર્વક નિવેદન ર્ક્યું

"મહારાજ ! ભગવાનનું દર્શન થવું એ આપની કૃપાનું ફળ છે. પરંતુ ભગવાનનું દર્શન થયા છતાં મને (હજી) ભગવાનના સ્વરૂપના અનુભવનો આનંદ પ્રાપ્ત થયો નથી."

શ્રી મહાપ્રભુજીએ સમજાવવા ઇચ્છયું "એક વાર પણ ભગવાનનો સાક્ષાત્કાર થઇ ગયા પછી સાંસકારીક મોહના બંધનનો ભય રહી જતો નથી, જીવ મુકત થઇ જાય છે."

આ સાંભળીને બુલા મિશ્રે વિનંતી કરી." "મહારાજ ! મારે મુકિત નથી જોઇતી ભકિત જોઇએ છીએ. તેથી કૃપા કરીને આપ મને આપના શરણમાં લ્યો !"

શ્રીમહાપ્રભુજીએ પ્રસન્ન થઇને બુલા મિશ્રને યમુનાજીમાં સ્નાન કરવાની આજ્ઞા આપી અને પછી અષ્ટાક્ષર તથા બ્રહ્મસંબંધનું દાન કર્યું સમગ્ર (એટલે બધાય) શાસ્ત્રોના ગુહ્યતમ (એટલે છૂપામાં છૂપા) રહસ્યના ઉપદેશ તથા માનસી સેવામાં ઉપયોગી મનની સિદ્ધિ (પ્રાપ્તિ) માટે શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય સ્તોત્ર'ની રચના કરી અને બુલા મિશ્રને એ સ્તોત્ર શીખવાડયું.

(ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

✓

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

કાર્યમિત્યેવ યત્કર્મ નિયતં ક્રિયતેઽર્જુન ।
સંગંત્યકત્વા ફલંચૈવ, સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ ॥૯॥

શ્લોકાર્થ–ભકિતના અંગ તરીકે જે કર્મ કરવું જ જોઇએ (કાર્યમિતિ) એમ સમજીને કરવામાં આવે છે. અને સંગનો ત્યાગ કરીને તેમજ ફલની અપેક્ષા વગર કરવામાં આવે તે ત્યાગ સાત્ત્વિક કહ્યો (માન્યો) છે. ૯

ટીકા–સાત્ત્વિક ત્યાગનું વર્ણન કરે છે–

ચોકકસપણે ભકિતના અંગ તરીકે કરવું જોઇએ એમ મારી આજ્ઞા તરીકે અવશ્ય કરવું જ જોઇએ એમ જાણીને સંગનો ત્યાગ કરીને, તેના કર્તાપણાનું અભિમાન તથા તેનાથી ઉત્પન્ન થતું સ્વર્ગાદિ સુખરૂપ જે ફળ તેનો ત્યાગ કરીને જે કર્મ કરવામાં આવે છે એ ત્યાગ જ સાત્વિક છે. મારી આજ્ઞા રૂપે કરવાથી સ્વાર્થ રૂપી ફળના અભાવને કારણે એ સાત્વિક છે. એજ કારણે કહ્યો છે (માન્યો છે) અને તેમાં મારી સંમતિ છે એમ અર્થ છે. ૯

ન દ્વેષ્ટ્યકુશલં કર્મ, કુશલે નાનુ સજ્જતે ।
ત્યાગી સત્ત્વસમાવિષ્ટો, મેધાવી છિન્ન સંશયઃ ॥૧૦॥

શ્લોકાર્થ–અકુશલ એટલે સ્વરૂપથી જ કલેશાદિનું સાધક હોય (અને પાછળથી દુખાઃદિકનું આપનાર હોય) તેવા કર્મનો દ્વેષ કરતો નથી અને જે કુશલ કર્મમાં આસકત બનતો નથી. પોતાના સત્ય એટલે આત્મ ધૈર્યવાળો તે મેધાવી (બુદ્ધિમાન) તથા સંશય રહિત ત્યાગી બને છે. ૧૦

ટીકા–જો એવી શંકા કરવામાં આવે કે સંગનો તથા ફળનો ત્યાગ કરીને જે પુરુષ કર્મ કરે તેની ત્યાગરૂપતા અને સાત્ત્વિકતા કેવી રીતે સંપાદિત (મેળવેલી) થઈ શકે? એવી શંકાનું નિરાકરણ કરતા કહે છે ન દ્વેષ્ટિય વગેરે અકુશલ એટલે સ્વરૂપથીજ કલેશાદિ આપનાર હોય એવા કર્મનો દ્વેષ કરતો નથી. પરંતુ તેમાં ભગવાનની આજ્ઞા છે તેથી કરવાને લીધે અકુશલ કર્મ કરતી વખતે સર્વથા પરવશતાને લીધે એવું કર્મ ફરીથી કરવાને લીધે જ ત્યાગી બને છે એમ ભાવાર્થ છે. કુશલ કર્મ કરવાથી સુખ પ્રાપ્ત કર્યા છતાં મારી આજ્ઞાના ઉત્તમપણાના જ્ઞાનને લીધે સાત્વિકપણા વિષે ધિરજ રાખનાર હોવાથી તેમાં આસકત ન થાય. એમ અર્થ છે. ત્યાં હેતુ છે. મેધાવી (એટલે બુદ્ધિમાન) અને જેના સંશયો દુર થઈ ગયા છે એવો બને છે. મારી (ભગવાનની) ઇચ્છાથી જ સુખ યા તો દુઃખ મળતાં હોય છે એવા જ્ઞાનને લીધે કર્મમાં દ્વૈત અથવા આસકિત વિનાનો જે ત્યાગી છે તેને જ સાચો ત્યાગી જાણવો એમ અર્થ છે. ૧૦

નહિ દેહભૃતા શક્યં, ત્યક્તું કર્માણ્યશેષતઃ ।
યસ્તુ કર્મફલ ત્યાગી, સત્યાગીત્યભિધીયતે ॥૧૧॥

શ્લોકાર્થ-કર્મોને સંપૂર્ણ રીતે ત્યાગ કરવાનું શરીર ધારીઓ માટે શક્ય **નથી જ** પરંતુ કર્મના ફલનો જે ત્યાગ કરે છે તે **મનુષ્ય જ** (સાચો) ત્યાગી **કહેવાય** (ગણાય). ૧૧

ટીકા-જો એવી શંકા કરવામાં આવે કે કર્મના ફલનો ત્યાગ કરવામાં આવે એવું કરવામાં શું પ્રયોજન (હેતુ) છે? એવી શંકાનું નિવારણ કરતાં અહીં કહેવામાં આવે છે કે નહિ....વગેરે શરીર ધારણ કરનારને શરીરનો અધ્યાસ (મોહ, ભ્રમ, આકર્ષણ, મહાવરો) હોય છે તેથી સંપૂર્ણ રીતે કર્મોનો ત્યાગ કરવાનું શક્ય નથી હોતું 'હિ' (જ) એ શબ્દ વાપરીને જણાવે છે કે **આ અર્થ** (સાર-મર્મ-તારવણી-તારતમ્ય) યોગ્ય જ છે. દેહાધ્યાસમાં તો ફલની અપેક્ષા હોય જ અને (ચ) લોકોની અપેક્ષા હોવાથી ત્યાગ કેમ (કેવી રીતે) કરવો? કારણ કે જે કોઈ કર્મ ફળનો ત્યાગ કરનાર હોય છે એટલે કે પોતે કરેલાં કર્મોના ફળને ઇચ્છતો નથી એજ ખરો ત્યાગી કહેવાય. ૧૧

અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ, ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।
ભવત્યં ત્યાગિનાં પ્રેત્ય, નતુ સંન્યાસિનાં ક્વચિત્
॥૧૨॥

શ્લોકાર્થ-કર્મનું ફળ ત્રણ પ્રકારનું હોય છે. અનિષ્ટ ઇષ્ટ તથા મિશ્ર એ ત્રિવિધ કર્મ ફળ, કર્મ ફળનો ત્યાગ ન કરનારને, પ્રેત્ય-પરત્ય-બીજા લોકમાં-મર્યા પછી મળે છે. પરંતુ સંન્યાસીઓને એટલે કે કર્મફળનો સંપૂર્ણ ત્યાગ કરનાર લોકોને ક્યારેય મળતું નથી. ૧૨

ટીકા-આ પ્રમાણે કર્મફળનો ત્યાગ કરનાર લોકોનું ત્યાગીપણું દર્શાવ્યા પછી કર્મ ફળના ત્યાગનું ફળ વર્ણવે છે. અનિષ્ટ મિષ્ટ વગેરે કર્મનું ફળ ત્રણ પ્રકારનું હોય છે-અનિષ્ટ ઇષ્ટ તથા મિશ્ર ત્યાં અનિષ્ટ એટલે નરક, સુવ્વર વગેરે યોનિયોમાં પ્રાપ્ત થતું યાતના પીડારૂપી ન ઇચ્છવા જેવું (અનિષ્ટ) કર્મ ફળ અને ઇષ્ટ એટલે ઇચ્છવા યોગ્ય ફળ-દેવના ભાવથી સ્વર્ગાદિમાં મળતા સુખોરૂપી ફળ અને મિશ્ર એટલે મનુષ્ય જન્મમાં સારા મનુષ્ય (ખાનદાન કુળ)માં મળતું રાજ્યાદિ સુખોપભોગરૂપ કર્મફળ એ ત્રણ પ્રકારનું કર્મ ફળ, કર્મફળનો ત્યાગ ન કરનારને બીજા લોકમાં (મર્યા પછી) મળે છે. અને સંન્યાસીને એટલે કર્મ ફળનો ત્યાગ કરનારને કદાપિ મળતું નથી. ૧૨

ક્રમશઃ

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂ. ૫૦

પ. ભ. શ્રી એમ. એન. પટેલ
નડીયાદના જય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૪ તા. ૧૪–૪–૯૦ શનિવાર ગો. શ્રી યદુરાયજી–યોગેશકુમારજી મહારાજ (મુંબઇ) નો અને શ્રી યશોદાનંદનજી મહારાજ (બોરીવલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૧૬–૪–૯૦ સોમવાર ગો. શ્રી લાલમણી મહારાજશ્રી (કોટા)નો અને ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજશ્રી (કાંકરોલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૧૭–૪–૯૦ મંગળવાર શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા) નો પાટોત્સવ

ચૈત્ર વદ ૧૦ તા. ૨૦–૪–૯૦ શુક્રવાર શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ

ચૈત્ર વદ ૧૧ તા. ૨૧–૪–૯૦ શનિવાર વરૂથીની એકાદશી વ્રત. શ્રીમદ્ વલ્લભાચાર્યજી તથા શ્રી નાથજીના મુખારવિંદનું પ્રાકટય (સં. ૧૫૩૫) શ્રી કુંભદાસનો જન્મદિન (સં. ૧૫૨૫)

વૈશાખ સુદ ૨ તા. ૨૬–૪–૯૦ ગુરૂવાર શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ. બસંત ઋતુ પૂરી થઇ.

વૈશાખ સુદ ૩ તા. ૨૭–૪–૯૦ શુક્રવાર અક્ષય તૃતીયા, ચંદન યાત્રા, જલ કુંભદાન ત્રેતા યુગાદિ મન્વાદિ કલ્પાદિ તિથિ શ્રી પરશુરામ જયંતિ, શ્રી કૃષ્ણદાસજીનો જન્મ દિવસ (સં. ૧૫૫૩) ગો. શ્રી અક્ષય કુમારજી બાવાશ્રી (મથુરા પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૪ તા. ૨૮–૪–૯૦ શનિવાર ગો. શ્રી પીતાંબરજી મહારાજશ્રી (કાંકરોલી) તથા ગો. શ્રી અજયકુમારજી મહારાજશ્રી (પુના મદ્રાસ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૨૯–૪–૯૦ રવિવાર શ્રી નટવરલાલજી (અમદાવાદ) નો પાટોત્સવ (સં. ૧૮૫૧) શ્રી સૂરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫)

વૈશાખ સુદ ૬ તા. ૩૦–૪–૯૦ સોમવાર ગો. શ્રી કિશોરચન્દ્રજી મહારાશ્રી (માંડવી કચ્છ, જુનાગઢ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૧–૫–૯૦ મંગળવાર રામ રાજ્ય, શ્રી જાનકીજીનો જન્મદિન, ગંગા સપ્તમી. શ્રી સ્વામિનીજીનો વિવાહોત્વસવ, ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૪–૫–૯૦ શુક્રવાર ગો. શ્રી મુરલી મનોહરજી મહારાજશ્રી (માંડવી) નો તથા ગો. શ્રી શ્રીકૃષ્ણ જીવનજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૫–૫–૯૦ શનિવાર મોહિની એકાદશી વ્રત શ્રી હરિવંશજીનો જન્મદિન. (સં. ૧૫૫૯)

વૈશાખ સુદ ૧૩ તા. ૭–૫–૯૦ સોમવાર ગો. શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૮–૫–૯૦ મંગળવાર શ્રી નૃસિંહ જયંતિ વ્રત ગો. શ્રી રસિકરાયજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

॥ શ્રીવલ્લભઃ ॥

અષ્ટ સખાના રૂપ તથા ભાવ

લે : **ભકત કવિશ્રી દયારામભાઈ**

સંપાદક : અને સંશોધક પ્રોફે. **જીવનલાલ છ. જોશી**

૪. નંદદાસજી



જન્મ સંવત ૧૫૯૦
દીક્ષા સંવત ૧૬૦૬
ગો. વા. સંવત ૧૬૪૦

રાગ-બિલાવલ

રસકી રાસ રસાલ રસકો નિધિ,
નંદદાસજી ઉદર ગિરધરકો;
ભોગ કરત જુ ગોકુલ ચંદ જુ,
પહુંચત પરમાનંદ ઉદરકો. ૧
બાંટત સોઇ કલેવા અંગ અંગન,
પાન કરત ન અઘાત અધર કો;
શ્રી ‘વ્રજપતિ’ કો અમિત સુધાસવ,
જગમેં નંદદાસ સમ સરકો. ૨

નંદદાસ-ઋષભ (રષભ) સખા (ભોજસખાનું સ્વરૂપ) ચંદ્રરેખા (ઇન્દુલેખા) સખી. નિકુંજ નાયક શ્રીનાથજીના ઉદર (પાઠાંતર ચરણ) ઇન્દ્રિનું રૂપ. શ્રી ગિરિરાજજી માનસી ગંગા દ્વારના અધિકારી. દાસ છાપ. સનોઢિયા બ્રાહ્મણ. રામપુરના વાસી-વતની. શ્રીગોકુલચંદ્રમાજીના સ્વરૂપમાં આસકત. ફેંટાના શૃંગારના પ્રેમી. શૃંગારના (પાઠાંતર-ગ્વાલ) દર્શનમાં અભિરુચિ.

નંદદાસજી કિશોર લીલામાં સવિશેષ અભિરુચિ સૂરદાસ અને પરમાનંદદાસ પછી નંદદાસજી જ. સર્વશ્રેષ્ઠ કવી છે નંદદાસજી તુલસીદાસજીના ગુરુભાઈ, કાકાના દીકરા પિતરાઈ ભાઇ. સગાભાઇ નહિ.

નંદદાસજીના કીર્તનની છાયા જેના જેના કીર્તનમાં પડે છે તેની નામાવલી-૧. કટહરિયાજી. ૨. રામદાસજી. ૩. ધોંધીજી. ૪. જનહરિયાજી. ૫. તાજબીબી. ૬. રસિકજી (હરિદાસ સ્વામી-વૃંદાવન.) ૭. રઘુદાસજી (રઘુનાથ દાસ) ૮. જનભગવાનજી (કહે ભગવાન હિત)

એ પ્રમાણે ૮ અષ્ટ સખા અને ૬૪ જેમાં છાયા આવેલી છે તેમ મલી ૭૨ની સંખ્યા થઇ.

નોંધ-ઇન્દ્રિઓ ૧૧ તેમાં ૮ના રૂપ તો લખાયાંને ૩ ઇન્દ્રિઓ રહી તેનાં ત્રણ રૂપ અનુમાને જાણવાં-૧. પદ્મનાભદાસ. ૨. વિષ્ણુદાસ. ૩. ગદાધરદાસ.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૧૭ રાગ-આશાવરી ચૌ. ૯

વંદૌ શ્રી માધવદાસ મહાટેકી,
વહી જાત સંસારધાર બહ, ગહી વેશ્યા વિવેકી. ૧

વેણીદાસ એકભાઈ ઇનકો હૈ, રહત સંસારાસકત
શ્રી બ્રષભાન કે 'બેલ' હે તાતે' ન્યારે ભયે મહા ભક્ત ૨

રત્નમાલ બહુ મોલે દે લીની, પ્રિય નવનીત ધરાઇ;
નાવ ડુબાવન આયે પ્રભુ તબ, કહ્યો કરો મનભાઇ. ૩

'રત્ન પ્રભા' સખી હે લલિતાકી પ્રકાસવંત ખચિત;
'લાલદાસ' શ્રીવલ્લભ જબ પૂછયો, તબ કહ્યો સત્ય ચરિત. ૪

૧૮ રાગ-આશવરી. ચૌ ૧૦

વન્દૌ શ્રી પાઠકજી હરિવંશ;
"ગતિ ઉતાલિકા" હૈ લીલામેં, સખી વિશાખાજીકો અંશ ૧

શ્રીવલ્લભકો સ્વરૂપ જાન્યો જબ કીયો ગણેશ સંશય ધ્વંસ;
ભાવ ગુપ્ત રાખત સબહિનતે, પરન ન રેત કાહુ સંશ. ૨

'લાલદાસ' પ્રભુ 'આજ્ઞાકીની, પ્રકટ હ્વૈ ધર બન-અવતંસ;
ડોલ ઝુલાય તત્કાલ આયકે, જો પટનામેં રહે હુતે હંસ ૩

૧૯ રાગ-આશાવરી ચૌ ૧૧

વંદૌ શ્રી ગોવિંદદાસ ભલ્લા;
ખવાસ 'મનસુખા' નંદરાય કે, ભેંસા ભયે પુન મહાબલા. ૧

સેવા કરત સબસે બડીયા, મન અહંકારકી બલા;
નાહીં સુહાત ગોર્વધન ધરકો, કહી વલ્લભ છુડવાયે પલ્લા. ૨

હાકિમ હન્યો હનાયે આપહુ, વૈર પુર્વકા ટલા;
'લાલદાસ' શ્રીવલ્લભ કૃપાતે, પાયે અલૌકિક ફલા. ૩

૨૦ રાગ-આશાવરી વૌ ૧૨

વંદૌ શ્રી અમ્માક્ષત્રાણી;
સ્વરૂપ હૈ 'શ્રી રોહિનીજી' કો, 'અર્જુન-ભોજ' બેટા સુખદાની. ૧

સેવત શ્રીબાલકૃષ્ણ પ્રભુકો, બાલભાવ મન મેં દ્દઢ આની;
બેટા દોઉ સંગ ખેલત પ્રભુ, લીલા દેખ આનંદ સરસાની. ૨

લીલા પ્રાપ્ત ભયે જબ બેટા, કરત કલેશ મહા અકુલાની;
'લાલદાસ' કહ્યો શ્રીવિઠ્ઠલ, તબ રોવત રહી છાની. ૩

૨૧. રાગ-આશાવરી ચૌ ૧૩

વંદૌ શ્રીક્ષત્રી ગજનધાવન
પ્રિય નવનીત બસ। કર લીને, સખી સ્વરૂપ 'શુભ આનન'. ૧

ઘોરા ગાય બનાઇ ખેલત પ્રભુ, ઘસ ગયે ઘોંટુ પાયન;
આરોગે નહીં ભોગ પ્રભુ, જબ લેન પઠાયે અક્કાજી પાનન. ૨

વ્યસનાવસ્થા ભઇ વિઠ્ઠલમે, છૂટી વેદ કુલ કાનન;
'લાલદાસ' કી આશ યહી હૈ, સદાં કરોં ગુન ગાનન. ૩

—ક્રમશઃ

ગ્રાહકોને નમ્ર યાદી

આ અંકથી શ્રી વલ્લભ સુધાનું નવા વર્ષનું લવાજમ મોકલાવેલ ન હોય તેમણે તુરત જ કાર્યાલયને લવાજમ મોકલાવી પ્રોત્સાહિત કરવા નમ્ર યાદી આપવામાં આવે છે.

વ્યવસ્થાપક

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. મીસ્ત્રી રવજીભાઈ ‘‘વ્રજ’ ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણનામથી અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ હાજર
શ્રીકૃષ્ણનાંમથી**અખિલઅમંગલ**કંપેથરથરા॥૩૮॥

ભાવાર્થ—શ્રીકૃષ્ણનામ રટણ અને આશ્રયથી અષ્ટ મહા સિદ્ધિ અને નવ નિધિ હાજર થાય છે. મહાભારતનું યુદ્ધ શ્રીકૃષ્ણે જીતાવી અને રાજસુય યજ્ઞ પાંડવો પાસે કરાવ્યો, તેમાં અષ્ટ સિદ્ધિ અને નવનિધિની જરૂર પડે જ, પરંતુ પ્રભુ જેના સાથમાં હોય તે શું ખામી રહે ? ઘણા પ્રદેશોના રાજાઓ જરાસંઘ આદિને જીતવામાં પ્રભુએ સાથ આપ્યો અને અઢળક અને અથાહ લક્ષ્મીથી ભંડારો ભરી આપ્યા અને યજ્ઞ કાર્ય સિધ્ધ કર્યું, અને વ્રજભકતોના સપ્રેમ અને સતત ભજનથી આપ શ્રીકૃષ્ણના પ્રાગટયથી અષ્ટ મહા સિધ્ધિ અને નવ નિધિ એ વ્રજમાં આવીને સદા વસી પ્રભુ જન્મ સમયે શ્રીનંદરાયજીએ એટલાં અઢળક દાન આપ્યાં કે બ્રહ્માંડના ખજાનચી કુબેરની બુદ્ધિ પણ બહેરમારી ગઈ ભીખારીઓ મહારાજા થઇ ગયા, બ્રાહ્મણો ભુમિ પતિ સુવર્ણ પતિ અને ગાયોની મોટી સમૃધ્ધિવાળા થઇ ગયા દાસ દાસીઓ ઇંદ્રના જેવી સમૃદ્ધિવાળા થઇ ગયાં. આવા ઉદાર અને મહાદાની નંદરાયજીએ પુત્ર જન્મના આનંદમાં આખા બ્રજને લુંટાવી દીધું કે સુવર્ણ અને વસ્ત્રોમાં ઉપરણો પણ ન રહયો ગાયોનાં દાન એટલાં આપ્યાં કે નાની સરખી વાછડી પણ બચી નહીં ગોરસ સમૃદ્ધિનાં એટલાં દાન આપ્યાં કે છાલીયું છાશ પણ બચી નહીં આમ જ્યાં પ્રભુ સાક્ષાત અને તેનું નામ હોય ત્યાં સાક્ષાત લક્ષ્મી અનેક રૂપે સદા કાળ વસીને જ રહે છે, અને પ્રભુ અને પ્રભુનામ જ્યાં સદા ગાજતાં હોય ત્યાં અમંગળ તો થરથર કંપે જ ને ?

શ્રી કૃષ્ણ નામથી ચાર પદારથ થઇ રહે કિંકર
શ્રી કૃષ્ણ નામથી **દસો દિશ મંગળ**
નહી ભયંકર ॥૩૯॥

ભાવાર્થ જે ભકતના મુખથી કૃષ્ણ નામનું રટણ અને તેના ગુણ ગાનના મુકત કંઠે ધ્વનિ ગુંજતા હોય ત્યાં દશે દિશાઓ પણ પાવન અને મંગલ મય થઇ જાય છે. એકપણ ભયંકરતા રંહેતી નથી. ભગવદનામ ગુંજનથી જ તે પલાયન થઇ જાય છે, અને ધર્મ અર્થ કામ મોક્ષ એ ચારે પદારથ દાસ થઇ હાથ જોડી અને ઉભા રહે છે. અને કહે છે કે અમારો અંગીકાર કરી અમને ભગવદ વિનિયોગ કરાવો એવી વિનંતિ સદા ભકતોને કરે છે, ચારે પદારથ માં પણ બે પ્રકાર છે, મર્યાદા અને પુષ્ટિ મર્યાદા માર્ગ વાળા ચાર પદારથ નાશવંત ફળ આપવાવાળા હોવાથી ભકત કદાપી તેની ઇચ્છા કરતા નથી. પરંતુ એ પદારથ એવી વિનતિ પણ ભકતને કરે છે. કે અમને તમારા સબંધથી પુષ્ટિનું રૂપ આપી અને અમારો પ્રભૂમાં વિનિયોગ કરાવો. ત્યારે **ધર્મ** અષ્ટ પ્રહર પ્રભૂની સુખમય સેવા રચ્યું પચ્યું રહેવું. જેમકે રૂકિમણી બાઇ રાત દિવસ સેવા કરતી જ્યારે પ્રભૂ પોતે આજ્ઞા કહે કે રૂકિમણી હવે તો જરા સૂઇ જા—તારા જાગરણથી મને નિંદ નથી આવતી ત્યારે રૂકિમણીબાઈ ચટાઈ ઉપર થોડું સુતાં.—**અર્થ**—દૈવી

લક્ષ્મીનો પ્રભૂમાં વિનિયોગ કરાવવો કે, પ્રભૂનાં સુખ માટે **ગુલાબના ફુલના** એક લાખ રૂપીયા જમનાદાસે આપ્યા અને એક **ટેંટીના** એક હજાર રૂપીયા આપ્યા. **કામ** પ્રભૂના સુખ માટે ગજનનધાવનજી સદા શ્રીનવનિત પ્રિયાજીની પાસે જ રહેતા ફક્ત એક જ વખત કાંઇ વસ્તુઓ લાવવા માટે દ્વાર ખોલતા મહા વનવાળા નારાયણદાસ ગાયોને ચારો પણ ઘોઈ અને ખવરાવતા અને મોક્ષ **તો** અષ્ટ પ્રહર પ્રભૂમાં તન્મય રહેવું અને દેહ ભાન ભૂલાઇ જાય તે છે, પુષ્ટિ મોક્ષ.

–ક્રમશઃ

શ્રીમદ્ ભગવદ ગીતા–કર્મયોગ પર

(શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતના આધારે પ્રવચન)

પૂ. પા. ગોસ્વામી શ્રીચન્દ્રગોપાલજી–વડોદરા

કેસેટ નં. ૬ સી ૯૦ સોનીની ન્યોછાવર રૂ. ૩૬૦/– નીચેના સ્થળેથી મળશે

(૧) જશવંતભાઇ એમ. કાનાની
ખેતીવાડી કોરનર સીયાબાગ, વડોદરા–૩૯૦૦૦૧
ફોન નં. ૫૫૮૨૪૭/૫૫૪૧૯૦

(૨) ચંદ્રેશભાઇ જે. પટેલ
૫૨/એ, સારનાથ સોફીયા કોલેજ લેન
બ્રીચ કેન્ડી–૪૦૦૦૨૬ ફોન નં. ૮૨૨૦૧૫૦

(૩) મથુરાદાસ કે. કક્કડ
૬૦ વસંત નિવાસ બી. બ્લોક નં. ૩૦૧ ત્રીજે માળે
નહેરૂ રોડ પૂર્ણિમા હોટલની પાછળ
વિલે પાર્લા (ઇસ્ટ) મુંબઈ–૪૦૦૦૫૭
ટે. નં. ૬૧૪૪૦૨૭

।। શ્રીવલ્લભ ।।

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

હમ લઇ શ્યામા શરણ યમુનાજીકી
તિહારે ચરણ મૈયા લગ્યોરી ધ્યાન.
માતા તિંહારી સંજ્યા તારન
પિતા તિંહારે સુરજ ભાનુ ।।૧।।

ધર્મરાય સે બંધૂ તિંહારે-
પતિ તિંહારે શ્રી ભગવાન ।।
ઉંચે નિચે પર્વત કહીએ
પર્વતરાયે પાષાણ
સાત સમુદ્ર ભેંદકે નિકસી
એસી હે યમુના બલવાન ।।૨।।

બ્રહ્મા જાકો ધ્યાન ધારત હે
પંડિત વાંચત વેદ પુરાન
જોગી જતિ સતિ સંન્યાસી
મગ્ન ભયે તિહારે ગુણગાન ।।૩।।

જૈસેં તુરંગ ચલત ધરની પર
તૈસેં ભંવરા કરત ગુંજાર
"સુર શ્યામ" **આધિન તિહારે**
જય જનની મૈયા કરની કલ્યાન

ભાવાર્થ-હે શ્રી યમુના મૈયા ! અમે તો આપનું શરણ લીધું છે અને આપના જ ચરણનું ધ્યાન લાગ્યું છે માતા તમારી સંજ્યા તારન (રન્નાદે) પિતા આપના સૂર્ય દેવ છે. ધર્મરાય જેવા તમારા બંધુ છે અને પતિ તમારા શ્રી ભગવાન છે ઉંચા નિચા પર્વત પાષાણમાં થઇ અને પર્વતરાજ હિમાલયમાં આપ વહન કરી સાતે સમુદ્રોને ભેદી અને નિકળ્યાં એવાં શ્રી યમુનાજી બળવાન છે. બ્રહ્માજી જેવા સદા આપનું ધ્યાન ધરે છે અને વેદ પુરાણો પણ આપની પરમ પાવન કથા વર્ણવે છે યોગી-યતિ-સતિ સંન્યાસી વિગેરે સર્વ પણ આપનાં ગુણગાનમાં મગ્ન છે જેમ તુરગ (ઘોડો) ચંચલ ગતિથી ભૂમિ ઉપર ચાલે છે તેમ ચંચલ ભંવરાઓ પણ ચંચલ ગતિથી ગુંજારવ કરે છે હે શ્રી યમુનાજી સુર શ્યામ તમારે આધિન છે એવાં કલ્યાણકારી જગત્ જનની શ્રી યમુના મૈયાનો **જય થાઓ જય થાઓ**

વિવેચન-આમાં શ્રી યમુનાજીનું પ્રાગટય બંધુ-માતા-પિતા-પતિ સર્વનું વર્ણન કરી અને કેવી રીતે પધારે છે એ ગતિનું પણ વર્ણન કરેલ છે-આપનું ગુણગાન સર્વ દેવી દેવતાઓ અને બ્રહ્માજી પણ ધ્યાન અને ગાન કરે છે. વેદ પુરાણોમાં પણ આપના સ્વરૂપનું વર્ણન છે જગતમાં-યોગી-યતિ-સતી-સંન્યાસીઓ પણ આપના યશનું ગાન કરે છે અને પ્રભૂ શ્રી સૂર પણ આપને આધિન છે એવાં જગત જનનિ અને કલ્યાણકારી શ્રી યમુના મૈયાનો જય થાઓ જય થાઓ.

આધિદૈવિક એકાદશી

લેખક **સોની કાન્તીલાલ છગનલાલ. –ચીતલ**

એકાદશીનું મહત્ત્વ ઘણા ધર્માચાર્યોએ બતાવેલ છે, પરંતુ પુષ્ટિમાર્ગના દરેક તહેવારોમાં તથા એકાદશી વગેરે વ્રતોમાં ખુબ ખુબ વિષેશતાઓ ભરી છે. જે જાણીને કરવાથી ખુબ આનંદ આવે છે.

પ્રભુચરણ શ્રીગુશાંઇજીએ ઋતુ પ્રમાણે સેવા–સામગ્રી વગેરેનો જે પ્રકાર બતાવેલ છે તે તો અદ્ભૂત છે બેનમુન છે, દરેક પ્રકારમાં ઋતુ પ્રમાણે સામગ્રી ઋતુ પ્રમાણે રાગ તથા ઋતુ પ્રમાણે શૃંગાર, એ બધું અલૌક્કિતા છે જ, પરંતુ તે તે સમયના દેવતાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવેલ છે, અને પોતાના શ્રીની પાછળ પ્રસાદ લેનાર ભક્તોની પણ કાળજીપૂર્વકની ખેવના રાખવામાં આવી છે. દા.ત. આપણે ત્યાં સામગ્રીમાં બરાસ પધરાવવામાં આવે છે. તે આયુર્વેદની દષ્ટિએ પેટમાં કૃમિ થવા દેતા નથી. એટલે સેવા–સામગ્રીના પ્રકાર સાથે આયુર્વેદને વણી લેવામાં આવ્યું છે તેમજ દરેક સેવા પ્રકાર તથા ઉત્સવ આધિદૈવિક છે. તેમાં એકાદશીનો પ્રકાર જોઇએ.

આધિ ભૌતિક પ્રકાર

ઉપવાસથી અનેક પ્રકારના રોગ નાશ પામે છે, તે આયુર્વેદ રીત તો છે. જ. પરંતુ હવે વૈજ્ઞાનિકો પણ માનવા લાગ્યા છે, કે ઉપવાસથી તંદુરસ્તી સારી રહે છે. અને ઉપવાસ આરોગ્ય વર્ધક–રોગ પ્રતિબંધક તથા મજ્જાતંતુમાં ચેતના ભરીદે છે. ઉપવાસને ચંદ્રની વૃદ્ધિ ક્ષય સાથે સંબંધ છે.

ચંદ્રની વૃદ્ધિ અને ક્ષય સાથે વનસ્પતિ અને પ્રાણીઓમાં રહેલ અંગોના રસની વૃદ્ધિ તથા ક્ષયનો સંબંધ છે. સૂર્ય અને ચંદ્રના આકર્ષણ અનુસાર પ્રતિ દિવસ શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ સમય બદલતો રહે છે. શુકલ પક્ષમાં કાપેલા વૃક્ષમાં જલતત્ત્વ ઘણું વધારે હોવાથી તેમાં કીડા પડી જાય છે. પરંતુ કૃષ્ણ પક્ષમાં વૃક્ષ કાપવાથી કીડતા નથી. આનો પ્રભાવ ભેજ વાળા પ્રદેશમાં વધારે પડે છે. અને સુકા પ્રદેશમાં નહિવત પડે છે.

આ સૂર્ય અને ચંદ્રના આકર્ષણની અસર જેટલી વૃક્ષો પર થાય છે તેનાથી અધિક અસર પ્રાણિઓ પર અને મનુષ્ય પર થાય છે. કારણ કે મનુષ્ય શરીર કોમળ હોય છે, અને મનના દેવતા ચંદ્ર છે, મનનો સીધો સંબંધ ચંદ્ર સાથે છે. ભગવાન પણ રાસ રમવાનું મન કરે છે ત્યારે મનના દેવતા ચંદ્રને પ્રકટ કરે છે. તેથી સુબોધિનીજીનો શ્લોકઃ

તદ્દોડુરાજઃ કંકુભઃ કરૈર્મુખં પ્રાચ્યા
વિલિમ્પન્ન રૂણેન સંત મૈઃ ।।

સ ચર્ષણીના મુંદગાચ્છુચો મૃજન્ પ્રિયઃ
પ્રિયયા ઇવ દીર્ઘ દર્શનઃ ।।

અર્થ-ઘણા કાળે જેને દર્શન થયું છે, એવો પ્રિય પ્રિયના મુખને મંડન કરે, તેમ અહિ પણ ભગવાને જ્યારે મન કર્યું ત્યારે ચંદ્ર પોતાના સુખરૂપ કીરણો વડે પ્રાચી દીશાના મુખને રંગતો ચર્ષણીઓના શોકને દુર કરતો ઉદય પામ્યો.

સુદી એકમથી જલ તત્ત્વની અસર ઘટતી જાય છે, તે છેક અષ્ટમી સુધી ઘટે છે. અષ્ટમીને દિવસે જલતત્ત્વ ઘણું ઓછું હોય છે. પાછું નવમીથી જલ તત્ત્વ વધતું જાય છે. તે છેક પુનમ સુધી વધે છે. પુનમને દિવસે જલ તત્ત્વ ખૂબ અધિક હોય અષ્ટમીને દિવસે સૂર્ય અને ચંદ્ર સમકોણ હોવાથી જલતત્ત્વ ઓછું હોય છે. પૂર્ણિમા અને અમાવાસ્યાને દિવસે જલ તત્ત્વ અધિક હોય છે. તેથી આપણામાં એવી માન્યતા છે કે બીમારને માટે તેરસ ચૌદસ, અમાસના દિવસો ભારે છે તેનું કારણ આ જલ તત્ત્વની વૃદ્ધિ છે.

આથી એ નક્કી થયું કે સૂર્ય અને ચંદ્રના આકર્ષણની ક્રિયાને મનુષ્યોના રસો ઉપર પણ અસર થાય છે જેમ વૃક્ષમાં જલ વૃદ્ધિને કારણે કીડા પડે છે, તેમ મનુષ્યના શરીર ઉપર પણ રોગના જીવાણુંની અસર આઠમ પછીના દિવસોમાં વધારે થાય છે. આ રોગના જીવાણુંઓથી બચવા આપણા પૂર્વજો એ એકાદશીનું વ્રત કરવું એમ નક્કી કર્યું. એકાદશીનું વ્રત કરવાથી સૂર્ય ચંદ્રના આકર્ષથી ઉત્પન્ન થતા (જલ તત્ત્વ) ની અસર મનુષ્ય ઉપર ઓછી થાય છે એટલે આયુર્વેદની દૃષ્ટિએ એકાદશીનું વ્રત ઉત્તમ છે.

આધ્યાત્મિક ભાવ

એકાદશી ભગવાને પોતાના શ્રીઅંગમાંથી ભકતોના કલ્યાણ માટે પ્રગટ કરી છે એવું પુરાણોમાં વર્ણન છે. એકાદશી એકમથી અગીયારમાં દિવસે આવે છે, એટલે એકાદશીના દિવસે અગીયાર થયા, તેમ મનુષ્યના શરીરના પણ એકાદશ ઇન્દ્રિયો હોય છે. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય પાંચ જ્ઞાનેન્દ્રિયમાં આંખ કાન, નાસિકા જીભ્હા (મુખ) અને ત્વચા. આ આ પાંચનું કર્મ આંખથી જોવું, કાનથી સાંભળવું, નાસિકાથી સુંઘવું, જીભ્હાથી બોલવું અને ત્વચાનું કામ સ્પર્શનું છે. આ પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગીયારમું મન, એમ કુલ અગીયાર ઇન્દ્રિય થઇ. આ એકાદશ ઇન્દ્રિયો વ્રત કરવાથી તથા પ્રભુ સન્મુખ રહેવાથી શુદ્ધ થાય છે. આ એકાદશ ઇન્દ્રિયને પ્રભુમાં જોડવાથી જ તેની સાર્થકતા છે અને આ વ્રતો શ્રી પ્રભુજીની સન્મુખ જવામાં મદદગારી કરે છે.

શ્રીમદ્ ભાગવતમાં અંબરીષ રાજાનો પ્રસંગ

છે. તેઓ શુદ્ધભાવથી એકાદશી વ્રત કરતા એકવાર સર્વ બ્રાહ્મણોને દ્વાદશીનું ભોજન કરાવી પોતે પારણું કરવાની તૈયારી કરતા હતા. ત્યાં દુર્વાસા રૂષી ત્યાં આવ્યા, દુર્વાસાને રાજા એ ભોજનનું કહેતા તેઓ મધ્યાહ્ન સંધ્યા કરવા શ્રી યમુનાજીના કીનારા પર ગયા. આ બાજુ દુર્વાસાને આવતા વાર થઈ તેથી અંબરીષ રાજાએ વિચાર્યું કે; દુર્વાસાને ભોજન કરાવ્યા વગર હું ભોજન કરૂં તો બ્રાહ્મણનો અનાદર થાય તો દોષ લાગે, અને બારશનું પારણું ન થાય તો પણ દોષ લાગે, તેથી બીજા બ્રાહ્મણો ને પુછી જલનુ પારણું કરી લીધું, જેથી બંને સચવાઈ રહે. દુર્વાસાએ આવીને આ વાત જાણી તેથી ક્રોધ કરીને જટામાંથી અંબરીષને બાળવા માટે કૃત્યા ઉત્પન્ન કરી, ભકત વત્સલ ભગવાને આ જાણ્યું તેમણે તુરત સુદર્શન ચક્રને આજ્ઞા કરી, સુદર્શને આવતા જ પ્રથમ કૃત્યાનો નાશ કર્યો. પછી દુર્વાસા તરફ પ્રયાણ કર્યું, સુદર્શનને આવતાં જોઇ દુર્વાસા ભાગ્યા ત્રણે લોકમાં કોઈ તેની રક્ષા કરી શકયું નહીં. છેવટે ભગવાને કહ્યું, તમે ભકતનો અપરાધ કર્યો છે તો ભકત જ તમોને ક્ષમા આપશે, તેથી દુર્વાસા પાછા અંબરીશ પાસે આવી ક્ષમા માંગી, ભકતરાજ અંબરીષે તુરત સુદર્શન ચક્રને વિનંતિ કરી શાંત કર્યું આવું મહાન એકાદશીનું મહાત્મ્ય છે.

-: આધિ દૈવિક ભાવ :-

કાત્યાયનિ મહાભાગે મહા યોગિન્યધીશ્વર ।।
નંદગોપ સુતં દેવી પતિ મે કુરૂ તે નમઃ ।।૪।।
ઇતિમંત્ર જપન્ત્યઃ તાઃ પુજા ચક્રુઃ કુમારીકા ।।૪।।
શ્રી સુબોધિનીજી.

અર્થ-હે કાત્યાયનિ ! હે મહા ભાગ્યશાળી ! હે મહા યોગિની ! હે અધિશ્વર ! હે દેવી ! નંદ ગોપના પુત્રને અમારા પતિ કરો, અમે તમોને નમસ્કાર કરીએ છીએ. આ મંત્ર જપતા જપતા કુમારીકાઓએ કાત્યાયનિ દેવીની પુજા કરી.

આ કુમારીકા ગોપીજનોએ શ્રી ઠાકુરજી પોતાના પતિ થાય. અને રાસ રમણનું સુખ આપે અવા ભાવથી કાત્યાયની દેવીનું વ્રત કરેલું. આપણે પણ એકાદશીનું વ્રત આવા અલૌકિક ભાવથી કરીએ તો આપણું એ વ્રત આધિ દૈવીક બની જાય છે. અને પુષ્ટિમાર્ગીય જીવનના દરેક કાર્ય સેવા-સ્મરણ-વ્રત વગેરે આધિ દૈવીક જ હોવા જોઇએ. તો એ કાર્ય ફલ સ્વરૂપ થાય છે. અને શ્રીઠાકુરજી પણ તો જ એ કાર્યનો અંગીકાર કરે છે.

ગોપીજનોએ કાત્યાનિ વ્રત આધિ દૈવિક ભાવથી શ્રી ઠાકુરજી પતિ થાય એ ભાવથી કરેલું, તેથી ભગવાને એ વ્રતની રાત્રીઓનો અંગીકાર કરી તે સર્વ રાત્રીઓમાં આધિદૈવિકીને મુકીને તેને પુર્ણ કરેલી એટલે તે

પૂર્ણિમા રૂપ બની, તેથી એ પૂર્ણિમારૂપ પુર્ણ રાત્રિમાં શ્રી ઠાકોરજીએ ગોપીજનોને રાસ રમણનું સુખ આપેલું અને તેથી જ એ રાત્રિનું નામ પૂર્ણિમા છે.

ઉપરના કથનમાં વ્રતનું કાર્ય ગોપીજનોએ કર્યું પરંતુ એ રાત્રિઓને આધિ દૈવિકીમાં મૂકનાર શ્રીઠાકોરજી છે. તેથી પુષ્ટિજીવે દરેક કાર્ય સેવા–સ્મરણ–વ્રત વગેરે ભાવથી કરવા જોઇએ તેને આધિ દૈવિકીમાં મૂકવું એ શ્રીઠાકોરજીના હાથમાં છે. પરંતુ જીવે પ્રયત્ન તો કરવો જ જોઇએ. ભકત આધિદૈવિક ભાવથી કાર્ય કરે તો ભકત વત્સલ ભગવાન જરૂર અંગીકાર કરે છે.

।। શ્રીવલ્લભઃ ।।

શ્રીવલ્લભ કે પદ

રાગ–મિશ્ર કલ્યાણ તાલ અદ્ધા ત્રિતાલ

ભાવાર્થ–પૂ. પા. ગો. **શ્રીરસિકરાયજી મહારાજ** (મથુરા–પોરબંદર)

લગે જો શ્રીવલ્લભ પદ–રંગ,
તાકું દુસંગ નેક નહીં વ્યાપે, આય મિલે સતસંગ.
શ્રીગોવર્ધન–ધરન ધીર કો ધ્યાન રહત અંગ અંગ;
'રસિક' પ્રિતમ કી બાનિક ઉપર વારૂં કોટી અનંગ.

ભાવાર્થ–જીવને સત્સંગની તલાસ છે, પરંતુ મળી આવે છે દુઃસંગ, કૃપા માર્ગ, પુષ્ટિ માર્ગમાં તો શ્રીવલ્લભની કૃપા વિના કઇ પણ પ્રાપ્ત નથી થતું. જો શ્રીવલ્લભનાં ચરણ કમલમાં અનુરકિત થાય તો તેને દુઃસંગનો લેશ પણ સ્પર્શ ન થાય એવં–સત્સંગ એટલે કે શ્રીવલ્લભ ચરણ કમલમાં નિત્ય અટવાયેલા એવા વલ્લભીય ભગવદીયનો સંગ પણ અનાયાસે પ્રાપ્ત થાય છે.

આપનાં ચરણ કમલની રેણુના પ્રતાપે આવા સ્વકીય ભકતોને શ્રી ગોવર્ધન ધરણનું ધ્યાન–સ્મૃતિ અંગ અંગમાં રહે છે. આવા 'રસિક'ને જે પ્રિયતમ છે, તેમની મધુરી છબી પર કરોડો કામદેવને ન્યોછાવર કરૂં છું એમ શ્રીહરિરાયજી 'રસિક' આજ્ઞા કરે.

આધિ દાંવીક વ્રજ ચોરાસી કોસની યાત્રા

પૂ. પા. ગો. શ્રી સપ્તમ પીઠાધીશ્વર શ્રીઘનશ્યામલાલજી મહારાજ શ્રી (કામવન) ની લીલી પરિક્રમા સં. ૨૦૪૬ ના ભાદરવા સુદ ૮ તા. ૨૮–૮–૯૦ બુધવારે રાજકોટથી પ્રસ્થાન કરશે. આ યાત્રામાં શ્રીમહાપ્રભુજીના નિધિસ્વરૂપ શ્રીમદનમોહનલાલજી જે લઘુપુરૂષોત્તમદાસના માથે બિરાજતા હતા તે હાલ રાજકોટમાં બિરાજે છે. તે આખી વ્રજયાત્રામાં સાથે બિરાજશે તથા વિવિધ મનોરથો શ્રીના થશે.

ભાદરવા સુદ ૧૧ તા. ૧–૯–૯૦ શનિવાર દાન એકાદશીના દિને મથુરાજી વિશ્રામ ઘાટ ઉપર નિયમ લઇ વ્રજયાત્રાનો શુભારંભ થશે.

શ્રીગિરિરાજજી તથા શ્રીમદનમોહનજીની સાથમાં કુંજ વાડો તા. ૧૧–૯–૯૦

સપ્તમનિધિ શ્રીમદનમોહનજીના છપ્પન ભોગ કામવનમાં તા. ૨૦–૯–૯૦

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના વિશેષ અધિવેશન કામવન તા. ૨૧–૯–૯૦

આ અલભ્ય લાભ લેવાનું વૈષ્ણવજનોએ ચુકવું નહિ.
પત્ર વ્યવહારનું સરનામું
ગો. શ્રી વૃજેશકુમારજી બાવાશ્રી
ઠે. શ્રીમદનમોહનજી પ્રભુની હવેલી
૭/૧૨ લક્ષ્મીવાડી 'વ્રજધામ' **રાજકોટ**–૩૬૦૦૦૨

॥ શ્રી બાલકૃષ્ણ વિજયતે ॥

સેવામાં સહાયક જોઇએ છે

મદ્રાસ નિવાસી પ્રતિષ્ઠિત કુટુંબના મંદિરમાં શ્રીઠાકોરજીની સેવામાં સહાયતા સારુ કાયમી અને અનુભવી સારા સ્વભાવવાળા, ઉમર ૪૦ થી ૪૫ ધરાવતા સેવા અને સામગ્રીના જાણકાર બ્રહ્મસંબંધી, બ્રાહ્મણની જરૂર છે.

સારો પગાર, પ્રસાદ રહેવાની સગવડ, અપરસ આપવામાં આવશે. કાયમ નોકરી ઇચ્છનાર પુરી માહિતી સાથે પત્ર વ્યવહાર કરવો. સરનામુ અંગ્રેજીમાં કરવું.

સી. જી. ઘનશ્યામદાસ, ૭૫૪, પુનામલી હાઇ રોડ,
ચત્રભુજદાસ રોડ, કીકા પાર્ક, મદ્રાસ-૬૦૦૦૧૦

◆

“શ્રીવલ્લભ સુધા”ના ગ્રાહકોને નમ્ર અપીલ

આપનું લવાજમ આ માર્ચ માસમાં પુરું થાય છે તો નવા વર્ષનું લવાજમ રૂા. ૨૫ તુરત જ મનીઓર્ડરથી કાર્યાલયને મોકલાવો. અગર આપને ત્યાંના સેવાભાવિ પ્રતિનીધીને ભરી આપનો સહકાર ચાલુ રાખશો. કોઈ કારણસર આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ન ઇચ્છતા હો તો કાર્યાલયને જાણ કરવા કૃપા કરશો.

ભક્ત સેવિતાય નમઃ

[ઢાળ શ્રીનાથજી તે છેલ્લ બિરાજતા જો.]

શ્રીવલ્લભ છે સાર તણું સાર જો,
આપે દાન તે અતિશે ઉદાર જો –શ્રીવલ્લભ૦ ૧

એમને શરણે તે જે જીવ આવતા જો,
તેમને શ્રીજીની ભક્તિમાં સ્થાપતા જો –શ્રીવલ્લભ૦ ૨

એમને સેવે છે ભક્તો ધરી ભાવ જો,
એમના ચરણો ભવસાગરની નાવ જો –શ્રીવલ્લભ૦ ૩

નાવિક વલ્લભ અતિ છે ઉદાર જો,
કેવળ આશ્રયે ઉતારે ભવ પાર જો –શ્રીવલ્લભ૦ ૪

રચ્યા ગ્રંથો વિવિધ અપાર જો,
શીખવી સેવા ને સમજાવ્યો સાર જો –શ્રીવલ્લભ૦ ૫

ડંકો કૃષ્ણ ભક્તિનો વગાડિયો જો,
ઝંડો બ્રહ્મવાદનો લહેરાવિયો જો –શ્રીવલ્લભ૦ ૬

માયાવાદીઓનાં માનને મોડિયાં જો,
મન જીવોનાં કૃષ્ણમાં જોડિયાં જો –શ્રીવલ્લભ૦ ૭

શીખવી સેવાને કર્યા સૌને ન્યાલ જો,
ભક્તો સેવે છે ધરી ઘણું વહાલ જો –શ્રીવલ્લભ૦ ૮

વહ્નિ સુતની કૃપાથી 'દીનદાસ' જો,
પામ્યો વલ્લભ ચરણોમાં દૃઢ વાસ જો –શ્રીવલ્લભ૦ ૯

પ. ભ. શ્રી પુનમચંદ સાંકળચંદ દોશી, મોડાસા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી મ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

જલક્રીડાનું પદ રાગ-સારંગ

ક્રીડત કાલિંદી જલ માંહિ ।
નવલ સાજિ સિંગાર કિએ, તહાં શ્રીરાધા ગલબાંહિ ॥૧॥
આસપાસ સોભિત વ્રજનારી, મધી રાજત નંદલાલ ।
જલ સીકર ડારત ચહુંદિસિતેં, નિરખ મુદિત ગોપાલ ॥૨॥
આનંદ મગન ભયે મિલિ ખેલત, કરત કુલાહલ ભારી ।
'ગોવિંદ' પ્રભુ પિયકી યહ લીલા, નિરખિ નિરખિ સબબારી ॥૩॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૯ : અંક ૨ ✠ મે, ૧૯૯૦
શ્રીવલ્લભાબ્દ ૫૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય મહોત્સવની

ઉત્સાહપૂર્વક ઉજવણી

રાજકોટ : આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે શ્રીમહાપ્રભુજીના ૫૧૩માં પ્રાકટ્ય મહોત્સવની સુંદર ઉજવણી થઈ.

ચૈ. વ. ૧૦ શુક્રવારથી પૂ પા. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર' ના અખંડ પાઠનો કાર્યક્રમ યોજાએલ.

ઉત્સવના મંગલદિને સાંજે ભવ્ય શોભાયાત્રા શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીએથી પ્રારંભ થઈ શહેરના મૂખ્ય મૂખ્ય માર્ગો પરથી લક્ષ્મીવાડી ખાતે આવેલ સપ્તમ પિઠાધિશ્વર શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીની હવેલી 'વ્રજધામ' પહોંચેલ. શોભાયાત્રામાં શ્રીમહાપ્રભુજીના ચિત્રજી સુંદર સુશોભીત સુખપાલમાં બિરાજેલ. ૧૦૮ બાલિકાઓ મંગલ કલશ લઈ આગળ ચાલતી હતી તેમજ ૧૦૮ સ્કુટર સ્વારો પુષ્ટિ ધ્વજ સાથે મોખરે હતા.

શોભાયાત્રામાં સપ્તમ પિઠાધિશ્વર પૂ. પા ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ, પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી, પૂ. પા ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી, પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી વગેરે આચાર્યો ચરણારવિંદથી ચાલીને પધારેલ.

અગ્રણી વૈષ્ણવો વગેરે સાથે ગુજરાતના શહેરી વિકાસ મંત્રી શ્રી વજુભાઈ વાળા પણ શોભાયાત્રામાં સંમ્મીલીત થયેલ.

શોભાયાત્રા લક્ષ્મીવાડી પહોંચતા સભાના રૂપમાં ફેરવાઈ ગયેલ. જ્યાં વધાઈ કીર્તન બાદ પુ. પા. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી, પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (ગટટુબાવાશ્રી) ના વચનામૃતો થયેલ. ઉત્સવનાયકના ગુણાનુવાદ કરી વૈષ્ણવો સ્વકર્તવ્ય તત્પર બને તેવી પ્રેરણા મળેલ.

આ સભામાં પરિષદની રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાન્તીભાઈ રાધનપુરા, મંત્રી શ્રી હસુભાઈ ખખ્ખર, પ્રો. શ્રી જીવનભાઈ જોષી વગેરેએ પ્રાસંગીક પ્રવચન કરેલ. સભાનું સંચાલન પરિષદના ગુ. પ્ર.ના સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ કરેલ.

[જુઓ ટાઈટલ ત્રીજું]

- * શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૨ * મે, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભ કે પદ

પુ. પા. ગો. **શ્રી રસિકરાયજી** મહારાજ
(મથુરા-પોરબંદર)

શ્રીવલ્લભવર કે મિલન હેત,
 રસ યોગીન બન જાઉંગી;
શ્રીવલ્લભવર કી કૃપા દષ્ટિ સે,
 રસ યોગીન બન જાઉંગી. ૧
મત્ત મધુપ મધુપાન હેતુ,
 મકરંદી બન જાઉંગી
હૃદય નિકુંજ અંગ દ્વાદશ વન,
 પ્રેમ અલખ જગાઉંગી. ૨
રોમ રોમ પ્રતિ વૃક્ષલતા પર,
 પીકરસ બચન સુનાઉંગી,
મધુર મેઘ હિત મન મયૂર કર,
 મધુર શબ્દ ઉચ્ચારૂંગી. ૩
સ્વાતિ પિય હિતચિત ચાતક કર,
 પિયુ પિયુ રટન લગાવુંગી;
શુદ્ધ સ્નેહ મય ગોરસ નવનીત,
 અધરામૃત ચાખ ચખાવુંગી. ૪

રીત પ્રીત વિપરીત રમણ કર,
અનરીત રમણ રમાવુંગી,
રોમ રોમ પ્રતિ કેવલ રસમય
અંતર રમણ કરાવુંગી;
'રસિક' પ્રીતમ કે રોમ રોમ મેં,
રસરૂપી હ્વે જાઉંગી. ૫

ભાવાર્થ–શ્રીવલ્લભ પ્રેમરસ યોગીભકત કહે છે કે હે શ્રીવલ્લભ આપની પ્રાપ્તિ માટે હું રસ યોગી બની જઇશ, કારણ કે શ્રીવલ્લભના રોમ રોમમાં કોટી ગોવર્ધનરાય બિરાજે છે. આપનું ધ્યાન કરતાં, આપનું કોટિ કંદર્પ લાવણ્યની સુરતિ થતાં તેમજ આપની કૃપા દ્દષ્ટિની વૃષ્ટિથી જ હું રસ યોગી બની જઇશ.

પુષ્પનો રસ ચાખવા જેમ ભ્રમર મસ્ત બની જાય છે તેમ આપના મુખારવિંદનું પાન મારા નેત્રરૂપી ભ્રમર દ્વારા કરીશ.

હ્રદયરૂપી નિકુંજ અને દ્વાદશ અંગો દ્વારા આનંદથી પૂલકિત થઇ અને પ્રેમ અલખ જગાવીશ.

જેમ વૃક્ષોમાંથી રસ ઝરે છે મારા રોમ રોમમાં રહેલ પ્રેમરસને પ્રવાહિત કરીશ અને રસિક વચનો મુખ દ્વારા પ્રગટ કરીશ.

જેમ ચાતક સ્વાતિને પ્રેમ કરે છે અને પ્રેમ મગ્ન થઇ પીયુ–પીયુનું રટણ કરે છે તેમ હું શ્રીવલ્લભનું રટણ કરીશ.

મારૂં હ્રદય નવનીતરૂપ છે, શુદ્ધ સ્નેહ ત્યાં જ વસેલ છે, એ હ્રદયરૂપી નવનીતનો સ્વાદ લઇશિ તેમજ લેવડાવીશ.

જુદે જુદે પ્રકારે મારા પ્રિય શ્રીવલ્લભને રિઝાવીશ અને રૂંવાડે રૂંવાડે રહેલો જે અછૂતો રસ છે તેના દ્વારા આંતરરમણનો આનંદ લઉં છું. બસ શ્રીવલ્લભના રોમ રોમમાં રસરૂપે સમાઇ જાઉં, એવો જે મનનો મનોરથ છે એ શ્રી હરિરાયજી પ્રગટ કરે છે.

[પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર પ્રકાશિટ કેસેટ પુસ્તિકામાંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઈ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

પંચૈતાનિ મહાબાહો,
કારણાનિ નિબોધ મે ।
સાંખ્યે કૃતાંન્તે પ્રોકતાનિ,
સિદ્ધયે સર્વકર્મણુમ્, ॥૧૩॥

શ્લોકાર્થ–હે મહા બાહુ ! આ પાંચ કારણોને મારી પાસેથી સાંભળ ! જે સાંખ્ય (વેદાંન્ત) શાસ્ત્રોમાં કહ્યા છે–કૃત કર્મના અન્ત માટે તથા સર્વ કર્મોની સિદ્ધિને માટે કહેવામાં આવ્યા છે. ૧૩

ટીકા–જો એમ શંકા કરવામાં આવે કે સંગફળનો પરિત્યાગ કરવાંમાં આવે તો પણ કર્મ કરનારને ફળ તો મેળવવાનો સંભવ હોય છે જ–ભોજન તૃપ્તિની જેમ, ઔષધાર્થે ખાધેલા માદક દ્રવ્યોના પરિણામે થતા ઉન્માદની જેમ તેથી ફળ (કેવી રીતે) ન થાય ? એવી આશંકાથી કહે છે કે “પંચૈતાની....વગેરે પાંચ શ્લોકો દ્વારા. હે મહાબાહો ! તું તો ફળ ત્યાગની ક્રિયા કરવાને સમર્થ છે. બધા કર્મોની સિદ્ધિને માટે ફળના હેતુ માટે સાંખ્યમાં ત્યાગ અથવા અત્યાગનો નિર્ણય કરતાં કૃતાંતમાં (કૃત એટલે કરેલા કર્મોનો અંત એટલે) સમાપ્તિ છે જેમાં એવા વેદાંતમાં કહેવામાં આવેલા. આ બધા આગળ ઉપર કહેવામાં આવશે તે પાંચ કારણોને મારી પાસેથી જાણી લે. ૧૩.

શ્લોકાર્થ–અધિષ્ઠાન તથા કર્તા અને જુદી જુદી જાતનું કરણ અને જુદા જુદા પ્રકારની જુદી જુદી ચેષ્ટા તથા પાંચમું છે અહીં દૈવ ૧૪.

ટીકા–આ પ્રમાણે જણાવીને તે કારણોને જણાવે છે. “અધિષ્ઠાનં....વગેરે “અધિષ્ઠાન એટલે લિંગ શરીર. કર્તા એટલે કર્તાપણાના પોતાના અભિમાનરૂપ અહંકાર તથા કરણં એટલે ઇન્દ્રિયો પૃથગ્વિધ છે એટલે અનેક પ્રકારના છે. ‘ચ’ શબ્દ વાપરીને જણાવે છે કે પોતાના આધિદૈવિક સહિત જુદા જુદા પ્રકારના કાર્યકારણ ફળો વગેરે દ્વારા અનેક પ્રકારના જુદા જુદા રહેલા (ભૂતાઃ) બનેલા એટલે જુદા જુદા રૂપોથી પ્રકટ થયેલા, પ્રાણાદિની ચેષ્ટાઓ એટલે વ્યાપારો (કાર્યો) છે. અહીં એ બધાની વચ્ચે જ સર્વને પ્રેરણા આપનાર અંતર્યામી દૈવને પાંચમું મુખ્ય કારણ કહે છે. ‘એવ’ (એટલે ‘જ’) શબ્દથી તેના અવિરોધથી બીજાં કારણોનું અસ્તિત્વ કહેલું છે. ૧૪

શરીરવાંગ્મનોભિર્યત્, કર્મ પ્રારંભતે નરઃ ।
ન્યાય્યં વા વિપરીતં વા, પંચૈતે તસ્યં હેતવ
॥૧૫॥

શ્લોકાર્થ–શરીર, વાણી તથા મન વડે મનુષ્ય ન્યાય યુકતં અથવા એથી ઉલટું જે કર્મ શરૂ કરે છે. તેના પાંચ હેતુઓ હોય છે. ૧૫

ટીકા–સર્વ કર્મના હેતુ માટે પાંચ કારણો કહે છે. શરીર વગેરે કર્મ ત્રણ પ્રકારનું હોય છે. શરીરને લગતું, વચનને લગતું તથા મનને લગતું, તેથી શરીર વાણી તથા મન દ્વારા મનુષ્ય જે કર્મ કરે છે ન્યાય્યં અથવા મારી આજ્ઞા હોવાને કારણે મારી ઇચ્છારૂપ વિપરીત એટલે પોતાના ફળને ભોગવવા માટેનું અથવા તો વિપરીત એટલે અન્યાયપૂર્વકનું કર્મ મનુષ્ય શરૂ કરે છે. તેના આ (એટલે) પહેલાં કહેવામાં આવેલા, પાંચ હેતુઓ હોય છે એટલે કારણો હોય છે એ ભાવાર્થ છે. વિકલ્પ વાચક 'વા' શબ્દ બે વખત વાપરીને મારી ઇચ્છા શી છે તેના જ્ઞાનના અભાવમાં, ન્યાયયુકત વેદમાં કહેવાંમાં આવ્યા હોવાથી, આવશ્યક રીતે પ્રાપ્ત થયેલા હોવા છતાં તેનું વિપરીતપણું (ગણેલું) છે. અને તેના જ્ઞાનના ભાનમાં (એટલે જ્ઞાન હોય ત્યારે) વિપરીતનું પણ ન્યાયીપણું હોય છે એમ જણાવ્યું છે. ૧૫.

તત્રૈવં સતિ કર્તાર, માત્માનં કેવલં તુયઃ ।
પશ્યત્યકૃત બુદ્ધિત્વાન્ન, સ પશ્યતિ દુર્મતિઃ ॥૧૬॥

શ્લોકાર્થ–ત્યાં આ પ્રમાણે હોવાથી અકૃત બુદ્ધિને લીધે (એટલે કે ગુરુના ઉપદેશથી સારાસારના જ્ઞાનના અભાવને લીધે) પોતને જ કર્મના કર્તા તરીકે જાણે છે (જુવે છે) તે દુર્બુદ્ધિવાળો (સાચી રીતે) જોતો નથી. ૧૬.

ટીકા-તત્ર એટલે બધા કર્મોમાં પાંચ હેતુઓની પ્રેરણા મારા દ્વારા થઇ હોય છે એમ હોવાથી તે મનુષ્ય માત્ર પોતાને (એટલે કે જીવને) 'તુ' શબ્દના વપરાશથી જણાવ્યું છે કે ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા સાચા વિવેક યુકત (સાચા–ખોટાના) જ્ઞાન રહિત થઇને જે દુર્મતિ એટલે ખોટી (ખરાબ) બુદ્ધિવાળો, પોતાની મુર્ખતાને લીધે, પોતાને જ કર્તા માને છે તે (સાચી દ્દષ્ટિથી) જોતો નથી–આત્માને એટલે મને પરમાત્માને એમ અર્થ છે આ પ્રમાણે જે કર્મ એ કરે છે તેનું તે ફળ છે. ૧૬

–ક્રમશઃ।

'શ્રીવલ્લભ સુધા'ના ગ્રાહકોને નમ્ર અપીલ

નવા વર્ષનો આ બીજો અંક આમને મોકલાયો છે. આપનું લવાજમ કાર્યાલયમાં જમા કરાવેલ ન હોય તો તુરત જ ભરી આપી આપનો સહકાર ચાલુ રાખવા વિનંતી છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

ગ્રંથ-પરિચય

લેખક : **ગોસ્વામી શ્યામમનોહરજી મહારાજ**

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

'આશ્રય' શબ્દના બે અર્થ થાય છે, ૧. સહારો દેનાર. ૨. સહારો (આશરો) લેવાની ક્રિયા. તેથી જ વિવેક ધૈર્યાશ્રય ગ્રંથમાં જ્યારે એમ કહેવામાં આવ્યું કે 'શ્રીહરિના આશ્રયથી બધાં અશકય કાર્યો પણ સિદ્ધ થઇ જાય છે (અશકયે હરિ રેવાસ્તિ સર્વ-માશ્રયતો ભવેત્) એટલે કે જ્યારે કોઇ કાર્ય અશકય લાગતું હોય ત્યારે તેને શકય બનાવનાર શ્રીહરિ તો છે જ અને બધું કાર્ય આશ્રયથી જ સિદ્ધ થઇ શકે છે. ત્યાં 'આશ્રય'નો અર્થ શરણાગતિ યાને આશરો લેવાની ક્રિયા એવો થાય છે. આવી જ રીતે શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધમાં કહ્યા મુજબ 'જગતની ઉત્પત્તિ તથા પ્રલયના કર્તા તથા ઊપદાન રૂપ પરબ્રહ્મને 'આશ્રય' કહેવામાં આવે છે (આભાસ તથા, નિરોધ જેના દ્વારા જાણવામાં આવે છે તે આશ્રય એજ પરબ્રહ્મ પરમાત્મા છે એમ કહી શકાય છે) આ વચનોમાં 'આશ્રય' શબ્દ આધાર અથવા સહારો બનવાવાળાના અર્થમાં વાપરવામાં (પ્રયોજવામાં) આવ્યો છે. 'આશ્રય' શબ્દના આ બન્ને અર્થને ધ્યાનમાં રાખીને જ 'કૃષ્ણ એવ ગતિર્મમ' (કૃષ્ણ જ મારી ગતિ છે) એ શબ્દ સમૂહમાં 'ગતિ' શબ્દનો ઉપયોગ કરવામાં આવેલો છે, અર્થાત્ ભગવાન જ સાધન છે અને ફળ ભગવાન જ છે-ભગવાન જ માર્ગ છે અને ગન્તવ્ય (જ્યાં જવાનું છે તે સ્થળ) પણ ભગવાન જ છે એ બધા અર્થોમાં શ્રીકૃષ્ણ જ અમારો આધાર-અમારો આશ્રય-અમારી ગતિ છે. આ જ કારણને લીધે 'કૃષ્ણ એવ ગતિર્મમ' (કૃષ્ણ જ મારી ગતિ છે) નો અર્થ કૃષ્ણ જ અમારો આશ્રય છે અને કૃષ્ણનો જ આપણે આશ્રય લેવો જોઇએ એવો બન્ને પ્રકારનો લઇ શકાય છે.

આ જગતમાં અનેક પ્રકારના જીવાત્માઓ છે. કોઈક જીવાત્માઓમાં લૌકિક ફળોની પ્રાપ્તિને માટે લૌકિક સાધનોનો આશ્રય લેવાની વૃત્તિ પ્રબળ (બળવાન) હોય છે. પ્રવાહી જીવાત્માઓનો આ મુખ્યત્વે સ્વભાવ હોય છે. કોઇક જીવાત્માઓમાં વેદાદિ-શાસ્ત્રીય ફળોની પ્રાપ્તિને માટે કેવળ શાસ્ત્રીય સાધનોના જ આશ્રયની વૃત્તિ પ્રબળ (બળવાન) હોય છે. મર્યાદા માર્ગના અંતર્ગત કર્મ માર્ગીય જીવોમાં આ સ્વભાવ બળવાન હોય છે. કેટલાક વૈદિક ફળોની પ્રાપ્તિને માટે વૈદિક સાધનોની સાથો સાથ ભગવાનને પણ આશ્રયના રૂપમાં અપનાવે (સ્વીકારે) છે. મર્યાદા માર્ગની અંતર્ગત જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય તથા મર્યાદા-ભક્તિ માર્ગીય સાધકોમાં આ સ્વભાવ જોવામાં (જાણવામાં) આવે છે. કેટલાક જીવાત્માઓને ભગવાનથી જુદા (કે અન્ય) કોઇપણ

ફળની કામના હોતી નથી. તેથી એવા લોકો સાધનનાં રૂપમાં પણ કેવળ હરિના આશ્રયને જ સ્વીકારે છે. એવા જીવોને પુષ્ટિજીવ સમજવા (જાણવા) જોઇએ. (આ માટે જોવું. ભાગવતાર્થ નિબંધ ૫-૯/૧૨) આ કારણને લીધે જ 'કૃષ્ણ એવ ગતિર્મમ' એટલે કે 'શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે' એવો મનોભાવ હોવો એ પુષ્ટિજીવનું પરમ (એટલે મોટામાં મોટું અને છેલ્લામાં છેલ્લુ) લક્ષણ છે.

શ્રીમદ્ ભગવતના બારમા સ્કન્ધના વર્ણનનો વિષય પણ આશ્રયલીલા જ છે, ભાગવતાર્થ નિબંધમાં 'આશ્રય' શબ્દના અનેક અર્થ બનાવવામાં આવેલા આવેલા છે.

જેવી રીતે શ્રીમદ્દ ભાગવતના બીજા સ્કંધથી માંડીને અગ્યારમાં સ્કંધ સુધી ભગવાનની જે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઇશાનુકથા, નિરોધ અને મુક્તિરૂપ લીલાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તે લીલાઓના કર્તા-આશ્રય એક માત્ર શ્રીકૃષ્ણ જ છે. આ નવવિધ લીલાઓ લક્ષણ (રૂપ) છે. અને તેમનાથી લક્ષિત (એટલે કે સુચવાયેલ) લક્ષ્ય-આશ્રય એક માત્ર શ્રીકૃષ્ણ જ છે.

આ નવવિધ (નવ પ્રકારની) લીલાઓનું વર્ણન ભાગવતકારે એ જ હેતુથી કર્યું છે કે જે જે વિભૂતિ રૂપોને ધારણ કરીને સર્ગ લીલાથી માંડીને ઇશાનુકથા સુધીની લીલાઓ ભગવાન કરે છે એ બધા રૂપોની સાથે ભગવાનનો કાર્ય-કારણરૂપ શુદ્ધાદ્વૈતરૂપ સંબંધ છે. અર્થાત્ એક જ બ્રહ્મનો નામ રૂપમાં વિસ્તાર આ સમગ્ર (એટલે આખું) બ્રહ્માંડ છે. (સર્વં ખલુ ઇદં બ્રહ્મ એટલે આ સર્વ જે કંઇ છે તે ખરેખર બ્રહ્મ છે.)

કાર્યરૂપ બધા લૌકિક યા તો અલૌકિક વિભૂતિ (દર્શક) નામો તથા વિભૂતિરૂપ પોતે ધારણ કરવાવાળા કારણરૂપ પરમાત્મા એક જ છે-એમ શુદ્ધાદ્વૈત-બુદ્ધિથી સમજવું આવશ્યક (એટલે જરૂરી) છે. હૃદયથી સ્નેહ યા આશ્રય પરંતુ એ (આશ્રય) વિભૂતિનામ અથવા વિભૂતિરૂપનો નહીં પરંતુ મૂલરૂપ શ્રીકૃષ્ણનો જ હોવો જોઇએ (કહ્યું છે કે, બ્રહ્મરૂપ જગત્ જ્ઞાતવ્યં બ્રહ્મ જગતોતિરિચ્યતે ઇતિ ન તત્રાસક્તિઃ કર્તવ્યા' અર્થ-જગત્‌ને બ્રહ્મરૂપ જાણવું પણ બ્રહ્મ જગતથી વ્યાપ્ત છે એમ (માનીને) તેમાં (જગતમાં) આસકિત ન રાખવી. તેથી પ્રથમ સ્કંધથી માંડીને નવમા સ્કંધ સુધી વર્ણવવામાં આવેલી લીલાઓ શ્રીકૃષ્ણના આશ્રયને દૃઢ (પાકો) કરવાના હેતુથી જ વર્ણવવામાં આવેલી છે. એમ કહી ચૂકયા છીએ કે બારમા સ્કંધનો મુખ્ય વર્ણ્ય વિષય આશ્રયલીલા છે. ભાગવતાર્થ નિબંધના બારમા સ્કંધના અર્થ વિસ્તારના પ્રકરણમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે-'માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય છે એવો મત (અભિપ્રાય શ્રીમહાભુજીનો) છે' એજ વાકય અહીં કૃષ્ણાશ્રય સ્તોત્રમાં 'કૃષ્ણ એવ ગતિર્મમ-એટલે શ્રીકૃષ્ણ એ જ મારી ગતિ છે' એ રૂપમાં રાખવામાં (મૂકવામાં) આવેલું છે.

-ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

પુષ્ટિમાર્ગના પારસમણિ ભક્ત કવિ

શ્રી દયારામભાઈની જીવન-ઝરમર

સંપાદક : પ્રોફે. **જીવનલાલ છ. જોશી**, રાજકોટ



શ્રી દયારામભાઇ ગો. શ્રી છોટાજી મહારાજશ્રીના સન્મુખ બે હાથ જોડીને બેઠા છે.

સંવત ૧૮૩૩ ના ભાદરવા સુદી ૧૧ ઉપરાંત ૧૨ ના દિવસે શનિવારે, મળસ્કે ચાણોદમાં આવેલી કંગાલપુરીમાં આવેલા બાપોતી મકાનમાં શ્રી દયારામભાઇનો માતા મહાલક્ષ્મીની કૂખે જન્મ થયો હતો.

શ્રી દેવકીનંદજી મહારાજે બાલ દયારામભાઇને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષરનું મંત્ર દાન કર્યું સંવત ૧૮૩૭

બાલ દયારામભાઇને આઠ વરસની વયે યજ્ઞોપવિત દેવામાં આવ્યું.

એમની દસ વરસની વયે એમના પિતાશ્રી પ્રભુરાય પ્રભુધામમાં પહોંચી ગયા સં. ૧૮૪૩

એમની બાર વરસની વયે એમના માતુશ્રી મહાલક્ષ્મી હરિશરણ થયા. સં. ૧૮૪૫

માત-તાતના મરણ બાદ માસી દેવબા સાથે ચાણોદ-ડભોઇ આવજા કરવા લાગ્યા. સં. ૧૮૪૫-૪૬ વય વર્ષે ૧૨-૧૩

એમણે ચાણોદમાં ૧૩ વરસની વયે ૬૬ કડીનું ધવલ (ધોળ) ધનાશ્રી રાગમાં પદ લખ્યું સં. ૧૮૪૬ શ્રાવણ વદી આઠમ.

પેટલાદ નિવાસી ડાકોરવાળા ઇચ્છારામ ભટ્ટજીનો ચાણોદ અને ડભોઈ વચ્ચે આવેલા તેનતળાવ આગળ એમને ૧૩-૧૪ વરસની વયે સમાગમ થયો.

શ્રી ઇચ્છારામ ભટ્ટજીની આજ્ઞા અને એમના આશીર્વાદથી તેમ જ મામા-માસી લગ્નની છાની તૈયારી કરતા હોવાથી એઓશ્રી ૧૪ વરસની વયે ભારતના પ્રથમ પર્યટને પરવાર્યા એ પર્યટન બાર વરસનું હતું. સંવત ૧૮૪૭ થી ૧૮૫૯ ૧૪ થી ૨૬ વરસની વય ભારતના પ્રથમ પર્યટનમાં પસાર થાય છે.

ગો. શ્રીવલ્લભજી મહારાજે એમને શ્રીનાથજીની સન્મુખ બ્રહ્મસંબંધ આપ્યું શ્રી મદન મોહનજી તેમજ શ્રી નવનીત પ્રિયજીનું સ્વરૂપ પધરાવી આપી પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા પ્રમાણે સેવાની રીત શીખવી. તે પ્રમાણે આજીવન સેવા કરવા આજ્ઞા કરી.

(નોંધઃ શ્રીનવનીતપ્રિયજી અમારે (પ્રોફે. જીવનલાલને) ત્યાં બિરાજે છે.)

એમની ૩૧ થી ૩૮ વરસની વય ભારતના બીજા પર્યટનમાં પસાર થાય છે. સં. ૧૮૬૪ થી ૧૮૭૧.

એમણે ૩૯ વરસની વયે ચાણોદમાં વ્રજ ભાષામાં 'સત્ સૈયા' ગ્રંથ રચ્યો. સં. ૧૮૭૨ ના ભાદરવા સુદ ૮

એમણે ૪૧ વરસની વયે ચાણોદમાં વ્રજભાષામાં વાસ્તુવૃન્દ દિપીકા રચી સં. ૧૮૭૪ શ્રાવણ વદ ૮ સોમવાર.

એમની ૪૨ થી ૪૪ વરસનીવય શ્રીનાથદ્વારા કાંકરોલી અને વ્રજ યાત્રામાં પસાર થાય છે. સં. ૧૮૭૫-૭૭

એમણે ૪૬ વરસની વયે ચાણોદમાં વ્રજભાષામાં "ભગવતાનુક્રમણિકા" લખી સં. ૧૮૭૯ ફાગણ વદી ૨.

એમણે ૪૬ વર્ષની વયે ચણોદ-ડભોઇ બન્ને ઠેકાણે રહી "ભગવદ્ ગીતા માહાત્મ્ય" ગ્રંથ ગુજરાતીમાં લખ્યો. સં. ૧૮૭૯ શ્રાવણ વદી ૮ ગુરુવાર.

એમણે ૪૭ વર્ષની વયે શ્રીવિઠ્ઠલેશજીની આજ્ઞાથી ડભોઇમાં 'સૂર સારાવલી'નું ગુજરાતીમાં પદ્યબંધ ભાષાંતર કર્યું સં. ૧૮૮૦ના શ્રાવણ સુદ ૧૨ રવિવાર.

એમને એમની ૪૭-૪૮ વરસની વયે, શ્રીવલ્લભાધીશનાં સાક્ષાત્ દર્શન થયાં. એનું વર્ણન 'અનુભવ મંજરી'માં છે. સંવત ૧૮૮૦ ભાદરવા સુદ ૨ સંવત ૧૮૮૧ માગશર સુદ ૬-૭

એમણે ૪૯ વરસની વયે ભરૂચમાં વ્રજ ભાષામાં 'વ્રજ વિલાસામૃત' ગ્રંથ લખ્યો. સં. ૧૮૮૨ આસો સુદ ૫

એમણે ૫૧ વર્ષની વયે ચાણોદમાં ગુજરાતીમાં "રસિક વલ્લભ" રચ્યો. સં. ૧૮૮૪ શ્રાવણ સુદ ૧૧

એમની ૫૩ થી ૫૯ વર્ષની વય ભારતના ત્રીજા પણ ઝડપી પર્યટનમાં પસાર થાથ છે. સંવત ૧૮૮૬થી ૧૮૯૦ એઓશ્રી ૫૩ વર્ષની વયે સં. ૧૮૮૬ના વૈશાખ વદી ૧૦ના દિવસે વ્રજ યાત્રા કરવા જાય છે

એમને ૬૦ વર્ષની વયે એમના પટ્ટ શિષ્ય જોશી રણછોડભાઈનો એમને ત્યાં ભેટો થાય છે. સં. ૧૮૯૩

એઓશ્રી એમની ૬૫ વર્ષની વયે ગંભીર માંદગીના બિછાને પટકાયા સં. ૧૮૯૮ તે સમે એમણે વીલ કર્યું.

એમને એમની ૭૩ વર્ષની વયે શ્રીનાથજીનાં સાક્ષાત્ દર્શન થયાં. 'થોડા જ વખતમાં તું મારી પાસે આવીશ' એમ શ્રીનાથજી એ કહ્યું, ત્યારે આયુષ્યના કેટલાં વરસની બાકી છે એમ પુછ્યું, ત્યારે 'બે ત્રણ વર્ષ જ બાકી છે એમ જવાબ મળ્યો ?' (અનુભવ-મંજરી કડી ૨૪ થી ૨૭)

એમને એમની ૭૯ વર્ષની વયે ડભોઈમાં ઝારોળા વગામાં આવેલા સખીદાસના મકાનમાં પુજ્નીય ક્ષરદેહને છોડી નિત્ય લીલામાં પ્રવેશ કર્યો. ૧૯૦૯ મહા વદી ૫.

એક વૈષ્ણવનો પત્ર

આંતરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તરફથી પુષ્ટિમાર્ગીય ધર્મ પ્રચારનું કાર્ય ચાલુ છે તે અતિપ્રશંસનિય છે. તેમજ 'શ્રીવલ્લભ સુધા' માસિક પત્રથી અનેકોને ઘણું જાણવાનું મળે છે. ઘેરે બેઠા અનેક સંશોયોનું નિવારણ થાય જ છે.

પુષ્ટિમાર્ગીય મેંડ મર્યાદા ખાંડાની ધાર જેવી છે, તેમ કહે છે પણ સરળતા પણ એટલી જ છે.

મુખ્ય ધર્મ સેવાં બતાવી છે. પણ સેવામાં આટલું જ જોઇએ તેવું કાંઇ નથી. જેને જેટલો સમય, જેવી શકિત, દેશકાળ અનુસાર અને પુષ્પ, ફળ, જળથી પણ સેવા બની શકે છે મુખ્ય વસ્તુ યેનકેન પ્રકારેણ પ્રભુની સન્મુખતા પ્રાપ્ત કરવી અને દષ્ટાંતો છે જેની પાસે જે હતું તે પ્રભુને સમર્પીને પ્રભુને રીઝાવ્યા છે.

ખાસ કરીને આજ કાલનાં ઘણાં યુવકોને એમ લાગે છે કે ધર્મમાં નિભવું કઠણ છે આપણાથી આવી મેંડ મર્યાદાનું પાલન ન થઇ શકે, કેમ કે તેમણે જોયું ઘણો સમય લાગે છે. અત્યારે વિજ્ઞાનનો યુગ છે, યંત્રવત્ જીવન છે. જીવનની પ્રગતિ કરવામાંથી કયાં સમય મળે છે કે મેંડ સહિત નભી શકીયે !

થોડો વિચાર કરીએ કે 'સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિતર્દઢા ભવેત' શ્રીમહાપ્રભુજીનું આ વાકય છે. સેવા અગર તો સ્મરણ જેનાંથી જે બને તે પણ તેમાં આસકિત જોઇએ દઢતા જોઇએ,

પ્રભુ અંતર્યામી છે, યુગપતિ છે પ્રભુભકતનાં ભાવને જ અંગીકાર કરે છે. કોઇ છપ્પન ભોગ ધરાવે છે, તો કોઇ મિશ્રીની ડલીથી પ્રભુને રીઝાવે છે. કોઇ સવારમાં નાહી ધોઇ પ્રભુનું સ્મરણ કરીને કામે લાગી જાય છે, કેમ કે સમયનો અભાવ છે. પ્રભુ તો દયાળુ છે દરેકનું અંગીકાર કરે છે. ઘણા વૈષ્ણવો ખેતી-મજુરી કરી પેટ ભરતા તેને કેટલો સમય મળ્યો હશે ? સવારથી સાંજ સુધી. પણ પ્રભુ તેના પર પ્રસન્ન હતા કેમ કે સ્વધર્મ પાલનમાં રહેવું તેવો તેમનો ધ્યેય હતો. શરીર કામ કરે છે. મન તો પ્રભુ પાસે જ રાખતા. પણ કાંઇ ન કરવાવાળા ત્યાંના ત્યાં જ છે, સમય ચાલ્યો જાય છે.

કંઇ નહિ તો મિશ્રીભોગ ધરાવવાનો આગ્રહ રાખવો જોઇએ અમને સમય નથી, આવું વિચારવું બરોબર નથી. જીવની પરિસ્થિતિ પ્રભુ જાણે છે. જે સમયે જેટલું બને તેટલું કરવાનો આગ્રહ રાખવો જરૂરી છે.

મેં એવા વૈષ્ણવો જોયા છે. જેનાં ઘરમાં ૩૦૦ વરસોથી પ્રભુ બિરાજે છે. ખુબ વૈભવથી સેવા થાય છે. ધંધા વ્યાપાર દેશ વિદેશોમાં ચાલે છે. આમાં કેટલી પેઢી ગઇ હશે? પણ તેમના ઉચ્ચ સંસ્કાર હજુ ચાલુ જ છે. જેને જેટલો સમય તેટલી પ્રભુની સન્મુખતા પ્રાપ્ત કરે છે. ફકત નાહી ધોઈ ઝારી ભરીને રવાના થાય છે. વિદેશોમાં જાય છે. આમ જેને મનથી પ્રભુ પ્રત્યે ભાવના છે તે જરૂર કરે જ છે.

સંસારમાં જીવન સુખી બનાવવા મનુષ્ય દરેક કર્તવ્ય કરે છે. કરવું જોઇએ તેમ આત્મ ધર્મ પણ જરૂરી છે કોઇ ધંધાકે નોકરી વગેરે કરવામાં જ જીવન આખું પૂરૂં થઇ જાય કે ગઢપણમાં ગોવિંદ ગાશું તેવું ભ્રમજાળ ગણાય સંસારનું દરેક કાર્યકરતાં મન પ્રભુમા હોય તો તે જે કાંઇ કામ કરે તે બધું ઉત્તમ જ છે. સ્વધર્મથી વંચિત ન રહેવું જોઈએ. ગીતા વાકયાનુસાર 'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ' શ્રી મહાપ્રભુજીને શરણે આવીને જે કાંઇ બની શકે તેટલું સેવા–સ્મરણ અવશ્ય કરવું જ છે. આવી વિચાર ધારા અપનાવવાની જરૂર છે.

પ્રભુને રીઝાવવા કેમ? પ્રભુ શાથી રીઝશે ? કયારે રીઝશે ? આ પ્રશ્નો ઉઠે છે. મર્યાદામાં રીત છે કે આટલું કર્મ કરવાથી આ ફળ મળે, કારણ કે તે સકામ કર્મ છે. પુષ્ટિભકિત નિષ્કામભાવથી કેવળ પ્રભુને રીઝવવા તેજ સ્વધર્મ છે. કેમ કે માગવાથી પ્રભુ દેશે કે કેમ ? તે પ્રશ્ન છે. બધાનાં અંતરની વાત જાણે છે. સમર્થ છે. પોતાની ઇચ્છા મુજબ કરે છે.

ધાણી પુણીવાળા ડોસી હતા, તેની ધાણીથી પ્રભુ રીઝયાને બાલલીલાનું સાક્ષાત્ સ્વરૂપે આનંદ આપતા પ્રભુની પ્રસન્નતાનું કારણ પ્રમેય બળથી જ છે.

શ્રીગોકુલનાથજીના હાસ્ય પ્રસંગમાં છે કે પ્રભુ બાલભવથી બિરાજે છે. દૃષ્ટાંત–કોઇ એક બાળક રડતું હતું તેની માતા તેને છાનું રાખવા ઘણા પ્રયત્નો કરે છે પણ શાંત રહેતું નથી. છેવટે તેણે સાંકળ ખખડાવીને બાળકે શાંત થયું. આમાં બાળકે કજીયો કરી સાંકળ ખખડાવવાનું ન્હોતું કીધું, પણ પ્રયત્નાન્તે તેની માતાનાં કોઇ પણ હિસાબે બાળકને શાંત કરવું,

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ અતિ લોભી હોય જે સાત કોટડીમાં રાખેલું રત્ન લીધે જ રહે. આચાર્ય ચરણ ગુરૂદેવ તેમજ અનન્ય ભકત જનનાં હૃદયમાં અનેકવિધ લીલાઓ ભરી છે. જિજ્ઞાસા ધરાવે તો લીધે છુટકો કરે. જીવનનો સાર કેવળ સંસારમાં આવી ભૌતિક પ્રગતિ નથી, પણ સાથોસાથ સ્વધર્મ પાલન છે. સવારમાં ઉઠીને પ્રભુ નામ સ્મરણથી મનને પવિત્ર કરવું જોઇએ. જે કાળે જેટલો સમય મળે તેટલે સમય અલૌકિકતામાં વિતાવવો તો કાંઇક જરૂર પ્રાપ્ત થશે.

સમય ગયા પછી વિચાર નકામાં થઇ પડે છે. જેમ સંસારમાં આવી ઘંધારીમાં–વ્યવહારમાં

પ્રગતિ કરવી જરૂરી છે તેમ ભગવત્માર્ગમાં પણ ધ્યાન પરોવવું જરૂરી છે. આખરમાં આ સંસારનું બધું અહીં જ પુરૂં થાય છે, પણ ભગવદ્ ધર્મ સેવા સ્મરણ કરેલું ક્યાંય જતું નથી. પ્રભુ દયાળુ છે જરૂર કૃપા કરશે જ તેવી દૃઢ ભાવનાં રાખવી સાધન જેટલું બને તેટલું જ.

બે ભાઇ વૈષ્ણાવ હતા મજુરી કરતા પણ પોતાનો વૈષ્ણવ ધર્મ છુપાવી રાખી મજુરીએ જતા એક દિવસ તિલક ભૂસ્યા વગર મજુરીએ જતા તો સાક્ષાત્કારથી પ્રભુએ જતાવ્યું કે તિલક ભુસીને જાવ આવા મજુરી કરી નિર્વાહ કરાવાવાળાને પણ પ્રભુની કૃપા થાય છે તો આપણે નિરાશ શા માટે થવું જોઇએ ? કાંઇ ન કરવું તે તો આળસ અને નાસમજ જેવું જીવન વ્યતિત કરવા જેવું છે. અંતકાળે સમજ આવે તો શું કરી શકાશે. સમય ઘણો થોડો છે. પ્રભુનું શરણ સ્વીકારી સર્વાત્મભાવે પ્રભુને પ્રસન્ન કરીને જીવનને કંચનવેલ બનાવી શકાય છે.

પુષ્ટિમાર્ગના અસાધારણ પારસમણિ પ.ભ. ભક્તકવિ શ્રીદયારામભાઇ "ભક્તિ પોષણ"માં દર્શાવે છે.

સેવા સંગત હરિ–ભક્તની. કરે પ્રેમભક્તિ ઉત્પન્ન તે કરે કૃતારથ એકલી, નવ જોઇએ કોઇ સાધન. જોઇએ ન વય, વિદ્યા, વિત્ત, રૂપ, પરાક્રમ પવિત્રાચર્ણ, ક્હેશો જોયાં નથી, કોહો કીહે કામ, તો સુણો પ્રગટ બતાવું નામ. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૪૦

ધ્રુવજીને ક્યાંહાં વય હતું, ક્યાંહાં હતું સુદામને ધંન, કુબજાને હતું રૂપ ક્યાં ? ઉગ્રસેનને પુરુષાતંન. પુરુષાતન નો'તુ ઉગ્રરાય, ગજને ક્યાંહાં હૂતી વિદ્યાય, પારધિમાં ક્યાંહાં શુભ આચર્ણ, કેવલ ભકિત પામ્યા ગિરિધર્ણ સેવો શ્રીકૂષ્ણ કૃપાળ. ૪૧

શ્રીવલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધિ

(૧) શ્રી નિતીનભાઈ મહેતા
C/o શ્રી કાનજી સવજી પારેખ
૫૫, કેનીંગ સ્ટ્રીટ, પહેલે માળે,
મહેતા બિલ્ડીંગ, **કલકત્તા**–૭૦૦૦૦૧

(૨) શ્રી મહેન્દ્રકુમાર નગીનદાસ મણીયાર
આતાભાઇ–હીલડ્રાઇવ રોડ,
૯, અંજલિ કો–ઓપ. હાઉ. સોસાયટી,
ઘંટી સામે, **ભાવનગર**–૩૬૪૦૦૨

(૩) શ્રી પુષ્ટિ માર્ગીય ગ્રંથ વિક્રી કેન્દ્ર
આં. રા. પુ. વૈ. પરિષદ (મુંબઈ શાખા)
સાત સ્વરૂપની હવેલી, ૧ લે. માળે,
૬૧ એ. આત્મારામ મરચન્ટ રોડ,
ભૂલેશ્વર, **મુંબઇ** ૪૦૦૦૦૨

ચતુઃશ્લોકી (ગુજરાતી ભાવાનુવાદ)

લેખક : **શ્રી જમનાદાસ જી. ભાતેલીયા**

બી. એ. એસ. ટી વિનિતિ, સાહિત્યવિ દ્વારકા

હંમેશાં સર્વ ભાવથી ભજવા શ્રીવ્રજાધિપ,
એજ છે ધર્મ સર્વેનો અન્ય કદાપિ નહિં. ૧
આમ નિત્ય સ્વકર્તવ્ય જાતે જ જે કરે ખરે,
પ્રભુ સર્વ સમર્થ છે તેથી બને ચિંતાહીન. ૨
ધરે જે સર્વાત્મભાવે હ્રદયે ગોકુલાધીશ,
તેને ફલ બીજું કયું પ્રાપ્ત કરવાનું રહે. ૩
તો સર્વાત્મ ભાવેથી શ્રીગોકુલેશ ચરણનું
સ્મરણ સેવન કરો નિત્ય એવી મારીમતિ.

આ ચતુઃશ્લોકી ગ્રંથ શ્રીમહાપ્રભુજી રચિત નાનામાં નાનો છે. આ ગ્રંથમાં પુષ્ટિ માર્ગીય ચાર પુરૂષાર્થોની સમજુતી આપવામાં આવી છે. આ પુરૂષાર્થો લૌકિક–વૈદિક પુરૂષાર્થો નથી પણ તેથી જુદા છે. પુષ્ટિભકિતનો પહેલો પુરૂષાર્થ શ્રીકૃષ્ણનો અનુરાગ છે, તેને ધર્મ પુરૂષાર્થ કહેવાય. આમ પુષ્ટિ માર્ગીય ધર્મ એટલે પુષ્ટિ જીવે પોતાના અંશી ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી તે અંશરૂપ જીવનો ધર્મ છે. અહિં શ્રીમહાપ્રભુજીએ વાપરેલો વ્રજાધિપ શબ્દ બહુ જ અગત્યનો છે કારણ કે વ્રજ એટલે વ્યાપિવૈકુંઠ અને એના સ્વામિ શ્રીકૃષ્ણ આખા જગતનું પોષણ કરતા છે.

બીજો પુરૂષાર્થ લૌકિકમાં 'અર્થ' છે ત્યારે પુષ્ટિ જીવ માટે તે તદન ઉલટો જણાય છે કારણ તેમાં ધનની ચિન્તાનો ત્યાગ કરવા કહેલું છે. ગીતાજીમાં પણ નવમાં અધ્યાયના ૨૨મા શ્લોકમાં ભગવાન પ્રતિજ્ઞા કરે છે કે "योगक्षेम वहाम्यहम्।" આ મુજબ ભગવાન ભકતનું યોગક્ષેમ સંભાળી લે છે.

ત્રીજો પુરૂષાર્થ લૌકિકમાં કામ છે, જ્યારે અહીં કામ એટલે અન્યાશ્રયનો ત્યાગ કર્યા પછી ભકતના અંતઃકરણમાં ફલાત્મક ભગવાન સ્થિત થાય છે. એટલે પુષ્ટિભકતને બીજી કોઈ કામના કરવાની જરૂર જ રહેતી નથી. ફકત અન્યાશ્રયનો ત્યાગ કરી ભગવાન શ્રીકૃષ્ણમાં જ એક નિષ્ઠાવાળું થવું એટલે પછી કાંઇ પ્રાત્પ કરવા જેવું રહેતું નથી. આમ પુષ્ટિભકતની કામના કે વાસના શ્રીકૃષ્ણમાં એકનિષ્ઠા થવી એજ છે. આ શ્લોકમાં વપરાયેલ શબ્દ શ્રી ગોકુલાધીશ એટલે લક્ષ્મી સહિત 'શ્રીકૃષ્ણ એવો થાય છે એટલે તે આ પહેલાંના ગ્રંથ 'શ્રીકૃષ્ણાશ્રય'ને પુષ્ટિ આપે છે.

ચોથા શ્લોકમાં અંતિમ પુરૂષાર્થનું કથન છે લૌકિકમાં મોક્ષને અંતિમ માનવામાં આવ્યો છે. પરંતુ પુષ્ટિભકત કવિ શ્રી દયારામભાઇના કહેવા મુજબ

'હરિના જનતો મુકિત ન માગે....' એમ પુષ્ટિ ભકતોને મોક્ષની જરૂર જણાતી જ નથી કારણ તેમનું સર્વસ્વતો સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણ પ્રભુના ચરણ કમળોનું સ્મરણ અને સેવન જ અંતિમ ધ્યેય છે એટલે પુષ્ટિ ભકતોનો ચતુર્થ પુરૂષાર્થ પ્રભુ સેવા અને પ્રભુસ્મરણ જ છે કારણ નિત્ય સેવા અને સ્મરણ કરવાથી ભગવાન ભકતોને સ્વરૂપાનંદનું દાન કરે છે, અને આનાથી મોટું મેળવવા લાયક કાંઇ જ બાકી રહેતું નથી.

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણ નામથી ધર્મ વિશે મતિ કદા નિ પાપે.
જીતે દુષ્ટ સ્વભાવ નામ હરિ પ્રબળ પ્રતાપે
॥૪૦॥

ભાવાર્થ-શ્રીભગવદ્ નામના પ્રભાવથી મતિ સદા ધર્મ અને પ્રભુ ચરણમાં રહે છે, કદીએ પાપના રસ્તે જતી નથી નામનો પ્રભાવ એવો છે કે, તે પાપને બાળી જ નાખે છે. અને દુષ્ટ સ્વભાવને ભક્ત સદા જીતે છે. દક્ષિણમાં એક સંત એકનાથ થઇ ગયા તે અદ્ભુત સ્વભાવ જીવ હતા અને પ્રખ્યાત હતા એક પઠાણે તેની પરીક્ષા કરવા વિચાર્યું અને એકનાથ તો દરરોજ ગંગા ગોદાવરીમાં સ્નાન કરી અને એક પઠાણના ઘર આગળ થઇને નીકળતા એક દિવસ પઠાણ તેના ઉપર એકસો એકવાર થુંકયો. પરંતુ એકનાથ શાંત રહી, નાહી, આવતા એકસોને બીજી વખત જયારે એકનાથજી સ્નાન કરી અને નિકળ્યા ત્યારે પઠાણ પગમાં પડયો. અને ક્ષમા માગી ત્યારે એકનાથ કહ્યું કે ભાઇ ! તે તો મારા ઉપર બહુ જ કૃપા કરી અને ગંગા ગોદાવરીમાં સ્નાન કરાવ્યું. મને તો આજે એકસો બે વખત નાવાનું પુણ્ય મળ્યું. દક્ષિણમાં બીજા પરમ સંત તુકારામજી થઇ ગયા. તેણે વિરોધી બ્રાહ્મણોની સન્મુખ પાડાને મોઢેથી નહીં પણ "ગુદા" એથી વેદના મંત્રો ભણાવ્યા બોલાવ્યા ! તેઓ એક વખત પોતાના ખેતર શેરડી લેવા ગયા. અને ભારી બાંધી અને આવતા હતા. રસ્તામાં બાળકો જેમ માગતા ગયા. તેમ એક એક સાંઠો આપતા ગયા અને ઘેર આવ્યા. ત્યારે ફક્ત એક જ સાંઠો બચ્યો, તેના સ્ત્રી તામસી હતાં તેણે શેરડીની ભારીને બદલે એક જ સાંઠો જોયો, અને તેઓ ખીજાયાં તે સાંઠો લઇને તુકારામજીની પીઠ પર માર્યો. અને સાંઠો ભાંગી ગયો, ત્યારે પોતાને લાગ્યું તેના સામે ન જોતાં તુકારામજી કહે કે, તમે સારૂં કર્યું મારે ભાંગીને ટુકડા કરવા પડત. મારૂં કામ તમે કર્યું ધન્ય છે, ભક્ત પોતાના સ્વભાવને આમ જીતે છે, અને પ્રભુ નામમાં મસ્ત રહે છે.

શ્રીકૃષ્ણ નામથી ઉભય લોકમાં અતિ સુખ પામે
કૃષ્ણ નામથી કૃષ્ણ મિલન અંતરાયો વામે ॥૪૧॥

ભાવાર્થ-ભગવદ્ ભકતો ભગવદ્ ભજનથી બન્ને લોક-આલોક-પરલોક બન્નેમાં સુખ પામે છે. આલોકને માટે ભક્ત કવિ દયારામભાઇ કહે છે કે કંસ-શિશુપળ-પુતના એ વેરભાવથી પ્રભુનું ભજન કર્યું હતું, છતાં પણ તેઓ ઉત્તમ પદને પામ્યાં, ત્યારે કોઇ સ્નેહપુર્વક ભજન કરે તો તે સદા સુખ પામે જ છે, ભક્ત ધ્રુવની વય ભજન કરવા જેવી ન હતી. સુદામાને કયાં ધન હતું દરિદ્ર હતાં. કુબ્જામાં કયાં રૂપ હતું ઉગ્રસેનમાં કયાં પુરૂષાતન હતું ગજેન્દ્રમાં કયાં પુર્વે ભક્તિ હતી. છતાં ભકત વત્સલ પ્રભુએ તેને સર્વ સુખ આપ્યાં હતાં. ભકતને પ્રભુ સર્વ કૃપા કરીને જ આપે છે, અને મોટાઓની આજ્ઞા છે કે, ભોજન અને વસ્ત્રની ચિંતા કરી અને શ્રીહરિના દાસે કદીએ ઉદાસ થવું નહીં કારણ કે પ્રભુ વિશ્વંભર એટલે વિશ્વનું ભરણ પોષણ કરનાર છે. તે શું પોતાના ભક્તને કદી ભુલી જશે ? પોતાના દાસની આશાઓ તો પ્રભુ વણ માગે પુરી કરે

છે. અને તે પણ સ્નેહપુર્વક સહાય કરે છે. સુદામા અને કુબ્જા, પુતના વિગેરેનાં દ્દષ્ટાંત જુઓ વગર માગે જ સહાય કરી છે. ભક્ત વત્સલ પ્રભુ ભક્તને કોઇ પણ ખામી રહેવા દેતા નથી. તે અંતર્યામિ છે. અને સર્વ જાણે છે. સર્વની ઘડી ઘડીની જાણ છે. અને સદા ભકતની પાછળ પાછળ પાસે જ ડોલે છે. અને પરલોકમાં પણ ભકતનાં જન્મ મરણના ક્લેશ મિટાવી અને અક્ષરાતિ અચ્યુત અને અવિનાશિ પદ આપે છે, અને પોતાના મિલનમાં આવતા ભકતનાં અંતરાયોને પોતે જ દૂર કરે છે, પ્રભુ પુષ્ટિ જીવોના પ્રેમ થઇ અને રહે છે.

ક્રમશઃ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભકત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૨૨. રાગ-આશાવરી વૈ. ૧૪

વંદો શ્રીનારાયણદાસ બ્રહ્મચારી
શ્રી ગોકુલચંદ્રમાજી શિરપર રાજે, રહત દ્દઢ વ્રતધારી ૧
છૂવત નાહીં કબહુ લક્ષ્મી કો, દેખત હી માટી દે ડારી;
તાતી ખીરધરી જબ ઇનને, આરોગત દાઝે પ્રભુ ભારી. ૨
'મધુરેક્ષણા' સખી સહચરીકી, ભતીજી એક 'ચતુરા' સખી પ્યારી;
'લાલદાસ' દોઉ મિલ સેવ હૈ, હરિકો સુખ વિચારી. ૩

૨૩. રાગ-આશાવરી વૈ. ૧૫

વંદો શ્રીક્ષત્રાણી મહાવન વાસી.
'ભંદ્રા' સખી શ્રી સ્વામિનીજીકી, શ્રીવલ્લભ કી દાસી. ૧
ચારી સ્વરૂપ યમુનાજલ નિરતે, પ્રાપ્ત ભયે સુખરાસી;
શ્રીવલ્લભ સેવાસકત તાતે, યામે રહી ઉદાસી. ૨
શ્રીવલ્લભ ચરણારવિંદકી, સેવા કરત હૈ ખાસી;
'લાલદાસ' ઇન કે રંગરાચી, અધરામૃત રસ પ્યાસી. ૩

૨૪. રાગ-આશાવરી વૈ. ૧૬

વંદો શ્રી જીયદાસ મહાસૂરી;
ચાર પ્રહર ઇન સેવા કિન્હી, દેહ ત્યજી વિરહ મેં જુરી. ૧

'શ્યામા સખી' શ્રીયમુનાજીકી, લાડલેશ સેવા આતુરી;
પાંચ સખી ઇનકી હૈ ઔરે, સબન કી આશ પ્રભુને પુરી. ૨
શ્રીપુરુષોત્તમદાસ 'કાવેરી' છબિલદાસ હૈ જુ 'મનોહરી'
'હીરા સખી' કૃષ્ણદાસ કહાવે, 'છબિધામા' હરિજી સુઘરવરી. ૩
મથુરામલ્લ 'મંજુકી' સખી હૈ, સબ હી મહાફલ પાયે;
'લાલદાસ' શ્રી લાડલેશ પ્રભુ, ફરી વલ્લભ ગૃહ આયે. ૪

૨૫. રાગ-ધનાશ્રી ચૌ. ૧૭

વંદૌ ક્ષત્રી દેવાકપુર;
સખી 'પ્રવિણા' હૈ લીલામે, લલિતત્રિભંગ સેવત રસપુર. ૧
લીલા પ્રાપ્તિ ભઇ જબ ઇનકો, પ્રભુ બસે ઘર છાંડકે દૂર;
'લાલદાસ' પ્રભુ ભકતાધિન હૈ, રૂચત નાહીં સંસારી ક્રુર. ૨

૨૬. રાગ-ધનાશ્રી ચૌ. ૧૮

વંદૌ શેઠ દીનકરદાસ;
'શ્રવણ આતુરી' સખી લીલામેં, મુખ્ય શ્રોતા વલ્લભ કે ખાસ. ૧
'કથા સુનનકે હેત ખાઇ, કાચી અંગાકરી ઐસી પ્યાસ;
'લાલદાસ' વચનામૃત સુનત, કાટ સકલ સંસારકી પાશ. ૨

૨૭. રાગ-ધનાશ્રી ચૌ. ૧૯

વંદૌ દીનકર-મુકુન્દદાસ;
'ધરાનંદ-ધ્રુવનંદ' લીલામેં, માલવ દેશ કરત નિવાસ. ૧
કાશીમેં ધન બહોત કમાયે, ચલત ભયે જબ સાંપકે ગ્રાસ;
પાન કરાય ચરનામૃત મેઘન, બેગહી કીયો ઝહરકો નાશ ૨
શરણ પાય શ્રીવલ્લભ કે ફીર, આયે અપુને આવાસ;
'લાલદાસ' 'મુકુંદસાગર' ગ્રંથ રચ્યો લીલારસ રાસ. ૩

-ક્રમશ:

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભઃ ॥

પ્રશ્નોત્તરી

પ્રેષક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ, ‘ચરણરજ’ સુરત

પ્રશ્ન : વૈષ્ણવો અન્ય વૈષ્ણવોનો દ્રોહ અને નિંદા કરતા હોય તો તે બાબત આપની શું આજ્ઞા છે ?

ઉત્તર : દ્રોહ અને નિંદા કોઇની પણ કરવી તે મહાન અપરાધ છે, તો વૈષ્ણવની કેમ થઇ શકે ?

અખંડ શુદ્ધ અદ્વૈતનો વિચાર કરીયે તો શુધાદ્વૈતના વિચારમાં બધા તત્વો એકજ છે. વસ્તુતઃ ભગવદ તત્વથી કોઇ પદાર્થ જુદો નથી. જગત સદંશ પ્રધાન છે. ચિત-આનંદ તેમાં તિરોહિત છે. જગત પણ જડ પદાર્થ નથી. જગતને જડ સમજીને દ્વેષ કરીયે તો એ દ્વેષ કોઇ જડ પદાર્થ સાથે નથી પણ ભગવાન સાથે કર્યો છે ગીતાજીમાં ભગવાને આજ્ઞા કરી છે કે, “મૂઢ પુરૂષો મારા પ્રભાવને સમજતા નહીં હોવાથી અન્ય સાથે દ્વેષ કરે છે. તે મારો જ દ્વેષ કરે છે.

આપણે કોઇને મારવાની કે મારી નાખવાની વિચારણા કરીયે તો એ કૃતિ એની સામે નથી કરતા પરંતુ ભગવાન સાથે કરીયે છીયે શુદ્ધાદ્વૈતની દ્રષ્ટિએ આપણે કોઇ સાથે વેર કરીયે તે ભગવાન સાથે કર્યું ગણાય ‘સર્વ ખલ્વિદં બ્રહ્મ’ આ ન્યાયથી સર્વ તત્વ ભગવદ રૂપ છે.

વૈષ્ણવ સૃષ્ટિના સિદ્ધાંતથી વિચાર કરતા વૈષ્ણવો પરસ્પ દ્વેષ કરે તો એ દ્વેષ શ્રીમહાપ્રભુજી સાથે કરે છે. વૈષ્ણવો પ્રત્યે તો સ્નેહ ભાવ હોવો જોઇયે. ‘હરિ, ગુરૂ વૈષ્ણવ સરખા લેખો’ આ ભાવ વિચારવાનો છે. કારણ કે જેવું ભગવદ તત્વ એવું જ શ્રીગુરૂદેવ તત્વ અને વૈષ્ણવ તત્વ છે. એટલે વૈષ્ણવો પ્રત્યેનો દ્વેષ તે શ્રીમહાપ્રભુજીના દ્વેષ સમાન છે. એથી શ્રીમહા પ્રભુજી અપ્રસન્ન થાય છે. એટલે વૈષ્ણવોએ કોઇપણ સાથે દ્વેષ રાખવો ઉચિત નથી.

‘ભગવદી જાન સત્સંગકો, અનુસરે ન દેખે દોષ અરૂ સત્ય ભાખે’ જીવમાત્ર ભગવાનના છે. દયારામભાઇએ પણ કહ્યું છે કે, ‘હરિ વ્યાપક લહી સર્વમાં ન જોવો કોઇનો દોષ, મન વચન અને કર્મથી સહુનો કરવો સંતોષ.’

આપણે ભલે નામધારી વૈષ્ણવ જેવા હોઇયે, છતાં એમાં પણ કાંઇક વિશેષતા રહેલી છે. કોઇ વખત આપણને એવો વિચાર પણ આવે કે, ‘હું વૈષ્ણવ છું. શ્રીઠાકુરજી અને શ્રીસ્વામિનીજીના ભાવાત્મક સ્વરૂપ તુલસીજીના કંઠી મારા કંઠમાં બિરાજે છે. ભગવદ ચર્ણારવિંદના પ્રતિક સ્વરૂપ તિલક મારા લલાટમાં બિરાજે છે તો મારાથી ખરાબ કામ કેમ થાય તો મારી વૈષ્ણવતા લજવાય વિગેરે....પુષ્ટિ માર્ગની આ પરેજી છે. જે પાળવાની ખુબ આવશ્યકતા છે.

શ્રી વ્રજયાત્રાની શુભ વધાઈ

પૂ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ શ્રી (શ્રી મોટા મંદિર, મુંબઇ) તથા પૂ. પા. ગો. શ્રી હૃષિકેશજી મહોદય (નવી હવેલી, ધોરાજી) ની શ્રી વ્રજચોર્યાસી કોસની લીલી પરિક્રમામાં સંમિલિત થવા શ્રી વ્રજ પરિક્રમા સમિતિ ધોરાજી તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

સં. ૨૦૪૬ ની વ્રજયાત્રા-લીલી પરિક્રમા

(૧) ભાદરવા સુદ ૩ તા. ૨૩–૮–૯૦ ગુરૂવારે મથુરાજી શ્રી વિશ્રામ ઘાટે નિયમ લેવાશે.

(૨) ભાદરવા સુદ ૪ તા, ૨૪–૮–૯૦ શુક્રવારે મથુરાજીની અંતર્ગૃહી પરિક્રમા.

(૩) ભાદરવા સુદ ૫ તા. ૨૫–૮–૯૦ શનિવાર મથુરાજીથી વ્રજયાત્રાનો શુભારંભ થશે ને પ્રથમ મુકામ મધુવન થશે.

(૪) ભાદરવા સુદ ૧૫ તા. ૫–૯–૯૦ બુધવારે છપ્પનભોગ મનોરથ.

(૫) ભાદરવા વદ ૩ ૭–૯–૯૦ શુક્રવારે શ્રીગિરિરાજજીના કુનવારાનો મનોરથ.

(૬) આસો સુદ ૧૩ તા. ૨–૧૦–૯૦ મંગળવારે શ્રીમદ્ ગોકુલમાં શ્રીયમુનાજીના કુનવારાનો મનોરથ.

(૭) આસો સુદ ૧૫ તા. ૪–૧૦–૯૦ ગુરૂવારે શ્રી મથુરાજીમાં શ્રી વિશ્રામ ઘાટે નિયમ છોડવાના.

(૮) આસો વદ ૧ તા. ૫–૧૦–૯૦ શુક્રવારે શ્રી મથુરાજીની પંચકોશી પરિક્રમા.

રાજકોટ રેલ્વે સ્ટેશનેથી સ્પેશ્યલ ટ્રેન મેળવવા કાર્યવાહી ચાલુ છે. જે યાત્રીઓ રાજકોટથી મથુરા સુધી સ્પેશ્યલ ટ્રેનમાં જોડાવા ઇચ્છતા હોય તેઓએ અત્યારે ધોરાજી કાર્યાલયમાં પોતાના નામ સરનારા મથુરા સુધી જવાની ટીકીટના ડીપોઝીટ પેટે રૂા. ૧૫૦/– એકસો પચાસ લેખે રકમ ભરી પહોંચ મેળવી લેવી. રાજકોટથી મથુરા જવા તા. ૧૮–૮–૯૦ના રોજ ટ્રેન રાજકોટથી ઉપડશે. રાજકોટ સુધી યાત્રીઓને સ્વખર્ચે પહોંચવાનું રહેશે.

સ્પે. ટ્રેનમાં જોડાવું ફરજીયાત નથી. કોઇપણ યાત્રી સીધા મથુરા પોતાની રીતે પહોંચી ત્યાંથી આ યાત્રામાં જોડાઇ શકે છે.

વિશેષ માહિતી પૂછપરછ માટે સરનામું.

(૧) ગો. શ્રી હૃષિકેશજી મહોદય
નવી હવેલી, પાટણવાવ રોડ
ધોરાજી–૩૬૦ ૪૧૦
ટેલી. નં. ૧૦૮૯

(૨) ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી
૧૦ એ, ૬૦ બગીચા કાર્યાલય
૩ જો ભોયવાડો ભૂલેશ્વર
બડા મંદિર, મુંબઇ–૨
ટેલી. નં. ૮૫૫૩૮૭૦

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧૫ તા. ૯-૫-૯૦ બુધવાર પૂર્ણિમા વૈશાખ સ્નાન સમાપ્ત કૂર્મ જયંતિ બુદ્ધાય જયંતિ શ્રી રાધા રમણનું પ્રાકટય ભકત કવિ શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૧ તા. ૧૦-૫-૯૦ ગુરુવાર શ્રી નારદ જયંતિ.

વૈશાખ વદ ૨ તા. ૧૧-૫-૯૦ શુક્રવાર શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ શ્રી કલ્યાણરાયજી (વડોદરા) નો પાટોત્સવ (સં. ૧૯૬૭)

વૈશાખ વદ ૧૦ તા. ૨૦-૫-૯૦ રવિવાર ગો. ચિ. ચંદ્ર ગોપાલજી બાવાશ્રી (મથુરા પોરબંદ)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૨૧-૫-૯૦ સોમવાર અપરા એકાદશી વ્રત.

ગો. શ્રી વ્રજ રમણલાલજી મહારાજશ્રી (મથુરા)નો જન્મદિન (બારસનો ક્ષય છે તેથી આજે)

વૈશાખ વદ ૧૩ તા. ૨૨-૫-૯૦ મંગળવાર ગો. ચિ. શ્રી વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન

વૈશાખ વદ ૧૪ તા. ૨૩-૫-૯૦ બુધવાર ગો. શ્રી વ્રજાધીશજી મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. ચિ. શ્રી ગોવિંદરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૨૫-૫-૯૦ શુક્રવાર શ્રી ગંગા દશહરા પ્રારંભ, પનઘટ-જલક્રિડા આજથી શ્રી યમુનાજીના પદ પુનમ સુધી બોલાય.

ગો. ચિ. શ્રી મથુરેશજી બાવાશ્રી (વીરમગામ)નો જન્મદિન.

જેઠ સુદ ૨ તા. ૨૬-૫-૯૦ શનિવાર ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી) જન્મદિન.

જેઠ સુદ ૩ તા. ૨૭-૫-૯૦ રવિવાર ગો. ચિ. શ્રી કુંજરાયજી (શ્રી યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) નો જન્મદિન. (ચોથનો ક્ષય છે તેથી આજે)

જેઠ સુદ ૫ તા. ૨૮-૫-૯૦ સોમવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૮૩૯) ગો. ચિ. શ્રી પુરુષોત્તમ બાવાશ્રી (કાંકરોલી) તથા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૩૧-૫-૯૦ ગુરુવાર ગો. ચિ. શ્રી મુકુંદરાયજી બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૨-૬-૯૦ શનિવાર ગંગા દશહરા શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૩-૬-૯૦ રવિવાર ગો. ચિ. પ્રબોધકુમાર બાવાશ્રી (મથુરા-ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૧ તા. ૪-૬-૯૦ સોમવાર

નિર્જલા એકાદશી વ્રત (એકદશીની વૃદ્ધિ છે) ભીમ અગિયારસ

જેઠ સુદ ૧૪ તા. ૭-૬-૯૦ ગુરૂવાર શિક્ષા પત્રના ટીકાકાર શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૬૪૯) સ્નાનનું જળ ભરવું તેનું અધિવાસન કરવું ગો. ચિ. શ્રી વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૮-૬-૯૦ શુક્રવાર જયેષ્ટાભિષેક સ્નાન યાત્રા, મન્વાદિ તિથિ વડ સાવિત્રી વ્રત, પૂર્ણિમા.

ગો. ચિ. શ્રી ગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ)નો જન્મદિન.

॥ શ્રીવલ્લભ ॥

શ્રી યમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

જય જય સુરજા કલિંદ. નંદિની ॥

ગુલ્મલત્તા તરૂ સુવાસ કુંજકુસુમ મોદયુત ગુંજત અલી સુભગ પૂલિન વાયુ મંદિની ॥૧॥ હરિ સમાન ધર્મશિલ કાંન્તિ મંજુલ જલદ નિલી ॥ કટી નિતંબ ભેદત નિવિ ગતિ ઉતંગની ॥૨॥ શિરતાજનું મુકતાફલ કંકણયુત ભૂજ સંગમ શ્રમ જલ કહા ॥ શિકત અંગ સતી તરંગ નિરખ રસ સુદિફંનિ ॥૩॥ **'છિત સ્વામિ'** ગિરિવરધર નંદ નંદન આનંદ કંદની ॥ શ્રીયમુના જન દુરિત હરણ-દુઃખ નિકંદની ॥૪॥

ભાવાર્થ-હે સૂર્ય પુત્રી કલિંદ નંદનિ આપનો જય થાઓ જય થાઓ ગુલ્મ લત્તાઓ અને તીર ઉપરની નિકુંજોમાં હર્ષરૂપ ફૂલેલાં પુષ્પોની સુવાસ મત્ત ભ્રમરોના ગુંજારવ થઈ રહ્યા છે એવા સુંદર પુલિનમાં શિતલ મંદ સુગંધ વાયુ વહન કરી રહ્યો છે હરિ સમાન ધર્મો અને શિલ (સદ્‌ગુણ) છે, જલદ એટલે મેઘશ્યામ સુંદર કાંન્તિ છે જેની એવાં આપનો જય થાઓ જય થાઓ કટી અને નિતંબ ઉપર ઉંચે નિવિશોભી રહી છે શિર ઉપર મુકુટમાં મુકતાફલો શોભિ રહ્યાં તરંગ રૂપ ભૂજામાં પણ વાલુકારૂપ મુકતાફલો શોભિ રહ્યાં છે. ફુલેલાં કમલો પણ ઉપહાર રૂપ છે. એવા આપના ચરણમાં અમારા વંદન છે. શ્રી ગોપેન્દ્ર એવા શ્યામ સુંદર અને ગોપીજનોના કામજલ કણોથી શ્રીઅંગ શોભી રહ્યું છે. હર્ષોલ્લાસ રૂપ તરંગોવાળાં અને પ્રિયતમની રસ ફંદનિ એવાં આપનો જય થાઓ શ્રી છીત સ્વામિના નંદ નંદન શ્રી ગિરિધરને આનંદ આપવાવાળાં આપ જીવોનાં પાપોનું હરણ કરી દુઃખોનું નિકંદન કરવાવાળા એવાં શ્રીયમુનાજીનો જય થાઓ જય થાઓ

સમાચાર

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે તા. ૧૦-૧૨-૮૯ના રોજ રાજકોટ કોનેટ હોલમાં યોજાયેલ પ્રશિક્ષણ શિબિરમાં નકકી થયા મુજબ નીચે મુજબ આચાર્ય ચરણોના કર કમલો વ્દારા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની નવી શાખાઓના નિર્માણ કરવામાં આવ્યા છે.

પૂ. ગો. રસિકરાયજી મહારાજશ્રી. પોરબંદર : જુનાગઢ જીલ્લાના કુતિયાણા ગામે આપશ્રી વ્દારા વૈષ્ણવોને શ્રી વલ્લભના દિવ્ય સિદ્ધાંતો સમજાવવા માટે કુતિયાણાના વેષ્ણવોની વિનંતીને માન આપી ત્રણ દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ પુર્ણાહુતિના દિવસે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ કુતિયાણા શાખાનું આપશ્રીના કરકમલો વ્દારા દિપ પ્રગટાવી ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

ઉદઘાટન પ્રસંગે વચનામૃત આપતા આપશ્રીએ જણાવ્યું હતું કે હાલના સમયમાં આવી શિબિરોના આયોજન કરી વીષ્ણવોને શ્રી વલ્લભના દિવ્ય સિદ્ધાંત સમજાવવા ખુબજ જરુરી છે. આવા કાર્યક્રમો આપણા સંપ્રદાયના પ્રચાર અને સંગઠન માટે કાર્ય કરતી એક માત્ર વૈષ્ણવ પરિષદના માધ્યમથી કરવુ ખુબજ સરળ છે અને આનંદની વાત છે કે આજે વૈષ્ણવ પરિષદની કુતિયાણા શાખાનું ઉદઘાટન થાય છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જુનાગઢ જીલ્લાના સંયોજક શ્રી રમણીકભાઈ કારીયાએ કર્યું હતું તેમજ કુતિયાણાના શ્રી નારાયણભાઈ કાગદી અને અન્ય વૈષ્ણવ આગેવાનોએ શિબિરને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

પુ. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી બગસરા – આપશ્રીના કરકમલો વ્દારા દીપ પ્રકટાવી અમરેલી જીલ્લાના કુકાવાવ તથા ગોંડલ તાલુકાના કુંભાજી દેરડી સ્થાને આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાઓના નિર્માણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગોએ આપશ્રીએ વચનામૃત વ્દારા જણાવેલ કે હાલના સમયમાં વૈષ્ણવ પરિષદનું સૌરાષ્ટ્રમાં સંગીન સંચાલન થાય છે. આ સંચાલનથી ફકત સૌરાષ્ટ્રમાં જ નહી પરંમુ સારાય ભારત વર્ષમાં આ નવી શાખાઓના નિર્માણ નવીજ સંગઠનની ભાવનાઓનું સુચન કરે છે. અંદરો અંદરના મતભેદો તથા આંતરિક વાડાઓ ભુલી જઈ વૈષ્ણવ માત્ર વૈષ્ણવ પરિષદના સભ્ય બની પરિષદને મજબુત બનાવે આ હેતુને લક્ષમાં રાખી અમારા વ્દારા ચાલતી તમામ વલ્લભ પ્રીતી સેવા સમાજની શાખાઓ પણ વૈષ્ણવ પરિષદને અંતર્ગત કરવામાં આવી છે.

પુ. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી પોરબંદર : જુનાગઢ જીલ્લાના માંગરોલ તાલુકાના ચોરવાડ ગામે આપશ્રીના કરકમલો વ્દારા ચોરવાડ શાખાનું દીપ પ્રકટાવી ઉદઘાટન કરવામાં આપ્યું હતું.

આ પ્રશંગે વચનામ્રુત કરતાં આપશ્રીએ જણાવ્યું હતું કે આજે દીપ પ્રગટાવી સંપ્રદાયમાં કાર્ય કરવા માટે આપણી આંખ સામે જે અંધકાર હતો તે આજના દીપની જયોતથી દુર કરી આપણે અજવાળા તરફ જઈ રહયા છીએ, સૌ વૈષ્ણવો સંપ્રદાયના પ્રચાર અને સંગઠન માટે કાર્ય કરતી એક માત્ર સંસ્થા વૈષ્ણવ પરિષદના સભ્ય બને અને વર્તમાન સમયમાં દરેક વૈષ્ણવ આપણા માર્ગની પ્રણાલીકા ઉપર ચાલવા માટે આવી શાખાઓના માદયમથી તત્પર થાય તેવા આશીર્વાદ આપી સૌરાષ્ટ્રના ગામડે ગામડે શાખાઓ ખોલવાના પ્રયત્નને આપશ્રીએ બીરદાવ્યા હતા અને જણાવ્યું હતું કે આ રીતે ગામડાઓમાં શાખાઓ ખોલવાથી સંપ્રદાયમાં પાયાની ક્રાંતી લાવી શકીશું.

આ પ્રસંગે જુનાગઢ જીલ્લા પ્રમુખ શ્રી નાનજીભાઈ નેખડીવાલા તથા જુનાગઢ જીલ્લા સંયોજક શ્રી રમણીકભાઈ કારીયા ઉપસ્થિત રહયા હતા. કેશોદ શાખાના સક્રિય કાર્યકર શ્રી રાયચડાંએ પણ કેશોદની આજુબાજુના ગામોમાં શાખાઓ નિર્માણ કરવા જાહેરાત કરી હતી

પુ. ગો. શ્રી દામોદરલાલજી મહારાજ ગોડલ :– અમોને જણાવતા આણંદ સાથે ખુબજ ગર્વ છે કે આપશ્રીએ માર્ચ મહીનો આખો સતત પરિશ્રમ લઈ અગાઉથી નિર્ધાર કાર્ય મુજબ ગોંડલ તાલુકાનો આપશ્રીએ પ્રવાસ કરી. આ તાલુકાના ૨૦ ગામોમાં નવી શાખાઓના નિર્માણ કરવામાં આવ્યા છે તેમજ ૨૭-૩-૯૦ સુધી ગોડલ શાખાના શ્રી ભાસ્કરભાઈ સોની, શ્રી જમનાદાસ બુધ્ધદેવ, શ્રી નાગરદાસભાઈ શ્રી કૃષ્ણકાંત પરમાર, શ્રી ભાઈલાલભાઈ સોની વિગેરે પરિષદના કાર્યકરોને સાથે સાંગણવા-માખાવડ-લોધીકા ચાંદલી-શિવરાજગઢ-માંડણકુંડલા-મોવૈયા-નિલાખા-દેવડા-ઢુઢીયા- પીપળીયા – સ્ટેશનવાવડી – ઘોઘાવદર વિગેરે ગામોમાં ભવ્ય જાહેર સભાઓના આયોજન કરી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાઓના નિર્માણ કરવામાં આવ્યા હતા. ૨૭-૩-૯૦ના રોજ ઘોઘાવદર શાખાના ઉદઘાટન પ્રસંગે ગુજરાત પ્રદેશ ઉપ પ્રમુખશ્રી કાન્તીભાઈ રાધનપુરા સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઇ ખખ્ખર, કાર્યાલય મંત્રી શ્રી જયંતિભાઈ સોની સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેવાવાલા પણ ઉપસ્થિત રહયા હતા,

પુ. ગો. શ્રી વિઠલનાથજી મહારાજશ્રી જામનગર :– આપશ્રીના કરકમલો વ્દારા જેતપુર તાલુકાના પાંચ પીપળા ગામે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાનું દીપ પ્રકટાવી ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ ઉદઘાટન પ્રસંગે વચનામૃત કરતાં આપશ્રીએ જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં આપણા સંપ્રદાયની અંદર પ્રચાર અને સંગઠનની ખુબજ આવશ્યકતા છે આ જરૂરિયંત આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પુરી પાડે તેનો મને ખૂબજ આનંદ છે શ્રી મહાપ્રભુજીની કૃપાથી સૌરાષ્ટ્રની ૯૩મી શાખાનું આજે મારા હસ્તે ઉદઘાટન થાય છે એ પણ આનંદની વાત છે ઉપસ્થિત દરેકે વૈષ્ણવોએ પરિષદના સભ્ય બની સંગઠનની ભાવના ઉચ્ચ કરવાનો આપશ્રીએ અનુરોધ કર્યો હતો.

આ પ્રસંચે જેતપુર તાલુકાના સંયોજક શ્રી છોટુભાઈ સોનીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને શ્રી કાન્તીભાઈ રાધનપુરા તેમજ શ્રી હસમુખભાઇ ખખ્ખર ઉપસ્થિત રહયા હતા.

શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી અમરેલી : અમરેલી શહેર તેમજ અમરેલી જીલ્લાના લીલીયા મુકામે આપશ્રીના કરકમલો વ્દારા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાઓના નિર્માણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આપશ્રીએ વચનામૃત કરતાં જણાવ્યું હતું કે અમરેલી જીલ્લાના તમામ ગામોમાં શાખાઓ નિર્માણ કરવા અમો સંપુર્ણ સહયોગ આપશું તેમજ વર્તમાન સમયમાં પરિષદ સંપ્રદાયના પ્રચાર અને સંગઠનનું જે કામ કરે છે તે પ્રસંશનીય છે આ રીતે ગામે ગામે શાખા નિર્માણ કરવાનો જે યજ્ઞ શરૂ કર્યો છે તે ઉત્તમ છે.

આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ સેજપાલ પ્રો. પટેલ તથા પ્રોફેસર શ્રી ધનશ્યામભાઈએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

માહે માસ માર્ચ દરમ્યાન સૌરાષ્ટ્રની અંદર નવી શાખાઓના નિર્માણ કરવામાં આવ્યા હતા ઉપરાંત નિર્માણ થયેલ શાખાઓના વિકાસને અનુલક્ષી ગોંડલ મુકામે સમુહમાં શ્રી યમુનાજીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં ગોંડલના આશરે ૧૦૦૦ વૈષ્ણવો સમુહ પાઠમાં જોડાયા હતા આ પ્રસંગે પણ પૂ. ગો. શ્રી દામોદરલાલજી મહારાજશ્રી ગોંડલ ઉપસ્થિત રહયા હતા અને નિર્માણ થયેલી શાખાઓને આવા ઉત્સવો ઉજવી વૈષ્ણવોને એકમતે સંગઠીત થવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ શ્રી કાન્તીભાઈ રાધનપુરા હાજર રહ્યા હતા અને મહારાજશ્રી સાથે રાતના દવડા મુકામે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું.

જેતપુર તાલુકાના સંયોજક શ્રી રમણીકભાઈ કારીયા વ્દારા માહે માર્ચ માસ દરમ્યાન શાપુર–અગતરાય–માણેકવાડા–જુથડ–માળીયા હાટીના – બિલખા–મેંદરડા – કેશોદ – માંગરોલ–ચોરવાડ – કુકસવાડા–ગડુ વેરાવળ–તાલાલા ગામોમાં વૈષ્ણવ પરિષદની શાખાઓ નિર્માણ કરવા અંગે પ્રવાસ કરવામાં આવ્યો છે. આ જીલ્લાના ધર્માધ્યક્ષોને રુબરુ વિનંતી કરી આગામી માસમાં આ બધા ગામોની અંદર શાખાઓ નિર્માણ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

જેતપુર : મહાસુદ ૪ ને ગુરૂવારના રોજ જેતપુર શાખાના ઉપક્રમે જામનગરના પૂ ગો. શ્રી વિઠલનાથજી મહારાજશ્રીની સાનિધ્યમાં શ્રી દામોદરદાસજીનો પ્રાકટય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આમ સૌરાષ્ટ્રના સાત જીલ્લાઓમાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની શાખાઓ ખોલવા માટે સઘન પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. સૌરાષ્ટ્રના દરેક જીલ્લે દરેક તાલુકે સંયોજકોની નિયુકિત કરવાની છે અને વૈષ્ણવો જે ગામમાં શાખા ખોલવાની હોય તે વૈષ્ણવોને શ્રો હસમુખભાઈ ખખ્ખર C/o. સંજય ગેસ સર્વિસ, રજની બિલ્ડીંગવાળી શેરી, ભુપેન્દ્ર રોડ, રાજકોટનો સંપર્ક કરવા જણાવાયુ છે.

બીલખા–આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીષ વૈષ્ણવ પરિષદ પ્રેરિત શ્રી વલ્લભ ચેરીટેબલ ટ્રસ્ટ બીલખાના ઉપક્રમે બાળકોને પાયાના સંસ્કારનું સિંચન કરવા પુષ્ટિમાર્ગીય બાલ મંદિર અને પાઠશાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પાઠશાળા અને બાલ મંદિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમ તા. ૨૭–૩–૯૦ શનિવારે સાંજે ૪–૦૦ વાગ્યે જુનાગઢ મોટી હવેલીના વૈષ્ણવાચાર્ય પૂ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં બીલખા પાઠશાળાના બાળકો દ્વારા પુષ્ટિમાર્ગીય સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત વૈષ્ણવોને આશ્ચર્યમાં મુકી દીધા હતા કે ખરેખર બાળકોને માર્ગીય જ્ઞાન અપાય તો કેવા સુંદર માર્ગીય સાંસ્કૃતિક કાર્યક્રમો બાળકો ઘડી શકે છે.

પૂ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ દીપ પ્રગટાવી બાલ મંદિર ખુલ્લુ મુકવા ઉદ્‌ઘાટન કર્યુ હતું.

આં પ્રસંગે ગુજરાત પ્રદેશ સમિતિના હોદેદારો શ્રી કાન્તીભાઈ રાધનપુરા, શ્રી ચીમનભાઈ શેઠ, શ્રી હસમુખભાઈ ખખ્ખર, શ્રી ડાયાભાઈ ડેલાવાલાએ પ્રાસંગિક પ્રવચનો કરી બીલખાના વૈષ્ણવો, બીલખા શાખા અને શ્રી મગનભાઈ સેજપાલ, શ્રી પોપટભાઈ કંટારીયા તથા શ્રી ગોરધનભાઈ વિગેરે પરિષદના કાર્યકર્તાઓની મહેનતને અભિનંદન આપ્યા હતા.

ઉદ્‌ઘાટન પ્રસંગે વચનામૃત કરતાં પૂ. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ જણાવ્યું હતું કે બાળકોમાં પાયાના સંસ્કારનું સિંચન કરવું તે મા–બાપની ફરજ છે તેના બદલે આ કાર્ય વૈષ્ણવ પરિષદ આપણી જ સંસ્થા કરે છે તે અભિનંદન સાથે ગૌરવની વાત છે. ઉપરાંત આજે વૈષ્ણવ સંપ્રદાયનું બેસતું વર્ષ છે. આજના મંગલ દિવસે થતું આ બાલ મંદિર ઉદ્‌ઘાટન હજી વધુ સુંદર કાર્યો પરિષદના માધ્યમથી થશે.

અંતમાં શ્રી મગનભાઈ સેજપાલ, શ્રી પોપટભાઈ કંટારીયાએ બાલ મંદિરના વિકાસનો પરિચય આપી આજના દિવસે થયેલ સુંદર કાર્યમાં સૌની ઉપસ્થિતિ બદલ આનંદ વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે જુનાગઢ જીલ્લા પ્રમુખ શ્રી નાનજીભાઈ મેખડીવાલા જુનાગઢ જીલ્લા સંયોજક શ્રી રમણીકભાઈ કારીયા રાજકોટથી પરિષદના આગેવાન કાર્યકર શ્રી પ્રાણભાઈ મારફતીયા તેમજ સૌરાષ્ટ્રની શાખાઓના હોદેદારો ઉપસ્થિત રહી પ્રસંગને સુંદર દીપાવ્યો હતો બીલખા શાખાએ સૌને પ્રસાદ લેવડાવવાની સુંદર વ્યવસ્થા કરી હતી.

: નિ. લી. પુજય પ્રથમેશ સ્મૃતિ ગ્રંથ :

નિત્ય લીલાસ્થ પૂજ્યપાદ ગોસ્વામી રણછોડાચાર્યજી, પ્રથમેશજીની પાવન સ્મૃતિમાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ''પ્રથમેશ સ્મૃતિગ્રંથ'' પ્રકાશીત કરી રહી છે. આ ગ્રંથમાં આપશ્રીનાં દિવ્ય તથા મહાન કરેલા કાર્યોનો પરિચય આપવામાં આવશે. પુષ્ટિમાર્ગનાં મર્મને પ્રગટ કરનાર, આપશ્રીનાં વચનાંમૃતો હશે. ધર્મ સેવા માટેનો સંદેશાઓ હશે. અને આપશ્રીની ઘણી બધી છબીઓ હશે, આ ગ્રંથ પ્રત્યેક પુષ્ટિ માર્ગીય વૈષ્ણવનાં ઘેર ઘેર, ગૌરવ સાથે મુકવા યોગ્ય છે. પરિષદનું વિનમ્ર નિવેદન છે કે આ મહાન અને સંગ્રહણીય ગ્રંથના પ્રકાશનમાં તન, મન અને ધનથી સહયોગ આપો એવી ઈચ્છા...

પ્રકાશન માટે વચનામૃત. લેખ કવિતા ચિત્ર, વગેરે મોકલવા તથા વધારાની જાણકારી પ્રાપ્ત કરવાનું ઠેકાણું :

ડો ગજાનનજી શર્મા (પ્રાચાર્ય)
શાસકીય મહાવિદ્યાલય,
જોબટ, (જીલ્લો ઝાબુઆ)
મ. પ્ર. – ૪૫૭-૯૯૦

આર્થિક સહયોગ :	**રૂપિયા**
(૧) વિશેષ ચિત્ર ભેટ કર્તા	૫૦૦૦-૦૦
(૨) ચિત્ર ભેટ કર્તા	૨૫૦૦-૦૦
(૩) વિશેષ પૃષ્ઠ સહયોગી	૧૦૦૦-૦૦
(૪) પૃષ્ઠ સહયોગી	૫૦૦-૦૦
(૫) ભાવાંજલી સંપર્ક	૨૫૦ ૦૦
(૬) અગ્રિમ પ્રતિ સહયોગી	૬૦-૦૦

અર્થિક સહયોગ મોકલવાનું ઠેકાણું
આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ,
જી-૨, સીતારામ બિલ્ડીંગ, પલટન રોડ, પોલિસ સ્ટેશનની સામે,
મુંબઈ નં. ૪૦૦ ૦૦૧

ભવદીય
નટવરલાલ શાહ
(કેન્દ્રીય અદયક્ષ)

વૈષ્ણવ પરિષદ દ્વારા વૃદ્ધાશ્રમનો પ્રારંભ

રાજકોટ-પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયા તેમજ પૂ. ગો. વૃજેશકુમાર બાવાશ્રી પ્રેરિત, આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા સંચાલીત શ્રીમદ વલ્લભાચાર્ય મહિલા વૃદ્ધાશ્રમનું રાજકોટથી ૧૪ કીલોમીટર દુર સાંગાણીનગર રતનપર ગામે નિર્માણ કરવામાં આવ્યું છે.

આ વૃદ્ધાશ્રમનો ઉદઘાટન સમારોહ તા. ૧૫-૪-૯૦ રવિવારે પૂ. ગો. શ્રી વૃજેશકુમાર બાવાશ્રીની અદયક્ષતામાં યોજાયો હતો. ઉદઘાટન પ્રસંગે પ્રવચન કરતાં પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયાએ જણાવ્યું હતું કે, ધર્મમાં ફકત મંદિર નિર્માણિનું અને તેની વ્યવસ્થા કામ કરવું જોઈએ તેવી જ આજના સમાજની ભાવના હોય છે પરતુ ધર્મ કરૂણા અને દયા આ બન્નેની સાથે જોડાયેલો છે. આપણું પહેલું કર્તવ્ય છે. ભગવદ સેવા, પરંતુ સેવા કરતાં કરતાં આપણા હ્દયમાં કરૂણા અને દયા બન્ને ઉત્પન્ન થાય છે આમ આ કરૂણા અને દયા જે ઉત્પન્ન થાય તેનો લાભ આપણા સ્વજનો ઉપરાંત સમાજને પણ મળવો જોઈએ. આમ આજે એક મહાન સેવાકિય પ્રવૃતિઓનો વૈષ્ણવ પરિષદ દ્વારા આરંભ થઈ રહ્યો છે. તે સંપ્રદાયમાં ગોરવની સાથે આનંદની વાત છે.

વડોદરા–વડોદરામાં કોમી હિંસામાં ઘવાયેલા લોકોની ખબર પુછવા અને ફુટસ આપવા માટે આં. પુ. વૈ. પરિષદના અગ્રણીઓએ તા. ૧૩–૪–૯૦ ના રોજ જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જેમાં સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠ, શ્રી ચંદ્રકાન્ત પટેલ, શ્રી દશરથભાઈ શાહ શ્રી રમેશભાઈ શાહ વિગેરે જોડાયા હતા.

વડોદરા અને અન્ય સ્થળોમાં શાંતિ બની રહે તે દષ્ટિથી આં. પુ. વૈ. પરિષદ દ્વારા સામુહિક પાઠના કાર્યક્રમો તા. ૧૫થી ૨૨ એપ્રિલ દરમ્યાન યોજવાનું જાહેર કરવામાં આવ્યું છે. તે મુજબ રેસકોર્ષ શાખાએ તા. ૧૫મીના રોજ પાઠનો કાર્યક્રમ પ્રો. શ્રી રાગીનીબહેનના બંગલે રાખવામાં આવ્યો હતો. અને શ્રીમદ વલ્લભાચાર્ય જીવન દર્શન વિશે પ્રાસંગિક પ્રવચનો પણ કરવામાં આવ્યા હતા.

સને ૧૯૮૯ના અંક ૧૧ના અનુસંધાને
શ્રી વલ્લભસુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૭૧ શ્રી જસ્મીનભાઈ મશરૂ. મુંબઈ

૩૭૨ શ્રી કનુભાઈ શેઠ, કલકત્તા

૩૭૩ શ્રી યુ. પી. દાવડા, મુંબઈ

૩૭૪ શ્રીમતી પૂર્ણિમા એમ. પટેલ, મુંબઈ

૩૭૫ શ્રીમતી રંભાબેન કાનજીભાઈ કનેરીયા, રાજકોટ

૩૭૬ શ્રીમતી ભાનુબેન બાબુભાઈ પટેલ, રાજકોટ

૩૭૭ શ્રી જયંતિલાલ સી. વોરા, અમદાવાદ

૩૭૮ શ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રિકમલાલ પરીખ, અમદાવાદ

૩૭૯ શ્રી શૈલેષભાઈ ડી. શાહ, અમદાવાદ.

૩૮૩ શ્રીમતી ઈન્દિરાબેન રસિકભાઈ ઝાવિયા. રાજકોટ

[ટાઈટલ બીજા પાનાથી ચાલુ]

આ જ પ્રમાણે પૂ. પા. ગો, શ્રી વલ્લભ લાલજી મહારાજશ્રીના પંચનાથ પ્લોટના નિવાસસ્થાન શ્રી મદનમોહનકુંજ ખાતે સાંજના બહેનોએ કળશભરી પધરાવેલ અને રાસ ગરબાનો કાર્યક્રમ થયેલ. ત્યારબાદ વધાઈ કિર્તન શ્રી સર્વોત્તમ સ્તોત્રના સમુહ પાઠ, બાદ પુ પા. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી મદનમોહન પુષ્ટિ સમાજ યુવક મંડળના શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતા. શ્રી શાન્તુભાઈ ઘેડીયા શ્રી જમનાદાસ ભાઈ કીર્તનીયા વગેરેએ ઉત્સવ નાયકના ગુણાનુવાદ કરેલ.

આ સભામાં પૂ. પા. ગો. શ્રી પ્રણવકુમારજી બાવાશ્રી, પૂ પા. ગો. શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રી તથા અધ્યક્ષ પૂ પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના સુંદર પ્રેરક વચનામૃતોનો લાભ વિશાળ સંખ્યામાં વૈષ્ણવોને મલેલ. આમ ઉત્સાહપૂર્વક જગદગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના પ્રાકટ્ય મહોત્સવની ઉજવણી થયેલ.

રાજકોટ : અત્રે સપ્તમ પિઠાધીશ પૂ પા. ગો. શ્રી ધનશ્યામલાલજી મહારાજશ્રીની લક્ષ્મીવાડી ૨, ખાતે નવી હવેલી 'વ્રજધામ'માં શ્રી નો પાટોત્સવ ચૈ વ. ૧૦ના ખૂબજ ધામધુમથી મનાવાયો. શ્રી...ના પલના નંદમહોત્સવ તથા નવી હવેલીના ઉદ્‌ઘાટનના ઉપલક્ષ્યમાં શ્રી શિક્ષાપત્ર સપ્તાહનું આયોજન થયેલ જેમાં જેતપુરવાળા પ. ભ. દ્વારકાદાસ ધનેશ્વર શાસ્ત્રીજીએ નિત્ય શિક્ષાપત્રનું સુંદર વિવેચન કરેલ. સપ્તાહ દરમ્યાન નિત્ય પૂ. પા મહારાજશ્રીના વચનામૃત, શાસ્ત્રીય સંગીત સભા વગેરે વિવિધ કાર્યક્રમો થયેલ.

'શ્રી વલ્લભસુધા' નું નવા વર્ષનું લવાજમ રૂ. ૧૫ તુરત મોકલાવી સહકાર આપવા વિનંતિ.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

વૃત્રાસુર ચતુઃશ્લોકીનો ભાવાનુવાદ

વસંતતિલકા

ઈચ્છું સદા ચરણમાં હરિભક્તિ રાખું,
દાસાનુદાસ થઈને જગમાં હું આવું.
વાણી અને મન થકી હરિ ગુણ ગાઉં,
સેવા મહીં તન સદા મુજ કામ લાવું. ૧

ઐશ્વર્યના ભુવન ! હું નહિ સ્વર્ગ ઈચ્છું,
ના બ્રહ્મલોક ત્રિભુવને નહિ રાજ્ય ઈચ્છું.
સિદ્ધિ કશી પરમ કે નહિ મોક્ષ ઈચ્છું,
સેવા અને ચરણની તમ ભકિત ઈચ્છું, ૨

પાંખો હિણાં વિહંગબાળ બધાં સદાયે,
ને જે ભૂખ્યાં ટળવળે સહુ વાછડાં તે,
માતા તણી સતત રાહ અહો નિહાળે,
ભાર્યા સદા વિરહિણી પતિને જ ઝંખે,
એવી રીતે સતત હું તમને જ ઝંખું,

પદ્માક્ષ હે ચરણમાં તમ ભકિત ઈચ્છું, ૩
કર્મો થકી ભવરણે ભટકું ફરીને,
પામું પ્રભુ ભગતનો સત્સંગ ત્યારે,
ભાર્યા, સુતો. ગૃહ અને ધનની જ માયા,
એમાં ફસેલ જીવની પડજો ન છાયા. ૪
વૃત્રાસુરે 'કુસુમ આયુધ' – ગર્વહારી,
શ્રીકૃષ્ણની ચરણ-આશ્રય ભકિત માગી
પુષ્ટિતણાં પરમ વૈષ્ણવ જીવ દૈવી,
ઈચ્છે સદા સ્મરણ ને સત્ સંગ ભકિત ૫

– શ્રી જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'
બી. એ. ઓનર્સ), જુનાગઢ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

રથયાત્રાકે પદ

રથ ચઢિ નિકસે ઘોષ ગલી ।
મુદિત ભઇ સુનિ સહજ સુંદરી, અતિ રતિ ઉમગિ ચલી ॥૧॥

કોટિ અનંગ વદન વિધુ લખિયોં, ફૂલી કુંદ કલી ।
સુરતિ સમર અતિરથી નંદ સુત, ઇત ભટ ગોપ લલી ॥૨॥

કુંડલ કિરણિ ઘ્રાણ મુકતાફલ, મુકટ મયૂખ રલી ।
તા પર અતિ ઉલ્હાસ હાસ મૃદુ, બોલનિ સુધા તલી ॥૩॥

વિવિધ મનોગ્ય ભોગ ભોગ્ય નિકે, લે કહિ સ્વાદ છલી ।
'વલ્લભ' શ્યામ તમાલ નિકટ પ્રિય કંચન લતા ફલી ॥૪॥

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૩
જુન, ૧૯૯૦
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

સમાચાર

વડોદરા–સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરમાં શ્રીમદ વલ્લભાચાર્યજીનું જીવનદર્શન પ્રેરણાદાયી છે. એવું પરિષદ તરફથી સરકાર સમક્ષ ઠરાવો, પત્રો, હજારો સહીઓ દ્વારા સમય સમય પર રજૂઆતો કરી છે. તેમ છતાં બિનસાંપ્રદાયિકતાને વરેલી ગુજરાત સરકારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના બિનસાંપ્રદાયિક પાઠને આમેજ કરવામાં અક્ષમ્ય વિલંબ દાખવ્યો છે. તેથી સમગ્ર વૈષ્ણવ સમાજની સાચી લાગણી અને ન્યાયી માગણીને ન્યાય અપાવવા માટે પરિષદના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે શ્રીમદ વલ્લભાચાર્યજીના હવે પછીના વર્ષમાં પ્રાકટ્ય મહોત્સવ સુધીમાં જાહેરાત નહિ કરે તો તેઓએ આમરણાંત ઉપવાસ કરવાની જાહેરાત ખેડા જીલ્લાના આણંદ મુકામે વિશાળ સભામાં કરી હતી.

થાણાગાલોળ–શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ શોભાયાત્રા–કીર્તન દ્વારા ધામધુથી ઉજવાયેલ હતો. તેમાં થાણાગાલોળની ગોવિંદપ્રભુ રાસમંડળે અગ્રભાગ લીધો હતો. તે જ મંડળ બપોર પછી જેતપુરની શોભાયાત્રામાં ખાસ ભાગ લેતાં અનેરો આનંદ ઉત્સવમાં આવ્યો હતો. આ રાસમંડળ ચાલુસાલે રાજકોટ જીલ્લામાં ગ્રામવિભાગમાં પ્રથમ નંબરે વિજેતા થયેલ. આ કાર્યક્રમનું સંચાલન ઉત્સાહી કાર્યકર શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ સતાસીયાએ કરેલ.

થાનગઢ–પરિષદની શાખા દ્વારા પૂ. પા ગો શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (જુનાગઢ)ના સાન્નિદયમાં ખૂબ ધામધુમથી ઉજવેલ તેમાં પ્રભાતફેરી, સમૂહ પાઠ, ધ્વજવંદન, વચનામૃત વગેરે કાર્યક્રમનું આયોજન થયેલ.

રાજકોટમાં પાઠશાળા પ્રવૃત્તિ

આં. રા. પુ. વૈ પરિષદ દ્વારા પૂ. પા ગો. શ્રી વલ્લભરાયજી મહોદય (સુરત)ની આજ્ઞાથી ગયા વર્ષથી **'શ્રીવલ્લભ બાલ સંસ્કાર નિકુંજ'** પાઠશાળાઓ શરૂ કરવામાં આવેલ છે. રાજકોટ શહેર મધ્યમાં દરબાર ગઢ પાસે હરિદાસ મંડાણમાં અને યુનિવર્સિટી રોડ પર જલારામ પ્લોટમાં એમ બે જગ્યાએ આખું વર્ષ સળંગ નિત્ય બાળક બાલીકાઓએ મોટા પ્રમાણમાં સ્તોત્ર પાઠ ધોળ પદ અને વાર્તા પ્રસંગો દ્વારા સ્વમાર્ગિય સિદ્ધાન્ત જ્ઞાન પ્રાપ્ત કર્યું.

યુનિવર્સિટી રોડ જલારામ પ્લોટની પાઠશાળાનો વાર્ષિક ઉત્સવ તા. ૨૭–૪–૯૦ (અક્ષય તૃતિયા) ના મંગલ દિવસે સાંજે પાંચ વાગે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય તથા પૂ. પા ગો. શ્રી ગોપીકાલંકારજી મહોદય નીસાનિન્ધ્યમાં ઉત્સાહપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગે આં. પુ. વૈ. પરિષદ શાખા રાજકોટના પ્રમુખશ્રી કાન્તીભાઈ રાધનપુરા શ્રી ડાયાભાઈ ડેલાવાળા, શ્રી મનસુખભાઈ રાણપુરા, વગેરે અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેલ, પ્રારંભમાં પાઠશાળાના બાળકોએ સુમધુર સ્વરે મંગલાચરણ કરેલ. દરમારગઢ વિસ્તારની પાઠશાળાના સંચાલિકા શ્રીમતિ કુમુદિનીબેન સોની એ સ્વાગત પ્રવચન કરેલ, ત્યારબાદ બાળકોએ વિવિધ સ્તોત્ર પાઠો અને પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો અંગેના પ્રશ્નોત્તરો રજુ કરેલ, દરબારગઢ વિસ્તારના પાઠશાળાના બીજા સંચાલિકા ઉર્મિલાબેન ડેલાવાળાએ **પાઠશાળાનું મહત્વ** એ વિષય પર મનનિય વકતવ્ય આપેલ. જલારામ પ્લોટ પાઠશાળાના ઉત્સાહી સંચાલિકા શ્રીમતિ હર્ષાબેન ઠક્કરે બહુ જ મનોહર શૈલીમાં બાળકોને પ્રોત્સાહિત કરતાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ.

પૂ. ગો. બાલકોએ પોતાના આશિર્વચન પ્રવચનોમાં સંચાલિકા પ ભ હર્ષાબેન ઠકકરે જે સુંદર રીતે બાલક બાલીકાઓને તૈયાર કર્યા છે તે અંગે ખૂબ જ શુભાશિર્વાદ પ્રદાન કરેલ અને આવી પાઠશાળા પ્રવૃત્તિ ચલાવવા માટે પરિપદના કાર્યકરોને પણ આશિર્વાદ આપી પ્રોત્સાહિત કરેલ.

આ પાઠશાળાનાં વર્ષ દરમ્યાન ઉત્તમ રીતે સ્તોત પાઠ પ્રશ્નોત્તર આદિ શીખનારને પ્રોત્સાહન ઈનામો પણ સંચાલિકા. પ. ભ હર્ષાબેન ઠકકર તરફથી પૂ. પા. ગો. બાલકોના વરદ્ હસ્તે અપાયેલ. ઉપરાંત પાઠશાળામાં

(જુઓ ટાઈટલ ત્રીજુ)

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧.
વર્ષ ૯ : અંક ૩ * જુન, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

પરિષદ

પરિષદ હૈ એક છત્રછાયા,
દેતી હૈ જો શીતલ છાયા ।
અન્યાશ્રયકા ફૂલ પનપ રહા,
અજ્ઞાનકી ઝૂંઠી રાહોં મેં ।
સંગઠન કી તીખી ધારોં સે,
જિસને ઇસ ફૂલ કો કટવાયા ।
સૌરાષ્ટ્ર કે ગાંવોં, ગાંવોં મેં,
જન-મન કી ધુંધલી રાહોં મેં ।
'શ્રીવલ્લભ' નામ સંચાર કિયા,
સત્સંગ કા દીપક પ્રગટાયા ।
જો નહીં જુડે હૈં પરિષદ સે,
ઉનકો કયા નામ દિયા જાયે ?
મજબૂત 'સંઘ' સે દૂર હૈં વે,
કર્તવ્ય સે મન હેં ભટકાયા ।

—ગો. શ્રી દામોદરજી મહારાજ, ગોંડલ

॥ શ્રીગોપાલ પ્રભુ વિજયતે ॥

॥ શ્રીમહાપ્રભુ વિજયતે ॥

પરલોક ઔર પુનર્જન્મ

લેખક : **નિ. લી. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજ** (કોટા-કડી)

અનુવાદક : **ડો. ચુનીલાલ રવજી બાલધા**

પરલોક અને પૂનર્જન્મનો સિદ્ધાંત હિંદુ ધર્મની ખાસ સંપત્તિ છે. આપણા ભારતવર્ષનું દરેક બાળક આ સિદ્ધાંતને માને છે અને તેનો અમલ પણ કરે છે. એટલું જ નહિ, આ સિદ્ધાંત તો આપણા જીવનના દરેક અંગ સાથે સંબંધિત થઈ ગયો છે. આપણો કોઇ ધાર્મિક ગ્રંથ એવો નથી કે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે પરલોક અને પૂનર્જન્મનું સમર્થન ન કરતો હોય.

અહીં તો ઘણા સ્થળે એવા બનાવો પ્રકાશમાં આવ્યા છે કે, જેમાં અબુધ બાળક અને બાલિકાઓએ પોતાના પૂનર્જન્મની વાતો કહી છે, જે તપાસ કરતાં બીલકુલ સાચી નીકળી છે.

આત્માની ઉન્નતિ તથા જગતમાં ધાર્મિક ભાવ, સુખ, શાંતિ તથા પ્રેમના વિસ્તાર માટે તથા પાપ, દુઃખથી બચવા માટે પરલોક તેમજ પૂનર્જન્મ ને માનવાનું જરૂરી પણ છે. આજે સંસારમાં આત્મ હત્યાની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. આજના દિવસોમાં લોકો જીવનથી નિરાશ થઇ અથવા નિષ્ફળતાથી દુઃખી થઇ, અપમાન તથા અપકીર્તિથી બચવા માટે અથવા ઇચ્છા પૂરી ન થવાને કારણે દુઃખથી પાણીમાં ડૂબીને, ફાંસી ખાઇને, બળી મરીને, ઝેર ખાઈને અથવા ગોળી ખાઇને પ્રાણ ત્યાગ કરવાની વાતો વાંચવામાં સાંભળવામાં અને જોવામાં આવે છે. આનું એક માત્ર કારણ એ છે કે આત્માની અમરતામાં તથા પરલોકમાં તેમનો અવિશ્વાસ છે. જો આપણને એ ખાત્રી થઇ જાય કે આપણું જીવન આ શરીર સુધી જ સિમિત નથી. અત્યાર પહેલા પણ આપણે હતા અને અત્યાર બાદ પણ આપણે રહીશું આ શરીરનો અંત આણવાથી આપણા કષ્ટોનો અંત નહીં થઇ જાય. પરંતુ આ શરીરના ભોગો ભોગવ્યા વિનાજ પ્રાણ ત્યાગ કરી દેવાથી તથા આત્મ હત્યા રૂપ નવું ઘોર પાપ કરવાથી આપણું ભાવિ જીવન વધારે ને વધારે કષ્ટમય બની જશે.

આપણા શાસ્રોમાં આત્મ હત્યાને ખૂબજ મોટું પાપ માનેલ છે અને તેનું ફળ સૂકર, કુકર વગેરે અંધકારમય યોનિઓની પ્રાપ્તિ બતાવેલ છે. મતલબ કે તે અસુર લોક અથવા આસુરી યોનિઓ આત્માના દર્શન વગરના અજ્ઞાનથી છવાયેલી છે. જો કોઇ આત્મ હત્યા કરવાવાળા લોકો હોય તો તે મૃત્યુ બાદ તેમાં (આસુરયોનિઓમાં) જાય છે. જેમ અમે ઉપર કહ્યું છે તેમ પરલોક અને પૂનર્જન્મના સિદ્ધાં-

તનું પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે આપણા બધા શાસ્ત્રોએ સમર્થન કર્યું છે.

વેદોથી લઇ હાલના દાર્શનિક ગ્રંથો સુધી દરેકે એક સારે આસિદ્ધાંતનું સમર્થન કરેલ છે સ્મૃતિ પુરાણો તથા મહાભારત વગેરે ઇતિહાસ ગ્રંથોમાં તો આ વિષયના એટલા પૂરાવાઓ છે કે એ બધાને અહીં એકત્ર કરવામાં આવે તો એક ખૂબજ મોટું પુસ્તક તૈયાર થઇ જાય.

એમ સમજવું જોઇએ કે જેવી રીતે મનુષ્ય જુનાં વસ્ત્રોનો ત્યાગ કરીને બીજાં નવા વસ્ત્રો ગ્રહણ કરે છે, તેવી રીતે જીવાત્મા જુના શરીરનો ત્યાગ કરી બીજા નવા શરીરને પ્રાપ્ત કરે છે. ભગવાન અર્જુનને કહે છે.

બહૂનિ મે વ્યતીતાનિ, જન્માનિ તવ અર્જુન ।
તાન્યહં વેદ સર્વાણિ, નત્વિં વેત્થ પરંતપ ॥

હે પરંતપ અર્જુન, મારા અને તારા ઘણા જન્મ થઈ ચૂકયા છે, હું જાણું છું. પરંતુ તું નથી જાણતો.

ગીતામાં સ્વર્ગલોક વગેરેનો ઘણી જગ્યાએ ઉલ્લેખ આવે છે. પૂનર્જન્મ, પરલોક, આવૃત્તિ અનાવૃત્તિ (આવન, જાવન) વગેરે શબ્દો પણ ઘણી જગ્યાએ આવેલ છે. શરીરની માફક આત્માનું પરિવર્તન થતું નથી. શરીરમાં તો આપણા સૌના અવસ્થા અનુસાર પરિવર્તન જોવામાં આવે છે.

આ જે આપણું શરીર છે તે થોડા વર્ષો પછી તદ્દન બદલી જશે તેની જગ્યાએ બીજું જ શરીર બની જશે. આ જ કારણથી બાળપણમાં જોયેલ કોઇ વ્યક્તિને તે જુવાન થઇ જવાથી આપણે અચાનક તેને ઓળખી નથી શકતા. પરંતુ શરીર બદલાઈ જવાથી આપણો આત્મા બદલાતો નથી. દશ વર્ષ પહેલાં જે આપણો આત્મા હતો તે જ આત્મા આજ આ સમયે પણ છે. તેમાં કોઇ પરિવર્તન થયું નથી. આજથી દશ વર્ષ કે વીસ વર્ષ પહેલા આપણા જીવનમાં બનેલ પ્રસંગ આપણને યાદ નથી હોતા ! બીજા દ્વારા અનુભવાયેલ સુખ-દુઃખનું સ્મરણ આપણને નથી હોતું ? તેજ પ્રમાણે જો આપણો આત્મા બદલાઇ ગયો હોય તો આપણને આપણા જીવનની વાતો સમય જતા યાદ ન રહે. પરંતુ આજનો પ્રસંગ આપણને દશ વર્ષ અથવા વીસ વર્ષ બાદ પણ યાદ હોય છે. એનાથી માલુમ થાય છે કે અનુભવ કરનાર અને યાદ રાખનાર બે નહિ પરંતુ એક જ વ્યક્તિ છે. જે રીતે અત્યારના શરીરનું આટલું પરિવર્તન થયા છતાં પણ આત્મા બદલાયો નથી. એવી જ રીતે મૃત્યુ બાદ બીજું શરીર મળવાથી પણ તે (આત્મા) બદલાતો નથી. આ પરથી આત્માની નિત્યતા સાબિત થાય છે. મનુષ્ય પોતાની ગેરહાજરી કયારેય નથી જોતો. તે કયારેય એ નથી વિચારતો કે એક દિવસ હું નહીં રહું અથવા હું પહેલા ન હતો, પોતાની ગેરહાજરી માટે તેને કયારેય સમર્થન (સાક્ષી) નથી મળતું. તે એમ જ વિચારે છે કે હું હંમેશા છું અને હંમેશાં રહીશ આથી પણ આત્માની નિત્યતા સાબિત થાય છે.

જો કોઇ કહે કે સંસાર માટે પૂર્વ જન્મને માનવાની શું જરૂરત છે. ઇશ્વરની જરૂરત છે. ઇશ્વરની ઇચ્છાને જ તેવું કારણ કેમ ન માની લેવાય ? તો તેનો જવાબ એ છે કે વિચિત્રતાનું કારણ ઇશ્વરને માનવાથી તેમાં ભેદભાવ અને નૈધૃણ્ય (નિર્દયતાનો દોષ) આવશે. ભેદ

ભાવનો દોષ તો એ વાત પરથી આવશે કે તેમણે (ઇશ્વરે) કેટલાક જીવોને કારણ વગર જ દુઃખી બનાવી દીધા. ઇશ્વરમાં કોઇ જ દોષ હોઈ ન શકે. એટલે જ પહેલા કરેલા કર્મોને લોકોના સ્વભાવ અને ભોગના ભેદભાવ માટે જવાબદાર માનવા પડે.

આ બધી વાતોથી એ સાબિત થાય છે કે પ્રાણીઓનો પૂનર્જન્મ થાય છે. (દરેક પુરુષે ઉપર્યુક્ત ત્રણે પ્રકારના તપનો સાત્વિક ભાવથી અભ્યાસ કરવો જોઇએ.) જેથી જ્યારે એ સિદ્ધ થઇ ગયું છે કે પુનર્જન્મ થાય છે ત્યારે બીજો પ્રશ્ન એ થાય છે કે આવી પરિસ્થિતિમાં માનવે શું કરવું જોઇએ. વિચાર કરવાથી ખ્યાલ આવે છે કે શાશ્વત તેમ જ નિરાતિશય સુખ મેળવવા માટે તેમજ દુઃખોથી હંમેશને માટે છૂટકારો મેળવવો એ જ જીવ માત્રનું ધ્યેય છે. અને તેને માટે માનવે બળવાન થવું જોઇએ.

શાસ્ત્રોમાં પૂનર્જન્મને દુઃખનું ઘર બતાવેલ છે. પરમાત્માની પ્રાપ્તિ જ આ દુઃખથી છુટવાનો એક માત્ર ઉપાય છે. પરમાત્માને શરણે જઇ વિવેક અને વૈરાગ્યમય બુદ્ધિથી દુઃખ, શોક, ભય અને ચિંતાનો ત્યાગ એ જ દુઃખરૂપ સંસારથી છુટવાનો એક સર્વોત્તમ ઉપાય છે. આના પર જો કોઈ કહે કે દુઃખ, સુખ તો નશીબ અનુસાર ભોગવવા જ પડે છે, તો તેનો જવાબ એ છે કે દુઃખ, સુખના કારણોનું નિર્માણ થવું અને દુર થઇ જવું એજ નશીબનું ફળ છે. આ કારણોને લઇને આપણને જે ચિંતા, શોક, ભય, તેમ જ વિશાદ થાય છે. તે આપણી મૂર્ખતાથી થાય છે, અને અજ્ઞાનથી થાય છે. આ થવામાં નશીબ કારણરૂપ નથી. પુત્ર-વિયોગ, ધનનું, અપહરણ, વેપારમાં નુકશાની, આબરૂ જવી, બિમારી, અપકીર્તિ થવી આ બધા બનાવ નશીબને કારણે થાય છે. પરંતુ તેનાથી આપણને જે વિષાદ થાય છે તેમાં આપણું અજ્ઞાન કારણરૂપ છે. નશીબ નહીં.

જો આપણે આ બનાવોથી દુઃખી ન થઇએ તો આ બનાવોની તાકાત નથી કે તે આપણને દુઃખી કરી શકે. જો આ બનાવોમાં દુઃખી કરવાની શક્તિ હોત તો તેનાથી જ્ઞાનીઓને પણ દુઃખ થાત. પરંતુ જ્ઞાની જીવનમુક્ત મહાપુરુષો માટે બુલંદ અવાજે કહી શકાય કે અપ્રિયમાં અપ્રિય બનાવથી તેઓ દુઃખી નથી થતા. તેઓ સુખ દુઃખથી પર હોય છે. તેમની નજરમાં કોઇ પ્રિય કે અપ્રિય રહી નથી જતું. તેમના વિષે શ્રુતિ કહે છે કે 'તરતિ શોકં આત્મવિત' આત્માને જાણનાર શોકને તરી જાય છે. (હર્ષ શોકો જહાતિ) જ્ઞાની પુરૂષ હર્ષ અને શોકનો ત્યાગ કરી દે છે. બંને સ્થિતિઓને પાર કરી જાય છે. (તત્ર કો મોહ મોહ કઃ શોક એકત્વ અનુપશ્યત) સર્વત્ર એક પરમાત્માને જોનાર આત્મદર્શી પુરૂષ માટે શોક અને મોહનું કોઈ કારણ રહેતું નથી.

ભગવાન પણ ગીતાજીમાં અર્જુનને પોતાના ઉપદેશની શરૂઆતમાં જ કહે છે.

અશોચ્યાનન્વ શોચસત્વં
પ્રસાવાદાંશ્ચ ભાષસે,
ગતાસૂન ગતાસુશ્ચ
નાનુશોચન્તિ પંડિતાઃ ।।

હે અર્જુન તું શોક ન કરવા યોગ્ય મનુષ્યો માટે શોક કરે છે અને બુદ્ધિમાનો જેવી

વાતો કરે છે. પરંતુ પંડિતો જેના પ્રાણ ચાલ્યા ગયા છે તેને માટે અને જેના પ્રાણ નથી ગયા તેના માટે પણ શોક કરતા નથી.

આનાથી સાબિત થાય છે કે શોક કરવો ન કરવો તે આપણા હાથમાં છે. જો આમ વાત ન હોય તો અને આનો સંબંધ નશીબ સાથે હોય તો જ્ઞાન કાળમાં જ્ઞાનીને પણ શોક થાત અને ભગવાન પણ શોક છોડવાનું અર્જુનને કયારેય ન કહેત.

શરીરની ઉત્પત્તિ, વિનાશ વધઘટ તથા સાંસારિક પદાર્થોનો સંયોગ વિયોગ જ નશીબ સાથે સંબંધિત છે. તેના માટે જે ચિંતા ભય અને શોક પેદા થાય છે તે અજ્ઞાનને કારણે થાય છે. સાંસારિક વિપત્તિ આપવા છતાં પણ જે શોક નથી કરતાં. રોતા નથી. તેમને તેનાથી કોઇ હાનિ થતી નથી. તેથી પરમાત્માનું શરણ ગ્રહણ કરીને શોક, મોહ, વિષાદ, ચિંતા તથા ભયનો ત્યાગ કરી આપણે પરમાત્માના સ્વરૂપમાં અચળ ભાવથી સમર્પિત થઇ જવું જોઇએ. આવું થઇ જવાથી તે જન્મ મૃત્યુના ચક્કરથી મુકત થઇ જાય છે. પછી તેને પુનર્જન્મ લેવો પડતો નથી.

।। શ્રીહરિઃ ।।

શ્રીવલ્લભનો પરિવાર

ગોસ્વામી તિલકાયત શ્રી ગોવરધનેશજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય

પ્રેષક :- **ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ રાણા**

[સં. ૧૭૬૩ થી ૧૮૨૫]

(ગતાંકથી ચાલુ)

આપ ગો. તિ. શ્રી વિઠ્ઠલેશરાયજીના પ્રથમ પુત્ર વિ. સં. ૧૭૬૩માં નાથદ્વારામાં પ્રકટયા. આપ સુંદર સુડોળ, સારા સાહિત્યકાર અનેક ભાવ ભાવના વડે પ્રભુ શ્રી ગોવર્ધનધરને અનેક મનોરથ કરીને રીઝાવતા. પ્રથમ હાંડી ઉત્સવ રોશની શ્રી નંદાલયમાં કરી, રત્નજડિત મણિમાણેકના હિંડોળામાં ઝૂલાવ્યા. રોશનીની ચમકમાં પ્રિયા પ્રીતમની રૂપમાધુરી નિહાળી અંતરંગ સેવાનો પ્રારંભ કર્યો. આપે જ સર્વ પ્રથમ સાત સ્વરૂપને પધરાવ્યા અને નાથદ્વાર નગરના વિકાસમાં યોગદાન દીધું. અન્નકૂટ પર સમસ્ત સ્વરૂપોને પધરાવીને બે મહિના સુધી વિવિધ મનોરથ કર્યા.

આપને કોઇ સંતાન પ્રાપ્તિ ન થતાં નાના ભાઇ પર અધિક સ્નેહ રાખતા. આપના પછી તિલકાયત પદાસીન થયા. શ્રી ગોવિંદજી નામથી પ્રથમ તીલકાયત થયાં. આપ તીલકાયત પદાસીન થયા પછી અનેક મનોરથ અને અનેક પદોની રચના કરી તથા શ્રીનાથજીને ત્યાં પદના પ્રકાર ચાલુ કર્યા. અહીં આપના રચેલ પદ થોડા પ્રસ્તુત કરેલ છે.

ઉષ્ણકાલનું પદ (રાગ-સારંગ)

ઉસીર મહલ ભવન છાયો સુખનિ,
તામેં બૈઠે રાધા રમન,
એરી અંસ ભુજન મેલી.
મૃગમદ ઘસિ અંગ લગાય,
કપુર જલ સોં ચુચાય;
અલિ બુંદે સીત લગત,
દોઉ કરત સુખ કેલી.
ગાવત સારંગ રસ,
કોકિલા સુનત હોત વિવસ;
ચલત અચલ યા ચલ,
પુલકિત દ્રુમ વેલી.
'ગોવર્ધનેશ' હિત વિલસત,
ગ્રીષ્મ રિતુ અતિ નિવાસ,
લલિતાદિક નિરખ નૈન,
પાવત રસ રેલી.

વર્ષામાં ઝુલાવર્ણન (મલહાર)

પ્યારો પ્યારી ઝૂલત સુરંગ હિંડોરે,
દુહૂ ઓર સખી ઝૂલાવત,
ગાવત સુર મંડલ કલ ઘોરે.
દેખત બને કહત નહિ આવે,
શોભા સિંધુ હિંડોરે,
સજલનીલ ઘન તન ગિરધારી,
શોભા સિંધુ ઝકોરે.
યુગલ કિશોર નવલ બાનક પર,
'ગોવર્ધનેશ' તન તોરે.

આપ દ્વારા રચિત નીચેનું પદ સર્વત્ર છપ્પન ભોગમાં ગવાય છે—

બૈઠી ગોપ કુંવર કી પાંત,
લલિત તિપાઇ પટ્ટા રતનનકે,
કંચન ઝારી ઝલકત કાંત.
માનિક થાલ વિશાલ ધરે,
બહુ બેલાબેલી બહુ ભાંત,
ષટ્રસ વ્યંજન ધરે તિનનમેં.
દેખત જિનકે નૈન સિરાત,
પરસત કરત રોહની ફિર ફિર,
અતિ આનંદ મન હિયો સિરાત.
લપટત ઝપટત કહત સખન સોં,
દેખિ યસોમતિ નંદ મુસકાત.
અષ્ટસિદ્ધિ નવનિધિ રહત તહાં,
વન ઝુઠન મન ઇતરાત.
દેખત યહ સુખ સુરપુર વાસી,
ભયે ન વ્રજ જન નેક સિરાત.
જો સુખ સંપત્તિ સબ બ્રજ મેં,
છિન છિન પુનિ પુનિ નેન ચુચાત.
'ગોવર્ધનેશ' ગિરધર પ્રસાદકોં;
બ્રહ્માદિક કો મન લલચાત.

આ પ્રકારે આપે અનેક પદ રચના કરી પ્રભુને રીગાવ્યા. આપને શ્રીનાથજી સાનુભાવ જણાવતા.

આપ તિલકાયત પદાસીન થયા પછી સાત સ્વરૂપોત્સવ સર્વ પ્રથમ કર્યો. વિ. સં. ૧૭૯૬ માગસર સુદ ૯નો શ્રીનાથદ્વારામાં સાત સ્વરૂપ શ્રી મથુરાધીશજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી દ્વારકાનાથજી, શ્રી ગોકુલનાથજી, શ્રી ગોકુલચંદ્રમાજી, શ્રી મદનમોહનજી, શ્રી બાલકૃષ્ણજી વગેરે પધાર્યા તેનું વર્ણન પ્રાચીન કવિઓએ કરેલ છે તથા આપે છપ્પન ભોગ ધર્યો. ઉપરોક્ત પદની રચના કરી સમાજ કર્યો તેથી આજ સુધી છપ્પન ભોગમાં સર્વત્ર આ પદ ગાવામાં આવે છે.

એક વખત આપના નાના ભાઇ શ્રી ગોવિંદજી જેમની અવસ્થા સાવ નાની હતી. સાવ નાની અવસ્થામાં પિતાશ્રીએ લીલાપ્રવેશ

કર્યો તેથી નાનાભાઇને પાળવાનો બધો ભાર આપના પર આવ્યો. ઉષ્ણકાળના દિવસો હતા. આપ શ્રીનાથજીના શય્યા મંદિરમાં ઠંડી હવાથી સૂઇ ગયા. શ્રી ગોવર્ધનેશ તથા શ્રીનાથજીનો બધો સેવક વર્ગ મંદિર બંધ કરી નિત્યક્રમ સેવા ઉપરાંત તાળા મંગળ બાદ ઘરે ચાલ્યા ગયા. આચાર્ય શ્રી ગોવર્ધનેશજી પણ બેઠકમાં પધાર્યા. જ્યારે ભોજનનો સમય થયો ત્યારે બાવા (શ્રીગોવિંદજી)ને આરોગવા બોલાવવામાં આવ્યા પરંતુ બાવાનો ક્યાંય પતો ન લાગવાથી બહુજ ચિંતા થઇ. આખા નગરમાં શોર મચી ગયો. આ ચિંતામાં જ ગો. તિ. શ્રી ગોવર્ધનેશજીને નિંદરનું ઝોલું આવી ગયું અને ઝોલામાં એવું માલુમ પડયું કે શ્રી ગોવર્ધનધર શ્રી નાથજી બેઠકમાં પધારી રહ્યા છે. ગુલાબી પરદની, લટપટી પાત્ર, શ્રી હસ્તમાં કમલ અને આજ્ઞા કરી રહ્યા છે. "બાવા મારી પાસે રમી રહ્યા છે, ચિંતા ન કરો."

આચાર્યશ્રીને પ્રસન્નતા થઇ. ઝનાનામાં તથા પરિકરને ભગવદ્ આજ્ઞા કહી સંભળાવી. સમય થયે શંખનાદ થયો. મંદિર ખુલ્યું. બાવાને જોયા. અહોભાગ્ય માની ભાગ્યના વખાણ કર્યા. આપનું પ્રાકટય પોષ વદ ૧૧નું હોવાથી આખો દિવસ બાલલીલાના પદ ગવાયા. આ તિલકાયતને બાલભાવ ભાવિત માનવામાં આવ્યા છે. પુષ્ટિમાર્ગમાં બાલભાવ મુખ્ય હોવાથી પુષ્ટિ કરવાના હેતુથી પોષમાં પ્રકટયા. સમસ્ત વૈષ્ણવ ભગવદીયોની કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય તેમજ મનથી પ્રભુસેવામાં વિનિયોગ કરાવવાના હેતુથી એકાદશીનું પ્રાકટય છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે આપ શય્યામંદિરમાં રહી ગયેલ ત્યારે શ્રી ગોવર્ધનધર શ્રીનાથજીએ આપના શ્રીહસ્તથી પ્રસાદ ખવરાવ્યો હતો તેના યશસ્વરૂપ આજના દિવસે સફેદ ખીનખાબના વસ્ત્ર તથા અનુરાગ બન્યો રહે તેથી લાલ ઠાડું વસ્ત્ર ધરાવ્યું. વિયોગાનુભવ કરવાવાળા બાલક સદા નિષ્કામ હોય છે તેથી મયુર પંખની કુલ્હે તથા પન્ના મોતીના આભૂષણ ધરાવ્યા.

મંગલા તેમજ શયનના પદવત્ આપના સ્વરૂપ સ્વભાવ તેમજ લીલા છે.

રાગ-આસાવરી

જા દિન કન્હૈયા મોસોં મૈયા મૈયા બોલૈગો,
આનંદ સુભગ દિન ગીનૌંગી રી આલી,
રુનક ઝુનક વ્રજ ગલિયન ડોલૈગો. ૧
ભોરહી ઉઠૈગો ધાય ખિરક દુહૈગો ગાય,
બંધન બછરુવા ચુટકી દૈ ખોલૈગો;
'પરમાનંદ' પ્રભુ નવલ કુંવર મેરો,
ગ્વાલન કે અંગ સંગ વનમેં કિલોલૈગો. ૨

આપે ઘણા મનોરથ કર્યા. આપને ત્રણ પુત્ર થયા- પ્રથમ શ્રી દામોદરજી ૧૮૨૩માં, બીજા શ્રી ગિરિધારીજી ૧૮૨૫માં, એમણે જ તિલકાયત થઇને શ્રીજીને ઘસ્યાઢ પધરાવી નવીન નાથદ્વારા નિર્મિત કર્યું. ત્રીજા ૧૮૨૭માં શ્રી ગોકુલનાથજી.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

-ગતાંકથી ચાલુ

યસ્ય નાહંકૃતો ભાવો, બુદ્ધિર્યસ્યનલિપ્યતે ।
હત્યાપિ સઇમાંલ્લોકાન્ન, હન્તિ ન નિબદ્ધયતે ॥૧૭॥

શ્લોકાર્થ-હું જ કર્તા છું એવો જેનો ભાવ નથી, જેની બુદ્ધિ કરેલા કર્મના ખોટા જ્ઞાનથી લેપાતી નથી, તે મનુષ્ય, લોકો વડે હત્યા કરનાર તરીકે જોવામાં આવતો હોવા છતાં તે હત્યા કરતો નથી (એટલે કર્તાના બંધનને પ્રાપ્ત થતો નથી) ૧૭

ટીકા-હવે ગુરુના ઉપદેશથી જેની બુદ્ધિ કૃતાર્થ થયેલી છે અને મારી આજ્ઞાથી આવશ્યક કર્તાપણાથી, મારી ઇચ્છાથી ઉત્પન્ન થવાને લીધે અહંકાર રહિતના કર્મફલના અભાવને કૈમુતિક ન્યાયથી (આમ કરવાથી આમ થાય તો ઉદાહરણથી લોકોમાં હંતાપણાના આક્ષેપના ઉદાહરણથી) દર્શાવતાં કહે છે કે-

યસ્ય....વગેરે અહંકૃત એટલે હું કર્તા છું એવો મિથ્યા અહંકારથી ભરેલો જેનો ભાવ નથી, એટલું જ નહિ પરંતુ જેની બુદ્ધિ મારી ઇચ્છાને લીધે જાણેલા સુખ દુઃખના ફળોમાં કૃત કર્મથી જન્મેલા જ્ઞાનમાં લેપાતી નથી. તે આ જગતના આસુરી લોકોમાં લોભાતો (આકષાતો) નથી-મારી ઇચ્છાથી તેમને હણીને પણ લોકોથી હન્તા (હણનાર) તરીકે જોવામાં (ગણવામાં) આવતો હોવા છતાં તે હણતો (હત્યા કરતો) નથી, પરંતુ મારી ઇચ્છાથી જ હણે છે અને તે કારણે જ એ કર્મથી તે બંધાતો નથી. જ્યાં વિપરીત કર્મ બંધનનો અભાવ હોય છે ત્યાં કર્મ કરવાનું કહેલું હોય (વિહિત) ત્યાં મારી સેવા વગેરેના પ્રતિબંધક ફલનો પ્રતિબંધ ન હોય ત્યારે તો કહેવું જ શું ? ૧૭

જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા, ત્રિવિધા, કર્મ ચોદના ।
કરણં કર્મ કર્તેતિ, ત્રિવિધઃ કર્મ સંગ્રહઃ ॥૧૮॥

શ્લોકાર્થ-જ્ઞાન, જ્ઞેય (જેને વિષે જ્ઞાન મેળવવાનું છે તે) અને એ બન્નેને કરવામાં આવેલી કર્મ પ્રેરણા ત્રણ પ્રકારની હોય છે. આ પ્રમાણે કરણ (એટલે સાધક કર્મ) તેના ફલકની ક્રિયા) અને કર્તા એટલે ક્રિયાને કરનાર એમ ત્રણ પ્રકારનો કર્મ સંગ્રહ હોય છે. ૧૮

ટીકા-અને વળી કર્મને પ્રેરણા આપનાર તત્ત્વ પણ ત્રિગુણાત્મક છે અને તેનું ફળ પણ ત્રિગુણાત્મક છે અને ત્રિગુણાત્મક કર્તાઓનું જ તે ફળ હોય છે અને નિર્ગુણના ફલાનુસંધાનથી મારી આજ્ઞાથી કરવાથી તે તે ફળોના અનાધિકાર હોવા છતાં બંધન નથી એમ કહે છે જ્ઞાનં....વગેરે જ્ઞાન એટલે ફલ-સ્વરૂપના જ્ઞાનપૂર્વક આત્માને આધિન છે, તેથી જ્ઞાન થાય છે. જ્ઞેય એટલે ફલ સાધક કર્મ. પરિજ્ઞાતા એટલે જ્ઞાન તથા જ્ઞેય એ બન્નેના સ્વરૂપને જાણનાર તેના આશ્રયે રહેલો જીવ આ પ્રમાણે જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા એમ-ત્રણેય ને આધારિત કર્મ ચોદના એટલે કર્મ પ્રેરણા ત્રણ પ્રકારની છે. આમ કર્મ સાધક છે, કર્મ તેના ફલકની સાધ્યની ક્રિયા

છે. અને કર્તા એટલે ક્રિયાની પ્રવૃત્તિ કરનાર એમ આ પ્રકારે કર્મ સંગ્રહનું કર્મ સંગ્રહાય છે. જેમાં, તે કર્મ સંગ્રહ કહેવાય છે. કરણ વગેરે ત્રણ (એટલે કરણ, કર્મ અને કર્તા)નો સમૂહ પણ કારક છે. ક્રિયાના આશ્રયરૂપ છે એ પણ ત્રણ પ્રકારનો છે. આમ કહીને નિર્ગુણના અનાધિકારત્વનું પણ નિરૂપણ કર્યું છે. ૧૮

જ્ઞાનં કર્મ ચ કર્ત્તાચ, ત્રિધૈવ ગુણ ભેદતઃ ।
પ્રોચ્યતે ગુણ સંખ્યાને, યથાવચ્શૃણુતાન્યતિ ॥૧૯॥

શ્લોકાર્થ-જ્ઞાન, કર્મ તથા કર્તાના પણ સાત્ત્વિકાદિ ગુણો પ્રમાણે ત્રણ પ્રકાર છે. કાર્ય ભેદ પ્રમાણે ગુણોની સંખ્યાનું વર્ણન (સાંખ્ય શાસ્ત્રમાં) કહેવામાં આવેલું છે. (પ્રોચ્યતે) તેને પણ તું, છે તે પ્રમાણે સાંભળ ૧૯.

ટીકા-હવે જ્ઞાનાદિ ત્રણનો (સમૂહ) પણ ત્રણ પ્રકારના ગુણ પ્રમાણે જુદા જુદા છે. પ્રત્યેકનો પ્રકાર જુદો છે, તેથી તેને કહે છે. જ્ઞાનં....વગેરે જ્ઞાન સાધન કર્મ ક્રિયા છે અને કર્તા પુરુષ છે. આ ત્રણ પણ ગુણ ભેદથી એટલે કે સાત્ત્વિક વગેરે પ્રકારોથી ત્રણ પ્રકારના જ છે. ગુણ સંખ્યાનમાં ગુણો તેમના કાર્યભેદ પ્રમાણે ગણાય છે અથવા સાંખ્ય શાસ્ત્રમાં તેની સંખ્યાની ગણતરી આપવામા આવેલી છે. તે પ્રમાણે હું કહું છું તે તું સાંભળ સાંખ્યમાં કહેવામાં આવેલ તે સંખ્યાને પણ તું સાંભળ એમ કહીને સત્તરમાં અધ્યાયમાં પોતે કહેલા ત્રણ પ્રકારોના નિર્ગુણ અધિકાર પ્રાપ્ત કરાવનાર કર્મો થાય છે અને નહિ કે આ બધા એમ સ્વરૂપના વિજાતિપણાના જ્ઞાનને અર્થે (માટે) એ સાંભળવા જોઇએ એમ જણાવ્યું છે. ૧૯.

સર્વભૂતેષુયેનૈકં, ભાવમવ્યયમીક્ષતે ।
અવિભક્તં વિભક્તેષુ, તજ્જ્ઞાનં વિધિ સાત્ત્વિકમ્ ॥૨૦॥

શ્લોકાર્થ-જે જ્ઞાનથી સર્વ પ્રાણીઓમાં એક અવ્યય ભાવને જુવે છે તે જ્ઞાનને સાત્ત્વિક જાણવું ૨૦.

ટીકા-આ પ્રમાણે કથન સમજાવીને પહેલાં જ્ઞાનના ત્રિવિધપણાને કહે છે. ત્યાં પ્રથમ જ્ઞાનના સાત્ત્વિકપણાને વર્ણવે છે. સર્વભૂતેષુ.... વગેરે જે જ્ઞાનને લીધે બધા બ્રહ્માદિ સ્થાવરાન્તોમાં વિભક્ત (વહેંચાયેલ) જુદા જુદા રૂપો દ્વારા વૈચિત્ર્ય જણાય છે. એક બીજાને ભિન્ન ભિન્ન રૂપોમાં ન વહેંચાયેલ પણ એક ભાવમાં અનુસ્યૂત (એટલે પરોવાયેલ) એક જ ભાવને ભગવાનની ક્રીડારૂપ ભાવને અને તેથી જ અવ્યયને નિર્વિકારને (કોઇ જાતના વિકાર વગરનાને જુએ છે એટલે આલોચનાત્મક (સર્વ સમીક્ષા) ના ભાવથી જુએ છે તે જ્ઞાનને સાત્ત્વિક જાણવું. ૨૦

-ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

ગ્રંથ-પરિચય

લેખક : **ગોસ્વામી શ્યામમનોહરજી મહારાજ**

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

'એવ' (એટલે) જ કાર બીજા બધા અર્થોને દુર રાખનાર હોય એમ માનવામાં આવે છે (એટલે કે જે શબ્દની પાછળ 'જ' શબ્દ વાપરવામાં આવ્યો હોય એને જ ભારપૂર્વક મુખ્ય શબ્દ માનીને બીજા કોઇ પણ શબ્દને વર્જિત કરવાનો હોય-છોડી દેવાનો હોય એમ માનવાનું છે. એ મુખ્ય શબ્દ સિવાય બીજો કોઇ નહિ એમ સમજવાનું છે). આ કૃષ્ણના મૂળરૂપ સિવાય બીજા બધા વિભૂતિ-રૂપો-લૌકિક હોય કે અલૌકિક-જડ હોય કે ચેતન-દેવ, દાનવ, માનવ, પશુ, પંખી ઇત્યાદિ બધા રૂપોને ભકિતમાર્ગીય તથા પ્રપત્તિમાર્ગ મુજબ આશ્રયના દૃષ્ટિબિંદુથી જોતાં 'ઇતદ' એટલે બાકીના બીજા બધા' તરીકે માનવામાં (ગણવામાં) આવે છે. જ્ઞાનમાર્ગના દૃષ્ટિકોણથી શુદ્ધાદ્વૈતવાદ અનુસાર (મુજબ) એ સર્વ રીતે અભિન્ન (જુદા નહિ એવા) છે, પરંતુ આ અભેદ બુદ્ધિથી જોતાં એ બધાં વિભૂતિરૂપો આશ્રયણીય (એટલે આશ્રય તરીકે સ્વીકારવા યોગ્ય) નથી, પરંતુ કેવળ જ્ઞાતવ્ય (એટલે જાણવા જેવા) છે. એ જ કારણથી બધા વિભૂતિરૂપ (આ) 'જ' કારના ઉપયોગ દ્વારા વ્યાવર્તનીય (એટલે વર્જિત કરવા યોગ્ય) માનવામાં આવે છે. આ "કૃષ્ણ જ મારી ગતિ છે" એમાં વપરાયેલા 'જ' કારની વ્યાખ્યા શ્રી મહાપ્રભુજીએ—

"અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ,
પ્રાર્થના કાર્યમાત્રેપિ તતોન્યત્ર વિવર્જયેત્"

આ વિવેકધૈર્યાશ્રયની કારિકામાં આપેલી છે.

અર્થ :- ત્યાં બીજા કોઇ દેવનું ભજન અથવા તેમની પાસે જવાનું અથવા તેમની પ્રાર્થના કરવાનું વગેરે- શ્રીકૃષ્ણના આશ્રય સિવાયનું બીજું બધું છોડી દેવું જોઇએ-ત્યાગ કરવો જોઇએ-એમ 'જ' શબ્દ વાપરીને જણાવ્યું છે.

અન્યાશ્રય-રહિત કેવળ શ્રીકૃષ્ણનો આશ્રય જ ઉચિત (યોગ્ય) છે, એ દર્શાવવા માટે બીજાઓના આશ્રયની વિફલતાનો (એટલે બીજાઓના આશ્રયથી કંઇ નહિ વળે (ફળ નહિ મળે) એવો બોધ આવશ્યક (જરૂરી) છે. એ મુજબ આ સ્તોત્રના પ્રથમ ત્રણ શ્લોકોમાં લોકાશ્રયની વિફલતાનું નિરૂપણ કરવામાં આવેલું છે અને બીજા ત્રણ શ્લોકોમાં કૃષ્ણાશ્રયની મહત્તાનું નિરૂપણ ક્રમશઃ કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય તથા ભક્તિમાર્ગીય દૃષ્ટિકોણથી કરવામાં આવ્યું છે. છેવટના બે શ્લોકોમાં પૃથક શરણમાર્ગ અથવા પ્રપત્તિમાર્ગના ઉપદેશ દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે એવી જ રીતે શ્રીમહાપ્રભુજીએ પણ સંપૂર્ણ નિર્ભયતાનું વરદાન આપેલું છે.

એક બીજી રીતથી શરૂઆતના છ શ્લોકોમાં કાળ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર તથા કર્મ-જે

ધર્મના છ આવશ્યક અંગો છે તેમની વિફલતા દર્શાવતાં (શ્રીમદ્ ભાગવતના) બારમાં સ્કંધના વર્ણ્ય-વિષય પંચવિધ આશ્રય-કૃષ્ણાશ્રય, જગદાશ્રય, વેદાશ્રય, ભક્તિઆશ્રય, તથા ભાગવતાશ્રય-ના અનુરૂપ એવા પાંચ શ્લોકોમાં ભગવદાશ્રયની મહત્તાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

એક ત્રીજી રીતે જોતાં શરૂઆતના નવ શ્લોકોમાં નવ પ્રકારની લીલાર્થ ગૃહીત (લેવાચેલ-સ્વીકારેલ) વિભૂતિરૂપોનો અન્યાશ્રય છોડાવવાને માટે નવ શ્લોકોમાં- "કૃષ્ણ જ મારી ગતિ છે" એમ કહીને બીજા આશ્રયોનું વારણ (એટલે દુર રાખવાનું) કહ્યું છે, તથા દશમા શ્લોકમાં કૃષ્ણાશ્રયને સુદૃઢ (સારી રીતે મજબુત) કરવામાં આવ્યો છે. અગીયારમાં શ્લોકમાં આ કૃષ્ણાશ્રય સ્તોત્રની ફલશ્રુતિ (આ સ્તોત્રનો પાઠ કરવાથી શું ફળ મળે તે) કહેવામાં આવી છે.

આ એક જ સ્તોત્રમાં વાકપતિ (એટલે વાણીના પતિ) શ્રી મહાપ્રભુજીએ અનેક સૂચિતાર્થો સહિત અનેક રીતે (પ્રકારે) કૃષ્ણાશ્રયનું નિરૂપણ બૃલામિશ્રને સમજાવ્યું છે.

(૧) કલિયુગને કારણે ધર્માનુષ્ઠાનમાં (એટલે ધાર્મિક વિધિપુર્વક કરવાનાં કાર્યોમાં) પણ યા તો આંતરીક ખરાબ હેતુઓની પ્રચુરતા (એટલે બહુ પણું) જ સર્વત્ર જોવામાં આવે છે અથવા તો ઇશ્વર-ભજન-વિરોધી ઉપધર્મો (ગૌણ ધર્મો) જેવા કે અનીશ્વરવાદી (ઇશ્વર નથી એવું કહેનારા) જ્ઞાન, વૈરાગ્ય, અહિંસા, દયા, લોકોપકાર ઇત્યાદિના વિરોધીમાં પાખંડનો જ ઝાઝો (વિપુલ) પ્રચાર જોવામાં આવે છે. એવા પ્રચાર વડે ભગવત્ પ્રાપ્તિના કર્મ, જ્ઞાન તથા ભક્તિમાર્ગ અવરુદ્ધ (એટલે અડચણોથી ભરેલા) થઇ ગયા છે. તો પણ (તથાપિ) જેમને સાધન તથા ફલના રૂપમાં એક માત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય છે તેવા ભક્તોને કોઇ પણ પ્રકારનો ભય નથી રહેતો, આ કારણને લીધે આ કલિયુગમાં એક માત્ર શ્રીકૃષ્ણ જ ગતિ (એટલે આશરો) છે.

(૨) આખો દેશ તામસી મ્લેચ્છશક્તિઓથી આ ક્રાન્ત (એટલે આક્રમણ-હુમલો-કરાયેલો) બની ગયો છે. લોભ, લાલચ, કામુકતા, વ્યભિચાર, લુંટફાટ, હિંસા-અત્યાચાર જેવા પાપોના અનૈતિક અડા જ સર્વત્ર ફાટી (ફાલી) નિકળ્યા છે. સ્વધર્મપાલનનો જે લોકો થોડો ઘણો પ્રયાસ પણ કરતા હોય છે, તેમને અનેક પ્રકારની પીડા તથા દુઃખો દ્વારા ત્રાસ આપવામાં આવી રહ્યો છે એવી સ્થિતિમાં સજ્જનો (સારા માણસો) વ્યગ્ર થઇ જાય (મુંઝવણ અનુભવે) એ સ્વાભાવિક વાત છે. એવી સ્થિતિનો સામનો કરવાને માટે કેવળ શ્રીકૃષ્ણ જ અમારો સુયોગ્ય આશ્રય બની શકે છે.

(૩) બધાં પવિત્ર સ્થળો મંદિર, આશ્રમ, વન, પર્વત, સરોવર, ગંગા વગેરે તીર્થ, ધનલોલુપત (પૈસાના લાલચુ તથા દુષ્કર્મમાં ડૂબેલા ધર્મનો વાવટો ફરકાવનાર ઉપદેશક, પંડા, પુજારી, પુરોહિતોથી ઘેરાઇ ગયાં છે એ કારણને લીધે આ પવિત્ર સ્થળોનો જેવો આધિદૈવિક પ્રભાવ પ્રકટ થવો જોઇએ તેવો દેખાતો નથી. પરંતુ જે ભક્તોમાં શ્રીકૃષ્ણની લાલસા (એટલે આસક્તિ) છે તેમની કોઇ દિવસ દુર્ગતિ નહિ થાય.

-ક્રમશઃ

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણનામથી મહા અજ્ઞાન, તિમિર મટી જાયે
શ્રીકૃષ્ણનામથી **બહાર ભીતર** અજવાળું થાયે
॥૪૨॥

ભાવાર્થ-શ્રીકૃષ્ણના નામથી મહા અજ્ઞાન અને આંખોનાતિમિર-ભ્રમ સર્વ મટી જાય છે, નારદજી તો પ્રભૂનું મન છે. તેને રાજ કુમારી વરવાનું મન થયું હતું, તેથી પ્રભૂએ તેને રૂપ આપવાને બદલે મર્કટ જેવું મુખ આપી ખોટો ભ્રમ મિટાવ્યો હતો અને નારદજીએ પ્રાચિન બર્હિ રાજાનો મિથ્યા ભ્રમ મિટાવ્યો હતો, તે રાજાએ ઘણા યજ્ઞો કર્યા હતા, પૃથ્વિને કયાંઇ કોરી રહેવા દીધી ન હતી, છતાં તેને આનંદ થયો નહીં, તેને નારદજીનાં દર્શન થયાં. અને તેને શરણે ગયા, ત્યારે નારદજીએ તેને યજ્ઞમાં મારેલા પશુઓ હથીયાર લઈ અને રાજાને મારવા તૈયાર થયો હોય, તેનું દ્રષ્ય નારદજીએ પ્રાચિન બર્હરાજાને, દિવ્ય દ્રષ્ટિ આપી અને બતાવ્યું. કે આ તમારા યજ્ઞનું ફલ ત્યારે રાજા ભય ભીત થયો. અને નારદજીએ તેને જ્ઞાન આપી પ્રભુ ભક્તિ આપી, ત્યારે તેનું દુઃખ ગયું. સર્વ પુરાણોના કર્તા વ્યાસજી એ પણ સત્તર પુસણો કરવા છતાં, હૃદયમાં શાંતિ મળી નહી; અને નારદજી મળ્યા ત્યારે વાત કરી, ત્યારે નારદજીએ ભક્તિ સુત્ર-શ્રીમદભાગવત દ્વારા ભગવદ લીલાનું ગાન કરવાનું કહ્યું, અને વ્યાસજીએ મિથ્યાલાપ, તજી અને શ્રી મદ ભાગવત રચી, ભગવદ લીલા ગાઇ, ત્યારેજ શાંતિ થઇ. આમ ભગવદ લીલાગાન અને ભજનથી જ આંખોના અને મનના ખોટા ભ્રમ નાસ થઇ અને અંતરમાં સાચો પ્રકાશ સાચું અજવાળું થાય છે. અને તે અજવાળા રૂપ પ્રભૂ ભક્તિનો પ્રકાશ બહાર પણ પડે છે. સર્વ જગતને પ્રભૂ મય જુએ છે. કદી પણ કોઇનો દોષ દ્વેષ ન જોતાં કેવળ ભજન કરે છે. અને સંગીન પણ કરાવે છે.

શ્રીકૃષ્ણ નામથી અંતકાળ પીડા નવ પામે
શ્રીકૃષ્ણ નામથી **મળે નિવૃતિ** તૃષ્ણા વામે
॥૪૩॥

ભાવાર્થ – શ્રીકૃષ્ણભજનથી સંસારમાં વૈરાગ્ય આવે, સંસારની મિથ્યા ઝંઝાળોથી નિવૃત થઈ જાય, સંસારની સર્વ મિથ્યા તૃષ્ણાઓનો પણ નાશ થાય છે. અને દીવસે દીવસે પ્રભૂમાં પ્રેમ-આશક્તિ-અને વ્યસન દશાથી ભકત સદાયે અષ્ટ પ્રહર પ્રભૂમાં કેવળ તન્મય દશાનું જીવન જીવી અને પરમ ફલને પામે છે.

દેહમાંથી અંત સમયે જયારે જીવ જાય છે. ત્યારે મનુષ્યોને બહુજ કષ્ટ થાય છે. તેવી પીડા ભકતોને થતી નથી. એવાં દ્રષ્ટાંતો નજરે જોયાં છે. કે ભકત પોતે પોતાના હાથે અંત સમયે ગાયના ગોબર (છાણ) નું પોતનું કરી તેમાં બેસી સર્વને હાથ જોડી અને જયશ્રી કૃષ્ણ કરી અને દેહ છોડે છે, કોઇને અંત સમય અગાઉ પણ મનમાં આવી જાય છે, કે અમુક દીવસે મારે જવાનું છે. એટલે સહુને ગર્ભિત સૂચન કરે છે. કે હવે તો હું થોડા દીવસનો છું. અને સમય થયે તેઓ પણ દેહ ત્યાગ કરી ભગવદ્ ચરણમાં જાય છે, એક

વચનામૃતમાં લખ્યું છે કે સર્વ જગતને દેખાય છે, કે જેમ સર્વ જગતનાં મનુષ્યોનું મૃત્યુ થાય તેવીજ રીતે ભકતનું પણ થાય છે, તેમાં ભકતને માટે શું નવીન છે? પરંતુ બીલાડી પોતાના ભક્ષ્યને પણ એજ મોઢેથી પકડે છે. અને પોતાનાં બચ્ચાંને ફેરવતી વખતે પણ એજ મુખથી પકડે છે, પરંતુ બચ્ચાં ઓને તો પોતે ધારેલા સુરક્ષિત સ્થળે મુકે છે, અને તે પણ પ્રેમ વાત્સલ્ય પુર્વક રાખે છે. આવી રીતે કાળ પણ પ્રભૂનો દાસ છે. જેથી તે પ્રભૂ ભકતોને પોતાની હદ સુધી પ્રેમ અને વાત્સલ્ય પુર્વક પહોંચાડી તેને નમન કરી અને પાછો વળે છે. માટે આપણે પણ નિશ્ચય કરીએ કે ઉત્તમ સંગથી પ્રભૂ પ્રિય ભકત બનીએ.

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ–૬૯

જય જય યમુના આનંદ કંદની ॥
દરસ પરસ ત્રિવિધ તાપ જાત, દુઃખ નિકંદની
॥૧॥ અંગ અંગ છબિ તરંગ શોભાસિંધુની ॥
તાહિકે અઘ કુઠાર જાકે વંદની ॥૨॥ અક્ષય
આનંદ ગોવિંદ અગમગામિનિ ॥ હરિદાસ તટ
નિવાસ જન્મોજન્મની ॥૩॥

ભાવાર્થ : આનંદ કંદની હે શ્રીયમુનાજી આપનો જય થાઓ, જય થાઓ! આપનાં દર્શન અને જલ સ્પર્શથી જીવોના મન-વચન કર્મના ત્રણેય તાપોના દુઃખની નિકંદની છો. આપના અંગોઅંગમાં શોભા સિંધુના તરંગોના દર્શન થાય છે. જે કોઇ આપને વંદન કરે તેના પાપોને વંદન દર્શન "કુઠાર" થી કાપો છો. વેદોથી પણ અગમ એવા અક્ષય આનંદ મય ગોવિંદનું સદા સાનિધ્ય સેવન કરવાવાળા હે શ્રી યમુનાજી! આપનો જય થાઓ! જય થાઓ!

વિવેચન : હરિદાસની છાપ-ગોસ્વામીની શ્રી શોભામાજીની છે. આપે કૃપા કરી અને આપનાં કીર્તનો દ્વારા જીવોને ઘણી જ સરલતા બતાવી છે. શ્રીવલ્લભકુલ અને મહાનુભાવો સીવાય આવી કૃપા કોણ કરે. ગોસ્વામી બાલકો અને વહુજીઓનાં લીલામાં નિકુંજાધિપતિરૂપે સ્વરૂપ હોય છે, તેથી ત્યાંની લીલાના કિર્તનો ધોળ વિગેરે દ્વારા જીવોનું કલ્યાણ કરે છે શ્રી બાલકો અને વહુજીનાં કીર્તનો ધોળ સાક્ષાત લીલાનાં દર્શન કરી અને કરેલાં હોય છે અને તે દ્વારા જગતના અનેક જીવોનાં કલ્યાણ થાય છે માટે શ્રીવલ્લભ શરણ થકી સહુ પડે સહેલું–એમ માની શ્રીવલ્લભવલ્લભીના દાસ થઇ અને રહીએ જેથી લૌકિક અલૌકિક બન્ને સુગમ અને સુખમય બને છે.

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભ કે પદ

ભાવાર્થ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)

રાગ-કાફી,-તાલ-ત્રિતાલ

નૈન કટાક્ષ કો બાન ચલાવત,
વલ્લભ-પ્રીતમ પ્યારો રી;
ઘાયલસી હોં ઘુમત ડોલત,
નૈન નિરખિ છબિ હારોંરી. ૧
પ્રાણજીવન-ધન મેરે શ્રીવલ્લભ,
ઇન નૈનન કો તારોંરી;
'રસિક' શ્રીવલ્લભ મુખ-મુસ્કના પર,
તન-મન ધન સબ વારોંરી. ૨

ભાવાર્થ-શ્રીવલ્લભનાં કૃષ્ણરૂપ રસાત્મક સ્વરૂપની પ્રતીતિ કરતાં એક ભક્ત કહે છે કે આપનાં નયન કટાક્ષ તીર જેવા છે. જેમ કુશળ બાણાવળી જ્યારે તીર ચલાવે છે ત્યારે લક્ષ્યને વિંધે છે તેમ આપના નેત્રોરૂપી બાણથી આપનાં અનન્ય ભક્તોનું હૃદય વિંધાઇ જાય છે.

પછી આપનાં સ્વરૂપમાં એવી આસક્તિ થઇ જાય છે કે-જેમ તીર ખાઇને પક્ષી ઘાયલ થઇ જાય, પછી તેનામાં કંઇ પણ કરવાની શક્તિ રહેતી નથી. તેમજ નેત્રરૂથી તીરથી હું ઘાયલ થયેલ છું અને આપની મુખાકૃતિનાં દર્શન કરવા તલ પાપડ થઇ ચારેય બાજુ આપને શોધું છું.

હે વલ્લભ મારા પ્રાણજીવન આપજ મારી આંખોનાં તારા છો.

'રસિક' શ્રીહરિરાયજી કહે છે કે આપના મુખકમલ પર રહેલી જે મધુર મુસ્કાન છે તેના પર તો મારું મન, તન, અને ધન ત્રણેય વારૂં છું.

ધન એટલે સ્થુલ ધન નહીં, પરંતુ હૃદય ધન શ્રીવલ્લભ પર ન્યોછાવર કરવાની લાલસા નિષ્કામ અને રસિક ભક્ત રાખે છે.

(પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર પ્રકાશિત કેસેટ પુસ્તિકામાંથી સાભાર.)

શ્રીવલ્લભ સાથે લગ્ન

હું તો પરણી મારા વલ્લભ વરની સાથ
લગ્ન મારા થઇ ગયા રે.
ચંપારણ્યમાં માંડવો રોપાવ્યો,
ગણેશ બેસાડ્યા મારી જાતે- લગ્ન૦
સરખી સાહેલી મારા બાજઠીયા ઢાળે,
મેં તો પીઠી ચોળી છે મારી જાતે-લગ્ન૦
મામા મારા મામેરું લઇ આવે,
મેં તો પાનેતર પહેર્યું મારી જાતે-લગ્ન૦
વલ્લભવર મારા વરઘોડો લઇ આવે,
વરમાળા પહેરાવી મારી જાતે-લગ્ન૦
મંડપમાં મારા વલ્લભ વર આવે,
મેં તો પોંખ્યા છે મારે હાથે,-લગ્ન૦
સરખી સાહેલી મને વળાવવાને આવે,
હું તો ચાલી મારા સાસરીયાની વાટે-લગ્ન૦
વલ્લભ વર મને તેડવાને આવે,,
'લક્ષ્મી' તો મનમાં હરખાયે-લગ્ન૦

-અ.સૌ. લક્ષ્મીબેન અશ્વિનભાઈ દેસાઇ, અમદાવાદ.

શ્રીગિરિરાજજી

હરિદાસોમાં શ્રેષ્ઠ શ્રીગિરિરાજજી છે. એમને દાસ્યભક્તિ સિદ્ધ થઇ છે. સાધન રૂપ નવધા ભક્તિમાં હનુમાનજીને દાસ્યભક્તિ સિદ્ધ થઇ છે, અને ફલરૂપ નવધામાં દાસ્યભક્તિ શ્રી ગિરિરાજજીને વરી છે. તેથી જ શ્રીગોવર્ધનને "હરિદાસવર્ય" ની પદવી શ્રીગોપીજનોએ આપી છે. હનુમાનજીનો તો દેહજ દાસધર્મમાં ખપ્યો શ્રીગિરિરાજજીનો તો દેહ અને સંબંધી દરેક પદાર્થ પ્રભુના ઉપયોગમાં આવ્યો. ગિરિરાજજીમાં અનેક કંદરા છે. એ કંદરા છએ ઋતુઓમાં અનુકૂળ થઇ પડે છે જે ઋતુમાં જેવુ મદિર અથવા શય્યામંદિર જોઇએ તેવું જ કંદરામાં છે. ઝરણા ઝરે છે તે જળપાનને લાયક છે. કોમળ તૃણ-ઘાસ છે તે બીછાવવા યોગ્ય છે. અનેક પ્રકારનાં ફળ છે, તે લઇને શ્રીપુલિંદીજીઓ (ભીલ જાતિના ભકતો) પ્રભુને માટે ઉત્થાપન ભોગની સામગ્રી સિદ્ધ કરે છે. શ્રીપુલિંદીજીઓ પણ હરિદાસ શ્રીગિરિરાજના જ સંગથી, ભગવદીય શ્રી હરિદાસજીનાજ સંગથી ભગવદીય થઇ. ભગવદીયનું લક્ષણ જ એજ છે કે પોતે ભીંજેલા હોય અને બીજા સુકાને પણ ભીંજવીદે. જેમ ભીનું કપડું સુકાને ભીંજવી નાખે તેમ. પુલિંદીઓ તો ભિલ્લોની સ્ત્રી ગણાય, તે પણ ભગવદીય શ્રીહરિદાસજીના સંગથી ભગવદીય થઇ. ભગવદીયના સ્પર્શથી રોમાંચ થાય, એ પણ ભગવદીયનું બીજું લક્ષણ છે, તેથી શ્રીગિરિરાજજીમાં, ચરણારવિંદ, મુકુટ શ્રીહસ્ત, અંગુલી આદિ પ્રભુના લક્ષણો સામાં પ્રકટ થયાં છે. આ સાત્ત્વિકભાવનો આવિર્ભાવ છે.

શ્રીગિરિરાજ સિંહની માફક બિરાજે છે. તેથી દંડવતી શિલા એ ચરણારવિંદ છે. સ્નાનશિલા છે તે મુખરૂપ છે. વળી શ્રીગોવર્ધન હરિદાસ ભગવદ્ રૂપ પણ છે. અન્નકૂટ વખતે પ્રભુએ જ આજ્ઞા કરી હતી કે "હું પોતે આ પર્વતરૂપ છું."

શ્રીગિરિરાજજી શિલાની સેવા આવશ્યક છે. જ્યારે સેવાની ઇચ્છાથી તે શિલા પધરાવવી હોય ત્યારે શ્રીગોસ્વામી બાલકના શ્રીહસ્તથી જ તે પધરાવવી. તેને માટે જે ભેટ કરવી હોય તે શ્રીનાથજીને કરવી, કારણ કે શ્રીગોવર્ધનના નાથ તો એક માત્ર શ્રીનાથજી જ છે, ભેટ કાંઇ શ્રીગિરિરાજજીની પાસે ધરવાની નથી. ભેટ કેટલી ધરવી તેનું કાંઇ પ્રમાણ નથી. જે બને તે ધરવી. જ્યાં સેવામાં શાલિગ્રામજી બિરાજતા હોય ત્યાં ઉત્સવોમાં જન્મ સમયે તેમને જ પંચામૃત થાય, પણ ગોવર્ધન પૂજા સમયે માત્ર શ્રીગિરિરાજજીને જ સ્નાન થાય. શાલિગ્રામજી ન બિરાજતા હોય ત્યાં દરેક પ્રસંગે ગોવર્ધનશિલાનેજ પંચામૃતાદિક થાય.

વ્યાપિ વૈકુંઠમાં શ્રીગિરિરાજજી તે રત્ન ધાતુ મય છે. ("જ્યાં ધાતુરત્ન ગિરિરાજે") સારસ્વત કલ્પમાં પૂર્ણ પ્રાકટ્ય થયું ત્યારે સર્વ બડભાગીઓને નંદાલયનાં દર્શન પણ મણિઓનાં થાંભલાવાળા દિવ્ય મહેલ જેવાં થતાં અને શ્રીગિરિરાજજીની શિલાઓ પણ રત્ન તથા સુવર્ણની ધાતુની જ દેખાતી હતી,

શ્રી મહારાણીજીનાં પણ એ તટ રત્ન જટિત સીડીઓથી બાંધેલા દેખાતાં હતાં તે પછી સદા ભૌતિક એટલે લૌકિક જેવાં દેખાય છે. એ લૌકિકમાં આધ્યાત્મિકની ભાવના કરે તો તેવાં અલૌકિક આધિદૈવિક સ્વરૂપનાં પણ દર્શન થાય.

હવે શ્રીગિરિરાજજી હરિદાસવર્ય છે, ભગવદીય છે, પ્રભુની સેવામાં તત્પર રહે છે. પ્રભુની સાથે ગાય, ગોપ આદિ જે કોઇ આવે છે. તેમનું પણ સન્માન કરે છે. ગૃહસ્થાશ્રમ ભગવદીયના ધર્મનું પાલન કરે છે. સુંદરજળ, કોમળતૃણ, અને સ્વાદિષ્ટ કંદ મૂલ ફળ ફૂલ વગેરેથી સર્વનું અહર્નિશ સન્માન કરીને ભગવદીય તરીકેના ધર્મો શ્રીગિરિરાજજી બતાવી રહ્યા છે.

[શુધ્ધાદ્વૈત ભક્તિમાર્તંડ વર્ષ ૩ સં. ૧૯૮૪ શ્રાવણ અંકમાંથી સાભાર.]

‘પરિષદ’-પુષ્પ સમર્પિત

પરિષદ તો હૈ ઇક પુષ્પ-સુવાસ
વૈષ્ણવતા કા ઇસ મેં નિવાસ
બિછડોં કો અપને લાયે પાસ
મનમેં જાગૃત કરતી ઉલ્લાસ
વિમુખતા કા ઇસમેં હૈ હ્‌રાસ
દેતી અપનેપન કા આભાસ ।
‘સંગઠન’ હૈ યે નહીં પરિહાસ ।

–ગો. શ્રી દામોદરજી મહારાજ **ગોંડલ.**

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

જેઠ વદ ૪ તા. ૧૨-૬-૯૦ મંગળવાર ગો. ચિ. શ્રી ગિરધરલાલ બાવા (કામવન) નો જન્મ દિન

જેઠ વદ ૬ તા. ૧૪-૬-૯૦ ગુરુવાર ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજ (મુંબઇ) નો જન્મ દિન

જેઠ વદ ૧૦ તા. ૧૮-૬-૯૦ સોમવાર ગો. ચિ. શ્રી દર્શનકુમાર બાવા (કોટા-કડી ગોંડલ) નો જન્મ દિન

જેઠ વદ ૧૧ તા. ૧૯-૬-૯૦ મંગળવાર યોગિની એકાદશી વ્રત

જેઠ વદ ૧૪ તા. ૨૧-૬-૯૦ ગુરૂવાર ગો. ચિ. શ્રી દ્વારકેશલાલ બાવા (કામવન) નો જન્મ દિન

અષાડ સુદ ૩ તા. ૨૫-૬-૯૦ સોમવાર રથયાત્રા (પુષ્ય નક્ષત્ર હોવાથી આજે) ગો. ચિ. શ્રી અભિષેક કુમાર બાવા (મથુરા-ધોરાજી) નો તથા ગો ચિ. શ્રી કૃષ્ણકાંત બાવા (મુંબઇ) નો જન્મ દિન

અષાડ સુદ ૫ તા. ૨૭-૬-૯૦ બુધવાર શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી) નો પાટોત્સવ ગો. ચિ. શ્રી દામોદરરાય બાવા (મુંબઇ) નો જન્મ દિન ગ્રીષ્મ ઋતુ પૂરી થઇ

અષાડ સુદ ૬ તા. ૨૮-૬-૯૦ ગુરૂવાર કસુંબા છઠ્ઠ. શ્રી લક્ષ્મણ ભટ્ટજીનો ઉત્સવ દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ વર્ષાઋતુની શરૂઆત થઇ ભાદરવા સુદ ૧૦ સુધી

અષાડ સુદ ૭ તા. ૨૯-૬-૯૦ શુક્રવાર ગો. ચિ. મિલનકુમાર બાવા (મથુરા-પોરબંદર) નો જન્મ દિન

અષાડ સુદ ૮ તા. ૩૦-૬-૯૦ શનિવાર ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની-જામનગર) નો તથા ગો. ચિ. શ્રી પ્રમેયકુમાર બાવા (કોટા) નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી) નો જન્મ દિન

અષાડ સુદ ૧૦ તા. ૨-૭-૯૦ સોમવાર બેંગણ દશમ

અષાડ સુદ ૧૧ તા. ૩-૭-૯૦ મંગળવાર દેવશયની એકાદશી વ્રત ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ ધારણા પારણ વ્રત ગો. ચિ. શ્રી વ્રજેશકુમાર બાવા (કામવન) નો તથા ગો. ચિ. શ્રી લલિત ત્રિભંગી બાવા મુંબઇનો જન્મદિન

અષાડ સુદ ૧૪ તા. ૬-૭-૯૦ શુક્રવાર ગો. શ્રી દેવકીનંદનજી મહારાજ (શ્રીનાથદ્વારા) નો તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવા (મથુરા) નો જન્મ દિન

અષાડ સુદ ૧૫ તા. ૮-૭-૯૦ રવિવાર વ્યાસ પૂર્ણિમા, ગુરુ પૂર્ણિમા, મન્વવાદિ તિથિ. કચોરી પૂનમ ગો. ચિ. શ્રી મુકુટલાલ બાવા (ચાંપાસેની-જામનગર) નો જન્મ દિન ચાતુર્માસના નિયમનો આરંભ જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભકત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૨૮. રાગ-ધનાશ્રી વૌ. ૨૦

વંદો શ્રી પ્રભુદાસ જલોટા;
બડે કૃપા પાત્ર વલ્લભકા; મિલે ન જગમેં ઓટા ૧
શ્રીવલ્લભ કે સંગ રહત હૈ, છાંડ સકલ સંસાર યહ ખોટા;
અહિરની કો મુક્તિદીની, લીયો સાટ દહીં કો લોટા. ૨
"મન્થન મોદા" સખી લલિતાકી, મિલવત તાકો નંદકો છોટા;
'લાલદાસ' ગુન કૈસે બરણે, વે મહાન મૈં બહુત હી છોટા. ૩

૨૯. રાગ-ધનાશ્રી વૌ. ૨૧

વંદો શ્રી પ્રભુદાસજી ભાટ;
સખી 'કલહંસી' શ્રીલલિતાજીકી આયે શરન વિશ્રાંત ઘાટ. ૧
દૃઢ આશ્રય એક શ્રીવલ્ભકો લોકવેદ શૃંખલા દઇ કાટ;
નિંદક એક કીરત ચૌધરી, માર્યો વિષ્ણુ દુત પટકી ખાટ. ૨
પૃથોદકમેં પ્રાણ ન ત્યાગે, જ્ઞાનીજન જો ઘડે હુતે ઘાટ;
'લાલદાસ' ઘર આય તુરત હી, કર દંડવત્ ચલે વૈકુંઠ વાટ. ૩

૩૦. રાગ-ધનાશ્રી વૌ. ૨૨

વંદો શ્રીવૈષ્ણવ આગ્રાવાસી;
"માધવી-માલતી" ચંદ્રાવલીકી સખી, કોટી ચંદ્ર કલાસી ૧
નામ પુરુષોત્તમદાસ અરુ સ્ત્રી, દોઉ હૈ પ્રેમ રાસી;
માતા દોઉન કી આસુરી તાતે, ભઇ મૃત્યુ કી દાસી. ૨
શ્રીવિઠ્ઠલ મેં પ્રીત બહોત હૈ, ટહલ કરત હૈ ખાસી;
'લાલદાસ' શ્રીઠાકુર કે સેવત હૈ સુખરાખી ૩

૩૧. રાગ-ધનાશ્રી વૈ. ૨૩.

વંદો શ્રી ત્રિપુરદાસ કાયસ્થ;
પીંઠી દેત કબહુ નહીં પ્રભુકોં, સન્મુખ રહત મદનકે મન્મથ. ૧
સખી "હરિણી" શ્રીઠાકુરજી કી, સદા રહત પ્રીતમ કે સંગત;
ચાહે બુલાવન સખીયનકોં જબ, બચન સંદેશ હરિ ઇનસોં કથ. ૨
બિનુ ચરનામૃત જલ હુ ન લેત, ઐસે ચલત ટેકકે પથ
'લાલદાસ' પ્રભુ માંગ લઇ અંગી, ઐસે પૂરક ભકત મનોરથ —ક્રમશઃ

અપલક નયને કરું દર્શન

પ્રા. એમ. આર. પાલેજા રાજપીપળા

શિરપર સુંદર મયુર પિચ્છકં
ભાલે સુંદર અતીવ તિલકં
મનમોહક અતિ સુંદર અલકં
અપલક નયને કરું દર્શનં ! ૧
મલકિત મુખ નવનીત લપિટતં
નંદાલય મધુરવ કલકિંત
કૃત વ્રજ મંડલ અતિ પુલકિતં
અપલક નયને કરું દર્શનં. । ૨
નીજ પદરજ રંજિત કરં
વ્રજ મંડલ મંડિત કરં
નંદનંદન કરુણા કરં
અપલક નયને કરું દર્શનં ! ૩
ગો ગોપી પ્રિય ઘેનુચરં
શ્રી ગોવર્ધનગીરી ધરં.
રુષ્ટ – દેવેન્દ્ર દર્પ હરં
અપલક નયને કરું દર્શનં ! ૪
યશોદા નંદ લલિત વરં
સ્નેહ સુધારસ પાન કરં
શ્રી રાધા પ્રીતિ ધારા ધરં
અપલક નયને કરું દર્શનં ! ૫

૨. દર્શન દ્યોને

–શ્રી નટવરલાલ મ. શેઠ, અરાદ

વ્હાલા મારા અંતરિયામાં સાદ કર્યો,
કૃપા કરી ભકિત મહારસ ભાવ ભર્યો,
–દર્શન દ્યોને.

વ્હાલા તારું દર્શન મન તલપે,
વ્હાલા તારા વિયોગ રસમાં જીવ કલપે
–દર્શન દ્યોને.
વ્હાલા મારી પૂર્વ જનમની પ્રીત જાગી,
હવે મારી ભવો ભવની ભ્રમણા ભાંગી,
વ્હાલા મારા અંતરિયે હરનિશ રહેજો;
પંથ ભૂલુંના વ્હાલા હરિ સ્મરણ દેજો:
વહાલા મારી વિનતી એક જ તૂજ ચરણે,
‘નટવર’ કિંકર મન ઝંખે તમને.
–દર્શન દ્યોને.

વ્હાલા મારા તન મનના તાપો કાપો,
વ્રજમાં નિત્ય નિવાસ મને આપો.

૩. વિજ્ઞપ્તિ

–ભકત કવિ શ્રી દયારામભાઇ

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજી સ્વામી શામળિયા
વ્હાલા

સઘળું સમજો છો, અંતર યામી મારા વ્હાલા રે
ભય તો લાગે છે મુજને ભારી, શામળિયા
વ્હાલા

અંતકાળે શી વલે મારી, મારા વાહાલા રે.
જકત જાણે છે સંત સાચો, શામળિયા વાહાલા,
પાખંડી પૂરો, તમથી કાચો, મારા વાહાલા રે.
સેવા સ્મરણનાં ભાવે કીધું, શામળિયા વાહાલા.
મેં રંક સાધુને દુઃખ દીધું, મારા વ્હાલા રે.
શ્રીગુરુ સોંપ્યો તે વિચારી, શામળિયા વાહાલા.
તે સમે લેજો સુધ મારી, મારા વાહાલા રે.
બાંહ્ય ગ્રહ્યાની લાજ ધરજો, શામળિયા વાહાલા.
હું પીડાનાં પામું એવું કરજો, મારા વાહાલા રે.
મન મુખ લોચનમાં આવી રહેજો, શામળિયા
વાહાલા.

દોષ નાં જોશો. દર્શન દેજો, મારા વાહાલા રે.
શ્રીમુખ બોલ્યા તે સાચું કરજો, શામળિયા
તે સમે દુઃખ **‘દયા’**ના હરજો, મારા વાહાલા રે.

ત્રિવિધ ધારા

પ્રેષક – એક વૈષ્ણવ

૧. અભિલાષા

મન મારૂં સદા શ્રી કૃષ્ણઃ શરણં મમ જપ્યા કરે,
થવાનું હોય તે થાય, તો પણ ત્રિવિધ તાપથી ના ડરે.
રાખી દૃઢ વિશ્વાસ, નિવેદનનું અનુસંધાન સદા રહે,
દારાગાર સ્વજન બંધુમાં, પ્રભુના સંબંધે જ પ્રિતિ રહે.
સમસ્ત જીવ ઇશ્વરી અંશ છે, તેમાં હરિભકત વિશેષ છે,
જીવ સ્વતંત્ર નથી ઇશ્વરાધિન છે, માટે જ દાસ ધર્મ શ્રેષ્ઠ છે.
વશમાં રહે સર્વ ઇંદ્રિયો, બુદ્ધિ લીલા ચિંતનમાં ભમે,
રાત દિવસ રટતું જ રહે મન, પ્રભુથી અન્ય વાતો ન ગમે.
જતન કરી રાખું રૂદીયામાં, પ્રભુનું નામ રૂપ ગુણ ગાથા,
મગન થઇ રહે તન ને મન, વિરહથી થાય તન્મયતા.
હે હરિ જેવો છું તેવો છું, તો પણ સમર્પણથી આપનોજ છું,
તારવો કે ડૂબાડવો આપ જાણો, હું તો આધિન આપને જ છું.
પરમ દયાળુનાં શરણે રહી, આશ્રય એક દૃઢથી રહે,
ચિરકાલ ચતુર ચિંતામણીનું, ચિંતન ચિત્તો ચાલુ રહે.
સર્વેશ્વર સુખદાતા અંતર્યામી, એવું આપનું નામ છે,
ન્યૂનતમ હવે શું રહ્યું, જ્યારે શ્રીવલ્લભનું શરણ મલ્યું જ છે.
જાગ્યા ત્યારથી સવાર ગણી, સમજ્યા ત્યારથી સાર ગણી,
ગયો સમય ભૂલી જઇ, હવે તો ચિતડું ચાલે હરિ ભણી.
નાદમાં હરિ નામ નિકળે, શ્વાસે શ્વાસની કિંમત ગણી,
થયું થશે તેની ચિંતા છોડી, લગની લાગે હરિ ભણી.

૨. સંગ

સાથ જોઇએ હરિ ભકતનો, ભવપાર ઉતારવા ભોમિયો,
રહે મન સ્થિર સંગના રંગે, ભગવદ્ ચરણનો ભોમિયો.
દાસ પણું દૃઢ થઇ રહે, અભિમાન અહંતા દૂર પળે,
સદા એક રસ નિર્મળ સરિતા, શ્યામ સિંધુને જઈ મળે.
દર્શન લોભી, નેન મન લોભી, ચિંતન રસના હરિ ગુણ ગાવે,
ન રહે ચિંતા લોક પરલોકની, ભકત સંગે ભગવંત મળાવે.

૩. હરિ ભકત

રતન અમોલખ હરિ ભકત કહી યે, જેના વશમાં રહે વનમાળી,
વહેતી હ્રુદયમાં સ્નેહ સરિતા, અનુભવ વિના કેમ જાયે કળી.
જીવન આદર્શ સ્વધર્મ પાલન, સેવા સુમરન ચેન ન આવે,
ભાગવત્ ગૂઢાર્થ પ્રકાશન શ્રીવલ્લભજી, એ વિન ચિત્તમાં અન્ય ન આવે.
ઇષ્ટ અનિષ્ટની ચિંતા છોડી, તન મનથી પ્રભુ પરાયણ રહે,
પળવાર મનથી પ્રભુ નહી વિસરે, વાણી સદા શ્રી વલ્લભ કહે.
ટેક જેની અદ્દ્ભુત એવી, એકે ઇંદ્રિય પ્રભુથી વિમુખ જાય જ નહી,
લલિત ત્રિભંગી રાસ રસિકની ચિંતની ચિત્તથી રોકી રહે જ નહી.

ભાગવત્ ધર્મમાં મનને પરોવી રાખવા સંગની જરૂર અવશ્ય રહે છે. ભગવત્ પ્રેમીને ભગવાનનું જ સ્મરણ હોઈ અને તેને તે સિવાય બીજામાં રુચિ રહેતી નથી. સંસારમાં આવી દરેક કાર્યો કરે છે, પણ કરવા પૂરતું જ કરે. કેમકે જેમનાં હ્રુદયમાં અમૃત ધારા પ્રભુ ચિતવની ચાલતી જ હોય. જે જાણે છે કે જીવ ભટકતો આવ્યો છે, આ વખતે જ લ્હાવો છે, કેમકે બ્રહ્મસંબંધ મંત્રથી શ્રી મહાપ્રભુજીએ જીવને અપનાવ્યા છે. ભાગવત્‌નો ગૂઢ અર્થ સરળ કરી બધા શાસ્ત્રોનો સાર સમજાવ્યો છે. મન એટલું ચંચળ છે કે તેને કામ જોઇએ, નવરું બેસતું જ નથી. જાગતાં તો ઠીક પણ ઊંઘમાં પણ કયાં કયાં જાય છે તેની સીમા નથી. માટે એને કામ આપો કે તારે ભટકવું હોય તો ભગવત્લીલામાં ભટક, જેથી સાર હાથમાં આવે. મિથ્યા ચિતવનીનું તો મિથ્યા જ ફળ હોઇ, પણ પ્રભુ પરાયણ સર્વે ઇંદ્રિયો જોડવી હોય તો મનને તેમાં લગાડવું જોઇએ. કોઇ પણ ઇંદ્રિયને પરાણે ખેંચતા નહીં આવે. તેને રોજનો અભ્યાસ થશે ત્યારે જ તે જ સર્વ ઇંદ્રિયો સંસારી વૃત્તિ છોડી પ્રભુ પરાયણ બની રહેશે. આ કહેવું સહેલું છે, અપનાવવું કઠણ છે. માટે જ હરિ ભકતનો સંગ હોય તો ભકતનાં સંગે ભકત જ બને.

૧. મંગલાચરણ

લેખક : **શ્રીયુત ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી, ખંભાત**

[**નિવેદન** – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મહાસભાનું કાર્યવાહક મંડળ આ સભાનું કાર્ય કેમ આગળ ચાલે, વૈષ્ણવ જનતામાં પોતાના ધર્મ પ્રત્યેનો પ્રેમ કેમ જાગૃત થાય તેને માટે રાત્રિદિવસ ચિંતન કર્યા કરે છે. સભાઓ ભરી ભાષણો કરવાથી જેવી જોઈએ તેવી જાગૃતિ ન આવી. કેમકે આજ કાલ વ્યાવહારિક પ્રપંચમાં મશગુલ બનેલાઓને આવી ધાર્મિક પ્રવૃતિમાં લાભ મેળવવાનો પણ અવકાશ નથી. એટલે આપણે જે કાર્ય કરવા ધારીયે છીએ તે માત્ર ભાષણો કરવાથી સિદ્ધ ન જ થાય, એમ નિશ્ચિત થયું જેથી આ મંડળે બાળકોને ધાર્મિક સંસ્કાર બાલપણામાં જ પાડયા હોય તો સમય આંવતાં તે સુંદર રીતે ઊગી નીકળે એમ નકકી કરી પ્રથમ એક પાઠશાળા રીચી રોડ ઉપર બાલા હનુમાન આગળ મહાસભાની ઓફીસ શરૂ કરી તેમાં સમય રાત્રિનો હોવાથી નાના બાળકો આવી શકવા ન લાગ્યાં અને કેટલાકને બહુ દુર

પડતું હોવાથી લાભ લઈ શકયા નહિ, પણ તેનું કાર્ય સુંદર રીતે ચાલવા લાગ્યું એટલે બીજા લતાઓમાં પણ આવી પાઠશાળાઓ કાઢી હોય તો ઘણા તેનો લાભ લઈ શકે એમ વિચારી રાજા મહેતાની પોળમાં માંડવીની પોળમાં, દેવજી સરૈયાની પોળ (સાંકડી શેરી) અને જમાલપુરમાં વર્ગો ખોલ્યા અને તે પણ સુંદર ચાલવા લાગ્યા, હાલમાં આ સભા તરફથી સાત વર્ગો શરૂ થઈ ગયેલા અમે તેમાં ૩૫૦ -બાળકો અને બાળિકાઓ લાભ લઈ રહયા હતા.

ઉપરની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને પાઠય પુસ્તકો તરીકે રા. વસંતરામ શાસ્ત્રી તરફથી પ્રગટ થયેલી 'બાલ શિક્ષાઓ'નો ઉપયોગ કરવા માંડયો. તેની સાથે સ્તોત્રો અને પદ્યો પણ મોઢે કરાવવાં, વાર્તાઓ કહેવી શરૂ કરી. મોટા વિદ્યાર્થીઓને અર્થ સહિત સ્તોત્રો શીખવવા માંડયા તેમ રા. ચીમનલાલ શાસ્ત્રીની 'પુષ્ટિ માર્ગોપદેશિકાનો ક્રમ રાખ્યો. બાલશિક્ષામાં રા. ભાઈ દીનકિંકરે 'ધર્મનું તત્ત્વ' સરલ રીતે સુંદર ભાષામાં દર્શાવેલું હોવાથી બાળકો આનંદ સાથે તેનો લાભ લેવા લાગ્યા. પરંતુ અંગ્રેજી સ્કુલોમાં અભ્યાસ કરતા બાળકો સામાન્ય ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરે, નિત્ય કર્મ જાણે, આચાર વિચાર શિખીને પાળતા થાય, ધર્મ પર શ્રધ્ધાળુ બને અને સંસ્કૃત ભાષામાં પણ કંઈક પ્રવેશ કરે એમ બહુ સરલ નહિ અને કિલષ્ટ પણ નહિ તેવી ભાષામાં લખાયેલા પુસ્તકની જરૂર જણાઈ. માટે તે મંડળના કહેવાથી આપ સમક્ષ આ ધર્મશિક્ષણ પાઠશાળાનું પ્રથમ પુસ્તક રજુ કરૂં છું. પ્રભુનો પ્રેરણાથી મારા અંતરમાં જે વિચારો સ્ફૂર્યા તેનો આ સંગ્રહ છે. કોઈ કોઈ સ્થળે નાના દષ્ટાંતો પણ ચૂંટી કાઢી આપવામાં આવ્યા છે. તથા દયારામભાઈ વગેરે મહાનુભાવીઓનાં પદ્યો વગેરે આપીને યથામતિ આ પ્રકાશ કર્યો છે તેનો આપ આદર પૂર્વક સ્વીકાર કરશો એમ આશા રાખું છું. — લેખક]

નોંધ – લેખક શ્રી ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી, ખંભાત દ્વારા બાળકોમાં સંસ્કાર સીંચન થાય તેવા પાઠો લખેલ તે અગાઉના શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ માસિકમાં ક્રમશઃ પ્રસિદ્ધ થયેલા છે તેમજ આં. રા. પુ. વૈ. પરિષદના માધ્યમથી શહેરમાં લતે લતે અને ગામડાઓમાં પાઠશાળા ખોલાય ને તે દ્વારા બાળકોમાં સંસ્કાર-સિદ્ધાંત-સ્તોત્રપાઠ-કીર્તન શિખડાવવા પ્રેરાય તેવા શુભ આશયથી લેખકશ્રીના પાઠમાળા-લેખમાળા 'શ્રીવલ્લભ સુધા' માં ક્રમશઃ પ્રસિદ્ધ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે

— સંપાદક]

આપણા પૂર્વના ઋષિઓની ભાવના ઘણી ઊંચા પ્રકારની હતી. તેઓ કોઇ પણ કાર્ય ભગવાનની પ્રેરણાથી જ થાય છે એમ માની અભિમાન છોડીને સર્વકાર્યનો આરંભ કરતા. પ્રભુકૃપા વિના કંઇ પણ થઇ શકે નહિ, કાર્યમાં વિઘ્ન ન આવે માટે તથા શિષ્યોના કલ્યાણ સારૂ આરંભેલા કાર્યની સમાપ્તિ થવા તેઓ મંગલાચરણ કરતા.

મંગલાચરણ શબ્દમાં બે શબ્દો છે. મંગલ અને આચરણ. મંગલ એટલે શુભ કલ્યાણ તેવું આચરણ-વર્તન કરવું, એટલે શુભ થાય તેવી રીતે વર્તન કરવું.

બોલો, હવે શુભ કેવી રીતે થાય ? જેમણે પ્રાણીમાત્રના સુખ માટે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ વગેરે બનાવ્યા તે પ્રભુને પ્રણામ કરવાથી જ શુભ થાય. શુભને અર્પણ કરવાવાળા પરમાત્મા હોવાથી તેમને જ નમન કરવું યોગ્ય હોઇ શકે, જેમને મંગલ મેળવવાની જરૂર હોય શુભ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેમનો તો પ્રભુને નમન કર્યે જ છુટકો.

આપણે તો વિદ્યા ભણનારા બાળકો ઠર્યા, વિદ્યાથી જ આપણું જીવન સુંદર, રસમય, સ્વતંત્ર, પ્રમાદ–આળસ રહિત અને આનંદમય બને. આ કંઇ નાનું સૂનું કાર્ય છે? આવા મોટા કાર્યમાં અવશ્ય પ્રભુને નિરંતર નમવું જોઇએ. સવારમાં પ્રભુને પ્રથમ નમન કરવું તે મંગલાચરણ માટે ઊંઠો. આ મંગલ સમયમાં મંગલમય પ્રભુ શ્રીકૃષ્ણને નમન કરીએ.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
નામરૂપ વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ ॥૧॥

અન્વયાર્થ : જે નામ અને રૂપના ભેદ વડે જગત્ રૂપે ક્રીડા કરે છે, ખેલે છે તે ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

વિવેચન : આ જગતના સઘળા જીવો જગન્નિયંતા પરમાત્માને નમન કરે છે કેમકે બીજી કોઇ રીતે તેમના ઉપકારોનો બદલો વાળી શકાય એમ નથી. પરમેશ્વરે પોતાના રમણને માટે જગત્ પ્રકટ કર્યું એટલે પોતે જ જગત્રૂપે થઇ રમણ કરે–ખેલે. તેવા જગત્માં આપણે પણ આવ્યા. આપણા રક્ષક, સ્વામી તે જ ઠર્યા, એટલે સેવકોએ તો સ્વામીને નમન કરવું જ યોગ્ય ગણાય, સર્વશક્તિમાન પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન પ્રેમપૂર્વક પ્રણામ સિવાય બીજું શું હોઇ શકે? શ્રીકૃષ્ણને નમન કરવાનું કારણ એ કે—

કૃષ્ણ શબ્દ પરમાત્માવાચક છે. પ્રભુનાં જુદાં જુદાં નામોમાં આ નામની જુદી જ ખૂબી છે. આપણે તો મંગળ શુભ–સુખ આનંદને ચાહનારા છીએ. તો તે મંગળની આનંદની સીમા તે નામમાં છે. જગત્ની સર્વસત્તા અને આનંદની સીમા એ બન્ને કૃષ્ણ શબ્દમાં સંપૂર્ણપણે શોભે છે. માટે સર્વ નામો કરતાં આ નામની જરૂર વિશેષ છે.

વળી તે આશ્ચર્યકારક કર્મ કરનારા છે. બીજા કોઇથી ન થઇ શકે તેવાં કામો આશ્ચર્ય ઉપજાવે. શ્રીકૃષ્ણમાં તેવાં કામો પદે પદે ખીલી રહ્યાં છે. બાળક છતાં યશોદાજીને પોતાના મુખમાં સર્વવિશ્વને દેખાડયું. ગોવર્ધન ધારણ કરી સર્વ વ્રજનું રક્ષણ કરવું. સર્વમાન્ય ગીતામાં અર્જુનને રથમાં પોતાનામાં વિશ્વનું દર્શન કરાવી તેના સર્વ સંશયને ટાળ્યા. એવા કર્મો અન્યથી ન બને, માટે તેમને પ્રાતઃકાળમાં નમન કરવું જ જોઇએ.

[શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડ વર્ષ ૩ સં. ૧૯૮૪ ભાદ્રપદના અંક ૬માંથી સાભાર]

સમાચાર

જામનગર–શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટય મહોત્સવ ત્રણ દિવસના કાર્યક્રમથી ઉજવવામાં આવ્યો.

પહેલે દિવસે શ્રી વલ્લભસિદ્ધાંત પ્રશ્નોતરી (કવીઝ ટાઇમ પ્રકારની) યોજેલ જેનું સંચલન પૂ. પા. ગો. શ્રી નવનીતલાલજી બાવાશ્રીએ તથા પ્રો. શ્રી લાભુભાઈ પુરોહિતે કરેલ. શ્રી માર્કંડભાઇ ઘોળકીયાએ તેમાં સહયોગી તરીકે સેવા આપેલ. પ્રશ્નોતરીમાં ૩૫ જેટલી વ્યકિતઓએ ભાગ લીધેલ. ભાગ લેનાર દરેકને પુરસ્કાર અપાયેલ.

ઉત્સવના દિને શોભાયાત્રા ત્રણથી ચાર હજાર અનુયાયીઓના સમૂહવાળી શહેરનામુખ્ય રસ્તાઓ ઉપર ફરી મોટી હવેલીમાં સભાના રૂપમાં ફેરવાયેલ. અધ્યક્ષસ્થાને પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી બિરાજેલા. સભામાં કબીર આશ્રમના શ્રી રામસ્વરૂપદાસજી તથા તેમના શિષ્યે ઉદ્બોધન કરેલ.

સ્વાગત પ્રવચન શ્રી પ્રતાપભાઈ બદીયાણીએ કરેલ. પ્રાસંગીક પ્રવચન શ્રી જયંતિભાઈ સોની તથા શ્રી વલ્લભદાસ ચોટાઈ અને શ્રી જયેન્દ્રભાઈ અડાલજાએ કરેલ.

સભાને પૂ. પા. ગો. શ્રી નવનીતલાલજી મહોદયે તથા અધ્યક્ષશ્રીએ વચનામૃત કરેલા.

ત્રીજે દિવસે જામનગર આં. પુ. વૈ. પરિષદનું સંમેલન યોજવામાં આવેલ. સંમેલનનું અધ્યક્ષસ્થાન પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીએ શોભાવેલ. રાજકોટથી સંમેલનમાં હાજરી આપવા સંગઠન મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખર તથા શ્રી કાંતિભાઈ રાધનપરા આવેલ. સભામાં વિવિધ રીતના ઠરાવો થયેલ.

જુનાગઢ-શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ પૂ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીના, અધ્યક્ષસ્થાને ધામધુમની ઉજવવામાં આવેલ. જેમાં સ્થાનીક વૈષ્ણવો, વેપારીઓ તથા જીલ્લાના સમસ્ત વૈષ્ણવ સમાજે ભાગ લીધેલ. સાધુ સમાજે પણ ભાગ લીધેલ.

પ્રભાતફેરી, વરણાગી શ્રી મહાપ્રભુજીની બેઠકેથી નીકળી જુના મંડાણમાં સભાના રૂપમાં ફેરવાયેલ તેમાં પ્રસંગાનુસાર પ્રવચનો થયેલ તેમજ સરકારે પાઠ્ય પુસ્તકમાંથી નરસિંહ મહેતાના કાવ્યો જે રદ કરેલ છે તે દાખલ કરવા તથા શ્રી મહાપ્રભુજીના ઉત્સવની જાહેર રજા પાડવા ઠરાવ થયેલ.

ચાંદીનો વરખ શાકાહાર છે ?

શું તમે ભોજનના અંતે પાન–મિઠાઈ અથવા સુગંધી સોપારી ખાવાની પસંદ, કરો છો ? અને જો આ વસ્તુઓ ઉપર ચાંદીનો વરખ લગાડાયો તો તો શું કહેવું. મજા જ આવી જાય ને. આ ચાંદીનો વરખ બહુ મોંઘો નથી. હોતો. ચાંદીનો વરખ વજન ઉપર મળે છે. સામાન્ય રીતે ૧૬૦ વરખ ૧૦૦–૨૦૦ રૂપિયા સુધીમાં મળી જાય છે. આથી એક રૂપિયાનો એક વરખ ગણી શકાય.

હવે તો મીઠાઈ, સુગંધીદાર સોપારી પાન અને ફુલો ઉપર પણ વરખો લગાડવામાં આવે છે ક્યારેક તો કોઈ આર્યુવેદીક દવાઓને પણ ચાંદીના વરખ દ્વારા લપેટીના રાખવાનું કહેવામાં આવે છે.

શું તમને ખબર છે આ વરખ કઈ રીતે બને છે ? બળદના માંસવાળા આંતરડાને ચોપડી જેવું બનાવી તેમાં ચાંદીના પાતળા પતંરા મૂકીને વરખ બનાવાય છે બીજા અર્થમાં કહીએ તો બળદને કતલખાનામાં મારી નાખીને તેના આંતરડા બહાર કાઢીને તરત જ વરખ બનાવવાવાળાને વેચી દેવામાં આવે છે. આ વાત ત્યાં સુધી કહી શકાય કે, બળદના આંતરડા તરત જ વેચી દેવા પડે છે કારણ કે એક દિવસ જુના આંતરડા કામમાં નથી આવતા તે થોડા કલાકો પછી જ ઢીલા પડી જતા હોય છે.

વરખ બનાવેલા માટે આંતરડામાંથી લોહી સાફ કરી તેના કટકા કરીને આ કટકા એક ઉપર એક ગોઠવીને થપ્પી જેવું (ચોપડી જેવું) બનાવાય છે પછી આ પુસ્તક જેવા ભાગને કારખાનામાં લઈ જઈને એક–એક પત્તા ઉપર હથોડા મારવામાં આવે છે. આવું કરવાથી ચાંદી (અથવા સોનું) પાતળી થતી જાય છે અને છેવટે વરખનું રૂપ ધારણ કરે છે.

બળદના આંતરડા એટલા મજબુત હોય છે કે, લગાતાર હથોડી મારવા છતાં પણ આ આંતરડાને કાંઈ જ નથી થતું અને એની અંદર રખાયેલ ચાંદીનું પતરું પણ આડું અવળું થતું નથી. પરંતુ લગાતાર હથોડા મારવાથી બળદના આંતરડાનાં થોડા ભાગ વરખમાં ભળી જાય છે.

ત્યારબાદ આ વરખ મીઠાઈવાળાઓ પાસે કે મીઠી સોપારીવાળા પાસે વેચાય જાય છે. જ્યાં વરખનું ઉત્પાદન થોડા પ્રમાણમાં થતું હોય છે. ત્યાં વરખને મંદિરોમાં વહેંચવામાં આવે છે જ્યાં વરખને પ્રસાદરૂપે ચઢાવાય છે. આ વરખ ગંદી વસ્તુ તો છે જ, માંસાહારી પણ છે. માંસ ખાવાવાળાઓ પણ આંતરડા નથી ખાતા. પરંતુ આ વરખ સોપારી અને મીઠાઈને માંસાહારી બનાવી દે છે.

થોડાં વર્ષો પહેલાં ઈન્ડિયન એરલાઈન્સ આ વાતની ખબર પડી કે, વરખ શાકાહારી નથી ત્યારથી તેઓએ તેનો ઉપયોગ ભારતીય વિમાનમાં પિરસવામાં આવતી મીઠાઈઓ ઉપર બંધ કરી દીધો

લેખિકા : મેનકા ગાંધી (પર્યાવરણ ખાતાના રાજ્ય કક્ષાના મંત્રી)

અનુવાદ : રૂપેશ શાહ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, મહિલા ટાઈમ્સ પૂર્તિ : તા. ૩ ફેબ્રુઆરી ૧૯૯૦ ઉપરથી

પૂ. પા. ગો. **શ્રી અનિરૂધ્ધલાલજી મહારાજ** (માંડવી–હાલોલ) દ્વારા પ્રેષિત.

(ટાઈટલ બીજા પાનેથી ચાલુ)

ભાગ લેનાર દરેક બાળકોને પુસ્તકોનો સેટ પ. ભ. શ્રી કાન્તીભાઈ રાધનપુરા તથા શ્રી ડાયાભાઈ ડેલાવાળા દ્વારા પૂ. ગો. બાલકોના કર કમલો દ્વારા અપાવી પ્રોત્સાહિત કરેલ.

સાડા ત્રણ વર્ષની વયના આનંદ ઠકકર દ્વારા ચતુ:શ્લોકીના શુદ્ધ ઉચ્ચાર પુર્વકના પાઠથી પૂ. ગો. બાલકો ખૂબ જ પ્રસન્ન થયેલ.

આ કાર્યક્રમમાં આ વિસ્તારના વૈષ્ણવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

દરબારગઢ વિસ્તારની ‘શ્રી વલ્લભ બાલ સંસ્કાર નિકુંજ’ પાઠશાળાનો વાર્ષિક ઉત્સવ તા. ૧૩–૫–૯૦ રવીવારે સાંજે પાંચ વાગે શ્રી સાતસ્વરૂપ હવેલીમાં પૂ પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદર) અને પુ. પા. ગો શ્રી ગોવિંદરાયજી મહોદય (રાજકોટ)ની સાનિધ્યમાં અનેરા ઉત્સાહથી ઉજવાયે.

આ સમગ્ર કાર્યકમનું સંચાલન પણ આ પાઠશાળાના બન્ને સંચાલીકા, શ્રીમતિ કુમુદિનીબેન સોની અને ઉર્મીલાબેન ડેલાવાળાએ કરેલ. સ્વાગત પ્રવચન પ. ભ. વર્ષાબેને કરેલ પાઠશાળાના બાળકો દ્વારા પ્રારંભમાં મંગલાચરણ અને ત્યારબાદ ૩૫ બાલક બાલીકાઓ દ્વારા શ્રી સર્વોત્તમ સ્તોત્રના એક એક શ્લોકના પાઠ તેમજ બીજાં સ્તોત્ર પાઠો. બાલીકાઓ દ્વારા ‘સાચાં સબંધી રે શ્રી ગોકુલ ક્યારે જાશું’’ એ ધોળ સાથે રાસ નટખટ કનૈયાએ લઘુ નાટીકા, અને બાલકો દ્વારા વ્રજમાં ઉગ્યાં મોતી’ એ નાટીકા રજુ થયેલ

નાની નાની બાલીકાઓએ ૮૪, અને ૨૫૨ વૈષ્ણવોના જીવનપ્રસંગો યાદ કરીને પોતાની બાલસુલભ કાલીઘેલી વાણીમાં ‘ભોળી વહુની વાર્તા’ પાથો ગુજરી’નો પ્રસંગ અને શ્રી વલ્લભાખ્યાનનું પ્રાકટય ગોપાલદાસજીનો પ્રસંગ કહી વૈષ્ણવોને આશ્ચર્ય ચકિત કરી દીધેલ. વૈષ્ણવોચિત સામાન્ય જ્ઞાનના પ્રશ્નોના દરેક બાળકોએ સચોટ ઉત્તરો આપેલ.

નાટીકાઓ રાસ આદિ તૈયાર કરવામાં પ. ભ. કુ. વર્ષાબેન ઠકકરનું નોંધપાત્ર યોગદાન રહેલ.

પુ. પા ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીએ વર્તમાન સમયમાં નવી પેઢીને ધર્માભીમુખ બનાવવાના આ પ્રયાસોને આશિર્વાદ પ્રદાન કરેલ.

પુ પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ પણ બાલકોને આવા સંસ્કાર સીંચન સતત મલતાં રહે અને દરેક જગ્યાએ બાલકોને સ્તોત્રપાઠ સિદ્ધાન્ત મલે તે માટે લતે લતે પાઠશાળાઓ ચલાવવા આજ્ઞા કરેલ. અને સર્વે કાર્યકર્તાઓને બન્ને પુ. ગો. બાલકોએ આશિર્વાદ પ્રદાન કરેલ

બન્ને કાર્યક્રમો યોજવામાં પરિષદની રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાન્તીભાઈ રાધનપુરા શ્રી ડાયાભાઇ ડેલાવાળા શ્રી ગોરધનભાઇ શનિશ્વરા શ્રી મનસુખભાઈ રાણપરા શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા શ્રી શ્રી ભુપેન્દ્રભાઈ ધાબલીયા શ્રી અવન્તિલાલ ધોળકીઆ સાતસ્વરૂપ હવેલીના ટ્રસ્ટી શ્રી હરિદાસભાઈ વગેરેએ સુંદર સહયોગ આપેલ.

કાર્યકમના અંતમાં પાઠશાળાના લગભગ ૧૦૦ બાળકોને નાની થેલીઓમાં પુસ્તકો અને મહાપ્રસાદ પુ. આચાર્યશ્રીઓના વરદ હસ્તે અપાયેલ. પુસ્તકો શ્રી કાન્તીભાઇ રાધનપુરા શ્રી તારાચંદભાઇ સોની અને શ્રી મનસુખભાઇ તરફથી અપાયેલ જયારે થેલીઓ અને મહાપ્રસાદ પાઠશાળાના સંચાલિકા શ્રીમતિ કુમુદિની બેન સોની તરફથી અપાયેલ.

આ કાર્યક્રમોથી પ્રેરણા લઇ શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતા અને શ્રીમતિ મીનાક્ષીબેન મહેતાએ ૨૦, મીલપરા ‘શ્રી યમુના નિકુંજ’ના પોતાના નિવાસ્થાને નિત્ય પાઠશાળા પ્રારંભ કરેલ છે. તેજ પ્રમાણે શ્રી ભૂપેંદ્રનભાઈ ધાબલીયા અમરનાથ પ્લોટ કાલાવડ રોડ ‘અલકાવલી’ના પોતાના નિવાંસસ્થાને નિત્ય પાઠશાળા ચાલુ કરેલ છે. અને ૧૪, જંકશન પ્લોટ ‘પ્રકાશકુંજ’ શ્રી આર. કે. પટેલને ત્યાં પણ તા. ૧૯–૫–૯૦થી નિત્ય પાઠશાળા પ્રારંભ થયેલ છે. આમ રાજકોટમાં પાંચ કેન્દ્રો ચાલુ છે.

ગરબી

વ્હાલા ! કરવી છે હૈયાની વાતડી રે;
વિના ભાવે કોઇને ન સમજાય–
મારા વ્હાલા કરવી છે હૈયાની વાતડી રે.... ટેક૦
ભર્યો જાદુ નિરખું તારી હાટડી રે;
કૌતુક નિત્યં નવાં નવાં થાય— મારા વ્હાલા૦ ૧
હું તો જોઉં વ્હાલા તારી વાટડી રે;
મારી પળ એક, જુગ જેવી જાય, મારા વ્હાલા૦ ૨
બેસું સત્સંગીઓ કને બે ઘડી રે;
અંતર ખોલું તો રસ ઢળી જાય, મારા વ્હાલા૦ ૩
સંગ કરતાં કરૂં ખૂબ ખાતરી રે;
તો એ અંતરિયે થાય આઘાત, મારા વ્હાલા૦ ૪
મારા તનને ભીડાઇ માયા ઘાટડી રે;
ઝેરી વાયુ કલિયુગનો વાય, મારા વ્હાલા૦ ૫
હું તો જનમો જનમથી ઝંખ્યા કરૂં રે;
વ્હાલા ! અંતરે મુંઝવણ થાય, મારા વ્હાલા૦ ૬
મને ગિરિધરલાલ ગુરુ મળ્યા રે;
વલ્લભે સોંપી શ્રી ચરણે શ્રીનાથ, મારા વ્હાલા૦ ૭
અગ્નિ વિરહનો ઉઠયો છે પ્રજ્વલી રે;
વ્હાલા ! કોઇને કહ્યું નવ જાય, મારા વ્હાલા૦ ૮
'નટવર' દાસી વિનવું ખોળા પાથરી રે;
મુજને આપો ગૌલોક વાસ. મારા વ્હાલા૦ ૯

—પ. ભ. શ્રી નટવરલાલ મ. શેઠ, અરાદ

◆

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રીવલ્લભસુધા

હિંડોરાકે પદ

[રાગ – મલ્હાર]

ઝૂલત સંગ શ્યામા શ્યામ;
પરમ શોભા જલધિ પેખત, સકુચિ વશ રતિ કામ. ૧

મેઘ ગરજત મંદ બરસત, ઇતે યમુના જોર;
ગોપિકા ઇત ગીત ગાવેં, ઇતે બોલત મોર. ૨

જહાં મંગલ નિત્ય શ્રીવન, રમક દેત બધાઇ;
ઉડત નીલ દુકૂલ કબહૂં, પીતપટ ફહરાઇ. ૩

મંદ મૃદુ મુસિકાનિ અમૃત, નૈન લાભ અમોલ;
'દાસ વલ્લભ' દેખિ યહ સુખ, ભયો ચિત અલોલ. ૪

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૯ : અંક ૪ ◆ **જુલાઈ, ૧૯૯૦**

શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

પુસ્તક પરિચય

નમો દેવિ યમુને

પ્રકાશક : શ્રી સર્વોત્તમ સ્તોત્ર
પ્રચારક મંડળ (ધોરાજી)
સંપાદક : રવજી પ. પટેલ
પ્રસ્તાવના : પૂ. અ. સૌ. ગો. કુમુદિની વહુજી, ગોંડલ
સોળ પેઇજ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૯૨ કીંમત રૂા. ૧૦ પોસ્ટેજ રૂા. ૫

પ્રાપ્તીસ્થાન :

(૧) શ્રી વલ્લભ સુધા કાર્યાલય, કંસારા મહાજનવાડી બિલ્ડીંગ લોહાણાપરા, રાજકોટ–૩૬૦૦૦૧
(૨) સોની મનસુખલાલ માવજીભાઈ શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલી, રાજકોટ
(૩) શ્રી દામોદર પ્રાગજીભાઈ પુસ્તક વિક્રેતા, શ્રી ગોપીનાથજીની હવેલી પાસે, પોરબંદર–૩૬૦૫૭૫

પ્રસ્તુત પુસ્તકમાં શ્રી યમુનાજીના પ્રાકટ્ય–સ્વરૂપ–માહાત્મ્ય સંબંધના વિસ્તૃત પ્રામાણિત લેખો, ઉપરાંત ૧૫૦ ઉપરાંત ગરબા–રાસ આધુનિક અર્વાચિન રચનાઓ સરળતાથી ગાઇ શકાય તેવા રાગ–ઢાળ વાળાનો અનુપમ સંગ્રહ સર્વજન ઉપયોગી છે.

પ્રસ્તુત પુસ્તકનો ઉપોદ્ઘાત પૂ. પા. ગો, શ્રી દામોદરજી મહારાજશ્રી (ગોંડલ)એ લખેલો, તેમજ શુભ કામના પૂ. પા. ગો. શ્રી પ્રબોધકૂમારજી બાવાશ્રી (ધોરાજી) અને પૂ પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર)એ લખેલી છે.

પુષ્ટિધન રમણરેતી લીલામૃત ભાગ ૩જો

લેખક–પ્રકાશક–શ્રી રમણલાલ મહાસુખલાલ શેઠ, શ્રીજીવાડા, ગોધરા

ન્યોછાવર બે રૂપિયા પોસ્ટેજ રૂા. 0–30 પૈસા એકસો ઉપરાંત પુસ્તકો મંગાવનારને એસ. ટી. પાર્સલથી તેમના ગામે એસ. ટી. ડેપો પર પ્રકાશકના ખર્ચે મોકલી આપવામાં આવશે.

પ્રસ્તુક પુસ્તકમાં શ્રી ઠાકોરજીના રૂપ, ગુણ અને લીલાઓના વર્ણન કરતા લગભગ ૭૫ પાનામાં સરળતાથી ગાઇ સકાય તેવા ધોળ–કીર્તનોનો આઠ પેઇજી ડેમી સાઇઝમાં કાચા પૂઠામાં સંગ્રહાયેલ છે. તેમજ લીલાત્મક અને ઉપદેશાત્મક ગદ્યના ફકરાઓ પણ મનનીય છે.

બાલબોધ (હિન્દીમાં)

ટીકાકાર – પં. સબલ કિશોર પાઠક
પ્રકાશક – શ્રીકૃષ્ણ સત્સંગ ભવન પ્રકાશન, ૯૬૬, ગત શ્રમ ટીલા–મથુરા
સોળ ક્રાઉન સાઈઝના પૃષ્ઠ ૭૨ કાચુ પુઠુ–મુલ્ય રૂા. ૧૦/

પ્રસ્તુત પુસ્તકમાં ષોડશ ગ્રંથ પૈકી બીજો ગ્રંથ "બાલ બોધ" છે પુરૂષાર્થ શોધ" નામની હિન્દી વ્યાખ્યા કરેલ છે જેનું અવલોકન ગોકુલવાસી પૂ. પા. ગો. શ્રી ચિમ્મનલાલજી મહારાજશ્રીએ લખી આપેલ છે સદરહુ વ્યાખ્યા અવગાહનીય અને મનનીય છે.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૪ * જુલાઈ, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

પ્રારબ્ધ

લેખક : **નિ લી.ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજ**, કોટા-કડી
અનુવાદક : **ચુનીલાલ રવજી બાલધા** (આંખના સર્જન)

સુખમા પતિતં સેવ્યં, દુઃખમા પતિતં તથા ।
ચક્રવત્ પરિવર્તંતે, દુઃખાની ચ સુખાનિ ચ ॥

નીતિકાર કહે છે કે સુખ આવે તો તેમને માણી લો. આ સુખ આપણા ગયા જન્મન શુભકર્મોના ફળરૂપે ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત થયા છે, તેથી આપણા જીવનનો નિર્વાહ જે રીતે થઇ શકે તે રીતે કરીને બાકી બચતને પ્રભુ પ્રિત્યર્થેના શુભ કાર્યોમાં લગાડો, મોજશોખમાં નકામું ખર્ચ નહીં કરો.

એજ પ્રમાણે દુઃખ આવે તો તે પણ આપણા કર્મોનું જ ફળ છે. તેથી જ તેમને ધીરજથી સહન કરો અને તેને માટે કોઇને દોષ ન આપો. વળી સુખનો સમય પણ સદાય નથી રહેતો. એટલા માટે આ સમયે બની શકે તેટલી ભલાઇ કરી લ્યો. તે જ પ્રમાણે દુઃખના દિવસો પણ સદાય નથી રહેતા. તેથી જ શાંતિથી આ સમયને પસાર કરવો જોઇએ.

---

* શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વાતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

જે રીતે ગાડીના પૈડામાં ઘણા આરા હોય છે. પૈડાના કારણે તે આરા ઉપર નીચે આવ જા કરે છે. તે જ પ્રમાણે જીવનના પૈડામાં સુખદુઃખરૂપી આરાઓ ફરતા રહે છે. કોઈ આરો હંમેશાં એક જગ્યાએ સ્થિર નથી રહી શકતો. જયારે આખું વિશ્વચક્ર ફરતું રહે છે તો પછી સુખદુઃખ સ્થિર કેમ રહી શકે ?

આપણા ઋષિમુનિઓ અને આચાર્યોનો એટલો મોટો ઉપકાર છે કે તેમના ઋણમાંથી કયારેય આપણો છુટકારો નહીં થઇ શકે. તેમના ત્રણમાંથી મુકત થવાનો આપણો ફકત એક જ ઉપાય છે કે આપણે તેમના ઉપદેશ અનુસાર આચરણ કરીને ભગવદ્ પ્રાપ્તિ કરી લઇએ. તે સિવાય ઋણ મુકત થવાનો બીજો કોઇ માર્ગ નથી. દરેક માનવે પોતાની જીવન નાતિ એવી બનાવવી જોઇએ કે જેનાથી તે ઉત્તરોત્તર ઉન્નતિ કરી શકે. તેને માટે તેમણે ચાર પુરૂષાર્થની યોજના બનાવી છે. આ ચારે પુરૂષાર્થ માત્ર માનવ શરીરમાં જ સિદ્ધ થઇ શકે છે. તેને જ કારણે માનવ શરીર સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે.

આ ચાર પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. આમાંથી વચ્ચેના બે પુરૂષાર્થ અર્થ અને કામ એટલે કે જીવન નિર્વાહના સાધન તો જન્મ પહેલાં જ નિશ્ચિત થઇ જાય છે અને આ નિશ્ચિત કર્મફળ ભોગોને પ્રારબ્ધ નામ આપવામાં આવે છે. એ રીતે સ્થૂળ શરીર પોતાના નિર્વાહની બાબતમાં પૂર્ણરૂપે પ્રારબ્ધને આધિન છે. તેથી તેને માટે કોઈ ખાસ પરિશ્રમ કરવો પડતો નથી. વિશેષમાં ધર્મને મુખ્ય સ્થાન આપીને એમ સૂચિત કરેલ છે કે શરીર નિર્વાહના સાધનોને પ્રાપ્ત કરવામાં પણ ધર્મનો આધાર કયારેય પણ છોડવો ન જોઇએ.

જો અધર્મથી શરીરના ભોગ મેળવવામાં આવે તો છેલ્લો અને સર્વશ્રેષ્ઠ પુરૂષાર્થ મોક્ષ નથી થઇ શકતો. આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજીએ એક મનુષ્ય છળકપટથી કોઇ મનુષ્યને દગો દઇને તેની પાસેથી ૧૦૦ રૂપિયા મેળવે છે અને અહંકારથી ફૂલાઇને પોતાની ચતુરાઇ બતાવીને કહે છે, જુઓ મે કેવી ચાલાકીથી ઘડીભરમાં સો રૂપિયા કમાઇ લીધા, પરંતુ એ તો એ મનુષ્યના મનનું અજ્ઞાન છે. રૂપિયા તો પ્રારબ્ધ અનુસાર તેને મળવાના પરંતુ તેની સાથે જન્મજન્માંતરમાં અધોગતિ આપનાર જે પાપ કમાયો તેનું શું થશે ?

ભલા વિચારીએ, અર્થ અને કામના સાધન પ્રત્યક્ષ જગતના છે. તેથી જ બાહ્ય વ્યવહારમાં પ્રત્યક્ષરૂપે આપણને જે કંઇ મળે છે. તે પ્રારબ્ધ અનુસાર જ મળે છે. પરંતુ ધર્મ તથા મોક્ષ બંનેનો સંબંધ આંતરિક મનોભાવ સાથે છે. એટલે જ મનુષ્યે પુરૂષાર્થ કરવો જોઇએ. સો રૂપિયા તો પ્રારબ્ધના યોગથી મળવાના હતા. પરંતુ પુરૂષાર્થના રૂપમાં તે અધર્મ જ કમાયો. તેથી જ મોક્ષના સાધન માટે ધર્મનું અવલંબન જરૂરી છે. આને માટે આ ચારે પુરૂષાર્થનો સબંધ એવો કરવો જોઇએ કે જેનાથી ધર્મના માર્ગ પર ચાલતા શરીરનો નિર્વાહ યોગ્ય રીતે કરતો રહે અને જીવનનું અંતિમ ધ્યેય તો ભગવત્ પ્રાપ્તિ જ છે. આ નિશ્ચય કરીને એવું કોઇ પણ કામ ન કરે, જે ભગવત્પ્રાપ્તિમાં વિઘ્ન ઉત્પન્ન કરતું હોય.

પરંતુ આજના યુગમાં ભોગવાસના એટલી વિશેષ તીવ્ર બનતી જાય છે કે મનુષ્યને ધર્મનું નામ લેવામાં પણ હિચકિચાટ થાય છે. ત્યારે તેના નિયમોનું પાલન તો તે કેમ કરી શકે ? પોતાના શરીરના સુખ સિવાય તેને બીજું કંઇ પણ દેખાતું નથી. તેથી કરીને શરીરને સુખ પહોંચાડવામાં તે જીવનની શ્રેષ્ઠતા માને છે દરેક મનુષ્યને બધાથી વધારે ભોગ સામગ્રી જોઇએ છે. ત્યારે જીવનમાં સંઘર્ષ ન હોય તો શું હોય ? અને જ્યાં સંઘર્ષમાં જીવન વીતાવવું પડે છે ત્યાં સુખના દર્શન કયાંથી થઇ શકે ? (અશાંતસ્ય કુતઃ સુખમ્)

આ પ્રમાણેનો સંઘર્ષ જાગે નહીં તેને માટે ઋષિમુનિઓએ વર્ણ વ્યવસ્થાનું નિર્માણ કર્યું હતું. જે મનુષ્ય જે વર્ણમાં જન્મે તે પોતાના ધર્મ પ્રમાણે પોતાની આજીવિકા પ્રાપ્ત કરે. દરજીનો પુત્ર દરજીનું કામ કરે. લુહારનો પુત્ર લુહારનું કામ કરે અને કુંભારનો પુત્ર માટીના વાસણ બનાવે. આમાં એકબીજાથી ઊંચો છે એવી કોઇ ભાવના જ ન હતી, કારણ કે દરેક વર્ગ પોતપોતાના કામમાં ગૌરવ અનુભવતો હતો, અને પોતાની કળાને જાતે વિકસિત કરતો. આજે આ વ્યવસ્થાને સુધારવાના નામે મિટાવી દેવામાં આવી છે. અને વ્યક્તિ સ્વાતંત્ર્યને નામે એમ નક્કી કરવામાં આવ્યું છે કે કોઈપણ મનુષ્ય પોતાને સારો લાગે તે ધંધો કરી શકે છે. ફળ સ્વરૂપ આપણે આંખથી જોઇએ છીએ કે આજ આજીવિકા માટે સંઘર્ષ અત્યંત તીવ્ર થતો જાય છે. પરંતુ અત્યાર સુધી આપણા દુઃખનો અંત નથી આવ્યો અને આ દિશામાં કોઇની આંખ નથી ખુલતી કે વર્ણ વ્યવસ્થા દ્વારા સમાજ રચના સુદૃઢ બનાવી અંતિમ ધ્યેય મોક્ષની પ્રાપ્તિ માટે આશ્રમ વ્યવસ્થા બનાવવામાં આવી હતી. ઇચ્છે તે વર્ણનો મનુષ્ય આશ્રમમાં રહીને મોક્ષ સાધના કરી શકે છે. ગીતા કહે છે (નહિ કશ્ચિત ક્ષણમપિ જાતુતિષ્ઠત્યત્યકર્મકૃત)

દેહધરી ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી. (તથા–પુનઃ શરીર યાત્રાપિ ચ તેન પ્રસિદ્ધયેદ કર્મણ) શરીરનો નિર્વાહ પણ કર્મ કર્યા વગર થઇ શકતો નથી. આ રીતે કર્મ કરવું અનિવાર્ય છે. તેથી પહેલાં કર્મનું સ્વરૂપ સમજીએ.

કર્મનો સર્વ પ્રથમ સિદ્ધાંત એ છે કે

‘અવશ્યમેવ ભોકત્વ્યં કૃત કર્મ શુભાશુભમ નામુકક્ષીયતે કર્મ કલ્પ કોઇ શતૈરપિ.” જે શુભ અશુભ કર્મ કર્યા હોય છે તેના ફળ સ્વરૂપે સુખ દુઃખના ભોગ ભોગવ્યા વિના છૂટકારો થતો નથી, કારણ કે કરોડો કલ્પ વીતી ગયે પણ તેના ફળ ભોગવવામાંથી બચવાનો કોઇ ઉપાય નથી. મનુષ્ય જાણે છે કે પુણ્ય કર્મનું ફળ સુખ છે અને તેને સુખની આવશ્યકતા છે એ પણ સત્ય છે. પરંતુ ખરેખર તે પુણ્ય કર્મ તો કરતો નથી પણ પાપ કર્મ જ કર્યે જાય છે, દુઃખ કોઇનેય નથી જોઇતું છતાં પણ તે પાપ કર્મ શોધી શોધીને કરે છે, તો પછી જીવને દુઃખ સિવાય બીજું શું મળી શકે ?

તેથી જ જો આપને સુખ શાંતિ જોઇએ તો શુભ કર્મ ખૂબ કરો અને અશુભને છોડી દો. જે વાવશો તે લણવું પડશે. બાવળ વાવીને કેરી ખાવાની આશા રાખવી એ ખોટું છે.

આ પ્રમાણે પ્રારબ્ધનું સ્વરૂપ જાણીને તેમાં વિશ્વાસ રાખનાર વ્યક્તિ સુખમય જીવન વિતાવે છે, અને જેના તેમાં વિશ્વાસ નથી તેનું જીવન વ્યર્થ ચાલ્યુ જાય છે. એક બીજી વાત વિશેષ સમજી લેવી જોઇએ કે વર્તમાન જીવનમાં જે રીતે શરીરના નિર્વાહ માટે મનુષ્યને પ્રારબ્ધને આધિન હોય છે, પરંતુ ભાવિ જીવનનું નિર્માણ કરવામાં તે તેનાથી (પ્રારબ્ધથી) સ્વતંત્ર છે ભૂતકાળ પાછો આવી શકતો નથી. તેથી પ્રારબ્ધ ભોગ ભોગવ્યા સિવાય છુટકારો નથા જેવું. કર્મ મનુષ્ય કરશે તેવું જ. ફળ તેને મળશે. પરંતુ વર્તમાન અને ભવિષ્યનું તો મનુષ્યના હાથમાં છે. તેથી ભવિષ્યનું નિર્માણ કરવામાં તે મનુષ્ય સોળે આના સ્વતંત્ર છે. આ વાત શ્રીકૃષ્ણ ભગવાનને આ પ્રમાણે સમજાવી છે– કર્મ કરતાં રહેવું જોઇએ, પરંતુ ફળની ઇચ્છા ન રાખવી જોઇએ. ફળ તો જે મળવાનું હશે તે મળશે જ.

“કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન’

કરેલા કર્મના ફળ ભોગવવામાં જે રીતે તદ્દન પરતંત્ર છે તેનાથી વિશેષ વર્તમાન શરીરથી કર્મ કરીને પરલોક સુધારવામાં આપ સ્વતંત્ર છો. આ વાત એમના માટે છે કે જેમને પરલોક અને પુનર્જન્મમાં વિશ્વાસ છે. પરંતુ જેમનું મન એમ માનતું હોય કે ‘અયં લોકો નાસ્તિ પર જ્ઞતિ માનિ પુગઃ પુનર્વશમાપદ્ય તે માં’ આજે દેખાય છે તે શરીર અને આલોક સિવાય બીજુ કંઈ નથી, એમ જે માને છે તેને માટે આ વિચારો કામના નથી. તેને માટે તો બસ જન્મ લેવો, ખાવું પીવું અને જીવન પુરૂં કરવું તથા પશુની માફક પરવશ થઇ મૃત્યુના શરણમાં જવું–એ તો પશુની માફક જન્મે છે ફકત મરવા માટે જ. પરમાત્મા સર્વને સન્મતિ આપે એવી પ્રાર્થના હું ભગવાનને કરીશ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભ કે પદ

ભાવાર્થ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)

રાગ-મધુકંસ, તાલ-અદ્ધા ત્રિતાલ

શ્રીવલ્લભ મધુરાકૃત મેરે,
શ્રીવલ્લભ મધુરાકૃત મેરે;

સદા બસો મન યહ જીવન ધન,
સબહિન સોં જુ કહત હે ટેરે. ૧

મધુર બદન અતિ મધુર નયન યુગ,
મધુ ભ્રોહ અલકન કી પાંત;

મધુર ભાલ બિચ તિલક મધુર,
અતિ મધુર નાસિકા કહી ન જાત. ૨

મધુર અધર રસ રૂપ મધુર છબિ,
મધુર મધુર અતિ લલિત કપોલ;

મધુર શ્રવણ કુંડલ કી ઝલકન મધુર,
મધુર માનો કરત કલોલ. ૩

મધુર કટાક્ષ કૃપા પૂરન અતિ,
મધુર મનોહર વચન વિશાલ;

મધુર ઉગાર દેત દાસન કો,
મધુર વિરાજત મુખ મૃદુ હાસ. ૪

મધુર કંઠ આભૂષણ ભૂષિત,
મધુર ઉરસ્થલ રૂપ સમાજ;
અતિ વિશાલ જાનુ અવલંબિત,

મધુર બાહુ પરિરંભણ કાજ. ૫
મધુર ઉદર કટિ મધુર જાનુ યુગ,
મધુર ચરન ગતિ સબ સુખ રાસ;
મધુર ચરન કી રેનુ નિરંતર,
જનમ જનમ માંગત 'હરિદાસ' ૬

ભાવાર્થ-આચાર્ય સ્વરૂપે તો પ્રગટ શ્રીવલ્લભનું સ્વરૂપ છે, પરંતુ આપનાં અંતરંગ, અનન્ય રસપાગી ભકતો આપનાં વસ્તુતઃ કૃષ્ણ એવ, એ કૃષ્ણનું રૂપ ધ્યાન દ્વારા દર્શન કરી શ્રીહરિરાયજી 'હરિદાસ' કહે છે કે મારા વલ્લભની સર્વે આકૃતિ મધુર છે. મધુરતમ છે.

શ્રી હરિરાયજી કહે છે કે સદા હે વલ્લભ ! મારા મનરૂપી મંદિરમાં બિરાજો. મારા જીવનનું પરમધન એજ છે કે જેનાથી ધન્યતાનો ભાવ હૃદયમાં નિરંતર રહે છે. આપનું શ્રીઅંગ અતિ મધુર છે તેમજ જે નેત્રો દ્વારા સ્વકીય જીવોપર કૃપા રસનાં અમી ઝરણાઓ દ્વારા પોતાના સાન્નિધ્યમાત્રથી કૃષ્ણ પ્રેમનાં અનુરાગી બનાવો છો એ નેત્રોનું માધુર્ય અનિર્વચનીય છે. તેનું તો પાન જ કરી શકાય નેત્રો પરની ભ્રોંહ પંક્તિ કેવી આકર્ષક છે ! મધુર છે !

આપનાં મુગ્ધ કરનારા ભાલપર વચમાં રહેલ શ્રી સ્વામિનીજીની ચરણાકૃતિરૂપ તિલક અને આપની નાસિકાનું પરમ મનોહારી સ્વરૂપનું વર્ણન કયા શબ્દોમાં કરી શકાય ?

નિજજનોને અધરામૃતનું અવિરત પાન કરાવનાર આપનાં અધરનું માહાત્મ્ય અને તે સમયે અનુભવાતી આપની મોહક છબિ તથા આપનાં કમલ સમાન કોમલ અને અરૂણ રંગ રંજીત કપોલનું કઇ રીતે વર્ણન કરૂં ? અનિર્વચનીય અને અનુભવૈક ગમ્ય છે. શબ્દમર્યાદાથી પર છે.

આપનાં ઉભય કરણ પર જે કુંડલોની શોભા ઝલકે છે ત્યારે લાગે છે કે પ્રાણપતિના

ઉભય કરણુ પર બિરાજીને એ કુંડલો પણુ કલ્લોલ કરે છે. આનંદ વ્યકત કરે છે.

આપશ્રી જયારે સ્વકીયો પર વચનામૃતનું માધુર્ય પ્રગટ કરે છે અને એ વાકયોમાં રહેલ મધુર કટાક્ષોનું શ્રવણુ ભકત કરે છે ત્યારે એ મધુર વચનો તો હૃદયમાં સોંસરવા ઉતરીને આનંદિત કરે છે. એકાંતાવસ્થામાં આપે પોતાનાં તદીયો મધ્યે પ્રગટ કરેલ વચનો તો સમુદ્ર કરતાં અધિક અગાધ છે.

અધરામૃત દ્વારા સર્વાભિોગ્યા સુધારૂપચર્વિત તાંબુલનું દાન કરીને તથા બરબસ મોહિત કરનાર આપનું મૃદુ હાસ્ય આપની સહજ શોભાની પણુ અભિવૃદ્ધિ કરે છે.

આપના કંઠમાં બિરાજતાં આભૂષણો આપનાં શ્રીઅંગનાં સ્પર્શથી શોભાયમાન છે. અને ઉર સ્થલે બિરાજતાં આભુષણો તો આપનો અલૌકિક ભકત સમાજ છે.

આપનાં મધુર બાહુ કેટલાં વિશાળ છે કે જે પોતાનાં અંતરંગ નિજેચ્છાને જાણુકાર ભકતોને ભેટવાને માટે સદા તત્પર છે.

આપે ધરાવેલી કકિમેખલા અને ચરણની વિવિધ રસાત્મક ગતિ વિધિ સમયે પ્રગટ થતું રૂપ અને ગુણુ માહાત્મ્યનું ચિંતન અતિ દુર્લભ છે. પરંતુ કૃપા દાનરૂપી વર્ષણુ સમયે કૃપા કરૂણાથી સુલભ બન્યા છે, સ્વકીયોને એ શું આશ્ચર્યની વાત નથી ?

“શ્રીહરિદાસ” કહે છે-એ સાક્ષાત કૃષ્ણુરૂપ રસાત્મક શ્રીવલ્લભની ચરણુરેણુ જન્મો જન્મ પ્રાપ્ત થાય એ જ યાચના કરે છે અને આવી યાચના નિજ પુષ્ટિજનોને કરવાની શીખ આપે છે.

[પુષ્ટિ પરાગ વૈષ્ણુવ વિહાર, સિહોર પ્રક.શિત કેસેટ પુસ્તિકામાંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણુ હ. ૫. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણુ

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રીકૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. પ. ભ. મીસ્ત્રી રવજીભાઇ 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

કેવળકૃષ્ણનામથી સર્વ ચિંતા ચુરણ
કેવળકૃષ્ણનામથી સકલ કામના પુરણ ।।૪૪।।

ભાવાર્થ–પ્રભૂ ભજનથી ભક્તની સર્વ ચિંતાઓ ટળી જાય છે. આ લોક અને પરલોકમાં પણ તે નિશ્ચિંત થાય છે. તેમાં લૌકીક ચિંતાઓતો સહેજે ટળી જાય છે.

એક કુંભાર ભક્ત હતા, તેઓ પોતાનો ધંધો કરી અને માંડ ગુજરાન ચલાવતા હતા, તેનો મોટો ભાઇ દ્રવ્ય પાત્ર હતો અને તેઓ ભકતને મેણાં આપતાં કે જુઓ તમે ભક્ત થયા છો તો ભૂખે મરો છો, અને અમે આનંદ કરીએ છીએ. પરંતુ ભકતે તો ચીંતાને ચુર્ણ કરી હતી. પરંતુ પ્રભૂને થયું કે મારા ભક્તને પણ કંઇક આપું કે જગતને એમ લાગે કે ભક્ત સાથે સદા ભગવાન છે, એક દીવસ કુંભાર ભક્ત સવારમાં વહેલા ઉઠી બન્ને માટી ખોદવા ગયા અને માટીના ખાડામાં જોયું તો એક ખચ્ચર ગધેડા ઉપર મોટો કોથળો જોયો અને જોયું તો સોના મહોરો હતી, તે ભક્ત ઘેરે લાવ્યા પહેલાંના સમયમાં રાજાઓ લડાઇ લડવા જાતા ત્યારે દ્રવ્યના થેલાઓ ખચ્ચર ઉંપર અને ઉટ ઉપર નાખી અને લઇ જતા તેમાંથી પ્રભુએ એક ખચ્ચરને છુટું પાડી અને ભકત માટે મોકલી આપ્યું અને ભકતનું મેણું ભાંગ્યુ, આમ લોકની રીતે પણ પ્રભૂ પોતાના ભકતને ઉણો રહેવા દેતા નથી, પરંતુ ભકત તો સદાયે નિર્લેપજ રહે છે. તેની તૃષ્ણાઓનું તો ચુરણ થઇ ગયેલું જ હોય છે, કારણ કે તેની લૌકીક અને અલૌકીક રીતે પણ સર્વકામનાઓ પ્રભૂ ભકિતથી પુર્ણ થઇજ ગયેલી હોય છે, તેને તો પ્રભૂ સાથે જ તાલાવેલી હોય છે, દયારામભાઇ તેમના ભકિત પોષણમાં કહે છે કે **જગત જાણે એ છે ઝંઝાળી રાખેહ્રદેત્રીકમ શુંતાળી** માટે સદા પ્રભૂ ભજન કરીએ કે જેથી સર્વચિંતાઓ ચુર્ણ એની મેળે જ થઇ જાય.

કોઇ પણ વીધીએ કૃષ્ણ કહે ન પડે દુઃખ સહેવું
રહે પ્રેમ વિશ્વાસ સહિત તો ત્યાં શું કહેવું
।।૪૫।।

ભાવાર્થ–કોઇ પણ જીવ, કોઈ પણ ભાવનાથી શ્રી કૃષ્ણનું રટણ કરે, તો તેને પણ કોઇ પ્રકારનું દુખ સહન કરવું પડતું નથી. અજામિલે જન્મ ભર પ્રભૂ નામજ લીધું નહતું છતાં પુત્ર નારાયણને બોલાવવાથી તેની સદ્ગતિ થઇ ગણીકાએ પોપટ પઢાવવાની મિષે નામ લીધું તો તેની પણ સદ્ગતિ થઈ–ગજેન્દ્ર ગ્રાહથી પીડાઇ અંત સમયે નામ લીધું, અને તે પણ મુકત થયો, આમ કોઇ પણ મિષનામ લેવા વાળાનો પણ ઉદ્ધાર થયો છે, તો સ્નેહ સહિત જેઓ ભકિત કરે તેનું શું કહેવું જ.

દુરાચરણ તજી ભાવ ભરોંસે કૃષ્ણ કૃષ્ણ કહે
થોડામાં શ્રીકૃષ્ણ મળે કરી પોતાનો લહે ।।૪૬।।

ભાવાર્થ–પોતાની અન્યથા અને અવગતિ કરે તેવાં, આચરણો છોડી અને ભરોસો રાખી સ્નેહ પુર્વક નામ લહે અને પ્રભૂનો થઇ અને રહે, તો પણ પ્રભૂ તેને કૃપા કરી પોતાનો કરે છે અને તેને સાક્ષાત્ દર્શન આપી કૃતાર્થ કરે છે.

એક ભકતનું કીર્તન છે કે –

ચરણ શરણ બ્રજ રાજ કુંવર કે ॥
હમવિધિ અવિધિ કછુ નહીં સમજત –
રહત ભરોંસે મુરલી ધરકે ॥૧॥
રહત આસરે બ્રજ મંડલ મેં
ભૂજા છાંહ શ્રીગીરીવરધરકે ॥
પ્રભૂ મુકુંદ માધો સુખદાયી –
હાથ બીકાને શ્રી રાધાવરકે ॥૨॥

આવી નિઃસાધનતા સહિત ભજન કરે તો પ્રભુ તુરત જ પ્રસન્ન થઈ પોતાનો કરે છે.

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી**

શ્રીયમુને કરૂણામયિ વિનંતિ સુન લીજે ॥
દર્શન તેં પાવન સદા સ્મરત અઘ છીજે ॥૧॥
મજ્જન તુવજલ પાવની મન શુદ્ધ કર લીજે ॥
શ્રીવિઠ્ઠલ ગિરિધરનકે ગાઉ ગુન રસ ભીજે ॥૨॥

ભાવાર્થ–હે કરૂણા મયી શ્રીયમુનાજી મારી વિનંતિ સાંભળજો જીવો આપના દર્શનથી પાવન થાય છે અને સ્મરણ માત્રથી જીવોનાં પાપોનો નાશ થઇ જાય છે. આપના સ્નેહ રસ સમાન પરમ પાવન જલમાં સ્નાન કરવાથી મન પણ પાવન અને શુદ્ધ થાય છે તેમ મને પણ શુદ્ધ કરજો જેથી આપના રસમાં સદા રસ બોળ રહી અને શ્રીવિઠ્ઠલ ગિરધરના સદા ગુણ ગાન કરૂં

વિવેચન–હે અખિલ સુખ દાયિની અને પરમ રસ દાની શ્રીયમુનાજી ! માતૃવાત્સલ્યથી નિજાશ્રિતોને પોષવાવાળાં કરૂણા રસાબ્ધિ શ્રીયમુનાજીદાસ દાસી ઉપર સ્વામિને તો સ્નેહ હોય જ છે પરંતુ સ્વામિનિનો સ્નેહ અને કૃપા અદ્દભૂત હોય છે કારણકે સાથે વાત્સલ્ય પણ હોય છે તેની કૃપાનો થાહ કે કિનારો હોતો નથી આપનો આશ્રય કરનાર ધ્રુવજી બાલક હતા આપના આશ્રયથી એ મન માની સિદ્ધિને પામ્યા–પરાશરજી સૌભરીઋષિને તેનું ઇષ્ટ આપ્યું કુમારીકાઓ પણ ફકત પાંચ વર્ષનાંજ હતાં તેઓએ આપનો આશ્રય કર્યો તો પરમ ઇષ્ટ એવું સાક્ષાત પુર્ણપુરૂષોત્તમ સાથે રાસવિહાર અને મનમાન્યું સર્વ સુખ મળ્યું એવાં હે શ્રીયમુનાજી મારી વિનંતિ સાંભળજો આપનો જય થાઓ....

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

રચિયતા—ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મિસ્ત્રી, 'વ્રજ' ધોરાજી.

[નિ. લી પૂ પા. ગો. શ્રી રણછોડલાલજી મહારાજ (પ્રથમેશજી) ના અંતરંગ સેવક ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મિસ્ત્રીએ આપશ્રીના ૧૦૮ નામોની પદાવલીની રચના કરેલી તે પદાવલીનો સંગ્રહ તેમના સુપુત્ર પ. ભ. શ્રી ગોવિંદભાઇ રવજીભાઇ મકવાણા એ "શ્રીવલ્લભ સુધા"માં પ્રકાશિત કરવા મોકલાવતા ધન્યવાદ સહ- વાચક વર્ગ માટે ક્રમશઃ પ્રસ્તુત છે]

વંદન

શ્રીવલ્લભ મધૂરેશજુ, શ્રી મધૂપતિ વલ્લભરાય;
એક ચના દ્વે દાર જ્યોં; એક હી રૂપ સુભાય. ૧
પ્રથમ ઈશ શ્રી મધૂપતિ–મધૂપતિ શ્રીપ્રથમેશ;
નામ એક ઓર રૂપદ્વય, લીલા અમિત અશેષ. ૨
સ્વરૂપ વિલાસ રસમેં છકે–દાસ વિરલ પદ્મનાભ;
રોમ રોમ પ્રથમેશજુ રમી રહે જીન કે આપ, ૩
તીન કે પંદવંદન કરું. પાવન રેણુ પ્રતાપ.
અષ્ટોત્તર શતનામ પદ, ગાઉં ગુન 'બૃજ' છાપ. ૪

૧. આનંદરૂપ

આનંદમય પ્રભુ શ્રી પ્રથમેશ;
પ્રગટ ભયે નિજનન હિતકારન, દે સુખ મેટે કલિકે ક્લેશ. ૧
આનંદ દાન કરત દૈવીન કોં, નિજાનંદ સ્વીયજનકોં અશેષ;
શરણ મંત્ર સબ જીવ ઉદ્ધારે, 'બૃજ' પતિરાય જગત જીવનેશ

૨. પરમાનંદરૂપ

શ્રીપ્રથમેશ પરમાનંદરૂપ;
કુંજ નિકુંજ યમુના તટવાસી, ગોપીન સુખહિત ગોકુલ ભૂપ. ૧
વૃંદાવન વિલાશ અહર્નિશ, અહિ અનાદિ અખંડ અનૂપ;
સો 'બૃજ' પતિ જુ પ્રગટ હોય કે, માનુષ લીલા કરત હે દ્રૂપ. ૨

૩. શ્રીકૃષ્ણાસ્યરૂપ

આસ્ય રૂપ શ્રીપુરુષોત્તમ;
દર્શન દે. દૈવી આકર્ષે, ભૂતલ ઐસો ન કોઉ મહત્તમ;
શ્રીમુખતેં લીલારસ સાગર, પ્રગટાયે પુરન રસ ઉત્તમ,
વચનામૃત અધરામૃત કો રસ, પાન કરત "બૃજ" કે
અનુરક્તમ્

—ક્રમશઃ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૩૨. રાગ-ધનાશ્રી વૈ. ૨૪

વંદૌ ક્ષત્રી પુરનમલ;
"ચિત્ર લેખા" સખી લલિતાજી કી, કુંજ રચનામેં ચતુર ચપલ. ૧
મંદિર સિદ્ધ કરિવેકી આજ્ઞા, ગોવર્ધનધર દઇ સ્વપ્નમેં ચલ;
બેગ હી આપ મંદિર સમરાયો, કારીગર બુલાઇ કુશલ. ૨
શ્રીવલ્લભકૃપા તે સોંધો સંવારી, શ્રીજી અંગ સમર્પ્યો, સુફલ;
'લાલદાસ' તનુ-વિત સેવા તે, ભઇ માનસી સિદ્ધ તીહીં પલ. ૩

૩૩ રાગ-કાફી, વૈ. ૨૫

વંદૌ શ્રી યાદવેન્દ્ર કુમ્હાર
મહાનવમેં વાસ કરત હૈ, લીલા સ્વરૂપ 'બિજાર'. ૧
જબ કલાલો જાન કુપ ખોદ્યો, જલ નિકસ્યો જબ ક્ષાર,
ગંગાજી મેં તર્પણ કરકે, કીયો મિષ્ઠ સુચાર. ૨
શ્રીવિઠ્ઠલ કે સંગ રહત હૈ, છાંડ સકલ સંસાર;
'લાલદાસ' નીમ ખોદી મંદિરકી, મહાબલી નિરધાર. ૩

૩૪. રાગ-કાફી વૈ. ૨૬

વંદૌ શ્રીસારસ્વત દાસ ગુસાંઇ;
તીરથ યાત્રા કીની બહુત હી, પાછે વલ્લભસરણ ગહાઇ. ૧
લીલા સ્વરૂપ 'સુવા' ઈનિકો હૈ, સુનત વેણુનાદ સદાઇ;
'લાલદાસ' સેવા કછુકીની, દેહ ત્યજી બદરિકાશ્રમ જાઇ. ૨

૩૫. રાગ-કાફી, વૈ. ૨૭

વંદૌ કાશ્મિરી માધવ ભટ્ટ;
'રત્ના સખી' લીલા મેં કહાવે, આયે શરણ સુન કથા ઝટપટ. ૧
પુત્ર જિવાયો ગૃહસ્થિકો, છોડ ગાંવ ચલે ઝટ;
આય અડેલ શ્રીવલ્લભજુકે, રહે ચરણમેં ડટ. ૨
સુબોધિતી કે લહિયા કહાવે, તીર લગ્યો જાકે ઘટ;
'લાલદાસ' ત્યજી દેહ તુરત હી, જાય મિલે જહાં નાગર નટ. ૩

(ક્રમશઃ)

'તમે તો અમારા કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસ છો. !'

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

સૌરાષ્ટ્રમાં મચ્છુ નદીના કિનારે આવેલું મોરબી એક રળિયામણું શહેર છે. પુષ્ટિસંપ્રદાયમાં આ શહેરનું ઘણું માહાત્મ્ય છે. અહીં **શ્રીમહાપ્રભુજીનાં** બેઠકજી બિરાજે છે. આ શહેરમાં પુષ્ટિસંપ્રદાયના વૈષ્ણવોની ઘણી મોટી વસ્તી છે. આથી પ્રકૃતિથી સુરમ્ય આ શહેર પુષ્ટિભક્તિરસથી અને વૈષ્ણવતાની આર્દ્રતાથી રસાળ બનેલ છે. શ્રીવલ્લભકુલના અનેક ગોસ્વામી બાલકોના શ્રીચરણકમલથી અંકિત થઇ મોરબીની ભૂમિ ધન્ય બનેલ છે અને વૈષ્ણવતાથી સમૃદ્ધ બની છે.

આ મોરબી નગરીમાં ભાટિયા જ્ઞાતિના ઘણા વૈષ્ણવો વસે છે. આ વૈષ્ણવમાં શ્રીપુરુષોત્તમદાસ રતનશી સંપટ નામના એક પરમ ભગવદીય વૈષ્ણવ ભાટિયા થોડા વરસ પહેલાં થઇ ગયા. વૈષ્ણવ સૃષ્ટિમાં તેઓ 'ભાઇજી' ના નામે જાણીતા હતા. તેમને પાકી મરજાદ હતી. ઘેર શ્રીઠાકોરની સેવા અનન્ય ભાવે કરતા. ઉપરાંત શ્રીમહાપ્રભુજીના બેઠકજીએ સેવાદર્શને જવાનો તેમેનો નિત્યનિયમ હતો.

ભાઇજીનું 'જીવન અનેક સુભગ પુષ્ટિપ્રસંગોથી સભર હતું. એક સમય તેઓ બેઠકજીમાં શ્રીઅન્નકુટની સામગ્રી સિદ્ધ કરી રહ્યા હતા' ચૂલા પર મૂકેલા ઘીમાં અચાનક ઊભરો આવતાં ભાઇજીએ અવિલમ્બ શ્રીમહાપ્રભુજીનું નામ લેતાં લેતાં ભળભળ બળતા અગ્નિથી તપીને લાલચોળ થયેલા મોટા તાવડાને ખૂલ્લા હાથે નીચે ઉતારી દીધો ! અલૌકિક અગ્નિ અવતાર શ્રીવલ્લભની કૃપાથી લૌકિક અગ્નિ તેમને લેશમાત્ર પણ દઝાડી શકયો નહી. તેમના હાથે ઇજાનું નામનિશાન નહીં ! ભાઇજી શ્રીવલ્લભના આવા કૃપાપાત્ર હતા !

ભાઇજીને શ્રીવલ્લભમહાપ્રભુજી પ્રત્યે અપાર અનુરક્તિ હતી. સત્સંગમાં શ્રીમહાપ્રભુજીની વાત આવે ત્યારે તેમનો ઉત્સાહ અને આનંદ અનેકઘણા વધી જતા. શ્રીમહાપ્રભુજીના કનકાભિષેક વિષે વાત કરવામાં તેઓ ખીલી ઊઠતા. તે અંગે તેઓ કાયમ વૈષ્ણવો વચ્ચે ભકિતભાવપૂર્વક બોલતા, પ્રસંગને સચોટ રીતે સમજાવતા અને વૈષ્ણવોને આનંદની લ્હાણી લૂટાવતા. આમાં વાસ્તવિક હકિકત તો ભાઇજીના હૃદયની શ્રીવલ્લભ પ્રત્યેની અનન્યતા અને પ્રીતિપૂર્ણ ભકિત હતાં.

એક વાર શ્રીમહાપ્રભુજીના પ્રાકટયોત્સવ પ્રસંગે રાજનગરવાળા પુ. પા. ગો.શ્રી નટવરગોપાલજી મહારાજશ્રી જનાના સહિત મોરબી ધામે પધાર્યા. વરણાંગી પ.ભ. શ્રી લાલજીભાઇ કંસારાને ત્યાંથી નીકળવાની હતી. વૈષ્ણવોનો જાણે મહેરામણ છલકાયો ! શ્રીવહુજી મહારાજ મોટરમાં બિરાજ્યા હતા. અને મહારાજશ્રી વિકટોરીયામાં બિરાજેલા. નડિયાદવાલા પૂ.પા. ગો. શ્રી અનિરુદ્ધલાલજી મહારાજશ્રીના શાસ્ત્રીજી શ્રી દુર્લભજીભાઇ અને અહીંના ગુપ્ત વૈષ્ણવ પ.ભ. શ્રી સુંદરદાસ માધાણી સાહેબ. મહારાજશ્રી સાથે હતા. તેમની વચ્ચે શ્રી સુબોધિનીજીનાં સુંદર પ્રસંગો ચાલી રહ્યા હતા.

આ સમયે ભાઇજી દીનતાપુર્વક શ્રી નટવર-

ગોપાલજી મહારાજશ્રીની પાસે ઊભા રહી પંખો કરી રહ્યા હતા. છેક હવેલીમાં બાવાશ્રી બિરાજ્યા, કાર્યક્રમ શરૂ થયો અને બાવાશ્રીના વચનામૃત થયા ત્યાં સુધી ભાઇજીએ મહારાજશ્રીને પંખો કર્યો અને 'શ્રી નટવરગોપાલ પ્યારેકી જે' 'નટવરગોપાલ પ્યારેકી જે' નો ધ્વનિ કરતા રહ્યા. આવી ભાઇજીની શ્રી વલ્લભકુલના ગોસ્વામી બાલકો પ્રત્યેની દીનતા, સેવાભાવના અને અનન્યતા !

શ્રી પુરુષોત્તમદાસ ભાઇજી દ્વારા ઘણા જીવો બ્રહ્મસંબંધ પામી વૈષ્ણવ થયા હતા. શ્રી મદનમોહનલાલજી પ્રભુની હવેલીમાં પણ તેઓ મનોરથ કરતા અને પ્રેમપુર્વક સામગ્રી આરોગાવતા. શ્રી મહાપ્રભુજીના બેઠકમાં પણ બદામની જારીવાળી સામગ્રી કરતા અને શ્રી મહાપ્રભુજીને ભોગ ધરી વૈષ્ણવોને અતિ પ્રેમથી પ્રસાદ લવડાવતા. જ્યારે જ્યારે વૈષ્ણવને ત્યાં મનોરથ હોય ત્યારે ત્યાં તેઓ પોતે પ્રસાદ ન લેતા પણ બીજા વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાની ઘણી ભાવના રાખતા.

ભાઇજી બહારગામ મનોરથમાં જાય ત્યારે પ. ભ. શ્રી ભગવાનદાસભાઇ ખત્રી અને અન્ય પુષ્ટિ પ્રેમી વૈષ્ણવોને પોતાની સાથે લઇ જતાં એટલું જ નહીં પણ તેમને જરાપણ મુશ્કેલી ન પડે તેની ખાસ તકેદારી રાખતા અને બધાને સેવાનો લાભ મળે તે ખાસ જોતાં શ્રીવલ્લભના દાસ અને વૈષ્ણવોના દાસાનુદાસ એવા ભાઇજીમાં વૈષ્ણવો પ્રત્યે કોઇ અનેરો અનુરાગ હતો.

એકવાર ભાઇજી સખત બિમાર પડયા. તેમના શરીરમાં ઘણી અશકિત વર્તાવા લાગી. તેમને પોતાની બિમારી વિષે કોઇ ચિંતા ન હતી. તે તો જન્મોના કર્માનુસાર આવ્યા કરે. તેમને સવિશેષ ચિંતા એક જ વાતની હતી કે હવે મારા વહાલા શ્રીઠાકોરજીની સેવામાં મારાથી આવા શરીરે કેમ પહોંચી વળાશે ? આથી આપશ્રીને કષ્ટ પડશે એવા વિચારે કરીને ભાઇજીનું મન કષ્ટાતું હતું.

આ કારણથી ચિંતિત થઇ ભાઇજીએ તે સમયે પાર્લા–મુંબઇમાં બિરાજતા શ્રી કામવન વાળા પ. પૂ. ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજશ્રી પર દીનભાવે એક પત્ર લખ્યો: 'મહારાજશ્રી, મારી તબિયત સારી રહેતી નથી અને તેથી મારાથી શ્રી ઠાકોરજીના સુખ–સુવિધા જળવાતા નથી. તો આપશ્રી કૃપા કરી અહીં પધારી મારા શ્રીઠાકોરજીને પધરાવી જશો એવી મારી દીનતાપુર્વક વિનંતિ છે ?

ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજશ્રી એ ભાઇજીને તરત પ્રત્યુત્તર પાઠવ્યો: 'ભાઇજી તમે સેવા જારી રાખો. હજી શ્રીઠાકોરજીને તમારી સેવાની વૈષ્ણવોને તમારા સત્સંગની જરૂર છે. પ્રભુ કૃપાથી સેવા બની આવશે. જ્યારે સેવા ન બને એવી સ્થિતિ આખરે આવી પડે ત્યારે લખશો પણ અત્યારે તો તમારી જાતે સેવા કરો.”

આપશ્રીએ વિશેષમાં પ્રેમપુર્વક લખ્યું : 'ભાઇજી, તમે તો અમારા કાશીવાળા શેઠ પુરુષોતમદાસ છો. તમારા પર શ્રીઠાકોરજીની અને શ્રીવલ્લભની અનહદ કૃપા છે. તો તમને વિશેષ શું લખવું ?”

બાવાશ્રીના શબ્દો કેટલા સૂચક છે ! વિસમી સદીના મોરબીના શ્રી પુરુષોત્તમદાસ 'ભાઇજી' શ્રીવલ્લભના વહાલા ૮૪ વૈષ્ણવોમાંના

અનન્ય ભકત વૈષ્ણવ કાશીવાળા શ્રીપુરૂષોત્તમદાસ શેઠનાં અવતાર હતા તેની આ શબ્દો પુષ્ટિ કરે છે. ભાઇજીનું પુષ્ટિમય જીવન, શ્રીવલ્લભ, શ્રીવલ્લભ કુળના બાળકો અને વૈષ્ણવો પ્રત્યેના તેમનાં અનુરાગ અને અનન્યતા આ વિધાનનું સમર્થન કરે છે.

આ પત્ર મળ્યો ત્યારે ભાઇજીને ખૂબ હૈયાધારણ મળ્યું. તેમને જાણે તનુનવત્વ પ્રાપ્ત થયું. તેમની બિમારી દુર થઇ ગઇ અને તેમને તદ્દન સારૂં થઈ ગયું. આથી તેમણે પોતાના શ્રીઠાકોરજીને અન્યત્ર પધરાવવાનો વિચાર છોડી દીધો અને પુર્વવત્ સ્નેહપુર્વક સેવા કરવાનું ચાલુ રાખ્યું.

શ્રીપુરૂષોત્તમદાસ "ભાઇજી" અનન્યભાવવાળા આવા વંદનીય વૈષ્ણવ હતા. તેઓ પુષ્ટિ ભકિતની જે સુવાસ પ્રસરાવી ગયા છે તે વૈષ્ણવોને 'વૈષ્ણવતા'થી સત્વશાળી બનવા પ્રેરણા આપ્યા કરશે.

"મન"

પ્રેષક-**એક વૈષ્ણવ**

"મન એવ મનુષ્યાણાં બંધ મોક્ષયો:"

શુભ કાર્ય કે અશુભ કાર્ય બધું મન જ કરાવે છે. સારામાં સારો વિચાર કર્યો હોય પણ પળવારમાં વિચાર બદલી જાય ને કાંઇનું કાંઇ થઇ જાય છે. તેનું મૂળ કારણ મન ઉપર કાબુ નથી, ગમે ત્યારે ગમે ત્યાં ભટકી ઉલટુ સુલટુ કામ કરી નખાવે છે.

પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો સૌ પોત પોતાનું કામ કરે છે, છતાં સૌના ઉપર આધિપત્ય મનનું જ ચાલે છે. મન સ્થિર હોતું નથી. સંકલ્પ વિકલ્પ કર્યા કરે છે. બુદ્ધિ અને ચિત્ત બન્ને મળી નિર્ણય કરે છે આ કામ કરવાથી લાભ હાનિ શું છે. છતાં મન તો કોઇનું માનતું નથી પણ પળમાં વિચાર બદલી નાખી પોતાનું ધાર્યું જ કરે છે, કારણ કે કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો ઉપર આધિપત્ય મન પોતે જ રાખી ધાર્યું કરાવે છે. સંસારમાં આવેલા દરેક જીવ જાણે છે કે આંખ મિંચાયા પછી મારૂં અહીંયા કાંઇ જ નથી, કોઇ પણ ચીજ ઉપર અધિકાર નથી. વળી આયુષ્ય તો દિન પ્રતિદિન ઘટતું જ જાય છે. સર્વ સમજે છે છતાં મન તો જીવને માયામાં જ ફસાવી રાખે છે.

"દુર્લભો માનુષો દેહો દેહીનાં ક્ષણ ભંગુર:" આ શ્રીમદ્ ભાગવતજીના વાકયાનુસાર મનુષ્ય દેહ દુર્લભ છે છતાં પળમાં કાંઇ પણ થઈ શકે છે. આજ દેહથી સ્વર્ગ, નર્ક અથવા ભગવદ્ દર્શન બધું થવાનો રસ્તો છે. આવો બોધ હજારોએ લીધો છે, દીધો છે, સમજે છે. છતાં તે માયાનું બંધન મુકત કરી પ્રભુ પરાયણ નથી બની શકતો તેનું મૂળ કારણ મન જ છે.

તેનામાં ગુણ મહાન છે કે નવરૂં ન બેસવું. તે તેને માટે હવે એવું જ કામ આપવું કે કોઇ દિવસ પૂરૂં ન થાય કે જેથી અન્ય વિચારોથી ઉન્મત્ત થાય.

શેષજીએ પોતાની બે જીભથી ભગવદ્ યશ ગાયો તો પ્રભુએ પ્રસન્ન થઇ વરદાન

માગવા કહ્યું ત્યારે શેષજી કહે બે જીભથી આપ પ્રસન્ન થયા તો હવે મને બેને બદલે બે હજાર જીભ આપો જેથી હું આપનું ગુણગાન કરી શકું. પ્રભુએ તથાસ્તુ કહી વરદાન આપ્યું અને શેષજી બે હજાર જીભથી ભગવદ્ યશગાન કરવા લાગ્યા.

પછી શેષજી કહે પ્રભુ ! આ પૃથ્વીનો બોજ મારા ઉપરથી કયે દિવસે ઉતારશો. ત્યારે આપે આજ્ઞા કરી કે સતત ગુણ ગાન કરો. મારા ગુણનો પાર આવે તે દિવસે પૃથ્વીનો બોજો ઉતારી નાખજો.

આમ ભગવદ્ ગુણગાનનો અંત જ નથી. આવું સુંદર કામ મનનાં સાથ વગર બની ન શકે. શેષ સહસ્ત્ર મુખ નિશદિન રટત તે મુજબ પ્રભુનું નામ, રૂપ, ગુણ, લીલાનો કોઈ પાર જ નથી. આવો સુંદર અઢળક ભંડાર મનને આપી દેવો કે તારે હવે ભટકવું હોય તો આમાં જ ભટકયા કર. ન બીજો સમય રહે કે ન બીજે જઇ. સંકલ્પ વિકલ્પ માટે સમય વળે જ નહી.

પુષ્ટિ જીવો માટે તો ઘણી સરળતા છે. બ્રહ્મસંબંધ લેતાં જ પાંચ દોષની નિવૃત્તિ થઇ ચૂકી છે. હવે આગળ ન બને તે માટે સાવધાની રાખવાની છે. નિબંધમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે –

‘મિથ્યા ધ્યાન, મિથ્યા ક્રિયા, મિથ્યા વાર્તાલાપ નહિ કરવો’ જરા પણ લૌકિક સંકલ્પ મનમાં આવે કે તુરત નિવેદનનું ધ્યાન કરવું. જો આમ ન બને તો મનને લગામ ન રહે ને પછી તે ગમે ત્યાં ભટકવાનું જ કામ કરશે. ભટકવું તે મનનું કામ જ છે. દશેન્દ્રિયોને પોત પોતાનું કાર્ય જોઇએ જ છે જેમકે કાનને સાંભળવાનું-તેને ભગવદ્યશ સંભળાવો. આંખને જોવાનું–તેને ભગવદ્ સ્વરૂપ સૌંદર્ય નિરખતા શિખવો. હાથ પગ વગેરે દરેકને માયાજન્ય પદાર્થોથી જુદા રાખી ભગવદ્ પરાયણ થતા કરવા તે જ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે.

શ્રીમહાપ્રભુજી નવરત્નમાં આજ્ઞા કરે છે કે “વદદ્ભિરેવ સતતં, સ્થેયમિત્યેવ મે મતિઃ” એ આજ્ઞાનુસાર મન મારૂં સદા ‘શ્રી કૃષ્ણઃ શરણં મમ’ જપ્યા કરે, થવાનું હોય તે થાય પણ મનનો નિશ્ચય કરી અલૌકિક નામ સ્મરણમાં ગુંથી લેવું તેજ મન માટે સર્વોત્તમ કાર્ય છે.

વંદન

લેખક : **શ્રીયુત ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

ગીતા નામનું શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે એક ધર્મ પુસ્તક છે, એ તો આપ સર્વના જાણમાં હશે. એમાં શ્રીકૃષ્ણે અર્જુનને બોધ આપ્યો છે. તે એવો તો સુંદર છે કે આખી દુનિયામાં મોટા મોટા વિદ્વાનો તેનું સન્માન કરે છે અને દુનિયાની દરેક ભાષામાં તેનાં ભાષાંતર થયાં છે. એ ગીતાનો આરંભ કરતાં પહેલાં તેનું માહાત્મ્ય જણાવવામાં આવ્યું છે. તેમાં અદ્‌ભૂત કર્મો કરવાની પ્રભુની કૃપાને વર્ણવીને પ્રભુને વંદન કરે છે. આપણે પણ તે શ્લોકથી પરમાત્માને વંદન કરીએ અને તેમની કૃપા મેળવીએ.

મૂકં કરોતિ વાચાલ, પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વંદે, પરમાનંદ માધવમ્ ॥

અન્વયાર્થ–જેમની કૃપા મુંગાને વાચાળ બનાવે અને લૂલાને પર્વત ઓળંગાવે, તે પરમ આનંદરૂપ શ્રીકૃષ્ણને હું વંદન પ્રણામ કરૂં છું.

વિવેચન–મુંગો હોય એનાથી બોલાય નહિ તો પછી વાચાળ શી રીતે જ બને! છતાં અદ્‌ભુત કર્મ કરનાર ભગવાન તો મુંગાને પણ વાચાળ–મોટો વકતા બનાવી દે. ધ્રુવજી પાંચ વર્ષના બાળક હતા, એમનામાં પ્રભુનાં ગુણગાન ગાવાનું જ્ઞાન કયાંથી! પરંતુ પ્રભુની કૃપા થતાં તેમનાં દર્શનથી સર્વજ્ઞાન પ્રકટ થયું અને ઘણા ભાવથી ભરેલી પરમાત્માની સ્તુતિ કરી. તેમજ લૂલો હોય તેનાથી તો ચાલી શકાય જ નહિ, પણ પ્રભુ કૃપા કરે તો તેવા લૂલા પણ મોટા પર્વતોને ઓળંગી જાય. કશ્યપનો પુત્ર અરુણ એ તદ્દન પાંગળો છતાં મોટા મોટા પર્વતોને ઓળંગી જાય છે. મહાભારતમાં તેનું ચરિત્ર છે. પ્રભુ એવા દયાળુ છે. એમને વંદન કરનારને આનંદ થાય જ, કેમકે તે પોતે જ આનંદરૂપ છે. ભગવાન આનંદરૂપ કેવી રીતે તે હાલ સમજાવી શકાય તેમ નથી. કારણ તે વિષય ઘણો ગહન છે. માટે આગળ જણાવવામાં આવશે. હાલ તો આટલું જ બહુ.

સવારમાં ઉઠતાંની સાથે મંગલાચરણ કરી પછી આ શ્લોકથી પ્રભુની કૃપા મેળવવા તેમને વંદન કરીએ. આ પ્રમાણે કરવાથી આપણો આખો દિવસ આનંદમાં જાય. મંગલમય બને. માટે આપણે આ શ્લોક શીખી ગયા, તેનાથી નિરંતર મંગલ આચરણ કરતા રહિએ પરમાત્માને વંદન કરતા રહિએ તો જ આ લખાણ શીખયાની સાર્થકતા ગણાય અને શુભ આચરણ–વર્તન કરતા શીખ્યા કહેવાય. વારૂં એક સૂરદાસજીનું પદ તો ગાઓ.

પદ રાગ ભૈરવ

ચરનકમલ વંદુ હરિરાય !
જાકી કૃપા પંગુ ગિરિ લંઘે,
અંધે કો સબ કછુ દરશાય. ૧

બહિરો સૂને મૂકપુનિ બોલે,
રંક ચલે શિર છત્ર ધરાય;
'સૂરદાસ' સ્વામી કરુણામય,
વારંવાર વંદુ તેહિ પાય. ૨

આ માસના ઉત્સવ

અષાડ વદ ૧ તા. ૯–૭–૯૦ સોમવાર હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૧૨–૭–૯૦ ગુરૂવાર શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રીગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ, ગો. ચિ. શ્રીશરદકુમારજી બાવાશ્રી (કોટા) તથા ગો. ચિ. શ્રીગોપેશ્વરજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રીમુરલીધર બાવાશ્રી (વેરાવળ)નો જન્મ દિન.

અષાડ વદ ૫ તા. ૧૩–૭–૯૦ શુક્રવાર ગો. ચિ. શ્રી દેવકીનંદનજી બાવાશ્રી (બોરીવલી રાજટોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજનો જન્મ દિન.

અષાડ વદ ૬ તા. ૧૪–૭–૯૦ શનિવાર ગો, ચિ. શ્રીચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી)નો જન્મ દિન.

અષાડ વદ ૮ તા. ૧૫–૭–૯૦ રવિવાર જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ (સાતમનો ક્ષય).

અષાડ વદ ૯ તા. ૧૬–૭–૯૦ સોમવાર ગો. શ્રીકન્હૈયાલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મ દિન.

અષાડ વદ ૧૦ તા. ૧૭–૭–૯૦ મંગળવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૧૮–૭–૯૦ બુધવાર કામિની એકાદશી વ્રત ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ઇંદોર) તથા ગો. ચિ. શ્રીબાલાકૃષ્ણલાલજી બાવાશ્રી (સુરત) તથા ગો. ચિ. શ્રીવ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (જુનાગઢ)નો જન્મ દિન. કુંજમાં હિંડોરાં.

અષાડ વદ ૧૩ તા. ૨૦–૭–૯૦ શુક્રવાર ગો, શ્રીકલ્યાણરાયજી મહારાજ (નાથદ્વાર)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૨૧–૭–૯૦ શનિવાર ગો. શ્રીશરદકુમારજી મહારાજ (વેરાવળ પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ અમાસ તા. ૨૨–૭–૯૦ રવિવાર હરિયાળી અમાસ, દિવાસો. ગો. ચિ. હિરણ્યગર્ભજી બાવાશ્રીનો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા. ૨૩–૭–૯૦ સોમવાર ચંદ્ર દર્શન ગો. ચિ. શ્રીરાજીવલોચનજી બાવાશ્રી (મુંબઇ–ધોરાજી) તથા ગો. ચિ. મનમોહનજી બાવાશ્રી (મુંબઇ) તથા ગો. ચિ. શ્રીરસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની–જામનર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૨૪–૭–૯૦ મંગળવાર ઠકુરાણી ત્રીજ, મધુશ્રવાતૃતીયા ગો. ચિ. શ્રી લાડિલેશરાયજી બાવાશ્રી (વેરાવળ–પોરબંદર) તથા ગો. શ્રીદાનીરાયજી મહારાજશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૨૬-૭-૯૦ ગુરુવાર, નાગપંચમી શ્રીનાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫) ગો. શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજ (મુંબઇ-કાંદીવલી)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૭ તા. ૨૯-૭-૯૦ રવિવાર ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૩૧-૭-૯૦ મંગળવાર. બગીચા નવમી, શ્રીગોવિંદલાલજી કૃત સાત્ સ્વરૂપનો ઉત્સવ ગો. ચિ. શ્રીપ્રભુજીબાવા (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૧ તા. ૨-૮-૯૦ ગુરુવાર પુત્રદા-પવિત્રા એકાદશી વ્રત પવિત્રા ભોગ સંધ્યામાં ધરાવવા. સંયોગાત્મક મહારાત્રિ. ગો. ચિ. શ્રીગિરધરલાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા ૩-૮-૯૦ શુક્રવાર પવિત્રા બારસ. ગુરુને પવિત્રા ધરાવવા, ગો. શ્રીમથુરેશજી મહારાજ (મથુરા-પોરબંદર) તથા ગો. ચિ. શ્રીગોકુલેશ બાવા (જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા ૬-૮-૯૦ સોમવાર રક્ષા બંધન શૃંગારમાં નાળીયેરી પૂનમ હયગ્રીવ જયંતિ ગ્રસ્તોદિત ચંદ્ર ગ્રહણ સ્પર્શ સાંજના ૬-૧૪ અને મોક્ષ રાતના ૯-૧૧ કલાકે ગ્રહણનો વેધ પુનમને સોમવારે સવારે સૂર્યઉદય (૬-૧૯) થી લાગે છે. તેથી સૂર્યોદયથી પ્રસાદ લેવાશે નહિ. જનોઇ વગરના બાળક વૃદ્ધ, તથા અશક્ત ૨ વાગ્યા સુધી પ્રસાદ લઇ શકે છે. તથા બીજાઓ જળપાન કરી શકાય. રાતના ૯-૧૫ પછી ગ્રહણ છૂટયાનો નિર્ણય કરી સેવાથી પહોંચી પ્રસાદ લેવાય.

શ્રાવણ વદ ૩ તા. ૯-૮-૯૦ ગુરુવાર કજ્જલી ત્રીજ હિંડોળા વિજય. ગો. શ્રીગોપાલલાજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્દ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

-ગતાંકથી ચાલુ

પૃથકત્વેન તુ યજ્જ્ઞાનં,
નાના ભાવાન્ પૃથગ્વિધા
વેત્તસર્વેષુ ભૂતેષુ, તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ॥૨૧॥

શ્લોકાર્થ-એ જ્ઞાનને રાજસી જાણવું જે પૃથક્પણાને લીધે જુદી જુદી જાતના અનેક પ્રકારના ભાવોને સર્વભૂતોમાં પથરાયેલ જુવે છે (એ જ્ઞાન રાજસી કહેવાય છે. ૨૧

ટીકા-હવે રાજસ જ્ઞાનનું વર્ણન કરતાં કહે છે. પૃથકત્વેન....વગેરે જ્ઞાનના સાત્વિકપણાને લીધે કહેવામાં આવે છે. તેનું શબ્દ

માત્રમાં સરખાપણું દર્શાવવા માટે 'તુ' શબ્દ વાપર્યો છે. જુદાપણાથી ક્રીડાપણાથી રહિત ભાવને લીધે તો જુદા જુદા અનેક પ્રકારના ભાવોને તથા જુદી જુદી જાતના અનેક જીવોને જુદી જુદી અનેક **અભિલાષાઓ** ધરાવનાર સુખી કે દુઃખી એવા પશુ, પક્ષી, મનુજ, તૃણ સ્થાણુ આદિ સર્વભૂતોમાં જેના અસ્તિત્વનો જોવામાં આવે એ જ્ઞાનને રાજસી એટલે જેનાથી મન વિક્ષિપ્ત થાય તેવું જાણવું. ૨૧

ય-તુ કૃત્સ્નવદેકસ્મિન્ કાર્યે સકતમહૈતુકમ્,
અતત્ત્વાર્થવદલ્પ ચ, તત્તામસનુદાહૃતમ્. ૨૨

શ્લોકાર્થ–અને જે જ્ઞાન (લીલા સામગ્રી આદિમાં) ભકત હોવા છતાં પૂર્ણ (કૃત્સ્ન) સમાન હોય અને એક જ કાર્યમાં સકત (પરોવાયેલુ) ન હોય (અસકત હોય) અને અહૈતુક (હેતુ વિનાનું) એટલે કે ભગવાનના સ્મારક આનંદાનુભવની ઉપપત્તિથી રહિત હોય અને અતત્ત્વાર્થવત્ (એટલે કે સ્વરૂપ યા ફળથી પરિચ્છિન્ન હોય (=અલ્પ હોય) તે જ્ઞાનને તામસ કહ્યુ છે. ૨૨.

ટીકા–માનસ જ્ઞાન કહ્યું યતુ....વગેરે જે એક કાર્યમાં ભકતયા તો લીલા સ્વરૂપમાં કૃત્સ્નયત (પૂર્ણના જેવું) હોય અને નહિ કે સર્વ લીલા સામગ્રી વગેરે ખાસ ભગવદનુભવાનંદ ભગવત્ સ્વરૂપપણાથી સકત્ હોય, અહૈતુક હોય (એટલે હેતુ વગરનું હોય) ભગવાનનો આકાર હોવાથી તેનું સ્મરણ કરાવનાર આનંદાભવની ઉપપત્તિથી રહિત હોય, અતત્ત્વાર્થવત્ એટલે ભગવાનના આવિર્ભાવથી રહિત હોય, અલ્પં હોય ફલથી તથા સ્વરૂપથી અવિચ્છિન્ન હોય એ જ્ઞાનને વિપરીત ફળવાળું તામસ કહેવામાં આવ્યું છે. ૨૨

નિયતં સંગરહિતમ્, અરાગદ્વેષતઃ કૃતમ્;
અફલપ્રપ્સુની કર્મ, યત્તત્સાત્ત્વિકમુચ્યતે. ૨૩

શ્લોકાર્થ-નિયત (એટલે નિત્ય) સંગ રહિત (આસક્તિ રહિત) રાગ કે દ્વેષ વિના કરેલું ફળની ઇચ્છા રાખ્યા વગર માણસ જે કામ કરે છે તે સાત્ત્વિક (કર્મ) કહેવાય છે. ૨૩

ટીકા–આ પ્રમાણે જ્ઞાનનું સ્વરૂપ જણાવ્યા પછી ત્રણ પ્રકારના કર્મનું રૂપ જણાવે છે (કહે છે) નિયતં ઇતિ....વગેરે નિત્ય અજ્ઞાની સકિતથી રહિત, સંસારના રાગ (આકર્ષણ–મોહ યા તો શત્રુને મારવા માટેના દ્વેષથી રહિત (વગરનું) ફળની અભિલાષા (ઇચ્છા) વગર ફકત ભગવાનને તોષ (સંતોષ–સમાધાન) આપવાના હેતુથી જે કર્મ કરવામાં આવે તે સાત્ત્વિક કહેવાય છે. ૨૩

યત્તુ કામેપ્સુના કર્મ, સાહંકારેણ વા પુનઃ ।
ક્રિયતે બહુલાયાસં, તદ્રાજસમુદાહૃતમ્ ॥૨૪॥

શ્લોકાર્થ– અને જે કર્મ ફળની ઇચ્છા રાખનાર વડે કરવામાં આવે છે યા તો અહંકારપૂર્વક કરવામાં આવે છે અને અતિશય કલેશપુર્વક કરવામાં આવે છે તે કર્મને રાજસ કહ્યું છે. ૨૪

ટીકા–હવે રાજસ કર્મ કહે છે. યત્તુ.... વગેરે અને જે કર્મ ફળની ઇચ્છાવાળાથી યા તો (મેં કર્યું એવાં) અહંકારથી કરવામાં આવે છે. યા તો અત્યંત શારીરિક કષ્ટ સહિત કરવામાં આવ્યું હોય તેને રાજસ કર્મ કહ્યું છે. ૨૪.

–ક્રમશઃ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

ગ્રંથ-પરિચય

લેખક : **ગોસ્વામી શ્યામમનોહરજી મહારાજ**

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ ૧૯ (મુંબઇ)

૪. કર્તા (એટલે કરનાર–ધર્મનું આચરણ કરનાર) તો ધર્મનું ચોથું અંગ મનાય છે. વર્તમાન યુગમાં ધર્મ ભાવનાથી પ્રેરાઇને ધર્મ કાર્યો કરવાવાળા કર્તા દુર્લભ બની ગયા છે. બધા ધાર્મિક કાર્યો કહેવાતા પડિતં લોકો દ્વારા રાજસી–તામસી પ્રકૃતિવાળા જ મ્લેચ્છોના અનુસરણ (એટલે દેખા દેખી) તથા અનુકરણ (બીજાએ કર્યું તેમ કરવાની વૃત્તિ)ના રૂપમાં કરવામાં આવી રહ્યાં છે. અને તેમના પર પણ ધનની તથા યશની (કીર્તિની) લોલુપતાજ તેમનો મુખ્ય હેતુ હોય છે આમ હોવા છતાં બુદ્ધિ પ્રેરક શ્રીકૃષ્ણના ચરણારવિંદોનો જેમને આશરો છે તેમને એવી ક્ષુદ્ર (હલકી) લાલસાઓથી શ્રીકૃષ્ણ જ (ચોક્કસ) બચાવશે.

૫. ધર્મના પાંચમા આવશ્યક અંગ મંત્રોમાં પણ હાલમાં એવો (હોવો જોઇએ તેવો) પ્રભાવ બાકી રહ્યો નથી. કોઇ યોગ્ય લાયકાત ધરાવનાર ગુરૂની સમક્ષ પ્રણિપાત એટલે દંડવત પ્રણામ, પરિપ્રશ્ન (એટલે વિદ્યા સંબંધી વિનય યુક્ત પ્રશ્નોતરી) તથા પરિચર્યા (ગુરુની સેવા)ના શાસ્ત્રમાં કહ્યા મુજબની વિધિ (કાર્ય રીતિ) અનુસાર તે તે મંત્રોના જુદા જુદા ન્યાસ, તાત્પર્ય તથા વિનિયોગના સંપૂર્ણ જ્ઞાન તથા મંત્ર માટે અપેક્ષિત વ્રત તથા શુદ્ધિના પાલન પૂર્વક દીક્ષા ગ્રહણ કરવાથી મંત્રોમાં પ્રભાવ (શકિત–તાકત–બળ) ઉત્પન્ન થાય છે. આ બધાથી ઉલટું આજ કાલ અયોગ્ય તથા અનધિકારી (એટલે લાયકાત વગરની) વ્યકિતઓ દ્વારા અશાસ્ત્રીય વિધિથી અને ન્યાસ, તાત્પર્ય તથા વિનિયોગના પુરા જ્ઞાન વગર તથા મંત્રોને માટે અપેક્ષિત (એટલે જરૂરી) વ્રત વગેરે શુદ્ધિ વિના જ મંત્ર ગ્રહણની રીતિ (એટલે પ્રથા) ચાલુ થઇ છે. તેથી મંત્રની આવિદૈવિક અર્થ શકિત લુપ્ત થઇ ગઇ છે. ફળની દૃષ્ટિએ જોતાં બધા મંત્રો પ્રભાવ રહિત (શક્તિ હીન) અને નિષ્ફળ બની ગયા છે. પરંતુ શ્રીકૃષ્ણ તો મંત્ર શક્તિને અધીન નથી, પણ ઉલટું બધી મંત્ર શક્તિઓ શ્રીકૃષ્ણને અધીન (તાબે) છે. આ કારણને લીધે શ્રીકૃષ્ણનો જ આશ્રય લેવો જોઇએ

૬. ધર્મના છઠ્ઠા આવશ્યક અંગ કર્મનું પણ સ્વરૂપ ભ્રષ્ટ થઇ ગયું છે, કારણ કે જગતમાં અનેક પ્રકારના વાદ ચાલી નીકળ્યા છે. જે કર્મો શાસ્ત્ર દૃષ્ટિથી આવશ્યક હોય છે તેમને આ બધા વાદો નિરર્થક (નકામા) માની લ્યે છે જે કર્મો શાસ્ત્રીય દૃષ્ટિથી બહુ જરૂરી નથી હોતા તે કર્મોને આ બધા વાદો અનિવાર્ય (એટલે જેના વગર ન ચાલે તેવા ખાસ જરૂરી) સિદ્ધ કરે છે. જે વાદો શાસ્ત્રો પ્રામાણ્ય (સાબીતો) ને માને છે તે વાદો પણ અર્ધ શ્રદ્ધાથી શાસ્ત્રોના મનઃ કલ્પિત (એટલે પોતાના મનથી માની–કલ્પી લીધેલા) અર્થ કાઢી લ્યે છે. શાસ્ત્રોના આ પ્રકારના ખોટા અર્થ કરવાને લીધે ભ્રમમાં પડેલા અનુયાયીઓ શાસ્ત્રીય

કર્મોના અનુષ્ઠાન પણ ખોટી રીતે કરવા લાગી જાય છે. જેવી રીતે કર્મોને ન કરવાથી કર્મોનો સ્વરૂપતા (એટલે મૂળરૂપની દૃષ્ટિએ જોતા) નાશ થાય છે. તેવી જ રીતે (કર્મોના) વિપરીત કારણને લીધે કર્મોના ફળની દૃષ્ટિએ નાશ થાય છે. (એટલે કે તેના ફળ મળતા નથી) મોટે ભાગે યથા વિધિ કર્મોના અનુષ્ઠાન (અમલ) કરવાવાળા પણ કેવળ દુનિયાને દેખાડવાને માટે કર્મોના અનુષ્ઠાનનું પાખંડ જ કરતા હોય છે. આ જ કારણને લીધે. કર્મોનો પ્રભાવ જ ક્ષીણ થઇ ગયો છે. આમ હોવા છતાં અન્યાશ્રય રૂપી દોષથી રહિત થઇને શ્રીકૃષ્ણમાં આશ્રયની વૃત્તિ રાખવી એ કદી નિષ્ફળ જતી નથી. આ કારણને લીધે કૃષ્ણ જ હાલમાં કેવળ (એક માત્ર) આશ્રય કરવા યોગ્ય રહી ગયા છે.

આ રીતે પ્રથમ ત્રણ શ્લોકોમાં લોક નાશનું અને બીજા ત્રણ શ્લોકોમાં ધર્મનાશનું નિરૂપણ કર્યા પછી, જેવી રીતે શ્રીમદ્‌ભાગવતના બારમા સ્કંધમાં પાંચ પ્રકારના આશ્રયનું નિરૂપણ માની લેવાયું છે, તેવી જ રીતે શ્રી કૃષ્ણની આશ્રય રૂપતાનું પણ પાંચજ શ્લોકોમાં વર્ણન કરવામાં આવ્યું છે. સાતમાં શ્લોકમાં કર્મ માર્ગીય દૃષ્ટિકોણથી, આઠમાં શ્લોકમાં જ્ઞાન માર્ગીય દૃષ્ટિકોણથી, નવમાં શ્લોકમાં ભકિત માર્ગીય દૃષ્ટિકોણથી તથા દશમા–અગીયારમાં શ્લોકમાં પ્રપત્તિ માર્ગીય દૃષ્ટિકોણથી પણ એક માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે એ દર્શાવવામાં આવી રહ્યું છે.

(૭) કૃષ્ણ બધાનો ઉદ્ધાર કરવાવાળા છે તેથી સુસાધન (એટલે સાધનવાળા) તથા નિઃસાધન (એટલે સાધન વગરના) અને દુષ્ટ સાધન (એટલે ખરાબ સાધન ધરાવનાર) જીવોનો પણ ઉદ્ધાર કરવામાં સમર્થ (શકિત ધરાવનાર) છે. અજામિલનું ઉપાખ્યાન શ્રીમદ્ ભાગવતના છઠ્ઠા સ્કંધમાં ઉપલબ્ધ (મળીઆવે) છે. એ બતાવે છે કે કેવા નિંદ્ય કર્મોમાં ડૂબેલો હોવા છતાં પણ ભગવાનની કૃપાને કારણે તેના બધાય દોષ નરકની પીડા ભોગવ્યા વગર પણ નાશ પામ્યા. આથી કર્મમાર્ગીય દૃષ્ટિથી જોતાં કેવળ શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે, અજામિલના પ્રસંગમાં જેવી રીતે ભગવાને પોતાના નામના માહાત્મ્યને પ્રકટ કર્યું, એવીજ રીતે શ્રીકૃષ્ણના ધ્યાનાર્ચન (પૂજા) વગેરેનું પણ મહાત્મ્ય એ જગ્યાએ બતાવવામાં આવ્યું છે. મૂળતઃ (એટલે મૂળથી જોતાં) કૃપા જ સાધન છે. બાકી ઉદ્ધારનું કાર્ય તો ભગવાન શાસ્ત્રથી વિહિત (ફરમાવવામાં આવેલ) અવિહિત અથવા નિષિદ્ધ (મનાઇ કરવામાં આવેલ) કર્મોને પણ સફળ બનાવીને કરી શકે છે. શ્રી કૃષ્ણનું આ જ તો માહાત્મ્ય છે કે તેઓ કામ ભય, દ્વેષ, સંબંધ, સ્નેહ અથવા તો ભકિત એમાંના કોઇ પણ ભાવથી પ્રેરાયેલ કર્મને પોતાની કૃપા પ્રકટ થવાનું નિમિત્ત (બહાનું અથવા કારણ) બનાવી શકે છે. એટલા માટે જ “શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે.”

–ક્રમશઃ

।। વ્રજયાત્રા ।।

લે. ગો. વા. વસંતરામ હરિ કૃષ્ણુ શાસ્ત્રી, અમદાવાદ

વલ્લભદાસને ઘેર જ્યાં ભગવદ્ વાર્તા હંમેશાં થાય ત્યાં સર્વે ભગવદીયો આવે છે. જે શ્રીકૃષ્ણ કરીને બેસે છે. કૃષ્ણદાસ બત્તી જોડે છે. વૈષ્ણવો મંગલાચરણ કરીને પુસ્તકજી બોલે છે. ત્યાં રતનમા કહે છે-રામદાસજી વલ્લભદાસભાઇને પુછો જે કાલે રાત્રે "વ્રજ વહાલું વૈકુંઠ નહિ આવું" તે ધોળ બોલાવ્યું તેનો અર્થ અને સહેજ ભાવાર્થ સમજાવો, ઘણું સારું.

વલ્લભદાસ-માજી, તમે બહુ સારું પુછ્યું છે. આપણા મહારાજશ્રી આ વરસમાં વ્રજ યાત્રા કરાવવાની આજ્ઞા કરી રહ્યા છે. તે શ્રવણ કરી ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ, વરાડ, મારવાડ, પ્રભુતિની શ્રીવલ્લભ સૃષ્ટિ વ્રજ યાત્રનાં સુખ લેવા તલસી રહી છે. આ વર્ષની વ્રજ યાત્રાના સુખ તો ભાગ્યશાળીઓને પુર્ણ મળવાનાં છે.

રામદાસ-વહાલા વલ્લભદાસભાઇ, માજી એ પુછ્યું છે તે કરુણા કરી કાંઇ શ્રવણ પાન કરાવો તો સારું.

વલ્લભદાસ-રામદાસભાઈ, આપણુને સર્વેને વિઠુલદાસભાઇ તે રસનું પાન કરાવશે.

વિઠુલદાસ-મારા વહાલાનાં વહાલાં ભગવદીયો, શ્રીવલ્લભ અને વલ્લભી દ્વારા મેં જે પાન કર્યું છે તેનું ફરીને અવગાહન કરાવવા તમોએ મારા ઉપર કૃપા વિચારી છે, તો જે મેં સાંભળ્યું છે તે નિવેદન કરું છું.

પરમ ભગવદીય રણછોડદાસ માસ્તરની મંડળીમાં એક વખત મેડા ઉપર વૈષ્ણવો રાત્રે "વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું, ના ના નહીં આવું રે, ના નહી આવું વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું" તે ધોળ ગાઇ રહ્યા હતા. નીચે રસ્તા ઉપરથી એક ઓંકાર શંકર નામના અન્ય પંડિત નિકળ્યા. તેના કાન ઉપર આ શબ્દ પડતાં મનમાં વિચારવા લાગ્યા, જે આ માળાઓ મરજી આવે તેમ ગાયા કરે છે, ઠીક છે. પણ કાલે સવારે હરિદાસ મારા પાડોશમાં રહે છે, તે વખતો વખત બડાફાં (ગપ્પાં) માર્યા કરે છે, જે અમારા પુષ્ટિમાર્ગમાં જેટલું જેના અનુભવમાં આવ્યું હોય તેટલું તે ગાય છે, તો આ માસ્તરની મંડલીવાળા જ્ઞાન વિનાના વૈષ્ણવો કહે છે જે 'વૈકુંઠ નહિ આવું.' જે વૈકુંઠ દેવતાને દુર્લભ છે તેના કરતાં વ્રજમાં શું અનુભવ્યું હશે ? તે પ્રશ્ન હરિદાસને પુછીને તેને હરવખત ગપ્પાં મારતો બંધ કરી દઇશ. તેવી જ કલ્પનામાં રાત આખી કાંઇ ઉંઘ કાંઇ કલ્પના કરી વીતાવી દીધી. સવારમાં ઉઠતાં જ હરિદાસને બોલાવીને કહે છે હરિદાસ, આજે તમારી પોલ પકડી લાવ્યો છું. જવાબ પૂરો કરજો.'

હરિદાસ-પંડિતજી, આજે તો કાંઇ બહુ જોર શોરમાં વાત છે ! એવડી બધી ભારે પોલ શું પકડી લાવ્યા છો ?

પંડીતજી-રાત્રે દશ વાગતાના સુમારે દોશીવાડાની પોળમાંથી નિકળતા થોડી વારે કાળુપુરના રસ્તા અને રીચી રોડ સડક વચ્ચે જે ગલી આવે છે તેમાં મેડા ઉપર માસ્તરની મંડળીમાં વૈષ્ણવો બોલી રહ્યા હતા જે-"વ્રજ વહાલુ રે વૈકુંઠ નહિ આવું, ના ના નહિ

આવું રે, ના નહિ આવું, વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું." તો ભાઇ હરિદાસ ! તમો વખતો વખત ગપ્પાં મારો છો, જે અમારા પુષ્ટિમાર્ગમાં જેણે જેટલું અનુભવ્યું છે તેટલું જ તે ગાય છે, તો આ વૈષ્ણવો કહેતા હતા જે વૈકુંઠ નહિ આવું. તો ભાઇ હરિદાસ ! વૈકુંઠના દર્શન તો જેને મોક્ષની પ્રાપ્તિ થઇ હોય તેને જ થાય છે અને મોક્ષ પણ ચાર આશ્રમ સિદ્ધ થાય તેને મળે છે. આવડું બધું કઠિન કામ છતાં તે લોકો રાત્રે ગાતા હતા જે "વૈકુંઠ નહિ આવું" તો મોક્ષ કરતાં અધિક શું હોય જે મોક્ષને તરછોડીને કહે છે જે નહિ આવું ? અને તેથી પણ વ્રજમાં વધારે અનુભવ્યુ જે 'વ્રજ વહાલું" તેમ કહે છે. તો તે ગપ્પાં નહિ તો શું કહેવાય ?

હરિદાસ-પંડિતજી, તમારો પ્રશ્ન હું સમજ્યો છું. હવે મારે તમોને પૂછવાનું છે જે તમો કહો છો જે ચાર આશ્રમ સિદ્ધ થાય તેને જ મોક્ષ મળે છે, તો તે ચાર આશ્રમ કયા કયા અને તે આશ્રમમાં શી રીતે વર્તવાનું તે જરા ઠીક કરીને કહો.

પંડિતજી-પહેલો બ્રહ્મચર્યાશ્રમ અને તેમાં એક વખત જમવાનું છે. ભોંય પર સુવું નશાવાળા કોઇ પદાર્થ ખાવા પીવા નહિ એકાંતમાં કોઇ સાથે ઉઠવું બેસવું નહિ વગેરે વગેરે બીજો ગૃહસ્થાશ્રમ તેમાં ઘર બાંધીને રહેવું અને ઘર આગળ આવેલા અતિથિનો બનતો વાણી પાણીને સાથરી સંપત સાથે અન્ન, બધી રીતે સત્કાર કરવો ત્રીજો વાનપ્રસ્થાશ્રમ તેમાં જંગલમાં (વનમા) રહેવું. સ્ત્રી સાથે હોય પણ સંસાર સુખને માટે નહિ, ભગવદ્ ધર્મની અનુકૂળતા સારુ જ. ચોથો સંન્યાસ્તાશ્રમ છે તેમાં સર્વસ્વ ત્યાગ કરવો તેનું નામ.

હરિદાસ-"નારી મૂઇ, ઘર સંપતિ નાસી, મુંડ મુંડાઇ ભયે સંન્યાસી" તેવા તો શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય વખતે કાશીમાં દશ હજાર સંન્યાસીનું સૈન્ય યવનની સેના સામે લડવા તૈયાર થયેલ હતું. સંન્યાસીના વેશના પડદા પાછળ મનમાને તેમ કરે તેવું તો નહિને ?

પંડિતજી-તેવું સંન્યસ્ત તો નરકમાં બોળવાનું છે તેનો આશ્રય કરનાર પણ સંસામાંડૂબે. ઉપર કહેવા પ્રમાણે ચારે આશ્રમ જેને સિદ્ધ થાય એટલે યથાસ્થિત વર્તનમાં આવે તેને જ મોક્ષ મળી શકે છે છતાં એવી કઠિનતાએ જે મોક્ષ મળી શકે છે તેને તે લોકો તરછોડે છે, તે તેમની કેટલી બધી અજ્ઞાનતા ગણાય છતાં તમે તો હર વખત તેવા લોકોની સરાહના કર્યા કરો છો. હવે તેણે શું અનુભવ્યું તે જવાબ હું સમજી શકું તેવી રીતે આપો.

હરિદાસ-પંડિતજી તમે કોઇ વખત વૈષ્ણવોને વ્રજ યાત્રા કરાવવા શ્રીવલ્લભ કુળ બાળકો (ગોસ્વામી મહારાજો) પધારે છે તે જોયેલું કે સાંભળેલું છે ?

પંડિતજી-દશ બાર વરસ પહેલાં એક વખત અમે એક શેઠની સાથે ગંગાજીયે ગયા હતા. ત્યાંથી પછી ગોકુલ મથુરાંની જાત્રા કરી વંદરાવન જોયું. પછી તે શેઠ વૈષ્ણવ હતા અને તેણે અમને જાત્રા કરવા રેલનું ખર્ચ આપ્યું હતું તથા ખાવા પીવાનું ખરચ પણ તે શેઠ જ આપતા હતા. તે શેઠ શ્રીગુસાંઇજી મહારાજની સાથે વ્રજ યાત્રા કરવા રોકાયા

અને અમે પણ તે વખતે વ્રજની પરિક્રમામાં સાથે હતા. તે વખતે જોયેલું તો છે પણ હવે બરાબર યાદ રહ્યું નથી.

હરિદાસ-પંડિતજી, સાંભળો. બધા વૈષ્ણવો તે વખતે વિશ્રાંત ઘાટ જાત્રાના નિયમ લીધા. તેમાં બ્રહ્મચર્ય સર્વે પાળ્યાં. તે ચાલીસ દિવસની જાત્રા થઇ ત્યાં સુધી તમારા જોવામાં આવ્યું કે ?

પંડિતજી-હા, તે વખતે બધાં ભોંય સુતા, પંચકેશ રાખતા, તેલ લગાડતા નહિ, એક વખત જમતા, તેવું બધું બ્રહ્મચર્ય આશ્રમ જેવું મેં બરાબર જોયેલું તે મને હજી યાદ આવે છે, પણ ભાઇ ગૃહસ્થાશ્રમનું શું ?

હરિદાસ-ગૃહસ્થાશ્રમ તેઓએ પાલ નાખેલા તે તેનાં ઘર સમજો. પોતાને પાલે આવે તેને ટાઢ, તડકો, વરસાદથી બચાવવા જગ્યા પણ આપે છે. લોટ, દાળ અગર ખપતાંને દાળ બાટી તૈયાર હોય તેથી પણ બનતો સત્કાર કરે છે તે ગૃહસ્થાશ્રમના ધર્મ ખરા કે નહિ ?

પંડિતજી-હા, તેમ બન્યું હતું તે પણ હવે મને યાદ આવે છે, પણ વાનપ્રસ્થાશ્રમનું શું ?

હરિદાસ-ત્યાં ડેરા વનમાં જ પડે છે. કોઇ દિવસ ગામમાં વાસ કરતા નથી. ચાલીસે દિવસ ડેરા વનમાં જ પડે છે અને સ્ત્રીજન સાથે હોય તે ભગવદ્ધર્મમાં અનુકૂળતા માટે જ હોય છે. ત્યાં સંસારસુખને માટે સ્ત્રીઓ સાથે રાખતા નથી.

પંડિતજી-હા, તે પણ બન્યું હતું તે પણ મને યાદ આવે છે, પણ સંન્યાસ્તાશ્રમનું શુ ?

હરિદાસ-ઘરમાં લાખો રૂપીઆનો વહીવટ, સગાં સહોદર સર્વે છે છતાં તે બધાંમાંથી ચિત્તનો નિરોધકરીને એટલે અમારું કોઇ નથી અમારા એક શ્રીગોવર્ધનધર છે એવું મન સાથે નિશ્ચય કરી આનંદથી ભગવદ્ ટહેલ કરવી તે સંન્યસ્ત.

પંડિતજી-હા, તેમજ હતું. અમારા શેઠને બહુજ જંજાલ ઘર આગળ હતી. રાત દિવસ વેપાર રોજગાર વહેવારમાંથી બિલકુલ નવરા થાય નહિ, છતાં પણ ત્યાં સર્વને કહી દીધું હતું જે ઘરના સારા યા માઠા કાંઇ ખબર તમારે મને આપવા નહિ.

હરિદાસ-કેમ પંડિતજી, તે ચારે આશ્રમના ધર્મો તે લોકો વ્રજમાં જઇ ચાલીસ દિવસમાં સિદ્ધ કરીલે છે એટલે વર્તનમાં લાવે છે, તે તમે નજરે જોયેલુ છે અને તેનું ફલ તેને તરછોડે છે. શાથી, જે તેને વ્રજમાં જે ચાલીસ દિવસમાં જે સુખ થોડા પ્રયાસમાં વિના સાધને શ્રીગુસાંઇજી મહારાજની કૃપાથી મળેલુ છે એટલે અનુભવમાં લીધેલું છે, તેથી જ તે ગાય છે જે "વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિ આવું."

પંડિતજી-હરિદાસજી, હું તો વ્રજમાં ગયો. છતાં તમે જે સુખનું વર્ણન કર્યું તે બધું નજરે જોયેલું છતાં તે તેમાંનો કાંઇ અનુભવ કરી શકયા નહિ તેનું કારણ ?

હરિદાસ-પંડિતજી, તમે વાત કહી જે અનુભવમાં આવી નહિ તે બરાબર છે. વ્રજના સુખની ખબર તે અનુભવવાળા ભગવદીઓના સત્સંગથી જ મળી શકે અને તેવા ભગવદીઓના સત્સંગથી જ મળી શકે અને તેવા ભગવદીઓનો સંગ દાસધર્મવાળાઓને જ

ફળરૂપ થાય છે. તમોને તમારી પંડિતાઇએ એ સુખથી વેગળા રાખ્યા છે. શ્રીગુસાંઇજી મહારાજ પણ પોતાની દૈવી સૃષ્ટિ ઉપર જ્યારે અતિશય કરુણા દૃષ્ટિ વિચારે ત્યારે સત્સંગ દ્વારા જ તે સુખ લેવરાવે છે અને તેવા સત્સંગનું સુખ વ્રજમાં તેવા વ્રજના અનુભવવાળા ભગવદીઓ હોય ખરા અને વ્રજ યાત્રા મિષે આવે પણ ખરા. તેટલા જ પૂરતું વ્રજ યાત્રા કરાવવાનું શ્રીગુસાંઇજી મહારાજ વિચારે તેથી દૈવી જીવોના આનંદમાં વૃદ્ધિ થાઓ.

આ પ્રમાણે મેં સાધારણ રીતે સાંભળ્યું છે તે મેં નિવેદન કર્યું છે. ભાવ સંબંધ પ્રસંગ એટલે ગોપીજનોનો ભાવ 'કુંજન-કુંજ મેં ભટકી, હું તો આવી વૃંદાવન અટકી' તે કોઈ દિવસ કોઇ ભગવદીને પૂછશું.

જમનાદાસ : ભાઇ વલ્લભદાસ ! આજ તો બહુ જ આનંદ થયો. આપણી આખી મંડલી આ વરસે વ્રજયાત્રા કરવા જઇએ. આ વર્ષમાં શ્રી ગુસાંઇજીએ કાંઇ અગણિત દાન કરવા વિચાર્યું છે. આપણી આખી મંડલી વચ્ચે એક અગર બે પાલ મોટા મોટા લઇએ. અને સર્વે મળીને સેવા સ્મરણનું સુખ સત્સંગથી લઇએ અને ગોપીજનોના ભાવનું દાન શ્રીગુસાંઇજીની કૃપાથી કોઇ ભગવદીય દ્વારા વ્રજમાં થશે.

વલ્લભદાસ : ભાઇઓ ! હું તો બહુ પ્રસન્ન થઇ જઇશ. અમારો વૈષ્ણવદાસ સર્વેની બનતી ટહેલ કરશે. રામદાસભાઇ પણ ટહેલના રસીયા છે. આસરાના પદ બોલી 'દૃઢ ઈન ચરન ન કેરો ભરોસો' કરી પ્રસાદ વંટાય છે. જે શ્રીકૃષ્ણ કરી રસભર્યા હૃદયથી સર્વે ઘેર જાય છે.

[શુદ્ધાદ્વૈત-ભકિતમાર્તંડ વર્ષ-૮, સં. ૧૯૮૯ આષાઢ, અંક ૪માંથી સાભાર]

સમાચાર

ડભોઇ ; પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્રને ઉભું કરવા માટે વડોદરા જીલ્લાના ડભોઈ મુકામે અઁ.પુ. વૈષ્ણવ પરિષદ તરફથી પુ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીના પ્રમુખસ્થાને યુવાનોની એક સભા તા. ૧૦-૬-૯૦ના રોજ શ્રી દ્વારકાધીશના મંદિરમાં યોજવામાં આવી હતી. વર્તમાન પરિસ્થિતિમાં પુષ્ટિ સ્વાધ્યાય અને સત્સંગની પ્રવૃતિની તાતી જરૂરિયાત પર પુ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીએ વિસ્તુત સમજ આપી હતી.

છીન્ન ભીન્ન બનેલા વૈષ્ણવ સમાજને સંગઠિત કરવા અને પુષ્ટિ સંપ્રદાયના સંરક્ષણ સંવર્ધન માટેની વિસ્તુત સમજ આપતાં સંગઠન મંત્રી પ્રોફે ચીમનભાઈ શેઠે "સંઘે શકિત કલૌ યુગે"ના સૂત્રને સમજાવ્યું. શ્રી ઈન્દ્રવદન કલ્યાણભાઈ શાહ (ખોડીમાવાલા), શ્રી પુર્ણિમાબહેન શીરીષભાઈ શેઠ, શ્રી ઈન્દીરા બહેન વિનોદચંદ્ર શાહ (ખોડીમાવાળા)ને યુવાન પ્રવૃત્તિના સંયોજક તરીકે નિયુકત કર્યાની જાહેરાત સંગઠન મંત્રીએ કરી હતી.

વડોદરા ; સત્સંગની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવાની અને પુષ્ટિ સ્વાદયાયની પ્રવૃતિ અંગે આં પુ. વૈષ્ણવ પરિષદે લીધેલા નિર્ણયને આવકારતાં પુ. ગો. શ્રી પ્રભુબાવાશ્રીએ (વડોદરા-બગસરા) વડોદરા શહેરની વાડી શાખા તરફથી યોજાયેલા કાર્યક્રમમાં જણાવ્યું કે વર્તમાન પરિસ્થિતિમાં આવી પ્રવૃત્તિઓની સંસ્કાર સીંચન માટે તાતી જરૂરી બની છે. પરિષદના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે પરિષદ અંગે વિભિન્ન કાર્યક્રમો-પ્રોજેકટોની જાણકારી આપી હતી. શ્રી વામનભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું અને વાડી શાખાનો અહેવાલ આપ્યો હતો.

શ્રીમદ્ ભાગવત સપ્તાહોમાં ગોસ્વામી બાળકોની પધરામણી

મુંબઈ તા. ૨૨-૫-૯૦ સમ્પ્રદાયના વિદ્વાન વ્યાખ્યાતા પૂ શ્રી નિરંજન શાસ્ત્રી ઉમરેઠવાળાની ચૈત્રમાં ચાર અને વૈશાખમાં ત્રણ સપ્તાહો મળી સાત શ્રીમદ્ ભાગવત સપ્તાહોમાં અનુક્રમે વિલેપાર્લા, સાયન, કાંદીવલી, મલાડ, જુહુસ્કીમ, રામબાગ સી.પી. ટેન્ક, અને ગુજરાત બ્રહ્મપુરીમાં પૂ ગો. શ્રી ચીમનલાલજી મહારાજશ્રી પૂ. ગો. શ્રી ઉત્તમશ્લોક મહોદયજીની પધરામણી વચનામૃત અને લોટી ઉચ્ચાર-માળા પહેરામણી મનોરથ થયેલ. શ્રી બચુભાઈ ઝવેરીએ કીર્તન ગાન કરેલ.

બ્રહ્મપુરીમાં શ્રી નિરંજન શાસ્ત્રીજીની ૭૦૧મી ભાગવત સપ્તાહ થયેલ. તે નિમિત્તે તેમના વિદ્યાગુરૂ શ્રી નર્મદશંકર હ. શાસ્ત્રી, કેન્દ્રિય સંસદીય નિવૃત્ત સચિવ શ્રી ધનેશ્વર વ્યાસ, શ્રી ત્ર્યંબકભાઈ, શ્રી બાલકૃષ્ણ યાજ્ઞીક વગેરેએ વધાઈ આપી હતી.

નિવેદન :-

આં પુ. વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશના મંત્રી અને બોડેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી વી પી. પરીખના પિતાશ્રી પુરુષોત્તમદાસ પરીખના હરિશરણ થયાના સમાચારથી પરિષદના પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ પ્રા. ચીમનભાઈ શેઠ ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યકત કરી હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

કૃષ્ણધામ-આં પુ વૈષ્ણવ પરિષદ તરફથી શ્રી ભાગવત વિદ્યાપીઠ-સોલા મુકામે ૨૫ થી ૨૭ મે સુધી "સત્સંગ-સ્વાધ્યાય-સંગઠન" પર યોજવામાં આવેલી શિબિરમાં પ્રથમ તબકકામાં ૨૪ "પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્રો" ઉભાં કરવાનું નકકી કરવામાં આવ્યું છે. એ પ્રકારે પરિષદના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠે અત્રે એક પ્રેસ નિવેદનમાં જણાવે છે. પૂ શ્રી યોગેશભાઈ શાસ્ત્રીને "સત્સંગ પ્રવૃત્તિના અને પ્રિ. વી. પી. પરીખને 'પુષ્ટિ સ્વાધ્યાય"ના સંયોજક તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

સોલા મુકામે યોજાયેલી સૌ પ્રથમવારની આ શિબિરમાં ગુજરાતમાંથી ૧૨૫ કાર્યકરોએ ભાગ લીધો હતો. તેનું ઉદ્‌ઘાટન પૂ ગો. શ્રી વાગીશબાવાશ્રીએ (વડોદરા-કાંકરોલી) કર્યું હતું અને દુસંગની પ્રવૃત્તિને મીટાવી દેવા તથા સંસ્કારધામ વાતાવરણ ઉભું કરવા સત્સંગની તાતી જરૂરિયાત વર્તમાન પરિસ્થિતિમાં ઉભી થઈ છે.

પૂ. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીએ શિબિરનું સુંદર સંચાલન કર્યું હતું. પૂ. શ્રી કૌન્ડીત્ય શાસ્ત્રીએ સંસ્કૃતમાં સુદર પ્રવચન કરી "સત્સંગ સ્વાધ્યાય" પ્રવૃત્તિની વિસ્તૃત સમજ આપી હતી. શ્રી રસીકભાઈ શાસ્ત્રી, શ્રી જયંતભાઈ દેશાઈ, શ્રી વીજુભાઈ એમ. શાહ, શ્રી ઠાકોરભાઈ પરીખ, શ્રી હરેન્દ્ર શેઠ, કિરણબેન શાહ વિગેરે શિબિરાર્થીઓએ વિસ્તૃત ચર્ચા કરીને રચનાત્મક સૂચનો આપ્યા હતા. "સંઘે શકિત કલૌ યુગે" ની ઉકિતની વિસ્તૃત સમજ સંગઠન મંત્રી પ્રોફે. ચીમનલાલ શેઠે આપી હતી.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પાઠને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકના વર્ગોના અભ્યાસક્રમમાં તાકીદે સામેલ કરાવવા માટે પ્રાંતનું એક ડેલીગેશન શિક્ષણ મંત્રી અને મુખ્ય મંત્રીશ્રીની મુલાકાત લેવાનું આં. પુ. વૈષ્ણવ પરિષદની પ્રાંતની શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના પ્રમુખસ્થાને મળેલી કા. મીટીંગમાં નકકી કરવામાં આવ્યું. "પુષ્ટિ સ્વાધ્યાય" અને "પરિષદની ડીરેકટરી" પ્રકાશિત કરવાનું પણ કારોબારીની મીટીંગે નકકી કર્યું છે.

મા. શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠે સ્વાગત પ્રવચન કર્યું હતું. એને પૂ શ્રી કૌન્ડીન્ય શાસ્ત્રીએ આશિર્વચન આપ્યા હતા. ભાગવત વિદ્યાપીઠ-સોલાના સૌ ટ્રસ્ટીઓ અને અધિકારીઓની તથા પરિષદ અમદાવાદ શાખાના કાર્યકરોની સક્રીય કામગીરીથી "સત્સંગ-રવાદયાય-રાંગઠન શિબિર" અત્યંત ઉત્સાહપૂર્ણ અને ઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થઈ"

ભજનીય વ્રજેશ નંદલાલ છે રે લોલ...

ચતુશ્લોકીનું ધોળ [રાગ : ગરબાના ઢાળમાં]

એની સર્વાત્મભાવથી સર્વદા રે,
ભજનીય વ્રજેશ નંદલાલ છે રે લોલ;

એની આપણો પોતાનો ધર્મ એ જ છે રે,
નથી બીજો કદાપિ ધર્મ આપણો રે લોલ ... એની સર્વાત્મભાવથી૦

એની સેવા એ રીત નિત કરીએ રે,
પ્રભુ સ્વયં ભકતોના કાર્ય કરશે રે લોલ;

પ્રભુ સર્વ કંઇ કરવા સમર્થ છે રે,
એની તેથી નિશ્ચિંતતાને વરીએ રે લોલ.... એની સર્વાત્મભાવથી૦

જો શ્રી ગોકુલાધીશને પધારીએ રે;
સર્વ સમર્પણ ભાવથી હૃદયમાં રે લોલ,

એની બોલોને જો એમ હોય તો પછી;
લોક વૈદિક ફળથી શુ મળે રે લોલ?.... એની સર્વાત્મભાથી૦

એની સર્વાત્મભાવથી સર્વદા રે;
ગોકુલેશ પ્રભુ ચરણકમલનું રે લોલ;

સ્મરણ–ભજન ભાવથી કરીએ રે;
તજીએ નહીં આ બે વાતને રે લોલ.... એની સર્વાત્મભાવથી૦

આ છે આપણા વા'લા વલ્લભની મતિ રે;
મતિ આપણી બધાની તેથી એ જ હો રે લોલ,

એની સર્વાત્મભાવથી સર્વદા રે;
ભજનીય વ્રજેશ નંદલાલ છે રે લોલ.... એની સર્વાત્મભાવથી૦

–**પ્રા. એમ. આર. પાલેજા** (રાજપીપળા)

* * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

જન્માષ્ટમીકે પદ

[રાગ – દેવગંધાર]

જશોદા જાયો અલૌકિક લાલા;
નખ શિખ કોટિ કામ કી શોભા, લોચન નલિન વિશાલા. ૧

આનન ચંદ્ર કુમુદ બ્રજવાસી, ઉર ગુંજા કી માલા;
કનક કુંજવદની મૃગ લોચનિ, ગાવતિ ગીત રસાલા. ૨

હંસિ હંસિ પ્રાણ ઉબારતિ હરિ પે, ન્યોછાવર મણિ માલા;
પીત ઝીન ઝગુલી તન સોહે, તન ઘુતિ દમક મરાલ:. ૩

ભાલ વિશાલ ચરણવર પેંજન, ચલત ઘોષ કલ માલા.
'વલ્લભ' શિવ સનકાદિક જાકે, નાંવત હૈ પદ ભાલા. ૪

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૯ : અંક ૫ ⊞ **ઓગષ્ટ, ૧૯૯૦**

શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

સમાચાર

"આં. પુ. વૈષ્ણવ પરિષદ તરફથી સસ્તું-સારૂં-સુંદર ઉપયોગી-સત્સંગ માટેનું સાહિત્ય પ્રકાશિત"

(૧) શ્રી વલ્લભ સ્મૃતિ અંક	રૂ. ૧૦-૦૦
(૨) વેણુર્મધુર	રૂ. ૧૦-૦૦
(૩) નિત્ય દર્શન – નિત્ય સ્મરણ	રૂ. ૨-૫૦
૧૦૦ પ્રતોના	રૂ. ૨૨૫-૦૦
(૪) નિત્ય દર્શન-સ્મરણ ચીંતન	રૂ. ૫-૦૦
૧૦૦ પ્રતોના	રૂ. ૪૫૦-૮૦

(૫) પુષ્ટિ સ્વાધ્યાય-પુસ્તિકા હવે પ્રકાશિત થશે
પોસ્ટ ખર્ચ કે રવાનગી ખર્ચ અલગ
ચેક/ડ્રાફ્ટ આં પુ. વૈષ્ણવ પરિષદના નામે કપડવંજ મોકલવો.
સંપર્ક સ્થાનો ;-

(૧) શ્રી જયંતિભાઈ એસ. સોની, સોની ફળીયા,
ડો. કે. કે. શાહના દવાખાના સામે, મુ. પો કપડવંજ-૩૮૭૬૨૦ (જી. ખેડા)

(૨) શ્રી વીજુભાઈ એમ શાહ, "અનુગ્રહ" – પુનિત માર્ગ,
એલ જી. હોસ્પીટલના કોર્નર પાસે, મણીનગર ચાર રસ્તા પાસે, **અમદાવાદ.**

(૩) આં. પુ. વૈષ્ણવ પરિષદ કાર્યાલય, ૨ જી સીતારામ બીલ્ડીંગ,
પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે, **મુંબઈ**-૪૦૦૦૦૧

(૪) શ્રી મનસુખભાઈ માવજીભાઈ રાણપુરા
શૃંગાર જ્વેલર્સ-સોની બજાર-મુ. **રાજકોટ**

અમદાવાદ

"વર્તમાન પરિસ્થિતિમાં સંસ્કાર સીંચનની તાતી જરૂરિયાત ઉભી થઈ છે અને તેના માટે સંસ્કારના કેન્દ્રો ઘરો બને તે અત્યંત જરૂરી છે. અને તે કામ માતાપિતાએ કાળજીપૂર્વક કરવું ખાસ જરૂરી છે" એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા પુનઃ પ્રકાશિત 'નિત્ય દર્શન-નિત્ય સ્મરણ નિત્ય ચીંતન" પુસ્તિકાના વિમોચન માટે અમદાવાદ ખાતે મણીનગર શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં યોજાયેલા સમારંભમાં પૂ. ગો. શ્રી વાગીશકુમારશ્રીએ (વડોદરા-કાંકરોલી) વૈષ્ણવ સમાજને અપીલ કરતાં જણાવ્યું હતું.

આં. પુ, વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશના પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્ત ત્રિ. શેઠ ઉદ્યોગપતી શ્રી જયંતિભાઈ વીરૂભાઈ પટેલ -(ગ્રેટીટીર.ળ) પરિષદના સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠ ધર્મના સંસ્કારો માટે શિબિરોના આયોજનો, યુવાનોને માટે પુષ્ટિ સ્વાધ્યાયનાં કેન્દ્રો સત્સંગની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવા અંગેની તેઓએ પ્રાસંગિક પ્રવચનોમાં સમજાવી હતી અને સમગ્ર વૈષ્ણવ સમાજને આવાં કાર્યોમાં સહભાગી બનવા અપીલ કરી હતી

આં. પુ. વૈ. પ.-પુષ્ટિ પ્રસાર સેલના સંયોજક શ્રી વીજુભાઈ એમ શાહે સ્વાગત પ્રવચન કર્યું અને પરિષદના કોષાધ્યક્ષ પ્રા. ગોપાલભાઈ શાહે આનંદ વ્યક્ત કરી આભાર માન્યો હતો. શ્રી કલ્યાણભાઈ ભાટીયા અન્ય કાર્યકરોએ સારી વ્યવસ્થા કરી હતી.

- * શ્રી, વલ્લભ સુધા' દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.
- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ;
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૫ ✱ ઓગસ્ટ, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

જીવનની સમસ્યા

લેખક : નિ. લી. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજ
કોટા-કડી.

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા

આંખના સર્જન

માનવ જીવન અમૂલ્ય છે. તેની સરખામણી બીજા જીવની સાથે ન થઇ શકે. માનવ શરીર જે આજ અત્યંત પૂણ્યના પ્રતાપે પ્રભુ કૃપાથી પ્રાપ્ત થયું છે. તેને દેવ દુર્લભ પણ કહેવાય છે. કારણ કે દેવતા પણ આ માનવ શરીરને પ્રાપ્ત કરવા માટે હંમેશા ઉત્સુક રહે છે. તેનું કારણ એ છે કે મનુષ્ય સિવાય બીજી સારી યોનીઓ ત્યાં સુધી કે દેવ વગેરે યોનીઓ પણ ફલભોગ ભૂમિ છે. ભોગ ભૂમિનો અર્થ છે-કે જીવને આ યોનીઓમાં ફકત પ્રારબ્ધ દ્વારા પ્રાપ્ત ભોગો ભોગવીને એ શરીરનો ત્યાગ કરી દેવો પડે છે. એ શરીરમાં કોઈ પણ નવીન કર્મ કરીને પરલોક સુધારવાની સામગ્રી નથી.

ભાવિ જીવનને પોતાની ઇચ્છાનુસાર બનાવવાની યોગ્યતા તો માત્ર માનવ શરીરમાં જ છે. તેથી જ આ શરીર કર્મભૂમિ કહેવાય છે. વિશેષ વિચાર કરતા આપને

જાણ થશે કે શરીરને જોઇએ તેટલા ભોગ આપો, શરીર ક્યારેય સુખી નહીં થાય. પરંતુ તે વિશેષ ને વિશેષ સુખને ઇચ્છવા લાગશે. તો પછી તે સુખી થઇ શકશે નહિ. આવી અવસ્થામાં તેને ક્યારેય સુખ પ્રાપ્ત થઇ શકે નહિ. આ રીતે શરીરને સુખ પહોંચાડવા માટે જે કંઇ પરિશ્રમ કરવામાં આવશે તે બધો જ નકામો થઇ ગયો.

આત્મા તો અવિનાશી છે, તેથી તે હંમેશા સુખરૂપ છે. તેને પોતાના સુખ માટે બીજા કોઈ પદાર્થની જરૂરત જ નથી. આ સમજ્યા પછી આ પ્રશ્નોના જવાબ એક એક કરીને સમજી લેવા જોઇએ. જીવનનું ધ્યેય શું છે તે આપણો પહેલો પ્રશ્ન છે. સંસારનું સાધારણ અવલોકન કરવાથી એ જાણ્યા વગર નથી રહેવાનું દરેક મનુષ્ય સુખ ઇચ્છે છે સુખ પ્રાપ્ત કરવા માટે જ એની બધી પ્રવૃત્તિઓ હોય છે. અને દુઃખ કોઇને પસંદ નથી. તેથી એવો નિષ્કર્ષ નિકળે છે કે જીવન, માનવ જીવનનું ધ્યેય દુઃખની સાર્વત્રિક નિવૃત્તિની સાથે પરમ સુખની પ્રાપ્તિ સિવાય બીજું કંઇ ન હોવું જોઇએ.

પરંતુ દુઃખ સુખનું સ્વરૂપ મનુષ્ય સમજતો નથી અને તેને કારણે તે આમ તેમ ભટકે છે તથા સુખને બદલે દુઃખ જ મેળવે છે. મનુષ્ય એ સમજતો જ નથી કે સુખ કઇ વસ્તુ છે. ભતૃહરિ કહે છે કે–

'પ્રતિકારો વ્યાધે–સુખમિતિ વિપર્યસ્થતિ જનઃ ।'

અર્થાત્ આપણી ભ્રમિત બુદ્ધિને કારણે વ્યાધિ અથવા વ્યથા કે પીડાની તાત્કાલિક ક્ષણિક નિવૃત્તિને જ સુખ માની લઇએ છીએ.

તરસ લાગે છે એટલે પાણી પીએ છે, અને શ્વાસ લઇને તેને પણ સુખ માની લીએ છે, પરંતુ તેમાં કોઈ સુખ તો મળતું નથી ફક્ત તરસ છીપે છે અને તરસને કારણે ઉત્પન્ન થયેલ વ્યાકુળતા થોડા સમય માટે દૂર થઇ જાય છે.

હવે દુઃખનું સ્વરૂપ સમજવું જોઇએ, જેથી એ સમજી શકાય કે તેમાંથી નિવૃત્તિ કેવી રીતે મળે. ગીતામાં ભગવાને ચાર મોટા દુઃખ ગણાવ્યા છે. જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ તેમાંથી જન્મના, દુઃખને તો મનુષ્ય અજ્ઞાન અવસ્થામાં જ ભોગવે છે. છતાં પણ વિવેકી પુરૂષ બીજાને આ પ્રકારનું દુઃખ ભોગવતાં જોઇને એ અનુમાન કરી લે છે કે પોતાને પણ આવું દુઃખ ભોગવવું પડ્યું હશે. જરા અને વ્યાધિનું દુઃખ તો આપણે પોતામાં તેમ જ બીજામાં બરોબર જોઇ શકીએ છીએ. મૃત્યુનું દુઃખ પણ ઘણું ભયાનક હોય છે. તેને પણ આપણે બીજાને મરતો જોઇને જાણી લઇએ છીએ. આ બધાને વિવેકથી જોતા શીખીએ ત્યારે દુઃખ જાણી શકાય છે. નહિતર દુઃખમાં પણ સુખ બુદ્ધિ થઇ જાય છે અને ત્યારે દુઃખ દુઃખરૂપ નથી દેખાતું.

આત્મ પુરાણમાં આ જન્મ મરણના ચક્રનું વર્ણન–'જાતો બાલો યુવા વૃદ્ધા । મૃતો જાતઃ પુનઃ સ્તથા ભ્રમતિલ્યેષ સંસારે ઘટી. યંત્ર સમોવશઃ ।'

મનુષ્ય જન્મે છે, બાળપણ ભોગવે છે, યુવાન થાય છે, આધેડ થાય છે અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે, પછી મૃત્યુની શરણમાં ચાલ્યો જાય છે. ત્યારબાદ ફરીથી માતાના પેટમાં આવી ત્યાંનું દુઃખ ભોગવે છે, ફરી

જન્મે છે. આ પ્રમાણે જીવાત્મા પોતાના કર્મ અનુસાર ઘડીયાળના યંત્ર માફક વિવશ થઇ જન્મ મરણના ચક્રમાં ફરતો રહે છે.

આ ઉપરથી એ દેખાય છે કે જન્મ મરણ સમાન કોઇ દુઃખ નથી. તેથી જ જો દુઃખની નિવૃત્તિ કરવી હોય તો જન્મ મરણના ચક્રમાંથી મુક્ત થવું જોઇએ. તેનો ઉપાય માત્ર મુક્તિ અથવા મોક્ષ છે. એજ અક્ષય અનંત સુખ છે. પોતાના સ્વરૂપનું જ સુખ છે, તેથી તેમાં કોઇ વધઘટ થતી નથી તથા તેનો કયારેય વિનાશ પણ થતો નથી અમે જોયું છે કે મનુષ્ય જીવનનો ઉદ્દેશ દુઃખની નિવૃત્તિની સાથે પરમાનંદની પ્રાપ્તિ છે અને તે મોક્ષ પ્રાપ્તિથી સિદ્ધ થઇ શકે છે.

હવે આ વાતનું સમર્થન કરવા માટે થોડા પ્રમાણ જોઇએ. શ્રીમદ્ ભાગવતમાં ઉદ્ધવજીને ભગવાન કહે છે–

એષા બુદ્ધિમતાં બુદ્ધિર્મનીષાય મનીષિણા ।
પત્સત્ય મંતતેનેહ, મર્ત્યેના પ્રોતિ મામૃતમ્ ॥

બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિ તથા ચતુર મનુષ્યોની ચતુરાઈ એમાં છે કે આ વિનાશી અને ક્ષણભંગુર શરીરથી મારા અવિનાશી અને સત્યસ્વરૂપને પ્રાપ્ત કરે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું છે–

'અનિત્યં સુખંલોકં ઇમં પ્રાપ્ય ભજસ્વમામ્ ।'

આ ક્ષણભંગુર તથા દુઃખરૂપ શરીરથી મારૂ ભજન કરીને મને પ્રાપ્ત કર.

આપણો બીજો પ્રશ્ન છે મનુષ્યની ઉત્પત્તિ શા માટે થઇ છે ? મનુષ્ય જીવનનું અંતિમ ધ્યેય શું હોવું જોઇએ ?

આપણે જાણીએ છીએ કે સંત સમાગમમાં ઉછરેલ બાળક સંત બને છે. અને ચોરડાકુઓ સાથે ઉછરેલ બાળક ડાકુ જેવું બની જાય છે. વરૂ સાથે ઉછરેલ બાળક વરૂ જેવું બની જાય છે. હરણ સાથે ઉછરેલ બાળક હરણની જેમ ઘાસ ખાઇને જીવી શકે છે તથા હરણની જેમ ૩૦–૪૦ માઇલ સુધી છલાંગો મારી શકે છે.

આ પ્રમાણે ઇશ્વરે માનવ શરીરને સર્વ રીતે સ્વતંત્ર જેવું બનાવેલ છે. તેનો સદુપયોગ કરે તો નરમાંથી નારાયણ બની જાય. અને દુરૂપયોગ કરે તો નરમાંથી નરકનો કીડો પણ બની જાય. આથી સ્પષ્ટ સમજાય છે કે મનુષ્યશરીર જીવને મળે છે ફકત પ્રાપ્તિ કરવા માટે, કારણ કે ભગવદ્ પ્રાપ્તિ ન કરવાને કારણે ગર્ભવાસમાં એ પશ્ચાતાપ કરે છે તથા વર્તમાન જીવનમાં ભગવદ્ પ્રાપ્તિના ઉપાય કરવા માટે ભગવાનને જરૂર વચન પણ આપે છે. પરંતુ માયાની ફાંસીમાં પડવાને કારણે જે પશુની માફક વિષય સેવવમાં જ જીવન વિતાવે છે એ મનુષ્યનો જન્મ વ્યર્થ જ જાય છે.

આપણો ત્રીજો પ્રશ્ન એ છે કે જીવન કઇ રીતે સુખશાંતિથી વીતાવી શકાય છે ? ખૂબ જ ટુંકમાં આનો જવાબ શાસ્ત્ર આ પ્રમાણે આપે છે–

આપદાં કથિત પંથા ઇંદ્રિયાણામ્ અસંયમ ।
તજ્જયઃ સામદાં માર્ગો દેનેષ્ટં તે ન ગમ્યતામ્ ॥

જો સુખ અને શાંતિનું જીવન વીતાવવું હોય તો ઇંદ્રિયોનો નિગ્રહ એટલે કે સંયમ આવશ્યક છે. તેનાથી ઊલ્ટું જો ઇંદ્રિયોને મનગમતા ભોગ આપવાનો આગ્રહ રાખશો તો વિનાશ અનિવાર્ય છે. આનું કારણ એ છે કે

ભોગ પદાર્થોનો એક તો અંત નથી હોતો અને બીજું કે ભોગ ભોગવવાથી તૃપ્તિ નથી થતી. તેથી શાસ્ત્ર ચેતવણી આપે છે–

ન જાતુ કામ કામાનામ્ ઉપભોગેન શામ્યતિ ।
હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે ॥

ભોગ પદાર્થોને ભોગવવાથી કયારેય તૃષ્ણા શાંત નથી થતી. દષ્ટાંત આપીને સમજાવે છે કે અગ્નિમાં જેમ જેમ ઘી નાખવામાં આવે તેમ તેમ અગ્નિ પ્રબળ થતો જાય છે. એ જ પ્રમાણે ભોગ વાસના પણ ભોગ ભોગવવાથી પ્રબળ થતી જાય છે. તેથી જ કહેવાય છે કે 'તાં તૃષ્ણાં ત્યજતઃ સુખ' અર્થાત્ તૃષ્ણાના ત્યાગથી જ સુખ મળે છે. ભોગથી કયારેય સુખ મળી મળી શકતું.

આ પ્રમાણે એ નકકી થાય છે કે સુખ શાંતિમય જીવન માટે ત્યાગ પ્રધાન જીવન જ આવશ્યક છે. ત્યાગ પ્રધાન જીવન બનાવવા માટે શું કરવુ જરૂરી છે તે બતાવતા યોગ દર્શન કહે છે કે–"સંતોષાત્ અનુમતમઃ સુખ લાભ' અર્થાત્ સંતોષ વૃત્તિ રાખવાથી અવિરત સુખની પ્રાપ્તિ થાય છે. જે મનુષ્ય આ પ્રમાણે પોતાનો જીવન વ્યવહાર નથી બનાવતો અને આખું જીવન કામ ધંધામાં અને વિષય સેવનમાં વિતાવી દે છે. તેમને માટે શાસ્ત્ર એમ કહે છે કે–

યો નરો જન્મ પર્યંતમ્ સ્વાદોરસ્ય પ્રપૂરકઃ ।
ન કરોતિ હરેર્ભક્તિ સ નરો ગોવૃષઃ સ્મૃતઃ ॥

જે મનુષ્ય જીવનભર ઉદર પૂર્તિ માટે પરિશ્રમ કરે છે અને શરીરને ફકત ભોગ આપવામાં જ જીવનની સમાપ્તિ કરે છે તથા ઇશ્વરની ભક્તિ નથી કરતો તેને તો બે પગવાળો બળદ જ સમજવો જોઇએ.

જે શરીર ઇશ્વર પ્રાપ્તિ માટે મળેલ છે તેનો ઉપયોગ જો વિષય સેવનમાં જ કરે છે તેને પશુ ન કહેવાય તો શું કહેવાય.

આ સાથે ચાર પ્રકારના પુરુષાર્થ કરવાના છે, ધર્મ, અર્થ, કામ, મોક્ષ. આ ચતુર્વિધ પુરૂષાર્થના, અંગ છે, તેમાં વચ્ચેના બંને અર્થ અને કામ અર્થાત્ સ્થૂળ શરીરના ભોગ તો પ્રારબ્ધને આધીન છે. તેથી તે સંબંધમાં તથા પ્રાપ્તિમાં ધર્મને મુખ્ય સમજવો જોઇએ. બીજા આશ્રમ (ગૃહસ્થાશ્રમ)માં અર્થ અને કામ પ્રાપ્ત કરી શાસ્ત્રની આજ્ઞા અનુસાર તેનો ઉપયોગ કરવો જોઇએ. ત્રીજા અને ચોથા આશ્રમ તો મોક્ષની સાધના માટે જ છે, કારણ કે મનુષ્ય જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

આ મારા છેલ્લા જય શ્રીકૃષ્ણ

પ્રા. એમ. આર. પાલેજા [રાજપીપળા]

૮૪–૨૫૨ વૈષ્ણવની વાર્તાઓ સાચી વૈષ્ણવતા શું છે તેનો ખ્યાલ આપે છે. આ વાર્તાઓ વાંચ્યા પછી પ્રશ્ન ઊઠે કે શું આવા વૈષ્ણવો આ ઘોર કલિકાલમાં આજે પણ ભૂતલ વિદ્યમાંન હશે ખરા? શું આજેય પ્રભુ તેમને દર્શન દેતા હશે? સાનુભવ કરાવતા હશે? શું બાલકૃષ્ણ પ્રભુ તેમની સાથે વાતો કરતા હશે? શું તેમને ભૂતલ પરના પોતાના જીવનની સમાપ્તિના સમય અને દિવસનો સાર મળતો હશે ખરો?

પ્રભુ જેમને પુષ્ટિપ્રેમી ભગવદી વૈષ્ણવોનો સત્સંગ સાંપડયો હશે એવી ભાગ્યશાળી વ્યકિતઓના મનમાં આવા શંકાશીલ પ્રશ્નો પ્રવેશ કરી શકે નહીં. જેમને શ્રીઠાકોરજીનું સુખ મુખ્ય અને દુનિયાનું બીજું બધું ગૌણ છે, વૈષ્ણવો આજે ય પૃથ્વી પર છે અને તેઓ પ્રભુ સેવામાં પોતાનું જીવન નિર્ગમન કરી રહ્યા છે.

મોરબીના ભાટિયા વૈષ્ણવ પ. ભ. શ્રી પુરુષોત્તમદાસ ‘ભાઇજી’ આવા એક શ્રીવલ્લભ નામના મહાધની ભગવદ્દી વૈષ્ણવ હતા. તેમને પાકી મરજાદ હતી અને ઘેર શ્રીઠાકોરજીની સેવા બિરાજતી શ્રીહરિ ગુરુ વૈષ્ણવ પ્રેમી ભાઇજી સદા પ્રભુના સુખને પ્રધાનતા આપતા અને પ્રભુ સેવાને સર્વસ્વ ગણતા. મોરબી છોડી યાત્રાએ જાય ત્યારે પણ પોતાના શ્રીઠાકોરજીને પ્રેમપૂર્વક સાથે પધરાવી જતા અને અનેક મનોરથો કરી લાડ લડાવતા શ્રીવલ્લભકુલના ગોસ્વામી બાલકો પધારે ત્યારે સંપુર્ણ દીનતા સાથે તેઓશ્રીની સેવા–ટહેલમાં સદા તત્પર રહેતા તેમને શ્રીવલ્લભને વહાલા વૈષ્ણવો પ્રત્યે અપાર અનુરાગ હતો. વૈષ્ણવોને તેઓ પ્રેમથી પ્રસાદ લેવડાવતા અને સેવાભાવી વૈષ્ણવોને સેવાનો લાભ મળે તેની તેઓ ખાસ સંભાળ રાખતા.

૮૪–૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી આપણને જાણવા મળે છે કે કેટલાક ભગવદી વૈષ્ણવોને ભૂતળ પરના પોતાના જીવનની સમાપ્તિની અગાઉથી જાણ થતી ભાઇજી પણ પોતાના ગોલોકધામ ગમનના સમય અને દિવસને પામી ગયા હતા. આ બાબતનું સમર્થન કરતો એક પ્રસંગ નોંધપાત્ર છે.

દ્વારકાવાળા પ. પુ. ગો. શ્રી પ્રદ્યુમ્નલાલજી મહારાજશ્રીનાં બંને બેટીજી, શ્રી શોભાબેટીજી અને શ્રી ચંદાબેટીજી, જે હાલમાં મોરબીમાં બિરાજે છે, એ બંને પુ. બેટીજીઓના બંગલે દર જેઠ સુદ પુનમના દિવસે ભાઇજી આંબાની સેવા પધરાવતા પરંતુ આ વખતે પોતાની સ્થિતિ તેમને વર્તાઇ ગયેલ જે કારણથી તે દિવસના આગમનની રાહ નહીં જોતાં આંબાની સેવા વહેલી પધરાવી.

એક દિવસ ભાઇજીને થોડો તાવ આવ્યો. તાવ તો ગત જન્મોના કર્માનુસાર આવે તેની ભાઇજીને ચિંતા ન હતી. તેમને ચિંતા હતી શ્રીઠાકોરજીની સેવામાં તેમાં કોઇ બાધા આવે અને શ્રીઠાકોરજીને અસુખ–અસુવિધા થાય એ વિચાર તેમને ચિંતિત કરી દેતો. આ વખતે તેમના પૌત્રીએ પુછયું : ‘દાદાજી, તમને તાવ આવે છે, તબિયત સારી રહેતી નથી અને

સેવામાં અસુવિધા રહે છે. તો શ્રી ઠાકોરજીને આપણે શ્રી કાંતિભાઈ મરજાદીને ત્યાં પધરાવીશું ?"

ભાઈજી કહે: એવું તે થતું હશે, બેટા! સાથે જેષ્ઠા પુનમનો જલ યાત્રાનો ઉત્સવ આવે છે ત્યારે કંઇ શ્રીઠાકોરજી બીજે કયાંય પધરાવાય ? ભાઇજીના મનની પ્રવૃત્તિ હંમેશાં પ્રભુ સેવામાં જોડાયેલી રહેતી. સેવામાં તેમની અભિરુચિ અને આનંદમય અનન્યતા હતી તે આ વાર્તાલાપથી સમજી શકાય છે.

મોરબીના એક ભગવદી વૈષ્ણવ લાભુબેન ભાઇજીને ત્યાં કાયમ જલની સેવા કરતા. કોઇ વાર કોઇ કારણસર લાભુબેન જલ–સેવા માટે આવી શકતા નહીં. આવા સમયે ભાઇજી જલ-સેવાનું કામ પોતાના અંતરંગ સત્સંગી વૈષ્ણવ પ. ભ. શ્રી ભગવાનદાસ ખત્રીને સોંપતા. તેમને નોકરીએ જવાનું હોવાથી વહેલી સવારે પાંચ વાગે નાહીને નદીએ જલ ભરવા જતા. આ રીતે શ્રી ભગવાનદાસભાઇને ભાઇજીના શ્રીઠાકોરજીની સેવા–ટહેલનો લાભ અવારનવાર મળતો અને તેથી તેમને આનંદ થતો.

તા. ૧૪–૬–૭૮ ના બુધવારે જેઠ સુદ આઠમના દિને ભાઇજી અપરસમાં નાહ્યા. શરીરે અશકિત ઘણી હતી છતાં તેમણે સખડી અને અન્ય સામગ્રી સિદ્ધ કરી અને શ્રી ભગવાનદાસભાઇના હાથે શ્રીઠાકોરજીને રાજભોગ ધરાવ્યો, પ્રભુ સેવાનો લ્હાવો મેળવી શ્રી ભગવાનદાસભાઇએ કૃતાર્થતા અનુભવી.

ભાઇજીનું ઘર અને ભગવાનદાસભાઇનું ઘર પાસે પાસે, ભાઇજીના ઘરમાંથી સાદ પાડે તો શ્રી ભગવાનદાસ ખત્રીના ઘરમાં સંભળાય. બીજે દિવસે વહેલી સવારે ભાઇજીએ સાદ પાડયો: "ભગા, જરીક આવી જજે.' સાદ સાંભળી ભગવાનદાસભાઇ તેમને ઘેર ગયા ત્યારે ભાઇજી બહાર આવી ફળિયામાં સૂતા હતા.

જેઠ સુદ નોમને ગુરુવાર તા. ૧૫–૬–૧૯૭૮નો એ દિવસ ભગવાનદાસને જોઇને ભાઇજીએ કહ્યું, ભગા, આજે તું જલની સેવા કરીને ઘેર જજે. 'આ મારા છેલ્લા જય શ્રી કૃષ્ણ."

વેળાસર જલ ભરી ભગવાનદાસભાઇ ઘેર ગયા. થોડીવાર પછી ફરીવાર તેઓ ભાઇજીને ત્યાં ગયા ત્યારે તેઓ હરિ શરણ થયા હતા. શ્રી ઠાકોરજીએ ભાઇજીને પોતાની લીલાના ધામમાં બોલાવી લીધા હતા. પોતાનું તત્ત્વ ગોલોક ધામના અધિષ્ઠાન–પરમ તત્ત્વમાં ભાઇજીએ સમાવી દીધું। ભૂતલ પર અનન્યતા અને મરજાદ સાચવી વૈષ્ણવતાને ઉજાળી અંતે તેઓ મહામૂલા મહાવૃંદારણ્ય ગોલોક ધામના ગામી થયા.

૮૪–૨૫૨ અને અન્ય ગોલોકધામી ભગવદી વૈષ્ણવોની જેમ 'ભાઇજી' પણ પુષ્ટિના આકાશમાં વૈષ્ણવી ધ્રુવ તારકો વચ્ચે વૈષ્ણવતાની અલૌકિક આભાથી પ્રકાશી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી શ્રી હરિરાયજી; શ્રી યમુના મહારાણીજી, શ્રી સાત સ્વરૂપ શ્રીનાથજી બાવાના અનન્ય અનુપમેય આકાર સાકાર સ્વરૂપના તત્ત્વદર્શી સાક્ષાત્ સેવક એટલે શ્રી પુરુષોત્તમદાસ "ભાઇજી."

ભાઇજી ગોલોકવાસી થયા પછી તેમના શ્રી ઠાકોરજી તેમના ભાઇના પત્ની પ. ભ. શ્રી લક્ષ્મીબાઇને ત્યાં પધાર્યા અને લક્ષ્મીબાઈ લીલામાં ગયા પછી તેમના પુત્ર પ. ભ. શ્રી

રસિકદાસ લક્ષ્મીદાસ સંપટના ઉપર પધાર્યા. તેમનું સમસ્ત કુટુંબ પરમકૃપા નિધાન શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીમાં અનન્યતાના ભાવવાળું છે અને તેમને ત્યાં સંપુર્ણ તથા પુષ્ટિની પ્રણાલી પ્રમાણે શ્રી ઠાકોરજીની સેવા થાય છે.

ભાઇજીએ પરમ ભગવદીય શ્રી ભગવાનદાસ ભાઇને કહેલા "આ મારા છેલ્લા જય શ્રીકૃષ્ણ" સાકારિત બની આપણા સૌ વૈષ્ણવોના હૃદયમાં ગુંજી ઊઠયા છે. ભુતલ પરથી વિદાઇ લઇ લીલા ધામમાં જતી વખતે "જય શ્રીકૃષ્ણ" કરનાર પુષ્ટિપ્રેમી પરમ ભગવદીય શ્રી પુરૂષોત્તમદાસ 'ભાઇજી'ને આપણા સૌ વૈષ્ણવોના કોટિ કોટા "જય શ્રીકૃષ્ણ".

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભ કે પદ

ભાવાર્થ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)

રાગ–ભિમપલાસી, તાલ–એકતાલ

અમૃત રસ શ્રવ્યો, શ્રી વલ્લભ મુખ માધુરી.
તાહી પિયો શ્રીવિઠ્ઠલેશ અતિહી અઘાય કે;
કૃપા કરી રંચ દિયૌ દૈવી જીવન કો;
કર હો અનુપાન પ્રપંચ તે બચાય કે. ૧

ઔસધી ન આન, ઐસી ભવસાગર તરવેકી,
કીની હૈ અનેક ભાંત વિધિ સોં બનાય કે;
'વિષ્ણુદાસ' નિસવાસર ભજો, શ્રીવલ્લભ પદ
ચિંતા મત કરો, ધની શ્રી વિઠ્ઠલેશ પાય કે. ૨

ભાવાર્થ–શ્રીવલ્લભ દ્વારા શ્રીસુબોધિનીજી પ્રભૃતિ ગ્રંથો એ શ્રીવલ્લભની મુખ માધુરી શ્રીગુસાંઇજી શ્રીપ્રભુચરણે એ માધુરીનું ખૂબ જ પાન કર્યું અને એ પ્રસાદનું એટલે કે એ રસ માધુર્યને ગ્રંથો દ્વારા રંચક પ્રગટ કરીને, પોતાના નિજ દૈવી જીવોને અનુપાનનાં રૂપમાં આપી અને ભવનાં પ્રપંચથી તેમને બચાવ્યા.

'પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદાસક્તિ' નિરોધની સિદ્ધિ કરાવનાર પિતા–પુત્રનાં વચનામૃતો–ગ્રંથ રૂપે ટીકા રૂપે બિરાજે છે. દૈવી જીવો સ્વરૂપની વિસ્મૃતિથી ભવસાંગરમાં અટવાયેલા હતાં તેમના ઉપચાર માટે આ વચનામૃતો કૃપા કરીને રચ્યાં છે. જેથી પ્રપંચ રોગથી જીવને મુક્ત કરીને, ભગવદાસક્તિ રૂપ નિરોધ સિદ્ધિ પણ કરાવી છે. અનેક પ્રકારનાં જીવોનાં તેમના અધિકાર (રોગ) પ્રમાણે પ્રગટ કર્યાં છે.

વિષ્ણુદાસ કહે છે કે દિવસ રાત શ્રીવલ્લભને ભજો અને ચિંતા ત્યાગી દો. શ્રીવિઠ્ઠલેશ પ્રભુ જેવા પતિ રક્ષક છે તેમનાં ચરણારવિંદ મસ્તક પર ધર્યા હોય પછી ચિંતા કેવી ?

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. ૫. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

અઘ સંહારિણી શ્રીયમુનાજી,
પુરણ પુરૂષોત્તમજુકી પ્યારી ॥
જે જન તાકી ચરન ચિત્તલાવત,
તાપર કૃપા અનુગ્રહ ભારી ॥૧॥
સોલ સહસ્ત્ર રાજ કન્યાકે પ્રતિ,
બંધક ચુર દૈત્ય મહારિ ॥
તાહી નિહાર કીયે અંગીકૃત,
પાણી ગ્રહે સબકે જુ મુરારિ ॥૨॥
ઐસે પ્રભૂસોં કેલી નિરંતર,
ચરણ રેણુ ફરકત સુખકારી ॥
સેવા યોગ્ય દેહ કે કારન કરત ધ્યાન
કરત દયા નિજ પ્રાણ આધારી ॥૩॥
ચમકત રેણુ સબંધ કરત જો,
સિદ્ધિ અલૌકીક દેહ સુખારી ॥
'હરિદાસ' યમુનાજીકી **શોભા**
નિરખતરી તન મન ધન વારી ॥૪॥

ભાવાર્થ—હે પાપનાશની શ્રીયમુનાજી આપ પુર્ણ પુરૂષોત્તમનાં પ્રાણ પ્યારી છો કોઇ પણ મનુષ્ય દર્શન કરી અને ચરણમાં ચિત્ત લગાવે તેના ઉપર આપ કૃપા અનુગ્રહ કરો છો–સોળ હઝાર રાજ કન્યાઓનો મોટો પ્રતિ બંધક મૂર નામનો મહાબળવાન દૈત્ય હતો છતાં રાજ કન્યા ઓની દીન વિનંતિથી તેના ઉપર કૃપા કરી અને સર્વનો પાણિ ગ્રહણ કરી દ્વારકાલીલામાં અંગીકાર કરી એવા પ્રભૂ સાથે આપની નિરંતર કેલીનાં દર્શન આપની પરમ પાવની ચરણ રેણુના ફરકવાથી મળે છે આપના શરણસ્થજીવોને સેવા યોગ્ય નૂતન દેહ આપવાની દયા નિજ પ્રાણ પ્રભૂના બળથી જ કરો છો. ચંદ્રની ઉજીયારીમાં શ્રી યમુનાજીનાં રેણુજી ચમકે છે તે જાણે કોટી ચંદ્રનું ચુર્ણ કરી અને બિછાવ્યું હોય એવાં રેણુકાજીના સબંધથી અલૌકીક નૂતન દેહ સિદ્ધ થાય છે. વાંચો ચોરાસી વૈષ્ણવમાં–નારાયણદાસ બ્રહ્મચારીની ત્રણ જન્મ ભાવનાની વાર્તા એવાં શ્રીયમુનાજીની શોભા નિરખી હરિદાસ પોતાનાં તન મન ધન ન્યોછાવર કરે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.
હ. ૫. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણનામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. પ. ભ. મીસ્ત્રી રવજીભાઈ 'વ્રજ' ધોરાજી.

[ગતાંકથી ચાલુ]

આપ કૃષ્ણ નિજ નામ મહાત્મય શકે ન વખાણી
તે આગળ પછી કોણ માત્ર બીજાની વાણી. ॥૪૭॥

ભાવાર્થ : પ્રભુ પોતે કદી પોતાનું મહાત્મય કહી કે વખાણી ન શકે, તેઓ ભક્તના હૃદયમાં બિરાજી અને ભક્તની મધુરીવાણી હોવાથી તે સાંભળવાથી પ્રભુને પોતાને પણ પરમાનંદ થાય છે. જેમ શ્રી ગુંસાઇજીએ નવ આખ્યાન ગોપાલદાસના હૃદયમાં બિરાજી અને પ્રગટ કર્યા. જેમાં શ્રી ગુંસાઇજીનાં બન્ને વહુજીનાં નામ નથી. પત્નિનું નામ લેવું વેદ વર્જીત છે. તેવી જ રીતે પ્રભુએ શ્રીમદ્ ભાગવત્ વ્યાસના હૃદયમાં બિરાજી અને પ્રગટ કર્યું. વ્યાસજી અંશાવતાર હોવાથી અન્ય પુરાણો કરી શકે, પરંતુ શ્રી ભાગવતતો પ્રભુની ખાસ અંતરંગ લીલા હોવાથી પ્રભુ પોતે જ તેનું વર્ણન કરી શકે, અને તેથી જ શ્રી ભાગવતમાં કયાંય શ્રીરાધા ચંદ્રાવલીજીનાં નામ નથી. દ્વારકા લીલાનાં સર્વ પટરાણીઓનાં નામ છે, પરંતુ તે તો પ્રભુના સાધારણ ભક્ત હતા. દાસીઓ જેવા હતા, જેથી નામ પ્રગટ થયા છે, પરંતુ બ્રજલીલાના કોઇ અંતરંગ ભક્તના નામ નથી. આવા આખ્યાન અને શ્રીભાગવત જેવી લીલા પ્રભુએ પોતે પણ પ્રગઠ વખાણી નથી, ત્યારે તેના ગુણગાન કોઇ સાધારણ જીવ તો કયાંથી કરી શકે. બ્રહ્માદિ–શિવાદિ–શેષ–શારદા પણ અંતરંગ લીલાના વખાણ કરી ન શકે તો જીવ કોણ માત્ર ? અને બીજા કોઇ કૃષ્ણલીલાનું વર્ણન કરે તો તે કેવું હોય ? રાજ્યના અંતઃપુરનું વર્ણન રાજા કે રાજરાણીઓ અને અંતરંગ દાસીઓ જેવું વર્ણન કરી શકે તેવું વર્ણન અંતઃપુરની બહાર રહેનાર કદાપિ કરી શકે નહીં. ભકતો તો અંતરંગ દાસદાસી છે.

કામધેનુ–સુરદ્રુમ – ચિંતામણી કોટિક ધારૂં
કૃષ્ણ નામ સમ કેમ કહું ? લાજે મન મારૂં ॥૪૮॥

ભાવાર્થ : જેથી કૃષ્ણના નામ ઉપર કરોડો ચિંતામણીઓ, કરોડો કલ્પવૃક્ષો, કરોડો કામધેનુઓ ન્યોછાવર કરતાં પણ ઓછા પડે, એવા શ્રીકૃષ્ણ નામને એક એક ચિંતામણી, કામધેનુ અને કલ્પવૃક્ષની ઉપમા કેમ અપાય ? એવી ઉપમા આપતા પણ મારૂં મન લાજે છે. મધ્યમ ભાવનાવાળા કદાચ, ભલે એવી ઉપમા આપતા હોય પરંતુ જેઓ શ્રીકૃષ્ણ નામના મહાત્મયને જાણે છે. શ્રીકૃષ્ણ નામનો પ્રભાવ જેણે નજરે જોયો છે, શ્રીકૃષ્ણના સ્વરૂપને જાણે છે, તેઓ તો આવી ઉપમાઓ કદી પણ આપે નહીં. જેના ચરણરજની એક કણિકામાં એટલું સામર્થ્ય છે કે, એક ક્ષણમાં કોટી બ્રહ્માંડો સર્જાવે અને લય કરે એવી એક જ કણિકામાં કરોડો કામધેનુઓ, કલ્પવૃક્ષો અને

ચિંતામણીઓ સમાય જાય છે એવા અદ્ભુત સામર્થ્યવાળા ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણને માટે એવી ભાવના કેમ કરાય ? કોટી-કોટી શેષ-શારદાઓ અને વેદો પણ જેને નેતિ-નેતિ કરે છે એવા શ્રીકૃષ્ણનું તેના સામર્થ્યનું વર્ણન કરવાની કવિઓ કે સાધારણ જીવોની શું સામર્થ્યતા છે ? હા, તેઓ મહાસાગરમાંથી એકાદ બુંદનું પાન કરી અને આત્મસંતોષનો આનંદ માણે છે તેને ધન્ય છે. શ્રીકૃષ્ણના સાચા સ્વરૂપને તો એક ગોપીજનોએજ જાણ્યું છે, અને માણ્યું છે કે જેઓ ભક્તિમાર્ગના ગુરુ છે અને પ્રેમધ્વજારૂપ છે. કોઇ રાજાના સ્વરૂપને તેના રાણીઓ, અને અંતઃપુરના દાસ દાસીઓ જાણી શકે તેટલું મહેલ બહારના કોઇ પણ જાણી શકતા નથી માટે દૈન્ય સહીત સદાભજન કરવું. —ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો) —ગતાંકથી ચાલુ

અનુબંધં ક્ષયં હિંસામનપેક્ષ્ય ચ પૌરુષમ્ ।
મોહાદારભ્યતે કર્મ તત્તામસમુદાહૃતમ્ ॥૨૫॥

શ્લોકાર્થ-અનુબંધ, ક્ષય, હિંસા તથા પૌરુષની અપેક્ષા વગર, જે કર્મ મોહથી શરૂ કરવામાં આવે છે તેને તામસ કહ્યું છે. ૨૫

ટીકા-હવે તામસ કર્મનું વર્ણન કરે છે. **અનુબંધ....વગેરેથી** અનુબંધ એટલે કર્મ કર્યા પછીનું (અનુ)બંધ એટલે તેનાથી ઉત્પન્ન થયેલ શુભ કે અશુભ ફળનો ભાવ ક્ષયં એટલે વ્યર્થ દેહાત્મક મોક્ષ સાધનનો વ્યય (નકામા જવું તે) હિંસા એટલે પોતાને સંસારમાં નાખવા (પાતન) રૂપ હિંસા, પૌરુષં એટલે પુરુષાર્થ મોક્ષ 'ચ' શબ્દથી ધર્મની પણ અપેક્ષા રાખ્યા વિના મોહાત્ એટલે કે તેનાથી પોતાને સુખોપભોગ મળશે એવા ભ્રમથી જે શરૂ કરવામાં આવે તે કર્મને તામસ કહ્યું છે. ૨૫

મુક્તસંગોનહંવાદી, ધૃત્યુત્સાહ સમન્વિતઃ ।
સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકાર, કર્તા સાત્વિક ઉચ્યતે
॥૨૬॥

શ્લોકાર્થ-મુક્તસંગ (એટલે આસક્તિ રહિત) અહંકાર વગરનો, ધૃતિ (ધીરજ) તથા ઉત્સાહથી સંયુક્ત (વાળો-ધરાવનાર); સિદ્ધિ કે અસિદ્ધિ મળે તો તેનાથી વિકાર (અસર) પામ્યા વગરનો જે કર્તા છે તે સાત્વિક કર્તા કહેવાય છે. ૨૬

ટીકા-કર્મનું નિરૂપણ કર્યા પછી ત્રણ પ્રકારના કર્તાનું વર્ણન કરે છે. મુક્તસંત એટલે જેણે આસક્તિનો ત્યાગ કર્યો છે. અનહંવાદી એટલે હું કર્તા છું, એવું અભિમાન જેણે ત્યજ્યું છે. ધૃત્તિ એટલે ધીરજ અને ઉત્સાહ એટલે દુઃખાદિ સહન કરવારૂપી (ઉત્તમત્વના જ્ઞાનને લીધે) ઉદ્ય-એવી ધીરજ તથા ઉત્સાહથી

યુક્ત, કરેલા કર્મની સિદ્ધિ અથવા નિષ્ફળતા અસિદ્ધિ)થી જરાપણ વિકૃતિ (વિકાર-ફેરફાર) પામ્યા વગરનો જે કર્તા છે તે સાત્ત્વિક કહેવાય છે. ૨૬

રાગી કર્મફલપ્રેપ્સુર્લુબ્ધો, હિંસાત્મકોશુચિઃ ।
હર્ષ શોકાન્વિતઃ કર્તા, રાજસઃ પરિકીર્તિતઃ ॥૨૭॥

શ્લોકાર્થ-રાગી એટલે આસક્તિવાળો, કર્મના ફળની ઇચ્છા રાખનારો, થોડા કર્મથી બહુ ફળ મેળવવાના લોભવાળો, પારકાને (બીજાને) પીડા કરવાના સ્વભાવવાળો, અશુચિ (અપવિત્ર) (એટલે સ્નાન-આચમનાદિ શૌચ વિનાનો); હર્ષ તથા શોકવાળો-એટલે ફલ સિદ્ધિ થતાં હર્ષ પામનારો અને ફલની અસિદ્ધિ થતાં શોક પામનાર-આવોકર્તા રાજસ કહેવાય છે ૨૭

ટીકા-રાજસ (કર્તા) નું વર્ણન કરે છે. રાગી વગેરે પોતાના સંબંધના જ્ઞાનના ભ્રમથી તે માટેના પ્રયત્નોથી લૌકિકમાં આસકત, કર્મ ફલપ્રપ્સુ એટલે કર્મફલની અભિલાષા રાખીને કાર્યમાં પ્રવૃત્ત થનાર, હિંસાત્મક એટલે બીજાને પીડા કરવાના સ્વભાવવાળો, અશુચિઃ એટલે સ્નાન કે આચમન વગેરે શૌચવિનાનો, ફલ સિદ્ધિથી હર્ષ પામનાર અને અસિદ્ધિથી શોક પામનાર આવો કર્તા રાજસ એટલે વિક્ષિપ્ત સ્વભાવનો કહેવાય છે. ૨૭

અયુકતઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ, શઠોનૈષ્કૃતિકોલસઃ ।
વિષાદી દીર્ઘસૂત્રી ચ, કર્તા તામસ ઉચ્યતે ॥૨૮॥

શ્લોકાર્થ-અયુક્ત (એટલે પૂર્વા પર સંધાન રહિત) પ્રાકૃત (એટલે પ્રકૃતિ જન્ય) સદ્ભાવ રહિત, સ્તબ્ધ (એટલે અનમ્ર), શઠ, (એટલે ધૂર્ત), નૈષ્કૃતિક (એટલે બધાનું અપમાન કરનાર), અલસ (એટલે આળસુ, નિરૂદ્યમી) વિષાદી (એટલે નકામો શોક કરનાર), દીર્ઘસૂત્રી (એટલે કાર્યમાં બહુ વિલંબ કરનાર)-એવો જે કર્તા હોય એ તામસ છે. ૨૮

ટીકા-હવે તામસ (કર્તા) નું વર્ણન કરે છે. અયુકતઃ.... વગેરેથી પૂર્વાપરના અનુસંધાન વગરનો, પ્રકૃતિ જન્ય સદ્ભાવ રહિત (પ્રાકૃત) અનમ્ર (સ્તબ્ધ), ધૂર્ત-ધૂતારો-ઠગારો (શઠ), બધાનું અપમાન કરનારો (નૈષ્કૃતિક), અનુદ્યમી (અલસઃ), અકાર્યનો વિચાર કર્યા કરનારો (વિષાદી) તથા એક ક્ષણમાં જે કાર્ય કરી શકાય એવું હોય તેને કરવામાં એક મહીનો લગાડનાર (દીર્ઘસૂત્રી)-આવા કર્તાને તામસ કહે છે. ૨૮

બુદ્ધે ર્ભેદં ધૃતશ્ચૈવ, ગુણતસ્ત્રિવિધં શૃણુ ।
પ્રોચ્યમાનમશેષેણ, પૃથક્ત્વેન ધનંજય ॥૨૯॥

શ્લોકાર્થ-જ્ઞાન, જ્ઞેય તથા જ્ઞેયનો પરિજ્ઞાતા-એમ ત્રણનો ઉલ્લેખ અહીં કર્યો છે. તેને અહીં કર્તાની ત્રણ પ્રકારની સ્થિતિમાં પરિજ્ઞાતાનો (સંપૂર્ણ પણે જ્ઞાતા-જાણનાર) નો પ્રવેશ છે અને જ્ઞેય વસ્તુની ત્રિવિધતામાં ઉલ્લેખ છે. કરણના નિરૂપણને અર્થે બુદ્ધિની તથા ધૃતિના (ગુણો પ્રમાણે) ત્રણ પ્રકારના ભેદને પૃથકત્વથી (એટલે જુદા પાડીને) હું અશેષ પૂર્વક (જરાય બાકી રાખ્યા વિના-સંપૂર્ણ પણે), કહું છું તેને હે ધનંજય (એટલે સર્વત્ર ઉત્કર્ષ યુકત અર્જુન! તું સાભળ. ૨૯.

—ક્રમશઃ

ત્રિવિધ તાપ

લેખક : **સુખીયાજી મથુરાદાસજી જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

શ્રી મહાપ્રભુજી વિવેક ધૈર્યાશ્રયમાં આજ્ઞા કરે છે કે ત્રિવિધ દુઃખ આવી પડે તો પણ ધીરજ છોડવી નહીં.

ત્રિદુઃખ સહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા”

ભગવદ્ ભકત ત્રણ પ્રકારનાં તાપ સહન કરીને પણ પોતાનો ધ્યેય મુકતા નથી. સુખમાં છકી ન જાય, દુઃખમાં ગભરાતા નથી. જે વખતે જેવો સમય પ્રાપ્ત થયો હોય, તેને અપનાવી મુખ્ય ધ્યેય સિદ્ધ કરે છે. સંસારી જીવનમાં કાયિક, વાચિક, માનસિક ત્રણે પ્રકારના અનુભવો આવ્યા કરે છે.

કાયિક-શારિરીક કોઇને અગાધ શકિત બુદ્ધિ, બળ હોય તો પણ તે મદ અભિમાન લાવે જ નહિ. કયારેક શરીર કોઇપણ રોગથી પીડિત હોય, વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય. તેનું દુઃખ મનમાં ન લાવતા પ્રભુનું કાર્ય કર્યે જ જાય છે.

એક વૈષ્ણવને શરીરે કોઢ નિકળ્યો. લાંબા ટાઇમે રસી થઈ, જેથી ગામ છોડી જંગલમાં ગયા, કેમકે પુરૂં શરીર દુર્ગંધ મારતુ હતું, મનતો નિર્મળ જ હતું. પ્રભુ વનમાં દર્શન દેવા પધાર્યા, ત્યારે તે વૈષ્ણવ કહે છે-પ્રભુ મારી પાસે આવશો નહીં. મારૂં શરીર દુર્ગંધથી ભરેલ છે. માટે આપ દૂર રહો. પ્રભુ કૃપા કરી તેનો રોગ મટાડયો અને પ્રથમની માફક દેહ સુંદર નિરોગી બની ગયો. તેમ છતાં તે ભકિતમાન જીવે મારો રોગ મટાડો તેવી વિનંતી કરી જ ન્હોતી, કારણ કે તેણે દુઃખમાં પણ પ્રભુ ઇચ્છા માની હતી.

વાચિક-વાણી. વૈષ્ણવ વાણીનો સંયમ રાખે છે. મિથ્યા વાર્તાલાપ કરતા નથી. જેથી મુખરતા દોષ લાગતો જ નથી. મૂઢ અજ્ઞાની પણ તેની વાણીથી આકર્ષિત થઇ દુષ્કર્મ છોડી સત્કર્મ કરવા લાગી જાય છે.

કર્મણા-કર્મ. સંસારમાં આવી દરેક જીવો કર્મો તો કર્યા જ કરે છે. કયારેક. સત્પુરુષને પણ દુઃખ ભોગવતા જોયા અને પાપી દુરાચારી સુખી થતા જોયા તેમાં કર્મ કયા જન્મનાં કયારે ભોગવવા પડે છે તે કોઇ જાણતું નથી. આ બાબતમાં કર્મનો સિદ્ધાંત વાંચી જવો જરૂરી છે.

૮૪-૨૫૨ વૈષ્ણવો પૈકી દરેકને કાંઇ મન લાયક સુખ સંપત્તિ વૈભવ નહોતું તેમને તો ત્રિદુઃખ સહન કરવાની શકિત હતી. જેની પાસે જે હતું શારિરીક બળ, બુદ્ધિ બળ, વૈભવ વગેરે જે હતું તેમાં જ સંતોષ માન્યો.

એક વૈષ્ણવ પાસે ઘણું દ્રવ્ય હતું. સમય જતાં બધું ખૂટી ગયું. ત્યાર પછી કોડી વેચીને ગુજરાન ચલાવતા બજારમાં બેસી કોડીઓની ઢગલીઓ કરી રાખે. ગ્રાહક આવે તે પૈસા મૂકી જાય ને કોડીની ઢગલી લઇ લે. બોલવાનું કામ જ નહિ. ત્યાં બેઠા બેઠા પણ પ્રભુ નામ સ્મરણ ચાલુ જ રાખતા તેને આ પરિસ્થિતિનું સુખ કે દુઃખ કાંઇ હતું જ નહીં.

એકવાર એમનાં એક મિત્રે સો સોનામહોર મોકલી કે અત્યારે દ્રવ્યનો સંકોચ છે તો કામ આવશે. આ વૈષ્ણવે વિચાર કર્યો કે આ મારા

કામનું નથી. તેણે કાસદને રકમ આપી તે દ્રવ્ય શ્રી ગુસાંઇજીને મોકલાવી આપ્યું. અને મિત્રને પત્ર દીધો કે તમારી દયાથી મારે એક દિવસ ઉપવાસે રહેવું પડયું, કેમકે, કાસદને રકમ દેવી પડી. હવે પછી આપની ઇચ્છા હોય તે શ્રી ગુરુદેવને જ મોકલવા કૃપા કરશો ધન્ય છે તેમની વૃત્તિને દુઃખમાં પણ અડગ રહ્યા. રતિભાર દુઃખ માન્યું જ નહીં.

એક મા દિકરી વૃદ્ધા થયા. તે શ્રી ઠાકોરજીની સેવા કરતા હતા. આંખોથી ઓછું સૂઝે (કાયિક દુઃખ), જગાનો સંકોચ, દ્રવ્યનો સંકોચ (આર્થિક દુઃખ) હતું. છતાં તે બન્ને સુખ દુઃખ કાંઇ માનતા જ નહીં તન મનથી જે પોતાની પાસે હતું, તેમાંથી પ્રભુને રીઝવતા હતા. પણ વૈષ્ણવોમાં ટીકા થવા લાગી. આને શું ઠાકોરજી પધરાવી દીધા હશે ? કેવળ પ્રભુને શ્રમ આપે છે. ન તો સારી જગ્યા, નહીં મેંડ મર્યાદાનું પાલન પ્રભુ તો દયાળું છે. શ્રી ગુસાંઇજી તે રસ્તેથી પધાર્યા. ઘંટાનાદ સાંભળી તેને ઘેર પધાર્યા. જ્યાં ભીતર જઇને જુએ છે તો પ્રભુ પ્રેમથી આરોગે છે. આપશ્રી ઘણાં પ્રસન્ન થયા અને તે મા દિકરીને આજ્ઞા કરી કે ધન્ય વૈષ્ણવો તમારૂં સમર્પેલું પ્રભુ સાક્ષાત્ આરોગે છે. પ્રભુ ભકતનાં ભાવનો અંગીકાર કરે છે. સાધન બળનો નહિ.

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભકત્યા પ્રયચ્છતિ ।

તદહં ભકત્યુપહૃતશ્નામિ પ્રયતાત્મનઃ ॥

(ગીતા ૯–૨૬.)

જે ભકત ભકિતથી મને પત્ર, ફૂલ, ફલ, અને જળ અર્પે છે, તે હું નિર્મળ મનવાળા ભકતનું ભકિતપૂર્વક અર્પેલું આરોગું છું.

એ મુજબ પ્રભુ સાધન બળની અપેક્ષા રાખતા જ નથી, કેવળ એકભાવ ભુખ ગિરધારી છે.

વળી એક વૈષ્ણવ ચણા ભીંજાવીને તેની જુદી જુદી ઢગલીયો કરીને પ્રભુને રીઝવતાં દ્રવ્યનો સંકોચ બહુ હતો. પ્રભુ તે ભકતનાં ભાવને અનુસરીને તે તે વસ્તુ તે ભાવથી જ આરોગતા. જ્યારે વૈષ્ણવોને તે પ્રસાદ આપતા ત્યારે કહેતા આ લ્યો દાળ, આ રોટી એમ દરેક વસ્તુનું નામ દઇ પીરસતા. પરંતુ પ્રસાદ લેવાવાળાને તેવો જ સ્વાદ તે ચણામાં આવતો આ દ્દષ્ટાંત પૂરૂં પાડે છે કે પ્રભુને રીઝવવા સાધન બળ સાધ્ય નથી. કેવળ ભાવના શ્રેષ્ઠ છે.

સંપતમાં અભિમાન નહી
દુઃખમાં ગભરાટ નહી
શારિરીક મદ નહી

ત્રણે પ્રકારથી સુખ અગર તો દુઃખ કોઇ વસ્તુ મન ઉપર ન લાવતાં મુખ્ય ધ્યેય ત્રિવિધ તાપ સહન કરીને મન સ્વચ્છ પ્રભુને બિરાજવા લાયક રાખવું.

જેથી મન મારૂં સદા,
શ્રીકૃષ્ણઃ શરણં મમ જપ્યા કરે,

થવાનું હોય તે થાય,
તો પણ ત્રિવિધ તાપથી ના ડરૂં.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

ગ્રંથ-પરિચય

લેખક : **ગોસ્વામી શ્યામમનોહરજી મહારાજ**

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઈ)

(૮) જ્ઞાનમાર્ગીય દૃષ્ટિકોણથી પણ આઠ વસુ, અગ્યાર રુદ્ર, બાર આદિત્ય, ઇન્દ્ર તથા પ્રજાપતિઃ, અથવા તો અગ્નિથી માંડીને બ્રહ્મા, વિષ્ણુ, શિવ સુધીના તેત્રીશ કરોડ દેવતાઓ એ બધા ભગવાનના અંશ કલાવતાર-રૂપ છે અને ભગવાંન સર્વ ભવન (બધું બની શકે એવી) શકિતરૂપા માયા અથવા તો પ્રકૃતિ દ્વારા ધારણ કરવામાં આવેલ ભગવદ્રૂપ છે. તેથી ભગવાન પોતે જ આવિર્ભાવ (પ્રકટ થવું) તથા તિરોભાવ (અદૃશ્ય થવું) ની શકિત ધરાવે અક્ષર બ્રહ્મ જો કે દેશથી કાળથી તથા સ્વરૂપથી અપરિચ્છિન્ન (જુદા નહિ એવા) તથા પુરૂષોત્તમથી અવિચ્છિન્નતા (જુદા નહિ હોવાની ભાવના) ને કારણે સ્થિત (એક સ્થિતિમાં રહેલા હોય છે, તો પણ અક્ષર બ્રહ્મ એ તો ભગવાનનું જ્ઞેય (જાણી શકાય એવું) રૂપ છે પરંતુ ભજનીય રૂપ નથી. તેથી અક્ષર બ્રહ્મનો ગણિતાનંદની જેમ અનુભવ થાય છે. પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની જેમ અગણિતાનંદના રૂપમાં-નહીં. આ કારણને લીધે ઉપાસનામાર્ગીય દેવોની અને જ્ઞાનમાર્ગીય અક્ષર બ્રહ્મની તુલનામાં (સરખામણીમાં) પણ ઉપાસ્યપણું જોતાં, જ્ઞેયત્વ (જાણવા પણું) જોતાં યા તો ભજનીયત્વ (ભજન કરવાપણું) જોતાં પણ એક માત્ર શ્રીકૃષ્ણ જ આશ્રય કરવા યોગ્ય છે.

(૯) ભકિતમાર્ગીય દૃષ્ટિકોણથી પણ પુરેપુરા વિવેક, ધૈર્ય યા તો ભકિતના અભાવમાં પણ મન ગમે તેટલું પાપાસકત ભલેને હોય પરંતુ દીનતાની સાથે એકવાર જીવ શરણાગતિ સ્વીકારી લ્યે તો ઘણા દુષ્ટ આચરવાળાને પણ સાધુ પુરૂષ બનાવી દેનારી શ્રીકૃષ્ણની ભકિતનો લાભ મળી જ જાય છે.

(૧૦-૧૧) પ્રપત્તિમાર્ગમાં તો (એટલે ભગવાનને શરણે જવાના માર્ગમાં તો) ભગવાન સ્વયમ્ (પોતે જ) (શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને પોતે જ અર્જુનને) કહ્યું છે કે ‘બધા ધર્મોનો ત્યાગ કરીને એકલા મારે જ શરણે આવ, હું તને બધા પાપોથી છોડાવીશ, તું વિચાર (શોક) ન કર” તેથી કર્તુમ્ (કરવાને) અકર્તુમ્ (કરેલાને મિથ્યા કરવાને) તથા અન્યથા કર્તુમ્ (એથી ઉલટું-જુદું-કરવાને) શકિતમાન સર્વ સમર્થ તથા ભકતોના અખિલ (બધા) મનોરથોને પૂર્ણ કરવાવાળા શ્રીકૃષ્ણ જો શરણે આવેલા જીવોનો ઉદ્ધાર નહીં કરે તો બીજું કોણ કરશે ? તેથી શ્રીમહાપ્રભુજી બધા પુષ્ટિ જીવોને આશ્વાસન (ભરોંસો) ખાત્રી-આપવા માગે છે કે આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો જે કોઈ શ્રીકૃષ્ણના સાનિધ્યમાં (એટલે સમીપમાં-હાજરીમાં) પાઠ કરશે તો એ પાઠ કરનારનો શ્રીકૃષ્ણ આશરો (આશ્રય) બનશે. જેમ કે

આખા બ્રહ્માંડના સ્વામી હોવા છતાં પણ પોતાના આશ્રિત એવા વ્રજ ભક્તોને માટે નાનાશા ગોકુળ ગામના નાથ શ્રીકૃષ્ણ બન્યા જ છે.

આપણે જોઈ શકીએ છીએ કે આ જ કૃષ્ણાશ્રય સ્તોત્રને કારણે બૂલા મિશ્રને વિદ્વાનોને દુર્લભ એવી માત્ર વાણીની સિદ્ધિ જ પ્રાપ્ત થઈ ન હતી પરંતુ એથી વિશેષ સિદ્ધિ માનસી સેવામાં ઉપયોગી નીવડનાર અલૌકિક મન પણ સિદ્ધ થઈ ગયું (કહ્યું છે ને કે "અલૌકિક મનઃ સિદ્ધૌ શરણં ભાવયેત્ હરિમ્" એટલે કે અલૌકિક મનની સિદ્ધિ મેળવવા માટે હરિને શરણે જવું.)

વિવેક ધૈર્યાશ્રય ગ્રંથમાં કહેવામાં આવેલ વિવેક તથા ધૈર્ય તો સિદ્ધ થાય કે ન થાય તો પણ ઐહિક (આલોક સંબંધી) તથા પાર લૌક્કિ (બીજા લોક સંબંધી) એવા બધા વિષયોમાં (બાબતોમાં) શ્રીકૃષ્ણનો આશ્રય બધાંને માટે હંમેશા હિતકારી જ થાય છે.

આજ કૃષ્ણાશ્રયને દૃઢ કરેવા માટે આ સ્તોત્રની રચના કરવામાં આવી છે.

"આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો શ્રીકૃષ્ણના સાન્નિધ્યમાં જે કોઇ પાઠ કરશે તેનો શ્રીકૃષ્ણ આશરો બનશે એમ શ્રીવલ્લભે કહ્યું છે."

આ સંસ્કરણ વિ. સ. ૧૯૮૩માં પ્રકાશિત સંસ્કરણનું ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત રૂપ છે. ઉક્ત સંસ્કરણ ગોસ્વામી કુલભૂષણ શ્રી રણછોડલાલજી મહારાજના 'શ્રી જીવનેશાચાર્ય પુષ્ટિ સિદ્ધાંત કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયું હતું તથા તેના સંપાદક હતા શ્રીહરિકૃષ્ણજી શાસ્ત્રી. એ બન્ને મહાનુભાવોનું પુનર્મુદ્રણના આ પ્રસંગે અમે કૃતજ્ઞતાની ભાવના સહિત સ્મરણ કરીએ છીએ.

અહીં શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રનો ગ્રંથ પરિચય લેખક શ્રી ગોસ્વામી શ્યામ મનોહરજી દ્વારા કરાયેલો–સંપૂર્ણ થાય છે.

ઇતિ શુભમ્

ઉત્સવ પર મોકલેલ ઉપદેશ

[શ્રીમાન ગોસ્વામી શ્રી ૧૦૮ ચિ. શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી મથુરાજીવાળાએ ટંકારાની પાઠશાળામાં શ્રીકૃષ્ણ જયંતિ ઉત્સવ પર મોકલેલો ઉપદેશ શુદ્ધા દ્વૈત અને ભક્તિ માર્તંડના આશ્વિનકાર્તિક માસ સંવત ૧૯૮૫–૮૬ વર્ષ ૪ અંક ૭–૮ માં પ્રસિદ્ધ થયેલ તે ઉપદેશની અત્યારે પચાસ વર્ષ પછી પણ એટલી જ જરૂર છે તે વાંચી પાઠશાળા અને ગ્રંથાધ્યયનના પ્રારંભની પ્રેરણા મળે તે શુભાશયથી પ્રસ્તુત કરેલ છે.

– સંપાદક]

પ્રિય વૈષ્ણવો!

આજનો દિવસ શ્રીકૃષ્ણ પ્રભુની જયંતિનો સુમંગલમય દિવસ છે આજે જ આપણા આ ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાને આ મહા પવિત્ર ભારત ભૂમિને પોતાનાં અલૌકિક દર્શન દઇ કૃતાર્થ કરી છે. જેથી આજનો દિવસ હિંદુ-

માત્રને મંગલમય છેજ, પરંતુ વૈષ્ણવોને તો મહાન આનંદપ્રદ છે. અસ્તુ.

હવે ભગવાન શ્રીકૃષ્ણને અવતાર ગ્રહણ કરવાનું પ્રયોજન શું છે, તે શાસ્ત્ર દૃષ્ટિથી કહેવામાં આવે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા અ. ૪ માં અર્થાત્ શ્રી ભગવાન આજ્ઞા કરે છે કે, હે અર્જુન! હું અજન્મા, અવિનાશી, ભૂતોનો ઇશ્વર હોવા છતાં પણ મારી માયાથી સ્વપ્રકૃતિમાં સ્થિર થઇને, જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે સત્પુરૂષો (સાધુઓ) ની રક્ષા, દુષ્ટોનો વિનાશ અને ધર્મનું સ્થાપન કરવા માટે યુગે યુગે અવતાર લઉં છું.

ઉપર્યુક્ત વાકયથી એ સિદ્ધ થયું કે, જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે ભગવાન સાધુ એવં ભક્ત જનોના રક્ષાર્થ પ્રગટ થાય છે અને પ્રભુને અવતાર લેવાનું ખાસ કારણ પણ એજ જણાય છે.

અહીં કોઇ શંકા કરે કે અન્ય અવતારને બદલે શ્રીકૃષ્ણને જ સાક્ષાત્ ભગવાન કહેવામાં આવે છે?

તો તેના ઉત્તરમાં શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ પ્રમાણ છે કે-"એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયં!" અર્થાત્-અન્ય જે અવતારો છે તે ભગવાનના અંશ અને કલારૂપ છે, પરંતુ તે સર્વેમાં શ્રીકૃષ્ણ સાક્ષાત સ્વયમ્ ભગવાન્ છે. (શ્રી ભા. ૧-૩-૨૮)

ઉપર્યુક્ત વાકયથી શ્રીકૃષ્ણ પ્રભુ સાક્ષાત ભગવાન હોવાનું સિદ્ધ થાય છે એટલે આજના ઉત્સવને અંગે વૈષ્ણવોનું મુખ્ય કર્તવ્ય એ જ છે કે, શ્રી ભગવદ્ ભક્તિના પ્રચારક ગ્રંથોના પ્રચાર કાર્યમાં સહાયક થવું. સહાયતાનો અર્થ કેવળ દ્રવ્ય આપી છૂટા થઇ જવા પુરતો જ નથી, પરંતુ સ્વયં અધ્યયન કરે અને પોતાના ઘરમાં તથા પરિચયમાં આવનાર વ્યક્તિઓને પણ સાહિત્ય ભક્ત બનાવવાનો પ્રયત્ન કરે.

અહિ દરેક વૈષ્ણવ દૃઢતા પૂર્વક પ્રસ્તુત કાર્યમાં થોડી થોડી સહાયતા પણ જો મન દઇને કરવા લાગી જાય તો પુસ્તકોનું પ્રચાર કાર્ય ઘણીજ સરળતાથી તુર્તજ ઉન્નતિએ પહોંચી જાય તેમ છે.

અમો જોઇએ છીએ કે, કાઠીઆવાડના વૈષ્ણવોમાં જેટલો પ્રેમ છે, તેના પ્રમાણમાં પુસ્તક પ્રચાર અર્થાત્ અધ્યયન (વાંચવું) અધ્યાપનાદિ (વંચાવવું ઇત્યાદિ) પ્રચાર કાર્ય તરફ લક્ષ નથી. યદિ ભાવનાની સાથે જો વૈષ્ણવો અમારા કહેવા તરફ લક્ષ આપશે તો સુવર્ણમાં સુગંધ ફેલાઇ જશે.

સાંપ્રદાયિક ગ્રંથોના અભ્યાસને અભાવે આ તરફના વૈષ્ણવોમાં કાંઇક અન્યથા ભાવ થયેલો પણ અમોને દૃષ્ટિગોચર થાય છે.

હા! ટંકારાના વૈષ્ણવોનો ઉત્સાહ જોઇ અમને ઘણીજ પ્રસન્નતા થઇ છે. ટુંક સમયમાં જ વિદ્યાર્થીઓની વૃદ્ધિ થવી અને ઉત્સવો ઉજવવા આદિ કાર્યો આશાજનક છે.

અમો ઉપર કહી આવ્યા છીએ કે, સાંપ્રદાયિક ગ્રંથોનો પ્રચાર કરવો જોઇએ તો આ કાર્યમાં મુખ્ય તો વાસ્તવિક જ્ઞાનની આવશ્યકતા છે અને વાસ્તવિક જ્ઞાન સદ્વિદ્યા વિના પ્રાપ્ત નથી થતું માટે જ સદ્ વિદ્યા પ્રચાર માટે યોગ્ય સંસ્થાઓની આવશ્યકતા અવશ્ય છે.

શ્રીભગવત્પ્રેરણાથી તમારા ગામમાં પાઠ શાળા સ્થાપિત થઇ અને અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની પણ વૃદ્ધિ થતી જાય છે જેથી વૈષ્ણવોએ આ ભગવદ્ કૃપાનો અવશ્ય લાભ લેવો જોઇએ એટલે કે એક તો પોતાના બાળકોને નિયમીત પાઠ શાળા મોકલવાનું લક્ષમાં લેવું. બીજું શાસ્ત્રીજી નિર્ભય રામને યોગ્યતાનુસાર આશ્રય આપી પાઠશાળા માટે જ શખી લેવા જોઇએ. વિદ્યાર્થીઓના અધ્યયન તરફ લક્ષ આપવા ઉપરાંત એકાદશી અથવા કોઇ પણ સાંપ્રદાયિક, ઉત્સવો પર પ્રવચન કરાવવાનો પ્રબંધ કરાવવો જોઇએ કે જેથી વૈષ્ણવોના ભાવમાં વૃદ્ધિ થતી રહે. શાસ્ત્રીજીએ પણ વૈષ્ણવોની સ્થિતિનો વિચાર કરી યથા શકિત જે મળે તેમાં સંતોષ માની પાઠશાળાની તન–મનથી સેવા કરવી જોઇએ.

જો આ પ્રમાણે પાઠશાળાનું કાર્ય ચાલુ રહેશે તો વૈષ્ણવોમાં ઘણીજ જલ્દીથી જાગૃતિ આવવા સંભવ છે. અમોને પાઠશાળા તરફથી મળેલા પત્રો પરથી જણાય છે કે, વિદ્યાર્થીઓની વૃદ્ધિ થવાને કારણે જગ્યાની સંકળાશ જણાય છે. તો તેવી વ્યવસ્થા વૈષ્ણવોએ અવશ્ય કરી આપવા જરૂર છે, તેમજ દરરોજ થોડો સમય અવકાશ લઇ શાસ્ત્રીજી દ્વારા નિયમીત પુસ્તકોનું પ્રવચન પાઠશાળામાં ચાલુ રહે અને વૈષ્ણવો લાભ મેળવે તેવો પ્રબંધ થવો પણ આવશ્યક છે.

અંતમાં આનંદ કંદ શ્રીકૃષ્ણચંદ્રના ચરણ સરોજમાં પ્રાર્થના કરૂં છું કે, તે પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુ તમારી પાઠશાળાની ઉન્નતિ કરો અને ભગવદ્ ભકિતનો પ્રચાર કરવાની સ્વઇચ્છા સહિત સામર્થ્ય પ્રદાન કરો એવી ભાવના સાથે આ લેખને સમાપ્ત કરૂં છું.

અનુવાદક : નરસિંહદાસ ભાણજીભાઇ બ્રહ્મભટ મુ. મથુરાજી

ગુરુને નમન :

લેખક : રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી

પરમાત્માને નમન કર્યા પછી ગુરુને નમવું જોઇએ. એ પણ રીત આપણા પૂર્વના પુરુષોથી ચાલી આવી છે. પરંતુ ત્યાર પહેલાં આપણે એટલું તો જાણવું જોઇએ કે ગુરુ એટલે શું ? ગુરુ શબ્દમાં અક્ષરો બે છે. એક 'ગુ' અને બીજો 'રુ'. 'ગુ' નો અર્થ તેનો અંધકાર એવો કર્યો અને 'રુ' નો અર્થ તેનો નાશ કરનાર એમ કર્યો એટલે એ બન્ને અક્ષરો એકત્ર કરવાથી તેનો અર્થ અંધકારનો નાશ કરનાર તે ગુરુ, એમ થયો.

અંધકાર એટલે લોકમાં જોવામાં આવે છે તે નહિ, તેવો લઇએ તો દીવો પણ ગુરુ થઇ જાય ! વીજળીના મોટા મોટા દીવા છતાં, સૂર્ય અને ચંદ્ર આકાશમાં પ્રકાશ પામે તે છતાં, એક એવું અંધારૂં છે કે કોઇનાથી જતું નથી. તેને માટે ગુરુની જરૂર રહે છે. તે અંધારૂં કયું ? તે આપ વિચારી જુઓ એ અંધારૂં બીજું નહિ પણ અજ્ઞાનરૂપ અંધારૂં તેને ટાળનાર તે ગુરુ કહેવાય. આ સંસારમાં હું અને મારૂં એમ માન્યા કરવું, પ્રભુના

સ્વરૂપનો, જીવના ધર્મનો વિચાર ન કરવો, કર્તવ્ય શું છે ? તે ન જાણવું, આ બધું અજ્ઞાન છે. તેવા અજ્ઞાનને પ્રભુનો સંબંધ પ્રાપ્ત કરાવીને તું પ્રભુનો છે, આ બધું પણ પ્રભુએ બનાવેલું હોવાથી પ્રભુનું છે, તેમાં તારે સત્તા કરવા જેવું નથી. તું સત્તા કરે છે, મારૂં મારૂં કહે છે તે અજ્ઞાન છે, માટે તે જેનું છે તેને સોંપ. સ્ત્રી, પુત્ર, બંધુ, ગૃહ એ બધાનો એ ખરો માલિક પરમાત્મા છે. જેથી તેને જ અર્પણ કર. તે સર્વ મારા છે એમ ન માન, તારો ધર્મ તેને શરણે જવાનો છે. આમ ઉપદેશ કરી આપણા અજ્ઞાનને દૂર કરે, મોહને છોડાવે તે ગુરુ કહેવાય. બોલો આવો મહાન ઉપકાર કરનાર ગુરુને વંદન કર્યા વિના ચાલે ? તેમને કેમ ભૂલીએ ! માટે સર્વ મળીને મોટા સ્વરથી બોલો કે-

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં ચેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

અન્વયાર્થ : જેણે અજ્ઞાનરૂપ અંધારામાં અંધ બનેલાના ચક્ષુને (આંખને) જ્ઞાનરૂપ અંજનની સળી વડે ઉઘાડયું છે તે શ્રીમાન્ ગુરુને નમસ્કાર હો.

વિવેચન : જેનામાં અજ્ઞાન છે તે તો છતી આંખે આંધળા જેવો છે. ગુરુજ્ઞાન આપી તેની આંખો ખોલી નાખે ત્યારે દેખતો થાય, પ્રભુને જાણતા શીખે. આપણે સમુદ્રને પેલે પાર જવું હોય તો સમુદ્રને તીરે જઇએ, ત્યાં નૌકા પણ હોય, પરંતુ નાવિક વિના પોતાની મેળે પેલે પાર ન જવાય. સમુદ્ર તરી ન શકાય, છતાં કોઈ હિંમત કરે તો પેલે પાર ન જતાં તોફાનમાં પડે અને અધવચ નૌકા ડૂબે. સંસારરૂપી આ મોટો સમુદ્ર છે તેમાં શરીર નૌકા છે. જીવને પેલીપાર જવું છે, એટલે સંસારથી મુકત થવું છે, તો ગુરુરૂપ નાવિકને લીધા સિવાય પાર ન પામી શકાય મુકત થઇ ન શકાય, એ ઉઘાડું છે, માટે ગુરુને નમન કરવું એ આપણો મુખ્ય ધર્મ ખાસ ફરજ છે.

(રાગ–સારંગ)

ગુરુ બિન ઐસી કૌન કૈ;
માલા તિલક મનોહર બાનૌં,
લે શિર છત્ર ધરૈ. ૧

ભવસાગર તે બૂડત રાખૈ, દિપક હાથ ધરૈ;
'સૂરસાગર' ગુરુ ઐસો સમરથ,
છિનમેં લૈ ઉદ્ધરૈ. ૨

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ, વર્ષ ૩ સં. ૧૯૮૪ આશ્વિન, અંક ૭માંથી સાભાર]

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના
૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૪. કૃપાનિધિ રૂપ

શ્રી પ્રથમેશ જુ પરમ કૃપાલ;
ઉપની કરૂણા દૈવી જીવન પર, નિજજનકે નેહી પ્રતિપાલ. ૧
પ્રગટે ભૂતલ નિજ લીલા સહ, પદ્મનાભપેં ભયે દયાલ;
જીવ અનેક ઉદ્ધારે ચરનરજ, 'બ્રજ' પતિજુ શ્રીવલ્લભલાલ. ૨

૫. દૈવોદ્ધાર પ્રયત્નાત્મા રૂપ

પ્રગટે દૈવી ઉદ્ધારન કારન;
દેખ દુખિત દૈવીજન અપને, કિયો પ્રયત્ન તાહિ નિસ્તાર. ૧
દેશ વિદેશ પધારે વિકટવન, વૃતલીનો પતિતન ઉભારન;
તારે જીવ અનેક શ્રી 'બ્રજ' પતિ, શ્રીપ્રથમેશ હરે ભૂવ ભારન ૨

૬. સ્મૃતિ માત્રાર્તિનાશન રૂપ

નામ સ્મરણ તેં આરતિ નાશન;
જહાં જહાં આરત હોત ભકતનકોં, નાગે પાય પહુચત તાહી પાસન ૧
નાથ અનાથ દિનકે બંધુ, તાપ હરત મધૂપતિ નિજ દાસન;
ભકત વિરહ કાતર 'બ્રજ' વલ્લભ, પ્રગટ હોત હેં સ્મરત તત છીન. ૨

૭. શ્રી ભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણ રૂપ

શ્રી ભાગવત ગૂઢાર્થ સુબોધિનિ;
કીયે પ્રગટ પ્રથમેશ પ્રભુ, શ્રીવલ્લભલાલ મનમેં જો લીની. ૧
સ્વકીયન કોં રસ પાન કરાવત, પ્રગટ દિખાવત લીલા કીની;
દેત મહા સુખ દાન શ્રી 'બ્રજ' પતિ, રહસ્ય ભકિત અંત રંગકો દીની. ૨

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભકત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૩૬. રાગ-કાફી વૈ. ૨૮

વંદો શ્રી વૈષ્ણવ ગોપાલદાસ;
'રસ પ્રકાશિકા' નામ સખીકો, બાંસ બાડે મેં કરત નિવાસ. ૧

વૈષ્ણવ કે સંગ હેત વિશ્રામ સ્થલ, બંધે ઘર કે પાસ;
'લાલદાસ' ઇનહી કે સંગતે, પદ્મારાવલ કી પૂરન ભઇ આસ. ૨

૩૭. રાગ-કાફી વૈ. ૨૯

વંદૌં શ્રી પદ્મારાવલ સાંચોરા;
સખી 'વિમલા' શ્રી રૂકિમણિજીકી, નેહ દ્વારિકાનાથસોં જોડા. ૧
શ્રીવલ્લભ ચરણામૃત દીયો જબ, ભયે સકલ શાસ્ત્રન કે જ્ઞાતા;
રૂખી રોટી આરોગે પ્રભુ, ધરી જબ દ્વારિકા જાતા. ૨

અનુભવ નાહીં પુષ્ટિ લીલા કો, દ્વારકાકી મનભાઇ;
'લાલદાસ' મૂલકો અધિકાર, બલ્લભ કૃપાતેં પાઇ. ૩

૩૮. રાગ-કાફી વૈ. ૩૦

વંદૌં શ્રી જોશી પુરુષોત્તમ;
'ભકિત વર્ધિની' પઢાય શ્રીવલ્લભ, પરી તબ ભકિત મેં ગમ. ૧

'મુન ચુડા સખી' હે લીલામેં, અવ્યાવૃત હ્વે સેવત શ્યામ;
'લાલદાસ' ગૂઢ ભાવ હ્રદય મેં, ખોલત નહીં કહુ કામ. ૨

૩૯. રાગ-કાફી વૈ. ૩૧

વંદૌ શ્રીજોષી જગન્નાથ;
સખી 'સૌરભી' છબિસિંધકી, સ્વામિની રાજે તા માથ. ૧
સરલ સ્વભાવ બહુત હૈ ઇનકોં, ધરે લોંન અજમાં સુંઠ સાથ;
તાતી ખીર સમર્પી હરિકોં, દાઝે ગોવર્ધન નથ. ૨

માલા ફેંકી કુલનકી ક્રોધ કર, પરી રજપૂત કે માથ;
'લાલ' ચલાય તલવાર ક્ષત્રીયને, પકર લીયે હરિ હાથ. ૩

યુવકોની મનોદશા

લેખક : **શ્રી લલ્લુભાઇ છગનલાલ દેસાઇ**

પ્રચલિત દુસ્તર સમયને યોગે મનુષ્ય માત્રનાં હૃદયોની દોલાયમાન થયેલી સ્થિતિનું અવલોકન કરતાં ચિત્તને અતિશય ખેદ થાય પશ્ચિમની ભૂમિના તકલાદી સુધારાના અંધ અનુકરણ કરી તેના મિથ્યાતેજમાં અંજાઇ જઇ ભોળા દીલના આર્યો-યુવકો સ્વધર્મથી ચ્યુત્ત થઇ પતિત થયાના બનાવો ચોમેર જોઇએ ને સાંભળીએ છીએ.

પરમ પવિત્ર આદિ અનાદિ, ભગવન્મુખારવિંદ પ્રકટિત વેદ કલ્પતરુ સમાન સાક્ષાત્ ભગવદ્રૂપ શ્રીમદ્ ભાગવત અને સ્વમુખારવિંદ પ્રકટિત ભગવદુકત વાણી શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા પ્રાચીન અનુભવી ઋષિ મુનિઓ તપસ્વીઓ જ્ઞાનીઓએ રચેલા ધર્મ ગ્રન્થો તથા ધર્મ પરાયણ પ્રાચીન આચાર્યોએ રચેલા અન્ય ધાર્મિક ગ્રન્થો જેવા સર્વ માન્ય ગ્રંથોમાંથી આજના આર્યોની-યુવકોની આસ્થા ઊઠી જઇ યવનોકત મિથ્યાલાપ અને કુતર્કવાદી ગંદા ગલીચને અશ્લીલ સાહિત્ય પ્રતિ દોરાવા લાગી છે, એ ઓછું શોચનીય નથી. મિથ્યા જડ-જડવાદની અધુરી કેળવણીથી અર્ધદગ્ધ ગણાતી આજની પ્રજાને પિતૃ ચરણોથી ચાલતો આવેલો શુદ્ધત્તમ સનાતન ધર્મ અસત્ય, પોતાની ને પોતાના વડીલોની રીતભાત અપૂર્ણ, પોતાના પુર્વજોના સ્થાપિત નિયમો વિચાર શૂન્ય, ઋષિ મુનિઓ ધર્માચાર્યોએ રચેલા શાસ્ત્રો નિર્માલ્ય અને પોતાનો દેશ, જંગલી માલૂમ પડે છે. એ સખેદ આશ્ચર્યકારક છે.

જ્ઞાનહીન-અવિવેકી ભારત સંતાનોની આ શી કરૂણાજનક દશા! એક સમગ્ર જગત્માં-સૃષ્ટિના સર્વ દેશોમાં, સર્વ વાતે જેની ઉત્કૃષ્ટતા મનાયેલી હતી, ભૂતલમાં જેની સર્વોચ્ચતા સ્વીકારાયેલી હતી, વિદ્યા, કલા, કૌશલ્ય, અગાધ તત્ત્વ જ્ઞાનથી અજોડ ભારતને શિરે આ શું મિથ્યા કલંક! વ્યાહારિક બાબતોમાં ધાર્મિક બાબતોમાં, એટલું જ નહિ પણ પ્રચલિત પ્રાચીન રૂઢિ રિવાજોમાં પણ આપણા લોકોએ આર્યત્વનો હિન્દુ ધર્મનો પરિત્યાગ કર્યો છે. તેમ ધર્મ વિષયમાં તો તદ્દન અધમ થઇ ગયા છે.

દીર્ઘ દષ્ટિથી વિચારતાં જણાય છે કે અન્ય દેશના વિદ્વાનો મુકત કંઠે જેની પ્રશંસા કરી રહ્યા છે, સત્યની સ્તુતિ કરી રહ્યા છે તેવા ભારતના આર્ય-હિન્દુ ધર્મોને આપણા જ ભારતના સંતાનો અસત્ય, મિથ્યા, કપોલ કલ્પિત-ગપાટા કહેવા ઉભા થયા છે અને

પોતાના સમર્થ પુર્વજોના સર્વોત્કૃષ્ટ વિચારોનું હાસ્ય કરે છે. કોઇ પણ ધર્મને નહિ માનનારા કુતર્કઓ, જડવાદીઓ, નાસ્તિક સુધારકો, અધમાધમ વિશેષણ નિર્વિવાદ રીતે આપી શકીએ એવા હજારો પામરો આજકાલ જોવામાં આવે છે. ૨૪ કલાકની ૧૪૪૦ મિનિટમાં ૧૦ મીનીટનો પણ ભગવદ્ ભજન–સ્મરણમાં ઉપયોગ નહિ કરનારાઓ અસંખ્ય મનુષ્યો જણાય કેવલ સ્વચ્છંદતાથી ભ્રમિત થઇ ભ્રષ્ટ થયેલા આજના યુવકોની વિશેષ શોકપ્રદ અવસ્થા કેવી રીતે વર્ણવી શકીએ ?

હાય ! કલિયુગ તારો કેર અને તારા કૌતુકોનો વિચાર કરવામાં અમારી બુદ્ધિ હવે કામ નથી કરતી !

આ બુરી તકનો લાભ લઇ આજના કેટલાક મનુષ્યો સ્વકપોલ કલ્પિત મતો નવીન પંથો પ્રકટ કરી કાચા કાનના સ્ત્રી–પુરૂષોને બાહ્યતેજના આડંબરમાં આંજી નાખી ઠગે છે. આથી પોતે સ્વાર્થ પરાયણ બની મહાપાતકમાં પડે છે અને પોતાના મતિ શૂન્ય અનુયાયીઓની સ્થિતિ દયાજનક કરી મૂકે છે. એ વિશેષ દુઃખદાયક છે. સુંઠની કાંકરી મલતાં ગાંધી બની જઇ સહજ સંસ્કૃત બોલતાં આવડયું એટલે મનોગથ કુર્તક રચી સ્થળે સ્થળે ભટકતા જોઇએ છીએ અને પોતાની વાગ્જાળમાં ભ્રમિત પુરૂષોને ફસાવી દે છે. નખશિખ પોકળથી ભરપુર છતાં તેવા લોકો ફાવી પણ જાય છે. એ પણ એક સમયની બલિહારી છે.

સૂર્યને ઓળખાણ આપવાની જરૂર નથી, કસ્તુરીની સુગંધી માટે બે મત નથી, સુવર્ણને ઢોળ ચઢાવવાની જરૂર નથી. એ કહેવત પ્રમાણે જેની સત્યતા વિશ્વ વિદિત ઠરી ચૂકી છે. જેનું બંધારણ વિધર્મીને વિદેશીઓ માન્ય કરી ચૂકયાં છે, જેના તત્ત્વો સચોટ આસ્થા બેસાડે તેવાં છે, જેનાં સિદ્ધાંતો અનેક વિદ્વાનો–સાક્ષરો એ સ્વીકાર્યા છે, જેનું તત્ત્વજ્ઞાન મુકત કંઠે સમગ્ર ભારતમાં વખણાયું છે ૫૦૦ વર્ષ થયાં એ તત્ત્વજ્ઞાનમાં, સિધ્ધાન્તોમાં સુધારો કરનારા સાંભળ્યા નથી. એવા **અખંડ ભૂમંડલાચાર્યવર્ય જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજીના** શુધ્ધ સનાતન પુષ્ટિ ભકિતમાર્ગને હવે ઓળખાવવો પડે તેવો નથી, સાકરના સ્વાદની સાક્ષી પુરાવવી પડે તેવી નથી. છતાં પણ ભારતના સંતાનોની આસ્થાઓમાંથી પણ નષ્ટ થતી જાય છે, તો પછી એવા લોકોનું હીન ભાગ્ય નહિ તો બીજું શું માની શકાય ?

મદ ઝરતાં હાથીઓનાં કુંભ સ્થળમાંથી નીકળતાં મોતીઓનો વનવાસી અજ્ઞાત ભીલોએ તિરસ્કાર કર્યો તેથી મોતીનું મૂલ જતું જ થતું નથી કારણ કે ભૂતળ ઉપરના તેના પરીક્ષકો ઝવેરીઓ વિદ્યમાન છે, તેના ગ્રાહકો ભૂપાલો, ધનિકો, બિરાજે છે, તેમ અનેક મતો

પંથોનું ખંડન કરી અનેક સ્થળે દિગ્વિજય છેલ્લે રાજા કૃષ્ણદેવની સભામાં ૨૮ દિવસ સુધી વાદ વિવાદ કરી અખંડ ભૂમંડલાચાર્ય વર્ય જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગની જય ઘોષણા કરાવી, આગળ વધારેલા પુષ્ટિમાર્ગનો પ્રભાવ કેવળ જ્ઞાન શૂન્ય નાસ્તિકોના ત્યાગથી કે ટીકાથી કે વગોવવાથી જરા પણ ઘટવાનો નથી. ખેદ માત્ર એટલો જ છે કે અવિચારે આ કૃત્ય થાય છે.

ધર્મના ગ્રન્થોનું અવલોકન કરતા નથી, જોતા નથી ને અંધારામાં જ કુટાયા કરે છે કે કશું નથી, કશું નથી, નથી નથી કરતા ભગવદ્ ભજન, નથી કરતા ભગવત્સ્મરણ, નથી કરતા ભગવદ્ કથા શ્રવણ, મનન, નિદિધ્યાસન અને કેવળ અંધ પરંપરાથી જ અશ્રદ્ધા ઉત્પન્ન કરી નિંદક બને છે. તેથી તેઓની તો દયા વિચારવી જ રહી.

ભગવત્કૃપાથી જેનાં દિલ હજુ કાંઇક સ્વધર્મમાં ટકી રહેલાં છે. એવા વૈષ્ણવોમાં પણ કહેવાતો સુધારો કરવાનો ઝેરી પવન ફેલાયો છે. શાસ્ત્ર-શ્રવણમાં તો તેમની મતિ પણ ઉપાલંભને પાત્ર ઠરી ચુકી છે. તેઓ પણ ગ્રન્થો વાંચતા નથી ને લાંબી ચોડી વાતો કરે છે ને ડાહ્યા-ડમરા થઇ પગ તળે બળતો દાવાનળ બુઝાવવાનું પડતું મૂકી અન્યનું સંભાળવા દોડે છે તેમાં તેનું સંભાળી શકાતું નથી ને પોતાનું ગુમાવી બેસે છે.

આપણા ગૃહસ્થો વિવાહ-લગ્નાદિક કાર્યોમાં વારાંગનાઓને બોલાવી ખોટાં ખર્ચ કરે છે. સીમંતાદિક પ્રસંગોએ અનેક ગણું દ્રવ્ય ઉડાવે છે. મરણ પાછળ અયોગ્ય ખર્ચો કરે છે. ટુંક સમયની વાહ વાહ બોલાય તેવું મિથ્યામાન મેળવવા અનેક ફંડોમાં છુટે હાથે પૈસા ખરચી શકાય છે, માયા મોહમાં લાખો રૂપીઆનો વ્યય કરી નખાય છે. ગાડી, વાડીને લાડીમાં અઢળક દ્રવ્ય ખરચાય છે, તેજી-મંદિના વેપાર સમાચાર માટે સેંકડો રૂપીઆ પેપરોના લવાજમમાં વપરાય છે. કેટલાક ગૃહસ્થો વરસ દિવસે પેપરોનાં લવાજમ ૨૦૦-૩૦૦ રૂપીઆ ખર્ચે છે પણ પંદર વીસ રૂપીઆ ખરચી માસિક કે ધાર્મિક ગ્રન્થો લઇ શકતા નથી તેથી અમને ખેદ થાય છે. અમે વસુલોભને લીધે લખીએ છીએ તેમ માનવું નહિ પણ સંપ્રદાયના માસિકો-ગ્રન્થો માટે વૈષ્ણવો કેવી નિઃસ્પૃહતા બતાવે છે તેનું સહજ અનુમાન થાય છે. પણ સમયનો વિચાર કરતાં એમાં અમને નવાઈ લાગતી નથી. કારણકે છાપાંએ આજકાલમાં વેદ વાકય થઇ પડયાં છે. નાટક ચેટક નોવેલોને સીનેમામાં હજારોની હોળી થાય છે, પણ સ્વર્મના ગ્રન્થો માટે પંદર વીસ રૂપીઆ ખર્ચવા જીજ્ઞાસા થથી નથી. ધાર્મિક ચિત્રો, પ્રભુનાં સ્વરૂપોના ચિત્રો વસાતાં નથી, પણ વિદેશીઓનાં રંગબેરંગી કેલેન્ડરોમાં કેટલાય પૈસા ખર્ચી નખાય છે, પણ ધર્મને માટે જરાય વિચાર થતો નથી.

લૌકિક કાર્યોમાં પંચની પટેલાઇમાં મિથ્યા ખટપટમાં, દિવસોના દિવસો વ્યતીત કરીએ છીએ, પણ ભગવત્કથા શ્રવણ માટે, ભગવદ્ દર્શન માટે, સત્પુરુષોના સમાગમ માટે નિશ્ચલ મનથી એક કલાક પણ બેસી શકતું નથી. દૈવયોગે તેવો સમય પ્રાપ્ત થયો તો નિદ્રાદેવી પોતાનું સૈન્ય લઇ ચઢી આવે છે. જ્યાનું ત્યાં રહી જાય છે અને આપણે એ સત સામાગમથી વંચિત રહીએ છીએ આવી કુટેવોથી જેઓ બચી ગયા છે. તેઓ અલોકમાં ને પરલોકમાં અમર થઇ ગયા છે.

વૈષ્ણવ બંધુઓ ! ભુલ્યા ત્યાંથી સવાર ગણી જાગૃત થાઓને ભગવત્કૃપાથી આ અત્યુત્કૃષ્ટ સંપ્રદાયની પ્રાપ્તિ તમને થઇ છે, વૈષ્ણવ જેવું અપૂર્વ નામ તમે મેળવવા ભાગ્યશાળી થયા છો, તે પદને દીપાવવા સ્વધર્મપરાયણ થાઓ. પારકું અંધ અનુકરણ કરવાના હાસ્યાસ્પદ વિચારો દૂર કરો, સાંપ્રદાયિક ગ્રંથોનો અભ્યાસ કરો, ભગવદ્ ગુણ ગાઓ અને પરમ કૃપાળુ પ્રભુના પરમ પદને પામો એજ. અભ્યર્થના.

[શુધ્ધાદ્વૈત ભકિત માર્તંડના સં. ૧૯૮૫ ના શ્રાવણ માસ વર્ષ ૪ અંક ૫ માંથી આભાર.]

પુસ્તક પરિચય

વિવેકધૈર્ય આશ્રય

વિવેચક – ગો. શ્રી રસિકરાયજી મહારાજ, મથુરા-પોરબંદર
પ્રકાશક – નવપ્રકાશ કાર્યાલય માધવભવન, પોરબંદર
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૪૪+૨૪=૬૮
કાચુ પૂઠું ન્યોછાથર રૂા. ૧૦ – દશ

વિવેચકશ્રીએ શ્રી મહાપ્રભુ રચિત "વિવેકધૈર્યાશ્રય" ગ્રંથનું વિવેચન, તે ગ્રથ ઉપરની ટીકાઓના આધારે, સામાન્ય જન સમાજ સમજી શકે તેવી સરળ શૈલીમાં કરેલ છે.

પ્રસ્તુત પુસ્તકની વિસ્તૃત ભૂમિકા પુ, પા. ગો શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીએ લખેલી છે જે આ ગ્રંથ સમજવામાં અતિ ઉપયોગી છે.

મથુરાસ્થ પુ. પા. ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજશ્રી, વિવેચકશ્રીએ સારો પ્રયાસ કર્યો છે અને આ અનુપમ ગ્રંથ દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાંતોની વિશેષ જાણકારી પ્રાપ્ત થાય છે. ભગવદાશ્રય વિના પુષ્ટિ માર્ગમાં પ્રવેશ નથી તેમજ વિવેક અને ધૈર્યના અભાવમાં આશ્રયની સિદ્ધિ પણ અસંભવ છે. તે સમજાવવા માટે વિવેચન લખવાના કાર્યને બિરદાવી આશીર્વાદ પ્રદાન કરેલ છે.

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૭ તા. ૧૩-૮-૯૦ સોમવાર શયનમાં છઠ્ઠી પૂજન, વિષ્ણુ સ્વામીનો પ્રકટયોત્સવ

શ્રાવણ વદ ૮ તા. ૧૪-૮-૯૦ મંગળવાર શ્રી કૃષ્ણ જયંતિ વ્રત મન્વાદિતિથિ ભાવાત્મક મહારાત્રી

શ્રાવણ વદ ૧૦ તા. ૧૫-૮-૯૦ બુધવાર શ્રીનંદ મહોત્સવ નવમીનો ક્ષય છે. અમાસ સુધી બાલલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૧૬-૮-૯૦ ગુરુવાર અજા એકાદશી વ્રંત ગો. ચિ. શ્રી કન્હૈયાલાલજી (વીરમગામ) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૧૭-૮-૯૦ શુક્રવાર ગો. ચિ. શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા-ગોંડલ)નો જન્મદિન

શ્રાવણ વદ ૧૩ તા. તા. ૧૮-૮-૯૦ શનિવાર ગો. શ્રી રાકેશકુમારજી મહારાજશ્રી (બોરીવલી) નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૧૯-૮-૯૦ રવિવાર શ્રી કાકાવલ્લભજીનો (સં. ૧૭૦૩) તથા લાલાલહેરી શ્રી ગોપાલજીનો (સં. ૧૯૧૦) પ્રાકટ્ય દિન.

ભાદરવા સુદ ૧ તા. ૨૧-૮-૯૦ મંગળવાર રાધાષ્ટમીની વધાઈનો પ્રારંભ ગો. ચિ. શ્રી નવનીતલાલજી બાવાશ્રીનો જન્મદિન.

ભાદરવા સુદ ૩ તા. ૨૩-૮-૯૦ ગુરુવાર હરિતાલિકા (કેવડા) ત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૨૪-૮-૯૦ શુક્રવાર ગણેશ ચતુર્થી ગો. ચિ, શ્રી રસિક વલ્લભજી બાવાશ્રીનો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૨૫-૮-૯૦ શનિવાર દ્વિતીય સ્વરૂપોત્સવ 'શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્ય દિન ઋષિ પંચમી.

ભાદરવા સુદ ૬ તા. ૨૬-૮-૯૦ રવિવાર શ્રી લલિતાજીનો પ્રાકટ્યદિન ગો. ચિ. શ્રી યોગેશકુમારજી બાવાશ્રી (સુરત) નો જન્મદિન.

ભાદરવા સુદ ૭ તા. ૨૭-૮-૯૦ સોમવાર ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ શ્રી (સુરત)નો જન્મદિન

ભાદરવા સુદ ૮ તા. ૨૮-૮-૯૦ મંગળવાર રાધાષ્ટમી ગો. શ્રી વ્રજજીવનજી માહારાજ શ્રી (કાંદીવલી) નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૦ તા. ૩૦-૮-૯૦ ગુરુવાર નવનાગરીના પદ બોલાય વર્ષા ઋતુ પૂરી થઈ.

ભાદરવા સુદ ૧૧ તા. ૧-૯-૯૦ શનિવાર પરિવર્તીની (દાન) એકાદશી વ્રત તથા વામન જયંતિ વ્રંત લેખવાળા શ્રી પુરૂષોત્તમજી (૧૭૨૪) નો ઉત્સવ. દાનના પદ ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રી કૃષ્ણચંદ્રનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. શ્રી દયારામભાઈ જયંતિ (સં. ૧૮૩૩) શરદ ઋતુની શરૂઆત થઈ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૪ તા. ૪-૯-૯૦ મંગળવાર અનંત ચતુર્દશી.

ભાદરવા સુદ ૧૫ તા. ૫-૯-૯૦ બુધવાર સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી સાંઝીના પદ ગવાય છે.

ભાદરવા વદ ૨ તા. ૬-૯-૯૦ ગુરૂવાર એકમનો ક્ષય છે તેથી આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજયા દશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૪ તા. ૮-૯-૯૦ શનિવાર ગો. શ્રી ચંદ્ર ગોપાલ બાવા શ્રી (સુરત) નો જન્મ દિન

ભાદરવા વદ ૫ તા. ૯-૯-૯૦ રવિવાર શ્રી હરિરાયજી (સં. ૧૬૪૭) નો ઉત્સવ.

ધોળ

જય શ્રીકૃષ્ણ કહેવાની મને ટેવ પડી,
માર વ્હાલાજીને વિસારૂં ન એક ઘડી.
મારી સત્સંગની સાહેલી મળી,
હું તો જય શ્રીકૃષ્ણ કહીને ઊભી રહી.... જયશ્રી૦ ૧
પીળા પીતાંબર ને જરકશી જામા ધર્યા,
વ્હાલે ગુંજાની માળા કંઠે ધરી.... જયશ્રી૦ ૨
શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધર્યા,
વ્હાલે મુખ પર મોરલી અધર ધરી.... જયશ્રી૦ ૩
કાને કુંડળ મસ્તકે મુગટ ધર્યા,
વ્હાલો ચાલ ચાલે છે ચટકતી રૂડી.... જયશ્રી૦ ૪
ચાર ચોક બચ્ચે હરિના મંદિર બાંધ્યા,
વ્હાલો આપ બિરાજે છપ્પર ધરી.... જયશ્રી૦ ૫
ત્યાં તો વૈષ્ણવોની ઘણી રે ભીડ મળી,
વ્હાલા ઝાપટીયાની ઝાપટ વાગે તડાતડી.... જયશ્રી૦ ૬
મેં તો શ્રીનાથજી યમુનાજીનાં દર્શન કર્યા,
દર્શન કરીને પાવન થયા.... જયશ્રી૦ ૭
વ્હાલા ચુંદડી ઓઢાડી પાકા રંગ કરી,
મારા વ્હાલાજીને પાયે લાગુ લળી રે લળી.... જયશ્રી૦ ૮
જો બે ઘડી સત્સંગમાં આવો જરી,
એક ચિત્તે તાળી પાડો જરી.... જયશ્રી૦ ૯
દાસ '**વલ્લભ**' ની વિનંતિ સુણી,
અમને દર્શન દેજો આઠ રે ઘડી.... જયશ્રી૦ ૧૦

* * *

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રીવલ્લભ સુધા

મુરલીનાદ

મુરલી ધુનિ કીન્હી કાન્હ, અધર સુધા રસહિ સાન,
સપ્ત સ્વર તીન ગ્રામ, બ્રહ્મનાદ છાયોરી;
ત્યાગિ મુનિગન સમાધિ, ઘોષતિય હિય મિલન સાધ,
પ્રેમાતુર સઘધાય, તન મન સુત વિતહુ ન ભાયોરી, ૧

ગાયો કેદાર રાગ, ભયો સુચ્છિ વન વિભાગ,
મલ્લિકા પ્રફુલ્લ સર, પર્વ ચંદ કલા લાયોરી;
થકિત નીર ચુત સમીર; સિથિલ નાક ચંદ અધીર,
ઠાડે રવિ તનયા તીર, '**વલ્લભ**' મન જાત લજાયોરી, ૨

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૯ : અંક ૬ ✤ **સપ્ટેમ્બર, ૧૯૯૦**

શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

॥ શ્રી હરિ ॥

કાનપુરમાં વાજપેય સોમયજ્ઞ સમારોહ

શ્રી ગંગાજીના પાવન તટે વસેલ કાનપુર નગરમાં આસો સુદ ૧૦ વિજયાદશમી તા. ૨૯-૯-૯૦થી તા. ૯-૧૦-૯૦ સુધી સોમયજ્ઞનું દિવ્ય આયોજન થઇ રહ્યુ છે,

જગદ્‌ગુરુ શ્રી મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્ય સંપ્રદાય ષષ્ઠ પિઠોદ્‌ભવ અગ્નિચિત સોમયાજિ વાજપેયી દીક્ષિત **ગો. શ્રી વલ્લભરાયજી મહોદય** સુરતવાળાની યજમાનતામાં આ મહાયજ્ઞ સંપન્ન થશે.

ષષ્ઠપિઠાધિશ્વર જ્ઞાન-વંયોવૃદ્ધ આચાર્યવર્ય ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) આ સમારોશના સર્વાધ્યક્ષપદ અલંકૃત કરશે.

પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહોદય અને પૂ.પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદય સન્નિધાન પ્રદાન કરશે.

આ શુભપ્રસંગે યજ્ઞનાદર્શનની સાથોસાથ વિદ્વાનો અને ભગવદિઓના સત્સંગ, કથા પ્રવચન સાંસ્કૃતીક કાર્યક્રમ પ્રદર્શન આદિનું પણ આયોજન કરેલ છે.

આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તથા શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદેત મહાસભાના પ્રચાર અધિવેશન તા. ૭-૧૦-૯૦ના રોજ થશે.

બહારગામથી આવનાર વૈષ્ણવોને ઉતરવાની મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે

નિવેદક : આજ્ઞાનુવર્તિની શ્રી સોમયજ્ઞ સમિતિ કાનપુર

યક્ષસ્થળ : શ્રી વલ્લભાચાર્યજીનગર, ફુલબાગ ગ્રાઉન્ડ માલ રોડ, કાનપુર ઉ.પ્ર.

પત્રવ્યવહારનું શરનામું : શ્રી સોમયજ્ઞ સમિતિ
C/o કિશનચંદ એન્ડ બ્રધર્સ ૫૫/૨૦ કાહુ કોઠી **કાનપુર** ઉ. પ્ર.
ફોન : O ૨૬૭૩૮૯/૨૬૭૧૪૨ R ૪૨૦૧૪/૪૧૮૩૮

રાજકોટમાં પાઠશાળા પ્રવૃતિ

છેલ્લા સવા વર્ષથી પુ. પા ગો.શ્રી વલ્લભરાયજી મહોદય (સુરત)ની આજ્ઞાથી રાજકોટમાં વિવિધ ૬ સ્થળોએ શ્રી વલ્લભાચાર્ય બાલસંસ્કાર નિકુંજ (પાઠશાળા) સુચારૂરૂપથી ચાલી રહેલ છે.

શ્રી જન્માષ્ટમીના પુનિત ઉત્સવના ઉપલક્ષ્યમાં યુનિવર્સિટી રોડ પર ચાલતી પાઠશાળામાં સંચાલિકા પ. ભ. શ્રી હર્ષાબેન ઠકકરના સુયોગ્ય માર્ગદર્શનમાં પાઠશાળાના બાલક બાલીકાઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ. ૮૪ વૈષ્ણવોની વાર્તા આધારિત બે નાટીકાઓની સુંદર રજુઆત થયેલ. તેમજ ત્રિવિધ ધોળ-પદ, સ્તોત્રપાઠ વગેરેની હરિફાઇ યોજાએલ. અમરનાથ પ્લોટની પાઠશાળાના ઉત્સાહિ સંચાલક પ ભ શ્રી ભુપેન્દ્રભાઇ ધાબલીઆ, તથા પ. ભ. શ્રી ગણાત્રા સાહેબના હસ્તે ઉત્તમ અભિનય અને અન્ય સ્પર્ધક બાલક બાલીકાઓને પુસ્તકો પુરસ્કારરૂપે અપાયેલ. આ પ્રસંગે રાજકોટ શહેર પાઠશાળાના સંચાલિકા શ્રીમતિ કુમુદિનીબેન સોની તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ. રાજકોટમાં (૧) મધ્ય શહેરમાં શ્રી હરિદાસ મંડાણ દરબારગઢ (૨) યુનિ. રોડ. ગણેશવાડી સામે (૩) અમરનાથ પ્લોટ કાલાવડ રોડ (૪) ૨૦, મીલપરા શ્રી યમુના નિકુંજ (૫) ૧૫ જંકશન પ્લોટ (૬) ૬ જયરાજ પ્લોટ આમ છ સ્થળે લગભગ અઢીસો જેટલાં બાલક બાલીકાઓ પાઠશાળામાં પુષ્ટિ માર્ગીય સંસ્કાર મેળવે છે જેના સંચાલનમાં પ. ભ. શ્રી ભુપેન્દ્રભાઇ ધાબલીયા પ ભ શ્રીમતિ હર્ષાબેન ઠકકર પ. ભ કુ. ઉર્મીલાબેન ડેલાવાળા પ. ભ શ્રીમતિ કુમુદિનીબેન સોની પ. ભ. શ્રીમતી વર્ષાબેન સોની પ. ભ વર્ષાબેન ઠક્કર પ. ભ. શ્રી ચંદ્રકાન્તભાઈ મહેતા તથા શ્રીમતિ મીનાબેન મહેતા તેમજ પ ભ રતીલાલભાઈ પટેલ વગેરે કાર્યકર્તાઓ તન, મન, ધનથી સહયોગ આપી સ્વધર્મ નિષ્ઠાનુ અનુકરણિય ઉદાહરણ પુરૂં પાડે છે.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૬ * સપ્ટેમ્બર, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

હિંદુ આદર્શો કે અનુસાર સંતુલિત જીવન

લેખક : નિ લી. શ્રી ગોવિંદલાલજી મહારાજ (કોટા-કડી)
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા
આંખના સર્જન રાજકોટ

માનવ જીવનના પ્રવાહને નિયંત્રિત કરવા માટે સત્સંગ વિ. અનેક સાધન છે પરંતુ તેમાં બે મુખ્ય છે ધર્મ અને સાહિત્ય સત્સંગનો ખૂબ જ મહિમા ગાવામાં આવ્યો છે. તેથી જ સાધારણ માણસે ધર્મ ગ્રંથો અને સાહિત્ય પર જ નિર્ભર રહેવું પડે છે. ધર્મ અને સાહિત્ય એક બીજાના સહાયક અને પૂરક છે. ધર્મમાંથી સાહિત્યને પ્રેરણા મળે છે અને સાહિત્યથી ધર્મની વ્યાખ્યા થાય છે. ધર્મ ગ્રંથોનો ઉપદેશ એવી ઉચ્ચ કક્ષાએથી થાય છે અને તેમાં ઇશ્વરની આજ્ઞાની ભાવના રહેલી છે. ને ઉપદેશ પ્રભુ સંમત હોય છે, પરંતુ સાહિત્યનો ઉપદેશ ધર્મ અને સહિત્યના બંને સમાજને સંગઠિત રાખવામાં સહાયક થાય છે. ધર્મ ધૃ ધાતુમાંથી બનેલ છે જે ધારણ કરવાના અર્થમાં આવે છે. સાહિત્યમાં હિતની પ્રધાનતા છે. અને હિતનો અર્થ છે તે બને છે. તેથી આપણા ધર્મ અને સાહિત્યમાં વિશેષ અંતર પણ રહેતું નથી. મનુષ્યના

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા **રાજકોટ**

જીવનને સંતુલિત બનાવવા અને તેને ભારતીય આદર્શ અનુસાર ઢાળવામાં શ્રીમદ્ ભગવત્ ગીતાએ સૌથી વિશેષ ઉપકાર કર્યો છે. તેમાં સૌથી વિશેષ સંતુલન તો કર્મ, અકર્મ, પ્રવૃત્તિ અને નિવૃત્તિનું કર્યું છે. નિષ્કામ કર્મનો ઉપદેશ આપીને પ્રવૃત્તિને નિવૃત્તિમય બનાવી દીધેલ છે.

'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન્ ।

તેનું જ્ઞાન કર્મની ગતિ અને ભક્તિની રતિ પ્રદાન કરે છે. અને જ્ઞાન પણ કર્મ અને ભક્તિથી જ પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યોગીને અતિરેકથી એટલે દરેક કાર્યના અતિરેકથી બચવાનો ઉપદેશ આપ્યો છે. તેણે અધિક ખાવું ન જોઇએ અને તેણે અધિક સુવુ પણ ન જોઇએ. સન્યાસ એટલો બધો ન કરવો જોઇએ કે તે ઘણું જ ઓછું ખાય અને સુવે જે સંતુલિત આહાર અને વિહાર કરે છે અને જીવનમાં સંતુલિત બુદ્ધિથી કામ કરે છે અને જાગૃતાવસ્થામાં સંયમ રાખે છે. તેને દુઃખ થતું નથી. ભગવદ્ ગીતામાં સાત્વિક રાજસ અને તામસ ભોજનનું વિવરણ છે ગીતામાં બધા પ્રકારના માનસિક સંતુલનનો ઉપદેશ આપેલ છે. સ્થિત પ્રજ્ઞના લક્ષણ આપણને આવા માનસિક સંતુલનનો ઉપદેશ આપે છે.

દુખેત્વનુદ્વિગ્નમનાઃ સુખેનુ વિગત સ્પૃહ ।
વિતરાગ ભય ક્રોધઃ સ્થિતધીર્મુનિશ્ચ્યતે ॥
યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ ।
નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિત ॥

જેનું મન દુઃખના સમયે દુઃખી નથી થતું સુખ ભોગવવા નથી ઇચ્છતુ જે રાગ ભય અને ક્રોધ રહિત છે તે સ્થિત પ્રજ્ઞ મુનિ કહેવાય છે. જે કોઇ વસ્તુને પ્રેમ નથી કરતો. સારી વસ્તુ પ્રાપ્ત કરીને ખુશી નથી થતો અને ખરાબ વસ્તુ પ્રાપ્ત કરીને દુઃખી નથી થતો તેની બુદ્ધિ નિશ્ચત છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂા. ૬૫૧

ગો. વા. ડાયાલાલ બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડાયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રી કૃષ્ણ હ. પ. ભ. શ્રી હસમુખભાઈ ડાયાલાલ ખખ્ખરના જય શ્રીકૃષ્ણ

: શ્રી હરિઃ :

॥ શ્રી કૃષ્ણ : શરણં મમ ॥

શ્રી ગિરિરાજજી એટલે કોણ

લેખક : **શાસ્ત્રી ગણપતરામભાઇ ધમ્બોલા**

[પ્રિય વૈષ્ણવો ! મારા લેખો શ્રી મહાપ્રભુજીનું "શ્રીવલ્લભાયન" મહાકાવ્ય તરીકે ૪૦ અંક સુધી આવેલાં છે. હવે મને ચિંતા થાય છે કે ભગવાન પંઢરપુરથી કથાના લેખો શ્રી વિઠ્ઠલેશ કયારે ચાલુ કરાવશે, ગ્રંથ છપાય તો સારૂં એજ અભિલાષા.

ઘણાં જ દિવસે આ લેખ મેં લખ્યો છે. વાંચી વિચારશો. મેં કોઇ ઇર્ષાથી લખ્યું નથી, પણ અયોગ્ય હતું, સંપ્રદાયમાં ઢોંગ થતો અટકે અને સંપ્રદાય વગોવાય નહિ તેથી પ્રસ્તુત લેખ લખી મોકલાવેલ છે. —લેખક]

શ્રીમદ્ ભાગવત તથા અન્ય પુરાણો તેમજ ગર્ગસંહિતામાં શ્રીગોવર્ધન (પર્વત) ના પાંચ સ્વરૂપો છે. તે તો સર્વ સંપ્રદાયનાં ભાવિકો જાણે છે. હરિદાસવર્ય પણ છે. ભગવાનની સર્વ નિકુંજો, દ્વાદશકુંજ પણ શ્રીગિરિરાજ ભીતર બિરાજમાન છે શ્રી કૃષ્ણદાસ મેઘન જેવા એ શ્રીવલ્લભ પ્રભુજીની આજ્ઞાથી દર્શન કર્યાં છે. શ્રીમહાપ્રભુજી 'શ્રીપુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્રમાં "શૈલરૂપકૃતાશેષ-રસભોગ સુખાવહઃ" દર્શાવે છે. શ્રી ગિરિરાજજી શ્રીહરિ પોતે છે.

ઇન્દ્રના યજ્ઞનો પરંપરા અંધશ્રદ્ધા (અન્યાશ્રય) અટકાવવા શ્રીહરિએ શ્રી નંદરાયજી અને અન્ય ગોપ ગોપીકાઓને પોતાનાંથી અન્ય સ્વરૂપ પોતાનું બનાવી તે શ્રીગિરિરાજનું પૂજન પોતે કરી, પોતે પોતાના રૂપથી દર્શન આપી, ભવિષ્યમાં ઇન્દ્રના યજ્ઞરૂપ અંધ પરંપરા દૂર કરી, સહસ્રભુજાયુકત દર્શન આપી, પૂર્ણ વિશ્વાસ પ્રગટ કરી ઇન્દ્ર તેમજ અન્ય ભયથી નિવૃત્ત કરી પ્રત્યક્ષ અન્નકૂટ આરોગી કૃતાર્થ કર્યાં.

શ્રી ગોવર્ધનપૂજા દરેક ઠેકાણે દિવાળીનાં બીજા દિવસે ગોવર્ધનપૂજન—અન્નકૂટ જગ જાહેર છે.

મંદિરોમાં ગાયના ગોબરના ગિરિરાજજી બનાવી, આંબાના પાન-શેરડી વગેરેથી શણગારી ગોવર્ધનપૂજન ભાવનાપૂર્વક થાય છે. નંદનંદન તરફથી સ્વયં શ્રી ગોસ્વામી બાળકો કે મુખીયાજી પોતે, સંકલ્પપૂર્વક શ્રી ગિરિરાજજીનું પૂજન અર્ચન, ભોગ તેમજ ગાય ખેલાવવી વગેરે કરે છે. કિર્તન પણ તે જ ગવાય છે. અધિક માસમાં પણ દાનઘાટી વગેરે ઉત્સવો શ્રી ગિરિરાજરૂપ શિલાઓ પધરાવી થાય છે.

શ્રીમદ્ ભાગવત કથામાં શ્રી નંદમહોત્સવ કરે છે તે તો સારૂં છે. કિર્તન-વધાઇ વગેરે ભલે થાય, તે કોઇ વિરૂદ્ધ જેવું નથી. તેવા પ્રકારના રાસ ગરબા વગેરે હોય તે પણ સારૂ છે. હું પોતે સહમત પણ છું. તે તો ટી.વી.માં પણ શ્રીકૃષ્ણજન્મ ઉત્સવ ઉજવાયો ત્યારે હું જોતા જોતા નાચવા મંડી પડયો ત્યારે મારી દેખા દેખી કરીને બધાં નાચવા મંડી પડયા.

વાહ ભાઇ વાહ ! નંદ મહોત્સવ ઉરનો ઉત્સવ એજ નંદ મહોત્સવ.

અત્યારે ઘોર કલિએ તાંડવ ચાલુ કર્યું છે, છતાં શ્રીવલ્લભ પ્રભુના માર્ગમાં તો– ‘તેને કાલ કર્મ નવ બાંધે રે, યમ તે શીર ધનુષ ન સાંધે રે’ એ તો સત્ય છે.

વર્તમાન કાળમાં ઘણા ભાગવતના વકતાઓ પુષ્ટિનો જાહોજહાલીનો લાભ લેવા શ્રી મહાપ્રભુજીનાં બે–ચાર પ્રસંગો એવા મૂકે છે જેથી શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ તો પોતે જ જાણે છે ? તેવી છાપ પાડી શકે. શ્રીમદ્ ભાગવત જ્યાં સ્વયં પૂર્ણપુરુષોત્તમની કથા છે તેમાં અન્ય દેવદેવીઓની વાતો અને જય જયકાર બોલાવી શૈવીઓને અને શાકતોને પણ કબજે કરી નિજ સ્વાર્થ સાધવા સિવાય બીજો કયો હેતુ હોય શકે ? ધન્ય વકતાઓ ! “અંતઃ શૈવિ બાહર શાકત, સભામધ્યે વૈષ્ણવ” શું એ બહુરૂપી નથી ? એનો સિદ્ધાંત શું ?

હવે તો, શ્રી ગોવર્ધનપૂજન શ્રીમદ્ ભાગવત કથામાં શરૂ થઇ ગયું છે, તેમાં એક નવીન લીલા મેં મારા ગામમાં નજરે જોઇ ત્યારે લખી રહ્યો છું.

વર્તમાન કાળનાં વ્યાસો શ્રીગિરિરાજજીનું સ્વરૂપ બનાવવા શ્રોતાઓને ચોખા લઇ આવવાનું એલાન કરે અને શ્રોતા લઇ આવે તેનાં શ્રીગિરિરાજ બનાવી–જેમ ચોખા વધે તેમ શ્રીગિરિરાજ વધે–ગામ ઉપર શ્રીગિરિરાજજી કૃપા કરશે. ત્યાં સામટા માણસો ભેગા થયા હોય ત્યાં ચોખાનાં શ્રીગિરિરાજજી વધવા કેમ ન પામે ?

પછી તો શ્રીગિરિરાજજીનું વિધિસહ સ્થાપન, પૂજન, અર્ચન, ભોગ, કિર્તન, પરિક્રમા અને રસીયાં “માનસી ગંગા શ્રીહરિદેવ.....” પરિક્રમા બરાબર ? !

વાહ ભાઇ ? આ વ્યાસ ભગવાનો ? તમારે જો અનાજ જોઇતું જ હોય તો શ્રોતાઓને છેલ્લે દિવસે સૂચના આપવી. આસ્તિક જનતા અનાજ જરૂર લઇ આવશે, પણ આવું શ્રીગિરિરાજજીનું બહાનું ધરી, ચોખાના શ્રી ગિરિરાજ બનાવી, આ ચોખા ચૂલે બાફણા અથવા અન્યોને વહેંચી ભાવનાનું ખંડન કરવાની શું જરૂરત છે ?

હવે પ્રાર્થના એટલી જ છે કે શ્રીગિરિરાજજીની ભાવના થઇ એટલે પ્રાણપ્રતિષ્ઠા થઇ ગઇ. આ માર્ગ મંત્રોનો નથી, ભાવનો છે. તમો પુષ્ટિમાર્ગ જનો કોઇ ગોસ્વામી આચાર્યશ્રીને પૂછી જો જો કે મંદિરોમાં શ્રી ગિરિરાજ થાય છે તેનું પૂજન થયા પછી તે શ્રી ગિરિરાજજીની શું વિધિ કરાય છે ? એજ....!

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભઃ ॥

શ્રી દયારામભાઇના શ્રીમદ્ ભાગવત વિષે વિચાર

સંકલન : પ્રો. જીવનલાલ છ. જોશી

શ્રી દયારામભાઇ શ્રીમદ્ ભાગવતના અભ્યાસી હતા. એમને આખું શ્રીમદ્ ભાગવત કંઠસ્થ હતું. એઓશ્રી એનો રોજ પાઠ કરતા. એમણે તેને સારી રીતે પિછાન્યો હતો. એના રહસ્યને સચોટ ઓળખ્યું હતું. એમાં આલેખાયેલા પ્રસંગોને હૃદયારૂઢ કરી વાણીમાં કવનમાં–કથનમાં વણી દીધા હતા. શ્રીમદ્ ભાગવત પર એમનો એટલો બધો અસાધારણ અભ્યાસ હતો કે એમના આગળ ભલભલા પંડિતો પોંચા પકડતા. સાદી અને સરલ ભાષામાં એવા તો સુરસ અને સચોટ અર્થ કરતા કે જેને સાંભળીને ભલભલા નિષ્ણાતો છક થઇ જતા. એમની પ્રતિભા આગળ સૌ કોઇ ઝાંખા જ પડતા. વાદવિવાદમાં નમતું આપ્યે જ છુટકો. જે કોઇ પ્રશ્નો પૂછતા, શંકાઓ ઉઠાવતા તેના તેઓ સચોટ રદીઆ આપતા. હિંદી ભાષામાં–વ્રજભાષામાં રચવામાં આવેલી શ્રીમદ્ ભાગવતની અનુક્રમણિકા તેમજ શ્રીમદ્ ભાગવતના રહસ્યને ઉકેલતાં અને મર્મને સમજાવતાં પદો સમસ્યાઓ એમના શ્રીમદ્ ભાગવત પરના પ્રખર અભ્યાસનું સચોટ દર્શન કરાવે છે.

એક વખત પાંડિત્યમાં છકેલા એક શાસ્ત્રીજી શ્રી દયારામભાઇને ત્યાં આવ્યા. વાતવાતમાં શ્રીમદ્ ભાગવતના પ્રખર અભ્યાસી તરીકે પોતાની ઓળખ આપી. અને શ્રીમદ્ ભાગવતના અચ્છા નિષ્ણાત તરીકેનો દાવો કર્યો.

શ્રી દયારામભાઇ : શાસ્ત્રીજી ! શું આપ શ્રીમદ્ ભાગવતમાં નિષ્ણાત છો ? શા માટે આપ જ્ઞાનનો મદ રાખો છો ? શ્રીમદ્ ભાગવતના અતિશય ગૂઢ રહસ્યને કોઇ યે જાણી શકતું નથી. શ્રીમદ્ ભાગવતના સાચા જાણકાર તો શ્રીમદ્ વલ્લભાચાર્યજી જ છે. આપ તેમ જ હું પણ એમના આગળ એક બિંદુ સમાન છીએ. આપશ્રી જે પારંગતપણાનો દાવો કરો છો તે ખોટો છે. એને બદલે તો આપે જ કહેવું જોઇએ કે હું કશું યે જાણતો જ નથી. જે કંઇ જાણું છું તે ભગવત્કૃપાથી જ,

શાસ્ત્રીજી : દયારામભાઇ ! આપની ભૂલ થાય છે. અમારે રોજ વાંચવાનું, પઠન ને મનન કરવાનું. બેસુમાર સપ્તાહો કહેવાની. વારંવાર થતા વાંચન અને મનનથી સૌ વસ્તુ હૃદયારૂઢ થઇ જ જાય. જો આપને એ બાબતની શંકા રહેતી હોય તો કોઇ પણ પ્રશ્ન પૂછી શકો છો.

શ્રી દયારામભાઇ : શાસ્ત્રીજી ! એટલાં બધા વખાણ ન કરો. શા માટે ફુલાઓ છો. જ્ઞાનનો મદ એવો છે કે તે જ આપણને અણીને વખતે થાપ ખવડાવે છે. આપણે જાણીએ છીએ છતાં યે મૂરખ બનાવે છે. ‘શ્રીમદ્ ભાગવતને હું જ સંપૂર્ણ જાણું છું’ એમ કહેવું એ જ અજ્ઞાનનું ખરેખરૂં પ્રદર્શન કરવા બરાબર છે. શ્રીમદ્ ભાગવત તો શ્રીહરિનું જ સ્વરૂપ છે. ભગવત્કૃપા હોય તો જ સમજાય, બાકી નકામાં ફાંફાં મારવાથી શો ફાયદો ?

શાસ્ત્રીજી : પણ આપ પ્રશ્ન તો પૂછો. પછી જે શિખામણો આપવી હોય તે આપજો.

શ્રી દયારામભાઇએ શાસ્ત્રીજીને જે સમ-

સ્યાઓ પૂછી હતી તેમાંની એક અને જે પદ સંભળાવ્યું હતું તે અહીં સવિસ્તાર અવલોકીશું તો તે સાવ અસ્થાને નહીં ગણાય !

પદ

ધર્મધુરંધર વડો વિવેક,
તે ઘર કૌતુક દીઠું એક.
પિતા પોતાના સુતનો ભ્રાત,
સ્વામી તે જ પિતાનો તાત;
માત શ્વસુરની પોતે પત્ની,
જનક જનેતા સત્ય સપત્ની. ૧
સ્વામી હરિ અરિનો તાત,
સ્ત્રી કોણ નામ જગતની માત;
સ્ત્રીના કાકા કમલાપતિ,
નવ સમજાય અટપટું અતિ. ૨
શ્રી ભાગવત તણી આ કથા,
રખે માનતા ટીખળ વૃથા;
'દયારામ' કહે ચેત ચતુર,
તુજમાં જો બુદ્ધિ ભરપુર. ૩

અર્થ : કશ્યપ ઋષિ બ્રહ્માજીની આજ્ઞાથી પોતાના પુત્ર 'વૈશ્વાનર'ની પુત્રીઓ 'કાલિકા' અને 'પૂલોમા' સાથે પરણ્યા હતા. તેનો આ આ સમસ્યામાં સચોટ ઉલ્લેખ કરવામાં આવ્યો. છે.

કશ્યપઋષિ વિવેકી અને ધર્મનિષ્ઠ હતા. તેમને ઘેર એક કૌતુક જોવામાં આવ્યું. પિતા છે તે પોતાના પુત્રનો જમાઇ છે. કશ્યપ ઋષિ પોતાના પુત્ર વૈશ્વાનરની પુત્રીઓ કાલિકા અને પૂલોમાં સાથે પરણ્યા હોવાથી વૈશ્વાનરના જમાઇ થયા. અથવા કશ્યપની પત્ની અદિતિથી વામનજીનો જન્મ થયો. તેથી વામનજી અને વૈશ્વાનર બન્ને ભાઇઓ થયા. કાલિકા અને પૂલોમા વૈશ્વાનરની પુત્રીઓ, કશ્યપ ઋષિ સાથે પરણી હતી તે વામનજીની ઓરમાન માતાઓ થઇ અને અદિતિની શોક થઇ, કાલિકા અને પૂલોમાના ઓરમાન પુત્ર વામનજીના ભાઇ થયા. માટે શ્રીદયારામભાઇએ 'પિતા પોતાના સુતનો ભ્રાત' એ કહ્યું.

પિતા એટલે વૈશ્વાનર. એ વૈશ્વાનર કાલિકા અને પૂલોમાના ઓરમાન પુત્ર વામનજીના ભાઈ થયા. એ રીતે પિતા પોતાના સુતનો ભ્રાત' એમ ઘટી શકે.

'જે સ્વામી છે તે પિતાનો બાપ છે' યશ્યપઋષિ કાલિકા અને પૂલોમાના સ્વામી છે. અને સાથે સાથે વૈશ્વાનરના પિતા છે. કાલિકા અને પૂલોમા વૈશ્વાનરની પુત્રીઓ છે. તેથી કાલિકા અને પૂલોમાના સ્વામી કશ્યપ ઋષિ તે વૈશ્વાનરના બાપ થયા જ.

'માતાના સસરાની પોતે પત્ની છે.' કશ્યપ ઋષિ વૈશ્વાનરની પત્નીના સસરા થાય. વૈશ્વાનરની પત્ની તે, કાલિકા અને પુલોમાની મા. કશ્યપઋષિ કાલિકા અને પુલોમા સાથે પરણ્યા હોવાથી તેઓ માતાના સસરાની પત્નીઓ થઈ.

'પતિની માતાની પોતે શોક છે' કાલિકા અને પુલોમાના પિતા તે વૈશ્વાનર વૈશ્વાનરનાં મા તે કશ્યપ ઋષિનાં પત્ની કશ્યપ ઋષિ સાથે કાલિકા અને પુલોમા પરણ્યાં હોવાથી તેઓ કશ્યપઋષિની પત્નિની વૈશ્વાનરની માની શોક થઇ.

'સ્વામી છે તે હરિના અરિનો બાપ છે.' કાલિકા અને પુલોમાના સ્વાંમી–ધણી તે કશ્યપ ઋષિ હરિના અરિ–દુશ્મન તે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બન્ને કશ્યપ ઋષિના પુત્રો છે.

સૃષ્ટિ કશ્યપથી કહેવાય છે. તેથી કશ્યપઋષિની સ્ત્રી જગતની માતા થઇ.

કશ્યપ ઋષિ બ્રહ્માના પુત્ર છે, તેથી વિષ્ણુ તેમના કાકા થયા. આ સમજાય એવું નથી. ઘણુંજ અટપટું છે. એને તમે ટીખળ ન માનશો. આ કથાભાગ શ્રીમદ્ ભાગવતમાં છે. જરાયે મનઃકલ્પિત નથી. હે ચતુર ! તારામાં જો બુદ્ધિનો ભંડાર હોય તો ચેત.

આ સમસ્યાની કથા શ્રીમદ ભાગવતના છઠ્ઠા સ્કંધના છઠ્ઠા અધ્યાયમાં છે.

પદ–રાગ સોરઠ

ભાગવત ભણીને શું કીધું ?
ઓ ! ભાઈ! રે! તેં !
ભાગવત ભણીને શું કીધું ?
મારે જંતુ અહિ મણિ અજવાળે
ત્યમ તેં ઉદર પોષી લીધું.
ઓ ! ભાઇ ! રે ! તેં.... ....૧
પારસમણિનું પાત્ર પાણ્યમાં (હાથમાં)
ઘેર ઘેર ભિક્ષા માગે !
જયાં લગી વસ્તુજ્ઞાન ના,
ત્યાં લગી દુઃખ દારિદ્રનાં ભાગે.
ઓ ! ભાઇ ! રે ! તેં ૨

દૂઝણી ગાયને ગોતૂં માડીને,
પય જયમ પર લૈ જાય;
ત્યમ તું બોધ કરી પુજા પામે
આપ ધાન્ય કોઇ થાય.
ઓ! ભાઇ! રે! તેં ૩
જયમ મલિયાગર પોઠી લાદ્યો,
તે સુગંધ શું જાણે ?
જયાં લગી સાર ના સમજાયો,
ત્યાં લગી તું પણ તેજ પ્રમાણે
ઓ! ભાઇ! રે! તેં ૪
રતિ કૃષ્ણ, મતિ ધર્મ, તોષ મન,
દયા અખિલ પર આવે;
ત્યારે હું જાણું જે ભાગવત ભણિયો,
ગર્વ ઇર્ષા નવ લાવે,
ઓ ! ભાઇ ! રે ! તેં ૫
જર જસાદિ તૃષ્ણા મન જયાં લગી,
ત્યાં લગી હરિ નવ રીઝે.
આટલા ઉદ્યમ તેમાં વધ્યો એક,
સુણી સમજુ નવ ખીઝે.
ઓ ! ભાઇ ! રે ! તેં ૬
'દયા' પ્રીતમ શ્રીજી શ્રી ભાગવત,
એક રૂપ છે બધે;
નિસ્પૃહ અણુ અભ્યાસ કર્યેથી,
જીવન મુક્ત નહીં સધે.
ઓ ! ભાઇ ! રે ! તેં ૭

જયાં પદ ગાનાર અને સમજાવનાર શ્રી દયારામભાઇ હોય ત્યાં શાસ્ત્રીજીનું હઠીલું માનસ ફરી જાય તેમાં શું આશ્ચર્ય ? શાસ્ત્રીજીનો હૃદય પલટો થાય તેમાં શી નવાઇ ! અને શ્રીમદ્ ભાગવતની કથા ધંધા તરીકે નહીં કહેવાની પ્રતિજ્ઞા લે તેમાં શું સંદેહ !

શ્રીદયારામભાઇએ કેવલ ભાગવતની આજીવિકાવૃત્તિ ઘણાઓ પાસેથી હંમેશને માટે છોડાવી દીધી હતી. ઘણાઓએ એમની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી. એમની શિખામણોને માન્ય રાખી ભાગવતની કથા કહી પૈસા કમાવાનું મૂકી દીધું હતું.

આ એક જ પદને તેમજ શ્રી દયારામભાઇના જીવન પ્રસંગને શ્રીમદ્ભાગવતનો આજીઃવિકાસમાં ઉપયોગ કરનારાઓ–જીવન નિભાવનારાઓ, શાંત ચિત્તે વાંચશે, એકાગ્ર મને વિચારશે તો તેમને પણ સત્યજ્ઞાનનો વિસ્તાર કરવાની બુદ્ધિ સૂઝશે. અસ્તુ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ, કાર્યાકાર્યે ભયાભયે ।
બંધં મોક્ષં ચ યા વેત્તિ, બુદ્ધિઃ સાપાર્થ
સાત્ત્વિકી ॥૩૦॥

શ્લોકાર્થ : બુદ્ધિના ત્રણ ભેદ દર્શાવે છે. ભગવાન સંબંધી ધર્મમાં પ્રવૃત્તિ, ભગવાનના સંબંધ રહિત એવા અધર્મમાંથી નિવૃત્તિ, શું કરવા જેવું છે અને શું કરવા જેવું નથી (અકાર્ય) તથા શાનાથી ભય પામવા જેવું છે અને શાનાથી ભય પામવા જેવું નથી, એવું જે જાણે છે અને બંધ શું છે તથા મોક્ષ શું છે અને જે જાણે છે તે બુદ્ધિ હે પાર્થ ! તે સાત્ત્વિકી છે. ॥૩૦॥

ટીકા : આ પ્રમાણે ધ્યાન દોર્યા પછી, બુદ્ધિની ત્રિવિધતા કહે છે. પ્રવૃત્તિમ્....વગેરેથી તેના અભાવ રૂપ અધર્મ (કાર્ય)માં, કાર્ય તથા અકાર્યમાં એટલે કે સત્‌ના અભાવયુકત દેશમાં ભજન કરવું અને એવું ન હોય ત્યારે ભજન સિવાય બીજું કંઇ ન કરવું જોઇએ. એવી જ રીતે જ્યાં ભગવત્ સંબંધ વગેરેનો સંબંધ હોય ત્યાં ભય–ભગવાન વિસ્મરણાત્મક મૃત્યુરૂપી ભય, તત્સંબંધી ભયાભાવ. બંધ અર્થાત્ સેવાંગ અભાવ કર્મમાં, તથા સેવાદિ કર્મમાં મોક્ષ–એમ જે બુદ્ધિ જાણે છે તેને હે પાર્થ ! એટલે એ પ્રમાણેના (સાચા) જ્ઞાનને યોગ્ય હે અર્જુન ! એવી બુદ્ધિને સાત્ત્વિકી એટલે સત્ત્વ સાથે સંબંધ ધરાવનારી જાણવી. ॥૩૦॥

યયા ધર્મમધર્મં ચ, કાર્યં ચાકાર્યમેવ ચ ।
અયથાવત્પ્રજાનાતિ, બુદ્ધિઃ સાપાર્થ રાજસી
॥૩૧॥

શ્લોકાર્થ : જે બુદ્ધિ વડે ધર્મને તથા અધર્મને અને કાર્યને તથા અકાર્યને અયથાવત્ (એટલે જેમ છે તેવું નહિ–સંદિગ્ધ–શંકા રહે તેમ) વિસ્તારથી જાણે તે બુદ્ધિ હે પાર્થ ! રાજસી છે. ॥૩૧॥

ટીકા : હવે રાજસી બુદ્ધિ એટલે શું તે કહે છે. યયા.......વગેરેથી જે બુદ્ધિ વડે ભગવદ્ ભજનને) અકાર્ય એટલે તે સિવાયનું કર્મ, અયથાવત્ એટલે સંદિગ્ધ–નિશંક રીતે નહિ અથવા તો અન્યથા જાણે છે તેને હે પાર્થ ! રાજસી બુદ્ધિ જાણવી. ॥૩૧॥

અધર્મં ધર્મમિતિ યા, મન્ય તે તમસાવૃતા ।
સર્વાર્થાન્ વિપરીતાંશ્ચ, બુદ્ધિઃ સા તામસી
॥૩૨॥

શ્લોકાર્થ : હે પાર્થ ! જે બુદ્ધિ તમસથી ઢંકાયેલી હોવાથી અધર્મને માની લે છે અને બધા અર્થોને વિપરિત (ઉલટા)માની લે છે તે બુદ્ધિ તામસી છે. ॥૩૨॥

ટીકા : હવે તામસીનું વર્ણન કરે છે. અધર્મમ્......વગેરેથી, જે બુદ્ધિ તમસ એટલે ભગવાનની ઇચ્છાને અનુરૂપ ન હોય એવા અકર્તવ્યને ફલદાતા અને કર્તવ્ય છે એમ માને છે અને વળી અકાર્ય, કાર્ય તથા અભય

ભયાદિ બધા અર્થોને વિપરીત માને છે તે બુદ્ધિ હે પાર્થ ! તામસી છે એમ જાણવું એ ભાવાર્થ છે. ॥૩૨॥

ધૃત્યા યથા ધારયતે, મનઃ પ્રાણેન્દ્રિયક્રિયાઃ ।
યોગેનાવ્યભિચારિણ્યા, ધૃતિઃ સાપાર્થ સાત્ત્વિકી ॥૩૩॥

શ્લોકાર્થ : જે ધૃતિથી મન તથા પ્રાણ તથા ઇન્દ્રિયોની ક્રિયાઓને (એટલે અન્ય વિષયની અભિલાષા રહિત) ધૃતિને સાત્વિક કહે છે. ॥૩૩॥

ટીકા : હવે ધૃતિતા ત્રણ પ્રકારો કહે છે. ધૃત્યા……..વગેરેથી અન્ય વિષયની અભિલાષા રહિત જે ધૃતિથી અને યોગ દ્વારા બધી બાજુથી મનને, સંગ (આસકત)માંથી નિવૃત્ત કરીને માત્ર એક ભગવાનમાં જ પર (પરોવાયેલા) ચિત્ત (મન) વડે મનના ચાંચલ્યરૂપ પ્રાણેન્દ્રિય ક્રિયાઓ, પ્રાણની ક્ષુદ્ર ઉદ્બોધ (જાગૃતિ) રૂપી ક્રિયાઓને, (જે ઇન્દ્રિયોના વિષયોની અભિલાષારૂપ છે તે ક્રિયાઓનું ધારણ કરે છે (એટલે નિયમમાં રાખે છે) એવી ધૃતિ, હે પાર્થ ! સાત્ત્વિક છે. ॥૩૩॥

—ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રીવલ્લભ કે પદ

ભાવાર્થ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર)

(રાગ : કોમળ રે આશાવરી, તાલઃ રૂપક)

શ્રીવલ્લભ બેગહી દર્શન દીજે,
જા દિન તેં તુમતેં હમ બિછુરે;
તા દિન તેં તન સીજે. ૧
નિસદિન ભૂખ પ્યાસ નહીં લાગત,
નૈન નિરંતર ભીજે;
‘ગોવિંદ’ યહ નિશ્ચય કર મન મેં,
કહો પ્રભુ કૈસે જીજે. ૨

‘ભાવાર્થ’—શ્રીવલ્લભ પ્રભુના દર્શન કરવાને અતિ લાલાયિત ભક્ત વિજ્ઞપ્તિ કરે છે કે શ્રીવલ્લભ ! હવે તો જલ્દી દર્શન આપો અને આ નયનોંનો તાપ નિવારો જે દિવસથી આપની સન્મુખતા છુટી છે. તે દિવસથી તન કૃષ થતું જાય છે અને મન કયાંય પણ કોઇ પણ કાર્યમાં લાગતું નથી.

ક્ષુધા-પ્યાસ (ભુખ-તરસ) કંઇ પણ લાગતું નથી. બસ એક જ રટણ હૃદયમાં થઇ રહ્યું છે કે શ્રીવલ્લભ કયારે મળશે. રાહ જોતાં જોતાં જ્યારે ધૈર્ય નથી રહેતું ત્યારે નિરાશ નયનો સજલ થઇ જાય છે.

શ્રીગોવિંદ સ્વામી કહે છે કે મનમાં એવો નિશ્ચય કરૂં છું કે હે શ્રીવલ્લભ ! હવે પ્રસન્ન થાવ અને આપની નયનાભિરામ છબીને નિહાળવાનો અવસર આપો, કારણ કે આપના દર્શન વિના હવે કઇ રીતે જીવી શકાય !

(પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર પ્રકાશિત કેસેટ પુસ્તિકામાંથી સાભાર.)

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણનામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. પ. ભ. મીસ્ત્રી **રવજીભાઈ 'વ્રજ' ધોરાજી.**

[ગતાંકથી ચાલુ]

તે માગ્યું આપે પણ હિત અહિત ન વિચારે
કૃષ્ણ નામ વણ માગ્યે દે શુભ–અશુભ
નિવારે ॥૪૯॥

ભાવાંર્થ–બીજા દેવો મહાકષ્ટે આપણને જે કંઇ આપે તેમાં જીવના હિત અહિતનો વિચાર તેઓ કરતા નથી. માગે તે આપી દીએ છે. હિમાલયના પાર્વતી વનમાં એક બ્રાહ્મણ તેની પત્નિ અને પુત્ર રહેતાં હતાં અને જેમ તેમ કરીને ગુજરાન ચલાવતાં મહાદેવજી ફરવા નીકળ્યાં તેણે આ બ્રાહ્મણ કુટુંબને જોયું પાર્વતીજીને દયા આવી અને તેને કાંઇ આપવા મહાદેવજીને કહ્યું મહાદેવજીને કહે કે સતી! આપશું તો ખરા પરંતુ તેના ભાગ્યમાં કાંઇ નથી એટલે તેઓ એવાંને એવાં જ રહેવાનાં છે. છતાં ચાલો તેને કંઇક આપી જોઇએ, એમ કહી બ્રાહ્મણને કહ્યું કે હે બ્રાહ્મણ! અમે તારા ઉપર પ્રસન્ન છીએ તમે ત્રણેય એક એક વરદાન માગી લ્યો. એટલે સ્ત્રીએ ઉતાવળી થઇ અને માંગ્યું કે હું સોળ વરસની સુંદરી બની જાઉં એટલે તે સુંદરી બની ગઈ. બ્રાહ્મણે વિચાર કર્યો કે આ સ્ત્રીએ વગર વિચાર્યે માગ્યું અને આફત રૂપ બનશે એટલે બ્રાહ્મણે માગ્યું કે પ્રભુ! આ રાંડ સમજ્યા વિના વકરી એટલે થઇ જાય બકરી અને તે બકરી થઇ ગઇ. હવે એક જ વરદાન બાકી રહ્યું છોકરાએ વિચાર્યું કે આ માતા પિતાએ સમજ્યા વિના આફતને ઉતારી હવે માતાને બકરી કેમ રહેવા દેવાય, એટલે તેણે માગ્યું કે મારી મા હતી તેવી થઇ જાય આ સાંભળી મહાદેવજી પાર્વતીજી હંસ્યા મહાદેવજીએ કહ્યુ કે દેવી! આ લોકો પુર્વ કર્મોના ભોગ ભોગવતા હોય છે. તેમાં કોઇ કંઇ પણ સારૂં કરે તો પણ એ તો એવા જ રહેવાના હોય છે. કર્મ ભોગ ભોગવ્યે જ છુટકો છે. ત્યારે શ્રીકૃષ્ણે સુદામાને વણ માગ્યે પરમ શુભ આપ્યું. અને અશુભ રૂપ દારિદ્રનું નિવારણ કર્યું. કુબ્જાને વગર માગ્યે રૂપ આપ્યું. અને શરીરના કુબડા પણા રૂપ અશુભ નિવાર્યું ગૌતમ પત્નિ અહલ્યાને વગર માગે અહલ્યા કરી. અને શ્રાપ દોષનું નિવારણ કર્યું વિભીષણને પણ માગ્યે લંકાનું રાજ્ય આપ્યું અને તેનું આસુરત્વ નિવારી ભકિત આપી. આમ પ્રભુ પોતાના ભકતોને વણ માગ્યે આપે છે અને અશુભ નિવારે છે. શ્રીમદ્ ભાગવત્માં વાર્તા છે. કાશીરાજ પૌંદ્રકનું મિથ્યા વાસુદેવનું મિથ્યાભિમાન નિવારી તેને સારૂપ્ય મુકિત આપી. દક્ષિણના એક 'સેના' નામના નાઇ (વાણંદ) ભકત થઇ ગયા તે સદા રાજાની હજામત કરવા જતા. એક દિવસ હજામત કરવા જતા હતા ત્યાં રસ્તામાં સાધુઓનો સંઘ મળ્યો અને કહ્યું કે અરે સેના ભગત અમે દ્વારકા જઇએ છીએ, અમારી હજામત કરી આપ, અને સેના ભગત તુરત જ રાજાને ભૂલી ગયા, અને સાધુની હજામત કરવા બેસી ગયા. પ્રભુએ વિચાર્યું કે મારા ભકત ઉપર રાજા ખીજાશે તો ભકતને દુઃખી કરશે, એમ સમજી અને પોતે સેના ભકતનું રૂપ લઇ અને રાજાની હજામત કરવા પહોંચી ગયા. અને બહુ જ

સરસ રીતે હજામત કરી રાજાએ હજામતમાં અરીસો માગ્યો તો બીજી બે ભૂજા પ્રગટ કરી અને અરીસો આપ્યો અને હજામત કરીને પ્રભુ ગયા, અને સાધુની હજામત પુરી થતાં સેના ભગત રાજા પાસે આવ્યા અને માફી માગી પરંતુ રાજા તો જોઈ રહ્યો સેનો તો હજુ આવે છે. ત્યારે મારી હજામત કોણે કરી અને સેનાને વાત કરી. સેનાએ કહ્યું કે રાજા તમારાં ધન્ય ભાગ્ય છે. આમ પ્રભુએ ભકતનું અશુભ નિવાર્યું માટે ભજન કરીએ. —ક્રમશઃ

ગુરુને નમન

લેખક : રા રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી

ગયા અંકમાં આપણે ભાગવત્સંબંધ મેળવનાર અર્થાત પ્રભુ તરફ દોરનાર ગુરુની વાત કરી, એ તો અલૌકિક ગુરુ ગણાય, પણ આ લોકમાં બીજા પણ ગુરુઓ છે. આપણે નાના હતા ત્યારે તો છેક અજ્ઞાન હતા, શાળામાં જઇ ગુરુ પાસે શિક્ષણ મેળવીએ ત્યારે જ્ઞાન આવે. તેમ વધારે અભ્યાસ કરીએ તો વિદ્વાન પણ થવાય. એ અજ્ઞાનને દૂર કરે તે પણ ગુરુ. તેમની સાથે અવિવેકથી ન વર્તાય, ઉદ્ધત રીતે તેમના સામું ન થવાય. આજકાલ છોકરાઓમાં ઉછાંછળાપણું જોવામાં આવે છે. તે આપણા શિક્ષણની મુખ્ય ખામી જ છે. કેટલાક બાળકો તો અભ્યાસ કરવામાં લક્ષ ન આપે, ગુરુ કહે તે પ્રમાણે માને નહિ, શિક્ષણ ચાલતી વખતે ગરબડ કરી મૂકે, પોતે, ભણે નહિ, બીજાને ભણવા દે નહિ, એ ઠીક ન ગણાય. જો તમારે વિવેકી થવું હોય, ઉત્તમ શિક્ષણ મેળવવું હોય તો વિદ્યાગુરુને માન આપતા શીખો. તેમની આજ્ઞા માનો, તેમને નમન કરો, આપણો તો આ ધર્મ છે.

શ્રીકૃષ્ણની ગુરુસેવા

હાલમાં જેમ પાંચ છ વરસનો બાળક થાય એટલે નિશાળે મૂકે, તેમ પ્રથમ ગુરુને ઘેર ભણવા માટે બાળકોને મૂકવામાં આવતા. ત્યાં તે ગુરુની સેવા કરે અને વિદ્યા ભણે. તે સર્વ શિષ્યોમાં રાજા અને રંક વચ્ચે કાંઇ પણ ભેદ ગણવામાં નહોતો આવતો. શ્રીકૃષ્ણ જેવા પણ સાંદિપનિ નામના બ્રાહ્મણને ઘેર વિદ્યા ભણવા રહ્યા હતા, અને બીજા શિષ્યોની પેઠે તે પણ ગુરુની સેવા કરતા. એક સુદામા નામનો બ્રાહ્મણ વિદ્યાર્થી પણ સાંદીપનિને ત્યાં ભણતો હતો. તેમને અને શ્રીકૃષ્ણને સારી મિત્રતા હતી.

એક દિવસે ગુરુ ગામ ગયા તેવામાં ગુરુ પત્નીએ શ્રીકૃષ્ણ અને સુદામાને બળતણ લઇ આવવાનું કહ્યું. એટલે બન્ને મિત્રો ખભા ઉપર કુહાડા લઇ જંગલમાં નીકળી પડયા. ત્યાં એક જુનું ઝાડનું થડ પડેલું જોયું. એ ફાડીને વધારે લાકડા કોણ કાઢે છે એવી શરત બકી બન્ને જણે પુષ્કળ લાકડાં ફાડયાં, અને તેના ભારા બાંધી જવાની તૈયારી કરતા હતા, તેટ-

લામાં ઘણો પવન વાવા લાગ્યો. આકાશમાં વિજળીના કડાકા થવા લાગ્યા. જોસબંધ મુશળધાક વરસાદ તુટી પડયો. સૂર્ય આથમી ગયો. ચારે તરફ ઘોર અંધકાર છવાઇ ગયો, ખાડા ટેકરા કંઇ જ દેખાય નહિ. જ્યાં જુઓ ત્યાં જળ જળ, દિશા પણ સુઝે નહિ આમ એકદમ તોફાન થવાથી તેમનાં વસ્ત્રો ભીંજાઇ ગયાં, અંગો કંપવા લાગ્યાં અને એક બીજાનો હાથ ઝાલી કૃષ્ણ અને સુદામા આખી રાત પાણીમાં ને પાણીમાં આમતેમ ખૂબ અથડાયા. ગુરુ ઘેર આવ્યા ત્યારે તેમને ખબર પડી કે બાળકો બળતણ લેવા ગયા છે, તે હજી આવ્યા નથી. ગુરુને લાગ્યું કે વરસાદથી હેરાન થઇ તેઓ ભૂલા પડેલા તેથી એકદમ તેમને ખોળવા નીકળી પડયા. તેવામાં સવાર થઇ ગયું. જુવે છે તો જંગલના એક ખુણે બન્ને શિષ્યો માથે લાકડા અને ટાઢે થરથરતા ઉભા છે. શિષ્યોને જોઇ ગુરુ ગળગળા થઈ ગયા, તેમને છાતી સરસા ચાંપ્યા અને બોલ્યા, પુત્રો! તમે અમારે માટે બહુજ કષ્ટ વેઠયું! તમોએ તમારા પ્રાણની પણ દરકાર કર્યા વિના અમારી સેવા કરવી એ જ મોટામાં મોટો ધર્મ ગણ્યો, તમે ખરા ભાવથી સેવા કરી તે માટે વિશેષ તો શું કહું? પણ આ આશીર્વાદ આપું છું કે તમારી વિદ્યા નિરંતર તાજી રહો અને સફળ થાઓ.

આ વાત ઉપરથી ગુરુની દરરોજ સેવા કરવી, સેવા કરતાં દુઃખ આવે તો પણ પાછા હઠવું નહિ. વિદ્યા અમૂલ્ય વસ્તુ છે, જે અમુલ્ય વસ્તુનું દાન કરે તેના તરફ આપણે કેવા ભાવથી વર્તવું જોઇએ? મોટાઇનો ગર્વ ગુરુના સમીપમાં કરવો ન ઘટે. ઉત્તમોત્તમ ઉપદેશ આપનાર ગુરુ તમને વિદ્યા આપે તેનાથી તમે મોટા થઇ સારાં સારાં કામો કરો, ભગવાનના સંબંધમાં વિદ્યા દ્વારા એ જ્ઞાન મેળવો, એવી વિદ્યા આપનાર પોતાના ગુરુને પણ પ્રભુ જેવા સમજી પ્રાતઃકાળમાં અવશ્ય નમન કરવું જોઇએ.

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્પરંબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

ગુરુ એ જ બ્રહ્મા છે, એ જ ગુરુ સર્વવ્યાપક વિષ્ણુ ભગવાન છે, એ જ ગુરુ મહાદેવ છે, એટલું જ નહિ પણ જ્ઞાન આપનાર ખરા ગુરુ સાક્ષાત પરબ્રહ્મ છે અને તેવા ગુરુને હું નમસ્કાર કરૂં છે.

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ વર્ષ ૩ સં. ૧૯૮૪ આશ્વિન અંક ૭માંથી સાભાર]

આશ્રય

લેખક : **મુખીયાજી મથુરાદાસ જીવનભાઇ, હીંગન ઘાટવાળા**

ગયા અંકમાં ત્રિવિધ તાપનું ધિવરણ જોયું. તે તાપ સહન કરવાની શકિત માટે શું કરવું ? તેમાં આશ્રયની જરૂર છે. એક તો કલી કાલ વિકરાલ તેમાં દુઃસંગ તો વગર માગ્યે મળી જાય. આવા સમયમાં દઢ આશ્રય ન હોય તો ભવાટવીમાં ભટકવાનું બાકી રહે તાપ સંતાપ દુર કરવા શ્રીમદાચાર્ય ચરણનો આશ્રય કલ્પવૃક્ષની છાંયા ગ્રહણ કરીયે તો બધી વસ્તુ સુલભ થઇ જશે. આ વિષયમાં શ્રી હરિરાયજી શિક્ષાપત્ર ૨૩ને ૧૬મો શ્લોકમાં આજ્ઞા કરે છે.

દુઃખે ન વૃથાનેયઃ કાલઃ પરમદુર્લભઃ ।
કૃષ્ણ સેવા અનુકુલસ્તુ નિજાચાર્ય પદાશ્રિતઃ ॥

ભાવાર્થ ખરૂં જોતા જેઓએ શ્રી આચાર્ય ચરણનો દ્રઢ આશ્રય કર્યો છે. તેવાને માટે તો આ કલીકાલ વિકરાલ નહી પણ સુકાલ છે, અન્ય યુગમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય કયાં છે ?

આ વિષયમાં શ્રી દ્વારકેશજી મહારાજનું આશરાનું પદવિચારણીય છે. જેમાં મુખ્ય વાત શ્રી મહાપ્રભુજીનો આશરો અને તેને આધારે પુષ્ટિ માર્ગમાં દશ ધર્મ અને દશ મર્મનું વર્ણન કર્યું છે. જે જીવ આ કલ્પવૃક્ષ સમાન શ્રી મહાપ્રભુજીનાં ચરણારવિંદનો આશ્રય રાખે તેને પછી કોઇ વસ્તુ દુર્લભ નથી.

આશ્રયનું પદ રાગ કેદાર

આશરો એક દ્રઢ શ્રી વલ્લભાધીશકો માનસી રીત કી મુખ્ય સેવા વ્યસન લોક વૈદિક ત્યાગ શરણ ગોપી શકો. દીનતા ભાવ ઉદબોધ ગુનગાનસો ઘોષત્રિય ભાવના ઉભય જાને. કૃષ્ણ નામ સ્ફુરે પલ ન આજ્ઞા ટરે કૃતિ વચન વિશ્વાસ દ્રઢ ચિત્તઆને ભગવદી જાન સતસંગ કો અનુસરે ના દેખે દોષ અરૂ સત્ય ભાખે પુષ્ટિ પથ ધર્મ દશ મર્મ યહ વિધ કહે સદા ચિતમેં શ્રી દ્વારકેશ રાખે.

આશ્રય, સેવા, ત્યાગ, શરણ, દીનતા, ગુનગાન, ઘોખત્રિય ભાવના આજ્ઞાપાલન, વિશ્વાસ, સત્સંગ આમાં દશધર્મને દશ મર્મ નીચે મુજબ.

(૧) આશરો ધર્મ–શ્રી મહાસભુજીનો આશરો રાખવો તે ધર્મ છે.

મર્મ–પરંતુ આશરો તે એકજ અને દ્રઢતા પુર્વક રાખવો તે મર્મ છે અન્ય જગા ભટકવાથી જીવ ભટકતો થઇ જશે.

(૨) સેવા ધર્મ–પુષ્ટિમાર્ગીય જીવોયે સેવા કરવી તે મુખ્ય ધર્મ છે. તે સેવા ત્રણ પ્રકારની છે. તનુજા, વિતજા, માનસી.

મર્મ–ત્રણ પ્રકારની સેવામાં માનસી સેવા જ મર્મ છે સેવા કરતાં માનસી સુધી ન પહુંચે ત્યાં સુધી અધુરૂં ગણાય. માટે ધર્મનો મર્મ સમજવો જરૂરી છે.

(૩) ત્યાગ ધર્મ–ભગવદ સંબંધ સાથે લૌકિક વૈદિક તુચ્છ છે. તેમાં લૌકિકનો મનથી ત્યાગજ બનાગ્યો છે. લૌકિકમાં હું અને મારૂં માનવામાં આવે છે તેજ અહંતા મમતાત્મક સંસાર છે અને તેજ અજ્ઞાન છે. વૈદિક બધા મતોમાં સર્વોપરી માનેલો છે માટે વૈદિક કાર્ય કર્મ સમજીને જ કરવું તે ધર્મ છે.

મર્મ–વૈદિક કાર્ય કરવું પડે પણ ફળની ઇચ્છા વગર કરવું તે મર્મ છે.

(૪) શરણ ધર્મ–આ સંસારમાં આવેલા

દરેક જીવોને બહાર અને અંદરથી શત્રુઓએ ઘેરેલા છે જેમકે કામ, ક્રોધ, મોહ મદ, મત્સર વળી દશે. ઇન્દ્રિયો પોતપોતાની તરફ ખેંચે છે મન તિવ્ર ઇચ્છાનું આધિન થઇ જાય છે મનને પરાજય કરવાની શકિત જીવને નથી શ્રીમહાપ્રભુજીઃ– અંશક યેવા સુશકયેવા સર્વથા શરણં હરી તે મુજબ સર્વકાળે શરણ ગ્રહણ કરવું ઉત્તમ છે.

મર્મ–શરણ તો પોત પોતાનાં ઇષ્ટનું સૌ કોઇ કરે છે પરંતુ અત્રે શરણગોપીશકો ગોપીનાં ઇશ ગોપીજનોનાં ઇશનું શરણ કીધું છે અને તેજ મર્મ છે બિજાનું નહી અન્યનું શરણ પુષ્ટિફલ આપી ન શકે.

(૫) દીનતા ધર્મ–દીનતા રાખવી તે ધર્મ છે. દીનતા સિવાય અહંકાર નષ્ટ થઇ. ન શકે પ્રભુ પ્રસન્ન કરવા દીનતા જરૂરી છે.

મર્મ–દીનતા રાખવી પણ કેવળ ભગવદ ધર્મમાં જ લૌકિકમાં નહી. તે મર્મ છે.

(૬) ગુણગાન ધર્મ–ભગવદ ગુણગાન કરવું તે ધર્મ છે.

મર્મ–પરંતુ મનનપૂર્વક ઉદબોધ ગુણગાન જે કાંઇ ગુણગાન કરાય તેનો અર્થ સમજીને એકાગ્ર ચિતથી મનની ગતી સ્થિર રાખી જે ગાય છે તે બરોબર સમજાય તેને મર્મ કરે છે.

(૭) ધોખેત્રિય ભાવના–ધર્મ–સેવા સુમરન કે ગુણગાન બધું ભાવનાથી થવું જોઇએ. ગોપીજનોની ભાવનાં ઉભય ભાવનાં સંયોગ અને વિપ્રયોંગ બંને ભાવથી કરવું તે ધર્મ છે.

મર્મ–આ ઉભય ભાવમાં વિપ્રયોગ ભાવ મર્મ છે. કોટી સંયોગ સુખ વિપ્રયોગની તુલના ન કરી શકે સંયોગ સુખ જેમકે સેવા, સન્મુખતા હોય ત્યાં સુધી જ સુખ છે. પરંતુ વિપ્રયોગ આઠો પ્રહર એક સરખી રીતે અંદર બાહિર એક સરખી લગની લાગી રહે છે રોમરોમમાં પ્રચંડ લગનીથી સર્વાંગ પ્રભુનું રમણ છે. વિપ્રયોગ દુઃખ માટે શ્રી મહાપ્રભુજી નિરોધ લક્ષણ ગ્રંથમાં–જે દુઃખ કૃષ્ણ વિયોગમાં નંદ યશોદા વૃજભકતો વિગેરે ગોકુલવાસીઓને થયું હતું તે દુઃખ મને કયારે થશે ? આ મુજબ વિપ્રયોગ છે તે સન્મુખતા પ્રાપ્ત કરાવવાળો છે રોમરોમમાં પ્રચંડ વિરહાગ્નિ ઉત્પન્ન થઇને પ્રભુ મિલનમાં અંતરાય સર્વ બળી ભસ્મ થઇ જાય છે. વિપ્રયોગમાં ઇંન્દ્રિયો બધી સાથ આપે છે જીવ કોઇપણ જગ્યા હોઇ ખાતાપિતા બેસતા વિચારધારા પ્રભુમય બની તન્મયતા પ્રાપ્ત કરે છે માટે જ વિપ્રયોગને મર્મ કહયો છે.

વિપ્રયોગનાં બે પ્રકાર છે એક ધર્મરૂપી બીજો ધર્મીરૂપી (૧) જ્યાં સુધી વિપ્રયોગમાં બાહરી જ્ઞાન રહે તે ધર્મરૂપ (૨) ધર્મી વિપ્રયોગમાં સાક્ષાત્કાર સમાન આનંદ છે જેમાં બાહરી જ્ઞાન રહેતું જ નથી આ વિપ્રયોગ સાક્ષાત્કાર કરાવવાવાળો હોઇ ધર્મી કહેવાય છે.

(૮) આજ્ઞા–ધર્મ કૃષ્ણ નામ સ્કુરેપલન આજ્ઞા ટરે. પ્રભુનું નામ સ્કુરણ થવું તે ધર્મ છે શ્રી મહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરવું તે ધર્મ છે. મર્મ પરંતુ આજ્ઞા ઉલ્લંઘન ન કરવી તે મર્મ છે. જો આજ્ઞા મુજબં જીવન ચાલે અન્ય સંબંધને લીધે અન્ય ક્રિયા કરવા લાગી જાય વળી દુર્સંગ લાગી જાય તો પ્રથમની રહેલી ભાવનાં પણ નષ્ટ થતી જાય. આજ્ઞા પાલન ન કરે તો ફાવે તેમ વર્તે અન્ય સંબંધથી અન્ય રીત મુજબ ચાલવા માંડે તો

પુષ્ટિ માર્ગનું મુખ્ય ફળ છે તેનાંથી વંચિત રહી જાય પ્રભુ દયાળુ છે શરણ આવ્યાની લાજ રાખે કદાચ મોક્ષ ફળ આપી પણ દે તો પણ મુખ્ય ફળથી રહિત થઇ જાય માટે આજ્ઞા મુજબ વર્તવું ઉલ્લંઘન ન કરવું તે મર્મ છે.

(૯) વિશ્વાસ–ધર્મ કૃતિ વચન વિશ્વાસ દઢ ચિત્ત આને આમાં વિશ્વાસ રાખવો તે ધર્મ છે. વિશ્વાસ દૈવી ધર્મ છે અવિશ્વાસ છે તે આસુરી ધર્મ છે. આસુરી ધર્મ એકવાર મનમાં આવ્યો કે પછી અન્ય કૃતિ કરવા લાગી જાય. માટે વિશ્વાસ રાખવો.

મર્મ–વિશ્વાસ રાખવો પણ મન, વચન, કર્મથી સાથો સાથ દ્રઢતા પૂર્વક રાખવો તે મર્મ છે. જે ચીજ દ્રઢ નથી તે નકામી છે. વૃક્ષનું મુળ દ્રઢ ન હોય તો સાધારણ વાયુ તોફાન ઉખેડી નાખે, જેનાં મુળ મજબુત હોય તે ડગે નહી જેણે પાકો વિશ્વાસ રાખ્યો છે તેને કોઇ ડગાવી શકે નહીં.

(૧૦) સત્સંગ ધર્મ–ભગવદી જાન સત્તસંગ કો અનુસરે.

આ વિષયમાંથી શ્રી હરિરાયજી મહાપ્રભુ એ ભગવદીયોનાં ગુણ ધર્મો શિક્ષાપત્રમાં પર્યાપ્ત વર્ણવી જીવોને સાવધાન કર્યા છે કે આવા ગુણ હોય તેનાં પર વિશ્વાસ રાખી સત્સંગ કરી અને અનુભવ ગ્રહણ કરે.

જ્યાં સુધી ભગવદીયનું સ્વરૂપ સમજાય નહીં ત્યાં સુધી તેમાં વિશ્વાસ બેસે નહીં ઉપર છલ્લા ભાવથી કોઇ સિદ્ધિ નથી શ્રીમહા પ્રભુજીએ નિબંધ આદી ગ્રંથોમાં ભગવદીયોનાં લક્ષણનું વર્ણન કર્યુ છે. તેનાં ગુણ ધર્મો બતાવ્યા છે. આવા મળે તેનો સંગ કરવો તે દુર્લભ છે કદાચ મળી પણ જાય તો ઓળખવાની શક્તિ જોઇએ.

શુકદેવજી રસનાં સાગર હતા પરિક્ષિત રાજાને કથા સંભળાવી જ્યાં પુર્ણ પુરૂષોત્તમની રસાત્મક લીલાનું વર્ણન આવ્યું ત્યાં રાજાએ જગો જગો મિથ્યા સંદેહ કર્યો જેથી શુકદેવજી પાત્ર ભેદ સમજીને મક્ષિ પર્યંત કથા સિમિત રાખી. ભગવદ ગુણાનુવાદથી મોક્ષ મળી શકે છે ગુણગાન બે પ્રકારથી થાય એક મર્યાદા બીજી પુષ્ટિ મર્યાદા રીતથી ગાનથી મોક્ષ મળી શકે છે. પુષ્ટ રીતથી લીલા સ્મૃતિ રસાત્મક પૂર્ણ પુરૂષોત્તમ એક ક્ષણ પ્રતિ થઈ લીલાનું ચિંતવનને અનુભવ છે. શ્રીગોકુલેશજી હાસ્ય પ્રસંગમાં રસાત્મક પુરુષોત્તમ તો ભગવદીયોનાં હ્રદયમાં કપટ જ મળશે જેથી તેની પાસેથી મળશે. જે જીવો પર પૂર્ણ રૂપેણ શ્રીગુરુદેવની કૃપા તથા શ્રી સ્વામિનિજીની કૃપા થાય તેજ જીવ રસાત્મક લીલાનું ચિંતવન કરી શકે છે. માટે ભગવદી પાસે સત્ય બોલવું કોઇની નિંદા કરવી નહીં જે સત્ય વાણી ઉચારણ કરે છે તેનાં હ્રદયમાં કપટ પ્રવેશ કરી શકતો નથી. આવી રીતે પુષ્ટિ દશ મર્મનું વર્ણન કરે છે તે સમજી સાર ગ્રહણ કરવો ધર્મ છે પણ તેને ભૂલી ન જાવું તે મર્મ છે સુરદાસજી :–પ્રેમ કે સી ધુકો મર્મ જાન્યો નહીં સુરકહે કહા ભયો દેહ બોરે

આપદને આધારે સેવા સુમરતી કીર્તન વિગેરે કરવા કરવામાં ફરક છે પુર્ણ પ્રેમ ભાવથી થોડુ બને તે તો ઉત્તમ જ છે કે તેમાં બાહરી દેખાવો નથી કેવળ પ્રભુને રીઝાવવાની જ ભાવના છે ભકત પ્રભુ પ્રેમી છે પ્રભુ ભકત પ્રેમી છે અન્યો અન્ય જેમ ભકત પ્રભુને ભજે તેમ પ્રભુ પણ ભકતને ભજે છે પ્રભુનું સુમરન કરવું તે ધર્મ અને ઉત્કર્ષ પ્રેમથી કરવું તે મર્મ છે.

"મન મારૂં સદા શ્રીકૃષ્ણ શરણં મમઃ જપ્યા કરૈ."

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૮ તા. ૧૨-૯-૯૦ બુધવાર શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રી પુરૂષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૧૩-૯-૯૦ ગુરૂવાર ગો. ચિ. શ્રી વ્રજેશકુમારજી બાવાશ્રી (કોટા) નો જન્મદિન

ભાદરવા વદ ૧૧ તા. ૧૫-૯-૯૦ શનિવાર ઇન્દિરા એકાદશી વ્રત

ભાદરવા વદ ૧૨ તા. ૧૬-૯-૯૦ રવિવાર શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭)

ભાદરવા વદ ૧૩ તા. ૧૭-૯-૯૦ સોમવાર શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણલાલજીનો ઉત્સવ (સં. ૧૬૦૬) ગો. ચિ શ્રી શિશિરકુમારજીનો જન્મદીન (કામવન)

ભાદરવા વદ અમાસ તા. ૧૮-૯-૯૦ મંગળવાર સર્વ પિત્રી અમાસ કોટની આરતિ સાંઝીની સમાપ્તિ

આસો સુદ ૧ તા. ૧૯-૯-૯૦ બુધવાર નવરાત્ર આરંભ જવારા વાવવા, કૃષ્ણ ચંદ્રિકા રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા નવવિલાસ, રાસ પંચા ધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેન ભોગ વખતે બોલાય ગો. ચિ શ્રીપ્રણયકુમારજી (મથુરા) નો જન્મદિન

આસો સુદ ૩ તા. ૨૨-૯-૯૦ શનિવાર ગો. શ્રી રસિકવલ્લભજી મહારાજ (પાર્લા) નો જન્મદિન

આસો સુદ ૭ તા. ૨૬-૯-૯૦ બુધવાર ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ) નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાપાસેની-જામનગર) નો જન્મદિન

આસો સુદ ૯ તા. ૨૮-૯-૯૦ શુક્રવાર ગો. ચિ. વાગ્ધીશબાવા (નાથદ્વારા) નો જન્મદિન

આસો સુદ ૧૦ તા. ૨૯-૯-૯૦ શનિવાર વિજયાદશમી, અંકુરાર્પણ ગો. શ્રીદામોદર લાલજી મહારાજ (કોટા-કડી-ગોંડલ) નો જન્મદિન

આસો સુદ ૧૧ તા. ૩૦-૯-૯૦ રવિવાર પાશાં કુશા એકાદશી વ્રત ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) નો તથા ગો. ચિ. શ્રી ગોપિકાલંકારજી (મુબઇ) નો જન્મદિન

આસો સુદ ૧૩ તા. ૨-૧૦-૯૦ મંગળવાર શ્રી બાલકૃષ્ણજી (સુરત) નો પાટોત્સવ ગો. ચિ. શ્રી શીશીર કુમારજી (પાર્લા) નો જન્મદિન

આસો સુદ ૧૪ તા. ૩-૧૦-૯૦ બુધવાર શરદપુર્ણિમા, રાસોત્સવ ફલાત્મક મહારાત્રિ

આસો સુદ ૧૫ તા. ૪-૧૦-૯૦ ગુરૂવાર શ્રીગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ શ્રી રણછોડજી (ડાકોર) નો મેળો કાર્તિક સ્નાન આરંભ

આસો વદ ૩ તા. ૭-૧૦-૯૦ રવિવાર ગો. ચિ. શ્રી વિનય કુમારજી (કોટા) નો તથા ગો. ચિ. શ્રી હરિરાયજી (કામવન) નો જન્મદિન

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ।।

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

શ્રીમદ્ રઘુનાથ ચરણ વિરચિત વિવરણ

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

ય આવિરાસીત્ ઘોરે સ્મિન્,
કલૌ શ્રી વલ્લભાભિધઃ ।
નિજદાસ્યંસનો, દેયાદ્વ્યાદપિ દુરાશ્રયાત્ ।।૧।।

અર્થ–શ્રી વલ્લભ નામના જે આચાર્યશ્રી આ ઘોર કલિયુગમાં થયા તે મને પોતાનું દાસ્ય (એટલે સેવક પણું) આપો અને દુરાશ્રયમાંથી (એટલે કે કોઇ પ્રકારના અન્ય અને ખોટા આશ્રયમાંથી બચાવો) ૧

સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌચ ખલધર્મિણિ ।
પાખંડ પ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૧।।

'સર્વમાર્ગેષુ' વગેરે. બધા માર્ગો એટલે કે કર્મ માર્ગ, જ્ઞાન માર્ગ, ઉપાસના માર્ગ વગેરે માર્ગો (તે તે ફલોના શોધનારા વડે અનુસરવામાં આવે છે એટલે તે મૃગ્યન્તે ઇતિ માર્ગાઃ કહેવાય) ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટેના ઉપાયો બધા નાશ પામવાથી એટલે લુપ્ત થવાથી. આ દ્વારા જીવોનું બધી રીતે અગતિકત્વ (ઉપાય ન રહેવાથી) ગતિનો (આશરાનો) અભાવ સૂચવવામાં આવ્યો છે. આ પ્રકારની અશકયપણાની પરિસ્થિતિમાં પણ મારી (એટલે પોતાનું બધું સમર્પિત કરનાર દાસની) અર્થાત્ સેવકની ગતિ એટલે શરણ, અને પ્રાપ્ત કરવા માટેનો આશ્રય પણ અહીં જે કહેવામાં આવ્યું છે તેમાં અસ્તુ (એટલે થાઓ) એ શબ્દનો અધ્યાહાર (એટલે ઉલ્લેખ થયેલો ન હોવા છતાં તેની હાજરી સમજવાની) છે. એવ (એટલે 'જ') કારથી અન્યનો નિષેધ (પ્રતિબંધ યાને નકાર) સૂચવાયેલો છે અને વળી બીજું એ કે કાળ દ્વારા કરાયેલા ઉપદ્રવ (હેરાનગતિ) ને લીધે પણ 'કલૌ ચ' અને કલિયુગમાં એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. બાહ્ય ધર્મ રૂપનો આભાસ (ખોટો દેખાવ) ધરાવતો અને અંદરના દોષથી ભરેલો ધર્મ ખલ ધર્મ બની જાય છે, એવો ધર્મ જેમાં પ્રવર્તે છે એવા કળિકાળમાં અથવા તો જે કળિયુગમાં ખલ એટલે દુષ્ટ લોકો દંભ (ડોળ. ખોટો દેખાવ) કરવા માટે પાખંડ આચરે છે એવો ધર્મ પ્રવર્તે છે તેમાં

કોઇક સ્થળે 'ખર ધર્મિણિ' એવો પણ પાઠ છે એમ સંભળાય છે. ત્યાં પણ ખર એટલે રૌદ્ર ધર્મ છે જેનો એવો અર્થ લઇ શકાય. એવો અર્થ લેતાં 'ખર ધર્મ' માં બહુવ્રીહિ સમાસ થયેલો લઇ શકાય અને ધર્મ ખર છે એવો અર્થ લેતાં કર્મ ધારય સમાસ થાય. આટલું ખરું છે કે વેદ રહિત ધર્મ પાખંડથી ભરેલો છે. એ પાખંડ પ્રચુર (એટલે ઘણો બધો) છે જેમાં એ પ્રકારના લોકમાં બધી રીતે શ્રીકૃષ્ણનો આશ્રય લીધા વિના બીજો કોઇ ઉપાયજ નથી એવો અર્થ નીકળે છે એમ જાણવું.

આજ કારણને લીધે 'બૃહન્નારદીય ગ્રંથમાં' પણ કહેવામાં આવ્યું છે.–

હરેર્નામૈવ નામૈવ, નામૈવ મમ જીવનમ્ ।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ, ગતિ ર્ન્ય થા ॥

એટલે કે 'શ્રીહરિનું નામજ, નામજ અને નામજ મારું જીવન છે. કળિયુગમાં એ સિવાય બીજી ગતિ નથી, નથી અને નથી જ. ૧.

ધર્મની ઉત્પત્તિમાં બાહ્ય તથા આંતરિક બાધાઓ ઉદ્‌ભવતી જોઇને તેનું નિવારણ કરવા માટે શ્રીકૃષ્ણનો આશ્રય લેવાનું ભારપૂર્વક જણાવે છે.

મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥

'મ્લેચ્છાક્રાન્તેષુ' વગેરે ધર્મ વગેરે મેળવવાની ઇચ્છા રાખનારા નિવાસ કરવા યોગ્ય સ્થળો જેવાં કે કુરુક્ષેત્ર, ગંગાતટ, પ્રયાગરાજ વગેરેમાં રહેતા હોય ત્યાં મ્લેચ્છો–યવનોનું આક્રમણ થતું હોય. અહીં બન્ને પ્રકારના મ્લેચ્છો સમજવા–જાતિના મ્લેચ્છ તથા પાપકર્મો કરવાથી મ્લેચ્છ જો એમ દલીલ કરવામાં આવે કે આ પ્રકારના દેશોમાં પુણ્યાત્માઓ (પવિત્ર ધર્માચરણ કરવાવાળા) પણ હોવાના જ. તેમની સાથે ધર્મ વગેરે સહિતનું આચરણ કેમ ન સંભવે ?

એના જવાબમાં કહે છે પાપૈકનિલયેષુ' વગેરે.... વગેરે. કળિકાળે ગ્રસ્યા (જકડયા) હોવાને લીધે માત્ર પાપનું જ નિવાસ સ્થાન બનેલા લોકોનો પણ 'ચ' કાર દ્વારા સમાવેશ કરેલો છે આનાથી ધર્મ વગેરેમાં બાહ્ય સાધનોથી નિવૃત્તિ સૂચવાઇ છે. તો પછી આભ્યંતર સાધનો જેવાં કે સ્મરણ, અર્ચન, પૂજા, વગેરે શા માટે નહિ ? તો કહે છે 'સત્પીડા' વગેરે. 'સતામ્' એટલે હોવા છતાં ધાર્મિક વૃત્તિવાળા અને ભગવત્પરાયણ લોકોનું અસ્તિત્વ હોવા છતાં જે પ્રકારની પીડા (અથવા તો દુઃખ) ને લાયક તેઓ નથી તો પણ એવી પીડાથી વ્યગ્ર બનેલા (મુઝવણ–અનુભવતા) તથા કિંકર્તવ્યમૂઢ (શું કરવું તે ન સમજવાથી) દુઃખી લોકો હોય ત્યારે કેવળ કૃષ્ણ જ મારી ગતિ થાઓ (એમ પહેલાં કહ્યું તેમ સમજવું)

જો એમ દલીલ કરવામાં આવે કે પહેલાં ગણાવેલાં ગંગા વગેરે પવિત્ર સ્થળોનાં સામર્થ્ય હોવા છતાં સાધનપણું યા તો સાધન પણું કેમ નથી ? તો કહે છે કે વસ્તુ સામર્થ્ય લુપ્ત થયું છે (તીર્થોનો પ્રભાવ ચાલ્યો ગયો છે) તેથી શ્રીકૃષ્ણનો આશ્રય કરવાનું કહ્યું છે. ૨

ગંગાદિતીર્થ વર્યેષુ, દુષ્ટૈ રેવા વૃતે ષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥

'ગંગાદિ'.... વગેરે. આધિ ભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક વગેરે ભેદોથી ત્રિવિધ લાભ તીર્થવાસ દ્વારા મળતો હોય છે અને 'પુરુષ આધિ દૈવતમ્' એ વચનો દ્વારા કહેવાયું છે તે પ્રમાણે ભગવદ્‌રૂપ જ તીર્થ સ્થળોમાં સામર્થ્યરૂપે હોય છે એમ માનવું અને તે ભગવદ્‌રૂપ હાલના સમયમાં ભગવાનની ઇચ્છાથી મોટે ભાગે તિરોહિત (એટલે લુપ્ત) થયું છે, સંપૂર્ણ રીતે નહિ, તેથી આ પ્રકારના ગંગાતટ વગેરે મુખ્ય તીર્થો મ્લેચ્છો તથા કેવલ દુષ્ટ લોકોથી છવાઇ ગયો હોવાથી આ પૃથ્વી પર અને આવા કાળ (સમયમાં) શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાઓ એમ જે આગળ લીધો તેવો અર્થ લેવાનો છે. ૩

––ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૭૨

સોહત યમુના ફલ ફુલના ॥
રાસ રમણ કીનો બ્રજ નાયક
યહવન યમુના કુલન ॥૧॥
મોહન કીયો રૂપ મોહનિકો
અસુર રહે મતિ ભૂલન
'હરિદાસ' પ્રભુ શોભા નિરખત
ગહી યમુના ભૂજ મૂલન ॥૨॥

ભાવાર્થ–સુંદર તટ ઉપર ઝુમિ રહેલ વૃક્ષ લત્તાઓના ફલ અને ફુલોથી શ્રીયમુનાજી શોભી રહ્યાં છે. રાસ રસિક શ્રી બ્રજ નાયકે રાસ પણ આ વનમાં શ્રીયમુના તટ ઉપરજ કર્યો છે, કારણ કે શ્રી વૃંદાવન, સર્વ વનો ઉપવનોના મુકુટ મણિ રૂપે છે. સર્વ પ્રકારની સર્વ લીલાઓ અહીં જ કરી છે મોહને જયારે મોહની રૂપ ધર્યો ત્યારે અસુરોની મતિ પણ ભ્રમિત થઈ ગઇ અને ભાન ભૂલી ગયા, હરિદાસ પ્રભુની શોભા નિરખતાં જ શ્રીયમુનાજી હસ્ત પકડી લીધા અથવા હરિદાસ શ્રીયમુનાજીના ભુજ મુલએ, કંઠ ઉપર હસ્ત ધરી અને પ્રભુની શોભાનેનિરખે છે.

વિવેચન–એકતો સમુદ્ર મંથન સમયે મોહની રૂપ ધરી અસુરોને ભૂલાવી અને દેવતાઓને અમૃત પાયું અને અસુરો મોહની રૂપને જોઇ અને ભાન પણ ભુલી ગયા. અને બીજી વખત મહાદેવજીએ ભસ્માસુરને વરદાન આપ્યું કે તું જેના ઉપર હાથ મુકીશ તે મરી જશે એટલે મહાદેવજી ઉપર હાથ મુકી પાર્વતિજીને ઉપાડી જવાનું વિચારી અને મહાદેવજીની પાછળ દોડયો ત્યારે મહાદેવજીને ભય થયો અને પ્રભુનું સ્મરણ કર્યું ત્યારે પણ પ્રભુએ મોહની રૂપ ધરી અને કહ્યું કે હું નૃત્ય કરૂં તેમ તું કરે તો તારા સાથે હું લગ્ન કરૂં અને ભસ્માસુર ભોળવાઈ જઇ નૃત્ય કરતાં પોતાના હાથ પોતાના ઉપર મૂકયો અને મરી ગયો.

ક્રમશઃ

પ. ભ. શ્રી રવજીભાઈ મિસ્ત્રીના જીવનનો એક સુભગ પ્રસંગ

પ્રા. એમ, આર. પાલેજા (રાજપીપળા)

ભગવાન પરશુરામના નક્ષત્રીકરણના કઠોર કાર્ય છતાં પૃથ્વી નક્ષત્રી બની નથી તેમ ઘોર કલિકાલના દુષ્પ્રભાવ છતાં શ્રીવલ્લભ કૃપાથી પૃથ્વી અવૈષ્ણવી બની નથી. આજ પણ પુષ્ટિ માર્ગમાં ૮૪-૨૫૨ વૈષ્ણવોની સદશ તાદશી પ્રકારના ઉચ્ચ કોટીના વૈષ્ણવો ભૂતલને ભકિત રસથી પ્લાવિત કરી રહ્યા છે, શ્રી રવજીભાઇ વેલજીભાઈ મિસ્ત્રી (વ્રજ) આવા એક ઉચ્ચ કોટીના તાદર્શી વૈષ્ણવ હતા. તેઓ શ્રીહરિના શ્રીવલ્લભ કુળનાં અને વૈષ્ણવોના કૃપા પાત્ર,

પ્રીતિ પાત્ર પુષ્ટિપ્રેમી વૈષ્ણવ હતા. ભણેલા ન હોવા છતાં પોતાના પુષ્ટિ સાહિત્યથી અને કીર્તનોથી તે પુષ્ટિ સૃષ્ટિમાં સારી રીતે જાણીતા હતા. ૧૯૮૮ની સાલમાં ધોરાજી મુકામે તે શ્રીજી ચરણ પામ્યા. શ્રીનાથજી બાવાએ પોતાના પ્યારા ભકતને લીલામાં લઇ લીધા. તેમના જીવનના અનેક પુષ્ટિ પ્રસંગોમાંથી એક સુભગ પ્રસંગ અહીં વર્ણવેલ છે.

શ્રી રવજીભાઇ પ. પૂ. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના અત્યંત કૃપાપાત્ર હતા. એક વખત મહારાજશ્રીએ પ. ભ. શ્રી શામજીભાઇ દ્વારા શ્રી રવજીભાઇને મુંબઇ બોલાવેલા મંદિર જે પશ્ચિમાભિમુખે હતું તે ઉત્તરાભિમુખે પલટાવવાનું હતું, આજ્ઞા પ્રમાણે શામજીભાઇ અને રવજીભાઇ બન્ને મુંબઇ ગયા અને મહારાજશ્રી પાસે ઉપસ્થિત થયા. પવિત્રા બારસનો એ દિવસ હતો. શ્રીઠાકુરજી સાત સ્વરૂપમાં બિરાજી રહ્યા હતા. મહારાજશ્રી ઓસરીમાં ખુરશીમાં બિરાજમાન હતા. આપશ્રીની બાજુમાં મિશ્રિથી ભરેલ નાના નાના દુનાનો એક ટોપલો મૂકવામાં આવેલ હતો. અમારા બે સિવાય અન્ય કોઈ વૈષ્ણવ ત્યારે ત્યાં ઉપસ્થિત ન હતા.

રમુજપ્રિય મહારાજશ્રીએ રમુજ રેલાવી શામજીભાઇને કહ્યું : 'શામજી, મિશ્રિ ખારી હોય કે મીઠી ?' શામજીભાઇ કહે: 'મિશ્રિ તો મીઠી જ હોયને પ્રભુ !' ત્યારે બાવાશ્રીએ ટોપલાના એક દુનામાંથી મિશ્રિની' એક ટૂક શામજીભાઇને આપી. મોઢામાં મૂકતાં જ શામજીભાઇને તે ખારી લાગી. પછી આપશ્રીએ એક ટૂક રવજીભાઇને આપી તો તેમને પણ એ ખારી લાગી.

મધુર હાસ્ય કરતાં કરતાં બાવાશ્રીએ ફરીવાર બન્નેને એક એક ટુક આપી તે મીઠી લાગી. 'કર્તુમ્,અકર્તુમ્, અન્યથા કર્તુમ્, શકિતમાન એના પ્રભુને માટે કંઇ અશકય નથી એવી શ્રદ્ધાથી તેઓ બન્ને મહારાજશ્રીને વંદી રહ્યા. આ મિશ્રિની ટુકનો અમૃત સમાન સ્વાદ રવજીભાઇને જીવનભર યાદ રહી ગયો, મહારાજશ્રીએ જાણે પુષ્ટિનું પિયુષ પાઇ દીધું.

પ્રભુ પોતાના અંગત જીવોને આનંદ આપવા ખેલ ખેલે છે અને સાથે સાથે પ્રભુત્વની ઝાંખી કરાવે છે. કૃતકૃત્ય બનેલા રવજીભાઇના હોઠ પરથી મંદ ગુંજન કરતા શબ્દો સરી પડયા :

“ખેલ ખેલે પ્રભુત્વની ઝાંખી કરાવે
નીજ ભકતોના મનમાં આનંદ લાવે
પુજ્યપાદ શ્રી પ્રથમેશ બાવા પાવે
પુષ્ટિ પિયૂષના ઘૂંટ મધુ કૃપા ભાવે.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૪૦. રાગ-કાફી, વૈ. ૩૧ (૧૦)

વંદૌં જગન્નાથ જોષીકી માત,
'છબિ સિંધિ' સખી લીલા મેં, બસત ખેરાલુ ગુજરાત. ૧
પતિ ઇનકો હૈ દુષ્ટ ઘનેરો, લુંટત સબકો રાત;
જગન્નાથ અરુ નરહર જોષી, દો બેટા વિખ્યાત. ૨
પાંચ બરસ મેં પતિ મર્યો એ, બલ્લભ કહી ભઈ બાત;
'લાલદાસ' તબ જાય અડેલ મેં, ગહ્યો સરણ હરખાત. ૩

૪૧. રાગ-સારંગ, વૈ. ૩૧ (૧૧)

વંદૌં જોષી નરહર દાસ,
'ગંદરેખા' નામ લીલામે, કરત ખેરાલુ નિવાસ. ૧
લરિકા રૂપ ધર ઠાકોરજીને, રોટી માગી નરહર પાસ;
ભૂત છલાવા માન ન દીની, જાને ન યહ રસ રાસ. ૨
અલિયાનામેં આગ બુઝાઇ, કુંડલાકર જલકા ખાસ;
'લાલદાસ' ફૂલ બાઈ મહિધરકો, યાતે ભયો વિશ્વાસ. ૩

૪૨. રાગ-સારંગ, વૈ. ૩૧ (૧૨)

વંદૌં મહિધર અરુ ફૂલબાઇ,
સખી 'કુરંગાક્ષી – ચપલા નૈની, ચંદ્રાવલી સુખદાઇ. ૧
રૂપગર્વતે ગિરિ લીલા તેં, શાપ ચંદ્રાવલી કો પાઇ;
નરહરદાસ જોષી કે સંગતે, શ્રી વિઠ્ઠલ શરણે આઇ. ૨
પ્રેમ સહિત પધરાય અપને ઘર, પરમ દયાલ ગુંસાઇ;
'લાલદાસ' કંચન ધન વારકે, દીયો સબન લુંટાઇ. ૩

૪૩. રાગ-સારંગ, વૈ. ૩૨

વંદૌ સાંચોરા રાણા વ્યાસ,
'નાગવેલી' સખી લીલામેં, કરત ગોધરા વાસ. ૧
ચાર ધામકી યાત્રા કીની, કહું ન ભયો નિસવાસ;
પંડિત સોં જબ હારે તબહી, વિચાર્યો આત્મનાસ. ૨
શ્રી વલ્લભ વચનામૃત સુનકે, શરણ ગહ્યો સુખરાસ,
'લાલદાસ' પઢાઇ 'ચતુશ્લોકી', કીયે પંડિત નિરાસ. ૩

–ક્રમશઃ

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના
૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૮. સાકાર બ્રહ્મવાદૈક સ્થાપક રૂપ

સેવાદીની શ્રી મધુપતિ કી,
પરમ તત્ત્વ ઓર પૂરન બ્રહ્મ, શ્રી ગોવર્ધનધર ભક્તિ નિકી. ૧
નિત્ય સંયોગ નિત્યાનંદ દીનો, રસવાહિની શ્રીકૃષ્ણ રતિ કી;
ઘર ઘર ટહેલ સુખ રાસ નિરંતર, 'બૃજ' વલ્લભ શ્રી પ્રીતમજી કી. ૨

૯. વેદપારગ રૂપ

વેદપારગ રૂપ પ્રથમેશ શ્રી વલ્લભ,
નિજી વેદ જો પ્રેમલક્ષણા, અગનિત શ્રુતિ ઔર ન કોં દુર્લભ. ૧
ગોપીપદ રજ પ્રેમ પ્રતાપ તેં, નિજ જનકોં કર દીની સુર્લભ;
અગમ અગોચર રહસ્ય વેદકો, 'બૃજ' વલ્લભકી કૃપા તેહી લભ્ય. ૨

૧૦. માયાવાદ નિરાકર્તા રૂપ

રસ વિરૂદ્ધ અંધિયાર જીવન મેં,
કીયે નિરાસ પ્રથમેશ જુ તિન કોં, રતિ અનન્ય પ્રગટાઇ જનમેં. ૧
ભ્રમ મિટાઇ દીયો નિજ જનકો, રસાંકુર પ્રગટાયે મનમેં;
દીયો પ્રકાશ નૂતન 'બૃજ' વલ્લભ; ઘોર કૂ હૂકી મહા નિશિનમેં. ૨

૧૧. સર્વવાદીન રાસ કૃત રૂપ

ભયો હે ભ્રમ સિદ્ધાંત મેં જીનકોં,
ભટકત હે અજ્ઞાન તિમિર મેં, માનત પૂર્ણ પ્રકાશ હુ તિનકોં. ૧
તિન હિત પ્રગટે દ્વિજકુલ વલ્લભ, શ્રી પ્રથમેશ પ્યારો ગોપીનકો;
વાદ મિટાયે વિવિધ ભકત કે, 'બૃજ' વલ્લભ સુખ દીયો સબનકોં. ૨

૧૨. ભકિતમાર્ગાબ્જ માર્તંડ રૂપ

પ્રગટયો દિન મણિ ભયો પ્રકાશ,
પુષ્ટિ વિમલસર ભકત કમલગણ, ફુલે વિવિધ મનોરથ આશ. ૧
તૃપ્તિ ન હોત નિમિષ નહીં લાગત, નિરખ નિરખ હોત હુલ્લાસ;
પૂરત છીન છીન નૂતન રસાસવ, 'બૃજ' વલ્લભ પ્રિય શ્રી પ્રથમેશ. ૨

—ક્રમશઃ

શ્રીનાથજીના શરણ વિનાં કયાંઈ ન જોયું સુખ

જાદવજી ભેરાજભાઈ (ચરણરજ) સુરત

શ્રી હરિરાયજીએ ગાયું છે કે : "શ્રી નાથજીકો દેખકે છકયોના છકિલીછબી, સિંહ પોર પર્યો ના શિશહુ નવાયકે"

નિકુંજનાયક શ્રીનાથજીના કોટિકંદર્પ લાવણ્ય સ્વરૂપના દર્શન કરી જેનું હૃદય દ્રવિત થતું નથી તે હૃદય કેવું સમજવું ?

અત્યારે પણ માત્ર વૈષ્ણવો જ નહીં પણ દેવને માનવાવાળા, કોઇપણ સંપ્રદાયના અનુયાયી જીવનમાં એકવાર પણ શ્રીનાથજીના મંગળમુખનાં દર્શન કરવાની અભિલાષા રાખે જ છે અને દર્શન કરી પ્રસન્નતાપુર્વક કહે છે : વાહ ભાઇ વાહ ! શ્રીનાથજી તો શ્રી નાથજી જ છે, એના સ્વરૂપનું શું વર્ણન કરવું ?

રાજસ્થાનના ઇતિહાસના લેખક કર્નલટોડ કહે છે કે, "રાજસ્થાનના રાજાઓ જીંદગીના છેલ્લા દિવસોમાં મોટે ભાગે શ્રીનાથજીના સાનિધ્યમાં જ રહેવાનું પસંદ કરે છે, એટલું જ નહીં પણ રાજસ્થાનના રાજાઓના અવસાન પછી, એના ઉપયોગમાં આવતા આભૂષણો, હાથી, ઘોડા વિગેરે સમસ્ત વસ્તુઓ શ્રીનાથજીને અર્પણ થઇ જાય છે.

અલૌકિક ભાવના છે રાજસ્થાનના ક્ષત્રિય રાજાઓની કે શ્રીનાથજીના ચરણકમલમાં સર્વસ્વ ન્યોછાવર કરતાં કયારેય અચકાયા નથી.

કર્નલ ટોડ પોતાના ઐતિહાસિક ગ્રંથમાં લખે છે કે, શ્રીનાથજી વ્રજમાંથી મેવાડમાં પધાર્યા એ દરમ્યાન રાજસ્થાનના ક્ષત્રિવીરોએ શ્રીનાથજી માટે એક લાખ વીરોએ પ્રાણાર્પણ કર્યા છે. ઉદેપુરના મહારાણાના ઇષ્ટદેવ તો શ્રી એકલિંગજી મહાદેવ છે છતાં કાંકરોલીના ઘરના સેવક થયા છે અને કાંકરોલી તથા શ્રીનાથજીની સેવામાં કયારે ય પાછી પાની કરી નથી. શ્રીનાથજીના પ્રાકટયનાં ઇતિહાસમાં આ પ્રસિદ્ધ છે.

રાજસ્થાનમાં અનેક રાજાઓ પરમ વૈષ્ણવ હતા. કોટાના રાજવીનો એક પ્રસંગ અહીં આપવામાં આવે છે.

કોટાના એક રાજવી શ્રીનાથજીના દર્શન કરવા નાથદ્વારા આવ્યા. અન્નકુટના દિવસો હતા. સામગ્રી સિદ્ધ કરવા માટે ગોવર્ધન ચોકમાં સરપણ મોટા પ્રમાણમાં આવે છે, અને વૈષ્ણવો શ્રદ્ધાપૂર્વક ઉંચકીને યથાસ્થાને પધપધરાવે છે.

આ પ્રમાણે વૈષ્ણવો સેવા કરી રહ્યા હતા એટલામાં શ્રી દામોદરલાલજી અને કોટાના રાવજી બહારથી મંદિરમાં પધાર્યા.
વૈષ્ણવોને સરપણની સેવા કરતા જોઇને રાવજીએ પણ સરપણ પોતાના ખંભા પર ઉઠાવ્યા. એ જોઇ શ્રી દામોદર લાલજીએ કહ્યું: "આપ પરિશ્રમ શા માટે લ્યો છો ? ત્યારે રાવજીએ દીનતાપુર્વક કહ્યું : "કૃપાનાથ હું રાજા થયો એટલે વૈષ્ણવ મટી ગયો.

આપની કૃપાથી મને સેવાનો અધિકાર છે. અને હસતા હસતા કહ્યું : "રાજા સેવા ન કરે તો એને શૂળી પર ચડાવવો જોઇએ. સાંભળીને સહુ અવાક બની ગયા.

રાજા મહારાજાઓ શ્રીનાથજીના દર્શન કરવા આવે. ત્યારે દર્શન માટે મણી કોઠામાં ખાસ વ્યવસ્થા કરવામાં આવતી. પરંતુ કોટાના રાવજીએ દીનતાપુર્વક શ્રીતિલકાયતશ્રીને વિનંતિ કરી 'કૃપાનાથ હું તો વૈષ્ણવોની ભીડમાં રહીને

જ દર્શન કરીશ. વૈષ્ણવોના ધક્કા અને ઝાપટીયાની ઝાપટ વાગશે તો મારા અપરાધોની નિવૃત્તિ થશે. જીંદગીમાં આવો લહાવો કયારે મળવાનો છે? અને પોતે રાજા છે એવી જાહેરાત ન થાય એ પ્રમાણે શ્રીનાથજી દર્શન કર્યા છે.

ત્યાર પછે દર્શન કરીને રાવજી પોતાના મુકામ પર આવ્યા. રાવજીએ દીવાનને કહ્યું. 'દિવાનજી મારૂં કોટા શ્રીનાથજીને અર્પણ કરૂં છું. રાવજીના કહેવાનો મતલબ સમસ્ત કોટા રાજ્ય અર્પણ કરવાનો હતો પરંતુ શબ્દોમાં માત્ર 'કોટા' બોલાઈ ગયું દીવાન સાંભળીને કાંઇ બોલ્યા નહીં. રાજાજી ભાવાવેશમાં હતા એટલે કાંઇ દલીલ થઇ શકે એવું હતું જ નહીં આ વાત શ્રી તિલકાયજી પાસે ગઇ. રાવજીનો આશય તો સંપુર્ણ રાજ્ય શ્રી નાથજીને અર્પણ કરવાનો હતો પરંતુ શબ્દોથી માત્ર 'કોટા' બોલાયું હતું છેવટે નિર્ણય થયો કે સમસ્ત રાજ્ય અર્પણ કરવામાં આવે તો રાવજીના કુટુંબીઓનું શું થાય? માટે કોટા કોટમાં" એટલે કે કિલ્લાની અંદર વસેલું કોટા શહેર શ્રીનાથજીને અર્પણ કરવામાં આવ્યું છે. એવો નિર્ણય થયો.

ત્યાર પછી કોટા શહેર અને પોતાના રાજ મહેલ સહિતની ઉચ્ચક રકમ પ્રતિ વર્ષ શ્રીનાથજીને મોકલવામાં આવતી (બે લાખ રૂા.)

રાણા રૂપસિંહજી પણ આવા જ ભગવદીય થઇ ગયા. બાદશાહના હુકમથી 'કાબુલ' ઉપર ચડાઇ લઇને ગયા હતા. ત્યારે પોતાના સેવ્ય સ્વરૂપને સાથે પધરાવી ગયા હતા. ચાલુ લડાઇમાં પણ શ્રીઠાકુરજીને મખમલની ગાદી ઉપર પધરાવી પોતાની પાઘડીમાં પોલાણમાં પધરાવી દેતા. કોઇ પુછે ત્યારે કહેતા કે ક્ષત્રીયના ઠાકુરજી તો લડાઇમાં પણ સાથે જ પધારે. અને મારો સેવક કેવી લડાઇ કરે છે એ જોઇને પ્રસન્ન થાય. વળી લડાઇનો મામલો છે કયારે શું થાય તે કાંઇ કહી શકાય નહીં અને કદાચ છેલ્લી ઘડી આવી જાય ત્યારે મારા પ્રાણ પ્રેષ્ઠના દર્શન કરતાં છેલ્લો શ્વાસ પુરો થાય તો મારૂં જીવન ધન્ય બની જાય અને બન્યું પણ એવુંજ. રૂપસિંહજી કાબુલ પર વિજય મેળવીને પાછા ફરી રહ્યા હતા. પરંતુ ઘાયલ ખૂબ થયા હોવાથી જોયું કે આગળ વધી શકાય તેવુ નથી. છેલ્લી ઘડી આવી પહોંચી છે એટલે રસ્તામાં કામ કર્યું પોતાની પાસે એક હીરાની દુગદુગીહતી, જે લડાઇમાંથી પાછા ફરી વ્રજમાં જઇ શ્રીનાથજીને અર્પણ કરવાની હતી; પરંતુ એ ઇચ્છા અધુરી રહી એટલે પોતાનો ખાસ વિશ્વાસુ એકનાઇ (વાળંદ) જે સાથે હતો તેને દુગદુગી આપી કહ્યું :- આ દુગદુગીનું તું શ્રીગુશાંઇજીને આપજે અને મારા દંડવત સહિત શ્રીનાથજીને અંગિકાર કરાવવાની વિનતી કરજે. નાઇએ જતીપુરા શ્રી ગુશાંઇજી સમક્ષ જઇને બનેલી હકીકત કહી રૂપસિંહજીના દંડવત સહિત દુગદુગી શ્રીગુશાંઇ સમક્ષ ધરી અને શ્રીનાથજીને અંગિકાર કરાવવા વિનંતી કરી.

શ્રીગુશાંઇજી પાસે આ વખતે અન્ય વૈષ્ણવો પણ બેઠા હતા; એટલામાં શું જોયું કે રાજા રૂપસિંહ કેસરી ધોતી-ઉપરણા પેરી-લલાટમાં તિલક અને ગળામાં કંઠી સહિત તેજ પુંજ સ્વરૂપે આવી રહ્યા છે અને સહુના દેખતાં શ્રીનાથજીના મંદિરમાં ગયા પણ પાછા આવતા કોઇએ જોયા નહી. ત્યારે શ્રીગુશાંઇજીએ આજ્ઞા કરી "લીલાનો જીવ લીલામાં પહોંચી ગયો."

॥ શ્રી વલ્લભ : ॥

વસાવવા લાયક પુષ્ટિ માર્ગીય પુસ્તકોની સુચિ.

નં.	પુસ્તક	કિંમત	પોસ્ટેજ નવા દર
(૧)	શ્રીમદ્ વલ્લભાચાર્ય સ્મૃતિ ગ્રંથ	૬૦–૦૦	૫–૦૦
(૨)	મથુરા વ્રજ મંડલ	૪૨–૦૦	૩–૫૦
(૩)	વ્રતોત્સાવલી ભાગ–બીજો	૧૩–૦૦	૨–૫૦
(૪)	વ્રતોત્સાવલી ભાગ–ત્રીજો	૨૮–૦૦	૩–૫૦
(૫)	પાઠાવલી	૧૨–૦૦	૧–૫૦
(૬)	શ્રી લાલન કૃપા	૧૦–૦૦	૧–૦૦
(૭)	નમો દેવિ યમુને (ગરબા–રાસ)	૧૦–૦૦	૧–૦૦
(૮)	સેવા પ્રકાર–કીર્તન નિકુંજ	૨૦–૦૦	૧–૫૦
(૯)	ભ્રમર ગીત	૮–૦૦	૧–૦૦
		૨૦૩–૦૦	૨૦–૫૦

નોંધ :–

(અ) એક અથવા એકથી વધુ છુટક પુસ્તક મંગાવનારે કિંમત, પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર ફીના રૂા. ૬/– વિશેષ મોકલવા. સાદી પોસ્ટથી મોકલાતા નથી.

(બ) પુસ્તકોનો આખો સેટ અગર રુપિયા બસો સુધીના પુસ્તકો મંગાવનારને પોસ્ટેજ ફ્રી.

(ક) આ બાબતમાં પુસ્તક વિક્રેતાનો સંપર્ક આવકાર્ય ગણાય છે.

(ડ) રકમ મનીઓર્ડરથી મોકલવી તેમજ મનીઓર્ડર ફોર્મમાં નીચેની કાપલી જે અહીં રાખવામાં આવે છે તેમાં સ્પષ્ટ અક્ષરે પુરું સરનામું લખવું જરૂરી છે

પત્રવ્યવહાર :–

શ્રી વલ્લભ સુધા કાર્યાલય,
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા **રાજકોટ**–૩૬૦૦૦૧

સોજીત્રા

પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (વડોદરા–કાંકરોલી)ના સોજીત્રા મુકામે થયેલા સન્માન સતારંભના સમયે જમ્મુ–કાશમીરના બંધુઓને સહાયભૂત બનવા માટે આં. પુ. વૈષ્ણવ પરિષદના સંગઠ્ઠન મંત્રી પ્રા. ચીમનભાઈ એમ. શેઠે અપીલ કરતાં રૂા બાર હજારની રકમ જે ભેગી થઈ હતી તેનો ચેક જન્માષ્ટમીના રોજ વડોદરા મુકામે વિશ્વહિન્દુ પરિષદની સભામાં પૂ. ગો શ્રી ચંદ્રગોપાલજી મહોદયના વરદ હસ્તે વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત પ્રદેશના મહામંત્રી શ્રી ડો તોગડીયાજીને જમ્મુ–કાશમીરના બંધુઓને મદદ કરવા અર્પણ કરવામાં આવ્યો હતો. આં. પુ વૈષ્ણવ પરિષદ વૈષ્ણવ ધર્મને ચરીતાર્થ કરવા માનવ સેવાના ક્ષેત્રે આવા અનેકવિધ કાર્યક્રમો કરે છે એ પ્રમાણે સંગઠ્ઠન મંત્રીએ જાણકારી આપી હતી.

પૂ પા. ગો. **શ્રી** વાગીશલાલજી બાવાશ્રીએ આં. પુ. વૈ. પરિષદની અનેક પ્રચાર સભાઓને ડાકોર, બાયડ, ધનસુરા, મોડાસા વગેરેમાં સંબોધન કરી સ્વધર્મ–સ્વકર્તવ્યનું પાલન કરવા આજ્ઞા કરેલ.

આ પ્રચાર પ્રવાસમાં સંગઠ્ઠન મંત્રી પ્રો. ચિમનભાઈ શેઠ પણ સાથે રહી પ્રેરક જુસ્સાદાર પ્રવચનો કરેલ.

SHREE VALLABH SUDHA **Regd. No. G/RJ. 212-L.P.W.P. 43**

તારી બંસરીના સૂર ઓહો મીઠાં સાંવરીયા

તારી બંસરીના સૂર ઓહો મીઠાં સાંવરિયા
સુણી હું તો બની રે બાવરિયા સાંવરિયા
વૃંદાવનમાં વાગી રે બાંસુરિયા સાંવરિયા
યમુનાના તટયે બાંસુરિયા સાંવરિયા
ધેનુ-ધણને ડોલાવે બાંસુરિયા સાંવરિયા
કેવાં મોરલાં નચાવે બાંસુરિયા સાંવરિયા
ચિત્ત ગોપીઓના ચોરે બાંસુરિયા સાંવરિયા
સુરો મીઠાં રેલાવે બાંસુરિયા સાંવરિયા
તાપ તનનાં મિટાવે બાંસુરિયા સાંવરિયા
અમી હૈયે વરસાવે બાંસુરિયા સાંવરિયા
મારા મનમાં વાગે બાંસુરિયા સાંવરિયા
મારું મનડું મોહે બાંસુરિયા સાંવરિયા
શ્યામ સ્મરણ કરાવે બાંસુરિયા સાંવરિયા
લાગે મીઠી મુને રે બાંસુરિયા સાંવરિયા

સખી ચાલ છાનીમાની વૃંદાવનમાં રે લોલ

સખી ચાલ છાનીમાની વૃંદાવનમાં રે લોલ
જઈએ સુણવા શ્યામની મોરલી રે લોલ
સુણી તનડાના તાપને મીટાવીએ રે લોલ
સુણી મનડાના મોરને નચાવીએ રે લોલ – સખી ચાલ છાનીમાની.
મારા મનમાં લાગી છે તાલાવેલી રે લોલ
મોડું કર ના હાલ વેલીવેલી રે લોલ
મારા મનડાના હાલ બેહાલ છે રે લોલ
મન મળવા આતુર શ્યામલાલને રે લોલ – સખી ચાલ છાનીમાની.
મોકો મળશે જો એક આપણને રે લોલ
કે'શું કાનજીને કાનમાં વાતડી રે લોલ
જોજે સાંભળી ન જાય કોઈ વાતડી રે લોલ
નહીં તો રે'શે ના રસ એ વાતમાં રે લોલ – સખી ચાલ છાનીમાની.

પ્રા. એમ. આર. પાલેજા
રાજપીપળા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

૬ પાન ૧૫ [illegible] અનુસંધાને

શ્રી એન. કે. પારેખ [illegible]
॥ શ્રી હરિઃ ॥
[illegible] ૪૩૧૨૦૦૦ ૨૨૨૨૫૫૭ [illegible]

શ્રીવલ્લભસુધા

[illegible]

હટરી

[illegible]

બૈઠે પ્રિય હટરીમાંઝ, ફૂલી મનુ વેલિ સાંઝ, પ્રેમ લક્ષણા,
રતન પાંતિ ખચિત ધામ, દીપ પાંતિ અતિ લલામ;
શોભિત વિધુવદનિ વામ, કમલ અક્ષિણા.
જગમગાતિ રૂપ જોતિ, કામજોતિ ભઈપોતિ;
પૂરિત વર રતિ પ્રમોદ, ભાવ રક્ષણા,
'વલ્લભ' ધ્રુવ નંદલાલ, આસુ પાસુ પ્રભા જાલ;
માનો સિસુંમાર ચક્ર, દે પ્રદક્ષિણા. ૨

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૭ ✤ ઓકટોબર, ૧૯૯૦
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ * આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

સમાચાર

જામનગર “અત્રે ‘યમુના તટ’ સરુસેકસનમાં બિરાજતા અ. સૌ. પુ ગો. શ્રી સત્યભામા બેટીજીના બહેન અ. સૌ. પ. પુ. ગો. શ્રી ચંદ્રિકાબેટીજી (દિલ્હીનો પ્રાકટ્ય દિવસ શ્રાવણ વદ ચોથ, શુક્રવાર, ૧૦-૮-૯૦ના રોજ, પ. ભ. શ્રી જયંતિભાઈ મુળજીભાઈ પારેખના મનોરથરૂપે મનાવવામાં આવેલ.

ઉત્સવના ઉપલબ્ધમાં મનોરથીને ઘેર બંને બેટીજી મહારાજાઓ બિરાજેલા જેના સાનિધ્યમાં શ્રી સર્વોતમ સ્તોત્રના અખંડ ૨૫ કલાક પાઠ થયેલ.

સાંજના બંને બેટીજી મહાંરાજશ્રીને કેશરી સ્નાન થયેલ. વૈષ્ણવોએ રાસ–ગરબા, હીંચ-હમચી દ્વારા ભગવદ ગુણાનુવાદ કરેલ.

મનોરથીને ત્યાં બહોળી સંખ્યામાં વૈષ્ણવોએ પ્રસાદ લીધેલ અંતમાં બંને બેટીજી મહારાજશ્રીના વચનામૃત દ્વારા ઉપસ્થિત વૈષ્ણવ સમુદાયનું ભાવસિંચન થયેલ,”

ભારતના વડાપ્રધાન શ્રી વી. પી. સિંઘે ૧૫મી ઓગસ્ટના રોજ મુહમદ પયગંબરના જન્મદિનની રજા જાહેર કરી ત્યારે દેશના લોકોની શ્રદ્ધા આસ્થાના આરાધ્ય દેવ રામચંદ્ર ભગવાનના જન્મ દિનની રજા જાહેર કરવી જોઈતી હતી એ પ્રકારે આં, પુ વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી પ્રોફે ચીમનભાઈ એમ. શેઠે ડભોઈ મુકામે શ્રી દ્વારકેશ મહિલા મંડળના ઉપક્રમે શ્રી યોગેશભાઈ શાસ્ત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી વૈષ્ણવોની વિશાળ સભાને સંબોધન કરતાં જણાવ્યું હતું.

ગુજરાતના લગભગ સાઈઠ (૬૦) લાખ વૈષ્ણવોની સાચી લાગણી અને ન્યાય આપવા શ્રીમદ વલ્લભાચાર્યજીના પાઠને અભ્યાસક્રમમાં આમેજ કરાવવા માટે પરિષદના ડેલીગેશન સમક્ષ ગુજરાત સરકારે વ્યકત કરેલી શુભનિષ્ઠાનો અમલ તાકીદે કરવા અને શ્રીમદ વલ્લભાચાર્યજીના જન્મ દિન પરની રજા જાહેર કરવા શ્રી શેઠે ગુજરાત સરકારને અનુરોધ કર્યો હતો. શ્રી રમણલાલ શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજીએ પણ પુષ્ટિ સ્વાધ્યાયની વાત સમજાવી હતી શ્રી રતનલાલ પારેખ શ્રીમતી વીજુબહેન વિગેરેએ સુંદર વિશાળ સભાનું આયોજન કર્યું હતું.

અતિભારે વરસાદને લઈને ગુજરાતના ખાસ કરીને ખેડા–પંચમહાલ–વડોદરા ભરૂચ વગેરે વિસ્તારોમાં ખૂબ ભારે આર્થિક પાયમાલી સર્જાઈ છે અને અસંખ્ય પશુઓની જાનહાનિ થઈ છે તથા અનેક માનવીઓ મૃત્યુને ભેટયા છે ત્યારે આવી ગંભીર પરિસ્થિતિમાં ભોગ બનેલા સૌ બંધુઓને સહાયભુત બની માનવ સેવાના કાર્યમાં સમગ્ર સમાજને સહભાગી બનવા અને તન મન ધનપુર્વક સેવા અર્પણ કરવા આં. પુ. વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશના પ્રમુખ શ્રી ઈંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠ, પ્રા. ચીમનભાઈ શેઠ, પ્રિ. વી. પી. પરીખ અને હરસુખલાલ ખખ્ખર એક સંયુકત પ્રેસ નિવેદનમાં અપીલ કરે છે.

“વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે” એ ઉકિતને ચરિતાર્થ કરવા ધાર્મિક, ધાર્મિક, સામાજિક, સાંપ્રદાયિક ક્ષેત્રે કાર્યો કરતી સહુ સંસ્થાઓ તેમાં સહભાગી બનશે જ તથા વિભિન્ન ટ્રસ્ટો આવા પાત્રને સેવા કાર્યમાં સંપુર્ણ સહકાર આપવા તેઓ પ્રેસ નિવેદનમાં ખાસ જણાવે છે.

(જુઓ ટાઈટલ ત્રીજું)

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક** સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * એક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૭ * ઓકટોબર, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

જીવન મૂલ્ય

લેખક : નિ લી. શ્રી ગોવિંદલાલજી મહારાજ (કોટા-કડી)
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા
આંખના સર્જન રાજકોટ

ભગવાનની આ વિચિત્ર સૃષ્ટિમાં મનુષ્યનું જે જીવન છે તે ખૂબજ અમૂલ્ય છે. મનુષ્ય ઇચ્છે તો પોતે આ જીવનમાં પોતાનું આત્મ કલ્યાણ કરી શકે છે. ભગવાને આ જીવનને સર્વરીતે સ્વતંત્ર બનાવેલ છે. જો તે ઇચ્છે તો શુભ કર્મ કરીને પરમગતિ પ્રાપ્ત કરી શકે છે અને ખરાબ કર્મ કરીને નરકની પ્રાપ્તિ કરી શકે છે. તેથી જ બની શકે ત્યાં સુધી તેને કર્મ કરતા પહેલા એ વિચારી લેવું જોઇએ કે તે શું કરવા જઇ રહ્યો છે, તેમાં શું શુભ છે અને શું અશુભ. કારણ કે આ વિશાળ જગતમાં મનુષ્ય જ એક શ્રેષ્ઠ પ્રાણી છે તે વાતનો બધા સ્વીકાર કરશે. કારણ કે જગતમાં પૂર્ણ પુરુષાર્થ પ્રાપ્ત કરવાને માટે ભગવાને તેના હૃદયમાં ૩ કલાઓનો સમાવેશ કરેલ છે. કર્મકલા, જ્ઞાનકલા અને ભાવનાકલા. કર્મકલાના વિકાસથી તે અદ્ભૂત કર્મ કરી શકે છે જ્ઞાન કલાનાંવિકાસથી સર્વજ્ઞ બની શકે છે. અને ભાવના કલા વિસ્તૃત થવાથી પરમાનંદકાય વિશુદ્ધ પ્રેમવિલાસી બની શકે છે.

કારણ કે જીવ ભગવદ્ અંશ છે. ગીતાજીમાં કહેવાયું છે કે :

મામૈવાંશો જીવલોકે જીવભૂત સનાતન ।

પરંતુ ઉપરોકત કલાઓ તેમાં અવિકસિત છે. આ કલાઓના વિકાસ કરવા માટે સુજ્ઞ પુરુષોએ પ્રયત્ન કરવો જોઇએ. આમ તો તેના વિકાસ માટે શાસ્ત્રોમાં કર્મ, જ્ઞાન, ભક્તિ વિ. અનેક ઉપાયો બતાવેલ છે. પરંતુ કલિકાલમાં તે સાધનો ખૂબજ મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે છે. એમ કહી શકાય કે મનુષ્યે કોઇને કોઈ સત્તાનો આશ્રય લેવો જ પડશે અને બીજી બધી સત્તાઓ એ સત્તાની પાસે નિર્બળ છે, એવી સર્વોપરી સત્તા કઇ છે ? તેને માટે શ્રી વલ્લભાચાર્યજીએ પણ આજ્ઞા કરી છે કે :

। કૃષ્ણાત્પરં નાસ્તિ ।

તેથી જ જીવે ભગવાનનો જ આશ્રય લેવો જોઇએ. જેનો આશ્રય લેવાથી પોતાની ચિંતા હંમેશને માટે દૂર થઇ જાય. જેનો આશ્રય કરવાથી દુઃખોનો સદા સર્વદા નાશ થઇ જાય. જેનો આશ્રય કરવાથી જીવ જન્મ મરણના ચક્રથી મુક્ત થઇ જાય, અને નિત્યસુખને પ્રાપ્ત કરી લે. એવા પરમાનંદ સ્વરૂપ ભગવાનનો દૃઢ વિશ્વાસ રાખવો જોઇએ. ઘણા લોકો જે શાસ્ત્રોને બરાબર નથી જાણુતા અને અવિચારી છે. તે કહ્યા કરે છે કે ભગવાન શ્રીકૃષ્ણ તો નિરાકાર, નિર્ગુણ અવ્યકત બતાબતાવેલ છે, પરંતુ પ્રસ્થાન ચતુષ્ઠયના પ્રમાણોથી એ સિદ્ધ છે કે શ્રીકૃષ્ણ જ આપણે માટે આશ્રય કરવા યોગ્ય છે. સર્વ સમર્થ છે. તેથી એવી શંકા કરવાની આવશ્યકતા નથી. ભગવાનને તો પહેલેથી જ આ વાત માલૂમ હતી કે, લોકો આમ જ કહેશે. ભગવાને સ્પષ્ટિકરણ કરી દીધુ છે કે :

અવજાનન્તિ માં મૂઢામાનુષી તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥

અર્થાત્ મૂર્ખ લોકો મને મનુષ્ય સમજે છે. મારા પરમ ભાવને નથી જાણુતા હું પ્રાણીમાત્રનો મહાન ઇશ્વર છું.

। જન્મ કર્મ ચ મે દિવ્યમ્ ।

મારા જન્મ કર્મ અલૌકિક છે. તેથી જ વેદનો અર્થ બતાવનાર શ્રીમદ્ગીતા, શ્રીમદ્ ભાગવત તથા શ્રી બ્રહ્મસૂત્ર અને સ્વયં વેદમાં ચાર પ્રસ્થાન પ્રતિપાદિત પરમ તત્વનો અનન્યાશ્રય પરમ ફળદાયક છે, તે સિવાય બધા અન્યાશ્રય છે, સાચે જ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જય શ્રી શ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

અન્નકૂટ–મહાયજ્ઞ

લેખક : ગો. વા. **શ્રી વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી**

તંત્રી શુદ્ધાદ્વૈત, અમદાવાદ

સારો આશ્વિન માસ ઉત્સવોથી ભરપૂર છે. આર્ય પ્રજાના વિવિધ જીવનને એક સામટાં ઉજવવા માટેનો અદ્‌ભુત સંયોગ આશ્વિન માસે જ પ્રાપ્ત કર્યો છે. બ્રાહ્મણો તથા બીજી જાતિઓ સરસ્વતીનું પૂજન આ જ માસમાં કરે. શ્રીરામચંદ્રજીનો વિજય ધ્વજ આજ માસમાં રોપયો. ક્ષત્રિયો માટેનો તો આ સ્મારક દિવસ જ ગણાય. ગોવત્સદ્વાદશી, લક્ષ્મીપૂજન આદિ વૈશ્ય જીવનના ઉત્સવો પણ આશ્વિનમાં જ. આમ આંખો આશ્વિન માસ ઉત્સવથી પરિપૂર્ણ છે. આશ્વિન વદ ૯ને દિનેથી ઉત્સવોનો શુભારંભ થાય છે. આજ દિવસથી પ્રભુને જરીના વસ્ત્ર ધરાય છે. આશ્વિન વદ ૧૦ના દિને ધર્મરાજાનું પૂજન કરવાનું શાસ્ત્રકારો લખે છે. વદ ૧૧ એકાદશીનું નામ રમા છે રમા એટલે લક્ષ્મીજી. ધર્મરૂપી પુરૂષાર્થ વિના અર્થ રૂપા લક્ષ્મીજી કેમ મળે ? બારસ ગોવત્સ દ્વાદશી તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. લક્ષ્મીજી મળતાં ઘોડા, મોટરો ન દોડાવીએ, પણ ગાયો અને વત્સને પૂજીએ. પૂજન પણ ચાંલ્લા કર્યાથી કે ચોખાં ચોડવાથી જ ન વદે. ખરૂં પુજન તો આપણા જીવનનાં મુખ્ય સહાય રૂપ ગોમાતાની રક્ષામાં છે. ગોરક્ષા માટે પ્રાણ પણ સોંઘા કરવાની તાકાત એક હિંદુમાં હોવી જોઇએ. દરેક હિંદુના ઘરમાં આંગણામાં એક એક ગાય હોય જ. આનું નામ ગોપૂજા કહેવાય. ગાયોના પુજન પછી જ ઘરમાં આવેલાં લક્ષ્મીજી સ્થિરતાથી રહી શકે છે. આપણું ખરૂં ધન તો ગાયો જ છે. ચોક્કસ ધાતુના કટકા કે કાગળોના કટકા ગોધન જેવા તો દૂઝણા ન જ હોય. તેથી ગોવત્સ દ્વાદશી પછી ધનતેરસ આવે છે.

આ દિવસે ધનની પુજા થાય છે. લક્ષ્મીજી વિષ્ણુના પત્ની છે. આપણે તો વ્રજના રત્નારૂપ લક્ષ્મીજીને સેવીએ. આ લક્ષ્મીજી દુન્યવી સંપત્તિ નહિ આપે, પણ અલૌકિક ભજનાનંદ આપશે. જયારે અલૌકિક ભજનાનંદ મળે ત્યારે જ રૂપ કાઢી શકાય.

રૂપ ચતુર્દશીને દિને શ્રી નંદરાયજી પોતાના લાડકડા લાલને અભ્યંગ કરાવે છે, અને નખશિખ અદ્‌ભુત શૃંગાર ધરાવે છે. આજના શૃંગારની ઝાંખીનું વર્ણન કેમ થઇ શકે ?

આશ્વિન વદ અમાસ તો દીપાવલી. આજે તો પ્રભુનું વ્રજધામ દીવાઓથી ઝગઝગી રહે. આજનો દિવસ આર્ય પ્રજા માટેના મહાન મહોત્સવરૂપ છે. વીર વિક્રમાદિત્યના સ્મારકરૂપ છે. વ્યાપારીઓ પોતાનું લૌકિક લેવું દેવું આજે ચોખ્ખું કરે છે. અલૌકિક લેવા–દેવાનો હિસાબ કેટલા રાખતા હશે તે તો પ્રભુ જાણે. ચાલો, હવે આપણે તો મહામહોત્સરૂપ અન્નકૂટ મહાયજ્ઞનાં દર્શન કરીએ.

અન્નકૂટ–મહાયજ્ઞ : આ મહાયજ્ઞનાં દર્શન આપણાં બધા મંદિરોમાં વૈષ્ણવોને ઘેર ઘેર થશે. આ સેવાની બહારનો દેખાવ તો બીજા સંપ્રદાયવાળાઓએ પણ લીધો છે. હનુમાનજી, મહાદેવજી, દેવીઓ વગેરે પાસે

પણ અન્નકૂટ પુરાય છે ! પુષ્ટિમાર્ગનો આ એક વિજય જ ગણાય ! આ ઉત્સવનું સ્વરૂપ સમજવા માટે નીચેનો ઇતિહાસ આપણે વાંચી જઇશું :–

ઇતિહાસ : વ્રજવાસીઓ તદ્દન નિખાલસ હૃદયના હતા. કુડકપટને તેઓ સ્વપ્ને પણ સમજતા નહિ. ઇંદ્રરાજા તરફ તેમનો સંપુર્ણ ભાવ હતો. ઇંદ્રને જ તેઓ રાજા માનતા. વરસાદ વરસાવીને ઇંદ્ર જ અમને જીવાડી રહ્યા છે. અમારા પશુધનનું રક્ષણ ઇંદ્ર વિના કોઇ ન જ કરી શકે, જો ઇંદ્ર થોડા પણ રૂઠે તો અમારો સર્વનાશ થઇ જાય, એવો ખ્યાલ તેમનામા હતો. એથી જ પોતાના સર્વસ્વના ભોગે પણ ઇંદ્રરાજાની ખિદમતગારી તેઓ કરતા. ઇંદ્રરાજાને રાજી કરવાને એક મોટો અન્નકુટ પુરતા. એને માટે પોતાનું સર્વસ્વ અર્પી દેતા. ખરા અંતઃકરણથી આ ઇંદ્ર પુજાનો ધર્મ તેઓએ સ્વીકાર્યો હતો.

વ્રજના પ્રભુ શ્રીકૃષ્ણ આ વાત કેમ સહી શકે ? શુદ્ધ હૃદયના પ્રેમાળ વ્રજવાસીઓને હવે વધુ વખત ભ્રમમાં ભટકતા રહેવા દેવા એ આપને ઠીક ન જણાયું. સર્વ વ્રજવાસીઓને પોતે એકઠા કર્યા, અજાણ્યાની પેઠે પુછયું કે તમે આ શું કરી રહ્યા છો ?

શ્રી નંદરાયજીએ ઇંદ્રપુજાનું મર્મ શ્રીકૃષ્ણને સમજાવ્યું. શ્રીકૃષ્ણ હસ્યા. વ્રજવાસીઓના આવા ભોટપણાં માટે મનમાં દયા આવી. આ ગ્રામ્યજનોની અંધશ્રદ્ધાનો પડદો એકદમ હટાડી નાંખવાની જરૂર જણાઇ. પોતાની હંમેશાની મીઠી અને મનમાં ઠસી જાય તેવી વાણીમાં કર્મવાદ રજુ કર્યો, કહ્યું કે :

કર્મવાદ : દરેક પ્રાણી પોતાનાં જ શુભ કે અશુભ કર્મો ભોગવે છે. 'વાવે તેવું લણે અને કરે તેવું પામે.' સુખ દુઃખ કર્માનુસાર જ હોય. ખુદ ઇશ્વર પણ જેવાં કર્મ હોય તેવાં જ ફળ આપે. જેમ ખરાબ કર્મ કરનારાઓને ઉત્તમ ગતિ તે ન આપી શકે, તેમ ઉત્તમ કર્મવાળાઓને અધમ ગતિ આપવાની ઇશ્વરને પણ સત્તા નથી. જ્યારે ઇશ્વર પોતે પણ કર્મને આધિન છે. ત્યારે ઇંદ્રનું શું ગજું ? ઇંદ્ર બિચારો કોણ ? પોતાના પુણ્ય બળથી ચાર દિવસના ચાંદરણાંની પેઠે થોડા સમય માટે રાજ્યસત્તા મેળવનાર ઇંદ્ર કોણ ? જ્યારે એને પણ અમરપટો નથી મળ્યો ત્યારે તે બિચારો આપણને શું જીવાડવાનો હતો ? આપણે ગોવાળીયા છીએ. આપણો ધર્મ ખેતી અને ગૌરક્ષા છે. જો આપણે સ્વધર્મથી લેશ પણ ચળીએ નહિ તો ઇંદ્રની તાકાત નથી કે તે આપણને થોડા પણ હેરાન કરી શકે. ઇંદ્ર પણ એક આપણા જેવો કર્માધિન પ્રાણી છે. એ રીઝયાથી આપણને ન્યાલ નહિ કરે, તેમ જ ખિજ્યાથી પાયમાલ પણ ન કરી શકે. એવાની ખિદમતગારી શા માટે ? આપણે તો વનના વાસી છીએ. આ મહાન શ્રી ગોવર્ધન પર્વત તે આપણો આશ્રય છે. એની ગુફાઓ તે આપણાં ઘર છે. આપણાં પશુધનનું રક્ષણ પણ ગિરિરાજની આ પવિત્ર તળેટી કરી રહી છે. આપણે તો આજે હવે નવો જ યજ્ઞ આદરવાનો છે. ઇંદ્રપુજા માટે એકઠો કરેલો આ સંભાર હવે આ જન્મભુમિના કલ્યાણ માટે વાપરવાનો છે. વ્રજમાંની ગાયોને, બ્રાહ્મણોને, ચાંડાલોને, પતિતોને આ જન્મભુમિમાં ઉત્પન્ન થયેલા સર્વ પ્રાણીઓ માટે આ યજ્ઞ હોવો જોઇએ. ઇંદ્રનો ડર ફેંકી દો. એની ખોટી

વફાદારી અને ખુશામતને દફનાવી કાઢો. હવે આ અલૌકિક મહાયજ્ઞની દિક્ષા લો. તેમાં જ તમારૂં કલ્યાણ છે. ઇશ્વર તેથી રાજી થશે. સાક્ષાત્ ઇશ્વર તમારો આ યજ્ઞ સ્વીકારશે.

અભિમાન નાશ : ઇંદ્રના આ ચાલુ યજ્ઞનો વિધ્વંશ કરવાનો બીજો પણ પ્રભુનો આશય હતો. ઇંદ્ર મદાંધ બન્યો હતો. ભોળા વ્રજવાસીઓની પુજાએ તેને પાગલ બનાવી દીધો હતો. પોતાનું સ્વરૂપ તે ભુલી ગયો હતો. હુંપણાનાં કેફમાં પોતાના માથાપર રહેલી એક મહાવ્યાપક સત્તાનો તેને ખ્યાલ સરખોએ રહેલો નહિ. ઠેઠ અભિમાનરૂપ પર્વતની ટોચ પર તે ચડી ચૂકયો હતો. પ્રભુએ તેને જોયો. જાણ્યું કે હવે નીચે પડવાની અણીપર છે. જો હવે તે ગફલતમાં રહેશે તો નીચેની ભયંકર ખીણોનો તે ભોગ થઇ પડશે. વ્રજના પ્રભુ તો દયાના સમુદ્ર છે. ઇંદ્ર પર પણ દયા કરી. એના માનનો ભંગ કરીને એને ઠેકાણે લાવવાની બાજી રચી. સર્વ વ્રજવાસીઓની આંખ ઉઘડી. બાલસ્વરૂપ શ્રીકૃષ્ણનાં વચનોએ તેમના પર જાદુઇ અસર કીધી. એકદમ ઇંદ્રને તેમણે પડતો મેલ્યો. ઉપર જણાવેલ શુદ્ધ સનાતન મહાયજ્ઞનો આરંભ કર્યો. વ્રજવાસીઓની શ્રદ્ધા દૃઢ કરવાને હજાર હાથવાળાએ પ્રત્યક્ષ દર્શન દીધાં. વિરાટ સ્વરૂપે સમગ્ર યજ્ઞનો અંગીકાર કર્યો. આજે વ્રજવાસીઓના આનંદનો પાર રહ્યો નહિ.

આસુર ભાવ–દૈવી કાર્યોમાં તો વિઘ્નો આવવાનાં જ આસુરિ પ્રકૃતિ દૈવી સ્વભાવની ઉચ્ચ સ્થિતિ સહી શકતી નથી. દૈવીને દબાવવાને માટે હંમેશાં તે ગમે તેવા પ્રયાસો કરે છે. પરંતુ આખરે તેની હાર જ હોય છે. ઇંદ્ર પણ દેવ જ હતો–દેવનો રાજા હતો. પણ અભિમાનરૂપ અસુરે શયતાને તેનો કબજો લીધો હતો. ગર્વના નશામાં તે પોતાનો દૈવી સ્વભાવ ભૂલી ગયો. વ્રજવાસીઓના આ દૈવી યજ્ઞને તેણે પોતાના ઘોર અપમાનની નિશાની રૂપ લેખ્યો ઇંદ્ર દેવ મટી પૂર્ણ અસુર બની ગયો. આખરે એણે પોતાની જાલીમ શક્તિઓની અજમાયશ કરવા માંડી. નિર્દોષ અને નિઃશસ્ત્ર વ્રજવાસીઓના સર્વ નાશ માટેની બધી તૈયારીઓ કરી પોતાના નિર્દય અમલદારોને ગોકુલનો નાશ કરવાનો હુકમ આપ્યો. અમલદારોને તો માગ્યું મળી ગયું. પોતાના માની લીધેલા માલિકની પ્રીતિ સંપાદન કરવાની ધૂનમાં તેઓ પણ જુલમગાર બની ગયા. વિજળી, વંટોળીયા અને મુસળધાર વરસાદે ગોકુળને થથરાવી મૂકયું બધે જળજળ બંબાકાર કરી નાખ્યું. વ્રજવાસીઓ કસોટીમાંથી પાર ઉતર્યા છે હવે આ દશામાં ઇંદ્રને શરણે જવાને તો તેઓ તૈયાર નથી જ. સત્યને માર્ગે ચાલનારનો બેલી તો ઇશ્વર જ છે. જેની કુમકે સાક્ષાત્ પ્રભુ હોય તેનો વાળ પણ વાંકો કરવાની કોણ તાકાત ધરાવી શકે ?

ગોવર્ધન ધરણ–હવે વધુ વખત થોભવાનું ઉચિત ગણ્યું નહિ. એકદમ ઝડપથી ગોવર્ધન પર્વત શ્રીકૃષ્ણે પોતાના યોગ બળથી ઉચકી લીધો ! બધાને તેની નીચે આવવાનું જણાવ્યું દરેક વ્રજવાસીઓ પોત પોતાના પશુધન સાથે થરથરતાં ગોર્વધનની નીચે ઊભાં રહ્યાં એમને એમ સાત દિવસ વીતી ગયા. ઇંદ્રની બધી કોશિશો વ્યર્થ થઇ. એના જાલીમ ઇલાજોનો સામો પડઘો પડયો નહિ. ઇંદ્રના નાશકારક શસ્ત્રો બુઠ્ઠાં થઇ ગયા. આખરે તે

થાકયો, શરણે આવ્યો. વ્રજવાસીઓ જો સામા થયા હોત તો ખચિત જ તેઓ ભયંકર આપત્તિઓ વહોરી લેત. કદાચ હોતા નહોતા પણ થઇ જાત. પણ યોગેશ્વરે તો તેમને આપ ભોગનો જ માર્ગ બતાવ્યો. આપણે સ્વધર્મમાં દ્દઢ રહીએ તો ઇશ્વર દરેક પ્રકારે આપણું રક્ષણ કરે છે. એવો પ્રત્યક્ષ અનુભવ બતાવ્યો.

આ મહાયજ્ઞનો સ્મારક દિવસ તેજ આપણા બેસતા વર્ષનો આજનો માંગલિક દિવસ છે. ઉપરનાં ચરિત્રનું આપણે સ્મરણ કરીએ. અન્નકુટ–મહાયજ્ઞનો આદર કરીને પ્રભુને રીઝવીએ પ્રભુ પ્રસન્ન થઇને આપણા આસુરી ભાવનો અને બીજા અસુરોને નાશ કરે. વળી આ ચરિત્ર આવા વિષમ કાળમાં તો અનેરો પ્રકાશ પાડી રહ્યું છે. એમાંના ભેદો ઉકેલીને આપણે કર્તવ્ય પરાયણ થઇ જઇએ.

આ મહા યજ્ઞનું સ્વરૂપ મધ્યકાળમાં તિરોહિત થયું હતું. એમાંની દિવ્ય ભાવના પણ ગુપ્ત બની હતી. આપણા પર કૃપા કરીને આપણા આચાર્યશ્રીએ ફરીને આ મહોત્સવનો સાક્ષાત્કાર કરાવ્યો. ફરીને આ મહા યજ્ઞનો પ્રચાર કર્યો. એ વિષે કાશીવાળા અનેક મહાન ગ્રંથોના પ્રણેતા ગોસ્વામીશ્રી ૬ શ્રી ગિરિધરજી મહારાજ જે કાંઈ આજ્ઞા કરે છે, તેના આધારે અન્નકૂટ મહા યજ્ઞનું રહસ્ય આ પ્રમાણે સમજાય છે.

યજ્ઞ રહસ્ય–અન્નકુટ એ પુષ્ટિમાર્ગીય મહાયજ્ઞ છે. એ યજ્ઞના પ્રકટકર્તા શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી છે. શ્રી ગુસાંઇજીએ જ એ મહાયજ્ઞ વિસ્તાર પૂર્વક પ્રકટ કર્યો છે. એથી જ શ્રી નામરત્ન ગ્રંથમાં શ્રી ગુસાંઇજીનું એક નામ શ્રી રઘુનાથજીએ એવું પ્રકટ કર્યું છે કે "આપ શ્રી ગિરિરાજજીનો યજ્ઞ કરનારા છે." તે જણાય છે કે શ્રીગોવર્ધન યજ્ઞ અન્નકુટ મહાયજ્ઞ પ્રકટ કરનારા શ્રી ગુસાંઇજી જ છે. યજ્ઞમાં આ પદાર્થો અવશ્ય હોવો જોઇએ.

૧. યજ્ઞવેદી (અગ્નિ સ્થાપવા માટે) ૨. અગ્નિ સ્થાપન. ૩. યૂપ (સ્તંભ) ૪. મંડપ ૫. ગોદાન. ૬. બલિદાન.

ઉપરનાં પદાર્થો યજ્ઞમાં અવશ્ય હોવા જોઇએ. વળી યજ્ઞમાં બધા દેવતાઓનું આવાહન થાય. વેદની શ્રુતિઓ અને ઇષ્ટ દેવતાનું પૂજન પણ કરવામાં આવે. છેવટે અવભૃથસ્નાન અને બ્રાહ્મણ ભોજન પણ થાય. આ બધા કર્મો યજ્ઞમાં થવા જ જોઇએ. આ બધા યજ્ઞનાં અંગ છે.

પણ એટલું ખ્યાલમાં રાખવાનું છે કે, ઉપર જણાવેલા પદાર્થો તેમજ આવાહન વગેરે અંગો મર્યાદા માર્ગના યજ્ઞનાં જ છે. શાસ્ત્રોમાં યજ્ઞની જે મર્યાદા બતાવવામાં આવી છે, તેમાં જ ઉપરના સર્વ અંગો આવે છે.

અન્નકુટ મહાયજ્ઞ તો પુષ્ટિમાર્ગીય મહાયજ્ઞ છે. એટલે આ મહા યજ્ઞ મર્યાદા માર્ગના યજ્ઞ કરતાં વિલક્ષણ જ હોય. મર્યાદા માર્ગમાં શાસ્ત્રની રીતે ચાલવાનું અને પુષ્ટિમાર્ગમાં તો શાસ્ત્રની રીત, ઉપરાંત મહાન ભગવદ્ ભકતોના હૃદયોનો ભાવ પણ મુખ્યપણે રહે. એજ પુષ્ટિ અને મર્યાદામાં વિલક્ષણતા. તેથી જ આ પુષ્ટિ મહા યજ્ઞમાં વેદી પણ પેલા યજ્ઞ કરતાં જુદી છે. ત્યાં જેમ અગ્નિનું સ્થાપન કરવા માટે વેદી બનાવવામાં આવે છે, તેમ અહીં વેદીને ઠેકાણે નવ ચોકીનું સિંહાસન (શ્રીને બિરાજવા માટેનું) છે. એને જ આપણે વેદી માનીએ છીએ. જેમ વેદીને ચારે તરફ ત્રણ ત્રણ મેખલા હોય છે,

જેમ યજ્ઞ કુંડની ચારે બાજુ નાની શી ત્રણ ત્રણ સીડી જેવી મેખલા હોય છે, તેમ અહીં પણ સિંહાસનને ફરતી ત્રણ ત્રણ સીડી હોય છે. એ ત્રણ ત્રણ સીડીનો ભાવ ત્રિગુણાત્મક છે. સત્ત્વગુણ, રજો ગુણ, અને તમો ગુણ રૂપ ત્રણ પગથીયાં છે, એથી પર તો ગુણાતીત પ્રભુ જ બિરાજે તેમ જ વેદીમાં પણ અગ્નિનું સ્થાપન કરવાનું કહ્યું: મર્યાદાના યજ્ઞમાં તો પંચ મહા ભૂતમાંનો અગ્નિ સ્થપાય. પુષ્ટિ મહા યજ્ઞમાં એવા અગ્નિની જરૂર જ ન હોય કેમ કે અહીં તો સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ બિરાજે છે. વેદ કહે છે કે "પ્રભુના મુખથી અગ્નિ જન્મ્યો છે" આવા સાક્ષાત્ પ્રભુ જ્યાં જે સિંહસનરૂપી વેદી પર બિરાજે ત્યાં અગ્નિની શી જરૂર ? વળી વેદની મર્યાદામાં યજ્ઞને અંગે એક યૂપ એટલે સ્તંભનું સ્થાપન થાય છે, એ યૂપથી–થાંભલાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે એવી માન્યતા છે. પુષ્ટિ યજ્ઞમાં પણ એવા યૂપ છે. ચંદરવાના ચાર રૂપાના થાંભલા હોય છે, તે ચાર યુપ ગણી શકાય. આ ચાર થાંભલામાં ચાર પુરૂષાર્થોની ભાવના થાય. ચાર પુરૂષાર્થો પણ પુષ્ટિમાર્ગીય જ હોય. મર્યાદાના ચાર પુરૂષાર્થો અને પુષ્ટિના ચાર પુરૂષાર્થો નામે તો એક સરખા જ છે, પણ તેના અર્થ જુદા છે. મર્યાદાના ચાર પુરૂષાર્થો–૧. ધર્મ, ૨. અર્થ, ૩. કામ, અને ૪. મોક્ષ તો સ્પષ્ટ છે.

પુષ્ટિમાર્ગના ચાર પુરૂષાર્થ શ્રી ચતુઃશ્લોકી ગ્રંથમાં શ્રીમહા પ્રભુજીએ ઉપદેશ્યા છે. તેના ધર્મ એટલે સર્વદા પ્રભુ સેવા કરવી એ છે. પ્રભુ સમર્થ હોવાથી કશી ચિંતા ન કરવી એ અર્થ થયો. પ્રભુની ઝાંખી માટે તલસવું એ આપણો કામ પુરૂષાર્થ, શ્રી વ્રજ પતિનું સ્મરણ એ મોક્ષ. આ ચાર પુષ્ટિ–પુરૂષાર્થો, એ ચાર રૂપાનાં સ્તંભરૂપે બિરાજે છે.

બીજું યજ્ઞમાં મંડલ ચિતરવામાં આવે છે. અન્નકૂટ મહા યજ્ઞનું મંડલ ઔર જ તરેહનું છે. આ મહા યજ્ઞમાં નવ ચોકી ઉપર જે ચંદરવો છે, તે જ યજ્ઞનું મંડલ છે આ ચંદરવામાં નવરંગ છે. એ નવે રંગનો ભાવ પણ અલૌકિક છે.

સત્ત્વગુણ, રજોગુણ અને તમો ગુણના પરસ્પર મિશ્રણથી "ત્રણ તેરી નવ" ભેદ થાય જેમકે સત્ત્વ સત્ત્વ, સત્ત્વ રજ અને સત્ત્વતમઃ વગેરે. નવ ગુણ વાળા નવ-પ્રકારના વ્રજ ભકતો છે. એ નવ પ્રકારના વ્રજભકતોનાં ભાવનું સૂચન કરનારા નવ રંગો ચંદરવામાં છે

વૈદિક યજ્ઞમાં ત્રણ પ્રકારનાં અગ્નિનું સ્થાપન થાય છે ૧. આહવનીય, ૨. ગાર્હપત્ય અને દક્ષિણાગ્નિ એવાં ત્રણ અગ્નિનાં નામો છે એ ત્રણે અગ્નિનું સ્થાપન કરવા માટે ત્રણ પ્રકારની જુદી વેદી હોય છે.

આપણા ભકિત–યજ્ઞમાં આ બધાની જરૂર નથી, કેમકે સાક્ષાત પ્રભુ પ્રત્યક્ષ બિરાજી રહ્યા છે, ત્યાં અગ્નિદેવતાની જો જરૂર ન હોય તો જુદી જુદી વેદીની જરૂર શા માટે હોય ?

વેદના યજ્ઞને અંગે ગોદાન પણ કરવું જોઇએ આપણે ત્યાં ગોદાનને અંગે ગોક્રીડન છે. આપણા બાલ પ્રભુ અસંખ્ય ગાયોની સાથે ખેલી રહ્યા છે. ગાયો સાથે કેટલીએ અવનવી ક્રીડાઓ કરે છે. હટડીને દિવસે સાંજના 'કાન જગાવવા'નો ભાવ પણ ગાયોની સાથે ખેલવાનો જ છે. તેમજ શ્રીગોવર્ધન પૂજાના સમયમાં પણ ગાયોને ખેલાવે છે. રંગબેરંગી આભૂષણોથી ગાયોને શણગારવામાં આવે છે.

અને એ બધી ગાયોને પ્રભુ સમક્ષ મહાપ્રસાદ લેવરાવવામાં આવે છે. આવી ગાયોની સાથેની જે ક્રીડા તેજ ગોદાનને ઠેકાણે સમજવી. વળી દાન કરવું એ તો સ્વામીને–માલિકને–હાથ રહ્યું એની ઇચ્છા હોય તો દાન કરે; ભકત તો પોતાનો મનોરથ ગુપ્તજ રાખે. જો ભકત પોતાનો મનોરથ પ્રકટ કરી દે તો રસાભાસ થાય. ભકત તો પોતાના મનોરથ ગુપ્ત રાખીને ભગવદ્ રસ મેળવે છે અને તેમાં છકયા રહે છે, તેથી અહીં ગોદાન નથી થતું. એને બદલે ગોક્રીડન થાય છે. એનાં સાક્ષાત્ દર્શન કાન જગાવતી વખતે તેમજ ગોવર્ધન પૂજા સમયે થાય છે.

યજ્ઞમાં અવભૃથ સ્નાન થાય છે. અહીં એ અવભૃથ સ્નાનને બદલે શ્રી ગિરિરાજજીને દૂધ દહીંથી સ્નાન કરવવામાં આવે છે. શ્રી ગિરિરાજજી પૂજ્ય છે એમની પૂજા કરનારા સાક્ષાત્ પ્રભુ પૂર્ણ પુરૂષોત્તમ છે. વસ્તુતઃ શ્રીગિરિરાજજીને સ્નાન કરાવે છે, એટલે આપશ્રી પોતે પણ સ્નાન કરે છે. તેથી જ શ્રીગોવર્ધન સ્નાન તેમ અવભૃથસ્નાન ગણવું.

તેમજ વેદયજ્ઞમાં ઇષ્ટદેવતાનું પૂજન થાય છે. પુષ્ટિ માર્ગના આ મહાન યજ્ઞમાં ઇષ્ટદેવતા શ્રીગિરિરાજજી છે તેનુંજ પૂજન 'શ્રીગોવર્ધન પૂજા' થી થઇ રહ્યું છે.

વળી યજ્ઞમાં બલિદાનનો હોમ કરવામાં આવે છે. અહીં તો અલૌકિક બલિદાન છે. અનેક તરેહની સુંદર સામગ્રીઓનો એક મોટો અન્નકૂટ સાજવામાં આવે છે. એ અન્નકૂટનો ભોગ પ્રભુને ધરાવવામાં આવે છે. બલિદાનના હોમને બદલે અન્નકુટનો મહાભોગરૂપ અલૌકિક યજ્ઞ છે યજ્ઞમાં બલિદાન હોમતી વખતે બ્રાહ્મણો વેદમંત્ર ભણે છે, અહીં તો વેદમંત્ર ભણવાની કશી જરૂર રહેતી નથી, કારણકે સાક્ષાત્ વેદ શ્રુતિરૂપા વ્રજભકતોનું સ્વરૂપ બનીને આ મહાયજ્ઞમાં બિરાજે છે. ત્યાં વેદમંત્ર ભણવાનું શું કામ હોય? આજ ભાવથી શ્રીવલ્લભકુળ અન્નકુટ–મહાભોગ ધરે છે.

અહીં કોઇ એવી શંકા કરી શકે કે જેમ હોમ વેદી ઉપર જ થાય તો અહીં પણ તેમ થવું જોઇએ. એનું સમાધાન એ છે કે, અહી એવો નિયમ નથી.

જેમ યજ્ઞમાં એક પત્નીશાલા હોય છે. તેમ અહીં મંદિર છે. આ ભગવન્મંદિરરૂપી પત્નીશાલામાં શ્રુતિસિદ્ધ રસાત્મક પૂર્ણ પુરૂષોત્તમ આરોગી રહ્યા છે. સર્વ દેવતાઓના દેવતા સાક્ષાત્ પ્રભુ અહીં બિરાજતા હોવાથી બધા દેવતાઓનું આવાહન અહીં કરવામાં આવતું નથી. અહીં તો વગર તેડે બધા દેવતાઓ દર્શન કરવા દોડયા આવે છે!

અન્નકુટ–મહાયજ્ઞમાં જે શ્રીતિલકાયત હોય તે યજમાનને ઠેકાણે ગણાય. શ્રુતિને ઠેકાણે પણ શ્રી તિલકાયત જ હોય, તેમજ જે સેવાના પ્રચારક છે, તે અધ્વર્યુ હોય છે. અહીં પરિચારક છે તે જ અધ્વર્યુ છે. યજ્ઞમાં હોતા અને ઉદ્‌ગાતા હોય છે. અહીં મોટા મુખ્ય સેવક (મુખ્યાજી) હોતા અને ઉદ્‌ગાતા બને છે. યજ્ઞમાં ઋત્વિજોનો પાર નથી હોતો. અહીં પણ છોટા મુખ્યાજી અને ભીતરીઆઓ બધા ઋત્વિજો છે. યજ્ઞમાં બ્રાહ્મણ ભોજન થાય છે. આ મહાયજ્ઞમાં પણ છેવટે અનેક બ્રાહ્મણો તેમજ વૈષ્ણવો મહાપ્રસાદ લે છે. આ બ્રાહ્મણ

ભોજન. વેદયજ્ઞોમાં માત્ર બ્રાહ્મણોજ જમે. આ અલૌકિક યજ્ઞમાં તો બ્રાહ્મણથી લઇને ચાંડાલ સુધી દરેક મનુષ્ય ઉપરાંત દરેક પ્રાણી મહાપ્રસાદ લે છે.

[શુદ્ધાદ્વૈત વર્ષ ૧૩ સં. ૧૯૯૪ આશ્વિન અંક ૯ માંથી સાભાર.]

માતા પિતાને વંદન

લેખક ; **રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

જેમણે આપણને જન્મ આપ્યો. આપણા માટે અનેક કષ્ટો વેઠયાં, પોતાના સ્વાર્થનો પણ ભોગ આપીને આપણી ઇચ્છાઓને પૂર્ણ કરી, તે માત પિતાને પણ કેમ વિસરાય ! આ સંસારમાં માત પિતા એ તો મીઠો મેવો કહેવાય. તેમાં માતા તો સૌથી ચઢે પુત્રને જોઇ જેવો માબાપને હર્ષ થાય, ઉછાળો આવે, તેવો બીજાને ન આવે માટે આપણા શાસ્ત્રકારોએ તેમને ગુરુના જેટલું જ માન આપવાનું અને વંદન કરવાનું કહ્યું.

શ્રવણે પોતાના આંધળા માતાપિતાની બહુ ઉત્તમ સેવા બજાવી, તેમને તીર્થયાત્રા કરવાનું મન થયું. ત્યારે કાવડમાં બેસાડી સર્વતીર્થો કરાવ્યા. રામે પીતાની આજ્ઞા માની ચૌદ વર્ષ વનમાં નિવાસ કર્યો, ભીષ્મે પિતાની ઇચ્છા પૂર્ણ કરવા સર્વ રાજ્યલક્ષ્મી છોડી દઇ જીંદગી સુધી અખંડ બ્રહ્મચર્યમાં રહેવાની ભયંકર પ્રતિજ્ઞા લીધી. હજી સુધી તે 'ભીષ્મ પ્રતિજ્ઞા'ને નામ જગમશહુર ગણાય છે આ ઉપરથી માતા પિતા તરફ પુત્રોએ કેવો ભાવ રાખવો એ સહજ જણાઇ આવે છે. 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, વગેરે વેદના વચનો પણ માત પિતાની ભકિત કરવાનું આજ્ઞાપૂર્વક જણાવી રહ્યાં છે.

એક દિવસ યુધિષ્ઠિરે ભીષ્મપિતામહને પૂછયું કે ધર્મનું સ્વરૂપ ઘણું ગહન છે. તેમાં વિદ્વાનોના જુદા જુદા વિચારો હોવાથી ઘણા જ પ્રકારો બની ગયા છે. માટે અનેક ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ કયો ! એ મને કહો.

ત્યારે ભીષ્મે ઉત્તર આપ્યો, કે માતપિતાની ભકિત એ સર્વથી શ્રેષ્ઠ હું માનું છું. ત્રણે લોક, ત્રણે આશ્રમ, ત્રણે વેદ જે કહો તે માત પિતામાં છે. અને તેથી પણ વિશેષ ગુરુમાં આવી જાય છે, આ ત્રણેની એટલે માતા પિતા અને ગુરુની સેવા-ભકિત જે નિત્ય કર્યા કરે છે, કોઇ દિવસ પણ ચુકતો નથી, તે સર્વથી શ્રેષ્ઠ ધર્મ.

પિતાની ભકિત કરવાથી આ લોક અને માતાની ભકિત કરવાથી પરલોક અને ગુરુની સેવા કરવાથી બ્રહ્મલોક મેળવે છે. આ ત્રણેનું જેમણે સેવન કર્યું, એમને બીજું કંઇ પણ કરવાનું બાકી રહેતું નથી.

પૂર્વે મિથિલા નગરીમાં એક મહાજ્ઞાની ભકત પારધિ રહેતો હતો. એનો યશ સાંભળી એની પાસે જ્ઞાન લેવા કૌશિક ઋષિ મિથિલા નગરીમાં ગયા. અહિં અસંખ્ય જ્ઞાની ભકતો નિવાસ કરતા હતા. તેમાંએ આ પારધિનું નામ તો સર્વમાં જાણીતું હતું. પૂછતાં પૂછતાં ખાટકીવાડામાં તે પારધિને ઘેર જઇને તેના મુખથી ઘણું જ્ઞાન સાંભળ્યું.

કૌશિક ઋષિ તો તેના જ્ઞાનને જાણીને બહુ જ ચકિત થઇ ગયા, એટલે પારધિ બોલ્યો–મહારાજ ! મેં તમને અત્યાર સુધી જે કંઇ કહ્યું તે મેં મુખેથી કહ્યું અને તમે સાંભળ્યું પરંતુ હવે હું તે તમને સર્વ ધર્મનો સાર નજરે નજર જણાવું છું તે તમારી આંખેથી જ જોઇ લ્યો. એમ કહીને કૌશિક ઋષિને પોતાના ઘરમાં લઇ ગયો.

ત્યાં સ્વચ્છ–સુંદર અને વિશાળ ઓરડામાં તેના માતા પિતા એક ઉત્તમ આસન પર બેઠાં હતાં. પારધિએ તેમનાં દર્શન કરી ચરણમાં મસ્તક નમાવી સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. માત પિતાએ આશીર્વાદ આપ્યો. પછી તે પારધિએ કૌશિક ઋષિને કહ્યું કે મારા દેવ કહો, વેદ કહો, જે કહો તે આ મારા માત પિતા છે. મારો પુત્ર, મારી સ્ત્રી અમે સર્વ એમની સેવામાં હમેશાં તત્પર રહીએ છીએ. હું મારા હાથે એમને સ્નાન કરાવું છું–જમાડું છું. માટે હે ઋષિ ! મારૂં તો એવું માનવું છે કે કલ્યાણની ઇચ્છા હોય તેમણે માતા પિતાની સેવા કરવી. માતા પિતાના વિચારને અનુસરી જે કાર્ય કરે તે ઉત્તમ, એમના કહ્યા પછી કરે તે મધ્યમ અને શ્રદ્ધા વિના કાર્ય કરે ને વાર બહુ લગાડે તે કનિષ્ઠ અને જે તેમની આજ્ઞા માને જ નહિ, તેમને ગણે જ નહિ એ પુત્ર તો પ્રત્યક્ષ નરકજ અધમમાં અધમ જ છે. આ પ્રમાણે ભાગવતમાં કહ્યું છે.

માટે વિદ્યાર્થી બાળકોએ સવારમાં શ્રદ્ધાપૂર્વક માતા પિતાની સેવા કરવી, તેમને પ્રણામ કરવા. બીજા પણ બંધુ વગેરે વડિલો હોય તેમને માન આપવું, વંદન કરવું. એ આપણા આર્યોના મુખ્ય નીતિ ધર્મ છે. આ રીત અત્યારે તો ઘણું ખરૂં નાશ જ પામી છે, પરંતુ કોઇ કોઈ સ્થળે લીસોટા જેવું જોવામાં આવે છે, કોઇ શુભ પ્રસંગ હોય તો વૃદ્ધો વડિલોને પ્રણામ કરો એમ કહેતાં તેમ કંઇક કરવામાં આવે છતાં આજ કાલના બાળકો પ્રણામ કરવામાં શરમ લાજ સમજે છે. પાશ્ચમની રીતિનું અનુકરણ થવાથી આપણી પ્રાચીન ધર્મ–ભાવના ભુલાતી જાય છે. એ ખરેખર શોક કરવા જેવું છે. માટે વિદ્યાર્થી બંધુઓએ પોતાની પ્રાચીન ધર્મ ભાવનાને વિસરાવી નહિ અને દરરોજ પ્રભુને પ્રણામ, ગુરુને નમન, માતાપિતા અને વડિલોને વંદન કરીને પછી પોતાના કામની શરૂઆત કરવી.

[શુદ્ધા દ્વૈત અને ભકિત માર્તંડ વર્ષ ૩ આશ્વિન સં. ૧૯૮૪ના અંક ૭ તથા કાર્તિક માર્ગશીર્ષ સં. ૧૯૮૫ના અંક ૮–૯ માંથી સાભાર]

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક રૂ. ૬૫૧

ગો. વા. ડાયાલા બેચરભાઇ ખખ્ખર, ગો. વા. નર્મદાબેન ડયાલાલ ખખ્ખર, રાજકોટના જય શ્રીકૃષ્ણ હ. પ. ભ શ્રી હસમુખભાઇ ડાયાલાલ ખખ્ખરના જય શ્રી કૃષ્ણ.

શ્રીવલ્લભ સંપ્રદાયની પરંપરા

પ્રેષક : પ. ભ. શ્રી બાલકૃષ્ણદાસ નારણદાસ શેઠ, ઘાટકોપર

કોઈ પણ ધર્મ-સંપ્રદાયને જાણવો હોય તો તેના અનુયાયીઓના વિચારો તથા તેમનો વ્યવહાર સમાજ સાથે કેવો છે તેનાથી તેમના સંપ્રદાય વિષે જાણી શકાય છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આજ્ઞા વર્ણાશ્રમ ધર્મનું પાલન કરતાં કરતાં શ્રીકૃષ્ણના આશ્રિત થઈને રહેવાનું છે. અને આપણી વાણી અને વર્તનમાં ભગવદ્આશ્રિતપણાનું પ્રતિબિંબ તેમાં પડવું જોઈએ. શ્રી વલ્લભે પ્રભુચરણશ્રી ગુંસાઈજી, સાતેય લાલજી તથા તત્પશ્ચાતના ગો. બાળકો અને મોટા ભગવદીયો તો મન, કર્મ, વાણીથી એક ભગવદ્આશ્રિત જીવન જીવી ગયા અને તેમની કોઈ પણ કૃતિનું વ્યવહાર અને વાણીમાં કાંઈ પણ વિસંગતાન આવી તેનું કારણ કે તેવો શ્રીવલ્લભના સંપ્રદાય પ્રમાણે અનુસરતા હતા. આ પ્રકારનું ભગવદીયજીવન જીવવામાં તેમને સહાયભુત થતાં હતા.

(૧) શ્રીવલ્લભના સિદ્ધાંતો જે આપણને ષોડશગ્રંથ વિગેરે વલ્લભ સાહિત્યમાં મળે છે.

(૨) વલ્લભીય જીવનની પરંપરા જેનું અનુકરણ સંપ્રદાયના ગો. બાળકો તથા વૈષ્ણવોનાજીવનથી મળે છે. આ પરંપરા જોવા જાણવા માટે કોઈ ગ્રંથ જોવાની જરૂર નથી, પણ પ્રાચીન સંપ્રદાયના અગ્રસરો કેમ અને કેવી રીતે અમુક પરિસ્થિતિમાં બોલતા કે વર્તતા હતા તેનું જ નામ પરંપરા. તેમનું જીવન જ એક ખુલી ચોપડી જેવું હતું. કારણ કે તેઓ જે માનતા હતા તેનું તે જ પાલન કરતા હતા અને તેવું જ બોલતા હતા. અસ્તુ....!

હવે આપણે થોડી પરંપરા ઉપર વિચારશું

(૧) હરિ અને શ્રીગુરુ પ્રત્યે આદર રાખવો. જ્યાં હરિ એટલે કે શ્રી ઠાકોરજી બિરાજેલા હોય અથવાં શ્રીગુરૂ-શ્રીવલ્લભકુલ વંશજ ત્યાં જવું તો નતમસ્તક થઈને જવું દંડવત્ કરીને બેસવું અથવા બીજા વૈષ્ણવો જો બેઠા હોય તો ત્યાં જઈને બેસવું. આપણા પગ તેમની સન્મુખ ન થઈ જાય તેવી કાળજી રાખવી. વાતચીત દરમિયાન આદરભાવ રાખવો. દંડવત્ ચરણસ્પર્શ કરીને મસ્તક અને આંખે હાથ લગાવીને એવી રીતે બહાર નીકળવું કે આપણી પીઠ તેમની સામે ન આવે. વૈષ્ણવો જેવો વ્યવહાર તેમની સાથે ન કરાય તેથી જ આપણે વલ્લભકુલ વંશજને દંડવત્ કરીને વાતચીજ કરીયે છીએ અને જયશ્રીકૃષ્ણ નથી કહેતા. શ્રી ઠાકોરજી સન્મુખ પણ આચાર્યબાળકોને અથવા વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ ન થાય.

(૨) વૈષ્ણવતા એ આત્માનો ધર્મ છે. વૈષ્ણવતાને વેંચી નથી શકાતી એટલે કે ઉદર અર્થે કે બીજા કોઈ લૌકિક કાર્યાર્થે વૈષ્ણવોથી દ્રવ્ય કે બીજી કોઈ વસ્તુ લેવાતી નથી, નાગજી ભટ્ટ શ્રી ગુસાંઈજીના સેવક હતા. ખંભાતના વૈષ્ણવોએ તેમની દિકરીના લગ્નપ્રસંગે મોટી રકમની હુંડી મોકલી તે તેમને ન સ્વીકારી અને તે હુંડી શ્રી ગુંસાઈજીને મોકલી આપી.

એ પટેલ વૈષ્ણવોએ વ્રજવાસ કરેલો તેઓ સેવાથી પહોંચી તિલક ભૂંસાડી મજુરી કરવા જાતા જેથી કોઇ તેમને જાણી ન જાય કે આ વૈષ્ણવ છે અને મજુરી વધુ આપે. આપણી પાસે જે છે તે સર્વ પ્રભુનું છે. જે આપણી હૈયાતિ પશ્ચાદ શ્રી ગુરુદેવને ત્યાં જાય છે. શ્રી ગુરુદેવને ત્યાંનું પ્રસાદી અન્ન લઇ શકાય છે. જયાં ગુરુદેવ દ્વારા આચાર્યભાવથી વ્રજભકતોનું સમર્પણ પ્રભુની સેવા થતી હોય ત્યાંનો પ્રસાદ લેવો.

(૩) સંપ્રદાયમાં બિરાજતા બધાં જ સ્વરૂપ શ્રી વ્રજલીલા સંબંધી છે. ભલે તે શ્રી વલ્લભકુલ ઉપર બિરાજતું હોય કે વૈષ્ણવ ઉપર બિરાજતું હોય, એ માટે વ્રજભૂમિના દર્શને કે બ્રજયાત્રા જવું વૈષ્ણવોનું કર્તવ્ય છે. જયારથી શ્રી ગુસાંઇજીએ બ્રજયાત્રાનો (લીલી પરિક્રમા) ક્રમ ભાદરવા સુદી ૧૨થી ઉપડવાનો કર્યો છે. ત્યારથી આજ સુધી આ ક્રમ કોઇન કોઇ ગો. બાળકો દ્વારા ચાલુ જ છે. વચમાં કહેવાય છે કે તે સંચવાણો ન હતો, તો શ્રી પુરુષોત્તમજી ખ્યાલવાળા ગોસ્વામીજી એ તેને પુનઃ ચાલુ કર્યો તે આજ દિવસ સુધી અખંડ ચાલુ છે.

આ વ્રજભૂમિના સ્વરૂપનું દર્શન કરવા—અલૌકિક વસ્તુ મેળવવા—વૈષ્ણવો સ્વઇચ્છાથી લૌકિક વસ્તુઓનો ત્યાગ કરે છે તો તેમને વ્રજયાત્રા ફળરૂપ થાય, અને તે માટે શ્રી યમુનાજીની સાનિધ્યમાં વિશ્રામઘાટે શ્રી ગુરુદેવ નિયમ લે છે અને તે પશ્ચાદ વૈષ્ણવો પોતપોતાના ચોબાઓ પાસેથી નિયમ લે છે, અને શ્રી ગુરુદેવની આજ્ઞા પ્રમાણે જ વ્રજયાત્રા કરે છે. કયા સ્થળે કયારે જવું તે સર્વે શ્રી ગુરુદેવ નકકી કરે છે તેમને જ અનુસરતા જઇશું તો જ આ અગમ્ય એવી વ્રજલીલાનું રહસ્ય હૃદયારૂઢ થશે. જેને માટે મોટા મોટા ઋષિ પણ ધ્યાન લગાવીને થાકી ગયા તે લીલાનું સ્વરૂપ આપ કૃપા કરીને ભકતના હૃદયમાં વચનામૃત દ્વારા સ્થાપન કરે છે. આમાં દેહ સંબંધી સુખ ગૌણ છે. આજકલ ઘણા ચતુર્વેદી અથવા સ્થાનિક લોકો વ્રજયાત્રાનું આયોજન કરે છે. શ્રી વલ્લભકુલ વંશ વગર તેમાં વૈષ્ણવો ભાગ લે છે તે પરંપરા અનુસાર નથી, કારણ કે બ્રજયાત્રા કોઇ પર્યટન નથી જેમાં સુખ-સગવડતાને અગ્રતમ મળે. એ તો જીવનનો એક અલૌકિક અવસર છે જે પ્રભુકૃપાએ શ્રીયમુનાજી કૃપાએ શ્રી ગુરુદેવ આપણને સુલભ્ય કરાવે છે. અસ્તુ....!

✓

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

યથા તુ ધર્મકામાર્થાન્, ધૃત્યા ધારયતેર્જુન ।
પ્રસંગેન ફલાકાંક્ષી, ધૃતિઃ સા પાર્થ રાજસી ।૩૪।

શ્લોકાર્થ–હે અર્જુન, જે ધૃતિથી ધર્મ અર્થ કામની ધારણા (નિયમન) કરાય છે. તથા (ફળના) પ્રસંગે ફળની ઇચ્છાવાળી હોય છે તે ધૃતિ, હે પાર્થ ! રાજસી કહેવાય છે. ૩૪

ટીકા–હવે રાજસીનું વર્ણન કરે છે. યથા વગેરેથી, તુ એટલે તો વળી હે અર્જુન ! તારા (અર્જુન એવા) નામથી જ તું મુકિતનો અધિકારી છે. જે ધૃતિથી ફલાકાંક્ષી (એટલે ફલની અભિલાષા વાળો) બનીને પ્રસગે એટલે ફલ પ્રસંગે અને નહિ કે મારા ભજનના ઉપયોગિત્વ તરીકે, ધર્મ અર્થ કામને ધારણ કરે છે (પોષણ આપે છે) તે બુદ્ધિને ઉપયોગી સાધનો વડે, હે પાર્થ ! એ ધૃતિને રાજસી એટલે રજો ગુણ સંબંધ વાળી એટલે પોતાના સુખોપભોગાદિરૂપ ફળવાળી કહેવામાં આવી છે. ૩૪.

યથા સ્વપ્નં ભયં શોકં, વિષાદ મદમેવ ચ ।
નવિમુંચતિ દુર્મેધા, ધૃતિઃ સાપાર્થ તામસી ।૩૫।

શ્લોકાર્થ–જે ધૃતિ વડે સ્વપ્ન, ભય, શોક, વિષાદ તથા મદને જે દુર્મેધા (એટલે દુર્બુદ્ધિ) વિશેષે કરીને છોડતી નથી તે ધૃતિ, હે પાર્થ ! તામસી (એટલે નિષ્ફળ) છે. ૩૫.

ટીકા–હવે તામસી ધૃતિનું વર્ણન કરે છે યથા.... વગેરેથી દુર્મેધા એટલે દુર્બુદ્ધિ જેના આગ્રહરૂપે સ્વપ્નને (મોહરૂપી નિદ્રાને) ભયને (એટલે ભગવાનની ઇચ્છા વિષેના અજ્ઞાનથી) અથવા તો શત્રુ કે ચોર કે મૃત્યુના ભયથી શોકથી (એટલે ભગવાને કરેલા અર્થના અપુરતા જ્ઞાનને લગતા વિચારથી) વિષાદ (એટલે ખેદથી), મદમ્ (એટલે પોતાના અજ્ઞાનરૂપ હું જ સાચો એવા અભિમાનથી માંસાદિનું ભક્ષણ ન છોડનાર, ખાસ કરીને તેમાં દોષ રહેલો છે એવા જ્ઞાનના અભાવને લીધે કરવું જ છે એમ માનીને જે છોડતી નથી, હે પાર્થ ! એ ધૃતિ તામસી–નિષ્ફળ છે એ ભાવાર્થ છે. ૩૫

સુખંત્વિદાની ત્રિવિધં, શ્રૃણુ મે ભરતર્ષભ ।
અભ્યાસાદ્રમતે યત્ર, દુઃખાંતં ચ નિગચ્છતિ ।૩૬।
યત્તદગ્રે વિષમિવ, પરિણામે મૃતોપમમ્ ।
તત્સુખં સાત્વિક પ્રોક્ત આત્મ બુદ્ધિ પ્રસાદ
જમ્ ॥૩૭॥

શ્લોકાર્થ–હે ભરતવંશમાં શ્રેષ્ઠ અર્જુન હવે ત્રણ પ્રકારના સુખ વિષે મારી પાસેથી સાંભળ. જ્યાં (જેમાં) નિરંતર અભ્યાસ (એટલે અનુશીલન–સતત ભોગવતા રહેવા) થી આનંદ મેળવે છે અને દુઃખનો અંત પામે છે. એટલે કે એવા (ક્ષણિક) વિષય સુખના અંતમાં દુઃખ થાય છે. જે સુખ શરૂઆતમાં વિષની જેવું

પરંતુ પરિણામે (અંતમાં) અમૃતના જેવું હોય છે તે સુખને સાત્ત્વિક કહ્યું (ગણ્યું) છે. કારણ કે તે મારા (એટલે પરમાત્મા) સંબંધી બુદ્ધિના આનંદને ઉત્પન્ન કરનારું છે. ૩૭.

ટીકા–આ પ્રમાણે ધૃતિના ત્રણ પ્રકારો કહ્યા પછી એ ધૃતિ સુખ રૂપી ફળ આપનારી હોવાથી સુખના ત્રણ પ્રકારોને વર્ણવે છે–સુખ વગેરે હવે ધૃતિ જ્ઞાન કહ્યા પછી કહે છે કે સુખ ત્રણ પ્રકારનું છે. સુખ સંબંધી જ્ઞાનને સાંભળવા માટે યોગ્ય એવા હે ભરત શ્રેષ્ઠ ! એ (સુખ) વિષે તું મારી પાસેથી સાંભળ, આ પ્રમાણે જણાવીને એ સુખની ત્રિવિધતા જણાવે છે. તે સુખના અભ્યાસથી એટલે નિરંતર અનુશીલન (એટલે પરિચય–નિત્ય ભોગવવું તે) ને કારણે જેમાં હંમેશાં આનંદાનુભવ મેળવે છે અને દુઃખનો અંત અનુભવે છે એવા વિષય સુખના અંતમાં દુઃખના (એટલે સંસારના) અંતને અનુભવે છે. ૩૬

વળી, (તદુપરાંત) જેનું વર્ણન (કથન) કરવાનું અશકય છે, પણ જે માત્ર અનુભવથી જ જાણી શકાય એવું છે જે શરૂઆતમાં વિષ જેવું–એટલે લૌકિક સુખના સંપુર્ણ ત્યાગમાં પ્રાણના હરણની જેવું–વિષના જેવું–કડવું લાગે છે. પરંતુ પરિણામમાં ફળની પરિપકવ દશાના સમયે એ અમૃતના જેવું અતિ મધુર (મીઠું) અથવા તો (ચાર પુરુષાર્થોમાંના છેલ્લા પુરુષાર્થ મોક્ષની પ્રાપ્તિ જેવું (અતિ મધુર તથા સંતોષ કારક) લાગે છે. મારા (એટલે પરમાત્માના) સંબંધ વાળી જે બુદ્ધિ તેના પ્રસાદ (એટલે આનંદ) થી ઉત્પન્ન થયેલા સુખને સાત્ત્વિક કહ્યું છે. કારણ કે તેમાં રજો ગુણથી ઉત્પન્ન થયેલા વિકારોનો અભાવ હોવાથી શુદ્ધત્વ હોય છે. તેનાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક કહ્યું છે. કારણ કે તેમાં રજો ગુણ યા તો તમો ગુણથી ઉત્પન્ન થયેલા વિકારોનો અભાવ હોવાથી શુદ્ધત્વ હોય છે. તેનાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક એટલે સત્ત્વ ગુણના સંબંધથી ઉત્પન્ન થયેલું કહેવાય છે–તે વિષયને સારી રીતે જાણનાર (તજજ્ઞો) આમ કહે છે એમ ઉમેરવું જોઇએ. ૩૭

વિષયેન્દ્રિય સંયોગાદ્યત્તદગ્રેમૃતોપમમ્ ।
પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ।૩૮।

શ્લોકાર્થ–વિષય તથા ઇન્દ્રિયના સંયોગને લીધે જે સુખ શરૂઆતમાં અમૃત સમાન લાગતું હોય પરંતુ પરિણામે (એટલે ફળસ્વરૂપે) વિષના જેવું (કડવું અથવા તો દુઃખદાયક) લાગે તે સુખને રાજસ કહેવામાં આવ્યું છે. ૩૮

ટીકા–હવે રાજસ સુખનું વર્ણન કરે છે. વિષયેન્દ્રિય....વગેરે વિષયોના તથા ઇન્દ્રિયોના સંયોગથી, એ વાત પ્રસિધ્ધ (જાણીતા) છે કે પુષ્પમાળા, સુગંધ, સારા (આભરણ) દાગીના, સ્રીસંગ....વગેરે, ભગવાનના સંબંધથી રહિત જે સુખ છે તે શરૂઆતમાં આવી પડે ત્યારે અમૃત જેવું મીઠું લાગતું હોય છે–મીઠામાં મીઠું લાગતું હોય છે, પરંતુ પરિણામમાં–ફળ પ્રાપ્તિની અવસ્થામાં–વિષની માફક–ભગવાનની વિસ્મૃતિ કરાવતું હોવાને કારણે જેનો સ્વભાવ માત્ર જીવ હરણ જેવો (ક્રુર અથવા દુઃખદાયક) હોય છે–એ સુખને રાજસ કહેવામાં આવ્યું છે એ જાણીતી વાત છે એમ અર્થ છે. ૩૮

યદગ્રેચાનુબંધે ચ, સુખં મોહનમાત્મનઃ ।
નિદ્રાલસ્ય પ્રમોદોત્થં, તત્તામસમુદાહૃતમ ।૩૯।

શ્લોકાર્થ–જે સુખ શરૂઆતમાં તથા પરિણામે (ફળ સ્વરૂપે) પોતાની જાતને મોહ

પમાડનારું-સુખનો ભ્રમ ઉપજાવનારૂં-છે અને નિદ્રા, આળસ તથા પ્રમાદમાંથી ઉત્પન્ન થયેલું છે-તે સુખને તામસ તરીકે વર્ણવવામાં આવેલું છે. ૩૯

યદગ્રે....વગેરે શબ્દોથી હવે તામસ સુખનું વર્ણન કરે છે. જે સુખ સરૂઆતમાં તેમ જ છેલ્લે-પરિણામ દશામાં-નિદ્રાથી એટલે કે ઇન્દ્રિયોની બિનઅસરકારક (અપટુત્વેન) સ્થિતિને કારણે સાચા આનંદને ન ઓળખી શકનાર શકિતથી તથા આળસથી એટલે કે યોગ્ય ક્રિયા (એટલે કરવા જેવું કાર્ય) ન કરવાથી અથવા તો તેમાં ઢીલ કરવાથી, તથા સુખનું ખોટું અભિમાન એટલે કે પ્રમાદથી, તથા કરવા જેવા કાર્યો (કર્તવ્ય), પુજા, અધ્યયન વગેરેનું આચરણ ન કરવાથી અસાવધતા તથા ચૂપકીદી સેવવારૂપ અજ્ઞાન જન્ય આનંદ મળવાનો જે ખોટો ભ્રમ છે તે બધાથી (એટલે કે નિદ્રા આળસ, પ્રમાદ વગેરેથી ઉત્પન્ન થતું સુખ-જે જીવને મોહ પેદા કરનારૂં છે ભગવાનનું વિસ્મરણ કરાવનારૂં છે-તે સુખને જ્ઞાની જનોએ તામસ એટલે નિષ્ફળ ગણાવ્યું છે, ૩૯

ન તદસ્તિ પૃથિયાં વા, દિવિ દેવેષુ વા પુનઃ ।
સત્ત્વં પ્રકૃતિજૈર્મુકતં, યદેભિઃસ્યાત્ ત્રિભિર્ગુણૈઃ
॥૪૦॥

શ્લોકાર્થ-આ ત્રણ પ્રકારના ગુણો-જે પ્રકૃતિથી જ જન્મેલા (ઉત્પન્ન થયેલા) છે-તેમનાથી મુકત (રહિત) કોઈ પણ સત્ત્વ પૃથ્વી ઉપર યા તો નાગાદિ લોકોમાં યા તો દેવલોકમાં કોઇ નથી. ૪૦

ટીકા-આ પ્રમાણે યજ્ઞ વગેરે સર્વેના ત્રિવિધ રૂપને દર્શાવીને હવે ત્રિગુણાત્મક સ્વરૂપને દર્શાવે છે કે ‘ન તદસ્તિ’....વગેરે આ બધા પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ પ્રકારના (સાત્ત્વિક રાજસ તથા તામસ વગેરે) ગુણોથી રહિત સત્ત્વ (એટલે પ્રાણી જાત) જે સ્થાવરાદિક યા તો અન્ય આ પૃથ્વી ઉપરના મનુષ્યોમાં અને વા શબ્દ વાપરીને નાગાદિ લોકોમાં પણ યા તો દેવલોકમાં પણ દેવોમાં હોઇ શકે તે નથી એમ અર્થ છે. સાત્વિકાદિઓમાં પણ ત્રિવિધતા છે એમ “વા પુનઃ” એ શબ્દોથી દેવોમાં ફકત-સાત્ત્વિકતા હોવાથી (એ ત્રિવિધતા) દેવોમાં અસંભવિત હોવાને કારણે જ એમ નક્કી કર્યું. ૪૦ ક્રમશઃ

અનુસંધાન

પ્રેષક : **સુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ હીંગનઘાટવાળા**

[શ્રી હરિરાય મહાપ્રભુજીએ અનેક અષ્ટપદી સંસ્કૃતમાં રાગ રાગણીમાં કરેલ છે. તેમાં વિરહાત્મ ભાવે લીલાનુંસંધાન કરેલ છે તેમાંની એક ભાવ વિચારવા અત્રે પ્રસ્તુત છે.]

નટ રાગેણ ગીયતે

હિંડોલે હરિરિહ સખી વિલસતિ;
રાધિકયા સકલાધિકયા સહ વિવિધધિકૃતિ સહિતો બહુવિહસતિ. ૧
નવ જલદે ચપલા સહિતે મુહુરતિધીરં ગર્જતિ;
મૃદુ કુસુમોપમ બિંદુ ગણાનાભંતો પરિ વર્ષતિ. ૨
વિવિધ વર્ણ વસનાભૂષિત યુવતિ નિકરે મૃદુ ગાયતિ;

મુહુરનુપદમથમુદ્રિત નયનં નિજપતિરૂપં ધ્યાયતિ. ૩
વિવિધ કુસુમ મકરંદ ગંધ મોહિત મધુપે સખિ વિચરતિ;
યમુનો પવન સતત સેવન પવને સુરજ્જે નનુ વિકિરતિ. ૪
રમણી વદન વિધૂદય મોહિત નયન કુમુદ યુગલે વિકચીયતિ;
સુંદરતા સરસીર સમજ્જન સજલતરે મુહુરધ્યતિ. ૫
વિરચિત સુકૃતે ગોપી નિકરેનુપમ સુખં સખિ વિંદતિ;
નિજનાથે કરુણૈકદશા મુહુરુચિતતરં પ્રતિ વિંદંતિ; ૬
એતાદશમત્રપ્રભુલીલામથ ચિત્તમિદં વિવિચીષતિ;
વિષય દોષ અતિયોષ વિહિત કુમતિં ક્ષણતો વિજિગીષતિ. ૭
શ્રીવલ્લભપદ કમલ યુગલ પતિતે દીનેવ સ કલ્પતિ;
'હરિદાસ' ખિલ વિરચિતહાસે વિરહવશેન ચ જલ્પતિ. ૮

ભાવાર્થ-હે સખી, અહીં હિંડોળામાં હરિ સકલ જગત્‌થી અધિક એવા શ્રીરાધિકાજી સાથે શોભે છે. અને વિવિધ પ્રકારનાં હાસ્ય બાહ્ય રમણોથી કરે છે. ૧

ખરેખર વિજળીઓથી વિંટાયેલા નવા વાદળાંની જેમ તે અતિ ગંભીર ગર્જના કરે છે અને કોમળ કુસુમ સમાન શ્રમ બિંદુઓ અનુરાગી ઉપર ચારે બાજુથી વર્ષે છે. ૨

ચિત્ર વિચિત્ર વસ્ત્રોથી શોભી રહેલી યુવતિઓનાં સમૂહમાં તે ભગવાન મધુર ગાન કરે છે. અને શ્રી રાધિકાજી પણ વારંવાર પદે પદે નિજ પતિનાં સ્વરૂપનું મુદિત નયનથી ધ્યાન ધરે છે. ૩

હે સખી, ભાત ભાતનાં સુંદર કુસુમોથી મકરંદની સુગંધ વડે મોહ પામી ગયેલા તે ભ્રમરા (કૃષ્ણ) પાછળ હે સખી। રાધિકાજી જાય છે અને શ્રી યમુનાજીનાં ઉપવનને સતત્ સેવનાર પવનમાં શ્રી યમુનાજીની સરસ રજને પ્રભુ વેરે છે. ૪

રમણીયોનાં વદનરૂપી ચંદ્રના ઉદયથી મોહિત થયેલાં છે, નયનરૂપી જે કુમુદ યુગલો તેને વિકસાવે છે, તથા સુંદરતારૂપી સરોવરનાં રસમાં સ્નાન કરવા માટે અત્યંત સજલ નયનોને વારંવાર વિકસાવે છે. ૫

બડભાગી ગોપીજનોનાં યુથમાં હે સખી ! પ્રભુ અનુપમ સુખને મેળવે છે અને રાધિકાજી પણ કેવળ એક કરૂણ દષ્ટિ વડે જ નિજ નાથને વિષે અત્યંત સુંદર રીતે પતિને પાછા મેળવે છે. ૬

આના જેવી પ્રભુની લીલાનું આ ચિત્ત વિવેચન કરવા ઇચ્છે છે અને તેજ ચિત્ત વિષય રૂપી દોષમાં રહેલી બુદ્ધિ બળથી ઘડાયેલી કુમતિને જીતવા ઇચ્છા કરે છે. ૭

શ્રીવલ્લભ પદનાં બન્ને ચરણ કમલમાં પડેલો એવો જે હરિદાસ' (શ્રીહરિરાયજી) કે જે દીન છે, તે બહુ કલ્પાંત કરે છે. એવી ભગવદ્ લીલાનું **'અનુસંધાન'** કરીને હસતા હરિદાસ વિરહથી વશ થઇને જલ્પન કરે છે. ૮

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

શ્રીમદ્ રઘુનાથ ચરણ વિરચિત વિવરણ

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

અહંકાર વિમૂઢેષુ, સત્સુપાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૪॥

'અહંકાર' વગેરે અને વળી અમે તો સર્વજ્ઞ (સર્વ જાણનાર) છીએ અથવા તો અમારાથી અધિક જાણનારા બીજા કોણ છે જેને અમે પૂછવા જઇએ એવા અહંકારને લીધે ખાસ કરીને એવા મૂઢ લોકો જેમને પોતાના ઉદ્ધારના ઉપાય (ઇલાજ)નું જ્ઞાન નથી એમાં 'લોકો' એ શબ્દ અધ્યાહાર (ઉલ્લેખ થયા વગરનો) છે એમ સમજવું. બીજું એ કે મહાપુરુષો (સત્સુ) પાપ એટલે દુરાચરણ કરનારના અનુવર્તી એટલે પાપીઓને અનુસરનારા થતા હોય છે અથવા (બીજો અર્થ એ કે) આજીવિકા મેળવવા માટે સાધુપુરુષો નિષિદ્ધ (મનાઈ કરેલું) આચરણ કરવા લાગ્યા હોય ત્યારે, તેઓની ખાસિયત કઇ છે ? દ્રવ્યાદિનો લાભ અથવા પોતાની મોટાઇ માટે લોકો દ્વારા સન્માન મેળવવું–આવી ત્રણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સત્પુરુષો પ્રયત્ન કરતા હોય એવી પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે. ॥૪॥

અપરિજ્ઞાન નષ્ટેષુ, મંત્રેષ્વ વ્રત યોગિષુ ।
તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૫॥

'અપરિજ્ઞાન'–વગેરે વૃદ્ધજન (જ્ઞાનવૃદ્ધજનો) યા તો ગુરુ વગેરે વિદ્યા સંપાદન માટે ન જવાથી મંત્રોના પાઠ કે અર્થનું સંપૂર્ણ એટલે પુરેપુરૂં જ્ઞાન ન હોવાથી મંત્રોનો પ્રભાવ નાશ પામવાથી સારા માણસો (સત્પુરુષો) અદૃશ્ય થયા. તો પછી અવ્રતયોગીનું તો શું પૂછવું. અવ્રતયોગી એટલે વ્રતોથી ભ્રષ્ટ થયેલાઓની વચ્ચે યોગ એટલે સ્થિતિ ધરાવનાર લોકો કંઇ કરી શકે નહિ. અને બીજું પોતપોતાના આશ્રમમાં રહેલા સજ્જનો યોગીઓ કહેવાય. એવા સત્પુરુષો પણ વ્રત વગરના થઇ જાય. તો પછી જેમના મંત્રોનો અર્થ લુપ્ત થઇ ગયો છે એવા અધિષ્ઠાત્રી દેવતાઓનું તો શું કહેવું ? મંત્રોનો અર્થ કે દેવતા એ બન્ને બાબત જેમની નથી જાણવામાં આવતી તેવા લોકોથી કયો અર્થ સરે ? કશોય નહીં એ તાત્પર્ય છે. ॥૫॥

નાનાવાદવિનષ્ટેષુ, સર્વકર્મવ્રતાદિષુ ।
પાખંડૈક પ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૬॥

'નાનાવાદ....' વગેરે કુતાર્કિક (ખોટા તર્ક દલીલો) ધરાવતા બૌધ વગેરે માર્ગોમાં કહેવાયેલા વાદો વાગ્જાળ જેવા ગણાય– જેવા કે ચાર્વાક જેવા–"યાવત્ જીવેત્સુખં જીવેત્"–જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી સુખપૂર્વક જીવી લ્યોને ! દેવું કરીને પણ ઘીનું ભોજન કરો, કારણ કે એક વખત બળીને ભસ્મ થયા પછી દેહને પુનર્જન્મ નથી મળવાનો ! આ પ્રકારના ખોટા વાદો કરીને વૈદિક આગમ (શાસ્ત્રો) વગેરેનો વિનાશ થવાથી–ખાસ પ્રકારનો નાશ થવાથી સારા માણસો નાસ્તિકતાને લીધે ધર્મવિમુખ થવાથી, એટલું જ નહિ પરંતુ

પાખંડોમાં એટલે વેદ વગેરેથી વિરૂદ્ધ અર્થોમાં પણ એક અસાધારણ પ્રયત્ન (એટલે પ્ર+યત્ન પુનઃ પુનઃ ઉંદ્યમ–યત્ન) કરનારા લોકો જ્યાં હોય ત્યાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ છે. ॥૬॥

વિશ્વાસ બેસે તે માટે દ્દષ્ટાંત આપીને આશ્રયને વર્ણવે છે–

અજામિલાદિ દોષાણાં, નાશકોનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલ માહાત્મ્યઃ, કૃષ્ણ એવ ગતિર્મમ ।૭।

'અજામિલાદિ દોષાણાં....' વગેરે બ્રાહ્મણ જાતિના પણ શુદ્ર જેવું આચરણ કરનારા અજામિલ નામના ઘોર પાપીનાં પાપોને પણ ધોઇ નાખનાર–માત્ર 'નારાયણ' એવું નામ લેતાં પાપ મુકત થનારનું દ્દષ્ટાંત (દાખલો, ઉદાહરણ) અમારા અનુભવમાં આવેલ છે અને શાબ્દિક અનુભવ દ્વારા અંતઃ કરણમાં પણ પ્રત્યક્ષ થવાથી સ્થિત છે. એટલે તેને મારા વકતવ્યમાં સ્થાન આપ્યું છે.

'આદિ' શબ્દ વાપરીને ગજેન્દ્ર જેવા બીજા પણ એમ સૂચવ્યું છે, તેમજ યમલોકમાં રહેલા અને પાપની શિક્ષા ભોગવવા નરકમાં પડેલા બીજા પાપીઓના ઉદ્ધારનું પણ સૂચન છે, આ વાત નૃસિંહ પુરાણ વગેરેમાં જાણીતી છે.

શ્રી કૃષ્ણ કે જેમણે દૈવી જીવોની બાબતમાં પોતાનું અખિલ એટલે સમગ્ર માહાત્મ્ય જ્ઞાપિત એટલે જણાવેલું છે એવા શ્રી કૃષ્ણ મારી ગતિ છે. ૭

પ્રાકૃતાઃ સકલા દેવા, ગણિતાનંદકં બૃહત્ ।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્કૃષ્ણ એવ ગતિર્મમ ॥૮॥

'પ્રાકૃતાઃ'.... વગેરે બધા દેવો–બ્રહ્મા વગેરે દેવો તો પ્રાકૃતિ એટલે માયા એ માયાથી તેમની ઉત્પત્તિ, સ્થિતિ, વિલય વગેરે થાય છે, તેથી એવા પ્રાકૃત દેવોનો આશ્રય કરવાથી કાળ વગેરેનો ભય દૂર થતો નથી, પરંતુ ઉલટાનો ભયને ઉત્પન્ન કરનાર નીવડે છે. આ જ કારણથી દશમા (સ્કંધ) માં કહેવામાં આવ્યું છે કે 'મર્ત્યો મૃત્યુ વ્યાલભીતઃ પલાયન' એટલે પલાયન કરતા (દોડીને નાશી જતા) મર્ત્ય માનવીને મૃત્યુરૂપી વાઘની બીક (ડર) છે. તેથી બૃહત્ અક્ષરનું તેવું તો નહિ હોય એમ પૂછતાં કહે છે કેના, કારણ કે એ બૃહત્ (બ્રહ્મ) તો ગણિતાનંદક છે. બ્રહ્માની અપેક્ષાએ સો ગણા આનંદથી સો ગણા આનંદથી ભરેલા હોવાથી બ્રહ્માનો આનંદ અપરિમિત (માપી ન શકાય એવો) છે એટલે બ્રહ્મના આનંદથી (એ) બ્રહ્માનો આનંદ–ઓછો છે તેથી સકલ દુઃખોના હરનાર શ્રીકૃષ્ણનો આનંદ પૂર્ણ (પૂરેપૂરો) છે અને ખંડિત ન થાય એવો છે તેથી બધા ઉપાયો કરીને (સર્વોત્માથી) કૃષ્ણ જ મારી ગતિ છે. ૮

—ક્રમશઃ

ભક્ત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણનામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. પ. ભ. મીસ્ત્રી **રવજીભાઈ** 'વ્રજ' ધોરાજી.

[ગતાંકથી ચાલુ]

નામ માત પિતુ નામી હેત સુત ઉભયાંભ્યંતર
તદપિ માતાના શ્રમ થકી પિતુ એટલો અંતર ।૫૦।
પિતા પુત્ર હોય પુનિત તહો લગી લે ઉછંગે
સ, મળ થયો કે ત્યાગ કરે નવ રાખે સંગે ।૫૧।

ભાવાર્થ-પુત્ર-માતા પિતાના સંયોગથી જ ઉત્પન્ન થયેલ હોવા છતા પિતા કરતાં માતાનું હેત પુત્ર ઉપર વધારે હોય છે. આમ ઉભયના સંયોગથી થયેલ પુત્ર ઉપર પણ માતા પિતાના હેતમાં અંતર હોય છે. ।૫૦।

જ્યાં સુધી પુત્ર ચોખ્ખો હોય ત્યાં સુધી પિતા તેને ખોળામાં બેસાડે છે, અને મળ મુત્ર કરે ત્યારે તેનો ત્યાગ કરી દે છે, અને માતાને આપી દે છે, અને માતા તેને પ્રેમથી સંભાળી લ્યે છે, અને પ્રક્ષાલન કરે છે.

ત્યમ અંબા નવ કરે અર્ભક અતિ અંતર વહાલો
ઘણી એક વાર પ્રક્ષાલિત કરે સૂચિ લહી નિજ કાલો
।૫૨।
એમ અનેક વાર પણ ધોય ધાય નવ કંપે
કરી યોગ્ય વળી પુત તહોજઇ જનકને સોંપે ।૫૩।

ભાવાર્થ-પિતાની જેમ માતા કરતી નથી કારણ કે તેને બાળક અતિશય વહાલો છે. કદાચ અનેકવાર પ્રક્ષાલન કરવું પડે તો પણ તેને પુત્ર ઉપરના હેતમાં જરાપણ ઉણપ આવતી નથી, ખોળામાં મળ મુત્ર કરે તો પણ તેને અભાવ આવતો નથી અને પુત્ર ઉપર સદા આંસુભીની આંખે વ્હાલ વરસાવતી જ રહે છે. અને શુદ્ધ કરી અને પાછો પિતાને સોંપે છે. પુત્ર રડે તો સર્વ કામ છોડીને પણ તેને સંભાળે છે.

એજ રીતે વિચારી નામ નામીને જોજો
નામ વીના નહી મળે નામી નામે ચિત્ત પરોજો
।૫૪।

ભાવાર્થ-આ રીતે વિચાર કરી, અને શ્રીકૃષ્ણનું નામ માતા રૂપે માનો કે જે નામ રટણથી, નામ પોતે જીવના દોષ સામે ન જોતાં, અનેક વાર પવિત્ર કરી અને નામી રૂપ પ્રભુને પ્રેમથી સોંપે છે, માટે પ્રથમ નામમાં ચીત્તને પરોવજો, આમા અષ્ટ સખા માટેના કુંભનદાસજીનું દ્રષ્ટાંત છે. એક સમય શ્રીનાથજી કુંભનદાસજી પાસે ખેલતા હતા, ત્યારે મંદિરમાં શંખનાદ થયો કે તુરત જ કુંભનદાસજી મંદિર તરફ ચાલવા લાગ્યા, ત્યારે શ્રીનાથજીએ કહ્યું કે હું તો અહીં તારા પાસે છું. અને તું કયાં જાય છે. ત્યારે કુંભનદાસે કહ્યું કે આપ અહીં ખેલો છો તે મંદિરની સેવાના પ્રતાપથી ખેલો છો, પરંતુ નાસીજાઓ તો આપને રોકી શકાય નહીં, ત્યારે મંદિરમાં તો શ્રીમહાપ્રભુજીએ કીર્તનની સેવા આપી છે. તે સેવાના પ્રતાપે આપ મારા પાસે રોકાઓછો, અને નાસી જાઓછો પરંતુ શ્રીમહાપ્રભુજીએ મંદિરમા પધરાવ્યા છે, ત્યાંથી તમે નાસી શકો તેમ નથી, માટે શ્રીમહાપ્રભુજીના લાડીલા શ્રીનાથજીની સેવામાં હું જાઉં છું. આપ તો દોડીને પધારશો મારાથી કંઇ દોડાશે નહીં. ત્યારે શ્રીનાથજીએ અતી પ્રસન્ન થઇ અને કહ્યું કે. કુંભનદાસ ! તારો ભાવ સાચો અને અદ્‌ભુત હું તારા ઉપર પ્રસન્ન છું આ છે નામનો પ્રતાપ સ્નેહ પુર્વકના નામના પ્રતાપથી નામી સદા સર્વદા વશ થઇને જ રહે છે. માટે નામી ઉપર લે લગાવીએ. —ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૭૩

નમો દેવી યમુને નમો દેવી યમુને
મન કર્મ બચન કરી શરન તેરી ॥
સકલ સુખ કારિણી ભવ સિંધૂ તારિણી
દરસતે કટત હૈ પાપ બેરી ॥૧॥
ભક્ત વરદાયિનિ ભક્ત મન ભાવની
ભકત સહાયિની ભકત ભેરી ॥
દીજીયે ભકિત અબ લાલ ગિરિધરનકી
કાટીયે વિષય કૃષ્ણદાસ કેરી ॥૨॥

ભાવાર્થ–હે, મહાદેવી યમુનાજી આપને હું નમન કરૂં છું. નમન કરૂં છું. મન વચન કર્મથી હું આપને શરણ છું સર્વ સુખોને આપનારાં અને ભવ સિંધુને, તારનારાં એવાં આપના દર્શન માત્રથી મોટા પાપોની બેડીઓ પણ કપાઈ જાય છે ભકતોને મન માન્યા મનોરથોનાં વરદાન આપનારાં અને ભકતોનાં આપ પ્રાણ પ્રિય છો. સર્વ સમયમાં ભકતોને આપ સહાયક અને સદા ભકતોની ભેરે રહેનારાં છો એવાં હે શ્રી યમુનાજી! કૃષ્ણદાસનાં સર્વ પ્રકારનાં વિષયોના બંધન કાપી અને વ્રજાધિશ લાલ ગિરિધરનની અખંડ ભકિત આપો હે દેવી યમુને હું આપને નમન કરૂં છું.

વિવેચન–પરમકૃપાળુ શ્રી યમુનાજી સદા ભકતોની ભેરેંજ રહે છે. તેનું એક દૃષ્ટાંત બસો બાવન વૈષ્ણવની વાર્તામાં છે તેનું નામ છે કિશોરીબાઇ એ કિશોરીબાઇ શ્રીયમુનાજીનાં ભકત હતાં બાલવયમાં શિતળા નિકળવાથી તેઓ હાથ અને પગથી કેવળ પંગુ થઇ ગયા આંખોમાં પણ એવું જ થઇ ગયું માતા પિતા બાલવયમાં જ હરિ શરણ થઇ ગયા પરંતુ કિશોરીબાઇને શ્રી ગુંસાંઇજીને શરણે કરાવ્યાં હતાં અને અભણ હોવાથી ફકત શ્રી યમુનાજીનો એક જ શ્લોક શિખ્યાં હતાં અને તેઓ નિઃસહાય અવસ્થામાં તેનો પાઠ કર્યા કરતા. વિશુદ્ધ મથુરાં તટે સકલ ગોપ ગોપી વૃતે કૃપા જલધિ સંશ્રિતે મમ મનઃસુખં ભાવયઃ" પોતે પંગુ હોવાથી તેની મોટી બહેન તેને ભોજન કરાવી જતી હતી. એક દિવસ તેને પણ કિશોરીબાઇ ઉપર કંટાળો આવ્યો અને તે બે ત્રણ દિવસ સુધી કિશોરીબાઇ પાસે ગઇ નહીં અને મનમાં બબડતી રહી કે તેનાં કર્મ ફળ તે ભોગવે છે હવે તો હું થાકી ગઇ છું તેનું કેટલું કરૂં પરંતુ શ્રી યમુનાજી તો ભકત વત્સલ અને કૃપાળુ માતા છે તેઓ કિશોરીબાઇનું આ દુઃખ સહી ન શકયાં અને કિશોરીબાઇને ત્યાં આવી રસોઇ કરી અને તેને પ્રસાદ લેવરાવ્યો. શ્રી યમુનાજીની કૃપાથી પહેલે દીવસે જ કિશોરીબાઇના હાથ પગમાં ચેત આવ્યું અને સારા થઇ ગયા બીજે દિવસે પણ શ્રીયમુનાજી આવી અને પ્રસાદ લેવરાવી ગયાં અને કિશોરીબાઇનો સર્વ રોગ ગયો અને સાજા સારા મનુષ્યની જેમ તે ત્રીજે દિવસે રસોઇ કરવા લાગી. ત્રીજે દિવસે તેની બહેનને થયું કે કિશોરી ભૂખી મરી જશે આજે તો તેને ભોજન કરાવી આવું. તે કિશોરીબાઇને ઘેરે આવી અને જુએ છે તો કિશોરીબાઇ સાજા

અને નિરોગી મનુષ્યની જેમ રસોઇ કરે છે તેની બ્હેન તો જોઈ અને ચકૃત થઇ ગઈ અને કિશોરીની ક્ષમા માગી અને પૂછ્યું કે બ્હેન તને તો સારૂં થઈ ગયું ત્યારે કિશોરીબાઇએ એટલું જ કહ્યું કે શ્રી યમુનાજીનું હું ભજન કરૂં છું એ શ્રી યમુનાજીએ કૃપા કરી મને નૂતન દેહ આપી છે આ જોઇ અને તેની બ્હેન પણ શ્રી યમુનાજીનું ભજન કરવા લાગી અને બન્ને બહેનો સંપથી રહી.

આ માસના ઉત્સવ

આસો વદ ૭ તા. ૧૦-૧૦-૯૦ બુધવાર. શ્રી રણછોડજીનો ષોડશોપચાર (ડાકોર) ગો. શ્રી વ્રજવલ્લભબાવા (માંડવી)નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૧૨-૧૦-૯૦ શુક્રવાર. ગો. ચિ. વ્રજેશકુમારબાવાશ્રી (વીરમગામ)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૧૩-૧૦-૯૦ શનિવાર. શ્રી ટીકેતના શૃંગારનો પ્રારંભ. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા-પોરબંદર)નો તથા ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)નો તથા ગો. ચિ. શ્રી મધૂસુદનલાલજી બાવાશ્રી (અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૧૪-૧૦-૯૦ રવિવાર. રમા એકાદશી વ્રત. ગો. ચિ. મુરલીધરલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૧૫-૧૦-૯૦ સોમવાર. વાઘ બારસ, ગોવત્સ દ્વાદશી, ગો. ચિ. કલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન

આસો વદ ૧૩ તા. ૧૬-૧૦-૯૦ મંગળવાર. ધનતેરસ, લક્ષ્મીપૂજન, ધનવંતરી ભગવાનનો પ્રાકટય દિન, કાન જગાવવાના પદ બોલાય.

આસો વદ ૧૪ તા. ૧૭-૧૦-૯૦ બુધવાર. રૂપચતુર્દશી, અભ્યંગ-સ્નાન, ગો. શ્રી જયદેવલાલજી મહારાજશ્રી (વીરમગામ)નો જન્મદિન.

આસો વદ અમાસ તા. ૧૮-૧૦-૯૦ ગુરુવાર. દિવાળી, હટડી, કાન જગાવન, દીપદાન, લક્ષ્મીપૂજન.

સંવત ૨૦૪૭ કારતક શુદ ૧ તા. ૧૯-૧૦-૯૦ શુક્રવાર. નૂતનવર્ષ, ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ, અન્નકુટની આરતી વખતે ઇંદ્ર માનભંગના પદ શરૂ કરી સાતમ સુધી બોલાય, ગો. ચિ. ગોકુલેશ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૨૦-૧૦-૯૦ શનિવાર. ભાઇબીજ, ગો. ચિ. શ્રીયમુનેશકુમારજી બાવાશ્રી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૨૨-૧૦-૯૦ સોમવાર. ગો. ચિ શ્રી ભૂષણજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૨૩-૧૦-૯૦ મંગળવાર. ગો. ચિ. શ્રી વ્રજભૂષણલાલજી બાવાશ્રી (મથુરા)નો તથા ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૨૫–૧૦–૯૦ ગુરુવાર. ગો. ચિ. શ્રી વ્રજોત્સવજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી વિશાલકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

કારતક શુદ ૭ તા. ૨૬–૧૦–૯૦ શુક્રવાર. ગો. શ્રી જીવનેશજી મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી જયદેવજી બાવાશ્રી (કોટા)નો તથા ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી બાવાશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૨૭–૧૦–૯૦ શનિવાર. ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૨૮–૧૦–૯૦ રવિવાર. અક્ષય નવમી, કુષ્માંડ નવમી, સત્યયુગાદિતિથિ, ગોવિંદાભિષેકોત્સવ, વિવાહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય, ગો. ચિ. અક્ષયકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૨૯–૧૦–૯૦ સોમવાર. ગો. ચિ. શ્રી દ્વારકેશજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૩૦–૧૦–૯૦ મંગળવાર. પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ ભોગ સંધ્યામાં, તુલસી વિવાહ, રસાત્મક મહારાત્રિ, હેમંતઋતુ શરૂ થઇ, પોષ વદ ૮ સુધી ચાતુર્માસ નિયમ સમાપ્તિ.

કારતક સુદ ૧૨ તા. ૩૧–૧૦–૯૦ બુધવાર. શ્રી ગુસાંઇજીના પ્રથમલાલ શ્રી ગિરિધરલાલજી (સં. ૧૫૯૭) અને પાંચમાલાલ શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો ઉત્સવ, ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રબાવાશ્રી (અમદાવાદ)નો જન્મદિન, રાધાવલ્લભજીનો પાટોત્સવ.

કારતક સુદ ૧૩ તા. ૧–૧૧–૯૦ ગુરુવાર. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૧૪ તા. ૨–૧૧–૯૦ શુક્રવાર. પુનમનો ક્ષય છે, યજ્ઞપત્નીનો અંગીકાર. ચાતુર્માસ નિયમ સમાપ્તિ, ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧ તા. ૩–૧૧–૯૦ શનિવાર. ગોપમાસનો પ્રારંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૪–૧૧–૯૦ રવિવાર. ગો. ચિ. શ્રી વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારકત વદ ૪ તા. ૬–૧૧–૯૦ મંગળવાર. શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. શ્રી કમલેશ બાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્ર બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૭ તા. ૯–૧૧–૯૦ શુક્રવાર. ગો. તિ. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રી (નાથદ્વારા)નો જન્મદિન, શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજી (સં. ૧૫૯૯)નો ઉત્સવ, (૮નો ક્ષય હોવાથી આજે).

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી ‘વ્રજ’ ધોરાજી

(ગતાંકથી ચાલુ)

૧૩. સ્ત્રીશુદ્રાદ્યુદ્ધૃતિક્ષમ રૂપ

સ્ત્રી ભાવ શૂદ્રાદિ પુલિંદિ, શ્રી મધૂપતિ કીયે અંગીકાર;
ફલ સર્વાંગ રસ ભોગ કીયે રુચિ, કોક કલાકો કિયો ઉદ્ધાર. ૧
લીલા મધ્યપાતિ તામસ ઓર, તામસ તામસ કી લીની સંભાર;
સઘન કંદરામેં સુખદીનો, ‘વ્રજ’ વલ્લભ પ્રથમેશ પાઉંધાર. ૨

૧૪. અંગી કૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવરૂપ

કર અંગીકાર કીયે પિય વલ્લભ;
વિછૂરે જીવ અનેક જનમ કે, દેખ દુખિત દયા ધરકેં જીય. ૧
શ્રી પ્રથમેશ પ્રગટ હ્વૈ ભૂતલ, લીયે સરન રાખે કર સ્વકીય;
‘વ્રજ’ કે વલ્લભ પરમ કૃપા કર, ધરે જહાં રાસ સ્થલ રમનિય. ૨

૧૪ (૨) ઉપરકો ઉત્તરાર્ધ

લીયે સરન ભયે પિય વલ્લભ;
સઘન કંદરા નિજ નિકુંજ કે, જીવ આકર્ષિ લીયે જુ સુલ્લભ. ૧
માનુષ દેહ ધરે શ્રીમધૂપતિ, કીયે કૃપા ઓરેં જો દુર્લભ;
કોટીક જીવ ઉધ્ધારે શ્રી ‘વ્રજ’પતિ કર કરુણાકીયે નિજપઃ. ૨

૧૫. અંગી કૃતો સમર્યાદારૂપ

મુગ્ધા ગોપી મુગ્ધ જો નિજજન, વરણ કીયે મર્યાદિત રસમેં;
શ્રી પ્રથમેશ પ્રગટ પુરુષોત્તમ, દાન અદેય દીયે રસ બસમેં. ૧
ફૂલ શયન નિકુંજા દિકમેં, યમુના પુલિન ઉરસોં ઉર કસમેં;
દીયે અમિત સુખ ‘વ્રજ’ કે વલ્લભ, પરમ પ્રેમસોં મંદમંદ હંસમેં. ૨

૧૬. મહાકારુણિક રૂપ

પ્રગટે અંતરંગ કે હિત કારન;
ઉમડયો મહાસાગર કરુણાકો, દિન દયાલ દૈવી દુખ ટારન. ૧
શ્રી પ્રથમેશ પ્રગટ ભયે ભૂતલ, પદ્મનાભાદિ વિરહ દુખ હારન;
આયે નેહ વસ ‘વ્રજ’કે વલ્લભ, ભક્ત વત્સલ બિરદકે ધારન. ૨

—ક્રમશઃ

શ્રીહરિરાયજીનો પ્રાકટ્ય મહોત્સવ

રાજકોટ : પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે ભાદરવા સુદ ૫ ને રવિવારે શ્રી હરિરાયજી મહાપ્રભુજી નો પ્રાકટ્ય મહોત્સવ ખૂબજ આનંદ ઉત્સાહ પૂર્વક ઉજવાયો.

પ્રારંભમાં પૂ. પા. શ્રી ગોપીકાલંકારજી બાવાશ્રી તથા પૂ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી એ વધાઈ કિર્તન કર્યા બાદ પૂ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ બડી દાન લીલાનો અલૌકિક આનંદ લેવડાવ્યો હતો કિર્તનીઆઓ સર્વશ્રી જમનાદાસભાઈ, ખુશાલદાસભાઈ, ઘનશ્યામભાઈ, હરજીવનદાસભાઈ, તારાચંદભાઈ, દ્વારકાદાસભાઈ વગેરે એ તન્મય થઈ પૂ. પા. બાવાશ્રીની પાછડ દાનલીલા બોલી વૈષ્ણવોને આનંદ રસમાં તરબોળ કરેલા

કિર્તનના કાર્યક્રમબાદ પૂ. પા. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ શ્રીહરિરાયજી મહાપ્રભુજીના જીવન ચરિત્ર અને આપશ્રીવિરચિત શ્રીશિક્ષાપત્ર તથા જન્મ વૈફલ્ય નિરૂપણાષ્ટકમ પર મનનિય વચનામૃત કરી સર્વે વૈષ્ણવોને જીવનમાં દ્રઢતા પૂર્વક શ્રી મહાપ્રભુજીનું શરણ ગ્રહી સેવા, સ્મરણ રત રહેવા આજ્ઞા કયેલ.

શ્રીવલ્લભ બાલ સંસ્કાર નિકુંજ (પાઠશાળા) રાજકોટની પ્રવૃતિ

'શ્રીવલ્લભ બાલસંસ્કાર નિકુંજ' દ્વારા શ્રી હરિરાયજી મહાપ્રભુજીનો પ્રાકટોત્સવ પાઠશાળાની જયરાજ પ્લોટ મોહન કુંજ ની શાખામાં પાઠશાળાના ઉત્સાહી સંચાલક પ. ભ. શ્રી ભૂપેન્દ્રભાઈ ધાબલીયા તથા મોહન કુંજ વાળા પ. ભ. શ્રી જમનાદાસભાઈ સોની (સૌભાગ્ય કંકણવાળા) ના સુંદર આયોજનમાં ઉજવાયો.

આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીએ કૃપા કરી પધારીને સુંદર વચનામૃત કરી બાળકો અને સંચાલકોનો ઉત્સાહ વધારેલ.

રાજકોટના બધાં કેન્દ્રના બાલક, બાલીકાઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહ ભેર ભાગ લીધેલ સાથો સાથ બાલકોના વાલીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ભૂપેન્દ્રભાઈ ધાબલીઆ તથા પ. ભ. હર્ષાબિન ઠકકર, પ. ભ. કુમુદિનીબેન સોની, પ. ભ. વર્ષાબિન સોની પ. ભ. વર્ષાબિન ઠકકર વગેરેએ કરેલ.

પાઠશાળાના બાળકો દ્વારા લઘુ નાટીકા, ૮૪, ૨૫૨, વૈષ્ણવોના વાર્તા પ્રસંગો. પ્રશ્નોત્તરી જેવા સુંદર કાર્યક્રમો થયાં બાદ ઉપસ્થિત સર્વે બહેનોએ રાસ ગરબાનો કાર્યક્રમ પ્રસ્તુત કરેલ.

સાંજના સાડાચારથી સાડા સાત સુધી ચાલેલ આ કાર્યક્રમમાં બસ્સોથી વધુ બાલક બાલીકાઓએ સુંદર સ્વરથી સ્તોત્ર પાઠ અને અન્ય કાર્યક્રમો રજુ કરતાં સહુ આનંદ વિભોર બની ગયેલ.

આ પાઠ શાળાના સંચાલક શ્રી ભૂપેન્દ્રભાઈ તથા પ. ભ. જમનાદાસ મોહનલાલ તથા તેમના પરિવાર ની પ્રેરણા અને પ્રયાસથી ઘણા વૈષ્ણવ ભાઈ બહેનોએ ગૌસેવાનું વ્રત લીધેલ છે. પાંજરા પોળમાં રહેતી વૃદ્ધ અને અશક્ત, બિમાર ગાયોને આ વૈષ્ણવો દ્વારા પોષક આહાર દવા, પાટાપીંડી અને જરૂરી જણાયે નિષ્ણાત ડોકટર દ્વારા ઓપરેશન વગેરેથી સુખ પહોંચાડવાનું અનુકરણીય કાર્ય થઈ રહેલ છે. દર રવીવારે આ વૈષ્ણવો જાતે પાંજરાપોળ જઈ ગોળ થુલી વગેરેના લાડુ બનાવી ગાયોને ખવડાવવા, દાકતરને સાથે લઈ જઈ, બીમાર ગાયોની માવજત કરાવવી વગેરે કાર્યો ચાલે છે. જેનું ગામે ગામ સર્વે વૈષ્ણવોએ અનુકરણ કરવું જોઈએ.

આ પાઠશાળાઓમાં પ. ભ. હર્ષાબિન ઠકકર અને અન્ય સંચાલકોના સત્સંગથી લગભગ સો એક જેટલાં બાલક, બાલીકાઓએ બ્રહ્મસંબધ દિક્ષા પ્રાપ્ત કરેલ છે. અને બહારનું ખાન પાન ન કરવું નિત્ય ભગવન્નામ સ્મરણ સ્તોત્ર પાઠ કર્યા સીવાય કંઈ ભોજન ન કરવું શુદ્ધ આચાર રાખવા, શૌચ જઈને સ્નાન કરવું વગેરે ઉત્તમ નિયમો લઈ સુંદર વૈષ્ણવી જીવનનો મહામુલો લ્હાવો લઈ રહેલ છે.

(ટાઈટલ બીજા પાનેથી ચાલુ)

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશની બધી જ શાખાઓ સ્થાનિક કક્ષાએ સેવા કાર્ય કરતી સંસ્થાઓના કાર્યમાં સંપુર્ણ સહકાર આપે તેવું તેઓએ પરિષદના કાર્યકરોને જણાવ્યું છે. પરિષદ નિરાધાર માનવીઓને સહાયભુત બનવા કાર્યરત બની છે ત્યારે આવા પાવન સેવા કાર્યમાં ચેક/ડ્રાફ્ટ આં, પુ. વૈષ્ણવ પરિષદના નામે મોકલી આપવા (બી-૧૬૨ શ્રેણીક પાર્ક, અકોટા સ્ટેડિયમ સામે, વડોદરા) પ્રેસ નિવેદનમાં જણાવે છે.

પુસ્તક પરિચય

શિક્ષાપત્રનું આચમન

લેખક – પ્રા રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – શ્રી અનુગ્રહ ચેરીટેબલ ટ્રસ્ટ.

C/o શ્રી ગિરિરાજ ભુવન.

બાવામઢીનો ખાંચો દેસાઈ શેરી

ઘડીયાળી પોળ, **વડોદરા**-૩૯૦ ૦૦૧

સાઈઝ-ડેમી ૮ પેઈજી પૃષ્ઠ ૩૪૮+૧૪=૩૬૨ પાકું પુઠું.

ન્યોછાવર – પાંત્રીસ રૂપિયા,

પ્રસ્તુત ગ્રંથમાં શિક્ષાપત્ર ૩૧થી૪૧નું તથા ભાવસ્વરૂપ નિરૂપણમ'નુ સૌ કોઈ સમજી શકે તેવું સુંદર શૈલીમાં વ્યાખ્યાન-વિવેચન અપાયેલ છે.

આ અગાઉ શિક્ષાપત્રના અનુક્રમે ભાગ ૧, ૨, ૩ પ્રસિદ્ધ થઈ ચૂકયા છે. આ ગ્રંથોનો વૈષ્ણવ સમાજ અને શ્રી વલ્લભકુળ તરફથી ખૂબજ આવકાર મળ્યો છે અને સત્સંગ મંડળમાં નિત્ય વાંચન થાય છે તેજ રીતે આ ચોથો ભાગ પણ આદર પામશે તેમાં સંશય નવી

મહાનુભાવ શ્રી હરિરાય મહાપ્રભુના શિક્ષાપત્રથી સંપ્રદાયનો પ્રત્યેક અનુયાયી અત્યંત પરિચિત છે એ આપણો ચિંતામણી ગ્રંથ છે. મનમાં જે કાંઈ પ્રશ્ન ઉદભવે તેનો ખુલાસો ભગવદ મંડળીમાં શિક્ષાપત્ર વાંચવા ખોલે ને પ્રશ્નના ખુલાસાવા જ શ્લોક નિકળે આ બધાની અનુભવ સિદ્ધ હકીકત છે.

શિક્ષાપત્રના ચાર સત્રનું આયોજન સં. ૨૦૪૦ થી સં. ૨૦૪૬ના ગાળામાં વડોદરામાં શ્રી અનુગ્રહ ચેરિટેબલ ટ્રસ્ટ અને શ્રી વૈષ્ણવ મહિલા મંડળના ઉપક્રમે પૂ. ગો. ઈન્દિરાબેટીજીના આશીર્વાદ સહ કરવામાં આવેલ. આ ૪૧ શિક્ષાપત્રનું રસદર્શન પ્રા શ્રી રમેશભાઈ પરીખે અસ્વાસ્થ્ય પરિસ્થિતિમાં ભગવદ્ ચરણારવિંદમાં દૃઢ નિષ્ઠા રાખી કરાવ્યું તે અભિનંદનને પાત્ર છે.

આ ગ્રંથમાં વિશેષતા એ છે કે શિક્ષાપત્રના ટીકાકાર મહાનુભાવ પૂ. ગો. શ્રી ગોપેશ્વરજીનું દુર્લભચિત્રજી પધરાવીને દર્શન સુલભ કર્યા છે.

ટુંકમાં આ ગ્રંથ વહેલી તકે વસાવી લેવા ભલામણ છે.

(૧) ગોપીનું સ્વપ્નું

[ઢાળ : વલ્લભ તારો સંગ મને લાગી ગયો રે...]

આવી ગયો, આવી ગયો, આવી ગયો રે;
મારા સ્વપ્નામાં શ્યામસુંદર આવી ગયો રે.
સવારે ઊઠી હું તો ગાય દો'વા ગઇ'તી;
વાટકો ભરી દૂધ પી ગયો રે.... મારા સ્વપ્નામાં૦
નાહી ધોઇને હું તો સેવા કરવા બેઠી;
હાથમાંથી ફૂલની માળા લઈ ગયો રે.... મારા સ્વપ્નામાં૦
બંટો ભરીને હું તો ઝારી ભરવા બેઠી;
પાછું જોયું તો બંટો આરોગી ગયો રે.... મારા સ્વપ્નામાં૦
સેવા કરીને હું તો રસોઇ કરવા બેઠી;
પાટલા ઉપર બેસી ભોજન કરી ગયો રે.... મારા સ્વપ્નામાં૦
જમુનાજીના આરે હું તો જળ ભરવા ગઇ'તી;
વગર બોલે બેડું ચડાવી ગયો રે....મારા સ્વપ્નામાં૦
'**લક્ષ્મી**'ના નાથ મને દર્શન આપીને;
ચરણસ્પર્શ મને કરાવી ગયો રે....મારા સ્વપ્નામાં૦

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિનભાઈ દેસાઇ, અમદાવાદ.

(૨) મગન ભયો મન હરિદર્શન સે

સાંવરી સુરત, માધુરી મુરત, મગન ભયો મન હરિદર્શન સે;
મધુદર્શન હરિ નગમનંગા, વસનવિહિન મધુ હરિકા અંગા,
મધુ મોતી-' વેસર ધર અંગા, નવનીત લપટિત મધુ મુખ-અંગા.... મગન ભયો૦
શ્રીઅંગ શોભા મધુ અતિ ન્યારી, માધુરી મુરત મધુ અતિ પ્યારી;
નવનીત પ્રભુકી ઝાંકી મધુ ન્યારી, કરત દરસ મધુ મોહે નરનારી.... મગન ભયો૦

–પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



બ્રજ મંડલ

બંદૌ શ્રી બ્રજ મંડલ દેશ ।
બડભાગી જહાં કેશવ વાસી, શોભા સુધા વિશેષ ॥૧॥

સર્વોપરી પરમાનંદ સાને, ગાવત ગુણ રાધેશ ।
નિત્ય નવલ જિનિમેં હરિક્રીડત, સુંદર નટવર ભેષ ॥૨॥

પ્રણત પાલ વર સહ્યસુહૃવત, મહિમા વિદિત વિશેષ ।
'વલ્લભ' દીનદાસ કે ટારો, સગરે કઠિન કલેશ. ॥૩॥

✻✻

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૮ ✻ **નવેમ્બર, ૧૯૯૦**

શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ ✻ **આજીવન રૂ. ૨૦૧**

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

નુતન વર્ષે શ્રીજીને પ્રાર્થના

મારા શ્રી નાથજી વહાલા
સ્વીકારજો મારા દંડવત્ મારા
આવ્યું છે આ નવલું વર્ષ,
પાઠવું છું હું મમ દંડવત્ ૨
કૃપા કરી પાઠવો એવી ભક્તિ
વધે જેથી સેવાની શક્તિ ૩
દ્યો વલ્લભસુધાના વાંચકોને દુવા
કરે એ સૌ શ્રીજીની સેવા ૪
બને વૈશ્નવો સમૃદ્ધને સુખી,
કરી શકે દીર્ઘકાળ ભક્તિ ૫
તેમને આપો એવી ભક્તિ
વધે જેથી પરોપકારી શક્તિ, ૬
એવી છે મમ અભિલાષા,
પૂરજો કૃપા કરી મમ આશા ૭

જમનાદાસ જી. ભાતેલીયા
દ્વારકા

⁂

રાજકોટમાં શ્રીનાથજીના ધ્વજાજીની પધરામણી

રાજકોટમાં શ્રી જશુબાઈ મંડાણના નવા બનેલ મકાનમાં ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીનાથજીના ધ્વજાજી તા. ૨–૧૦–૯૦ થી ૫–૧૦–૯૦ સુધી પધારેલ પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીએ શ્રી ધ્વજાજીને મંડાણના નવા મકાનના ચોકમાં આરોહણ કરાવી અલૌકિક શ્રી વ્રજ ભૂમી, શ્રી ગિરીરાજધરણના દર્શનો કરાવ્યા. હજારો વૈષ્ણવ બડભાગીઓ એ દર્શન મહા પ્રસાદનો લાભ લીધેલ.

આ મનોરથના મુખ્ય મનોરથી શ્રી મથુરદાસ ભનુભાઈ બાબરાવાળા (રાધિકા જવેલર્સ), તથા શ્રી શાન્તીલાલ હરીભાઈ પારેખ (શિલ્પા જવેલર્સ) હતાં.

આ બન્ને મનોરથો ઉપરાંત અન્ય વૈષ્ણવોએ પણ પોતાને ત્યાં શ્રી ધ્વજાજીની પધરામણીનો અલભ્ય લાભ લીધેલ છે.

શ્રી ધ્વજાજી પધરામણીના સમગ્ર આયોજનમાં શ્રી ડાયાભાઈ ડેલાવાળા શ્રી હરીદાસભાઈ દેસાઈ શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા અને મંડાણના બધાં ટ્રસ્ટીઓએ ખુબ જ જહેમત ઉઠાવી સફળ બનાવે.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૮ * નવેમ્બર, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રી વલ્લભ કે પદ

ભાવાર્થ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર)

રાગ–મિશ્ર કેદાર, તાલ ઝપતાલ

ભૂલ જીન જાય મન અનત મેરો,
રહો નિશ દિવસ શ્રીવલ્લભાધીશપદ;
કમલસોં લાગ બિનમોલકો ચેરો. ૧
અન્ય સંબંધતે અધિક ડરપત રહો,
સકલ સાધન હું તે કર નિવેરો;
દેહ નિજ ગેહ યહ લોક પરલોકલોં,
ભજો શીતલ ચરણ છાંડ ઉર જેરો. ૨
ઇતની માંગત મહારાજ કર જોર કે;
જેસો હું તેસો કહાઉં તેરો,
'રસિક' સિર કર ધરો, ભવદ્દુઃખ પરહરો
કરો કરૂણા મોહે રાખિ નેરો. ૩

ભાવાર્થ : શ્રીવલ્લભનાં ચરણ પરાગનાં મધુકરરૂપી હે મન ! ભૂલીને પણ તું શ્રી વલ્લભની ચરણછાંયાને છોડીને અન્યત્ર ન જઇશ.

આ મન તો શ્રીવલ્લભ પદકમલમાં વીંટાયેલું છે અને જેથી હું તો આપશ્રીનો નિઃશુલ્ક દાસ છું. આપના ચરણકમલના મકરંદનું પાન કોઇપણ જાતના બદલાની આશા રાખ્યા વિના કરતો રહું.

આપના સંબંધથી પરિપુષ્ટ બનેલ મનને અન્ય સંબંધ ભયભીત કરે છે. અન્યાશ્રય તો છૂટયો, પરંતુ અન્ય સંબંધ પણ હૃદયને વ્યથિતકરે છે.

જેમ સંગીત સાધકને અન્ય વિક્ષેપ કરનાર બેસુરો સ્વર રસાભાસ ઉત્પન કરે છે તેમ લીલા રસનાં પીપાસુઓને અન્ય સંબંધની ગંધ પણ રસાભાસરૂપ હોઇ હે શ્રીવલ્લભ ! હવે આ બધા સાધનોથી મુકત કરો. સાધન બુદ્ધિથી જ અન્ય સંબંધ થાય છે.

મારે માટે તો આલોક યા પરલોક વિષયક ઇચ્છા કંઇ હોય તો એ જ છે કે આપનાં, હૃદયની પીડાને દૂર કરનાર ચરણ ઉભય-ઉરપર સ્થાપિત કરો અને ભવપીડાથી એટલે આપના સંબંધ વિનાની કૃતિ–મતિથી વ્યાકુળ બનેલ હૃદયને ઉભય ચરણાવિંદનાં સ્થાપનથી શીતલ કરો.

હે શ્રીવલ્લભ ! આપની સામે હાથ જોડીને એ જ વિજ્ઞપ્તિ કરૂં છું કે હું જેવો હોઉં તેવો આપનો કહેવાઉં !

‘રસિક’ શ્રી હરિરાયજી કહે છે કે વલ્લભ આપના શ્રીહસ્ત મારા મસ્તક પર ધરો અને સર્વ દુઃખથી પીડા હરો તથા કરૂણા વિચારીને મને પ્રપંચથી કે જેથી અન્ય સંબંધ અનલરૂપ છે તેનાથી જુદો કરીને આપની છાંયડીમાં રાખો.

[પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર પ્રકાશિત કેસેટ પુસ્તિકામાંથી સાભાર.]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

ગોપી પ્રેમકી ધ્વજા

પ્રા. **એમ. આર. પાલેજા** (રાજપીપળા)

ભગવાને સ્વમુખે કહ્યું છે.

'હે અર્જુન, ગોપીઓ પોતાના શરીરની રક્ષા મારી સેવા માટે જ કરે છે. ગોપીઓ સિવાંય મારા નિગૂઢ પ્રેમપાત્ર બીજા કોઇ જ નથી.'

આથી તો ગોપી 'પ્રેમકી ધ્વજા' ગણાય છે, ગોપીઓ અખિલ વિશ્વને શ્રીકૃષ્ણમય જોતી હતી. ગોપીઓના પ્રેમમાં રાગનો અભાવ નથી. તેમની ભકિત રાગાત્મિકા ભકિત હતી. સમુદ્ર મિલન માટે આતુર એક નદી વહેતી વહેતી સમુદ્રના ચરણોમાં પ્રણિપાત કરી તેમાં મળી જાય છે તેમ ગોપી શ્રીકૃષ્ણચરણ કમલમાં સ્થાન પામી શ્રીકૃષ્ણમય બની જાય છે. તેમનો રાગ જગતની બધી વસ્તુઓમાંથી સંકેલાઇ મુકિતના અતિ દુર્ગમ-દુર્જેય શિખરને પાર કરી કેવળ શ્રીકૃષ્ણચરણકમલમાં સમર્પિત થઇ ગયેલ છે. તેમના મન-પ્રાણ રસેશ્વર શ્રીકૃષ્ણના ભક્તિરસમાં તરબોળ બનેલાં છે. આલોક અને પરલોકમાં ગોપીઓને શ્રીકૃષ્ણની સેવા સિવાય અન્ય કોઇ વસ્તુની કામના નથી. તેમનું જાગવું, તેમનું ખાવું-પીવું, હરવું-ફરવું, સૂવું, શ્રૃગાર સજવાં ગીત ગાવા, વાતચિત કરવી-તેમનું સમસ્ત જીવન કેવળ શ્રીકૃષ્ણના સુખને માટે સમર્પિત થયેલ છે. શ્રીકૃષ્ણને સુખી જોઇ કામનાઓથી સર્વથા-સંપૂર્ણ શૂન્ય આ ગોપીઓને અપાર સુખ મળે છે. **પ્રેમાલયના પર્વત ઉપર ગોપીઓના પ્રેમની ધ્વજા સૌથી ઊંચા શિખર ઉપર ફરફરી રહેલ છે.**

જ્યારે જુઓ ત્યારે ગોપીઓ બસ એક શ્રીકૃષ્ણની ચર્ચામાં લાગી રહેતી હોય છે. એક દિવસ એક ગોપીએ પોતાની સખીઓને એક પ્રશ્ન કર્યો. 'બહેના શું કહું ? નંદબાબા ગોરા, દાઉજી પણ ગોરા અરે, ઘરમાં બધા ગોરા પણ એકલા આપણા શ્યામ સુંદર જ સાંવરા કેમ ?'

આ સાંભળી શ્યામના રંગમાં રંગાયેલી એક ગોપીઓ મંદ મંદ હસતાં કહ્યું, અલી ! શું તું આટલું પણ નથી જાણતી ? તો લે તેને કહુ.

'કજરારી અખિયનમેં બસ્યો રહત દિન-રાત
પ્રીતમ પ્યારો હે સખી ! તા તેં સાંવલ ગાત'

રહસ્યની વાત તો એ છે કે ગોપીની કજરારી આંખોમાં કેવળ શ્રીકૃષ્ણ જ વસે છે. જગતની બીજી કોઈ વસ્તુ એ જોતી જ નથી. ગોપીઓ સર્વત્ર એક ભગવાન સિવાય બીજી કોઇ વસ્તુને જોતી નહીં. શ્રીકૃષ્ણના દિવ્ય પ્રેમમાં રમમાણ ગોપીઓના શ્રીચરણકમલ પરાગને વારંવાર વંદન હો ગોપીઓનો શ્રી કૃષ્ણ પ્રતિનો પ્રેમ અનન્ય છે. એમના પ્રેમના એક સહસ્રાંશ જેટલો અણુમાત્ર પ્રેમ જે જીવ મેળવી શકે તે ધન્ય બની જાય છે.

ભગવાનની આજ્ઞા છે 'સર્વ ધર્મોને છોડીને મારા એકના જ શરણે આવ બીજા બધા ધર્મોનો, આશ્રયનો ત્યાગ કરી કેવળ એક મારા શરણમાં આવ. ભગવાનની આ આજ્ઞાનું પાલન ગોપીઓએ કર્યું છે તેટલું બીજા કોઇએ કરેલ નથી. ભગવાન તો અશરણ-શરણ છે અશરણ બન્યા વિના ભગવાનના શરણનો અધિકાર મળી શકતો નથી. ગોપીઓ બરાબર આવી અશરણ હતી. એમની આંખોમાં એક માત્ર પ્રિયતમ

શ્રીકૃષ્ણ રમી રહ્યા હોય ત્યાં બીજી વસ્તુને માટે સ્થાન ક્યાંથી હોઇ શકે ? એમની સ્થૂલ આંખોની આ ગતિ છે તો તેમના મનનું તો કહેવું જ શું ? ભગવાનના પ્રેમપાત્ર ભક્તો મોક્ષને પણ ઇચ્છતા નથી. મોક્ષની ઇચ્છા ભગવદ્‌ભાવને હીન બનાવી દે છે. આવું શરણ જેમને પ્રાપ્ત થયું છે તેવા ભકતો ત્રિભુવનનું સામ્રાજ્ય મળે તો પણ એક પલકવારને માટે પણ ભગવાનને ભૂલી શકતા નથી કારણકે તેમને એક માત્ર ભગવાનના આશ્રય સિવાય બીજા કોઇના આશ્રયમાંથી સુખ મળતું નથી. ભગવાન સિવાય બીજા બધા આશ્રય તો કાલકર્માધિન છે. તે આપણને અખંડ અને શાશ્વત સુખ ક્યાંથી આપી શકે ? એક માત્ર પ્રભુ સિવાય જગતની બીજી બધી વસ્તુઓ નાશવંત છે.

અવિનાશી પ્રભુના પ્રેમી ભકતજનો આવા તુચ્છ પદાર્થોનો આશ્રય ન જ કરે, સદા સોહાગણ તો એ જ રહી શકે જેનો સ્વામી અનંત–અવિનાશી હોય, એવા તો એક ભગવાન જ છે. આથી જે જીવ પ્રભુનું પતિરૂપે વરણ કરે તે હંમેશાં સૌભાગ્ય મેળવી શકે છે, વિષયનું સૌભાગ્ય તો કેટલું ટકી શકે ? એ તો આજે છે ને કાલે નથી. વિષયો પલકવારમાં નાશ પામી જાય છે, એટલે આવા વિષયોમાં મમત્વ રાખવાવાળા જીવ કદી પણ સુખી થઈ શકે નહીં. આ વિષયોનો ત્યાગ કરી જે જીવ નિત્ય, અવિચલ, અવિનાશી, ધ્રુવ, સનાતન, સર્વ સુખકર, આનંદ–પરમાનંદ સ્વરૂપ પ્રભુનો આશ્રય કરે છે તેજ પરમ ફલને પ્રાપ્ત કરે છે. ગોપીઓનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ આવો અવિચ્છિન્ન અને અનન્ય હતો. એટલો તો સ્વયં ભગવાન કહે છે.

ગોપીઓ સિવાય 'મારા નિગૂઢ પ્રેમપાત્ર બીજા કોઇ જ નથી 'ગોપીપ્રેમ કી ધ્વજા' સદા સર્વદા ઉન્નત ફરફરતી રહેશે.

પ્રભુના સાચાં શરણાર્થી

એક દિવસ ભગવાન ઉધ્ધવને કહે છે : 'હે ઉધ્ધવ, તું હજી મારે શરણે આવ્યો નથી.'

ઉધ્ધવ કહે : 'પ્રભુ, આ આપ શું કહો છો ? આપે તો કહ્યું છે કે મુજમાં અને તુજમાં કશું ન્યુન નથી, કોઇ અંતર નથી. ત્યારે મહારાજ, આ શરણે આવવાનો પ્રશ્ન જ ક્યાં ઉપસ્થિત થાય છે ?'

શ્રી કૃષ્ણ કહે : 'ઉધ્ધવ, હજી બ્રહ્માજી મારે શરણે નથી આવ્યા, શિવજી, નારદજી કે સનકાદિક પણ મારે શરણે નથી આવ્યા. દેહ ધરીને આમાંથી કોઈ પણ મારે શરણે આવ્યા નથી.'

ઉધ્ધવ કહે : 'પ્રભુ, આપ કહો છો કે આમાંથી કોઇ આપના શરણે આવ્યા નથી. અને પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે કોઇ આપના શરણે આવ્યા છે ખરા ?'

પ્રભુ કહે : 'હા, ઉધ્ધવ, એક માત્ર શ્રી ગોપીજન મારે શરણે આવ્યા છે. તેઓ તો મારા પ્રિય વ્રજના રત્ન છે. તેમનું મન સદા સર્વદા મારામાં જ લાગેલું રહે છે. હું જ્યારે ગાયો ચરાવવા ગયો હોઉં ત્યારે તેમના દેહ-મનની સ્થિતિ કેવી હોય છે ? તેમના શરીર જાણે લોહી અને માંસ વિનાના નિશ્ચેષ્ટ પૂતળાં જોઇ લો ! ખાવા પીવાનું ભાન પણ તેમને રહેતું નહી.' અને હું વનમાંથી સાંજે પધારુ

ત્યારે તેમના દેહમાં જાણે પ્રાણ આવે છે અને કમળ ખીલી ઊઠે તે તેમ ખીલી ઊઠે છે. બસ, એક આ ગોપીજન મારે શરણ આવ્યાં છે.

ઉદ્ધવ કહે : 'પ્રભુ, ગોપીઓ તો પ્રેમમાં શિરમોર છે, એ તો પ્રેમની ધ્વજા છે. સમસ્ત વિશ્વમાં તેમના ચરણની ધૂલી સમાન પણ કોણ આવી શકે ?'

શ્રીકૃષ્ણ કહે : 'ઉદ્ધવ, બ્રહ્માની એક રાત સુધી મેં આ ગોપીઓને રાસે રમાડયા પણ મારો સંગ એમને એટલો બધો પ્રિય છે કે તેમને મન તો આ રાસ અર્ધી ક્ષણ સુધી પણ ચાલ્યો ન હોય એવું તેમને લાગ્યું. આ ગોપીજન સમાન પ્રિય મને કોઈ નથી, તેઓ મારા સાચા શરણાર્થી છે.'

ઉદ્ધવ કહે : 'પ્રભુ! એટલે તો આપ 'શ્રીગોપીજનવલ્લભ' છો.'

શ્રી ગોપીજન વલ્લભાય નમઃ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

બ્રાહ્મણ ક્ષત્રિય વિશાં શુદ્રાણાં ચ પરંતપ ।
કર્માણિ પ્રવિભકતાનિ સ્વભાવ પ્રભવૈર્ગુણૈઃ
॥૪૧॥

શ્લોકાર્થ : હે પરંતપ ! (બીજાઓને તાપ પમાડનાર એવા અર્જુન ! અથવા શ્રેષ્ઠ તપવાળા) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા ક્ષૂદ્રોના કર્મોને મેં વિસ્તારપૂર્વક વર્ણવ્યાં–સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો સહિત–વર્ણવ્યાં. ॥૪૧॥

ટીકા : જો એવી શંકા કરવામાં આવે કે જો એમ હોય કે સર્વ–બધું–ત્રિગુણાત્મક જ છે તો પછી જીવ જે ગુણાત્મક છે તે જો ગુણાત્મક ક્રિયા વગેરે કરે તો તેને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થાય ? એવી શંકાની કલ્પના કરીને શાસ્ત્ર દ્વારા જીવનો ઉદ્ધાર કરવા માટે શાસ્ત્રના સ્વરૂપના જ્ઞાનાર્થે પ્રસંગ નીકળતાં અર્જુનને શ્રી ગીતાજીના માહાત્મ્યમાંથી પહેલાં કહેલું હતું તેનો ઉપસંહાર કરીને મોક્ષ પ્રકરણની શરૂઆત કરે છે અને કહે છે "બ્રાહ્મણ....વગેરે"– અધ્યાય પૂરો થાય ત્યાં સુધી કહે છે.

હે પરંતપ ! એટલે કે જેનું તપ ઉત્કૃષ્ટ (એટલે શ્રેષ્ઠ પ્રકારનું) છે એવા હે અર્જુન ! અને પરમ–શ્રેષ્ઠ–તપવાળા તરીકે આ જ્ઞાનનું શ્રવણ કરવા માટે તેની યોગ્યતા દર્શાવે છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્ય–એ ત્રણ વર્ણના લોકોનું અને ઉપરાંત ક્ષૂદ્રોનું એમ જુદો ઉલ્લેખ કર્યો તેનું કારણ એ કે વેદોમાં ક્ષુદ્રોને (અમુક અધિકારો) આપવામાં આવ્યા

નથી. સ્વભાવ એટલે પરમાત્માનો જે ભાવ-સાત્ત્વિકાદિ ભેદોથી છે-તેના વિચિત્ર દર્શનની તેનાથી છે. પ્રભવ એટલે ઉત્પત્તિ-જેમની તેવા ગુણો પ્રમાણે કર્મોના ખાસ વિભાગ પાડીને (સાત્ત્વિક-રાજસ-તામસ એ પ્રમાણે વિભાગ પાડીને) હવે કહેવામાં આવે છે-એમ અર્થ છે. ।।૪૧।।

શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવ મેવ ચ ।
જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યં બ્રહ્મકર્મ સ્વભાવજમ્
।।૪૨।।

શ્લોકાર્થ : શમ (એટલે શાંતિ), દમ (એટલે ઇન્દ્રિયો પર કાબુ), તપ શૌચ, ક્ષાંતિ (એટલે ક્ષમા), આર્જવ (એટલે સરળતા), જ્ઞાન-વિજ્ઞાન (એટલે વિગતપૂર્વકનું શાસ્ત્રીય જ્ઞાન, આસ્તિક્ય (એટલે શાસ્ત્રીય પ્રમાણોથી વસ્તુ-ઇશ્વરના-હોવા સંબંધી નિશ્ચયપૂર્વકની બુદ્ધિ) આ બધું બ્રાહ્મણનું, સ્વભાવથી ઉત્પન્ન થયેલું કર્મ છે. ।।૪૨।।

ટીકા : ત્યાં (એટલે અહીં-નિરૂપણની શરૂઆતમાં) પ્રથમ તો બ્રાહ્મણોના સ્વાભાવિક કર્મો વિષે કહે છે. 'શમઃ.....વગેરે. શમ એટલે શાંતિ-ફક્ત મારામાં જ ચિત્તને (મનને) રાખવું તે, દમ એટલે ઇન્દ્રિયોનો નિગ્રહ (કાબુ), તપ એટલે શરીરને કષ્ટ આપવું તે, શૌચ એટલે બાહ્ય તથા આંતરિક-એમ બન્ને પ્રકારનું, ક્ષાન્તિ એટલે ક્ષમા, આર્જવ એટલે સરળતા (ઋજુતા), "એવ" શબ્દ વાપરીને એમ સૂચવ્યું છે કે કુટિલોમાં પણ જ્ઞાન-વિજ્ઞાન એટલે શાસ્ત્રીય જ્ઞાન (=વિશેષ જ્ઞાન-અનુભવરૂપ વિજ્ઞાન) આસ્તિક્ય એટલે પ્રમાણથી દર્શાવેલા ફળના ઉત્કર્ષ વિષે એ છે, એવી નિશ્ચયાત્મક બુદ્ધિ, આ પ્રમાણે આ બધું બ્રાહ્મણનું સ્વભાવથી જ પ્રકટ થયેલું (પ્રાપ્ત થયેલું) કર્મ છે. ।।૪૨।।

શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્ ।
દાનમીશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્
।।૪૩।।

શ્લોકાર્થ : શૌર્ય, તેજ, ધૈર્ય, સર્વ-કર્મમાં કુશળતા ('યોગઃ કર્મસ્તુ કૌશલમ્' માં દર્શાવ્યા પ્રમાણે કૌશલ્ય), યુદ્ધમાં પણ અપરાંગમુખતા-કોઇ હરાવી શકે નહિ એવી શકિત, દાન શીલતા, નિયંત્રણ કરવું તે એટલે બધા ઉપર પ્રભુત્વ ધરાવવું તે-આ બધું સ્વભાવથી જ પ્રાપ્ત થયેલું ક્ષત્રિયોનું કર્મ છે. ।।૪૩।।

ટીકા : હવે ક્ષત્રિયોનું કર્મ દર્શાવતાં કહે છે-'શૌર્યમ્....'વગેરે. શૌર્ય એટલે પરાક્રમ, તેજ એટલે પ્રગલ્ભતા, ધૃતિ એટલે ધૈર્ય-ધીરજ, દાક્ષ્ય એટલે સર્વ કર્મોમાં કૌશલ (દક્ષતા-આવડત). યુદ્ધમાં પણ નાશી ન જવાની શકિત-પણ શબ્દથી સૂચવે છે કે જેમ યુદ્ધ વખતે તેવી જ રીતે સર્વ ન્યાયી લડતોમાંથી પલાયન ન કરવું-પાછી પાની ન કરવી તે. ચ શબ્દથી સૂચવ્યું છે કે દ્યુત (પાસાંની રમત)માંથી પણ પાછી પાની ન કરવી તે. દાન એટલે દાનશીલ રહેવું તે, અને ઇશ્વરભાવ એટલે માત્ર નિયમન કરવાનો સ્વભાવ હોવો તે-આ બધું ક્ષત્રિયોનું સ્વભાવગત કર્મ છે. ।।૪૩।।

કૃષિ ગોરક્ષ્યવાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્ ।
પરિચર્યાત્મકં કર્મ ક્ષુદ્રસ્યાપિ સ્વભાવજમ્
।।૪૪।।

શ્લોકાર્થ : ખેતી, ગાયની રક્ષા, વેપાર આ બધાં સ્વભાવથી જ વૈશ્યના કર્મ છે.

તેમજ શુદ્રનું કર્મ (ઉપર જણાવેલા ત્રણેય વર્ણની સેવા કરવાનું છે) એટલે કે મારી (ભગવાનની) (પરિચર્યા) સેવા કરવાનું કર્મ જેમ ત્રણેય વર્ણનું છે તેવી જ રીતે શુદ્રનું પણ છે. ॥૪૪॥

ટીકા–વૈશ્યનું કર્મ કહે છે–કૃષીતિ....કૃષિ એટલે ખેતી (ખેડવું તે) ગૌરક્ષ્યં એટલે પશુ પાલન, વાણિજ્ય એટલે વેચવું–લેવું....વગેરે (વ્યાપાર)–આ બધું વૈશ્યનું કર્મ, સ્વભાવથી જ ઉત્પન્ન થયેલું છે અને શુદ્રનું કર્મ કહે છે–પરિચર્યાત્મકં....વગેરે ત્રણ વર્ણોની સેવારૂપ શુદ્રનું પણ કર્મ સ્વભાવથી ઉત્પન્ન થયેલું છે. અથવા તો મારી સેવારૂપ અગાઉ કહેલા ત્રણેય વર્ણોનું કર્મ, શુદ્રનું પણ છે–એમ અર્થ છે. ૪૪

સ્વેસ્વે કર્મણ્ય ભિરતઃ, સંસિદ્ધિં લભતે નરઃ ।
સ્વકર્મ નિરતઃ સિદ્ધિં, યથા વિન્દતિતચ્છુણુ
॥૪૫॥

શ્લોકાર્થ–પોત પોતાના કર્મમાં નર સારી રીતે સિદ્ધિને પામે છે. પોતાના કર્મમા મગ્ન થયેલો મનુષ્ય સિદ્ધિને કેવી રીતે પામે છે તે હવે સાંભળ. ૪૫

ટીકા–જે માટે કર્મનું નિરૂપણ કરવામાં આવેલું છે તે કહે છે–સ્વે સ્વે....વગેરે પોત પોતાને માટે વિહિત એટલે નકકી કરવામાં આવેલાં કર્મોમાં પ્રીતિ ધરાવતો મનુષ્ય સંપૂર્ણ સિદ્ધિને–મારા પ્રસાદરૂપ સિદ્ધિને–પામે છે. જો એવી શંકા કરવામાં આવે કે ફકત વિહિત કર્મોમાં પ્રીતિ ધરાવવાથી જ સિદ્ધિ મળે તો એમ કેવી રીતે થાય ? એ શંકાનું નિવારણ કરતાં જે પ્રકારે સિદ્ધિ મળે છે તે કહે છે કે સાંભળ. ૪૫.

યતઃ પ્રવૃત્તિર્ભૂત્તાનાં, યેન સર્વમિદં તતમ્ ।
સ્વકર્મણા તમભ્યર્ચ્ય, સિદ્ધિં વિન્દતિ માનવઃ
॥૪૬॥

શ્લોકાર્થ–જે ભગવાનમાંથી બધા પ્રાણીઓની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે અને જે ભગવાનથી આ બધું વિશ્વ વ્યાપી છે તેની અર્ચના પૂજા–પોતાના કર્મથી કરીને માનવ સિદ્ધિ પામે છે. ૪૬.

ટીકા–એ પ્રકારને જ કહે છે–યત.... વગેરેથી જે ભગવાનમાંથી પ્રાણીઓની પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે, અથવા તો સર્વ કર્મમાં જેમાંથી પ્રવૃત્તિ એટલે વર્તન અથવા તો અનુસરણ થાય છે. જે ઇશ્વરથી, કારણરૂપે આ બધું વિશ્વ વ્યાપ્ત છે તેવા ભગવાનને પોતાના કર્મ દ્વારા ભક્તિપુર્વક અર્ચના–પુજા–સમર્પીને મનુષ્ય (અર્થાત્ મનુમાંથી જન્મેલો) સારા ધંર્મરૂપ સિદ્ધિને પામે છે એમ અર્થ છે. ૪૬.

શ્રેયાન્સ્વધર્મો વિગુણઃ, પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ ।
સ્વભાવનિયતં કર્મ, કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્
॥૪૭॥

શ્લોકાર્થ-(કર્મ માર્ગ જેવા) સારી રીતે અનુષ્ઠાન કરાયેલા (એટલે પાળવામાં આવેલા) પરધર્મ કરતાં વિગુણ હોય તો પણ સ્વધર્મ (પોતાનો ધર્મ) શ્રેષ્ઠ છે. સ્વભાવથી નિયત (નક્કી કરવામાં આવેલ, એટલે કે ભગવાનના ભાવના નિયમો દ્વારા જણાવવામાં આવેલ કર્મ કરતાં કરતાં (પર ધર્મના ત્યાગને લીધે ઉત્પન્ન થયેલું) કિલ્બિષ એટલે પાપ લાગતું નથી. ૪૭

ટીકા–પોતાના કર્મ દ્વારા અર્ચન (પૂજા) કરવામાં વૈશિષ્ટ્ય દર્શાવે છે. શ્રેયાન્....વગેરેથી સારી રીતે અનુષ્ઠાન કરવામાં આવ્યું છે જેનું એવા કર્મ માર્ગ જેવા પરધર્મ કરતાં વિગુણ (ગુણ રહિત) હોવા છતાં સ્વધર્મ શ્રેષ્ઠ છે એમ અર્થ છે. જો એવી શંકા કરવામાં આવે કે વિગુણત્વ (ગુણ રહિતપણા)માં શ્રેષ્ઠત્વ કેવી રીતે હોઇ શકે ? એવી શંકાનું નિવારણ કરતાં કહે છે સ્વભાવથી નક્કી કરવામાં આવેલ એટલે કે ભગવદ્ ભાવવાળા નિયમો દ્વારા કહેવામાં આવેલ કર્મ કરતાં કરતાં વિગુણતાથી ઉત્પન્ન થયેલ, બીજા ધર્મના ત્યાગથી પ્રગટ થતું પાપ લાગતું નથી. ૪૭

સહજં કર્મ કૌન્તેય, સદોષમપિ ન ત્યજેત્ ।
સર્વારંભાહિ દોષેણ, ધૂમેનાગ્નિરિવાવૃત્તાઃ ॥૪૮॥

શ્લોકાર્થ–હે કુંતાજીના પુત્ર ! સ્વાભાવિક કર્મ દોષવાળું હોય તો પણ તેનો ત્યાગ ન કરવો જોઇએ, કારણ કે બધા કર્મોના આરંભો દોષથી ઢંકાયેલા છે–જેવી રીતે અગ્નિ ધુમાડાથી ઢંકાયેલો છે તેમ. ૪૮

ટીકા–જેવી રીતે વિગુણ હોય તો પણ ભગવાને કહેલું કર્મ પણ ત્યાજ્ય (તજવા જેવું) નથી. તેથી કહે છે "સહજ"...વગેરે. હે કૌન્તેય ! સ્ત્રીત્વના દોષથી સહિત હોવા છતાં તું તો ભક્તના ગુણો ધરાવે છે તેવા હે કૌન્તેય ! સહજ એટલે સ્વાભાવિક–ભગવાનની ક્રીડાની ઇચ્છા સહિત પ્રગટ થતું (આચરવામાં આવતું) કર્મ સદોષ એટલે કે લૌકિક હોય તો પણ ત્યાજ્ય નથી. તેથી સર્વથી સિદ્ધિને મેળવી આપનાર હોવાથી એ કર્મ કરવું જ જોઇએ એમ અર્થ છે.

શા માટે ન ત્યજવું એ દર્શાવવા કહે છે. "સર્વ....વગેરે હિ શબ્દ નિશ્ચય વાચક છે. ખરેખર, સર્વ આરંભો (શરૂઆતો) જેમ ધુમાડાથી અગ્નિ વીંટળાયેલો છે તેમ, દોષથી વીંટળાયેલા છે. તેથી તેઓ (એવા સર્વ આરંભો) પોતાના દોષોને જ કારણે (કર્મનો) ત્યાગ કરાવે છે. જેમ ધુમાડાથી વીંટાયેલો અગ્નિ ભીનાં લાકડામાં અગ્નિપણું પ્રગટાવતો નથી પરંતુ ધુમાડાથી વીંટળાયેલો હોવાથી એવો અગ્નિ સુખ સેવ્ય (અગ્નિ પાસે તાપવા જતાં સુખદાયક) હોતો નથી. જ્યારે ધુમાડા વગરનો અગ્નિ તેનાથી (એટલે ધુમાડાથી) રહિત હોવાને કારણે સુખ આપે છે. આ જ પ્રમાણે મારું કર્મ પણ નિર્દોષ પણાને કારણે ત્યજવું ન જોઇએ એવો ભાવ છે. ૪૮

–ક્રમશઃ

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ।।

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

શ્રીમદ્ રઘુનાથ ચરણ વિરચિત વિવરણ

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઈ)

વિવેકધૈર્ય ભકત્યાદિ, રહિતસ્ય વિશેષતઃ ।
પાપાસકતસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૯॥

'વિવેક'....વગેરે–વિવેકસ્તુ હરિઃ સર્વ વિજેચ્છાતઃ કરિષ્યતિ' હરિ બધું પોતાની ઇચ્છાથી જ કરશે એમ સમજવું તેનું નામ 'નિવેક' ત્રણ પ્રકારના દુ-ખને સહન કરવું એનું નામ 'ધૈય' 'ભકિત' શબ્દથી ક્રમમાં આવતા આશ્રયને કહે છે. 'આદિ' શબ્દથી તે મેળવવાનાં સાધનોને કહે છે. આ બધાનું વિવેચન કરીને વિરૂપણ કર્યું તે વિવેક ધૈર્યાશ્રયની ટીકામાં આપ્યું છે. એ સ્થળે તે જોઇ લેવું.

વિવેક વગેરે ભગવદ્ ધર્મો વગરનો હું છું. એવા મારી ગતી શ્રીકૃષ્ણ છે. ઉપરાંત હું ગુણો વગરનો છું એટલું જ નંથી પરંતુ વધારામાં હું અતિશય પાપાસકત (મહાપાતકના આચરણ)માં લીન પણ છું. પાપમાંથી છુટવાને અસમર્થ હોવાને લીધે થતી ગ્લાનિ એટલે દુઃખને લીધે દીન (લાચાર) છું. ભગવાને પણ એવા લોકોને કહ્યું છે કે મારો આશ્રય કરવાથી દુઃખ મુકિત થશે. જેમકે શ્રીમદ્ ભાગવદ ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું.

'માંહિ પાર્થ વ્યપાશ્રિત્ય યે પિસ્યુઃ પાપ યોનયઃ' વગેરે અને 'અપિ ચેત્સુદુરાચારો' વગેરે....વગેરે હે પાર્થ : મારો જ આશ્રય કરવાથી પાપથી ભરેલો જે કોઇ હોય તેમનો હું ઉદ્ધાર કરું છુ, અને બહુજ પાપી ભલેને હોય તો પણ હું તેમનો ઉદ્ધાર કરું છું.... વગેરે. ૯

પોતાના સર્વસ્વનું સમર્પણ કરનારાઓનું સાધન તેમજ ફળપણ પોતાના પ્રભુ જ સિદ્ધ કરી આપશે એવી પ્રાર્થના પણ એવી જ રીતે કરે છે–

સર્વસામર્થ્ય સહિતઃ, સવત્રૈવાખિલાર્થ કૃત ।
શરણસ્થ સમુદ્ધારં. કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ ।૧૦।

'સર્વ સામર્થ્ય'–વગેરે કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્‌ની શકિત હોવાને લીધે મારા ભગવાનમા બધું કરવાનું સામર્થ્ય છે. શી વિશિષ્ટતા છે ? સર્વત્ર (એટલે બધી જગ્યાએ) જ. જ્યાં અખિલ એટલે સર્વ ઇચ્છેલા અર્થો (પદાર્થો) આપે છે એટલે અખિલાર્થકૃત્ છે. કારણ કે તું આ પ્રકારનો સ્વામી છે એ કારણને લીધે હે કૃષ્ણ ! પરબ્રહ્મ ! શરણસ્થ એટલે તારે શરણે આવેલા એવા મારા સમુદ્ધાર એટલે સારી રીતે ઉદ્ધાર માટે વિજ્ઞાપન (વિનંતી) કરું છું. અહં એટલે હું તારી પાસે સ્થિત (એટલે કૃષ્ણ સમીપ રહીને) તારા શરણને માગનાર છું (શરણાર્થી છું.) ૧૦

આનો ફકત પાઠ કરતા રહેનારને પણ ઉપર કહેલું ફળ મળે છે તેથી કહે છે–

કૃષ્ણશ્રયમિદં સ્તોત્રં, યઃ પઠેત્કૃષ્ણ સન્નિધૌ ।
તસ્યાશ્રયો ભવેત્કૃષ્ણ, ઇતિ શ્રીવલ્લભોબ્રવીત્ ।૧૧।

'કૃષ્ણાશ્રય'-વગેરે શ્રીકૃષ્ણનો આશ્રય લેવામાં આવે છે જે સ્તોત્ર દ્વારા કૃષ્ણાશ્રય સ્તોત્ર અથવા તો કૃષ્ણનો આશ્રય જેમાં પ્રતિપાદન કરવામાં (રજુ કરવામાં) આવ્યો છે તે આનો જેકૃષ્ણની સન્નિધિમાં એટલે સમીપે. 'સન્નિધિ' શબ્દથી સૂચવે છે કે શ્રીકૃષ્ણના અનન્ય ભક્તની સમીપે પણ આનો પાઠ કરી શકાય. કારણ કે સન્નિધિ એટલે સરખાપણું ભગવાન અને તેના અનન્ય ભક્તનું) હોવાને કારણે 'તસ્ય' એટલે કૃષ્ણના આશ્રયને જાણતો ન હોય તો પણ તેવાનો પણ પોતાની મેળે જ શ્રીકૃષ્ણ આશ્રય (આશરો) બનશે. એવી શંકા ન કરવી કે આ અતિ દુર્લભ કાર્ય (શ્રીકૃષ્ણ પોતે આશ્રય આપશે એ) ફકત આટલો પાઠ કરવા માત્રથી સિદ્ધ થઇ શકે ખરું ?

એવી શંકાના નિવારણ માટે કહે છે કે 'આમ શ્રીવલ્લભે કહ્યું છે.' આ વચન આચાર્યોમાં શ્રેષ્ઠ એવા શ્રીવલ્લભે કહ્યું છે તેથી તેમાં શું આશ્ચર્ય ? કોઇ પ્રકારનું આર્યશ્ચ કે શંકા ન લાવતાં શ્રીઆચાર્યચરણના વચનો પાછળ રહેલી શક્તિ જ ઉપયોગમાં લેવી, કારણ કે આચાર્યશ્રીના વચનથી પ્રેરાઇને ભગવાન તેનો આશરો બનશે અને જીવ જરા જેટલું પણ સાધન વાપરે (કે ધરાવે) એવી અપેક્ષા રાખતા નથી. ૧૧

સુખપૂર્વક શ્રીકૃષ્ણનો આશ્રય સ્વીકારો નકામી આધિ (દૈવે નાખેલી ચિંતા) થી શું વળે ? શ્રીઆચાર્યચરણની વાણીનું સિંચન થયું છે તેથી હે જનો ! જરાપણ સંશય લાવશો નહિ. ૨

શ્રીઆચાર્યજીના ચરણકમલમાં દૃઢ (પાકો, નિશ્ચળ) અને સંપૂર્ણ (પૂરેપૂરો) વિશ્વાસ રાખીને રઘુનાથ નામના વિવરણકારે આ શ્રીકૃષ્ણાશ્રય ઉપર વિચારણા (સમીક્ષા) કરી છે

આ પ્રમાણે શ્રીવલ્લભનંદનના ચરણને એક માત્ર શરણ તરીકે સ્વીકારનાર શ્રીરઘુનાથનું કરેલ (શ્રીકૃષ્ણાશ્રયનું) વિવરણ સમાપ્ત થયું.

નવા ગ્રાહક જોગ નિવેદન

શ્રી વલ્લભ સુધાના નવા ગ્રાહક થનારને ચાલુ વર્ષના આગલા અંક આપી શકાશે નહિ તેની નોંધ લેવા વિનંતિ.

વ્યવસ્થાપક

શૌચ

લેખક : રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી

શૌચ એટલે મળત્યાગ કરીને શરીરને શુદ્ધ કરવું તે. પ્રથમ તો મલત્યાગ ગામની બહાર જઇ જંગલમાં કરવામાં આવતો. તેથી હાલ પણ શૌચને કેટલાક જંગલે જવાનું અથવા ઝાળે જવાનું કહે છે. ગામડામાં હજુ ગામ બહાર ઝાડી જેવું જંગલ હોય ત્યાંજ જવામાં આવે છે. મોટા નગરોને ઉદ્દેશીને આપણે અત્યારે તેવો વિચાર કરીએ તો કદાચ લોકો આપણને હસી કાઢે, અને મૂર્ખ પણ કહે, પરંતુ ધ્યાનપૂર્વક વિચાર કરીએ તો જંગલમા જ શૌચ કરવામાં કેટલું સ્વાતંત્ર્ય છે, કેટલું સુખ છે. જ્યારે આ પ્રમાણેની વ્યવસ્થા હતી ત્યારે રોગ નહોતા, શરીરમાં દુર્બલતા નહોતી, આવી પરતંત્રતા પણ નહોતી. જો કદાચ ઢેડ લોકો તમે તેમને સ્પર્શ કરતા નથી, તેથી હાલના જમાનાં પ્રમાણે સત્યાગ્રહ કરે અને જાજરૂઓ સાફ ન કરે તો તમારી કેવી દુર્દશા? એ સમયે પ્રાચીન વ્યવસ્થાનું તમને સ્મરણ થાય અને તેમાં કેટલું સ્વાતંત્ર્ય તથા સુખ છે એનું ભાન આવે. જ્યારે જંગલમાંજ શૌચ જવા જતા ત્યારે સવારમાં બહારની શુદ્ધ હવા લેવાથી આરોગ્ય વધતું, જંગલી પ્રાણીઓનો ઝાઝો ડર નહોતો. પણ જેમ જેમ આપણે સગવડો કરતા ગયા, તેમ તેમ આપણી અગવડો વધતી ગઇ, લક્ષ્મી નાસવા લાગી, પરાધીન બનતા ગયા, નિર્માલ્ય આવ્યું, ભય વધ્યો, શૌર્ય ચાલ્યું ગયું. અને માટીથી હાથ ધોવાને બદલે ચરબીના બનેલા સાબુથી શુદ્ધિ કરતા શીખ્યા. જે માટીમાંથી અન્ન ઉત્પન્ન થયું, જેનાથી વીર્ય અને શરીર બંધાયું, તો તેવા શરીરોની શુદ્ધિ માટીથી જેવી રીતે થાય તેવી રીતે બીજાથી તો નજ થઇ શકે. માટે શરીર શુદ્ધ કરવામાં જેટલી સરલ અને અનુકુલ માટી છે, તેટલા સાબુ ન હોય!

પરંતુ આપણામાં પાશ્ચાત્ય ભાવનાઓનું સામ્રાજ્ય જામતું જાય છે, એટલે તેનું અનુકરણ કરીને આપણે આપણા મૂળ વિચારો છોડતા થયા. એથી નાહકના ખોટા ખર્ચોમાં વધારો થઇ દેશ પાયમાલ થતો જાય છે; તો પણ આપણી આંખો ખુલતી નથી. અને ચરબીવાળા વિલાયતી સાબુઓ વાપર્યા જ કરીએ છીએ, આપણે સ્વદેશી સ્વદેશીની બૂમો પાડયા કરીએ, વિદેશીનો ત્યાગ કરો ત્યાગ કરો એમ કહીએ. છતાંયે આપણે જ અપવિત્ર સાબુઓ એ સિવાય બીજી અનેક અપવિત્ર વસ્તુઓને વાપરી આપણો ધર્મ, આપણું સત્વ ગુમાવી બેઠાં, આપણાથી તે છોડાતું નથી. જ્યારે આવી નજીવી નિરપયોગી બાબતમાં પણ આપણે ન ચલાવી શકીએ. પરાધીન રહીએ તે પછી બીજી સ્વતંત્રતા તો શી રીતે જ મેળવાય!

જો કે આવા મોટા શહેરોમાં દૂર ભૂમિમાં મળ ત્યાગ કરવા જવું અશકય જેવું છે, છતાં તેમ નહિ કરવાથી આપણી આંતર વ્યવસ્થા છેક બગડી ગઇ છે, એ તો સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી. આપણે માત્ર શરીરની શુદ્ધિ માટે જ યત્ન કરતા નથી, પણ બીજો ગંભીર આશય સમાયેલો છે. શરીર શુદ્ધ થાય તોજ મન શુદ્ધ બને અને મન શુદ્ધ થતાં હૃદય શુદ્ધ થાય. આમ અંતઃકરણની સારી શુદ્ધિ થયા સિવાય તેમાં પ્રભુનો નિવાસ થતો નથી, માટે આપણે બાહ્ય શુદ્ધિની વિશેષ કાળજી રાખવાની જરૂર છે. શરીરની શુદ્ધિ પણ ધર્મભાવનાએજ કરવાની છે. જેથી મળત્યાગ કર્યા પછી શુદ્ધ માટીથી વારંવાર, બન્ને હાથ પગ ધોઇ સ્વચ્છ કરી કોગળાઓ પણ કરીને પછી દંતધાવન—દાતણ કરવું.

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ વર્ષ ૩ કાર્તિક સં. ૧૯૮૫ના અંક ૮માંથી સાભાર]

ભક્ત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણનામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. પ. ભ. મીસ્ત્રી **રવજીભાઈ** 'વ્રજ' ધોરાજી.

[ગતાંકથી ચાલુ]

કલિકાલ અશુચિ કર્મ કોઈ ફળે ન તેમાં
કૃષ્ણ નામને અડે ન સુતક અતીબળ એહમાં ।૫૫।

ભાવાર્થ–આ કલિ કાલ સદા સર્વદા દોષનો ભરેલો અને ભંડાર રૂપ છે- તેમાં કોઇ પણ કર્મો શુભફળ આપી શકતાં નથી. કારણ કે કર્મમાં દેશ–અને કાળની પણ શુદ્ધિ જોઇએ દેશકાળ કલિ કાલથી આવૃત છે. અને સર્વ શુભ કાર્યોમાં પણ વિઘ્ન કરવા, અથવા તો કલુષિત કરવા સદા તત્પર જ રહે છે, પરંતુ નામને કદીએ સુતક–અપવિત્રતા કઇ કરી શકતાં નથી, નામની તેથી પણ શુદ્ધિ થઇ જાય છે નામનું બળ નામી કરતાં પણ પ્રબળ હોય છે. નામથી નામી પણ બંધાઇ જઇ કૃપા કરે છે, અને નામ લેનારનું સદાકાળ નિરંતર હિત કરે છે.

કૃતે ધ્યાન–ત્રેતાએ યજ્ઞ દ્વાપર પૂજન ભાખ્યું
કલિ કેવળ કૃષ્ણ કીર્તન મોહે સો ફલ દાખ્યું ।૫૬।

ભાવાર્થ–સતયુગમાં જે ફળ ધ્યાન કરવાથી મળતું હતું. તે ફળ ત્રેતા યુગમાં યજ્ઞ દ્વારા મળતું, અને તેજ ફળ–દ્વાપર યુગમાં પુજન કરવાથી મળતું હતું. અને તેજ ફળ કલિ યુગમાં કેવળ કૃષ્ણ નામ કીર્તનથી મળે છે.

ચતુર્ષષ્ટ દશં અષ્ટ કાવ્ય મહાભારત એમ બોલે
સર્વ સાર શ્રીકૃષ્ણ નામકઇ નહીં તેને તોલે ।૫૭।

ભાવાર્થ–શ્રીમદ ભાગવત–ગીતાજી–અને મહાભારત આ સર્વ બોલે છે, શ્રીકૃષ્ણ નામની તુલના કોઈ કરી શકે નહી, શ્રીકૃષ્ણ નામતો સર્વવેદ–ગીતા, ભાગવત પુરાણોના સારનો પણ સાર છે, માટે શ્રીકૃષ્ણ નામ અષ્ટ પ્રહર લઇએ.

શ્રીકૃષ્ણ નામ વિશ્વાસ નથી તે પંડિત માનો ખોટા
કૃષ્ણ નામ શિવ શેષ રટે તેનાથી–કો મોટા ।૫૮।

ભાવાર્થ–કોઇ ગમે તેવો સમર્થ અને વેદ પારાંગત પંડિત હોય પરંતુ તેને શ્રીકૃષ્ણ નામમાં વિશ્વાસ ન હોય, તો તે અને તેવાં મુળ ખોટાં છે. શ્રીભકત કવિ દયારામભાઇ વેદ પુરાણોના સારરૂપ ભકિત પોષણ ગ્રંથમાં કહે છે, કે કોઇ પણ પંડિત સર્વગુણ સંપન્ન હોય, સર્વ શાસ્ત્રપારંગત હોય, પરંતુ પદ્મનાભ પ્રભુથી વિમુખ હોય તો, તેનાથી શ્વપચ (ભંગી) પણ સારો છે, કે જેને શ્રીકૃષ્ણમાં આશકિત પ્રેમ હોય છે, અને મન વચન અને કર્મથી શ્રીહરિની ભકિત કરે છે, તે કુળ સહિત જેવું શ્રેય પામે છે, તેવું શ્રેય વિમુખ પંડિતનું થતું નથી.

બ્રહ્માદિ–શિવાદિ–શેષજી સરખા પણ સદા કૃષ્ણ નામનું રટણ કર્યા કરે છે. તેનાથી તો કોઇ પંડિતો મોટા નથીને ? પ્રભુના પદને તેના નામ–સેવા ભજનથી પામી શકાય છે. પંડિતાઇથી નથી પામી શકાતું.

સ્કંધ પુરાણે શ્રીનારાયણ શ્રીમુખ ભાખ્યું
બ્રહ્મા પ્રત્યે નામ શિરોમણી નિજ કહી દાખ્યું ।૫૯।

ભાવાર્થ–સ્કંધ પુરાણમાં શ્રીનારાયણ ભગવાને પોતાના મુખથી બ્રહ્માને કહ્યું છે, કે શ્રીકૃષ્ણ નામ જ સર્વ શિરોમણી છે. કારણ કે શ્રીકૃષ્ણ તો અનંત કોટી બ્રહ્માંડના સ્વામિ છે, ત્યારે આપણે તો તેના વતિનાં બ્રહ્માંડના કાર્ય કરો છીએ, અને એક જ બ્રહ્માંડના સ્વામિ છીએ, પ્રધાનો બધા કહેવાય પરંતુ રાજ્યોમાં રાજ્ય પ્રધાન વડા હોય છે, પરંતુ–કેંદ્રિય વડા પ્રધાન સર્વોપરિ હોય છે.

॥ શ્રીવલ્લભ ॥

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે]

લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

શ્રીયમુના સબહિન તેં અધિકારી ॥
કીહિ કારન ભૂતલ પાંઉધારે-ચિત્ત દે સુનો
સબ યા વિધિ કી. રી. ॥૧॥
વ્યાપિ વૈકુંઠતેં આઈ બ્રજમેં જાને સખી યા
નિધિ કી. રી. ॥
હરિદાસ પ્રભુ નિરખત શોભા-રંક મિલી
ગંઠીયાં નિધિ કી. રી. ॥૨॥

ભાવાર્થ-અખિલ બ્રહ્માંડમાં સર્વથા શ્રીયમુનાજી અધિક છે એવાં શ્રીયમુનાજી-ભૂતલ ઉપર કેવી રીતે પધાર્યો એની વિધિની વાત ચિત્ત દઇ અને સાંભળો વ્યાપિ વૈકુંઠથી વ્રજમાં પધાર્યા. કેમ જાણે નિધિ રૂપ શ્રીકુંજ નાયકનાં પ્યારી સખી હોય. હરિદાસ એવા પ્રભુની શોભા નિરખતાં કેમ જાણે. મહા નિધિની મોટી ગાંઠડી મળી હોય તેમ દર્શન કરતાં નયનો તૃપ્ત થતાં નથી.

વિવેચન-આ ઉપરથી નંદદાસજીનું એક કીર્તન છે. તે અહીં આપવું ઉચિતધારી અને આપું છું-નેહકારન શ્રીયમુને પ્રથમ આઇ ॥ ભકત કે ચિત્ત કી વૃત્તિ સબ જાનહીં તાહિતં અતિ હી આતુર જુધાઇ ॥૧॥ જાકે મન જૈસી હુતી કામના તૈસી હીં આઈ સાધ જુ પુજાઇ ॥ નંદદાસ પ્રભુ તાપર રિઝિ રહે જોઈ શ્રીયમુનાજી કે જસ જુગાઇ ॥૨॥

આવી રીતે શ્રીયમુનાજી ભકતનો વશ થઇ અને ભૂતલ પધાર્યાં છે ભકતના ચિત્તમાં આપનાં દર્શનનો વિરહ અને દુખ જોઇને અને અતિ આતુરતા પૂર્વક ભૂતલ પધાર્યાં છે અને જે ભકતના મનમાં જેવા મનોરથો હતા તેવા તેના પુર્ણ કર્યાં માટે જેઓ શ્રીયમુનાજીના જસ ગાય તેના ઉપર નંદદાસજીના પ્રભુ શ્રી વૃંદાવન વિહારી સદા પ્રસન્ન રહે એવા પ્રભુને નિરખતા તૃપ્તિ કેમ થાય.

સને ૧૯૯૦ ના અંક ૨ ના અનુસંધાને

શ્રીવલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની નામાવલી

૩૮૧ શ્રીમતી પુષ્પાવતી હિંમતલાલ શાહ, વિલેપાર્લે
૩૮૨ શ્રી પટેલ રતિલાલ મોહનલાલ ગંગદાસ ઠુમર, જેતપુર
૩૮૩ શ્રી સોની પ્રભુદાસ મોહનલાલ ગેરીયા, જેતપુર
૩૮૪ શ્રી ઝવેરી કાંતિલાલ છગનલાલ, જેતપુર
૩૮૫ શ્રી વલ્લભદાસ વિઠ્ઠલદાસ આડેસરા, જામનગર
૩૮૬ સી. જી. ધનશ્યામદાસ એન્ડ સન્સ, મદ્રાસ
૩૮૭ સખિયા મનસુખભાઇ માવજીભાઈ, રાજકોટ
૩૮૮ વૈદ્ય જગદીશચંદ્ર પ્રભાશંકર ભટ્ટ, રાજકોટ
૩૮૯ સોની લક્ષ્મીચંદ મણીલાલ રાણપરા, માણામોરા
૩૯૦ ધનજીભાઇ કે. કોરીયા, રાજકોટ

।। શ્રી સર્વોત્તમ પદ ।।

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૧૭. વિભૂરૂપ

સર્વ સમર્થ શ્રી મધુપતિ રાય;
કર્તું અકર્તું અન્યથાકર્તું, કોક કલા મહાનિધિ કહાય.... ૧
એક કાલાવચ્છિન્ન સબલીલા, કોટિક ભકતન સંગ સુહાય;
સોઇ શ્રી 'વ્રજ' વલ્લભ પ્યારી કે, વિરહ નયનમેં આંસુ બહાય.... ૨

૧૮. અદેયદાન દક્ષશ્ચરૂપ

શ્રી પ્રથમેશ બાન યહ બાની;
ઐસો સુખ દીયો ભકતનકોં, ભૂતલ ઐસો હ્વે હેં ન દાની.... ૧
અદેયદાન તન મન જો આપનો દીયો દાસકોં પદ પરસાની;
યુગ યુગ બાજે બિરદ આપકો, ણાત જગત ઓર 'વ્રજ' ને જાની.... ૨

૧૯. મહોદર ચરિત્રવાન રૂપ

મહોદાર ચરિત પ્રથમેશ;
જહાં જહાં ભૂતલમેં દૈવીજન, પાઉં ધારે તહાં તહાં ઉહી દેશ.... ૧
યશ પ્રતાપ પદરજ આકર્ષે, દર્શન માહાત્મ્ય અતિ અશેષ;
શરણ આયે તારે સૂચી પાપી, 'વ્રજ' પતિ ભકત કમલ કે દિનેશ.... ૨

૨૦. આકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષરૂપ

માનુષ તનુ ભકતહિત કારન;
જ્યોં મથુરા કે ધનુષ યાગમેં, જેસો ભકત તે સોંહી દરસન.... ૧
કારન કરન સમર્થ મહા તોઉ, ઉરઝે દિખાયે વ્યામોહ કારન;
જરાસંધ શિશુપાલ કૌરવ ઓર પૌંડ્રક લાગે કૃષ્ણન કો ડારન.... ૨
ગોપ ગોપી વ્રજભકત જાનત હે, પ્રાન પતિ નૈનનકે તારન;
પરમ તત્ત્વ પ્રથમેશ પ્રગટ ભયે, 'વ્રજ' વલ્લભ નિજજન દુઃખ હારન.... ૩

(-ક્રમશઃ)

આ માસના ઉત્સવ

કારતક વદ ૧૦ તા. ૧૧-૧૧-૯૦ રવિવાર ગો. શ્રી ઉત્તમ શ્લોકજી મહારાજ શ્રી (મુબઇ) નો જન્મદિન

કારતક વદ ૧૧ તા. ૧૩-૧૧-૯૦ મંગળવાર ઉત્પત્તિ એકાદશી વ્રત

કારતક વદ ૧૩ તા. ૧૫-૧૧-૯૦ ગુરુવાર શ્રી ગુંસાઇજીના સાતમા લાલજી શ્રી ઘનશ્યામજી (સં. ૧૬૨૮) નો ઉત્સવ ગો. શ્રી રમેશચંદ્રજી મહારાજ (મુંબઇ) નો તથા ગો. શ્રી ત્રિભંગીરાયજી મહારાજ (બોરીવલી) નો જન્મદિન

માગશર સુદ ૨ તા. ૧૯-૧૧-૯૦ સોમવાર ગો. ચિ. ગોવિંદરાયજી બાવાશ્રી બોરીવલી રોજકોટ નો તથા ગો. શ્રી શ્યામ સુંદરજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન

માગશર સુદ ૪ તા ૨૧-૧૧-૯૦ બુધવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ) નો જન્મદિન

માગશર સુદ ૫ તા. ૨૨-૧૧-૯૦ ગુરુવાર શ્રીમદનમોહનજી (કામવન) નો પાટોત્સવ

માગશર સુદ ૭ તા. ૨૪-૧૧-૯૦ શનિવાર શ્રી ગુસાંઈજીના ચતુર્થલાલજી શ્રી ગોકુલનાથજી (સં. ૧૬૦૮) નો પ્રાકટ્યોત્સવ અષ્ઠ સખા પૈકી શ્રી પરમાનંદદાસજી નો જન્મદિન

માગશર સુદ ૮ તા. ૨૫-૧૧-૯૦ રવિવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગસર શુદ ૯ તા. ૨૬-૧૧-૯૦ સોમવાર શ્રી ગુસાંઇની વધાઇનો પ્રારંભ ભારત માર્તંડ પંડિત શ્રી ગટ્ટુલાલજીનો સ્મરણ દિન. ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવલ-પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૨૮-૧૧-૯૦ બુધવાર ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત) નો જન્મદિન.

માગશર સુદ ૧૨ તા. ૨૯-૧૧-૯૦ ગુરુવાર મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતિ

માગશર સુદ ૧૫ તા. ૨-૧૨-૯૦ રવિવાર શ્રી નાથજીનો છપ્પન ભોગ. શ્રી બલદેવજીનો ઉત્સવ ગોપ માસ સમાપ્તિ.

માગશર વદ ૧ તા. ૩-૧૨-૯૦ સોમવાર ગો. ચિ. શ્રી દાઉજી-રાજીવજી બાવાશ્રી (નાથદ્વારા) નો તથા ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૫-૧૨-૯૦ બુધવાર ગો. ચિ. શ્રી હૃષિકેશજી બાવાશ્રી (મુંબઇ-ધોરાજીનો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૭-૧૨-૯૦ શુક્રવાર ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા) નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૮-૧૨-૯૦ શનિવાર શ્રી કલ્યાણરાયજી (સં. ૧૬૨૫) શ્રીહરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ.

માગશર વદ ૮ તા. ૯-૧૨-૯૦ રવિવાર હેમંત ઋતુ પુરી થઇ ગો. ચિ. શ્રી પંકજ કુમાર બાવાશ્રી (મથુરા) નો જન્મદિન.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૪૪. રાગ સારંગ ચૌ. ૩૨ (૧૩)

વંદો 'રસ એની' ક્ષત્રાની;
પતિ મર્યો તબ સતી હોયવે, આઇ સરસ્વતી જાની, ૧
મુંડ હિલાયો રાનાવ્યાસ તબ, ઉતરી ગયો સત સયાની;
સતી પ્રકાર જબ પૂછયો વ્યાસસો, કહી સિદ્ધાંત બાની, ૨
શ્રીવલ્લભ કે શરન આયકે, ભઇ વૈષ્ણવ સરસાની;
'લાલદાસ' રહી વ્યાસ સંગમે, લાજ ન જિયમેં આની. ૩

૪૫. રાગ સારંગ ચૌ. ૩૩

વંદો સાચોરા રામદાસ
સખી 'સુભગા-સુભદ્રા' રૂપી હૈ, રાજનગર મેં નિવાસ. ૧
ઘરકો ત્યાગ ચલે દ્વારિકા, તહાં પાયે વલ્લભ રસરાસ;
દસ વર્ષ રહે વલ્લભ સંગ, તબ પઠયે ઘર સ્ત્રી કે પાસ. ૨
અંગિકાર કીયો પત્નિકો, દ્વારિકાનાથ આજ્ઞા તે ખાસ;
'લાલદાસ' 'નટુવાગોપાલ' અરુ, પાદુકાજી સેવત સુખરાસ. ૩

૪૬. રાગ-સારંગ ચૌ. ૩૪

અબ ગોવિંદ દુબે સિર નાવે,
સખી 'તન્મધ્યા' સત્યભામાકી, દ્વારિકાનાથ મન ભાવે. ૧
ભગવદ્ ગીતા પઢાઇ શ્રીવલ્લભ, સ્વરૂપ જ્ઞાન કરાવે;
'નવરત્ન'કો પાઠ કરાય કે, ચિંતા ચિત્ત નસાવે. ૨
પત્ર લિખ શ્રી વિઠ્ઠલ પ્રભુને, મીરાં સંગ ત્યજાવે;
'લાલદાસ' શ્રીવલ્લભ કૃપાતે, રાજલીલા ફલપાવે. ૩

૪૭. રાગ-સારંગ ચૌ. ૩૫

વંદૌ સાંચોરા નિજ ભક્ત;
રાજા-માધો દુવે ભ્રાતાં, દોઉ મહા વિરક્ત. ૧

'નિરોધ લક્ષણ' પઢાઇ શ્રીવલ્લભ, કીયો નિરોધ યહી વકત;
'રસાલિકા' ઓર 'કુંજરી' સખી પ્રકટ ભઇ હૈ જક્ત. ૨

હરિ કૃષ્ણ કો કીગે પંડિત, માલા કરાય દો ફૂકત;
'લાલદાસ' દોઉ ભકત શિરોમણિ, શ્રીવલ્લભ ચરણા સકત. ૩

-ક્રમશઃ

વ્રજ-યમુના-સ્મૃતિ

લેખક : મુખીયાજી મથુરાદાસ જીવનભાઇ, **હીંગનઘાટવાળા**

ડાળે ડાળે પાને પાને પુષ્પો ઉપર ભ્રમર ગુંજારની શોભા ઘણી;
યાદ સત્તાવતી રહે એવા સુંદર શ્રીયમુનાજીનાં યુગલ તટતણી.
લાવણ્યરૂપ માધુરી મુરત નંદલાલ તણી જ્યાં નિત્ય લીલા સ્થલી,
લલિતા વિશાખા ભાન દુલારી રીઝવ્યા શ્યામને સૌએ મળી.
ડેલીયે ડેલીયે ગોપી અવાજ દેતી મીઠડાં મારા મહીડા લ્યો;
લાલ કન્હૈયો દોડી આવે મૈયા મને આ મહીડાં લઇ લ્યો.
વારે વારે ગોપી નિરખે હરખે તન મન તણી સુધી વિસરતી;
લાજી રહી મનમાં ને મનમાં માતા કહે અલી ! શું વેચવા આવીતી
રાજ શિરોમણી રસિકરાયની નિત્ય પ્રતિ જ્યાં, નૌતમ લીલા;
જય શ્રીયમુના જય વ્રજ ભૂમિ જય શ્રી ગોવર્ધનની શિલા.
કોટી કામ લજાવે મોહન યશોદા નંદન કુંવર કન્હૈયા;
ટહુકા કરી મોર સંગ નાચે ભાન દુલારી ચિત્ત ચુરૈયા.

વ્રજ ભૂમિની યાદ આવતા મન ક્ષોભ પામે છે. આહાહા ! કયાં તો વ્રજ ભૂમિ કયાં ગોવર્ધન પર્વત, કયાં શ્રીયમુનાજી, બધું દૂર દૂર રહ્યું પ્રભુ કયારે દોરી ખેંચી વ્રજ મંડળની ઝાંખી કરાવશે.

શ્રી યમુજીનાં ઉભય તટ અતિ રળીયામણાં છે. બન્ને બાજુ વૃક્ષોની છટા નિરાળી છે. વૃક્ષો પર વેલી ફુલોથી ઝૂમી રહી છે. તરેહનાં પક્ષિયો સુંદર ગાન કરે છે. જ્યાં શ્રી નંદલાલ રોજ પધારે છે. નિત નિત લીલા થાય છે. વ્રજ ભકતોને આનંદ આપે છે. પ્રભુને મળવા ભાન દુલારી શ્રીયમુનાજીને કિનારે આવે છે. તેઓ જાણે છે કે હવે તો પ્રભુ મોટા થઇ ગયા. અમારા ઉપર કૃપા કરવા હમણાં જ શ્રી યમુનાજીનાં કિનારે વૃક્ષલતાની છાંયમાં મળશે. શ્રી યમુનાજીનાં તટપર અનેક લીલા નિત્યનોતમ પ્રભુજીની અવિછિન્ન થાય. છે.

એકવાર ગોપી નંદ ભવનમાં મહી વેચવા ગઇ. પ્રભુ સમજી ગયા કે મારે માટે જ આવી છે. તેનું મહી પ્રેમથી અંગીકાર કર્યું ગોપી ભાવનામાં મગ્ન થઇ, યશોદાજી કહે અલી તું શું મહી વેચવા આવી છે.

આવી નિત્ય પ્રતિ લીલાનું ધ્યાન કરતાં મનને આતુરતા વધે છે.

॥ શ્રીવલ્લભ ॥

વ્રજયાત્રા સંસ્મરણ

પ્રવકતા : નિ. લી. પુ. પા. ગો. શ્રી પુરુષોત્તમલાલજી મહારાજ (કોટા)

સંપાદક : પુ. પા. ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ

અનુવાદક : ડો. ચુનીલાલ રવજીભાઇ બાલધા, આંખના સર્જન રાજકોટ

[વ્રજયાત્રાના આદિ પ્રચારક ભકિતમાર્ગના ગુરુ શ્રી ગોપીજનો અને શ્રી ઉદ્ધવજી છે. ત્યારપછી શ્રી કૃષ્ણના પ્રપૌત્ર વજનાભને સાથે લઈને ઉદ્ધવજી વ્રજમાં આવી તેમને સંપૂર્ણ વ્રજનું દર્શન કરાવે છે અને જુદાં જુદા સ્થળો ઉપર શ્રીકૃષ્ણે અવનવી લીલાઓ કરેલી તે પવિત્ર લીલા સ્થાનો બતાવે છે. ત્યારપછી શ્રી મહાપ્રભુજીએ સવત ૧૫૪૯માં વ્રજયાત્રાનો પ્રારંભ કર્યો, ત્યારબાદ મુગલ સમ્રાટ ઓર ગઝેબની ધર્માંધતાને કારણે અમુક વર્ષો વ્રજયાત્રા બંધ થઈ હતી. આ અપવાદ સિવાય વ્રજયાત્રાનો ક્રમ અવિરત રીતે દર વર્ષે પુષ્ટિસ્થ જીવોના કલ્યાણ માટે શ્રી ગૌસ્વામી બાલકોમાંથી કોઈને કોઈ અવશ્ય (જો કે હાલમાં કેટલક વર્ષો થયા એકી સાથે બે ત્રણ વ્રજયાત્ર) ઉઠાવે છે અને તે દ્વારા હજારો બલ્કે લાખો વૈષ્ણવ વ્રજયાત્રાનો લાભ મેળવ્યો છે અને મેળવે છે.

આપને આ અંક મળે તે પહેલા આપ વ્રજયાત્રા પરીપુર્ણ કરી આવી ગયા હશો અને જેવા ઘેર પહોંચ્યા કે લૌકિક કાર્યમાં રત થઈ ગયા હશો જેથી આ વ્રજયાત્રામાંથી શું લાભ મેળવ્યો, શું જોયું-જાણ્યું તેનું વિસ્મરણ દિવસો જેમ જતા જાય છે તેમ ભૂલાતું જાય છે જેથી આ પ્રવચન દ્વારા વ્રજયાત્રાનું સંસ્મરણ રાખવાની પ્રરણા પ્રાપ્ત થશે તેવા શુભ આશયથી આ પ્રવચન પ્રસ્તુત કરવામાં આવે છે -તંત્રી]

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત ક્રિડતિ યો યત: ॥

આપણી યાત્રા પૂરી થવામાં છે. અને યાત્રા પૂરી થયા બાદ આપણને શું ફળ મળશે ?

પરંતુ ફળની બાબતમાં વાત એમ છે કે ફળ તો પ્રાપ્ત થશે, જરૂર થશે, પરંતુ દરેક વ્યકિતને એક સમાન ફળ પ્રાપ્ત થાય એવો દાવો અમે કરી શકતાં નથી પહેલાં એ વાત કહેવાઇ ગઇ છે કે દૃષ્ટિ ભેદ અનુસાર જ સૃષ્ટિનો ભેદ પણ થાય છે. જે વ્યકિતની જે પ્રકારની દૃષ્ટિ હોય છે તે પ્રમાણે તે વ્યક્તિ પણ સૃષ્ટિની કલ્પના કરે છે.

એ રીતે જ વ્રજના દર્શન આપણે સૌએ કર્યા. જેટલા પણ યાત્રી યાત્રા કરવા આવ્યા હજારો વ્યકિત બધાએ કર્યા. આપણને બધાને વ્રજનું ફળ પ્રાપ્ત થયું. પરંતુ બધાએ દર્શન એક જ દૃષ્ટિથી નથી કર્યા. બધાની દૃષ્ટિ અલગ છે. દૃષ્ટિ ભેદ અનુસાર જ જેમ સૃષ્ટિ ભેદ હોય છે તે જ રીતે ફળભેદ પણ હોય છે. જેમ દૃષ્ટિ અનુસાર બધી વસ્તુએ અલગ હોય છે. તેવી જ રીતે દૃષ્ટિ અનુસાર દર્શન પણ હોય છે અને દર્શન મુજબ ફળ હોય છે. આપણને ફળ અવશ્ય મળશે. અમે તો એમ કહી શકીએ છીએ કે આપણને ફળ પ્રાપ્ત થયું છે. મળશે શા માટે ? આ કોઇ એવી વસ્તુ નથી કે પુણ્ય કર્યું, દાન કર્યું અને તેનું ફળ આવતા જન્મમાં થાય. આ માનવતાની જરૂરત નથી. આચાર્ય ચરણએ ફળ બતાવેલ છે. એવું ફળ નથી કે પુણ્ય જેવું હોય. પુણ્ય આજે કરીએ અને ફળ કાળાંતર કે જન્માંતરમાં પ્રાપ્ત થાય. એમ વાત નથી. અહીં તો જો આપણે આચાર્ય ચરણોની દૃષ્ટિ અનુસાર ચાલીએ તો ફળ આપણી સમક્ષ છે, કારણ કે વ્રજભૂમિ સ્વયં ફળરૂપ છે, તેથી બીજે કયાંયથી ફળ પ્રાપ્ત થશે એ વાત જ નથી. ફળ આપણને સર્વેને પ્રાપ્ત થયું જ છે.

પ્રથમ ફળ તો એ છે કે સામાન્ય દૃષ્ટિથી જોવામાં આવે તો આપણી જીવન યાત્રાનો જે કાર્યક્રમ પહેલા હતો, યાત્રા પહેલા, તે કાર્યક્રમમાં અને યાત્રાના કાર્યક્રમમાં ઘણો ફરક હોય છે. આપણે ઘર પર જે દૈનિક કાર્યક્રમ અનુસરતા હતા, તેમાં મહદ્ અંશે આપણો સમય લૌકિક કાર્યોમાં જતો હતો. વ્યવહારિક કાર્યોમાં જતો હતો. પરંતુ વ્રજ યાત્રામાં આવું નથી હોતું આપણો મોટા ભાગનો સમય ભગવત્ કાર્યોમાં જાય છે. પરંતુ બીજા કાર્યોમાં પણ જાય છે. બિલકુલ નથી જતો એમ તો આપણે નહી કહી શકીએ. પરંતુ ઘણો ઓછો.

સામાન્ય જીવનની સરખામણીમાં વ્રજ યાત્રાના જીવનમાં લૌકિક કાર્યો કરવા માટે આપણને સમય ઓછો મળે છે. ભગવત્ કાર્યોમાં, વ્રજ યાત્રામાં દરરોજ ચાલવાનું યાત્રા કરવી, દર્શન કરવા, સત્સંગ કરવો, આ બધા કાર્યો આપણા દૈનિક જીવનના અંગ બની જાય છે. તો એ વાત નિશ્ચિત છે કે જેટલા પણ કાર્ય છે તે બધા ફળરૂપ છે. આ બધા કાર્ય ફળરૂપ છે. તો આ બધાને પ્રાપ્ત થયું દૃષ્ટિ અનુસાર અધિકાર મુજબ પ્રાપ્ત થયું છે.

અને એક વાત લોકો કહે છે અને અમે પણ ઇચ્છીએ છીએ કે યાત્રાનું સંસ્મરણ છે કે આપણા હૃદયમાં સ્થિર થઇ જાય. આપણે દરેક ઇચ્છી છીએ કે યાત્રાના બધા સંસ્મરણ આપણા હૃદયમાં સ્થિર થઇ જશે, આવી કલ્પના કરવી તે એક મુશ્કેલ કલ્પના છે, કારણ કે જ્યારે આપણે છોડેલા કાર્યો છે, તે સર્વેમાં

આપણે જોડાઇ જવું પડશે, અને ત્યારે તે કાર્યોનો વધારે વિચાર, તેનું જ ચિંતવન, તે જ કાર્યમાં સંલગ્ન, આ બધું વિશેષ પ્રમાણમાં થશે. તો એ સમયે આપણે એમ કલ્પના કરીએ કે આપણે વ્રજ યાત્રાના સ્થળોનું, ત્યાની લીલાઓનું, ત્યાંના પ્રસંગોનું જીવન ચર્યાનું સંસ્મરણ કર્યા કરીશું એ તો ઘણું સારું છે થઇ શકે તો ઘણું સારું છે, કરવું જોઇએ. પરંતુ આવું થઇ શકશે? થોડું મુશ્કેલ છે.

સમય એવી વસ્તુ છે, ભૂલાવી દે છે. આપણને થોડો સમય યાદ રહેશે, જરૂર રહેશે. એ વાત નિશ્ચિત છે. કારણ કે દોઢ મહીનાનો અભ્યાસ છે, એક પ્રસંગ છે, તદ્દન તો ભૂલી નથી શકાતો થોડો સમય તે વિશેષ પ્રમાણમાં રહેશે. પરંતુ ત્યાર બાદ ધીમે ધીમે તેની યાદ ઓછી થતી જાય છે. એ વાત નિશ્ચિત છે. બધી વાતો યાદ રાખવાનો પ્રયત્ન કરીશું તો તેમાં સફળતા મળવી ઘણું કઠણ છે. પરંતુ એક વાતનું ધ્યાન દેવાની જરૂર છે કે આપણને બધી વાતો યાદ નહીં રહે. પરંતુ તેમ છતાં વ્રજયાત્રાના સમયમાં આપણે અમુક ક્ષણ સત્સંગમાં વિતાવ્યા, ભગવદીયો સાથે સત્સંગમાં, ભગવત કથા ભગવત ગુણગાનના પ્રસંગોમાં જે ક્ષણ વિતાવ્યા અને તે ક્ષણોમાં આપણને દિવ્ય અલૌકિક આનંદનો અનુભવ થયો. આ થોડીક ક્ષણોના પ્રસગોને આપણે આપણા જીવનમાં હંમેશા યાદ કરતા રહીએ તો વ્રજ યાત્રાની યાદ આપણા હૃદયમાં જરૂર તાજી થઈ જશે.

વ્રજ યાત્રામાં યાત્રાનું ફળ તો બંતાવ્યું. સામાન્ય ફળ આ છે. અને વિશેષ ફળ એ છે કે વ્રજયાત્રામાં આવીને ભગવદીઓનો સત્સંગ પ્રાપ્ત થવો.

અમારા મહેતાજીએ પહેલા જે કહ્યું તે ઘણા ગુણવાળી વાત હતી. એમણે કહયું કે વ્રજયાત્રામાં આવીને દરેક દેશના યાત્રી એકત્રિત થાય છે. દરેક પ્રાંતના યાત્રી વ્રજયાત્રા માટે આવે છે. દરેકની ભાવના ખૂબજ પવિત્ર હોય છે, ઉત્તમ હોય છે તો આવા યાત્રિઓનો એક પરમ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે કે પરસ્પર પરિચય પ્રાપ્ત કરે.

જો એક બીજાનો પરિચય પ્રાપ્ત કરવામાં આવે તો બધી વ્યક્તિઓથી નહીં પરંતુ થોડીક વ્યક્તિઓથી આપણને જરૂર પરમ લાભ પ્રાપ્ત થશે. સેંકડો વ્યક્તિઓનો આપણને પરિચય થયો. બધાથી વિશેષ લાભ નહીં થાય પરંતુ તેમાંથી એક વ્યકિત એવી મળી જાય કે જેણે વ્રજના સ્વરૂપને જાણ્યું છે. વ્રજની ભાવના જેના હૃદયમાં છે અને પ્રભુની જેના પર કૃપા છે, હજારો, સેંકડો વ્યકિતઓનો પરિચય પ્રાપ્ત કરતા, આવી એક બે વ્યકિત પણ આપણને મળી જાય અને તેમનો સંગ આપણે પ્રાપ્ત કરી લઇએ તો આપણી વ્રજ યાત્રાનો જે વિશેષ લાભ છે તે આપણે પ્રાપ્ત કર્યો, કારણ કે ભગવદીઓનો સંગ ઘણો જ દુર્લભ હોય છે. સામાન્ય પુરૂષોનો સંગ તો સહજ મળે છે. પરંતુ ભગવદીઓનો સંગ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. આ યુગમાં તો ઘણો જ મુશ્કેલ છે.

ભગવદીઓનો સંગ પ્રાપ્ત થાય તે ઘણું જ જરૂરી છે. આ વસ્તુ કયારે પ્રાપ્ત થાય છે?

આમ તો આપણે બધા ભગવદીય છીએ જે વ્રજયાત્રા માટે આવ્યા છે. એવી વાત નથી કે આપણે ભગવદીય નથી. જો ભગવદીય ન હોત તો અહીં આવત જ શા માટે ? ભગવદીય છીએ ત્યારે તો વ્રજયાત્રા કરવા માટે આવ્યા. પરંતુ આમાં પણ જે વિશેષ ભગવદીય હોય છે, જેને ભગવાનના સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થયો હોય, જેને અનુભવ પ્રાપ્ત થવાનો હોય, નજીકના ભવિષ્યમાં, જો આવા ભગવદીયનો સત્સંગ પ્રાપ્ત થઈ જાય તો યાત્રાનો પરમ લાભ પ્રાપ્ત થાય છે. તો આ યાત્રામાં કેટલાક લોકો જરૂર આવો પ્રયાસ કર્યો હશે, ભગવદીઓની તપાસ કરવાનો.

કારણ કે દરેક પ્રાંતમાંથી લોકો આવે છે, તેમાંથી કોણ ભગવદીય કયા પ્રકારના છે, કઈ કોટિના છે, તેમનું અનુસંધાન લોકોએ કર્યું હશે, તે ભાગ્યશાળી છે જેમને આવા ભગવદીય મળી ગયા. પરંતુ જે લોકોને આવો અવસર ન પ્રાપ્ત થયો હોય, અજાણતા કે બીજા કોઇ કારણસર એ લોકોએ પણ ભવિષ્યમાં ધ્યાન રાખવું જોઇએ કે વ્રજયાત્રામાં આવે અથવા કયાંય પણ દેશ–પ્રદેશમાં કોઇ કાર્ય પ્રસંગે જાય તો ત્યાં સર્વત્ર ભગવદીયની શોધ જરૂર કરે. ભવિષ્યમાં વ્રજયાત્રાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે અથવા પોતાના બીજા કાર્યો માટે જો કયાંય વિદેશમાં જવાનું થાય તો પણ એ નગરમાં કોણ કોણ ભગવદીય છે, કયાં રહે છે, તેમનો અનુભવ કેવો છે ? તેની તપાસ જરૂર કરે.

ખાસ સૂચના આપવાની વાત છે, આ થઇ શકશે ? સત્સંગમાં જશો. દરેક શહેરમાં જાવ, ત્યારે પહેલો પ્રશ્ન પૂછવો જોઇએ કે અહીં સત્સંગ થાય છે કે નહીં ? થાય છે તો કયાં થાય છે ? જ્યાં સત્સંગ થતો હોય, ત્યાં સત્સંગના સૌભાગ્યનો લાભ અવશ્ય પ્રાપ્ત કરવો જોઇએ, કારણ કે સત્સંગથી જ ભગવદીય મળશે બીજે કયાંય તો મળશે નહીં બીજા કોઇ સ્થાનમા ભગવદીની શોધ કરવા જશો તો મળવા ઘણા મુશ્કેલ છે સત્સંગમાં સરળતાથી ભગવદીઓ પ્રાપ્ત થાય છે. આ વાત ફળના સંબંધમાં થઇ.

ભગવદીઓની શોધ અવશ્ય કરવી જોઇએ અને કેટલાક લોકોએ કરી અને તેમને ફળ પણ પ્રાપ્ત કર્યું છે. તે એ ખાસ સમજવાની વાત છે કે ફળ આપણને પ્રાપ્ત થયું કે નહીં ? અને થયું તો કેટલા પ્રમાણમાં થયું ? આથી જો આપણે પરીક્ષા કરવી હોય તો આપણે કેવી રીતે જાણી શકીએ કે આપણને ફળ પ્રાપ્ત થયું કે નહીં ? આ જાણવા માટે એક સામાન્ય ઉપાય થઇ શકે છે. તેનું લક્ષણ એ છે કે જ્યારે કોઇ ભગવદીયનો સંગ પ્રામ થાય અને તેના દ્વારા આપણે કોઇ પ્રસંગ સાંભળીએ તો ભગવદ્ પ્રસંગ સાંભળીએ, તો ભગવદ્ પ્રસંગ સાંભળતી વખતે આપણા હૃદયમાં કેટલી કોમળતા આવી. આ કેટલી કોમળતા તેનું પ્રમાણ છે. આ શોધ કરવાની છે. શોધનો ઉપાયતે છે કે આપણા હૃદયની કોમળત્વની પરીક્ષા કરવી જોઇએ. હૃદવમાં કઠોરતા તો આપણા દરેકના હૃદયમાં છે પરંતુ તેમાં કોમળતાનો જે પ્રવેશ છે તે ભગવદીઓના સત્સંગથી જ પ્રાપ્ત થાય છે. ભગવદીઓનો સંગ કર્યો અને તેના હૃદયની કઠોરતા દુર ન થઇ. કોમળતા ન આવી તો સમજવું જોઇએ

કે આપણે, સંગ સફળ નથી થયો. કયાંય ને કયાંય ત્રુટી રહી ગઈ, ખોટ રહી ગઇ.

એ વાત નિશ્ચિત છે કે ભગવાન જ્યારે કૃપા કરે છે ત્યારે હૃદયમાં પધારે છે, કોના હૃદયમાં છે ! જેના હૃદયમાં આર્દ્રના, કોમળતા હોય છે તેના હૃદયમાં નિશ્ચિત વાત એ છે કે જ્યાં કઠોરતા છે, કપટ છે, દ્વેષ છે, તેવા હૃદયમાં પ્રભુનો પ્રવેશ નથી થઇ શકતો. કપટ, દ્વેષ, કઠોરતા આ બધા જેટલા પ્રમાણમાં દુર થશે તેટલા પ્રમાણુમાં પ્રભુનું જે સ્વરૂપ છે તે આપણા હૃદયમાં પ્રવેશ કરશે અને જેટલો સમય પ્રભુનું સ્વરૂપ આપણા હૃદયમાં પ્રવેશ કરશે તેટલો સમય આપણું હૃદય નિર્મળ રહેશે તેમાં ભગવદ્ ભાવનાની ભરતીના મોજા આવતા રહેશે, એક પછી એક આવતા રહેશે એ વાત નિશ્ચિત છે.

તો યાત્રા બાદ યાદ રાખવાની વાત એટલી છે કે તમે કોઇ વ્યકિત દ્વારા કોઇ પ્રસંગ સાંભળ્યો, કોઇ પદ સાંભળ્યું, કીર્તન સાંભળ્યું, અથવા કોઇ ભાવ સાંભળ્યો, તે ભાવ સાંભળતી વખતે આપણા હૃદયમાં કેટલી કોમળતા આવી, ભગવદીય ભાવનો ઉદય થયો. આ ક્ષણોની યાદ આપણે આપણા હૃદયમાં બનાવી રાખીએ તો વ્રજ યાત્રાની યાદ આપણા હૃદયમાં હંમેશાં સ્થિર રહેશે. આપણું કલ્યાણ કરતી રહેશે. બધા સ્થળોનું અનુસંધાન બધાને નથી રહી શકતું અને બધા પ્રસંગોનું અનુસંધાનનથી રહી શકતું પરંતુ વિશેષ વ્યકિતઓ, ભગવદીયો દ્વારા જે પ્રસંગ, પદ સાંભળ્યા અથવા વિશેષ કોઇ ભાવ સાંભળ્યા, આ ભાવોને જો આપણે હૃદયમાં ધારણ કરીશું અને તેની યાદ જો સમય પર કરતા રહીશું તો વ્રજ યાત્રાનો જે લાભ છે તે આપણને નિત્ય નૂતન રૂપે પ્રાપ્ત થતો રહેશે.

આપણો વ્રજ યાત્રાની સમાપ્તિ બાદ પણ આ ભગવદીય પ્રસંગોની સ્મૃતિ હૃદયમાં બનાવી રાખીએ. એક વિશેષ વાત એ છે કે યાત્રાના જે અનુભવ છે તે બધાના એક પ્રકારના નહીં હોય, બધાના જુદા જુદા પ્રકારના છે. દરેક વ્યકિતએ યાત્રામાં જે અનુભવ પ્રાપ્ત કર્યો છે તે એક જ પ્રકારના નથી કર્યા બધાના પ્રકાર અલગ અલગ હોયાય છે. આ બધી સ્મૃતિઓમાં જે એવી સ્મૃતિ હોય કે જેનાથી આપણા હૃદયમાં પ્રસન્નતા થાય, આનંદનો ઉદય થાય, એવી સ્મૃતિઓને આપણે હૃદયમાં સંચય કરીને રાખવી જોઇએ. જેનાથી કડવાશનો અનુભવ થયો હોય એવી સ્મૃતિ પણ યાત્રામાં બધાને અવશ્ય આવી છે. એ વાત નિશ્ચિત છે કે આવી સ્મૃતિઓને બની શકે ત્યાં સુધી હૃદયમાંથી કાઢી નાખવામાં જ લાભ છે, કડવાશ કોઇ પણ દ્વારા આવી હોય તો પણ.

અગવડતા અને કોઇ પ્રકારની મુશ્કેલી દરેક યાત્રીને થઈ છે, ચોક્કસ થઈ છે. નિશ્ચિત વાત છે કે મુશ્કેલીમાં દુઃખ થાય છે, અગવડતામાં દુઃખ થાય છે. પરંતુ તેને ભૂલવા માટે જે ઉપાય છે તે પણ અવશ્ય અનુભવ કરવા જેવી ચીજ છે તે જે છે તે પ્રાપ્ત કરવા માટે અધિકારની જરૂર છે, અધિકાર વિના કોઇ પણ ઉપાય ઉપયોગી ન થઇ શકે, સફળ ન થઇ શકે. જે ઉત્તમ ભગવદીય છે, તેમના હૃદયમાં તો કયારેય મુશ્કેલી,

અગવડતા આવતી જ નથી, આ યાત્રાનાં જ પ્રસંગો નહી, જીવનભરની યાત્રાના કેટલાય પ્રસંગો તેમની સામે આવે છે તો બધામાં તે ભગવાનની લીલાના દર્શન કરે છે.

ભગવાનની સૃષ્ટિ વિચિત્ર પ્રકારની છે. વિચિત્ર પ્રકારની સૃષ્ટિ દ્વારા ભગવાન વિચિત્ર ક્રીડા કરી રહ્યો છે. તો તેઓ (ભગવદીઓ) તો સર્વત્ર ભગવાનની લીલાના દર્શન કરે છે. તેથી જ અગવડતાનો પ્રશ્ન જ તેમની સામે આવતો નથી. દુઃખ છે, સંતાપ છે, આવી ભાવના જે તેમને માટે અસંભવ જ છે, પરંતુ જેમની એવી ઉચ્ચ કોટિની દૃષ્ટિ કે ભાવના નથી અને જે સુખને સુખ અને દુઃખને દુઃખ જુએ છે, માને છે તેમને માટે એ ઉપાય છે કે મહાન ફળ પ્રાપ્ત કરવા માટે હંમેશા સંતાપ ઉઠાવવો પડે છે. મહાન ફળની પ્રાપ્તિ માટે થોડું દુઃખ પણ ઉઠાવવું પડે, અગવડતા પણ થાય, તો મહાન ફળની પ્રાપ્તિ થાય છે અને તેનાથી જે આનંદનો અનુભવ થાય તેની સામે આ સામાન્ય દુઃખ છે તે નગણ્ય છે, તેથી જ આ દુઃખોની તરફ ધ્યાન ન દેવું જોઇએ. જો ચાલ્યું પણ જાય તો તેને બની શકે તેટલી ઝડપથી મનમાંથી દુર કરવું જોઇએ. શાને માટે ? કે સામે એક મોટું ફળ છે તે ખાસ વાત છે તે માટે.

વ્રજ યાત્રાનું જે ફળ છે તે તો મહાન ભગવદીય નિરોધની પ્રાપ્તિ તે શું સામાન્ય ફળ છે ? મહાન ફળ છે. આવા મહાન ફળની પ્રાપ્તિ કે ફળની સામે આ શારિરીક કે માનસિક અગવડતા કે સંતાપ આવે તેને વિશેષ મહત્ત્વ ન આપવું જોઇએ.

ત્રીજી કોટિની જે વ્યક્તિ હોય છે, જેમની દૃષ્ટિ વિકૃત થઈ ગઇ છે, જેમની ફક્ત સંસારી દૃષ્ટિ છે, લૌકિક દૃષ્ટિ છે. તેમના વિશે કંઇ કહેવા જેવું જ નથી. તે તો સુખને સુખ માનશે અને દુઃખને દુઃખ માનશે. બીજી કોઇ કલ્પના થઇ જ ન શકે. પરંતુ તેનાથી લાભ નથી. સુખને સુખ માને તે તો સારું છે, પરંતુ દુઃખને માનીને તેની સ્મૃતિ રાખવી તેનાથી કોઇ લાભ નથી. તેનાથી હંમેશા નુકશાન છે. જીવનમાં ખાસ ધ્યાન રાખવાની વાત એ છે કે દરેકના જીવનમાં સારા અને ખરાબ પ્રસંગ આવે છે, તેમાં સારા પ્રસંગોને હૃદયમાં કોતરીને રાખો અને જે ખરાબ પ્રસંગ છે જેને યાદ કરવાથી હૃદયમાં ક્ષોભ થાય, દુઃખ થાય, ગ્લાનિ થાય, તેવા પ્રસંગોને હૃદયમાંથી દુર કરો, તેમાં લાભ છે, આજે પણ અને ભવિષ્યમાં પણ જરાપણ લાભ થવાનો નથી. હૃદયમાં કલેશ થશે, દુઃખ થશે અને અશાંતિ થશે. અને વ્રજયાત્રાનું જે ફળ છે તે આપણને બધાને યોગ્યતા પ્રમાણે, અધિકાર પ્રમાણે પ્રાપ્ત થયું છે અને જે ભગવદીઓના સંગની સ્મૃતિ, પહેલા કહ્યું તે પ્રમાણે કરતા રહીશું તો ભવિષ્યમાં પણ તે સુખ મળતું રહેશે. સત્સંગની, વ્રજયાત્રાની જે વિશેષ ક્ષણો છે તેમની યાદ હૃદયમાં અવશ્ય રાખો. તેનાથી પરમ લાભ થશે. ભવિષ્યમાં પણ લાભ થશે.

બે દિવસ બાદ વ્રજયાત્રા તો સમાપ્ત થવાની છે. પરંતુ જીવન યાત્રા ? આ યાત્રા જેમ સમાપ્ત થશે તેવીજ રીતે, એ પણ યાદ રાખો કે, જીવન યાત્રા પણ એક ને એક દિવસ સમાપ્ત થશે. આ યાત્રાનો સમય નિશ્ચિત છે, તારીખની ખબર છે ૨૭ તારીખે

યાત્રા મથુરા પહોંચી જશે, અને આપણી યાત્રા સમાપ્ત થઇ જશે. જીવન યાત્રા કયા દિવસે સમાપ્ત થશે ? તે કોઇને ખબર નથી. બધા માટે અજ્ઞાત છે. પરંતુ બધા એ જાણે છે કે સમાપ્ત થવાની છે. હંમેશ ચાલવાની નથી. જ્યારે વ્રજયાત્રા કરવા માટે આવ્યા ત્યારે નિશ્ચિત કરીને આવ્યા કે આપણે દોઢ મહીનો યાત્રા કરવા જવું છે. ત્યાર બાદ યાત્રા સમાપ્ત કરીને પોતાને ઘેર જવાનું છે. ત્યારે આં નિશ્ચિત કરીને આપણે બધા લોકો આવ્યા. એજ રીતે આ જીવન યાત્રા જે છે તે પણ અવશ્ય સમાપ્ત થશે.

સંસ્કૃતમાં શ્લોક છે–

"જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ"

જે ઉત્પન્ન થયો તેનું મૃત્યુ ચોકકસ છે. આ વાત નિશ્ચિત છે' જ્યારે આ જીવન યાત્રા સમાપ્ત થાય ત્યારે આપણા હૃદયમાં જે ભાવના છે તે ઉત્તમ બની રહે. વ્રજયાત્રાના જે ઉત્તમ પ્રસંગ છે તેની સ્મૃતિ આપણે આગળ કરવી, કરવાની અભિલાષા આપણે રાખવાની છે. એવી જ રીતે જીવન યાત્રામાં પણ પ્રસંગ હોય, ભગવદ્દીલ પ્રસંગ હોય, તેની સ્મૃતિ આપણને રહે, એ અપેક્ષા છે. તો આચાર્યચરણોની કૃપાથી આપણે લોકો સકુશળ વ્રજયાત્રા કરી ચુકયા છીએ અને તેનાથી જે લોકોને થોડીક પણ અગવડતા થઈ છે, અમારાથી, કર્મચારીઓ દ્વારા અથવા બીજા યાત્રિઓ દ્વારા પણ અમે બધા તરફથી ક્ષમા માંગીએ છીએ. એ આશા રાખીએ છીએ કે બધા લોકો ઉદારતાપૂર્વક આ વાતો ભૂલી જશે, જે અગવડતાની વાતો છે તે અને જે સારી વાતો છે, અહીં જે પૂર્ણ લાભ પ્રાપ્ત થયો છે તેને હંમેશા યાદ રાખશે, એવી આશા સાથે આજનું વકતવ્ય સમાપ્ત કરીએ છીએ,

સમાચાર

રાજકોટમાં ચાલતું શ્રીવલ્લભ બાલ સંસ્કાર નિકુંજ કેન્દ્ર (પાઠશાળા) (જયરાજ પ્લોટ) માં પ. ભ. શ્રી ભુપેન્દ્રભાઈ ધાધલિયાએ શ્રી હરિરાયજીના ઉત્સવ પર એવી જાહેરાત કરેલ કે આ વખતે નવ વિલાસ ખુબ જ ધામધૂમથી ઉજવાશે એની પાછળનો મુખ્ય ઉદેશ પાઠશાળાના બાળકોને અન્યાશ્રયથી બચાવવા તથા આ માર્ગના સિદ્ધાંતથી પરિચિત કરવાનો હતો.

પ્રથમ બે દિવસ જલારામ–૨ ગણેશવાડીમાં ચાલતી પાઠશાળા, ત્યાંથી નવ વિલાસની શરૂઆત થઈ હતી. અને ત્યારબાદ સાતેય દિવસ જયરાજ પ્લોટની પાઠશાળામાં પાંચેય પાઠશાળાના બાળકો તથા તેમના માતા પિતા, તેમના વડીલ વૈષ્ણવોએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આ વિલાસના દિવસો દરમ્યાન વલ્લભકુલના બાળકો જેમાં ગો. પુ. શ્રી પંકજ બાવા, ગો. પુ. શ્રી ગોવિંદ બાવા, ગો પુ. શ્રી ગોપીકાલંકારજી બાવા, ગો. પુ શ્રી પ્રણવ બાવા શ્રી પંકજ બાવાના બાલક, ગો. પુ. શ્રી પરાગ બાવા શ્રી ગોપી બાવાના લાલ તથા વહુજી, બેટીજી, એ પધારીને ખુબ જ આનંદ લેવડાવ્યો હતો. તથા તેઓએ ખુબ જ પ્રસન્નતા દાખવી હતી અને આર્શિવચનો કહ્યા હતાં. પુ. બાળકોએ જણાંવ્યું હતું કે અમે છેલ્લા પચ્ચીસ ત્રીસ વર્ષમાં આવો કોઇ ઉત્સવ રાજકોટમાં નિહાળ્યો નથી.

પ્રથમ મંગલા ચરણ બાદ પાઠશાળાના વિદ્યાર્થીઓ પાઠ, ધોળ, સવાલ, જવાબ, તથા ભગવદ્ વાર્તા ત્યારબાદ પ્રથમ વિલાસ ગાઇને, ધોળ, પદ તથા શ્રી યમુનાજીના પદ ગવાતાં અને સર્વે વૈષ્ણવ બહેનો તથા

બાળકોનું એક મોટું મંડલાકાર રાસ લેતું અને જાણે એવી જ ઝાંખી થતી કે સાક્ષાત ગોપીજનો અહીં રાસ રમવા પધાર્યાં છે.

ગાયક વૃંદમાં પ. ભ. શ્રી ભુપેન્દ્રભાઈ ધાબલિયા, શ્રીમતિ ગીતાબેન ધાબલિયા, તથા શ્રીમતિ હર્ષાબેન ઠકકર હતાં.

ગાવામાં સહ વૈષ્ણવમાં શ્રી ઘનશ્યામભાઈ સોની (કિર્તનીયાજી) શ્રી તારાચંદભાઈ સોની, શ્રા ચીમનભાઈ સોપારીવાળા, શ્રી બળવંતભાઈ સોની, (આડેસરા) શ્રી કિશોરભાઈ આડેસરા, શ્રી હસુભાઈ આડેસરા, શ્રી રાજુભાઈ આડેસરા, શ્રી રાજુભાઈ પારેખ, હર્ષિત આડેસરા, હિરેન. શ્રીમતિસોના બેન સોની કલ્પનાબેન ગણાત્રા, વર્ષાબેન ઠકકર વગેરે વૈષ્ણવો હતાં. શ્રી મથુરાદાસભાઈ મુખીયાજી એ પણ આમાં સહકાર આપેલ.

વિલાસ દરમ્યાન શ્રી દરબારગઢની પાઠશાળાનાં સંચાલિકા શ્રીમતિ કુમુદિનીબેન સોની શ્રીમતિ વર્ષાબેન સોની તથા તેમના પરિવાર અને સહ સંચાલકોએ અને બાલક બાલિકાઓએ સક્રિય ભાગ લીધો હતો. ઉપરાંત જલારામ–રની પાઠશાળાના સચાલિકા શ્રીમતિ હર્ષાબેન ઠકકર તથા બાલક–બાલિકાઓએ તથા અમરમાથ પ્લોટની પાઠશાળાનાં સંચાલિકા શ્રીમતિ ગીતાબેન ધાબલિયા પણ બાલક બાલિકાઓ સાથે સક્રિય ભાગ લીધેલો ઉપરાંત જયાં આ કાર્યક્રમ રખાયેલ તે જયરાજ પ્લોટના તમામ બાલક–બાલિક,ઓ તથા તમામ વૈષ્ણવોએ સુદર યોગદાન આપ્યું આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે રાજકોટના દુર દુરના વિસ્તારોમાંથી વૈષ્ણવ બહેનો ભાઈઓ બાળકો તથા મોટેરા વૈષ્ણવો નિત્ય આવતા રાજકોટના કિર્તનિયાજીઓએ પણ સુંદર સહયોગ આપ્યો હતો.

આટલી સુંદર પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ પુ. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી આજ્ઞાથી કરણપરા વિસ્તારતા આપશ્રીના બીજા નિવાસ સ્થાને રાજકોટમાં દશેરાના શુભ દિને સાતમી પાઠશાળાનું સ્થાપન થયું જેના સંચાલક શ્રી ભુપેન્દ્રભાઈ ધાબલિયા છે. આ પાઠશાળાનાં સ્થાપન વખતે પુ ગો. શ્રી રાજુબાવા ઉપસ્થિત હતા અને આપશ્રીએ બાળકોને પાઠ કરાવેલ.

થાનગઢ–આં રાં. પુ. વૈષ્ણવ પરિષદ થાનગઢ શાખા દ્વારા નવરાત્રી નવ વિલાસનું આયોજન કરવામાં આવ્યું.

આસોસુદી ૧થી આસોસુદી ૯ નિત્યરાત્રે ૯ થી ૧૧–૩૦ ભકતકવિ શ્રી દયારામભાઈનાં રાસગરબામાં ખૂબજ આનંદ ઉત્સાહથી ભાગ લેવાયો. ત્યારબાદ આસોસુદી ૧૪ શરદ પૂર્ણીમાંના દિવસે બાલકો, બાંલીકા, મોટી બાલીકા દ્વારા રાસ કરવામાં આવ્યા. તેમાં બાળકોએ મંગલાચરણની સ્તુતી કરી બહેનોને રાસ કરવાનું કહેવામાં આવ્યું. ત્યારબાદ નાની બાલીકાના રાસ, મોટી બાલીકાના રાસ ખૂબજ ઉત્સહથી થયા અને તેઓને થાનગઢ શાખા તરફથી પ્રોત્સાહિત પુરસ્કાર આપવામાં આવ્યા. તેના ફળરૂપે થાનગઢ શાખાના પ્રમુખશ્રી હેમુભાઈ કોટેચા, ખજાનચી મુકુન્દભાઈ વડનગરા, સભ્યશ્રી પ્રેમચદભાઈ, સભ્યશ્રી કચનબ્હેન, તરફથી અંગત પ્રોત્સાહિત ઇનામ આપી બાળકોને પ્રોત્તાહીત કરવામાં આવ્યા. આયોજન શ્રીમહાપ્રભુજીની કૃપાથી ખૂબજ આનંદ પૂર્વક અનેરા ઉત્સાથી સફળ થયું. ત્યારબાદ પ્રમુખશ્રી હેમુભાઈ કોટેચાએ સૌને અભિનંદન આપી આને આજ પ્રમાણે ઉત્સાહથી દરેક ઉત્સવ સમયે ભાગ લેવા વિનંતી કરી જેને સૌ વૈષ્ણવોએ વધાવી આવકાર આપેલ છે.

''જામનગર વૈષ્ણવ સમાજ, શ્રી અનિરૂદ્ધ પૂષ્ટિમાર્ગીય પાઠશાળા ત્થા આં પુ. વૈ પરિષદના સંયુક્ત ઉપક્રમે મહાપ્રભુ શ્રી હરિરાયચરણનો ૩૯૯મો પ્રાકટ્ય મહોત્સવ ભાદરવા વદ પાંચમ, રવિવાર, ૨૦૪૬, દિનાંક ૯–૯–૯૦ ના રોજ શ્રી મોટી હવેલી, સત્સંગ હોલમાં, સાંજના ૫ પુ ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવેલ.

સભામાં બહોળી સંખ્યામાં વૈષ્ણવોની ઉપસ્થિતિ હતી.

SHREE VALLABH SUDHA   Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

નવરત્નનું ધોળ

('નંદનંદન સખી સુંદર વહાલો ચિંતન તેનું કરીએજી'ના રાગમાં)

ષોડશગ્રંથમાં આ નવરત્ન પાઠ તેનો કરીએજી
મહાપ્રભુજીની અનુપમ વાણી ચિંતન તેનું કરીએજી
ભગવદી કદી ચિંતા ના કરશો બ્રહ્મસંબંધ તમે લીધોજી
કૃપાળુ શ્રીહરિ કદી ન કરશે લૌકિક ગતિ તમારીજી–ચિંતન તેનું કરીએજી–૧

નિત્યપ્રતિ બ્રહ્મસંબંધ સ્મરણ તાદૃશી જન સંગાથેજી
સર્વેશ્વર શ્રીનાથપ્રભુજી સિધ્ધ નિજેચ્છાએ કરશોજી–ચિંતન તેનું કરીએજી–૨

સંબંધ પ્રભુનું સર્વ જીવનો ના કોઈ એકની સાથેજી
અરસપરસના ઉપયોગેયે ચિંતા કાં ? છેયે પ્રભુનાજી–ચિંતન તેનું કરીએજી–૩

અજ્ઞાને કરી જ્ઞાન થકી વળી આત્મનિવેદન કીધુંજી
શ્રીકૃષ્ણ સું જેણે પ્રાણ જોડયા છે તેને વળી કંઈ ચિંતાજી–ચિંતન તેનું કરીએજી–૪

ચિંતા નિવેદનની ભગવદીએ છાંડવી શ્રીહરિ ઉપરજી
લૌકિકના ઉપયોગે યે તજવી સમર્થ શ્રીજી સ્વયં છેજી–ચિંતન તેનું કરીએજી–૫

આપણું સુખ લૌકિક વૈદિકમાં શ્રીહરિ કરશે કદીય નાજી
પુષ્ટિ પથમાં રહ્યા છો તેથી સાક્ષી તમે સરવે જનજી–ચિંતન તેનું કરીએજી–૬

ગુરુ આજ્ઞાથી કરીએ સેવા તેમાં હરીચ્છયા કોઈ બાધાજી
સદા સેવામાં રત રહીએજી પ્રસન્ન ચિત્તને રાખીજી–ચિંતન તેનું કરીએજી–૭

ચિત્તમાં કદી ઉદ્વેગ થાય તોયે કરે શ્રીહરિ જે કાંઈજી
લીલા સઘળી માની શ્રીહરિની ચિતા તુરત તજવીજી–ચિંતન તેનું કરીએજી–૮

સર્વાત્મભાવથી સદાસર્વદા શ્રીકૃષ્ણ: શરણંમમજી
રટતાં એમ અખંડ રે'વાનું કહે શ્રીવલ્લભ આ મુજ મતિજી–ચિંતન તેનું કરીએજી–૯

મારો આ નવરત્ન જે વૈષ્ણવ હૃદયે ભાવ ધરીનેજી
'પાદરેણું'ના વહાલા વલ્લભ તેના મનોરથ પૂરશેજી–ચિંતન તેનું કરીએજી

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



શ્રી વલ્લભ સુધા

શ્રી ગુસાંઈજી કી વધાઈ

શ્રી વલ્લભ ગૃહ આજ બધાઈ ।
વિશ્વંભર ઉત્કર્ષ વેદ જિહિં, પ્રગટે કુંવર કન્હાઈ ॥૧॥

નામી કૃષ્ણ પોષ ગૃહ સુંદર, અદ્ય દિવસ સુખદાઈ ।
નિજ નિકુંજ ચરણાટ નિત્ય વર, સુખમા અવધિ લજાઈ ॥૨॥

વ્યાસ તનય આનંદ અમિત હિય, નિજ બડ ભાગ્ય મનાઈ ।
અબ વાણી ભઈ સફલ હમારી, નિરખે જન સુખદાઈ ॥૩॥

નિજ જન કૃત નિરોધ આયકતે, શબ્દ શ્રવણ પુટ પ્યાઈ ।
જન 'વલ્લભ' શ્રી વિઠ્ઠલેશ્વર પે, બાર બાર બલિ જાઈ ॥૪॥

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૯ ✿ ડીસેમ્બર, ૧૯૯૦
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ રૂ. ૧૫ ✿ આજીવન રૂ. ૨૦૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

'શ્રીવલ્લભ સુધા'ના ગ્રાહકોને માટે ભેટ પુસ્તક યોજના

"શ્રીવલ્લભ સુધા" નું સને ૧૯૯૧-૯૨નું નવું વર્ષ ૧લી એપ્રિલ' ૯૦થી શરૂ થશે. ઉપરોક્ત વર્ષ માટેના ચાલુ ગ્રાહકો, નવા ગ્રાહકો તથા નવા આજીવન ગ્રાહકો જે તા. ૩૧-૩-'૯૦ સુધીમાં પોતાનું લવાજમ મોકલાવી આપશે તેઓને નિ.લી.પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજીના વચનામૃતોનો અમૂલ્ય સંગ્રહ-પુસ્તિકા ભેટ પુસ્તકરૂપે અપાશે.

"શ્રીવલ્લભ સુધા'નું લવાજમ રૂા. ૨૦/- થાય છે. સાંપ્રત સમયની અસહ્ય મોંઘવારીમાં 'શ્રીવલ્લભ સુધા' ચાલુ રાખવા માટે નાછૂટકે વાર્ષિક ગ્રાહકોનું લવાજમ રૂા. ૨૦/- નવા વર્ષથી લેવામાં આવશે, તેમજ આજીવન ગ્રાહક માટે લવાજમ રૂા. ૨૫૧/- કરવામાં આવે છે. સુજ્ઞ પાઠકો 'શ્રીવલ્લભ સુધા'ને પોતાનું જ સમજી અવશ્ય સહકાર આપશો એવી વિનંતી.

પ્રમુખ-તંત્રી-વ્યવસ્થાપક : શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

॥ શ્રી હરિઃ ॥

આં. પુ. વૈ. પરિષદના પ્રેરણાસ્રોત નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ
'શ્રી પ્રથમેશજી'ની પુણ્યસ્મૃતિમાં

શ્રી સર્વોત્તમ સ્તોત્રના પાઠનું આયોજન

નિ.લી.પુ.પા. શ્રી રણછોડાચાર્યજી મહારાજશ્રી પ્રથમેશજીના નિત્યલીલા પ્રવેશને આગામી પોષ સુદ ૮ ના દિવસે એક વર્ષ થાય છે. આં.રા.પુ.વૈ. પરિષદની રાજસ્થાન રાજ્ય સમિતિ દ્વારા સર્વે વૈષ્ણવોને કાર્યક્રમ આપવામાં આવે છે કે તા. ૯-૧૨-૯૦થી તા. ૨૫-૧૨-૯૦ના એક પખવાડીયા દરમ્યાન પોતપોતાના ગામમાં સામૂહિક અગર વ્યક્તિગત જે રીતે યોજી શકાય તેમ 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર'ના સવિશેષ પાઠ કરવા અને તેની સૂચના પરિષદના કેન્દ્રિય કાર્યાલય તથા રાજસ્થાન રાજ્ય સમિતિ કાર્યાલયને મોકલવા વિનંતી.

આં.પુ.વૈ. પરિષદ રાજસ્થાન રાજ્ય સમિતિ, શ્રી બડે મથુરાધિશજીનું મંદિર,
મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી માર્ગ, કોટા-૩૨૪૦૦૧ (રાજસ્થાન)

નોંધ : રાજકોટમાં શ્રી હરિદાસ મંડાણ, દરબારગઢ પાસે, પાઠશાળામાં બધાં વૈષ્ણવોના સમૂહપાઠ તા. ૯-૧૨ થી તા. ૨૫-૧૨ સુધી નિત્ય સવારે ૮ થી ૯ વાગ્યા સુધી થશે. રાજકોટના વૈષ્ણવોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી.

સાદર સ્વીકાર

વડોદરા : ગો.વા. શ્રી મગનલાલ જેઠાલાલ શાહ તથા પરિવારના સદ્ગત્ સભ્યોના સ્મરણાર્થે "પુષ્ટિમાર્ગીય જીવન દર્શન" પુસ્તિકા ભેટ અપાયેલ છે તે બદલ ધન્યવાદ ! તેઓના દૈવી દ્રવ્યનો વિનિયોગ પુષ્ટિ સાહિત્ય પ્રકાશનમાં થતો રહે તેવી શુભકામના !

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૯ * ડીસેમ્બર, ૧૯૯૦

॥ શ્રી વલ્લભઃ ॥

ધીરે ધીરે

લેખક – નિ. લી. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (કોટા-કડી)

અનુવાદક – ડો. ચુનીલાલ રવજી બાલધા (આંખના સર્જન) રાજકોટ.

છલાંગ મારીને દોડનાર કયારેક મોંભર પડે જ. પરંતુ ધીમે ધીમે એક એક સીડી પર ચડનારને પડવાનો ભય રહેતો નથી. ઉપર ચડવામાં સમય જરૂર લાગે છે. પરંતુ તે એક દિવસ જરૂર પોતાની મંજિલ પર પહોંચી જ જાય છે. મૃત્યુ કોઇને દેખાતું નથી, પરંતુ તે હમેશા પ્રાણી માત્ર સાથે છાયાની જેમ ફરે છે. કોઇપણ પહેરામાં રહો, પોતાની ગમે તેટલી રક્ષા કરો. પરંતુ મૃત્યુ કયાંય પણ કોઇને છોડનાર નથી. તેને તો બહાનું જ શોધવાનું રહે છે. જરાપણ બહાનું મળ્યું અને તેણે પોતાનું મોઢું ખોલ્યું. જેવી રીતે કોઇ અપરાધી પાછળ પોલીસ લાગી જાય છે. પરંતુ જ્યાં સુધી અપરાધ સાબિત ન થાય ત્યાં સુધી તેને પકડી નથી શકતી, પરંતુ અપરાધ સાબિત થતા જ તે સમયે જ તે અપરાધીને પકડી લે છે.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩૦ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વાતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

એક ક્ષણ પણ મોડું નથી કરતી. તેજ પ્રમાણે મોત પણ બહાનું શોધતા પ્રાણીમાત્રની પાછળ લાગી રહે છે.

જ્ઞાની મનુષ્ય મોતથી સાવધાન રહે છે, તે સહેલાઇથી તેના પંજામાં નથી આવતો. જ્ઞાની મનુષ્ય તે છે જે પોતાની બુદ્ધિ પાસેથી કામ લ્યે છે. કોઇપણ કામ કરતા પહેલા તેનું પરિણામ વિચારી લેવું જોઇએ. એ બુદ્ધિમાનોનું લક્ષણ છે. જો આપણને આપણી બુધ્ધિ પર ભરોસો ન હોય તો પોતાની જાતને ઇશ્વરના ચરણોમાં સોંપી દો. જેવી રીતે અણસમજૂ બાળક માતાના ખોળામાં જઇ નિર્ભય થઇ જાય છે. માતા પોતાના બાળકના સુખદુઃખનો ભાર પોતાના પર લઇને તેની રક્ષા કરે છે. આપ લોકો પણ ભગવાન પર ભરોસો રાખી પોતાના મનમાં એમ વિચારો કે તેઓ જે કંઈ કરશે આપણા ભલા માટે જ કરશે જે કંઇપણ તેઓ આપણને આપે તેને પ્રસન્નતાપુર્વક લઇ લો. બીજાના સુખ અને વૈભવને જોઇને મનને લલચાવો નહીં. પોતાના ભાગ્યને ધિક્કારો નહીં. વિચારી લો., કે જેટલા ભોગ આપણે ભોગવી શકીએ તેટલા જ ભગવાને આપણને આપ્યા છે. જે રીતે એક માં પોતાના પોતાના ચાર બાળકોમાં બધાને એક સરખો જ પ્યાર કરે છે, પરંતુ એક સરખો પ્યાર કરવા છતાં કયારેક કયારેક વ્યવહારમાં ફેર રાખવો જ પડે છે. ધારો કે ચાર બાળકોમાંથી એક બાળક બિમાર થઇ જાય છે, તો તે ચારેમાં સમાનતા રાખીને પણ ત્રણ બાળકોને તો મિઠાઇ ખવડાવે છે, પરંતુ પેલા બિમાર બાળકને તો કડવી દવાનું જ સેવન કરાવે છે. કડવી દવા પીનાર બાળક રડે છે, હેરાન કરે છે તો શું મા પોતાના તે બિમાર બાળકને મિઠાઇ ખાવા દઈ શકે ? બાળકનું ભલું ઇચ્છનાર મા કદિ પણ તેને મિઠાઇ નહીં આપી શકે. તેથી જો આપણે બીજા મનુષ્યોને સુખ, વૈભવ ભોગવતા જોઇને જાતે દુઃખી થઇએ અને ભગવાનને ખરું, ખોટું કહીએ તો તે આપણી અજ્ઞાનતા. છતાં પણ દયાળુ પ્રભુ આપણી આ અજ્ઞાનતા પર હસી લે છે. દુઃખ કડવી દવા સમાન છે, જેને જોઇને મનુષ્ય અબુધ બાળકની માફક તોફાન કરવા લાગે છે પોતાના ભાગ્યને ધિક્કારે છે. એ નથી સમજતા કે દયાળુ પ્રભુએ આપણા સારા માટે જ આ કડવી દવા મોકલી છે. કારણ કે આપણી વધતી જાતી ઇચ્છાઓ જ આપણી બીમારી છે તે જ્યારે વધી જાય છે ત્યારે મનુષ્યને ખરા ખોટાનું કોઇ જ્ઞાન રહેતું નથી જેના પર પ્રભુની કૃપા દૃષ્ટિ થઇ જાય છે તેને જલ્દી ફીકર લાગી જાય છે, તે ફરીને જાતને સંભાળી લે છે.

જેના પર પ્રભુ કૃપા નથી કરતા તેની ઇચ્છાઓ વધતી જાય છે અને તેને મૃત્યુ પર્યંત પોતાની જાતને સંભાળી લેવાનો મોકો મળતો નથી. તેથી મનુષ્યે બની શકે ત્યાં તેનાથી દુર રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. આપ માનો કે ન માનો, આપને જેટલી જરૂરીઆત છે તેટલું ભગવાને આપને આપી દીધું છે.

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

અસક્તબુદ્ધિઃ સર્વત્ર, જિતાત્મા વિગત સ્પૃહઃ।
નૈષ્કર્મ્યસિદ્ધિ પરમાં, સંન્યાસેનાધિગચ્છતિ ।૪૯।

શ્લોકાર્થ–જે મનુષ્ય (સર્વ કર્મોમાં આસક્તિ રહિત એટલે) જિતાત્મા છે. જેણે પોતાના મનને કાબુમાં રાખેલું છે અને જે સ્પૃહારહિત એટલે કે ફળની અપેક્ષા નથી રાખતો તે મનુષ્ય સંન્યાસ દ્વારા પરમ એવી નૈષ્કર્મ્ય સિદ્ધિને પામે છે. ૪૯

ટીકા–જેવી રીતે મેં કહેલું કર્મ સદોષ (દોષવાળું) હોય તો પણ તેનો ત્યાગ કરવો ન જોઇએ અને અન્ય કર્મો તો પોતાના ફળનો ઉપભોગ કરાવ્યા પછી ત્યાગ કરે જ છે; તેવી જ રીતે પોતે (જાતે) જ તેનો (એટલે કે કર્મનો) ત્યાગ કરવો જોઇએ અને તેમ કરવાથી જ સિદ્ધિ મળે (મેળવી શકાય) એમ કહે છે. 'અસકત બુદ્ધિ'........વગેરે સર્વત્ર એટલે બધા કર્મો વગેરેમાં અનાસક્ત મન રાખીને, જિતાત્મા રહીને એટલે મનને કાબુમાં રાખીને, વિગત સ્પૃહ બનીને એટલે (કરેલા કર્મના) ફળની અપેક્ષા રાખ્યા વગર, સંન્યાસ વડે ઉત્કૃષ્ટ નૈષ્કર્મ્ય સિદ્ધિને એટલે કે કર્મમાંથી નિવૃત્તિ રૂપી ફળ આપનાર સિદ્ધિને મેળવે છે એમ અર્થ છે. આસકિત કે ઇચ્છાનો અભાવ હોવો જોઇએ. એમ કહીને એનાથી યુકત ત્યાગ દ્વારા પણ સિદ્ધિને પ્રાપ્ત કરી શકતો નથી પરંતુ કર્મ નિષ્ઠાથી જ સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે એમ સૂચવ્યું છે. ૪૯.

સિદ્ધિ પ્રાપ્તો યથા બ્રહ્મ, તથાપ્નોતિ નિબોધ મે।
સમાસેનૈવ કૌંતેય, નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા ।।૫૦।।

શ્લોકાર્થ–પૂર્વોકત સિદ્ધિને પ્રાપ્ત થતાં જે પ્રકારથી બ્રહ્મ મેળવી શકાય છે તે પ્રકારને મારી પાસેથી સંક્ષેપમાં (ટુંકામાં) સાંભળ જે પ્રાપ્તિ જ્ઞાનની પરમ નિષ્ઠા એટલે સ્થિતિ છે. ૫૦.

ટીકા–હવે સિદ્ધિની પ્રાપ્તિનું ફળ કહે છે. પૂર્વોકત (પહેલાં કહેલ) સિદ્ધિને પ્રાપ્ત કરતાં (કર્યા પછી) જે પ્રકારથી બ્રહ્મની પ્રપ્તિ થાય છે તે પ્રકારને મારી પાસેથી સંક્ષેપમાં જ (ટૂંકાણમાં જ) તું સાંભળ હે કૌંતેય! એ પ્રાપ્તિ તે જ્ઞાનની શ્રેષ્ઠ સ્થિતિ છે. ૫૦.

બુદ્ધ્યા વિશુદ્ધ્યા યુકતો, ધૃત્યાત્માનં નિયમ્ય ચ।
શબ્દા દીન વિષયાં સ્ત્યકત્વા, રાગ દ્વેષૌ
વ્યુદસ્ય ચ ।।૫૧।।

શ્લોકાર્થ–વિશુદ્ધ બુદ્ધિથી યુકત (બનીને) અને આત્માને ધૃતિ (ધીરજ) દ્વારા નિયમમાં રાખીને અને શબ્દાદિ વિષયોનો ત્યાગ કરીને અને રાગ તથા દ્વેષને દૂર કરીને (બ્રાહ્મી સ્થિતિને પામે છે–એમ આ પછીના ત્રીજા શ્લોકમાં કહ્યું તેની સાથે અહી અન્વય છે. ૫૧.

ટીકા–એજ અહીં કહે છે. "બુદ્ધ્યા" વગેરે વિશુદ્ધ બુદ્ધિવાળો એટલે સર્વ સંગથી રહિત અને ફકત મારામાં જ નિષ્ઠા (આસ્થા

શ્રદ્ધા) વાળો બનીને, ધૈર્ય રાખીને એટલે કે મારી (ઇશ્વરની) શી ઇચ્છા છે તેના અજ્ઞાનમાં દુઃખ વગેરેનો આભાસ થાય તો પણ, મારી (એ) લીલા છે એવા જ્ઞાન પૂર્વક (કેળવેલી) ધીરજ રાખીને, આત્માને એટલે જીવને નિયમ્ય એટલે કાબુમાં રાખીને; 'ચ' શબ્દ વાપરીને અચલ-દઢ રાખીને, શબ્દાદિ વિષયો (રૂપ-રસ ગંધ-વગેરે) નો, ઇન્દ્રિયોમાંથી ત્યાગ કરીને, 'ચ' એટલે વળી, રાગ તથા દ્વેષને-આ મિત્ર છે અને આ શત્રુ છે એવી લાગણીરૂપી રાગ દ્વેષનો ત્યાગ કરીને બ્રાહ્મી સ્થિતિને મેળવ-એમ ત્રીજા શ્લોક સાથે અન્વય (જોડાણ) છે. ૫૧.

વિવિકતસેવી લબ્ધાશી, યતવાક્કાયમાનસ : ।
ધ્યાનયોગપરો નિત્યં, વૈરાગ્યં સમુપાશ્રિતઃ ।।૫૨।।

શ્લોકાર્થ-એકાંતમાં મારી સેવામાં મગ્ન, જે મળી આવે તેનું ભોજન કરનાર, વાણી, શરીર તથા મનને નિયમમાં (કાબુમાં) રાખનાર, ધ્યાન પૂર્વક મારામાં મન જોડનાર, હંમેશાં વૈરાગ્યનો આશ્રય કરનાર મારી બ્રાહ્મી સ્થિતિને પામે છે એમ અન્વય છે. ૫૨.

ટીકા-વળી (તદુપરાંત) વિવિકત સેવી એટલે એકાંતમાં મારી સેવામાં મગ્ન, લબ્ધાશી એટલે મારો જે પ્રસાદ (ભોજનમાં) મળે તેનું ભોજન કરનાર, શરીર, વાણી તથા મનને વશમાં-કાબુમાં-રાખનાર, એવીજ રીતે વાણી દ્વારા સંયમ એટલે મારાં નામ-કથા-કીર્તન વગેરે સિવાય બીજું કંઈ ન બોલનાર, શરીર દ્વારા સંયમ એટલે મારી સેવા સિવાયના બીજા કોઇ કાર્યમાં શરીરનો ઉપયોગ ન કરનાર અને મન દ્વારા સંયમ રાખનાર એટલે મારા સિવાયની બીજી કોઇ વસ્તુનું સ્મરણ-ચિંતન-ન કરનાર; હંમેશાં ધ્યાનમાં મગ્ન બનીને મારો જે યોગ (જોડાણ-સંબંધ) તેમાં જ મગ્ન, સર્વ વસ્તુમાં દોષનું આલોચન (દૃષ્ટિ બિંદુ) રાખીને દઢ વૈરાગ્યનું સેવન કરનાર અને સારી રીતે મારો આશ્રય કરીને રહેનાર, (બ્રાહ્મી સ્થિતિને પામે છે-એમ અન્વય લેવાનો છે.) આમ કહીને વિકાર ના હોવા છતાં રાહિત્ય (અભાવ) દર્શાવેલ છે. ૫૨.

અહંકારં બલં દર્પં, કામં ક્રોધં પરિગ્રહમ્ ।
વિમુચ્ય નિર્મમઃ શાંતો, બ્રહ્મભૂયાય કલ્પતે ।।૫૩।।

લોકાર્થ-અહંકાર, સામર્થ્ય, ગર્વ, કામ ક્રોધ, ઘર, સ્ત્રી, પુત્રાદિ પરિગ્રહ (મારું છે એવી મમતા) વગેરેનો ત્યાગ કરીને, મમતા રહિત તથા શાંતિનું સેવન કરનાર બને તો બ્રાહ્મિ સ્થિતિ માટે યોગ્ય બને. ૫૩.

ટીકા-વળી (તદુપરાંત) પોતાના (અગાધ) જ્ઞાન સંબંધી અહંકાર, સામાર્થ્ય (શકિત-તાકાત), ગર્વ, વિષય ભોગ રૂપ કામ, નિષ્ઠુર (ધાતકી-દયાહીન) વાકય રૂપી ક્રોધ, ઘર-સ્ત્રી સંતાન વગેરેનો પરિગ્રહ (માયા, મોહ, આકર્ષણ વગેરેનો સંપૂર્ણ ત્યાગ કરીને મમતા રહિત થઇને, શાંત એટલે ભગવાનના અનુભવને દઢ પણે પામેલો મનુષ્ય-બ્રાહ્મોનન્ત્યાદિ સૂત્રોમાં વર્ણવેલ) બ્રાહ્મી સ્થિતિને યોગ્ય બને છે એમ અર્થ છે. ૫૩.

બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા, ન શોચતિ ન કાંક્ષતિ ।
સમઃ સર્વેષુ ભૂતેષુ, મદ્ભકિત લભતે પરામ્ ।।૫૪।।

શ્લોકાર્થ-બ્રાહ્મી સ્થિતિને પામેલો તથા પ્રસન્ન છે આત્મા જેનો તેવો બનેલો મનુષ્ય કોઇ વસ્તુનો શોક કરતો નથી તથા તેમ જ

કોઇ વસ્તુની ઇચ્છા કરતો નથી. બધા પ્રાણીઓમાં સમદૃષ્ટિ રાખે છે અને મારી પરમ ભકિતને પામે છે. ૫૪.

ટીકા : બ્રહ્મમાં સ્થિતિનું ફલ શું છે તે કહે છે "બ્રહ્મભૂત...."વગેરે. બ્રાહ્મી સ્થિતિને પામેલા મનુષ્યનો આત્મા પ્રસન્ન બને છે. આનંદયુક્ત બનવાને લીધે કોઇ પદાર્થના નાશ થતાં ભગવાનની લીલાના જ્ઞાનને લીધે તેનો શોક કરતો નથી. ભગવાનની ઇચ્છા વિના કોઇ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા રાખતો નથી બધાં પ્રાણીઓમાં કાર્યાત્મક-સ્વરૂપ ભાવના જ્ઞાનને કારણે પરમ એવી પ્રેમલક્ષણા ભક્તિને પામે છે. ।।૫૪।।

ભકત્યા મામભિજાનાતિ, યાવાન્યશ્ચાસ્મિ
તત્ત્વતઃ ।
તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનંતરમ્
।।૫૫।।

શ્લોકાર્થ : ભક્તિ વડે સંપૂર્ણ રીતે જાણે છે કે હું કેવો છું અને કેટલો છું અને પછી મને તત્ત્વપૂર્વક જાણીને એ પછી (લીલામાં) પ્રવેશ કરે છે. ।।૫૫।।

ટીકા : ભકિતલાભના ફળને વર્ણવે છે "ભકત્યા...." વગેરેથી. તતઃ એટલે ભકિત લાભ પામ્યા પછી ભકિતની મદદથી અગણિતાનંદરૂપ હું અને કેવળ આનંદરૂપ છું એવા મને તત્ત્વપૂર્વક એટલે કારણાત્મક ધર્મોથી સંપૂર્ણ રીતે જાણે છે અને એ પછી એટલે મને તત્ત્વપૂર્વક જાણ્યા પછી લીલાના કરનાર એવા મારામાં પ્રવેશ કરે છે એટલે કે આનંદરૂપ બની જાય છે એમ અર્થ છે અથવા તો મને સંપૂર્ણરીતે જાણ્યા પછી લીલામાં પ્રવેશ કરે છે એમ અર્થ છે. ।।૫૫।।

સર્વ કર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।
મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ।૫૬।

શ્લોકાર્થ : સદા સર્વ કર્મો કરતો હોવા છતાં ફકત મારો જ આશ્રય કરીને રહેતાં, સર્વ કર્મોને પણ મારી આજ્ઞા તરીકે સ્વીકારીને અને નહિ કે ફળની અપેક્ષા રાખીને કરતો કરતો મારી કૃપાથી શાશ્વત (અનાદિ) એવું પદ જે આદિ શરૂઆત વગરનું છે અને જે અવ્યય (એટલે અક્ષર-જેનો નાશ થતો નથી એવા) પદને પામે છે એમ અર્થ છે. ।।૫૬।।

ટીકા : આ પ્રમાણે સ્વકર્મના ફળને દર્શાવ્યા પછી સ્વસંબંધી ફળનું વર્ણન કરે છે. "સર્વ કર્માણ્યપિ...." વગેરે. નિરંતર ફક્ત મારો જ આશ્રય કરનાર બનીને (થઇને) બધા કર્મોને પણ મારી આજ્ઞારૂપે કરે છે અને નહિ કે ફળની ઇચ્છાથી અને મારી કૃપા (પ્રસન્નતા) ને લીધે શાશ્વત-અનાદિ તથા અવ્યય એટલે જેનો કદાપિ નાશ થતો નથી એવા અક્ષરપદને પામે છે-એમ અર્થ છે. ।।૫૬।।

ચેતસા સર્વકર્માણિ મયિ સંન્યસ્ય મત્પરઃ ।
બુદ્ધિયોગમુપાશ્રિત્ય મચ્ચિતઃ સતતં ભવ ।૫૭।

શ્લોકાર્થ : મન દ્વારા બધા કર્મોનો મારામાં સારી રીતે સંન્યાસ (સંપૂર્ણ સમર્પણ) કરીને, મારામાં પરાયણ રહીને, વ્યવસાયાત્મિકા બુદ્ધિ વડે મારી સાથેના યોગ (જોડાણ) નો આશ્રય કરીને સતત (નિરંતર) મારામાં મન પરોવનારો થા. ।।૫૭।।

ટીકા : જેથી મારો આશ્રય કરીને કર્મ કરવામાં પણ તેમાં આવતા બાધ (અંતરાય)

રહિત ફળ ભગવાનના હાથમાં છે તેથી તું પણ એ પ્રમાણે કર એમ કહે છે. “ચેતસાં....” વગેરે. મનથી એટલે બહાર દેખાડયા વગર નિષ્કપટ ભાવથી, બધા કર્મોને સારા પ્રકારે મારામાં સ્થાપન કરીને (સંન્યસ્ય) મારામાં પરાયણ રહીને, એટલે હું જ જેને માટે પ્રાપ્ત કરવાની બાબત છું એવો બનીને, વ્યવસાયાત્મિકા બુદ્ધિ વડે, કહ્યો તે પ્રકારના યોગનો ઉત્તમ પ્રકારે આશ્રય કરીને નિરંતર મારામાં ચિત્ત પરોવીને રહે. ।।૫૭।।

મચ્ચિતઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્તરિષ્યસિ ।
અથ ચેત્ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ
।।૫૮।।

શ્લોકાર્થ : મારામાં ચિત્ત રાખવાથી મારા પ્રસાદથી (મારી કૃપાથી) સર્વ દુર્ગોને એટલે પહાડ જેવી મુશ્કેલીઓને તું તરી જઇશ. એથી ભિન્ન પ્રકારે અહંકારને લીધે મારી સલાહ (ઉપદેશ)ને સાંભળીશ નહિ (એ પ્રમાણે કરીશ નહિ) તો મારા સંબંધથી ભ્રષ્ટ થઇશ. ।।૫૮।।

ટીકા : એવો (એટલે મારામાં મન પરોવેલો) થતાં ફળ શું મળશે તે કહે છે. “મચ્ચિતઃ....” વગેરે. મારામાં ચિત્તવાળો થઇશ એટલે સર્વ પહાડ જેવી મુશ્કેલીઓ જેવી કે ઐહિક-પારલૌકિક સંકટસ્થાનો-કર્મ કરવામાં પણ સાધનયુક્ત હોવા છતાં મારી આજ્ઞા પ્રમાણે કરવાથી મારી કૃપાથી સર્વ મુશ્કેલીઓ દૂર થશે. બીજા પક્ષે (એટલે જો એમ ન થાય તો માર્ગમાં શી બાધા આવશે તે કહે છે. હવે એથી ઉલટી રીતે અહંકારને લીધે અથવા તો પોતાના જ્ઞાનના અભિમાનને લીધે અવશ્ય કર્મભોગની નિયતતા (ચોક્કસ ભાવિ)ને લીધે ન કરવાથી જો તું નહિ સાંભળે તો મારા સંબંધથી ભ્રષ્ટ થઇશ. ।।૫૮।।

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક
ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

ગો. વા. પ. ભ. શ્રી વેલાબાપાના સત્સંગની સુવાસ

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

આજે પ. ભ. શ્રી વેલાબાપા હૈયાત નથી પરંતુ ધોરાજીના વૈષ્ણવો આ પુષ્ટિપ્રેમી વૈષ્ણવને હજીયે પ્રેમભાવપૂર્વક યાદ કરે છે. આજથી ૩૩ વર્ષ પહેલાં આશરે ૭૨ વર્ષની વયે સંવત ૨૦૧૩ના મહા વદ ૧૧ના દિને શ્રી વેલા બાપા શ્રીજીચરણ પામ્યા. પરંતુ તેમના સુકૃતના પરિપાક રૂપે તેમણે શરૂ કરેલી 'વેલાબાપા ભગવદ્ મંડળી' આજે પણ તેમના પુષ્ટિપ્રેમ અને સત્સંગની સુવાસ પ્રસરાવતી ફુલી-ફાલી રહેલી છે.

પ.ભ. શ્રી વેલાબાપા આજથી લગભગ ૧૧૫ વર્ષ પહેલાં ધોરાજીમાં શ્રી જુઠાભાઇ આંબાભાઇ વૈષ્ણવને ત્યાં જન્મ્યા હતા. તેમના માતુશ્રી જાનુબેન ભગવદીય વૈષ્ણવ હતા. આથી વેલાબાપાને માતુશ્રી તરફથી ગળથૂથીથીજ ધર્મના સંસ્કાર પ્રાપ્ત થયેલ હતા. એક અભણ ખેડૂત હોવા છતાં તેમનામાં પ્રભુકૃપાએ હૈયા ઉકલત હતી, તેથી ધાર્મિક સાહિત્ય વાંચી શકે તેટલું અક્ષરજ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું હતું. ભણેલા નહીં છતાં પુષ્ટિધર્મમાં સારી રીતે ગણેલા હતા. પુષ્ટિપ્રેમી વૈષ્ણવોમાં તેમણે સારી ચાહના પ્રાપ્ત કરેલ હતી.

ધાર્મિક રૂચીવાળા હોવાથી શરૂઆતથી જ વેલાબાપા તેજા ભગતની જગ્યામાં સાધુ સંતોને જમાડવાની અને મોદીખાનાની ટહેલ કરવાની સેવામાં લાગી ગયા. તેમની કામ કરવાની ધગશ, નિષ્ઠા, આવડત, નિઃસ્વાર્થવૃત્તિ અને પ્રામાણિકતાથી પ્રભાવિત થઇ ગામના પટેલ શ્રી જીવરાજભાઇ વાલાભાઇ અંટાળાએ હાલારી લેઉવા પટેલ જ્ઞાતિના વાસણોના વહીવટનો હવાલો વેલાબાપાને સોંપ્યો. આ સેવા તેમણે એકધારી રીતે પંદર-સોળ વરસ માટે સારી રીતે નિષ્ઠાથી બજાવી.

શ્રી વેલાબાપા મૂળમાં દૈવી જીવ એટલે ધીરે ધીરે પુષ્ટિધર્મ પ્રત્યે તેમનામાં ભાવ જાગૃત થતો ગયો. તેમણે પોરબંદરવાળા નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રી પાસેથી બ્રહ્મસંબંધ લીધેલ. બ્રહ્મસંબંધ લીધા પછી જાણે તેમના પર શ્રીવલ્લભની કૃપા ઉતરી. તેમનામાં પુષ્ટિભાવ વધુને વધુ પાંગરતો ગયો. ધર્મમાં તેમની શ્રદ્ધા બલવત્તર બનતી ગઇ. વળી તેમને પ ભ. શ્રી રત્ના મેઘા જાગાણી, ગોપાલ ખીમજી હીરપરા વગેરે જેવા પુષ્ટિપ્રેમી ભગવદી મિત્રોનો સત્સંગ અને સહકાર સાંપડયા ઉપરાંત ગો.વા.પ.ભ. શ્રી ધર્મેશ્વર ભટ્ટ જેવા પુષ્ટિના જાણનાર વિદ્વાન શાસ્ત્રીનું માર્ગદર્શન મળ્યું, આથી પ્રેરાઇ તેમણે જાગાણી ફળિયામાં વઘાસીયાના ચોરા પાસેના પોતાના મકાનમાં ભગવદ્વાર્તા વાંચવાની સેવાનો પ્રારંભ કરાવ્યો. આ સમય ભગવદ્વાર્તાનું વાંચન મુખ્યત્વે ગો વા,પ ભ. સુતારમીસ્ત્રી શ્રી પ્રાગજીભાઇ નાનજીભાઇ કરતા. દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યામાં સારો એવો વધારો થતો ગયો. આથી શ્રોતાવર્ગને બેસવાની સંકડાશ થતાં શ્રી વેલાબાપાએ પોતાના બીજા મકાનમાં આ માટે વ્યવસ્થા કરી આપી.

આ પછી ભાઇઓ વચ્ચે ભાગ પડતા આ મકાન લાઇન દોરીમાં જતાં વેલાબાપાએ તેજા

ભગતની જગ્યાની સામેની શેરીમાં સોજીત્રા પાસેથી જમીન વેચાતી લઇ તેમાં કૂવો બંધાવ્યો અને નવું મકાન બંધાવ્યું. આ મકાનના ઉપરના ભાગમાં ૫૦-૬૦ વૈષ્ણવો બેસી શકે તેવો મોટો ખંડ બનાવડાવ્યો અને તે ખંડમાં કાયમ માટે ભગવદ્‌વાર્તા થતી રહે તેવી વ્યવસ્થા કરાવી આપી. અત્યારે પણ તે જ ખંડમાં 'વેલા જાુઠાની ભગવદ્ મંડળી' બેસે છે અને ત્યાં સારી રીતે ભગવદ્‌વાર્તા ચાલી રહેલ છે.

આ અરસામાં શ્રી વેલાબાપાએ પૂ.પા.ગો. શ્રી રણછોડલાલ મહારાજશ્રી પોરબંદરવાળા પાસેથી શ્રી ઠાકોરજી પધરાવી પાકી મરજાદ લીધી. લગભગ બે વર્ષ બાદ ભા કુંભાજીપરામાં પોતાનું નવું મકાન તૈયાર કરાવી શ્રીઠાકોરજીને પધરાવી તેઓ ત્યાં રહેવા ગયા. આ વખતે તેમણે ભગવદ્ મંડળીનું સંચાલન કાર્ય ૫.ભ. શ્રી લખમણભાઇ કારાભાઇ કેશીયાને સુપરત કર્યું ભગવદ્‌વાર્તા વાંચવાની સેવા ૫.ભ. શ્રી નારણભાઇ ગોવિંદભાઇ લુણાગરીયા સંભાળતા.

શ્રી વેલાબાપા પરમ ભગવદીય મરજાદી વૈષ્ણવ હતા. તેમના સમયમાં ધોરાજીમાં મંદિર હવેલી તો હતાં, પરંતુ આમ છતાં મરજાદી વૈષ્ણવો માટે ત્યાં કોઇ વ્યવસ્થા કરવામાં આવતી નહીં, આથી વૈષ્ણવાનુરાગી શ્રી વેલાબાપાને ત્યાં બહારગામથી આવતા મરજાદી વૈષ્ણવોનું સેવાભાવે જલ-પ્રસાદથી સમાધાન કરવામાં આવતું હતું.

શ્રી વેલા બાપાને પોતાનું કોઇ સંતાન નહીં હોવાથી તેમણે પોતાના ભાઇના દીકરાને દત્તક લીધેલ જેનો વંશ પરિવાર છે. તેમના કુટુંબીજનો પુષ્ટિધર્મ અનુરાગી હોઇ ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળા છે.

હાલમાં આ ભગવદ્ મંડળીનું સંચાલન ૫.ભ. શ્રી મણીલાલ રૈયાભાઇ જેતપુરીયા તથા ૫.ભ. શ્રી જાદવજી જીવરાજભાઈ વઘાસીયા સેવા-ભાવનાથી કરી રહ્યા છે અને ભગવદ્‌વાર્તાનું વાંચન ૫.ભ. શ્રી પ્રેમજીભાઇ ગોપાલભાઇ હીરપરા કરે છે અને તેમની ગેરહાજરી હોય ત્યારે ૫.ભ. શ્રીમતી ભાનુબેન જાદવજીભાઇ વઘાસીયા ભગવદ્‌વાર્તા વાંચનનું કાર્ય સંભાળે છે.

૫.ભ. શ્રી વેલાબાપાએ વાવેલું પુષ્ટિસત્સંગનું વૃક્ષ આજે પુષ્ટિપ્રેમી વૈષ્ણવોના ભકિતરસથી ફુલી-ફાલી વિશાળ બનેલ છે અને તેના ફળથી ધોરાજીની પુષ્ટિસૃષ્ટિ સુફલિત બની છે, જે વૈષ્ણવોને શ્રી વેલા બાપાના સત્સંગનો લાભ મળેલ છે તે વૈષ્ણવો આજે પણ તેમના હૃદયમાં તેની સુવાસ અને મધુરપ માણી રહ્યા છે અને આ પરમ ભગવદી વૈષ્ણવને પ્રેમપૂર્વક યાદ કરે છે. 'શ્રી વેલા બાપાની ભગવદ્ મંડળી' આજે પણ સંપ્રદાયના મનોરથો અને ઉત્સવો પ્રસગે પ્રસંગે ઉજવે છે અને સંપ્રદાયના હરેક કાર્યમાં હૃદયપૂર્વક સહકાર આપે છે. આ સત્સંગની સુવાસ જે વૈષ્ણવોના હૃદયમાં આવાસ કરી તેમને સુવાસિત કરી રહી છે એ વૈષ્ણવો ધન્ય છે !

શ્રી હરિરાયજી કૃત અષ્ટ પદી

વંદન

પ્રેષક : **શ્રી મથુરાદાસ જે. મહેતા**

ભૈરવ રાગેણ ગીયતે

।। વંદે શરણાગતભયદમ ।।

નિજવિરહાકુલ માનસજન જીવન, પરિતોષ નિજાશયદમ્ ।।૧।।
નિરૂપધિક કરૂણા રસ પરિતોષિત, તોષિત ભક્ત જન નયનમ્ ।
નિજનામ સ્મરણાતુર નિજજન વિરચિત, વિવિધ પાપ ક્ષયદમ્ ।।૨।।
વૃજ યુવતિ જન જીવન મૂલં પરિહિત કર્બુર પીત દુકૂલમ્ ।
નિજ વિદ્વેશીજન પ્રતિ કૂલં હૂરી કૃત જન માનસ શૂલમ્ ।।૩।।
વારિત વિરહ મનોગતમાનં, શોષિત વિષય મહા વિષ પાનમ્ ।
વિદલિત વિવિધ વિકસદજ્ઞાનં સંપાદિત સાધન ગુણગાનંમ્ ।।૪।।
કોટી મદન દેહ દ્યુતિ લલિતં રાસાદિક લીલા શતવલિતમ્ ।
સમુદિત સર્વ ભાવ જનકલિતં, કર મુરલી મધુરા ધર મલિતમ્ ।।૫।।
સંગીકૃત ગોકુલ કુલબાલં, ગોચારણ ગતિ રતિ ગોપાલમ્ ।
આગત સુર વિદ્વેષિ કરાલં પરિ પાલિત લીલાબહુતાલમ્ ।।૬।।
સંધ્યા ગત સંતોષિત ભકતં, વૃજયુવતિજન લીલાસકતમ્ ।
સમુદિત મદન નયન મદ રકતં, સફલિત વિવિધ રમણનિજભકતમ્ ।।૭।।
શ્રીવલ્લભ વર ચરણાધારં સતત સ્મૃત સેવિત સંસારમ્ ।
કૃપય સદા 'હરિદાસ'મસારં, તારય પરિગત જલધિમ્પારમ્ ।।૮।।

ભાવાર્થ–આ અષ્ટપદીમાં શ્રીહરિરાયજી મહાપ્રભુએ વંદન ભકિત બતાવી છે સાથે જે લીલા સ્મૃતિથી ગુણગાન કરેલ છે તે નીચે મૂજબ

શરણે આવેલા ભકતોને અભય દાન આપનારાં પ્રભુને હું વંદન કરૂં છું. તે ભગવાનથી વિખુટા પડેલા જે જીવો છે, તે ભકતોનાં મન પણ ભગવદ્ વિરહથી દુઃખ પામે છે. તેવા દુઃખિ થતાં ભકતોનાં મનને જીવનનાં સંતોષ રૂપે પોતાનો આશય આપનાર હરિને હું વંદન કરૂં છુ. (૧)

નિષ્પ્રપંચ રિતિએ કરૂણાનાં રસથી સંતોષ પમાડીને પોતાના ભકતજનોનાં નયનોને જે હર્ષ આપનારા પ્રભુ છે. તે પ્રભુને હું વંદન કરૂં છું. વળી પોતાનું નામ સ્મરણ કરવા માટે આતુર ભકતો છે, તે નિજભકતોનાં કરેલા વિવિધ પાપોને નાશ કરનારા ભગવાનને હું વંદન કરૂં છું. (૨)

વૃજ યુવતિઓનાં જીવન મુલને ચિત્ર વિચિત્ર પીળું રેશમી વસ્ત્ર જેમણે પહેરેલું છે; તેમને પોતાનો વિદ્વેશ કરનાર મનુષ્યોને પ્રતિકુલ અને નિજજનનામનમાં રહેનારા શૂલને દુર કરનારા પ્રભુને હું વંદન કરૂં છું. (૩)

વિરહથી થતા ઉત્પન્ન માનની અસરને દુર કરનારા વિષય રૂપિ મહાવિષનું પાન કરનારાને ચુસી લેનાર, વિવિધ રીતિએ વિકાસ પામતાં, અજ્ઞાનને છુંદી નાખનાર ગુણગાનનેજ જેમને સાધન બનાવ્યું છે, તેવા ભગવાનને હું વંદન કરૂં છું. (૪)

કરોડો કામદેવનાં દેહની કાંતિથી અતિશય લલિત લાગતા રાસાદિ સેંકડો લીલાઓમાં ગુંથાયેલા, ઉત્પન્ન થયેલ સર્વજનના ભાવને કળી જનારા, પોતાનાં શ્રીહસ્તને વિષે રહેલી મુરલીને નિજ મધુર અધર ઉપરથી વગાડનાર પ્રભુને હું વંદુ છું. (૫)

ગોકુલનાં સર્વ બાલકોનો સાથ કરનાર ગોચારણ સમયની ગતિથી રતિનું પણ ગાયોની માફક રક્ષણ કરનાર, આવેલા દૈત્યોને કરાલ કાલ સ્વરૂપે બિરાજતા અને શરણાગતોને વિવિધ લીલાઓથી પરિપાલન કરતા ભગવાનને વંદન કરૂં છું. (૬)

પોતાનુંજ ધ્યાન ધરતા નિજભકતોને સંતોષ આપનાર, વૃજયુવતિજનોની લીલાને વિષે આસકત, ઉત્પન્ન થયેલા મત્ત નયનથી અનુરાગી બનેલા અને નિજ ભકતોની સાથે જેમની વિવિધ પ્રકારે લીલા થયેલ છે. તેવા ભગવાનને હું વંદન કરૂં છું. (૭)

શ્રી વલ્લભ વરનાં ચરણાધાર સંસારનું સેવન કરનાર મનુષ્યોથી કાયમ સેવાતા, આ દીન હરિદાસ ઉપર આપ સદા કૃપા કરો. અને શરણે આવેલા આ હરિદાસને અપાર સંસાર સમુદ્રમાંથી તારો. (૮)

“મન મારૂં સદા શ્રીકૃષ્ણઃ શરણં મમ જપ્યા કરે”

નાતર લીલા હોતી જુની

સોની કાન્તિલાલ છગનલાલ–ચીત્તલ

પ. ભ. સગુણદાસજીએ ખરૂજ કહ્યું છે. કે, “નાતર લીલા હોતી જુની” ॥

જોપે શ્રીવલ્લભ પ્રભુ પ્રગટ ન હોતે, વસુંધા રહેતી સુની ॥૧॥
દિન દિન અધિક અધિક છબિ ઉપજત, જ્યોં કંચન નગ ચુની ॥
સગુણદાસ યહ ધરકો સેવક, યસ ગાવે જાકો મુની ॥૨॥

નિગુઢાચાર્ય શ્રીવલ્લભ જો ભુતલ ઉપર પ્રગટ ન થયા હોત તો ખરેજ વ્રજની સર્વ લીલા, વ્રજનુ આધિદૈવિક સ્વરૂપ, શ્રીયમુનાજીનુ સ્વરૂપ, શ્રીગિરિરાજવર્યનુ સ્વરૂપ, દૈવીજીવોનુ સ્વરૂપ વગેરે બધુ ગુપ્ત જ રહેત.

આચાર્ય શ્રીમહાપ્રભુજીનુ “શ્રીવલ્લભ” નામનુ મહાત્મ્ય જ એવુ છે કે એ નામની બરોબરી પણ કોઇ ભુત, ભવિષ્ય કે વર્તમાન

કાળમાં કોઇ કરી શકે તેમ નથી. તેથીજ એક સાખીમાં કહ્યું કે.

શ્રીવલ્લભ નામ અગાધ હૈ જહાં તહા મત બોલ ॥
જબ ગ્રાહક હરિજન મિલે તા આગે તું ખોલ ॥

"શ્રીવલ્લભ" નામનુ પણ ખુબ મહાત્મ્ય (ભાવ) છે નામની પાછળ નામના ગુણો રહેલા છે. શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી તથા દરેક ગોપીજનોના નામ પાછળ પણ ભાવાર્થ રહેલ છે. જેમકે; લલિતાજી–લલિતકળામાં નિપુણ છે. વિશાખાજી–રીત વિપરીત લીલામાં નિપુણ છે. ચિત્રા સખી ચિત્ર કળામાં નિપુણ છે. તેવીજ રીતે જ રીતે "શ્રીવલ્લભ" નામમાં પણ અગાધ મહાત્મ્ય રહેલુ છે. બીજમાં જેમ વૃક્ષ સમાચેલુ છે. તેમ "શ્રીવલ્લભ" નામમાં શ્રી ઠાકુરજી શ્રીસ્વામીનીજી, શ્રીયમુનાજી,સમસ્તવ્રજ આલોક અને પરલોક, સર્વલીલા પરીકર વગેરે બધુ સમાયેલુ છે. અને તેથી જ પ્રભુચરણ શ્રી ગુંશાઇજીએ "શ્રીસર્વોતમજી" માં આપશ્રીનુ એક "વિભુ" એવુ નામ આપેલ છે.

આપશ્રીના રૂપનુ વર્ણન "સપ્તશ્લોકીમાં છે, ગુણોનુ વર્ણન "વલ્લભાષ્ટકમાં છે. તથા નામોનુ વર્ણન શ્રીસર્વોત્તમ સ્તોત્રમાં છે. આપશ્રીએ પ્રગટ કરેલ સેવા માર્ગ (પુષ્ટિમાર્ગ) નિકુંજાદીકની સેવા પ્રકાર પર આધારીત છે. તેથીજ ગોપાલદાસજીએ "વલ્લભાખ્યાન" માં કહ્યું છે. "આપ સેવા કરી શિખવે શ્રીહરિ" એટલે આપજ હરિ છે. અને જેની સેવા કરે છે તે હરિ પણ આપજ છે. કારણકે નિકુંજાદીકનો સેવા પ્રકાર બીજુ કોણ જાણે ? આપ સિવાય બીજુ કોઈ જ નહી.

તનુવિતજાસેવા ભાવ પુર્વક કરવાથી ફલરૂપ માનસી જરૂર સિધ્ધ થશે, તેવી આશા સાથે ક્રીયારૂપ સેવા કરવી. જોઇએ. તત્સિધ્યૈ ત્તનુવિતજા કારણકે આ પુષ્ટિ માર્ગમાં આપશ્રીનુ કૃપાબળ છે. તેથીજ "વલ્લભાખ્યાન"માં ગોપાલદાસજીએ કહ્યુ છે. "જગતીતલ ઉધ્ધાર કરેવા પ્રગટયા પરમ દયાલ" આપશ્રીનુ પ્રાગટયજ દૈવીજીવોના ઉધ્ધારાર્થ જ છે.

મર્યાદા માર્ગમાં મોક્ષ ચાર પ્રકારના ગણાવેલ છે.

(૧) સાલોકય :– જે ભક્ત જીવના તિરોહીત પછી ભગવાનના સમાન વૈભવની ઇચ્છા રાખે તેને સાલોકય મોક્ષ કહે છે.

(૨) સામિપ્ય :– જે ભક્ત મરણ પછી ભગવાનની પાસે રહેવાની ઇચ્છા રાખે તેને સામિપ્ય મોક્ષ કહે છે.

(૩) સારૂપ્ય :– જે ભકત મરણ પછી ભગવાનના જેવા રૂપની ઇચ્છા રાખે તેને સારૂપ્ય મોક્ષ કહે છે

(૪) સાયુજ્ય :– જે ભકત મરણ પછી ભગવાનમાં સમાઈ જવાની ઇચ્છા રાખે તેને સાયુજ્ય મોક્ષ કહે છે.

જ્યારે શ્રીમદ વલ્લભાગ્નિ પ્રટીત આ પુષ્ટિ માર્ગમાં શ્રીહરિના થઇને રહેવું. અથવા શ્રી ઠાકુરજીનુ નિરંતર ભજન–સ્મરણ કરવું એજ પુષ્ટિમાર્ગીય પરમ મોક્ષ છે. આજ શ્રીવલ્લભના ભાકત માર્ગની સર્વોત્કૃષ્ટતા છે. અને પ્રભુને પ્રાપ્ત કરવાનો જો કોઇ માર્ગ હોય તો એક ભકિત માર્ગ જ છે.

આ પુષ્ટિ ભકિત માર્ગીય મોક્ષનુ દાન કરવા માટે થઇને જ આપશ્રીએ જીવને "બ્રહ્મ સંબંધ" મંત્રનુ દાન કરેલ છે. સર્વ સમર્પણથી જીવ સર્વ દોષથી નિવૃત થઇ જાય

છે. અને સેવા લાયક દેહ પ્રાપ્ત કરે છે. દેહનુ તનુનત્વતા થતા આધિદૈવીક દેહથી ભગવદ લીલાના દિવ્ય સુખની પ્રાપ્તિ થાય છે. આ દિવ્ય સુખની પ્રાપ્તિના અદેયદાની એક શ્રી વલ્લભ છે. આ સમર્પણની સિદ્ધિને માટે ભગવદ ભકતોનો સંગ પણ અતિ આવશ્યક છે. આપશ્રીની આજ્ઞા પણ છે.

"નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદ્દસે જનૈ. એટલે આ નિવેદનનુ સ્મરણ હરહંમેશ કરવું જોઇએ. એકાદશી ઉપર બધા ભેગામળવું, અને પછી પંદર દીવસ સુધિ કંઇ નહી. તેમ ન હોવુ જોઇએ. આપશ્રીના રસરૂપ ગ્રંથો બિરાજમાન છે. પરંતુ તેને સમજવા કઠીન છે. એક જગ્યાએ "નાંગરીદાસજી" કહે છે.

નાંગરીયા અક્ષર મહિ, બહે પ્રેમ તલવાર
નકટે નકટે ના કટે, કટે કો રિઝવાર ॥

એટલે ગ્રંથોમાં રસ રૂપતા સંપુટ રૂપે બિરાજે છે. તેને મહાનુભાવી ભગવદીઓ જ કથી શકે "વલ્લભાખ્યાન" માં ગોપાલદાસજી એ કહયુ છે કે, "ગ્રંથ સર્વ રસરૂપ કીધા પોતાને સિધ્ધાંન્ત."

॥ શ્રી વલ્લભઃ ॥

શ્રી વલ્લભ કે પદ

ભાવાર્થ : **પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા પોરબંદર)**

રાગ–મિશ્ર ભિન્નષંડજ, તાલ ત્રિતાલ

દેખોગે કબ મેરી ઓર,
શ્રી વલ્લભ નિજ દીન જાનકે;
કરૂણા કર નયનન કી કોર. ૧
કહિયો કબ વચનામૃત શીતલ,
મોં તન મૂરક દાસ તુ મોર;
કબ કાઢલે હો ભવ જલતે,
ડૂબેકૂ કર ગહી ભુજ જોર. ૨
યહ નિશ્ચય જાન્યો જીય અપને,
મો સમ નાહીં સેવા ચોર;
વિષય વાસના બસત નિરંતર,
યહી વિચાર કરત નિશ ભોર. ૩

ચરન શરન અબ આય ગહે હે,
મન વચ ક્રમ સબનસોં તોર;
'રસનિધિ' જાનો સોઈ કીજે,
તુમ બિન હમેં નાહીં ઔર ઠોર. ૪

ભાવાર્થ–અનન્ય ભકિત સાધકનાં હૃદયમાં જયારે તીવ્ર વિરહાગ્નિ ભડકે છે અને શ્રી વલ્લભ વિના, તેમનાં દર્શન વિનાં પલ–પલ યુગ સમાન વીતે છે, ત્યારે પુકારી ઉઠે છે કે હે વલ્લભ ! હવે મારી તરફ કયારે દ્દષ્ટિ કરશો ? હું આપનો પોતાનો છું અને દીન નિઃસાધન છું, કારણ કે આપ સાધનથી નથી મળતા માટે દીન છું. આપના નેત્રોથી આપના આ દીન જીવ પર દ્દષ્ટિ કરો !

મનમાં એજ થયા કરે છે કે કયારે આપના મુખ–માધુરીનું શ્રવણ કરું ? મારા જેવા મૂર્ખ દાસનો ઉદ્ધાર કરવામાં તો આપ અગ્ર–આગળ છો: કયારે મને આ ભવ પ્રપંચ રૂપી જલમાં ડૂબેલાને બહાર કાઢશો અને આપની બાહૂથી અભય બનાવશો !

હું મારા મનમાં ચોક્કસ જાણું છું કે હું તો સેવામાં પ્રમાદ કરનાર છું. આપને કેમ કરીને પ્રસન્ન કરી શકું. વિષય વાસના અર્થાત્ સ્વસુખની સ્વાર્થ વૃત્તિવાળો એવો હું આપને પરિશ્રમ આપનાર છું. દિવસ રાત્રિ એજ વિચાર કરીને આપના દર્શન-કૃપા કટાક્ષ માટે લાલાયિત છું.

પરંતુ હવે એ ચિંતાજ દૂર થશે, કારણ કે હવે આપના ચરણ કમળની છાંયડી પ્રાપ્ત થતાં મન, વચન અને કર્મથી-અન્ય સંબંધથી મુક્ત થયો છું.

હે રસનિધાન શ્રીવલ્લભ ! મેં તો આપનાં ચરણારવિંદ ગ્રહી લીધા છે. હવે આપના આ સાધન વિહિતન જીવને માટે જે કંઈ પણ ઇચ્છા કરો, કરી શકો છો.

[પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, સિહોર પ્રકાશિત કેસેટ પુસ્તિકામાંથી સાભાર.]

આ માસના ઉત્સવ

માગશર વદ ૯ તા. ૧૦-૧૨-૯૦ સોમવાર શ્રીમદ્ વિઠ્ઠલનાથજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઇ મહાવદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૧૧-૧૨-૯૦ મંગળવાર ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રી (મથુરા-પોરબંદર) નો જન્મ દિન.

માગશર વદ ૧૧ તા. ૧૨-૧૨-૯૦ બુધવાર સફલા એકાદશી વ્રત. શ્રીને ફલનો ભોગ ધરવો, દાન દેવું. દશમ તથા એકાદશીના રોજ બાળ લીલાના પદ.

માગશર વદ ૧૨ તા. ૧૩-૧૨-૯૦ ગુરૂવાર લલિત પંચમના પદની શરૂઆત કરી મહા સુદ ૫ ના રોજ રાજ ભોગ આવે ત્યાં સુધી બોલાય. ગો. ચિ. શ્રી વલ્લભજી બાવાશ્રી (ચાંપાસેની) નો જન્મ દિન.

માગશર વદ ૧૪ તા. ૧૬-૧૨-૯૦ રવિવાર ધનુર્માસનો પ્રારંભ.

માગશર વદ અમાસ તા. ૧૭-૧૨-૯૦ સોમવાર શ્યામ ઘટા. ગો. ચિ. શ્રી ભૂપેન્દ્ર કુમારજી બાવાશ્રી (નાથદ્વારા) નો જન્મ દિન.

પોષ સુદ ૫ તા. ૨૨-૧૨-૯૦ શનિવાર ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. ચિ. સંજય બાવા (મથુરા) નો જન્મ દિન.

પોષ સુદ ૮ તા. ૨૫-૧૨-૯૦ મંગળવાર ગો. શ્રી શ્યામ સુંદરજી મહારાજ શ્રી (મથુરા-પોરબંદર) નો જન્મ દિન.

પોષ સુદ ૯ તા. ૨૬-૧૨-૯૦ બુધવાર ગો. શ્રી નવનીતલાલજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર) નો જન્મ દિન.

પોષ સુદ ૧૦ તા ૨૭-૧૨-૯૦ ગુરુવાર ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ શ્રી (કાંકરોલી) નો જન્મ દિન.

પોષ સુદ ૧૧ તા. ૨૮-૧૨-૯૦ શુક્રવાર પુત્રદા એકાદશી વ્રત:

પોષ સુદ ૧૨ તા. ૨૯-૧૨-૯૦ શનિવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ શ્રી (માંડવી-કચ્છ) નો જન્મ દિન.

પોષ સુદ ૧૩ તા. ૩૦-૧૨-૯૦ રવિવાર ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી જામખંભાળીયા-રાજકોટ) નો જન્મ દિન.

પોષ સુદ ૧૫ તા. ૩૧-૧૨-૯૦ સોમવાર પોષી પૂનમ માઘસ્નાન પ્રારંભ.

પોષ વદ ૩ તા. ૩-૧-૯૧ ગુરુવાર ગો. શ્રી મુકુંદ બાવા (સુરત) નો જન્મ દિન

પોષ વદ ૪ તા. ૪-૧-૯૧ શુક્રવાર ગો. શ્રી મધુસૂદન બાવા (મુંબઇ) નો જન્મ દિન

પોષ વદ ૫ તા. ૫-૧-૯૧ શનિવાર ગો. શ્રી પ્રભુજી બાવા (સુરત) નો તથા ગો. શ્રી પ્રાણવલ્લભ બાવા (મુંબઇ) નો જન્મ દિન.

પોષ વદ તા. ૬-૧-૯૧ રવિવાર શ્રી દિક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી મથુરેશજીના ઘરમાં માને છે. ગો. શ્રી પરિતોષ બાવા (મથુરા) નો તથા ગો. શ્રી હરિરાયજી બાવા (નાથદ્વારા) નો જન્મ દિન.

પોષ વદ ૯ તા. ૯-૧-૯૧ બુધવાર ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ (મથુરા) નો અને ગો. શ્રી નવનીત લાલજી મહારાજ (ચાંપાસેની-જામનગર-નડીઆદ) નો જન્મ દિન

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૨૧. વૈશ્વાનર રૂપ

વૈશ્વાનર પ્રગટે અગ્નિકુલ;
પ્રાન ચરાચર કે શ્રી મધુપતિ; અખિલ અંડ કોઉ નહી સમતુલ ૧
પૂરત વિરહતાપ નિજ જનમેં, કર સન્મુખ રસદાન અનુકૂલ;
દેત પરમ ફલ 'વ્રજ' કે વલ્લભ, મેટત ભકત વિરહકી શુલ. ૨

૨૨. વલ્લભાખ્ય રૂપ

શ્રી પ્રથમેશ સબહિન કે વલ્લભ;
રાધા વલ્લભ ગોપી વલ્લભ, નંદયશોદા સબ કે વલ્લભ. ૧
તાત માત સ્વકીયન કે વલ્લભ, જગ વલ્લભ દેવી જન વલ્લભ;
જીવ ચરાચર 'વ્રજ' કે વલ્લભ, જય જય શ્રીમધુપતિ વ્રજ વલ્લભ. ૨

૨૩. સદ્રુપ રૂપ

આદિ પરમ તત્ત્વ સદ્રુપ;
કોટી કામ પર તર કોં નાહિન, અનંત કોટી બ્રહ્માંડ કે ભૂપ. ૧
જગ મોહન મૂરતિ મધુરાકૃત, પલક ન લગત નયન રહે ખૂપ;
નિરખત તૃપ્તિ ન હોત મધુ પતિ કોં, 'બ્રજ' કે વલ્લભ અતિ અનૂપ ૨

૨૪. હિતકૃત્સતામ્

શ્રી વલ્લભ સ્વીયજન હિતકારી;
દ્વાર આયે નિજ ધામ તે ભૂતલ, ભકત નેહકી પાટી પારી, ૧
લે પરિશ્રમ પરિક્રમા કીની, જહાં જહાં દેવી રહે વસુધારી;
શ્રી પ્રથમેશ મહા કરૂણા કર, 'વ્રજ' વલ્લભ પંર બલ બલહારી ૨

૨૫. જન શિક્ષા કૃતે કૃષ્ણ ભકિત કૃત રૂપ

કર સેવા સિખવત હેં જનકો;
આપ કી સેવા આપ કરત હે, ભાવ જનાવત અંતરંગનકોં. ૧
ઘર ઘર પ્રાણ પતિ પધરાયે, ચાહી મિસ દીયે દાન ભકતનકોં;
નંદ ભૂવન નિકુંજ લીલા, 'વ્રજ' વલ્લભ સુખ દીયે સબનકોં. ૨

।। શ્રી કૃષ્ણાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ।।

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ–કોઇએક ટીકાકારના વિવિરણ સમંતમ્

ભાષાંતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

યત્કૃપાદૃષ્ટિવૃષ્ટયેકબિંદુસ્પર્શે રસાર્દ્રતા ।
કૃષ્ણલીલાબ્ધિજા જંતોર્ન કદાપિ નિવર્તતે ।૧।
તાને વ શ્રીમદાચાર્યચરણનાશ્રયે મુદા ।
તેનૈવ મમ તદ્વાક્યબોધો બોધ્યો હિ
જાયતે ।।૨।।

પુષ્ટિમાર્ગાદિલીલાભિઃ સ્વાનંદં પૂરયન્નિજમ્ ।
સ્વાશ્રયં કુરુતે યશ્ચ તમહં કૃષ્ણમાશ્રયે ।૩।

અર્થ : જેમની કૃપાદૃષ્ટિના વરસાદના એક માત્રના સ્પર્શથી, કૃષ્ણલીલાના સાગરમાંથી ઉદ્ભવેલી પ્રાણીની રસાર્દ્રતા કોઈ દિવસ ચાલી જતી (અદૃશ્ય થતી) નથી એ જ શ્રીમદાચાર્ય, શ્રી મહાપ્રભુજીના ચરણોનો હું આનંદપૂર્વક (મુદા) આશ્રય કરું છું અને તે (આશ્રય)થી જ મેં કરેલો તેમના વાક્યોનો બોધ (એટલે અર્થ, સમજણ. ટીકા, વિવરણ) સમજવાને યોગ્ય ચોક્કસ (હિ) બને છે. ૧–૨.

પુષ્ટિમાર્ગ વગેરે પ્રકટાવવાની (તેમજ પ્રવર્તાવવાની) લીલાઓ દ્વારા પોતાની સ્વાનંદની પરિપૂર્તિ કરતાં કરતાં પોતાના સ્વાશ્રયને સિદ્ધ કરી આપે છે તેવા શ્રીકૃષ્ણનો હું આશ્રય કરું છું ।૩।

શરૂઆત કરતાં અહીં 'આશ્રય'નું બે પ્રકારે નિરૂપણ કરે છે– મર્યાદા તથા પુષ્ટિ એવા જુદા સ્વરૂપે. ત્યાં મર્યાદાના પ્રકાર અનુસાર જે 'આશ્રય' છે એ તો સ્પષ્ટ જ છે અને બધા સ્થળોએ તેનું વિગતવાર વર્ણન કરેલું છે, પરંતુ પુષ્ટિમાર્ગ અનુસાર જે 'આશ્રય' છે એ તો ગૂઢ છે અને તેનું વર્ણન પરોક્ષવાદ દ્વારા સાધનના ફળના સ્વરૂપની રજુઆત સહિત નિરૂપણ કરવામાં આવે છે. ત્યાં પણ કાળ વગેરે છ સાધનોના ફળની સાધનાના અભાવને કહે છે (વર્ણવે છે). અને આશ્રયના સંભાવને રજુ કરે છે. આમ હોવાથી જે પ્રકારનો પુષ્ટિમાર્ગીઓનો 'આશ્રય' છે તેના પ્રકાર સહિતનું નિરૂપણ અહીં કરવામાં આવે છે એમ જણાય છે.

એવી જ રીતે પ્રથમ પરમકૃપાળુ સાક્ષાત્ ભગવાન પોતે નિરપેક્ષ (બીજી કોઇ શરતોને આધિન રહ્યા વિના કેવળ) દયાળુતા દ્વારા અને પુષ્ટિ (એટલે કૃપા) ના ફળનું દાન કરવાની ઇચ્છાથી, જેને (ભગવાન પોતે) પસંદ કરે તે ત્યારથી શરૂ કરીને, પોતાની મેળે જ, સાહજિક રીતે જ ઉદ્ભવેલા (એટલે પ્રકટેલા) પ્રેમ દ્વારા ભગવાનની સેવા વગેરેમાં પ્રવૃત્ત થાય છે– અને નહિ કે ભગવાનની સેવા વગેરેથી જુદા (અન્ય) કાર્યોમાં. પછી એ પ્રકારના સહજ પ્રેમ સહિત ભગવાનની સેવા વગેરે કરવાથી ઉભરાતા (ઉલ્લસિત) પ્રેમ તથા (ભગવાનમાં) આસક્તિને લીધે જન્મેલા પુષ્ટિમાર્ગીય ભાવાંકુરો (એટલે ભાવને પ્રકટ કરનાર ફણગા)નું 'ભગવાનની સાથે (સંલાપ એટલે) મિલન–ઐક્ય'– વગેરે સૂત્રમાં જણાવેલ ઉપર વર્ણવેલી

ભાવના સિદ્ધ થવાનો ચોક્કસ સંભવ હોવાથી ત્યાં એ ધર્મ પ્રકટ થાય છે, અને ભગવત્ સેવાથી જુદા બીજા કોઇ પણ સાધનનો આશ્રય લેવાને પ્રતિબંધ હોવાથી અને ભગવત્ સેવા અને સહજ પ્રેમની અપેક્ષા (ઇચ્છા)ને લીધે ઉત્પન્ન થયેલી આર્તિ (એટલે તીવ્ર ઇચ્છા)ને લીધે ભગવાન સિવાયની કોઈ પણ ઇચ્છા નિવૃત્ત થવાને કારણે ભગવાનને શરણે જવાની ગતિ (ભગવાનની શરણાગતિ-શરણ-આશ્રય) ઉત્પન્ન થાય છે. એમ જણાવતાં, આશ્રયના નિરૂપણપૂર્વક શ્રીમદાચાર્ય ચરણ (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) આ શ્રીકૃષ્ણાશ્રય સ્તોત્રનું નિરૂપણ કરે છે. 'સર્વ'...વગેરે દ્વારા—

-ક્રમશઃ

પંચ પદ્ય

લેખક : **શ્રી જમનાદાસ જી. ભાતેલિયા, દ્વારકા**

(સમશ્લોકી ભાવાનુવાદ)

કૃષ્ણ રસથી વિક્ષિપ્ત, મનવાળા પ્રિતી વિના;
લોક વેદે સુખ ન પામે, શ્રેષ્ઠ શ્રવણોત્સુકો.... ૧

આર્દ્ર મનવાળા યાદે, ભગવાન વિહ્વળ;
પુરુષાર્થે એક નિષ્ઠ, શ્રવણોત્સુકો મધ્યમ.... ૨

જે કૃષ્ણતત્ત્વને જાણે, નિઃસંદિગ્ધ ભાવે તે તો;
ભગવદાવેશી કે ના, નિરોધ વડે વિહ્વળ.... ૩

હમેશાં પુર્ણ ભાવથી, તે તો છે પુર્ણાર્થ વળી;
કદિ અનન્યાસક્ત નથી, તેને અધમ કહ્યા છે અધમ.... ૪

દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર ને કર્મે અનન્ય;
ભક્ત એક ચિત્તવાળા, તે તો છે ઉત્તમ સદા.... ૫

વિવેચન : ભગવાને મનુષ્યને જીભ એક અને કાન બે આપેલ છે, એટલે તેણે સાંભળવું વધુ જોઇએ પણ બોલવું ઓછું જોઇએ. પરંતુ ઘણે ભાગે બોલનારારા ઘણા હોય છે, જ્યારે ખરેખર સાંભળનારા બહુ ઓછા હોય છે. શ્રીમહાપ્રભુજીએ પણ આ વાત ધ્યાનમાં

રાખીને વકતાના પ્રકાર 'જલભેદ'માં વીસ અને શ્રોતાના પ્રકાર પંચપદ્યમાં ચાર જ બતાવ્યા છે. હવે આપણે આ ચારે પ્રકારને બે વિભાગ પાડી પુષ્ટિમાર્ગી અને મર્યાદામાર્ગી એમ બે ભાગે વહેંચી શકીએ. મહાપ્રભુજીની દૃષ્ટિએ મર્યાદામાર્ગી શ્રોના ત્રણ પ્રકારના છે એટલે શ્રોતાના કુલ ચાર પ્રકાર થાય—



પહેલા શ્લોક વડે તેઓશ્રીએ પુષ્ટિમાર્ગી શ્રોતાને શ્રેષ્ઠ અથવા સર્વોત્તમ શ્રોતા કહેલ છે. જ્યારે બીજા શ્લોકમાં મર્યાદા માર્ગીના લક્ષણ બતાવ્યા છે. આવા શ્રોતા આર્દ્ર મનવાળા, ભગવાનની સ્મૃતિથી વિહ્વળ અને શ્રવણોત્સુક હોય છે, તેમને શ્રીમહાપ્રભુજી મધ્યમ પ્રકારના શ્રોતા કહે છે,

ત્રીજા અને ચોથા શ્લોકમાં જેને ભગવદાવેશી અથવા નિરોધ વડે ભવવાનના રસાત્મક સ્વરૂપને જાણે છે એવા લોકો ક્યારેક જ ભગવદ્ભાવથી પરિપુર્ણ હોય છે. એટલે જ્યારે તેનો આવેશ ઉતરી જાય છે ત્યારે તે અન્યાસક્ત બની જાય છે આથી તેને હીન અથવા અધમ શ્રોતા કહેલ છે.

અંતિમ-પાંચમા શ્લોકમાં ઉત્તમ મર્યાદાભકત શ્રોતાના લક્ષણો આપ્યા છે. તેઓ સર્વદા-સર્વથા એટલે કે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મના પ્રકારથી નવધભક્તિમાં અનન્ય ભાવવાળા હોય છે, એટલે તેઓ મર્યાદાભકત કે શ્રોતા હોવા છતાં ઉત્તમ છે.

આમ ફકત પાંચ શ્લોકમાં જ શ્રીમહાપ્રભુજીએ આપણને શ્રેષ્ઠ કે સર્વોત્તમ શ્રોતા બનવાનો ઉપાય બતાવી દીધો છે.

પ્રશ્નોતરી

પ્રેષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ ‘ચરણ રજ’ સુરત**

પ્રશ્ન–કૃપાનાથ! ભગવદીઓમાં પણ લૌકિક ભાવ જોવામાં આવે તો એના પ્રત્યે શ્રદ્ધા કેમ રહે?

ઉત્તર–આપણા પૂર્વજ ચોર્યાસી–બસો બાવન ભગવદીઓ આપણા માર્ગદર્શક છે. અત્યારે પણ આપણામાં આધિદૈવિક સ્વરૂપે બિરાજે છે. એટલે અત્યારે પણ આપણાંમાં અમુક અશે ભગવદ્ ભાવ બિરાજતો હોય તો એ મહાનુભાવોની કૃપાનો પ્રભાવ છે. એની અલૌકિકતાની એક કણિકા પણ પ્રાપ્ત થાય તો આપણો બેડો પાર થઇ જાય.

ઉપરોકત ભગવદીઓના જીવનને આપણે જોઇએ તો આપણને લૌકિકવત્ જણાય, પરંતુ હકીકતમાં ભગવદીઓ એવા હોતા નથી. આવા ભગવદીઓ સર્વ કરવા સમર્થ હોય છે'

કોઇ વખત એવો પણ અનુભવ થાય છે કે, ભગવાન ન કરી શકે એવું ભગવદીઓ કરી શકે છે.

અંબરીષના પ્રસંગમાં જાણવા મળે છે કે ભગવાનના સુદર્શનજીના તાપથી અકળાઇને દુર્વાસાજી ભગવાનના શરણે આવ્યા ત્યારે ભગવાને કહ્યું કે તમે દુખી છો. સુદર્શનચક્ર મારૂં છે. તમે તેના ભયથી વિહવળ બની ગયા છો. પરંતુ એને પાછું બોલાવી લેવાનું સામર્થ્ય મારામાં નથી. મારા ભકત અંબરીષની આજ્ઞા થાય તોજ પાછું વળી શકે.

વાર્તા સાહિત્યમાં પણ આવે છે કે, એક રાજાના ભાગ્યમાં સંતાન યોગ નહીં હોવાથી શ્રીભગવાન તથા મહાદેવજી પણ આપી શકયા નથી. ત્યારે સંતદાસજીએ ચાર પુત્રો આપ્યા છે. નારદજીના પ્રશ્નથી ભગવાને કહ્યું છે કે, પુત્રો મેં નથી આપ્યા મારા ભકતે આપ્યા છે. મારા ભકતની વાણી હુ મિથ્યા કરી શકુ નહીં. અગ્નિથી પણ અગ્નિમાં તપેલા લોખંડમાં વધારે દાહકતા હોય છે. ભગવાન ભકતને આધિન છે.

ભગવદીયનું સ્વરૂપ, સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે “સ્વરૂપેણાવતારેણ લિગેનચ ગુણેનચ” એમના (ભગવદીઓના) દેહ, ક્રિયા, સ્વરૂપ વિગેરે પ્રત્યેક પદાર્થ પ્રત્યેક તત્વ ભગવદ રૂપ હોય છે પ્રભુથી કોઇ અંશમાં ન્યુન નથી વ્યાસ સૂત્રમાં પણ મહર્ષિને આ વસ્તુ પર વિચાર આવ્યો અને સમજાવ્યું છે કે, ભગવદીઓમાં બે વસ્તુ એક સાથે રહેલી હોય છે, લોકિક અને “અલોકિક” લોકિકતત્વ લોકિક કાર્ય કરે છે. અલોકિક તત્વ અલોકિક કાર્ય કરે છે.

આવા ભગવદીઓ આપણને લોકિકમાં રચ્યા–પચ્યા જોવામાં આવતા હોય છતાં એનું એ લોકિક આસકિત રહિત હોય છે. ત્યા અલોકિક ભાવમાં એ લીલારસમાં મગ્ન હોય છે.

આવા ભગવદીઓ ભગવદ લીલા ધામમાં હોય કે ભૂત લપર હોય. એ ભગવદલીલાની મસ્તીમાજ હોય છે એના સ્વરૂપને આપણે ઓળખી શકયા નથી.

જે સર્વ સમર્પણ કરી ભગવાનના શરણાગત બન્યા છે. શ્રીનાથજીએ જેનો હાથ પકડયો છે. એની ચિંતા પણ શ્રીનાથજી કરે છે. આપણે એના ગુણદોષનો વિચાર કરવાનો નથી દોષ જોવાજ હોય તો આપણા પોતાના જ જોવા. જેનો અંત આવશે નહીં. બીજાના ગુણદોષનો વિચાર કરીયે એટલીવાર અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કરશુ તો બેડો પાર થઇ જશે.

“બુરા દેખન મેં ચલા, બુરામિલા ન કોઇ,
દેખા હૃદય વિચારકે, મોસમ બુરા ન કોઇ.”

ભકત કવિશ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણનામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : ગો. વા. પ. ભ. મીસ્ત્રી **રવજીભાઈ** 'વ્રજ' ધોરાજી.

સકલ હરિનાં નામ મહા દુઃષ્કૃત્ય દુઃખહારી ।
પણ તે સહુથી શ્રીકૃષ્ણ નામનો મહિમા ભારી
॥૬૦॥

ભાવાર્થ : શ્રીહરિનાં સર્વનામો મોટા દુષ્ટકૃત્યો અને સર્વ દુઃખોને હરવાવાળાં છે. પરંતુ તેમાં પણ શ્રીકૃષ્ણ નામનો મહિમા બહુજ મોટો છે. લોકદૃષ્ટિથી જોઇએ તો પણ રાજ્ય પ્રધાનો પણ પોતાના રાજ્યમાં મહાન હોય છે, પરંતુ કેન્દ્રના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ સર્વોચ્ચ હોય છે. તેના કાયદા કાનૂન પ્રમાણે રાજ્યોનાં તંત્રો ચાલતાં હોય છે. તેમ શ્રીકૃષ્ણ ગોલોકાધિપતિના શાસનમાં નારાયણ-દિવાન-વાસુદેવ-સંકર્ષણ-પ્રદ્યુમન-અનિરૂદ્ધ એ અને અવતારો સર્વ પ્રધાનમંડલ બ્રહ્માંડાધિપતિ છે. અનંત બ્રહ્માંડોના સામ્રાટ શ્રીકૃષ્ણ જ છે.

અવર કોટી મુજ નામ સુણી હું પ્રસન્ન થાઉં ।
પણ તે વો નહીં જેહવો શ્રીકૃષ્ણ નામ મોહાઉં
॥૬૧॥

ભાવાર્થ : મારાં બીજા કરોડો નામ છે, તે સાંભળી અને હું પ્રસન્ન થાઉં, પરંતુ શ્રીકૃષ્ણ નામથી મને જે હર્ષ અને મોહ થાય છે તેટલો મારા નામથી મને થતો નથી. જગતના સર્વ જીવો તો અમારા બ્રહ્માંડાધિપતિ પ્રધાન મંડલના સર્વ કાર્યોને જાણતા હોય છે, પરંતુ ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણના મહાત્મય અને સામર્થ્યને અમો સર્વ જાણતા હોઇએ છીએ. ગોલોકાધિપતિ શ્રીકૃષ્ણની લીલા સામર્થ્ય જાણવાં, જગતના સાધારણ જીવોના મન, વાણીની પહોંચ બહારની વાત હોય છે. તેમાંથી ભકત વિરલાઓ જ જાણતા હોય છે, આમ નારાયણ શ્રી બ્રહ્મા પાસે શ્રીમુખે કહ્યું છે. વિશેષ પણ કહે છે કે—

દ્વિતિયાથી રાકા લગી નામ ચંદ્ર તો કહાવે ।
પણ ન્યુનાધિક કલા-પૂર્ણ સમ કોઇ ન આવે
॥૬૨॥

ભાવાર્થ : જેમ શુકલ પક્ષના ચંદ્ર-બીજથી તે પૂર્ણિમા સુધી ચંદ્ર જ કહેવાય છે, પરંતુ ન્યૂનાધિક કલાવાળા હોય છે જ, પરંતુ પૂર્ણ કલાવાળા ચંદ્રની બરાબર કોઇ ન આવી શકે, તેમજ પુર્ણ પ્રકાશ આપી ન શકે. માટે પૂર્ણ ચંદ્રરૂપ શ્રીકૃષ્ણ આપણે માટે પણ સેવનીય, ભજનીય છે. આમ શ્રી નારાયણે બ્રહ્માજી પ્રત્યે કહ્યું છે. માટે પૂર્ણ ચંદ્ર શ્રીકૃષ્ણને જ ભજીએ.

પૂનમ શશી તે કૃષ્ણ અવર લ્યો અવર વિચારી ।
શરદઋતુ સહ શ્રી સહિત અતિ આનંદકારી
॥૬૩॥

ભાવાર્થ : તેમજ પૂર્ણ શશી અને બીજથી પૂર્ણિમાના શશીઓના ભેદ વિચારી લેવા, તેમાં પણ શ્રીકૃષ્ણ તો શરદઋતુ રૂપ-લક્ષ્મી સાથે હોય તો વિશેષ સુખકારી અને પરમ શોભનીય હોય છે. તેમ જાણો. શરદચંદ્રને જોઇ અને સર્વ જગત જેવો આહલ્લાદ પામે છે. તેવો અન્યમાસની પૂર્ણિમાથી આહલ્લાદિત થતા નથી. માટે પૂર્ણચંદ્રમાં પણ શરદચંદ્ર સમાન શ્રીકૃષ્ણ, તે જ હે બ્રહ્માજી ! સર્વોચ્ચ અને આપણા પણ સેવનીય છે.

મન પ્રબોધ

લેખક : **ભક્ત કવિશ્રી દયારામભાઈ**

સંપાદક : **પ્રો. જીવનલાલ છ. જોશી**

હે મારા મન ! તું નિરંતર ચિંતાઓ શી વાતની કરે છે ? પુષ્ટિમાર્ગમાં તું આવ્યો શ્રી વલ્લભજી સરખા સમર્થ ગુરુ મળ્યા છે, તેમની પરિપૂર્ણ કૃપા છે. તેમણે તુંને શ્રીજીની સાંનિધ્ય બ્રહ્મસંબંધ કરાવ્યાં છે.

તે પ્રમાણે શ્રીનાથજી કૃપાબળ જણાવે છે ને શ્રીમુખે જુગલ સ્વરૂપ બોલીને તુંને પોતાનો કહ્યા છે. પુષ્ટિ પ્રેમલક્ષણાભકિત આદ્યે સકળ શ્રીજીએ શિવાદિકને દુર્લભ તે વરદાનમાં ફળ શ્રીમુખે આપ્યું છે. શ્રીગુરુએ પોતાનો કરીને અત્યંત કૃપા કરી છે તે રીતે ભગવદીયોએ પણ કરી છે, હજુ પ્રત્યક્ષ અનુભવ જણાવે છે.

'જુગલ સ્વરૂપ તારા હૃદેમાં સદા બિરાજીએ છીએ.' એમ શ્રીમુખે કહ્યું છે. 'તને કશું પાપ પ્રતિબંધ નહીં લાગવા દઇએ' એમ કહ્યું છે. 'હાવા ફરી બીજો અવતાર ધરવો નથી.' 'દેહાંતે અમારી લીલામાં આવીશ.' પ્રભુએ કહ્યું છે : 'તારા સઘળાં ઋણદોષ ગુન્હા માફી કહ્યા છે' 'તારા સઘળા કુળનો ઉદ્ધાર અમો કરીશું' તે પણ કહ્યું છે.

તારો હાથ શ્રીજીએ પ્રત્યક્ષ ઝાલીને 'નહિ મૂકીએ સદા પ્રતિપાલના કરીશું' કહ્યું છે. 'સર્વ કાંઇ અમારું કર્યું થાય છે, તું કશી ચિંતા નાં કરીશ.' શ્રીજીએ કહ્યું છે, તુંને જ.

શ્રી સ્વામીનીજીએ તુંને પોતાનું કુંકુમ તારે ભાલે કરીને, પોતાનું વસ્ત્ર, પુષ્પની માળ તથા સ્તનપાન તથા પોતાનો શ્રીમુખે કહ્યો છે. પોતાનો ઘરનો કહ્યો છે. સકળ સુખનું દાન કર્યું છે. તારે શી ચિંતા છે !

તે પ્રતાપ પ્રત્યક્ષ પણ તું દેખે છે, નવી અનુપમ રચના કરીને ગુણગાન કરાવે છે. તુંને પોતા બરાબર પૂજાવે છે. જગતમાં જશ પણ રૂડો આપ્યો છે. ભરણપોષણ સારી પેરે કરે છે. તું કહીશ જે મારો સ્વભાવ ખોટો છે, તે તો તારા હાથમાં નથી, પ્રભુને હાથે છે, ફેરવે તો શી વાર છે ? પણ દીનતા માટે રાખ્યો છે. 'તારાં સંચિત તો પ્રભુએ બાળ્યાં છે, પ્રારબ્ધ પણ સ્વલ્પ ભોગવાવે છે. પોતે આત્મસાત્ કર્યો છે. માટે કશું કલંક નહીં લાગે. પ્રત્યક્ષ શ્રીમુખે મિત્ર કહ્યો છે તથા પોતાની સ્ત્રી કહી છે, તે સર્વ તારું સારું જ કરશે.

શ્રીમુખ દેખાડીને શ્રી જમુનાપાન, ગંગાસ્નાન આદ્યે તીર્થ ઘણાં કરાવ્યાં છે. લૌકિક મનોરથ પણ પૂર્યા છે. આધિ–વ્યાધિ પીડે છે તે પણ ગુણકર્તા હશે, નિશ્ચે જાણજે.

તારી ઉપર શ્રી મહાપ્રભુજી તથા ગોસ્વામીજી તથા શ્રી ગુરુદેવજી તથા સર્વ વલ્લભકુળ, ભગવદી તથા સર્વના શૃંગાર શ્રીજી તથા શ્રી સ્વામીનીજી અતિ પ્રસન્ન છે, ત્યારે ચિંતા કરે છે તે શોભતી નથી. મોટાનાં વચનમાં વિશ્વાસ, પોતાની અધમતા, દીનતા રાખવી. સર્વના આધારૂપ શ્રી મહાપ્રભુજીએ કહ્યું છે માટે દઢ વિશ્વાસ રાખવો, મનમાં આળસ ન રાખવી.

દાતણ

લેખક : **રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

દાતણ કરવાનો સામાન્ય હેતુ રાત્રિએ નિદ્રા થતાં શરીરનાં મલિન પદાર્થો એકત્ર થઇને દાંત, જીભ વગેરે દ્વારા બહાર આવ્યા હોય તેને દૂર કરી સ્વચ્છ થવું–શુદ્ધ થવું તે છે. પણ આપણો મૂળ હેતુ તો સ્નાન કર્યા પછી ધાર્મિક ક્રિયાઓ તથા પ્રભુની સેવા વગેરે કરવાનું છે. માટે મન અને હૃદય સરલ, સ્વચ્છ અને પવિત્ર બને, તેમ શરીરની શુદ્ધિ કરવાની, એ ખાસ ધ્યાનમાં રાખવું. આપણા આર્ય લોકોની સંસ્કૃતિમાં આજ ખાસ ખૂબી છે, કે ધર્મ પ્રાપ્ત કરવાને શરીર શુદ્ધિને જ માત્ર ધર્મ માનવામાં આવે તો સર્વોત્તમ વસ્તુ શરીર બને. પરંતુ તેમ નથી. શરીર તો ક્ષણિક અને નાશવંત છે, આપણા શાસ્ત્રકારોએ સર્વોત્તમ વસ્તુ તો શ્રીપુરૂષોત્તમ પરમાત્માને જ ગણ્યા છે. એટલે તેમને મેળવવા, ભજવા–સેવવા માટે શરીર શુદ્ધિ વગેરે સાધનો છે. ધર્મની ગુંથણી કરનારા મુનિઓની ધાર્મિક રચનામાં સર્વ લૌકિક વ્યવહાર પણ સમાઈ જાય છે.

આયુર્બલં યશો વર્ચઃ, પ્રજાઃ પશૂન્ વસુનિચ ।
બ્રહ્મપ્રજ્ઞાં ચ મેધાં ચ, ત્વં નો દેહિ વનસ્પતે ॥

દાતણ વનસ્પતિનું લેવું. આપણો રિવાજ પણ પરંપરાથી એવો જ ચાલ્યો આવે છે. પરંતુ કયી વનસ્પતિનું દાતણ લેવું ? કયી વનસ્પતિ શુદ્ધ છે ? તેના તરફ આપણે લક્ષ્ય નથી આપતા. આજ કાલ તો બાવળનું જ દાતણ મુખ્ય થઇ પડયું છે. ખરું જોતાં બાવળનું દાતણ શાસ્ત્ર કારોએ ઉત્તમ નથી માન્યું. એટલે દાંતના સંબંધે તેમ માનસિક સંબંધમાં કંઇને કંઇ તેમાં નુકશાન જ હોવું જોઇએ. તેથી શાસ્ત્રમાં નિષેધ કર્યો. બાવળ બુદ્ધિને મંદ કરે છે–જડ બનાવી દે છે. એટલે બુદ્ધિની અપેક્ષાવાળા બાવળનું દાતણ ન જ કરે.

અંગેડી, વડ, ખેર, આંબો, લીંબડો, બીલી, આકડો, ઉમરો, કદંબ વગેરે વૃક્ષોનાં દાતણો ઉત્તમ કહયા છે. આ બધી વનસ્પતિઓ બુદ્ધિ વર્ધક તેમ આરોગ્યવર્ધક છે અને દાંતને પણ મજબૂત બનાવે છે. હલી જવું, રુધિર નીકળવું વગેરે દાંતના રોગોને દૂર કરવાનો તેમાં ગુણ સમાયેલો છે. તેથી જ મોટો ઉપકાર કરનારાં શાસ્ત્રોએ તેવાં દાતણો માન્ય કર્યા. ટૂંકામાં જેમાં દૂધ નીકળે તેવી બધી વનસ્પતિઓ દાતણમાં ઉપયોગી માની છે.

આજકાલનાં બાળકોમાં દાતણ કરવાનો ઘણો જ કંટાળો હોય છે, મા બાપ વારંવાર ટોકે ત્યારે પરાણે દાતણ કરે. હાલ જમાનાની મુખ્ય ઉપાસ્ય દેવી ચા તૈયાર થઇ હોય અથવા કંઈ ખાવાનું મુખમાં મૂકવાનું હોય તો તેને માટે જ જાણે હવે દાતણ કર્યા વિના છૂટકો જ નથી એમ માનીને ઉતાવળથી દાતણ કરી નાંખે છે, તેથી દાતણનો શુદ્ધિ, થવાનો મુખ્ય હેતુ માર્યો જાય છે. વળી આપણા કેટલાક યુવાનો તો સુગંધીદાર વસ્તુ મેળવેલો વિલાયતી ભૂકો પીંછીથી દાંતે ઘસી પતાવી દે છે. એમને ઉત્તમ વનસ્પતિથી દાતણ કરવામાં ગ્રામ્યતા લાગે છે એમના મનમાં એવું પણ છે કે, આ જૂના પ્રકારો તો માત્ર ઘેલછા, છે. પણ એ પોતે જડવાદને જ કેવળ ધર્મ માની વિશેષ ઘેલા બનતા જાય છે, તેનું ભાન કયાંથી ? ધર્મ–પ્રાણ ભારત વર્ષમાં કેટલાંક આવા જ

ઉચ્છંખલ માણસો હોવાથી ધર્મના પાયાઓ મૂળથી સડવા લાગ્યા છે. પરંતુ આર્ય પ્રજાની તો ધર્મમાં જ ઉન્નતિ છે. જ્યારે તેમાં ધર્મ નહિ હોય ત્યારે તેનું અસ્તિત્વ પણ નહિ જ હોય.

[શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડના વર્ષ ૩ સં. ૧૯૮૫ ના. કાર્તિકના અંક ૮ માંથી સાભાર.]

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

નમો નમો જયતિશ્રી યમુના ।।
જય કાલિંદી પૂલિન મનોહર,
શ્યામા શ્યામ કરત હેં રવની. ।।૧।।
જલ ક્રિડા કરત તેરે તટ,
તુમ સમ નહીં કોઉ તીનો ભવને ।।
સુરનર મુનિ કે ધ્યાન ન આવે,
સો પ્રભૂ તિંહારે ગ્રહ ગવને ।।૨।।
તુમતો પરમ કૃપાલ જગ જનનિ,
પતિતન કોં પાવન ભવ તરણી ।।
શાખા નિગમ પુરાન ન બરની,
સુર પ્રભૂ કે મન કોં હરની ।।૩।।

ભાવાર્થ–હે શ્રી યમુનાજી! અપને હું નમન કરૂં છું નમન કરૂં છું. આપનો જય થાઓ મનનું હરણ કરનારા સુંદર આપના પુલિન નો પણ જય થાઓ કે જ્યાં શ્રી શ્યામા શ્યામ સદા સ્નેહ આદર પુર્વક રમણ કરે છે. આપના તટ ઉપર પ્રભૂ જલ ક્રિડા કરે છે. એવાં આપના સમાન ત્રણે ભૂવનમાં કોઇ નથી. સુર, નર, મુનિ જનો આદિ સર્વને ધ્યાનમાં પણ નથી આવતા એવા રસેશ શ્રી રસિક રાય આપને ઘેરે સ્નેહાતુર થઇ અને પધારી અને આપના સર્વ મનોરથો પુર્ણ કરે છે હે શ્રી યમુને આપતો પરમ કૃપાળુ જગત જનનિ છો અને મહા પતિતો ને પણ પાવન કરી અને ભવ પાર ઉતારો છો આપનો યશ મહાત્મય તો વેદ પુરાણોએ પણ વર્ણન કર્યો છે અને સદા વર્ણવે છે શ્રી સુરદાસજીના પ્રભૂના મન ને પણ આપ હરણ કરી અને પરવશ કરનારાં છો હે શ્રી યમુને આપને હું નમન કરૂં છું આપને હું નમન કરૂં છું આપનો જય થાઓ જય થાઓ.

વિવેચન–શ્રી સુરદાસજી શ્રી ગોવર્ધનધરના મુખ રૂપ છે શ્રીમુખમાં સર્વ કાંઇ હોય તો તે "રસના" છે શ્રી સુર તેનું સ્વરૂપ છે અને નિત્ય લીલામાં સખી સ્વરૂપે શ્રી ચંપક લત્તાજી છે શ્રી સુરનાં કીર્તનો એટલે પ્રભૂનાજ કીર્તનો છે શ્રી સુરદાસજી માટે શ્રી ગુંસાઇજી મહારાજે પણ કહ્યું છે કે સુરદાસતો પુષ્ટિ માર્ગ જહાજ રૂપ છે અને વૈષ્ણવોને પણ શ્રીમુખથી કહ્યું છે કે પુષ્ટિ માર્ગનું જહાજ જાય છે જેને જે વસ્તુ જોઈતી હોય તે જઇ અને લઇ લ્યો એવા શ્રી સુરદાસજીના હૃદયમાં અને રોમ રોમમાં સર્વ સ્વરૂપો સર્વ લીલાઓ સહિત બીરાજે છે તેઓએ શ્રી યમુનાજીનું સ્વરૂપ અને લીલાનું અતિ અદ્દભૂત વર્ણન કર્યું છે શ્રી યમુનાજી તો સદા સર્વદા પ્રિયતમના સંગમ રસમાં જ મગ્ન છે ભક્તો અને નિજાશ્રિત જીવોના સુખમાં પણ સદા સ્નેહાળ માતાની જેમ મગ્ન રહે છે. સુરનર મુનિજનોના ધ્યાનમાં એવાં શ્રીયમુનાજી ક્યાંથી આવે? એવાં જગત જનનિ અને ત્રૈલોક પાવની શ્રી યમુનાજીને હું નમન કરૂં છું નમન કરૂં છું હે શ્રીયમુને આપનો જયથાઓ જયથાઓ.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૪૮. રાગ-સારંગ ચૌ. ૩૬

વંદौं શ્રી ઉત્તમ શ્લોકજી દાસ;
સખી 'સુશીલા' ચંદ્રાવલિજી કી, ગોધરા કરત નિવાસ. ૧
પાછેં આય શ્રી ગોવર્ધનકી, કરત રસોઇ રસરાસ;
'લાલદાસ' સબ કહે મહતારી, પરોસનામે બહોત હુલ્લાસ. ૨

૪૯. રાગ-નટ. ચૌ. ૩૭

'મેના સખી' શ્રીચંદ્રાવલિકી, રસોઇ ગોવર્ધન ધરકી કર. ૧
સેવક કે શ્રમકો પહેચાની, અદકીમેં ઘૃત ગાંઠીકો ધર;
'લાલદાસ' વિઠ્ઠલતે માગ્યો, સદા પ્રસન્ન રહોં હોં તુમ પર. ૨

૫૦. રામ-નટ. ચૌ. ૩૮

વંદौं વાસુદેવ દાસ છકડા;
નંદ ખવાહ 'મનસુખા' ગોપ યહ, બલવાન બહુતહી તગડા ૧
સહસ્ત્રમનકો શકટ ડાર્યો, હાકિમસોં કર ઝગડા;
છુડાઇ શકે ના છીંટા ઉડત જબ, મેધનને કર પકડા. ૨
શ્રીવલ્લભ કે શરણ આયકે, ચલત પુષ્ટિ કે મગડા;
શ્રાદ્ધ નિમિત કો જો આવત, સો ધરત પ્રભુ કે પગડા. ૩
લોકવેદ કો તૂચ્છ કર માનત, આશ્રય એક મહાબડા;
'લાલદાસ' પ્રસાદ લેવે મેં, કરત ખરેખર ખગડા. ૪

૫૧. રાગ-નટ. ચૌ. ૩૯

વંદौं યાદવેન્દ્રજી બનિયા;
બાબાબેનુ ઔર કૃષ્ણદાસ યે, તીનો ભકત શિરોમનિયા. ૧
'કામલતા' ઔર 'સૌરસેની' ઔર સખી 'તિલકનિયા;
શાપ પાય શ્રી વિશાખાજી કો, જન્મ લીયે અનગનિયા. ૨
પૂજા કરાઇ પ્રભુ દેવી રૂપ ધર, કલ્યાનરાય રસ ઘનિયા;
'લાલદાસ' બ્રજ મથુરા જાકે, દેહ ત્યજે તતછિનિયા. ૩

પુસ્તક પરિચય

ભક્તિ રસ છલકે, જીવન મધુરું મલકે

લેખક–સંપાદક : **શ્રી કાંતિ ર. ગાંધી**
અંકુર રોડ, નારણપુરા, **અમદાવાદ**–૩૮૦૦૧૩
સાઈઝ ડેમી આઠ પેઈઝ પૃષ્ઠ ૧૬૬ પાકું પુઠું
ન્યોછાવર રૂપિયા ૨૦–૦૦

પ્રસ્તુત પુસ્તકમાં પરમ વિદુષી પૂ ગો. ઈંદિરાબેટીજીના જીવન દર્શનનું આલેખન છે. પૂ. બેટીજી પુષ્ટિ સમાજમાં "પૂ. જીજી" કે "જીજીબા" ના પ્રેમાળ નામથી સુપરિચિત છે. આપશ્રીના બાલ્યકાળ, શિક્ષણ, કુટુંબ પરિચય. અદ્‌ભૂત પુસ્તક પ્રેમ, વિશ્વ પ્રવાસી. જનસેવા–માનવતાની મહેંક બેઠકોજીના જીર્ણોદ્ધાર, આપશ્રી પ્રેરિત સંચાલિત ટ્રસ્ટોની માહિતી, શ્રીમદ્ ભાગવત્‌ના ગૂઢાર્થ તત્ત્વના પ્રખર પ્રવચનકાર અને પ્રચારક વગેરે બાબતોની વિગતવાર છણાવટ સરળ શૈલીમાં રજુ કરી છે. તેમજ પૂ જીજીએ લખેલા પત્રો તેમજ 'શ્રાવણી" ઉપનામથી રચેલા કાવ્યો પૈકીના અમુક કાવ્યો તેમજ સંપાદકે પુછેલા સવાલ–જવાબ અને સ્વરચિત કાવ્યોનું પણ સંપાદન કરેલ છે. તે ઉપરાંત શ્રીયમુનાષ્ટક અર્થ સાથે શ્રીયમુનાજીનું બહુરંગી ચિત્રજી, શ્રીનાથજી, શ્રીમહા પ્રભુજી તેમજ "પુ. જીજી"ના પ્રસંગોપાતના ફોટા–ચિત્ર આર્ટ પેપર ઉપર સમાવેશ કરેલ છે.

આટલું બધું સાહિત્ય જુદા જુદા પ્રસંગોએ પ્રવચનોમાંથી માસિકોમાંથી તારવી સંપાદન કરી યોગ્ય ક્રમમાં લખી–ગોઠવી રજુ કરવામાં લેખક–સંપાદકે ભારે શ્રમ ધીરજ અને નિષ્ઠા દાખવેલ છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

આપણી યુવાન પેઢી અને જિજ્ઞાસુ વૈષ્ણવો 'પુ. જીજી'ના જીવન દર્શનનું વાંચન કરીને પ્રેરણા પ્રાપ્ત કરે તેવી અભિલાષા.

આપણે સૌ પોતપોતાની જુદી જુદી દિવાલોમાં ભરાયેલા સંતાનો નથી. પરંતુ ભારત માતાના સંતાનો છીએ–ભગવાનના સંતાનો છીએ તેથી આપણે સૌએ એક બીજા પ્રત્યે સદ્‌ભાવ રાખવો જોઈએ. કે એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશ અને પુ. ગો. શ્રી ઈન્દિરાબેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટના ઉપક્રમે ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાના મોટી મેર મુકામે પુર પીડિત સહાયતા અંગે યોજાયેલા કીટ વિતરણના કાર્યક્રમમાં પુ. ગો. શ્રી ઈન્દિરા બેટીજી મહોદયાએ ઉચ્ચાર્યા હતા અને પ્રસાદીરૂપે આપેલી ભેટ સ્વીકારવા જણાવ્યું હતું.

"વૈષ્ણવ જન તો તેને રે કહીએ–જે પીડ પરાઈ જાણે રે" એ ઉકિતને ચરીતાર્થ કરવા આં પુ. વૈષ્ણવ પરિષદ સમય સમય પર આવા પાવન માનવ સેવા કાર્યો કરવા હરહંમેશ તત્પર બને છે એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ એમ. શેઠે જણાવ્યું હતું. મોટી મેર, નાની ઝેટ, લોટીયા, વિગેરે મળી પાંચ ગામોના લોકોને બસો કીટો અર્પણ કરવામાં આવી હતી. કીટમાં ચાદર–ચૌરસો બાલ્ટી-સ્ટીલના વાસણો અને પ્રસાદ હતો.

સ્વાગત પ્રવચન શ્રી કનુભાઈ ઈશ્વરભાઈ શાહે (મોટી મેર) કર્યું હતું. શ્રી અંબાલાલ ચુનીલાલ શાહ વિનોદ ગાર્ડી (એડવોકેટ) શર્મિષ્ટાબહેન વકીલ શ્રી વસંતભાઈ શાહ (સભ્ય કપડવંજ તાલુકા પંચાયત) શ્રી બાબુભાઈ શાહ, શ્રી વામનભાઈ પટેલ શ્રી ઘનશ્યામભાઈ જોશી વિગેરે એ પ્રાસંગિક પ્રવચનો કરી માનવ સેવાના કાર્યોની પ્રવૃત્તિને બિરદાવી હતી. પ્રોફે. શ્રી ગોપાલભાઈ શાહે સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો પરિષદના કાર્યકરો શ્રી ચંદ્રકાન્ત પટેલ શ્રી ઠાકોરભાઈ શાહ, શ્રી લક્ષ્મી પ્રસાદ શાહ, શ્રી છોટુભાઈ પટેલ. કે. સી. શાહ શ્રી દિનેશભાઈ શાહ, મુકુંદભાઈ કાંટાવાલા, સંજય સી. શેઠ, વિગેરે પ્રવાસમાં જોડાયા અને સૌએ કીટ વિતરણના કાર્યમાં સુંદર વ્યવસ્થા કરી હતી.

શ્રી ગુસાંઇજીનું ધોળ

શ્રી વલ્લભ ગૃહે પ્રકટીયા સુંદરવરજી, શ્રી વિઠ્ઠલેશ ધરીયાં નામ સુંદરવરજી.... ૧
રૂપ રસીલા ગુણ ચાતુરી સુંદરવરજી, સેજ કસ્તુરી તિલક ભાલ તીરે સુંદરવરજી.... ૨
એમના લોચન લાલ ગુલાબજી રે સુંદરવરજી, આજાન બાહુ એ હરિ રે સુંદરવરજી.... ૩
એમની કટી પર વાગો કેસરી રે સુંદરવરજી. કેસરીયા ધોતી સોહામણી રે સુંદરવરજી.... ૪
એમને તેજે ત્રિભુવન મોહે રે સુંદરવરજી, ઉપરણાં છે જરકશી રે સુંદરવરજી.... ૫
સુર વનિતા છબી દેખે હસી રે સુંદરવરજી, ચરણકમલ શોભા ઘણી રે સુંદરવરજી.... ૬
વૈષ્ણવ જનને માથે એ ધણી રે સુંદરવરજી, બેઉ કર જોડીને વિનવું રે સુંદરવરજી.... ૭
શ્રી જમુનાજીને હું નમું રે સુંદરવરજી, ધન ભાગ્ય વૈષ્ણવજનનું રે સુંદરવરજી.... ૮
વાહાલો કોડ પૂરે એમના મન તણા રે સુંદરવરજી, વ્રજવાસીના ભાગ્ય બડાં રે સુંદરવરજી.... ૯
વાહાલાજી શું રમે તે વડા રે સુંદરવરજી, પુષ્પ લત્તા બેઉ પાસ રે સુંદરવરજી.... ૧૦
શ્રીહરિ રસીયા રાસજી રે સુંદરવરજી, ધન્ય ધન્ય જે પાસજી રે સુંદરવરજી.... ૧૧
એમ કહી પુષ્પ વરખ્યા કરે રે સુંદરવરજી, એવાં સુખ દેખી હઇડાં ઠરે રે સુંદરવરજી.... ૧૨
શ્રી જમુનાજી જોયાની આશજી રે સુંદરવરજી, હું માગું વ્રજમાં વાસજી રે સુંદરવરજી.... ૧૩
એ સુખનો નહિ પારજી રે સુંદરવરજી, બલિહારી 'માધવદાસજી' રે સુંદરવરજી.... ૧૪

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

ધી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

શ્રી દામોદરદાસજી કી બધાઈ

શ્રીમદ્ પુષ્ટિ ભકિત ભુવિ આઇ ।
ભકત ભેષ નર તનુ અતિ શોભા, ગુપ્ત પ્રેમ પ્રભુતાઇ ॥૧॥
કલિ કોં સબ શ્રુતિ નિંદત સો કલિ, અતિ પવિત્ર સો કીનો ।
કૃત ત્રેતા દ્વાપર કો સ્વામી, કૃપા તિલક શિર દીનોં ॥૨॥
દશધા ભકિત હેત દશવપુ લે, રચી પ્રીતિ પરિપાટી ।
સહજ ચારિ સંપ્રદા ઉદયવર, લલિત સુલભ ભઈ ઘાટી ॥૩॥
જિનિકે પ્રકટ હોત બ્રજલીલા, આઇ સહિત સમાજ ।
ગાય ગોપ ગોપી યમુનાગિરિ, આયો સબ સુખ સાજ ॥૪॥
દશ સ્વરૂપ બ્રજચંદ નંદ કે, સેવા કો રસ લેન ।
શ્રી વલ્લભાચાર્ય પરિકર યહ, 'વલ્લભ' જન સુખ દેન ॥૫॥

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો

વર્ષ ૯ : અંક ૧૦ ✠ જાન્યુઆરી, ૧૯૯૧
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ એપ્રિલ ૯૧ થી રૂ. ૨૦ * આજીવન એપ્રિલ ૯૧ થી રૂ. ૨૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧.

॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥

પરમસ્નેહી વૈષ્ણવજનોને આજના મંગલમય દિવસે ભગવદ્ પ્રેરણાથી ઉદ્ભવેલ એક નમ્ર સૂચન પાઠવતાં પરમાનંદની અનુભૂતિ અનુભવી રહ્યો છું.

થોડા દિવસો પહેલાં ચોરાસી વૈષ્ણવની વાર્તા ના પુસ્તકનું વાંચન કરતાં એવી ભગવદ્ પ્રેરણા ઉદ્ભવી કે, આ પુસ્તક વિશેષ વૈષ્ણવોના ઘરમાં બીરાજમાન હોય તો કેટલો આનંદ મળે.

" દીકરી ને ગાય દોરે ત્યાં જાય, દીકરી તો પારકી થાપણ કહેવાય. "

જે વૈષ્ણવભાઈઓની દીકરીના લગ્ન થાય ત્યારે દરેક માબાપ યથાશક્તિ કરીયાવર આપતા જ હોય છે. તો આપણી તો દીકરી, પરંતુ દરેક વૈષ્ણવો કે જે શ્રીવલ્લભ અનુગ્રહિત છે તે તો મોટાઓ પાસેથી સાંભલ્યાનુસાર શ્રીમહાપ્રભુજીની ગાયો છે તે મુજબ આપણી દીકરી પરંતુ વૈષ્ણવ છે તે નાતે તો શ્રીમહાપ્રભુજીની ગાય જ કહેવાય ને ?

તો હે હરિગુરુ વૈષ્ણવ સેવા ટહેલ પરાયણ વૈષ્ણવો ! આપ સૌને બે હાથ જોડી મસ્તક નમાવી નમ્ર અરજ કરું છું કે, દીકરીને સાસરે વળાવતી વખતે જે કરીયાવર આપવો હોય તે ભલે આપો પરંતુ કરીયાવરમાં નીચે લખ્યો "અલૌકિક કરીયાવર" અવશ્ય આપવાનો દૃઢ સંકલ્પ કરો અને તમારા સગા–સંબંધી સ્નેહી મિત્રોને પણ જાણ કરો ને ભલામણ કરો કે —

આપણી દીકરી, પરંતુ વૈષ્ણવ હોવાથી શ્રીમહાપ્રભુજીની ગાય આજે દોરે ત્યાં જાય છે તો તેને સાસરે તો આજના કાલના પ્રવાહ અનુસાર ભૌતિક જગતની સાથે તાલ મિલાવી ચલવાનું હોય છે તેવા સંજોગોમાં પણ " ખારા સમદરિયામાં મીઠી એક વીરડી " ના શીતલ જલ જેવી તૃપ્તિ મળે તદહેતર્થ —

(૧) ચોર્યાસી વૈષ્ણવની વાર્તા
(૨) બસોબાવન વૈષ્ણવની વાર્તા
(૩) શિક્ષાપત્ર
(૪) ષોડશ ગ્રંથ
(૫) કંકુ પ્રસાદી (સ્ટીલની ડબીમાં)
(૬) ચર્ણામૃત (સ્ટીલની મોટી ડબીમાં)
(૭) ગૌમુખીમાં તુલસીની માલા અને કંઠી
(૮) શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજીનું ચિત્રજી

આટલું રેશમી વસ્ત્રમાં સમેટી જરૂર ને જરૂર આપવું જ આવો દૃઢ સંકલ્પ કરવા નમ્ર અરજ.

તા. ક. : આ પુસ્તકો, કંઠી માલા ચર્ણામૃત મલી રૂા. ૧૦૦ થી ૧૫૦ ની ન્યોછાવર અંદાજીત થાય છે તે કાંઈ આજના સમયમાં વધારે ના ગણાય છતાં કોઈ નિષ્કંચન વૈષ્ણવને દ્રવ્યનો સંકોચ હોય તો જણાવશો તો અડધી ન્યોછાવરથી પધરાવી આપવા પ્રયાસ કરીશું.

ભૂતલ પર બીરાજમાન સર્વે ગોસ્વામી બાલકો આગે સદૈન્ય દંડવત્ સહ વિનંતી કરું છું કે આ ભગવદ્ પ્રેરણાથી ઉદ્ભવેલ ઉત્તમ વિચારને આપ સર્વે બાલકોના આશીર્વાદ દ્વારા પુષ્ટિ પ્રાપ્ત થાય અને એ દ્વારા આપશ્રીની કૃપાથી આ અલોકિક કરીયાવર વૈષ્ણવની દીકરી અને શ્રીમહાપ્રભુજીની ગાયને પ્રાપ્ત થાય એ જ વિનંતી અને આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા તેમજ આપ શ્રી દ્વારા તેમજ અન્ય પુષ્ટિની સંસ્થાઓ દ્વારા આ વિચાર અમલમાં મુકાય તો સોનામાં સુગંધ ભળી જાય યોગ્ય કૃપા વિચારવા નમ્ર વિનંતી.

જયંતીલાલ મુલજી રાજાણી નાં
સદૈન્ય ભગવદ્સ્મરણ લીબર્ટી રોડ, **પોરબંદર.**

શુભ વધાઇ

નગર નડીઆદમાં નિ. લી. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી માથે બિરાજતા (હાલ પુ. વ્રજરત્નલાલજી મહારાજ શ્રી માથે બિરાજે છે. તે શ્રી બાલકૃષ્ણલાલજીનો છપ્પન ભોગ મહાવદ ૫ ને રવિવાર તા. ૩–૨–૯૧ ના રોજ અને પૂ. પા. ગો. બાલકોના યજ્ઞો પવિતનો પ્રસ્તાવ મહા વદ ૬ ને સોમવાર તા. ૪–૨–૯૧ ના રોજ છે.

સમસ્ત વૈષ્ણભાઈ બહેનો આ મનોરથના આનંદનો લાભ લે અને બીજાને લેવડાવે.

નિવેદન : પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી છપ્પત ભોગ મહોત્સવ પ્રસ્તાવ સમિતિ શ્રી ગોકુલનાથજી મંદિર, સાથ બજાર **નડીયાદ** : ૩૮૭૦૦૧ ફોન નં. ૪૪૬૯

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૧૦ * જાન્યુઆરી, ૧૯૯૧

॥ શ્રી વલ્લભઃ ॥

નિવેદન

વ્હાલા વાચક વૃંદ,

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત 'શ્રી વલ્લભસુધા' માસિક એપ્રિલ ૧૯૯૧માં દશમાં વર્ષમાં પ્રવેશશે.

પરમ વંદનીય, વૈષ્ણવ પરિષદના પથદર્શક પૂજ્ય પાદ આચાર્યવર્ય ગો. શ્રી પ્રથમેશજી (શ્રી રણછોડાચાર્યજી) મહારાજ દ્વારા સને ૧૯૮૦માં રાજકોટમાં સોમયજ્ઞનું આયોજન થયેલ તે સમયે પૂજ્યપાદ શ્રી પ્રથમેશજી મહારાજશ્રીનાં આશીર્વાદ અને પ્રેરણાથી 'શ્રી વલ્લભસુધા' માસિકનું પ્રકાશન રાજકોટમાંથી કરવાનું નક્કી થયેલ જે નવ વર્ષ પૂર્ણ કરી એપ્રિલ ૯૧માં ૧૦ વર્ષમાં પ્રવેશશે.

આપશ્રીની આજ્ઞાનુસાર 'શ્રી વલ્લભસુધા માસિક'માં આચાર્યશ્રીના ગ્રંથોનાં ભાષાંતર સાથે વિવેચન, આચાર્યશ્રીઓના તેમજ પુષ્ટિમાર્ગીય મર્મજ્ઞ વિદ્વાનોનાં લેખોને જ સમાવવાનો પ્રકાશન સમિતિનો પ્રયાસ રહેલ છે.

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વાતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

ધર્માચરણથી જ વ્યક્તિનો વિકાસ થાય છે અને વિકસીત વ્યકિત વા સમૂહ એટલે જીવનનો સાચો આનંદ પ્રાપ્ત કરનાર શાંતિમય જીવન વ્યતિત કરનાર સમાજ.

આજના કલિકાલમાં ડગલેને પગલે સત્સંગનાં બદલે દુઃસંગનો પ્રભાવ આપણા ઉપર વિશેષ અસર કરતો હોય છે.

દિન-પ્રતિદિન ટી.વી., વિડીયો, ફિલ્મની સંગત તથા મનોરંજક, મારધાડ તેમજ ઉત્તેજનાત્મક સાહિત્ય પાછળ અનેકવિધ ખર્ચ કરતાં એવા સમાજનાં એક ભાગરૂપ આપણે સૌ જીવનનાં સાચા મૂલ્યો વિસરી ધર્માચરણથી વિમુખ બનેલ છીએ.

જીવનમાં સાચું સુખ પ્રાપ્ત કરવા તેમજ મનની શાંતિ પ્રાપ્ત કરવી હોય તો આપણે ધર્માચરણ તરફ વળવું જોઇએ તેમજ આચાર્યચરણશ્રીનાં જણાવ્યાં મુજબ દરેક જીવે નિત્ય તાદૃશીજનનો સત્સંગ કરવો જોઇએ.

નિત્ય તાદૃશીજનનો સત્સંગ દુર્લભ બનતો જાય છે, ત્યારે પૂજ્યપાદ આચાર્યશ્રી રચિત ગ્રંથોનું ભાષાંતર સાથે વિવેચન આચાર્યશ્રીઓ તેમજ પુષ્ટિમાર્ગીય મર્મજ્ઞ વિદ્વાનોના લેખો આચાર્યશ્રીની પ્રેરણા દ્વારા નિત્ય 'શ્રી વલ્લભ સુધા' માસિકમાં આપી રહ્યા છીએ. તે તેમજ અન્ય પુષ્ટિમાર્ગીય ગ્રંથોનું ઘરમાં સપરિવાર અન્ય ભગવદીજનોને સાથે રાખી નિત્ય મનન સાથે વાંચન કરીએ તો સત્સંગ પ્રાપ્ત થાય.

સામાન્યજનને પણ પરવડી શકે તે હેતુથી કરકસરભર્યા વહીવટથી તેમજ દાતાઓ દ્વારા પ્રકાશન સહાયથી સામાન્ય એવા વાર્ષિક લવાજમ રૂા. ૧૫/-થી માસિક નિયમિત તેના ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે, પરંતુ કાગળ, છપાઇ તથા પોસ્ટેજનાં વધતા જતાં ભાવોને ધ્યાનમાં લઇને વાર્ષિક ૨૫ થી ૩૦ રૂપિયા જેવો ખર્ચ આવતો હોવા છતાં સને ૧૯૯૧-૯૨નાં વર્ષથી વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- (વીસ) કરવાનું નકકી કરેલ છે, સાથે આજીવન લવાજનનો દર રૂા. ૨૫૧/- કરવાનું નકકી કરેલ છે.

વિશેષ લાભ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત 'શ્રી વલ્લભસુધા' માસિકનાં પ્રેરણાદાતા તથા પથદર્શક પૂજ્યપાદ ગો. શ્રી (રણછોડાચાર્યજી) પ્રથમેશજી મહારાજશ્રીની પ્રથમ પૂણ્યસ્મૃતિની યાદમાં માર્ચ ૯૧ સુધી આજીવન લવાજમ ૨૦૧/- ભરી આજીવન બની શકશે. તેમજ જે ગ્રાહકનું નવા વર્ષનું વાર્ષિક કે આજીવન લવાજમ ૩૧ માર્ચ સુધી કાર્યાલયમાં જમા થઇ જશે તેઓને 'પૂજ્યપાદ પ્રથમેશજી મહારાજ'નાં સંસ્મરણોની પુસ્તિકા ભેટ આપવામાં આવશે.

અનેકવિધ ફાલતુ સમય વેડફતાં એવા આપણે સૌ આપણા પોતાના જ વિકાસ માટે સાંપ્રદાયિક સાહિત્યનાં વાંચનમાં થોડો સમય કાઢીએ તેમજ વિનાશને પંથે દોરી જતાં એવાં ખર્ચા બંધ કરી પુષ્ટિ સંપ્રદાયનાં સાહિત્ય પ્રકાશનમાં આર્થિક સહયોગ આપી સહાયરૂપ બનીએ.

આપનું લવાજમ તો આપ ૩૧ માર્ચ પહેલાં કાર્યાલય ઉપર જમા થઇ જાય તે પ્રમાણે પ્રબંધ કરશો જ. સાથોસાથ આપના સ્નેહી-સંબંધી વૈષ્ણવજનોનાં લવાજમ ઉઘરાવી કે સેવાભાવી કાર્યકરોને પહોંચાડી સાંપ્રદાયિક સેવા કરવાની તક ચૂકશો નહિ એવી અપેક્ષા.

: નિવેદક :

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

-ગતાંકથી ચાલુ

યદહંકારમાશ્રિત્ય, ન યોત્સ્ય, ઇતિ મન્યસે ।
મિથ્યૈષ વ્યવસાયસ્તે, પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ ॥૫૯॥

શ્લોકાર્થ-પૂર્વોક્ત (મારા ગુરુ દ્રોણાચાર્ય તથા અન્ય વડિલોને હું કેમ મારી શકું ? એવા) અહંકારનો આશ્રય કરીને 'હું યુદ્ધ નહિ કરૂ" એમ તું જો માનતો હોઇશ તો તારો એવો નિશ્ચય મિથ્યા (ખોટો-અસત્ય-નકામો) છે. પ્રકૃતિ જ તારું નિયોજન (યુદ્ધ કરવામાં) કરશે. ૫૯

ટીકા-વળી તેં જે પહેલાં કહ્યું હતું (ગીતાજી-૧ અધ્યાય) ગુરૂ વગેરે સ્વજનોની હત્યાનું અધર્મકાર્યરૂપ અહંકાર તે અજ્ઞાનનો આશ્રય કરીને અને મારી સલાહ ન સાંભળતા 'હું યુદ્ધ નહિ કરું" એવો વ્યવસાય એટલે નિશ્ચય કરીશ તો એ મિથ્યા નિરર્થક-ખોટો અસત્ય) છે. એ નિશ્ચય નિષ્ફળ જશે. તારા પરાધીનપણાને લીધે એમ અર્થ છે. પ્રકૃતિ તો મારે આધિન છે. તેથી મારી આજ્ઞાથી વિમુખ (ઉલટા) જતા એવા તને નિયોજીત કરશે-યુદ્ધ કરવા પ્રવૃત્ત કરશે એમ અર્થ છે. અહીં આ ભાવ છે. મારી આજ્ઞાથી વિમુખ જનના પ્રાકૃતત્વ જ્ઞાનથી પ્રકૃત્તિ દ્વારા નિયોજન થાય છે (પરંતુ) મારી આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરનારને તેનું (એટલે પ્રકૃત્તિનું) નિયોજન થતું નથી. ૫૯.

સ્વભાવજેન કૌંતેય, નિબદ્ધઃ સ્વેન કર્મણા ।
કર્તું નેચ્છસિયન્મોહાત્, કરિષ્યસ્યવશોપિ તત્ ॥૬૦॥

શ્લોકાર્થ-હે કૌંતેય ! પોતાના જ સ્વભાવજન્ય કર્મ (ક્ષાત્ર ધર્મ) થી નિબદ્ધ (બંધાયેલો) તું મોહવશ થઇને જે કાર્ય કરવાની ઇચ્છા નથી રાખતો એ જ કાર્ય તું અવશ (પરાધીન) બનીને કરવાનો જ છે. (તો પછી મારી આજ્ઞા પ્રમાણે કર) ૬૦

ટીકા-વળી, હે કૌંતેય ! સ્નેહપાત્ર સ્વભાવથી ઉત્પન્ન થયેલા, મારી ક્રીડાથી ઉત્પન્ન થયેલા, પોતાના ક્ષાત્ર કર્મથી શૌર્યાદિરૂપ કર્મથી-બંધાયેલો-નિયંત્રિત થયેલો તું (જો) મોહવશ થઇને યુદ્ધ કરવા નથી ઇચ્છતો તો તો અવશ (પરવશ) બનીને પણ યુદ્ધ કરીશ. જ તેથી મારી આજ્ઞાથી જ યુદ્ધ કર એમ અર્થ છે. ૬૦

ઇશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેર્જુન તિષ્ઠતિ ।
ભ્રામયન્ સર્વભૂતાનિ, યંત્રારૂઢાનિ માયયા ॥૬૧॥

શ્લોકાર્થ-હે અર્જુન ! સર્વ પ્રાણીઓના હૃદયના ઉંડાણમાં ઇશ્વર વસેલો સ્થિત છે અને બધા પ્રાણીઓ કેમ જાણે યંત્રમાં આરૂઢ (ચડેલા-બેઠેલા) હોય એમ તેમને ફેરવે છે.

ટીકા-જો એવી શંકા કરવામાં આવે કે ઇશ્વરની આજ્ઞા વગર પ્રકૃત્તિ તથા કર્મ એ

પ્રકારનાં કેમ હોઇ બની શકે? તેના ઉત્તરમાં કહે છે કે હે અર્જુન! તારું નામ વૃક્ષની એકજાત-અર્જુન નામની વૃક્ષની એક જાત છે તેનું હોવાથી (કટાક્ષમાં કહે છે કે) તું જ્ઞાન માટે યોગ્ય પાત્ર નથી! ઇશ્વર તો નિયામક (સર્વને નિયમમાં રાખનાર) છે. તત્ત્વથી જોતાં બધાં પ્રાણીઓના હૃદયની મધ્યે સ્થિત છે. પોતાની માયા વડે શરીરરૂપી યંત્રમાં આરૂઢ પ્રાણીઓને ભ્રમમાં (ગોળ-ગોળ) ફેરવતો હૃદયમાં સ્થિત છે. જેમ લાકડાના યંત્રમાં ગોઠવેલી કઠ પુતળીઓને સૂત્રધાર (પોતાની ઇચ્છા મુજબ) ચલાવે-નચાવે-છે, તેવી રીતે પોતાની માયાથી ઇશ્વર બધા પ્રાણીઓને ચલાવે છે. એમ પણ અર્થ છે. તેથી ઇશ્વર દ્વારા જેમને પ્રેરણા મળી હોય તેવા મનુષ્યોને જ પ્રકૃત્તિ તથા કર્મ, સાધક બનીને પ્રેરણા આપે છે એમ અર્થ છે. ૬૧

તમેવ શરણં ગચ્છ, સર્વ ભાવેન ભારત ।
તત્પ્રસાદાત્પરાં શાંતિ, સ્થાનં પ્રાપ્સ્યસિ
શાશ્વતમ્ ॥૬૨॥

લોકાર્થ-હે ભારત! સર્વ ભાવથી તું તે ઇશ્વરને જ શરણે જા. તેની કૃપાથી જ તું પરમ શાંતિને તથા શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરી શકીશ. ૬૨

ટીકા-મને જાણ્યા વિના મારી આજ્ઞા પ્રમાણે જો તું નહિ કરે તો તારા હૃદયમાં સ્થિત (રહેલા) ઇશ્વરને જ શરણે તું જા-એમ કહે છે. હે ભારત! ભારત રાજાના સારા કુળમાં તું ઉત્પન્ન થયેલો હોવાથી અહંકારથી રહિત છે તેને એટલે પુર્વોકત ઇશ્વર જે તારા હૃદયમાં છે તેનો સંપુર્ણ ભાવથી, સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કરીને, પુરા મનથી શરણે જા. પછી તેની કૃપાથી પરમ શાંતિને તથા શાશ્વત-નિત્ય અક્ષર એવા સ્થાનને આની પહેલાંના શ્લોકમાં કહેલ અક્ષર ધામને પામીશ. ૬૨

ઇતિ તે જ્ઞાનમાખ્યાંતં, ગુહ્યાદ્ગુહ્યતરં મયા ।
વિમૃશ્યૈતદશેષેણ, યથેચ્છસિ તથા કુરુ ॥૬૩॥

શ્લોકાર્થ-આ પ્રમાણે ગુહ્યમાં ગુહ્ય (છુપામાં-છુપું) જ્ઞાન મેં તને વિસ્તાર પુર્વક આપ્યું તેના પર સંપુર્ણ રીતે એટલે જરાપણ ભાગ બાકી રાખ્યા વગર, પુર્વાપર અનુસંધાન પુર્વક વિચાર કરીને જે પ્રમાણે તારી ઇચ્છા હોય તે પ્રમાણે કર. ૬૩

ટીકા-હવે સકલ-ગીતા-શાસ્ત્રના અર્થનો ઉપસંહાર કરતાં કહે છે-આ પ્રમાણે તને સર્વના કર્તા એવા મેં, છુપામાં છુંપું મંત્રના બીજ જેવું, સર્વ શાસ્ત્રોમાંના જ્ઞાનના સાર જેવું જ્ઞાન કહ્યું-સંપૂર્ણ રીતે, સાધનો સહિત જાહેર રીતે (છુપું જ્ઞાન) કહ્યું. આ, મેં ઉપદેહેલા ગીતા શાસ્ત્રના અર્થને જરાપણ બાકી રાખ્યા વિના પૂર્વાપર અનુસંધાન પૂર્વક ચારે તરફથી સંપૂર્ણ આલોચના કર્યા પછી તું જેમ કરવા ઇચ્છે-ઉત્તમ પણાથી, તેમ કર. આ વિમર્શ પછી (પૂર્વાપરના અનુસંધાન પૂર્વક સંપૂર્ણ આલોચના કર્યા પછી તે આજ્ઞા પ્રમાણે કરવાની જ તને બુદ્ધિ પ્રાપ્ત થશે એવા હેતુથી કહ્યું કે જેવી તારી ઇચ્છા હોય તે પ્રમાણે તું કર-એમ ભાવાર્થ છે. ૬૩

સર્વ ગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ ।
ઇષ્ટોસિ મે દ્દઢમિતિ, તતો વક્ષ્યામિ તે હિતમ્ ।૬૪।

શ્લોકાર્થ-મારું પરમ (છેવટમા ફળરૂપ) વચઃ એટલે વકતવ્ય (પહેલાં કહેલું તે) જે

સૌથી વધુ ગુહ્ય (છુંપું, ગુપ્ત) છે તે ફરીથી સાંભળ, તું મને બહુ દઢ રીતે પ્રિય છે તેથી તને કહું છું-જે વચન તારા હિતમાં છે. ૬૪

ટીકા-ઇશ્વરના વચનોમાં ઊંડો વિચાર કરવાનું અસંભવિત છે એવો વિચાર કરતા અર્જુન ઉપર કૃપા કરીને તથા તેના દ્વારા લોકોના ઉદ્ધારની ઇચ્છાથી શ્રીકૃષ્ણ પોતે જ કહે છે. અતિ ગુહ્ય અને પરમ કલરૂપ વચન જે અગાઉના પ્રકરણોમાં કહેવાય ગયું છે તે ફરીથી એકત્ર કરીને ફરીથી કહું છું તે સાંભળ આ પ્રમાણે સારરૂપ કથનને એકત્ર કરીને (ફરીથી) કહેવાનો શો હેતુ છે તે કહે છે. તું મને અત્યંત (દઢ રીતે) પ્રિય છે અને અપ્રિય કરવામાં પણ અન્યથા ભાવ વગરનો છે એ કારણને લીધે તારે માટે હિતકારક (કલ્યાણકારી) વાત કહું છું. ૬૪

મન્મના ભવ મદ્ભક્તો, મદ્યાજી માં નમસ્કુરુ ।
મામે વૈષ્યસિ સત્યં તે, પ્રતિ જાને પ્રિયોસિ મે ।૬૫।

શ્લોકાર્થ-મારામાં જ મનને પરોવ; મારામાં પ્રેમ રાખનાર ભક્ત થા મારું પુજન કરનાર થા, મને નમસ્કાર કર (સર્વથી અધિક જ્ઞાન ધરાવનાર ઇશ્વર તરીકે) આમ કરીશ ત્યારે સત્યરૂપ એવા મને જ પામીશ. એ વાતમાં સંદેહ (શંકા) નથી, કારણ કે તું મને પ્રિય છે તેથી તારી પાસે પ્રતિજ્ઞા કરું છું ૬૫.

ટીકા-આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તેના સ્વરૂપને કહે છે, મારામાં જ છે મન જેનું એવો (મન્મના) બન મારામાં સ્નેહ રાખનાર મારો ભક્ત બન મારું પુજન કરનાર (મદ્યાજી) બન. મારામાં સર્વથી વધુ જ્ઞાનવાળો બન. એમ અર્થ છે. આવો બનીશ ત્યારે સત્યને એટલે સત્યરૂપ મને પામીશ અહીં સંદેહ કરવો નહિ, કારણ કે તું મને પ્રિય છે. તેથી તારી પાસે હું પ્રતિજ્ઞા કરું છું. ૬૫

સર્વધર્માન્યરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વ પાપેભ્યો, મોક્ષયિષ્યામિ માશુચઃ ॥૬૬॥

શ્લોકાર્થ-બધા ધર્મોનો સંપુર્ણ ત્યાગ કરીને એક માત્ર મારે જ શરણે જા (મારો જ આશ્રય સ્વીકાર) હું તને બધાં પાપોથી બચાવીશ શોક કરીશ નહિ. ૬૬

ટીકા-જો એવી શંકા કરવામાં આવે કે આ બાબત કેવી રીતે સિદ્ધ થાય ? તો એ શંકાનું નિવારણ કરતાં કહે છે કે મોદના (વિધાન-પ્રતિબંધ)નું લક્ષણ ધરાવનાર બધા ધર્મોનો ત્યાગ કર, કારણ કે તેમાં કર્તવ્ય, ઉત્તમત્વના લક્ષણોનું જ્ઞાન નથી. અને મને એકને જ, પુરૂષોત્તમને જ શરણે જા એમ અર્થ છે. 'ધર્માન્' એવા બહુ વચનના ઉપયોગથી તથા "મને એકને જ" એવા એક વચનથી સૂચવે છે કે બીજા બધા ધર્મોમાં આયાસ (પ્રયત્નો)થી સાધ્યત્વ છે અને એ ધર્મોના અંગો સહિત અનુષ્ઠેયત્વ (પાલન) જરૂરી છે. જ્યારે અહીં સુખ પૂર્વકનું સેવ્યત્વ (સેવા-ભક્તિ) છે અને સર્વ ફળ આપની શક્તિ છે. "સર્વ ધર્મ" શબ્દથી સૂચવે છે કે અસંકુચિત વૃત્તિ રાખીને લૌકિક તથા અલૌકિક બધા ધર્મોનો ત્યાગ કરનાર થા.

આ શ્લોકનો સંપુર્ણ-પુરેપુરો-જરાય બાકી રાખ્યા વગર-અર્થ આપણા પ્રભુચરણ

પુ. શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરજીએ નિરૂપિત કરેલો જ છે. તેથી અહીં વધુ વિસ્તાર કરતો નથી.

આ પ્રમાણે સર્વ ધર્મોનો ત્યાગ કરીને શરણે જવાથી પહેલાં કહેલું સિદ્ધ થશે એમ અર્થ છે. જો કોઇ એવી શંકા કરે કે પૂર્વ જન્મમાં ભેગાં કરેલાં પાપોનો પ્રતિબંધ ચાલુ રહેવાથી સર્વ ધર્મ ત્યાગ યા તો શરણાગતિ કેવી રીતે સિદ્ધ થશે ? એ શંકાનું નિવારણ કરવા અહીં કહે છે.

પૂર્વોક્ત-પહેલાં કહેલાં સ્વ-ઇષ્ટ-પણાને લીધે બધા પાપોમાંથી-જે પ્રતિબંધરૂપ બનતાં હોય તેમાંથી છોડાવીશ-મુકત કરીશ. પ્રતિબંધક પાપો વગેરેના સ્મરણથી (યાદ કરવાથી કે વિચાર આવતાં) તું શોક કરતો નહિ. ૬૬

ઇદં તે નાતપસ્કાય, ના ભકતાય કદાચન ।
ન ચાશુશ્રુષવે વાચ્યં, ન ચ માં યોભ્યસૂયતિ ।૬૭।

શ્લોકાર્થ-સર્વ શાસ્ત્રના આ રહસ્યને તારે કદાપિ આચાર હીનને યા તો અભકતને, યા તો (આ જ્ઞાનની વાતને) સાંભળવાની ઇચ્છા ન હોય તેને ન કહેવું અને મારી નિંદા કરે તેને પણ ન કહેવું. ૬૭

ટીકા-આ પ્રમાણે બધા શાસ્ત્રોના અર્થ રૂપ ગીતાર્થ તત્ત્વને ઉદ્દેશી, લોકોના ઉદ્ધારને માટે આ ઉપદેશથી માર્ગને પ્રવર્તાવવા માટે અધિકારી (કોણ) તે કહે છે. આ બધા શાસ્ત્રોના રહસ્યને તારે કોઈ સ્વચાર હીનને ન કહેવું. અને મારી ભકિત વગરનાને કદી પણ ન કહેવું. "કદી પણ" (કદાચન) એ શબ્દથી અભકતનો સંસર્ગ (સંગ) કરનાર ભકતને પણ ન કહેવું, એમ જણાવ્યું (સુચવ્યું) છે અને વળી સાંભળવાની ઇચ્છા વગરનાને (એટલે અનાસકત પ્રેમ-વગરનાને) પણ ન કહેવું. અર્થાત્ મારી પરિચર્યા (સેવા) ન કરનારને પણ ન કહેવું અને જે બહિર્મુખ થઇને પુરુષોમાં ઉત્તમ એવા મારી નિંદા કરે તેને પણ ન જ કહેવું. ૬૭

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।
।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।
।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ।।

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌચ ખલધર્મિણિ ।
પાખંડ પ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ।૧।

આ પ્રકારના પુષ્ટિમાર્ગના અનુયાયીને માટે બધા માર્ગો (એટલે પ્રમાણ માર્ગ, કર્મમાર્ગ વગેરે માર્ગો) નાશ પામેલા છે અને એક માત્ર પ્રમેય માર્ગ (તર્કોથી અનુમાન કરવાનો માર્ગ) બાકી રહેલો છે, કારણ કે એવા માર્ગોમાં ફળની સિદ્ધિનો અભાવ રહેલો હોવાથી લોકોને એવા માર્ગો તરફ અરુચિ (અણગમો) જ હોય છે, તેથી લોકો એવા માર્ગોનો ત્યાગ કરે છે. તેથી કહેવામાં આવ્યું છે કે (એવા માર્ગો) નષ્ટ થયેલા છે. અથવા તો બીજી રીતે જોતાં 'ણશ અદર્શને' એટલે નષ્ટ શબ્દમાં આવેલા મૂળ સંસ્કૃત ધાતુ 'ણશ' નો બીજો એક અર્થ થાય છે 'અદર્શન' (નજરે ન આવવું તે). આ રીતે મૂળ ધાતુના બીજા અર્થનો વિચાર કરીએ તો 'નષ્ટેષુ' એટલે દષ્ટિગોચર થતા (દેખાતા) નથી, એવા કલિના સમયમાં. આ માર્ગમાં તેમના દર્શન તથા જ્ઞાન એ બન્નેનો પણ પ્રતિબંધ કરવામાં આવેલો હોવાથી—એમ અર્થ છે.

જો એમ દલીલ કરવામાં આવે કે કલિકાલ તો ભકતોને સિદ્ધિ આપનારો ગણાય છે, તો પછી ભકિતમાં નિષ્ઠાવાળાઓને કેવી રીતે (શા માટે) તેનો પ્રતિબંધ કરવામાં આવેલો છે ?

પુષ્ટિમાર્ગીઓને કલિકાલ બાધારૂપ છે એ દર્શાવવા કહે છે કે 'ખલધર્મિણિ' વગેરે. કાળ તો પ્રમાણરૂપ છે અને પ્રમાણ કંઇ સાક્ષાત્ (સાચા) સ્વરૂપને કહેતું (બતાવતું) નથી અને તેનાથી વ્યતિરિક્ત (જુદી) બધી બાબતો સદોષપણું પ્રાપ્ત કરે છે તેથી પ્રમાણો નાશ પામવાથી 'ખલ' એટલે દુષ્ટ ધર્મ અને ધર્મકર્તા પણ જ્યાં હોય છે એવા કલિયુગમાં (કૃષ્ણ જ મારું શરણ છે). પછી ભલેને 'હે રાજન્ ! દોષોના ભંડાર એવા કલિયુગનું' તથા 'કલિયુગના વખાણ કરવામાં આવે છે' વગેરે વચનોથી એમ કહેવામાં આવ્યું હોય કે ભગવાનના ભજન (ભક્તિ) માટે કલિયુગ અનુકૂળ છે, તો પણ હાલના કાળમાં જ્યારે પ્રભુના અવતારનો સમય નથી તેને લીધે આધિદૈવિકરૂપના અસ્તિત્વનો સમય નથી તેવા સમયમાં પુષ્ટિમાર્ગીય ભકતો પ્રત્યે અનુકૂળતાનો કેવળ વિનાશ જ પ્રવર્તે છે—એમ કહેવાનો અર્થ છે.

ભૌતિક કાળના પ્રમાણરૂપત્વને લીધે મર્યાદામાર્ગમાં કહેવામાં આવેલ વિધિ વડે તેમનું ભજન ચાલે પરંતુ પુષ્ટિમાર્ગની રીતી પ્રમાણે નહિ. ફળ પણ કેવળ મુક્તિ જ. એનાથી વધુ ઊંચી કક્ષા (કે આગળ લઇ જતી કક્ષા) પ્રાપ્ત થતી નથી અને એટલા માટે જ એમ કહેવામાં આવ્યું છે કે 'પાખંડ પ્રચુરે લોકે'

(એટલે કે જ્યારે લોકમાં પાખંડ (ઢોંગ-સાચા સ્વરૂપનો અભાવ) પ્રવર્તમાન હોય છે ત્યારે (શ્રીકૃષ્ણ જ મારૂં શરણ થાઓ). ધર્મના વ્યતિરેક (જુદા પણા)ને કારણે માત્ર (સાચા) ધર્મને ઉપાધિઓ (અમુક શરતો) લાગેલી હોવાથી એ પ્રમાણે (તથા) કહેવામાં આવ્યું છે–એમ અર્થ છે. એ જ ધર્મ માર્ગો હવે પછીના શ્લોકોમાં અસાધક (સિદ્ધિ ન લાવનાર) તરીકે વર્ણવે છે. આમ હોવાથી તે તે સમયે પ્રમાણથી જુદું કંઇ કરવાનું શક્ય નથી એમ કાળની અસરને જણાવતાં તેના પ્રતિબંધને કારણે અસાધકત્વ (કશી સિદ્ધિ કરાવવાની) નિષ્ફળતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'કલૌ ચ ખલધર્મિણી' એ શબ્દપ્રયોગમાં 'ચ' વાપરીને એમ સૂચવવામાં આવ્યું છે કે ગૃહમાં (ઘરમાં) પણ 'ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ' એ સૂત્રમાં કહ્યા મુજબ ત્યાં (ઘરમાં) પણ સેવાના કાર્યમાં ક્રમશઃ (પ્રભુમાં) સ્નેહ તથા આસક્તિને લીધે પ્રગટતી ભાવના ઉત્પન્ન થવાને કારણે, ત્યાં રહેલાઓ (તત્રત્યો)ને તેનો અભાવ હોવાથી તેમનો સંગ બાધક છે– વિજાતીય ભાવવાળા હોવાને લીધે– એમ અર્થ છે. અથવા તો આ પ્રમાણે (એવં) પુષ્ટિમાર્ગીય જન માટે એવા કાલતદુકત માર્ગ (તેમને કાળે માર્ગ ચીંધ્યો છે તેવા) લોકોના પ્રતિબંધ નિરૂપ્યા પછી તેમાં (પુષ્ટિમાર્ગીય લોકમાં) પાખંડની પ્રચુરતા (બાહુલ્ય) હોવાથી તેમના સંસર્ગથી ભાવની અપેક્ષાને કારણે એટલે કે દોષો ઘણા બધા હોવાથી એમ અર્થ છે. અથવા તો પાખંડ (ઢોંગ) એટલે કે પોતાની અંદર રહેલી ધર્મ ભાવનાને છુપાવીને બહારથી બીજું ધર્માચરણ કરવું એવો ઢોંગ જેમાં વિપુલ પ્રમાણમાં પ્રવર્તે છે એવા કલિકાલમાં (શ્રીકૃષ્ણ જ મારૂં શરણ થાઓ) જે કોઇ પણ ન જાણે એ રીતે કર્તવ્ય આવી પડયું છે એવો ભાવાર્થ છે. આમ થતાં આટલો (એતાવત્) પ્રતિબંધ (વિદ્યમાને) હાજર હોવાથી તેના સંસર્ગથી પૂર્વોકત ભાવોના ફેલાવાનાં અભાવ થાય છે તેથી એ પ્રકારના પ્રતિબંધને નિવારનાર (જો કોઇ હોય તો) સાક્ષાત્ ભગવાન જ છે. બીજો કોઇ નથી એમ કહીને 'કૃષ્ણ એવ ગતિર્મમ' (શ્રીકૃષ્ણ જ મારૂં શરણ છે) એમ કહીને શરણ (આશ્રય)નો ઉપદેશ કર્યો છે. શ્રીકૃષ્ણને શરણે જવાથી કૃપા કરીને 'એ જ બધું કરશે(એવો ભાવાર્થ છે. ।૧।

–ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૦૧–

એક વૈષ્ણવ-કલ્યાણના જયશ્રીષ્ણ.

વૈષ્ણવતાનો દીવડો

શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું

[ગો. વા. પ. ભ. વૈષ્ણવ શ્રી રવજીભાઇ મિસ્ત્રીનું જીવન વૃત્તાંત]

પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

આપણા શ્યામસુંદરે કહ્યું છે તેમ પ્રભુ ધર્મની ગ્લાનિ–અધર્મનો ઉદય થાય છે ત્યારે સાધુજનોના રક્ષણાર્થ ભૂતળ પર આવિર્ભૂત થાય છે. આ કથન પ્રમાણે શ્રીમદાચાર્યચરણ શ્રીમદ્‌વલ્લભ મહાપ્રભુજી સ્વવંશમાં પુનઃ પુનઃ પ્રગટ થાય છે. શ્રી ગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રી ગોકુલનાથજી આચાર્યશ્રીના બીજા અવતાર રૂપ હતા તેથી પ્રભુચરણં શ્રી ગુસાંઇજી આપશ્રીને 'શ્રી વલ્લભ' નામથી બોલાવતા એ જ પ્રમાણે અષ્ટસખા, અને ચોર્યાસી–બસો બાવન વૈષ્ણવો પણ સમયે સમયે ગોલોક ધામના પોતાના સંબંધમાં આવનાર અને પોતાનાથી બીછડી જનાર દૈવી જીવોના કલ્યાણાર્થ આ ભૂતળ પર આવતા હોય છે. આથી આજે પણ પુષ્ટિમાર્ગ અલૌકિક વૈષ્ણવતાથી ઉજમાળું છે. આજે પણ ભગવદીય વૈષ્ણવો પુષ્ટિ સૃષ્ટિને દીપાવી રહયા છે.

આર્યાવર્તની ભૂમિને સંતોની ભૂમિ કહી છે તે યથાર્થ છે. અનેક મહાન પ્રતાપી ભગવદ્‌ભક્તો, સાધુસંતો, વૈષ્ણવો, વીર પુરુષો મહાત્માઓ, સિદ્ધો અને સાધકો આ ભારત ભૂમિને પાવન કરી ગયા છે પતિતોને પાવન કરનારા એમના ઉત્તમ ચરિત્રો ભક્તમાલ સંતલીલામૃત, ભક્તિ વિજય, ચોર્યાસી તથા બશો બાવન વૈષ્ણવોની વાર્તા વગેરે અનેક ગ્રંથોમાં આલેખાયેલાં છે જેમનો આશય ઉચ્ચ, મહાન છે એવા આ મહાશયો આ વિશ્વમા દૃષ્ટાંતરૂપ બને છે. સર્વ સામર્થ્યવાળા પરમાત્માની જે જીવો પર કૃપા દૃષ્ટિ થઇ છે તેમના જીવન ચરિત્રોથી કંઇક અંશે જિજ્ઞાષુ દૈવી જીવોના ઉપર શ્રેયસ્કર સંસ્કારની છાપ પડે છે અને તે અવશ્ય ફલીભૂત થતી હોય છે આ લેખમાળામાં પ્રસ્તુત જીવન ચરિત્ર વૈષ્ણવોને માટે હિતસાધક નીવડશે એવા ઉદ્દેશથી એક નાના માણસમાં રહેલ વૈષ્ણવતા અને ભગદીયતાની ઝલક દર્શાવતું ચરિત્ર શબ્દાંકિત કરેલ છે. આશા છે કે આ ચરિત્ર અનેક વૈષ્ણવોને માટે પ્રેરણાના પિયુષના પાન કરાવનાર નીવડશે.

સૌરાષ્ટ્રમાં આવેલ અમરેલી અને ધોરાજીના વતની શ્રી રવજીભાઇ વેલજીભાઇ મિસ્ત્રી ચોર્યાસી બસો બાવન સદૃશ એક સાચા તાદૃશી વૈષ્ણવ થઇ ગયા. પુષ્ટિ સાહિત્ય જગતમાં 'વ્રજ'ના ઉપનામથી જેમને ઓળખવામાં આવે છે એવા પરમ ભગવદીય શ્રી રવજીભાઇનો જન્મ સંવત ૧૯૬૭ માં વૈશાખ સુદ ૧૪ એટલે નૃસિંહ ચૌદશના દિને બપોરે એક વાગે અમરેલીમાં થયો હતો. તેમના પિતાનું નામ શ્રી વેલજીભાઈ મિસ્ત્રી અને માતાનું નામ ગંગામા.

શ્રી રવજીભાઇતા પિતા શ્રી વેલજીભાઇ મિસ્ત્રી સંવત ૧૯૭૧ માં હરિશરણ થયા. આ સમયે રવજીની ઉંમર ત્રણ વર્ષની હતી, સાસરે રહેતા મોટાબેન જવલબેનની વય પંદર

વર્ષની અને તેમના માતુશ્રી ગંગાબેનની વય તેત્રીસ વર્ષની હતી. કુટુંબ આધાર વિહોણું બની ગયું પરંતુ ગંગામાએ શ્રી નાથજી પ્રભુને નોધારાના આધાર ગણ્યા અને અપાર ધીરજ ધરી કુટુંબની જવાબદારી ઉપાડી લીધી ધર્મમય અને નીતિમય જીવન જીવી આ સ્નેહમયી માતા પુત્રનું પાલનપોષણ કરવા લાગ્યા,

ધર્મગ્લાનિનો એ એક વિકટ સમય હતો. તેમના અનેક સગાસંબંધીજનો અને જ્ઞાતિજનો ધર્મવિમુખ બની સ્વમાર્ગ છોડી અન્યમાર્ગી બનતા જતા હતા. કોઇ પ્રણામી તો કોઇ રામાનુજ તો કોઈ સ્વામી નારાયણ પંથ તરફ ખેંચાવા લાગ્યા હતા. આ સંબંધી જનોના પ્રયત્નો છતાં તેમનું મહદ્‌ભાગ્ય હશે તેથી ગંગામા અને રવજીભાઇના કાકા પુંજાબાપા તથા કાકી પુષ્ટિમાર્ગ અડગપણે વળગી રહયા હતા. અને ગેરરસ્તે દોરવાયા વિના પુષ્ટિપથને અનુસરવા લાગ્યા. ગંગામા શ્રી નાથજીમાં શ્રધ્ધા રાખી પ્રભુમય જીવન જીવવા લાગ્યા અને પોતાનો પુત્ર રવજી પ્રભુપ્રેમી બની રહે એવી એમના જીવનની કામના હતી.

શ્રી રવજીભાઇ નિઃશંકણે એક દૈવી જીવ હતા તેમનામાં પુષ્ટિબીજ તો હતું જ વેલજીભાઇના આ પનોતા પુત્રમાં જે પુષ્ટિ ભકિત બીજ હતું તેનું ગંગામાએ સ્નેહમય રીતે જતન કર્યું અને તેને સૂકાવા નહીં દીધું સ્નેહ અને ભકિતનું ગંગાજળ પાઇ ગંગાએ આ બીજને અંકુરિત કર્યું જેથી તે પાંગરીને લીલાછમ ભકિતવેલ બની શકે આમ ધર્મમયી માતાની શીતલ છત્રછાયામાં રવજી· મોટા થતા ગયા.

ક્રમશઃ

લવાજમ વધે છે

કાગળ-છપાઇની મોંઘાઇના કારણે સને ૧૯૯૧-૯૨ નું વાર્ષિક લવાજમ રૂા. ૨૦/ (વીસ) નકકી કરવામાં આવ્યું છે. આ લવાજમ તા. ૩૧-૩-૯૧ સુધીમાં જમા કરાવનારને જ ભેટ પુસ્તક અપાશે.

ચંપારણ્ય ધામ

પ્રેષક : **મુખીયાજી મથુરાદાસ**
જીવરાજભાઈ, હીંગન ઘાટવાળા

સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સૃષ્ટિમાં ચંપારણ્ય ધામ મોટામાં મોટું અને પહેલામાં પહેલું ઐતિહાસિક સ્થાન ગણાય છે. જ્યાં શ્રી મહાપ્રભુજીના પ્રાકટયના બેઠકજી તથા છઠ્ઠીના બેઠકજી બિરાજે છે આ પવિત્ર ધામના દર્શન યાત્રા કરવા જવાની પ. ભ. શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની (બેઠકજીના ટ્રસ્ટી) ની પ્રેરણાથી રાજકોટથી ૩૦ વૈષ્ણવનો સંઘ તા. ૮–૧૧–૯૦ના રોજ ચંપારણ્ય ટ્રેઇન દ્વારા પહોંચી શ્રીવલ્લભ નિધિ ટ્રસ્ટ ધર્મ શાળામાં ઉતારો કરેલ.

તા. ૧૦–૧૧–૯૦ ના રોજ શ્રી મહાપ્રભુજીની બેઠકજીમાં અન્નકૂટ ઉત્સવ મનાવવામાં આવેલ.

ચંપારણ્ય ધામમાં વૃક્ષ ઘટાથી શોભાયમાન વિરાટ વનરાજીના શીતળ છાંયડે વિશાળ સત્સંગ હોલ તૈયાર થયેલ છે. ત્યાં શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ, જપ પાઠ તેમજ કોઇપણ શુભ કાર્યનું આયોજન થઈ શકે છે અને મેનેજમેન્ટ તરફથી સહયોગ અપાય છે તેવા આ હોલમાં મુંબઇ વસતા ડેડાણવાળા શ્રી સુરેશભાઇ મહેતા તરફથી શ્રીમદ્‌ભાગવતનું આયોજન તા. ૧૦–૧૨–૯૦ તા. ૧૬–૧૨–૯૦ સુધી કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ ભાગવતજી ગોપાલ ધર્મશાળાથી પધરાવી બેંડવાજા અને સ્ત્રીજનોના ધોળ પદના ગાન સાથે શેરડીના સાંઠાના ડાંડીયાથી રસમય રાસ રમતા જતા હતા. આ આનંદ ઉલ્લાસ સાથે શોભા યાત્રા બેઠકજીના સત્સંગ હોલમાં પહોંચી હતી.

વ્યાસપીઠ ઉપર વડોદરાના કિશોરચંદ્ર શાસ્ત્રીજીએ બિરાજી સંગીતમય મધુર શૈલીમાં કથાનું શ્રવણ પાન કરાવી શ્રોતાઓને આનંદ વિભોર બનાવ્યા હતા.

આ કથાના શ્રવણ પાન માટે મુંબઇ ઉપરાંત નાગપુર, રાયપુર, રાજકોટ અને આજુબાજુના ભાવિક વૈષ્ણવો આવેલા. રાતના સમયે લલોઇવાળા પ. ભ. શ્રી મોહનભાઇ અને મોટા ગુંદાળાના પ. ભ. શ્રી દિનેશભાઇ ડોબરીયાની ઢાઢી લીલા રાસ–ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો.

સપ્તાહ, દરમ્યાન જરીના પાલના, ગીરી કંદરા, બંગલા, કુનવારો, નિકુંજ, છાક વગેરે મનાવવામાં આવેલ હતા, આ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ પુ. શ્રી વહુજી અને પુ. શ્રી બેટીજી પધારેલ હતા. રોજ રોજ નવા મનોરથો, સામગ્રી સેવા શૃંગારમાં સતત મગ્ન રહેતા. 'આપ સેવા કરી શિખવે શ્રીહરિઃ વચનામૃતનો પણ લાભ આપેલ.

કચ્છ માંડવીવાળા પુ. ગો. શ્રી ચંપકલત્તા બેટીજી ચંપારણ્ય ધામમાં કાયમી નિવાસ કરી બિરાજી રહ્યા છે.

તા. ૧૭–૧૧–૯૦ ના રોજ પુ. ગો. શ્રી વ્રજ જીવનજી મહારાજશ્રીના પુ. ગો. દ્વીપુરાજા બેટીજીના નેતૃત્વમાં ચંપારણ્યની પરિક્રમાનો યાત્રાળુ વૈષ્ણવોએ કીર્તન મંડલી અને રાસ–ગરબાની રમઝટ સાથે આનંદ લીધો હતો.

આ દિવસે સપ્તાહના આયોજક દ્વારા 'શ્રી પુરૂષોત્તમ યાગ'નું આયોજન થયું હતું.

ચંપારણ્ય ધામમાં શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ દ્વારા (૧) ધર્મશાળા બંધાયેલ છે તે વૈષ્ણવની સગવડતારૂપ છે પરંતુ પથારી પાગરણની સગવડતા વધારવાની જરૂરત છે (૨)

સઘન વૃક્ષાવલ્લીમાં શ્રી સર્વોત્તમ વનનું નિર્માણ કરેલ છે. તેમાં એકસો આઠ વૃક્ષને ગોળ ચોતરા બનાવી તેમાં શ્રીમહા પ્રભુજીના શ્રી સર્વોત્તમ સ્તોત્રના ૧૦૮ નામ પૈકી એકેક નામની આરસની તકતી ચોડવામાં આવી છે. તે ઓટાઓની કાયમી જાળવણી માટે વ્યવસ્થા માગી લે છે આ વનમાં એક વિશાળ સત્સંગ હોલનું બાંધકામ ચાલુ છે. આ ટ્રસ્ટનો વહીવટ શ્રી મહાપ્રભુજી બેઠક ટ્રસ્ટથી અલગ છે. પરંતુ આખર તો એક બાપના બે દિકરા જેવું છે.

ચંપારણ્ય બહારથી સુંદર છે તેથી પણ વધારે અંદરથી સુંદર છે. એવા સઘન વિશાળ પુરાણા વૃક્ષો, ઘેરી વનરાઇ અને જગો જગો વચ્ચે ખાલી જગ્યા કે જેમાં પાંચ પચીસ કયાંક તો પચાસથી પણ વિશેષ વૈષ્ણવો બેસી કીર્તન, રાસ ગરબા લઇ શકે. કયાંક કયાંક નાની ટુકડીઓ વનમાં બેસી રાસ ગરબા લેતા કે પાઠ કરતાં જોઇને મનને અતિ આનંદ ઉપજાવે છે.

કલ્યાણથી બેઠકજીના મેનેજીંગ ટ્રસ્ટી પ. ભ. શ્રી કૃષ્ણદાસભાઈ આ પ્રસંગે આવેલા. સમાપન સમારંભ સમયે તેઓશ્રીએ ટૂંકા પ્રવચનમાં દર્શાવેલ કે માનવ દેહ ભગવદ્ પ્રાપ્તિ માટે મળેલ છે. પણ જીવ સ્વભાવે આડી માયા રાખી છે. તેમાં જ લુબ્ધ બની જાય છે ને મૂળ સ્થાનને ન પહોંચી શકાય તો 'વૃથા તજજન્ય ભૂતલે' તેવું બને.

તેઓશ્રીનો સંપર્ક સાધતા જે માહિતી મળેલ તેની સંક્ષિપ્ત હકીકત આ પ્રમાણે છે.

પ્રથમ બેઠકજીનું બાંધકામ ફક્ત ૨૫૦ અઢીસો ફુટમાં હતું. ત્યાર પછી વધીને ૨૦૦૦ ફુટમાં કામ થયું હતું.

શ્રીનાથજી ગોવર્ધન પર્વતમાં પ્રગટ થયા. શ્રી મહાપ્રભુજીએ નાના મંદિરમાં પાટ બેસાડયા. સેવા દર્શનનો લાભ વ્રજવાસીઓ અને ભારતભરના વૈષ્ણવો લેતા હતા. શ્રીનાથજીની ઇચ્છા વિશાળ મંદિર બંધાવવાની થઇ ત્યારે પુરણમલ ક્ષત્રીને પ્રેરણા આપી શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી શ્રી ગિરિરાજ ઉપર સુંદર વિશાળ મંદિર બંધાણું અને વૈભવપુર્વક સેવાનો ક્રમ ચાલ્યો. આ મંદિરનું પુરૂં બાંધકામ થતાં વીસ વર્ષ લાગ્યા હતા.

તેજ પ્રકારે શ્રીમહાપ્રભુજીની ઇચ્છા થઇ ત્યારે કૃપા પણ વૈષ્ણવોને પ્રેરણા કરી કે મારા પ્રાકટય સ્થાને વિશાળ મંદિર બનાવો નાના મંદિરમાં ઉંત્સવોમાં ભારી ભીડમાં મારા ભક્તો શાંતિપુર્વક લાભ લઇ શકતા નથી. નવ નિર્માણ થવું જોઇએ. તે પ્રેરણાથી ટ્રસ્ટ બન્યું અને નવ નિર્માણનો પ્રારંભ થયો.

નવ નિર્માણ કરવામાં જગ્યા મોટી જોઇએ જેથી કુદરતી રીતે પડી ગયેલા વૃક્ષોને દુર કર્યા ને જે વૃક્ષો ઉભા હતા તે જેમના તેમ રહેવા દઇને બાંધકામ કરવામાં આવેલ છે. અગાસી ઉપર જઇ જોઇએ તો અંદરથી બાજુથી ચોતરફ વૃક્ષોની ઘેરી ઘટામાં પ્રભુ બિરાજે છે. અંદરના વૃક્ષો છતમાંથી બહાર નીકળી શ્રી

પ્રભુને છત્ર છાંયા કરી રહેલ છે. રસોઇ ઘરથી તેમજ દમલા વૃક્ષ ચોક બાજુનો ચોક ઘણે ઠેકાણેથી વૃક્ષો છતમાંથી બહાર નિકળેલા સુંદર શોભાયમાન છે. જે વૃક્ષો સુકાય ગયા હતા તેને પણ નિર્માણ કાર્યમાં જેમના તેમ રહેવા દીધા તો તે વૃક્ષો અત્યારે નવ પલ્લવિત બની ગયા છે ને જાણે શ્રીપ્રભુને છત્રછાયા કરવા તલસી રહ્યા છે.

નિજ મંદિર તેની આગળનો વિશાળ ચોક, શૈયા મંદિર, પાનઘર, દુધઘર, ભંડાર, વિશાળ રસોઇ ઘર, બાલભોગ, વૈષ્ણવો માટે મહાપ્રસાદ લેવાના સ્થળે પણ બધી સગવડતા વાળા બનેલ છે. (કોઇ પણ વૈષ્ણવ આવે બધાયને મહા પ્રસાદની પાતળ પ્રેમથી ધરવામાં આવે છે.) બધુ બાંધકામ આરસમય છે. તેમાં કલામય કોતર કામ દર્શનીય છે.

વનમાં આવતાં જ સામે નગારખાનું અને તેની આજુ બાજુનું દશ્ય ઘણું જ આકર્ષક અને મોહક છે મંદિરે આવતાં બન્ને બાજુ નાની દિવાલો બાંધી સાફ રસ્તો છે. પછી હાથી પોળનું બાંધકળા પણ અદ્‌ભુત છે. (જો કે આ નિર્માણ કામ અધુરું છે) તેની સામે જ ચંપાના વૃક્ષો આગળ બીજી વનરાઇ અતિ શોભાયમાન દશ્ય છે, વનમાં જ્યાં જુના વૃક્ષો પડતાં જાય તેમ ત્યાં નવા વૃક્ષો વવાય છે. હજુ બીજા ૫૦૦ વૃક્ષો વાવવાનું આયોજન છે.

મંદિરની પાછળ ચંપેશ્વર મહાદેવજીનું મંદિર છે. ગામનું નામ ચંપાઝર-ચંપારણ્ય, ચંપેશ્વર મહાદેવ. આની પુરાતન કથા છે ૧૦૮ જયોતિલીંગમાંના આ એક ચંપેશ્વર છે. આ મહાદેવજીના સામે જ શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય છે. જેમ વ્રજમાં બિરાજતા દેવ દેવિઓ, મહાદેવ, પ્રભુ પ્રાપ્તિમાં સહાયક રૂપ છે. તેવી જ રીતે આ મહાદેવજી પણ સહાયક રૂપ હોવાથી વૈષ્ણવો અવશ્ય મંદિરે જાય છે અને આ મંદિરનો પુનરોદ્ધાર ટ્રસ્ટ તરફથી જ કરવામાં આવ્યો છે ત્રણેક લાખના ખર્ચે આ મંદિરનું બાંધકામ થયું છે.

અત્યાર સુધીમાં ૫૫૦૦૦ ફુટમાં બાંધકામ થયું છે. હજુ નિરધારેલ ઘણું કાર્ય કરવાનું બાકી છે તેની આછી રૂપરેખા આ પ્રમાણે છે.

(૧) સત્સંગ હોલનું તથા નીજ મંદિરના સામેના ચોકનું કામ હજુ યોજના મુજબ પુરૂં કરવાનું રહે છે.

(૨) ૮૪ બેઠકજીનું નિર્માણ ૮૪ ઓરડા ૧૦×૧૦ ફુટના બંધાશે તેમાં દરેક બેઠકનું ચરિત્ર, ચિત્ર વગેરે કલામય રીતે તૈયાર કરાવવામાં આવશે જો કે તે કાર્ય શ્રીનાથદ્વારાના ચિત્ર કલાકારો કરી જ રહ્યા છે. તે દરેક બેઠકજીની દરરોજ મેંડ મર્યાદા સહિત સેવા થશે. આ એક બેઠકજીના બાંધકામનું ખર્ચ રૂા. ૭૫૦૦૦/- અંદાજેલ છે.

(૩) મથુરા વ્રજ મંડળના દરેક લીલા સ્થળનું વર્ણન સાથે આયોજન કરવામાં આવનાર છે જેથી વ્રજ-યાત્રાની સ્મૃતિ સાથે દર્શનાનંદનો લાભ લઇ શકાશે.

(૪) દમલા બારી જે પ્રકારે શ્રીનાથદ્વારામાં ધ્રુવ બારી છે.

(૫) વિજળીની અનિયમીતતાને કારણે ઘણી વખત શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય ઉત્સવ સમયે મુશ્કેલી થાય છે જેથી એક જનરેટર વસાવવાનું વિચારાયું છે જે એકાદ માસમાં કાર્યરત થઇ જવા સંભાવના છે.

(૬) શ્રીમહાપ્રભુજીના પ્રાકટય ઉત્સવ વખતે બહોળી સંખ્યામાં એકત્ર થતા વૈષ્ણવ સમૂહને ન્હાવા–ધોવા–અપરશ કરવાની સુવિધા રહે તે માટે સ્નાનાગાર સ્ત્રી–પુરૂષો માટે અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવશે. કાર્ય ચાલુ છે.

(૭) ચંપારણ્યમાં મહાનદમાં (શ્રીયમુનાજીના ભાવથી) સ્નાન પાન કરવામાં આવે છે તે ઘાટનો જીર્ણોદ્ધાર કરી સુવિધા આપવાની છે.

(૮) ઉષ્ણકાળમાં નદીમાં જળ રહેતા નહિ હોવાથી નાવનો મનોરથ કરવા માટે એક ખાસ કુંડ બાંધવાનું આયોજન છે.

(૯) બેઠકજીથી દુર એક વાવડી છે. શ્રી મહાપ્રભુજીના વખતની વાવડી છે તે કયારે બની તેની માહિતી નથી હાલમાં તેનું સમારકામ ચાલુ છે. વીસેક પગથીયા ઉતરતાં જલ આવે છે. વાવડી ઘણી ઊંડી છે તેની આસપાસ ચંપાના વૃક્ષોનું વન છે–ઘટાદાર બગીચો છે, જોવા લાયક છે. પાસમાં જ ગૌશાળા છે તેમાં (૫૨) ગાયો છે. તેમાં અત્યારે ફકત ૬ ગાય જ દુઝણી છે. ગૌશાળા માટે વિશાળ મકાનનું બાંધકામ કરવાનું આયોજન છે. તેમાં ૧૦૮ ગાયો રાખવારનું નિધારેલન છે.

(૧૦) કલા સંગ્રહાલયનું નિર્માણ કરવાનું છે જેમાં પુષ્ટિમાર્ગમાં જેટલા પ્રકારની કલાઓ શ્રીની સેવામાં વિનિયોગ થાય છે તેવી તમામ પ્રકારની કલાઓનો સંગ્રહ થવાનો છે.

(૧૧) ચંપારણ ધામમાં આવતા યાત્રાળુઓ માટે મહાપ્રસાદ અને જલપાનની વ્યવસ્થા બેઠકજી તરફથી ચાલુ છે. પરંતુ તેમના ઉતારા માટે એક વિશાળ ધર્મશાળા આધુનિક સગવડ સાથે બંધાવવાનું આયોજન છે. 'શ્રી દ્વારકેશ ભવન' (જેમાં પૂ. ગો. શ્રી વ્રજજીવનજીનો મુકામ રહે છે) તેની પાછળના ભાગમાં જમીન લેવાય ગઇ છે અને ટુંક સમયમાં જ બાંધકામનો પ્રારંભ થવાનો છે.

પ્રોજેકટ : આ કામ બે કરોડનું છે.

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટય સંવત ૧૫૩૫માં અને સંવત ૧૫૫૬ થી ૧૫૭૬માં મંદિરનું બાંધકામ થયું હતું બાદમાં સમય સમય પર વધતું ગયું. અત્યારે ૯ (નવ) વરસથી નિર્માણ કામ ચાલુ છે. આ ધામ સર્વશ્રેષ્ઠ બને, આધુનિક સુવિધાવાળુ બને અને વૈષ્ણવો માટે પણ દરેક રીતે સગવડતારૂપ બને તેવી ભાવના અત્યારનું ટ્રસ્ટી મંડળ સેવી રહ્યું છે.

દરેક માનવી વ્યકિતગત રીતે પોતાના માટે શક્તિ અનુસાર સુખવૈભવની બધી જ સુવિધા ગોઠવી શકે, જ્યારે લાખો વૈષ્ણવ સાથે મળીને આપણા પ્રાણપ્યારા મહાપ્રભુજી માટે તેમજ યાત્રાળુ વૈષ્ણવોના સુખ સુવિધા માટે ધારે તો ભારતનું પુષ્ટિધર્મનું સૌપ્રથમ ઐતિહાસિક આધિદૈવિક ચંપારણ્ય ધામને ઘણું જ દેદિપ્યમાન સ્થાન બનાવી શકે.

'સુજ્ઞેષુકિમધિકમ્...'

ચંપારણ્ય ધામ

[ઢાળ : પારેવડા જાજે વીરાનાં દેશમાં...]

આજે આનંદ ચંપારણ્ય ધામમાં, પૂર્ણ પુરુષોત્તમ ધામમાં.... આજે૦ ૧
વદી એકાદશી વૈશાખ માસે, પ્રાગટ થયું છે અગ્નિ ચોપાસે;
અવની આવી છે આનંદમાં.... આજે૦ ૨
ધન્ય ધન્ય માતા ઇલંમાગારૂજી, કૂખે તે જન્મ્યા વાલમા પ્રભુજી;
જય જય શબ્દ ગગનમાં.... આજે૦ ૩
લક્ષ્મણ ભટ્ટજી હરખે નિરખતાં, કુલદિપક છે જાણી સંતોષતા;
ગાયો દીધી છે બહુ દાનમાં... આજે૦ ૪
નંદ યશોદા ગોપી ગોવાળીયા, પ્રાગટ થયું તે જાણીને આવીયા;
લીલા અવતારી સંગમાં.... આજે૦ ૫
મંગલ વધાઇઓ બેઠી છે બારણે, માગધ સુત બંદીજન આંગણે;
રીઝાવે રાગ સૂર તાનમાં.... આજે૦ ૬
દૈવી તે જીવના ભાગ્ય ઉઘડીયા, મુખ અવતાર રૂપ આપ અવતરીયા;
‘મથુરા’ ગુણ ગાવે ગુલતાનમાં.... આજે૦ ૭

સંવાદનો જાન્યુ. ૯૧ નો અંક બંધ રહેશે

ભગવદ સ્મરણ સાથે ખુબજ લાચારી પુર્વક જણાવવાનું કે છેલ્લા દોઢ બે માસથી ગોધરામાં વારંવાર કરફ્યું બંધ, અને તોફાનો થવાથી પ્રેસો દુકાનો બંધ રહેલ છે.

આવા સંજોગોમાં ભીયભીત અશાંત વાતાવરણમાં વેપાર ધંધા ખોરવાઇ જવાથી માહે જાન્યુ. ૯૧ કોને ક્ષમ્ય ગણવા વિનંતિ છે. –તંત્રી

સંવાદ કાર્યાલય શ્રીજીવાડા ગોધરા.

આજીવન લવાજમ સંબંધે

અત્યારે આજીવન લવાજમ રૂા. ૨૦૧/– છે તે તા. **૩૧–૩–૯૧ સુધીમાં ભરનારને જ ભેટ પુસ્તક અપાશે.** તા. **૧–૪–૯૧ થી આજીવન લવાજમ રૂા. ૨૫૧/– નકકી થયેલ છે.**

સ્નાન

– લેખક : **રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

સ્નાન પણ નિત્યનું અતિ આવશ્યક કર્મ છે. સ્નાનથી જેમ દેહ સ્વચ્છ બને, તેમ મન અંતઃકરણ પણ સ્વચ્છ–નિર્મલ બને. માટે કહ્યું છે કે– 'પ્રાતઃ પ્રાતઃ સ્નાયાત્' દરરોજ સવારમાં સ્નાન કરવું. જે આ પ્રમાણે નિત્ય સ્નાન કરનાર છે, તેમને સાબુ વગેરે લઇ સ્નાન કરવાની જરૂર નથી. અઠવાડીયામાં એકાદ જ વખત ન્હાતા હોય તેમને સાબુ લઇને ન્હાવાની જરૂર જણાય, પણ આપણે તો નિત્યનાં સ્નાન કરનારા એટલે આપણે ચરબીના વિલાયતી સાબુથી ન્હાવાનું ન પાલવે, એ તો ઊલટું શરીરને અપવિત્ર બનાવે તે આપણાથી કેમ થાય ? ભગવાનની મુખ્ય આઠ પ્રકૃત્તિઓ (અગ્નિ, યજમાન, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, આકાશ, વાયુ અને જળ) મનાય છે. તેમાં જળ પણ આવી ગયું. તે જળ પ્રભુરૂપ છે. જળમાં જેવો પવિત્ર કરવાનો ગુણ છે તેવો બીજા કશામાં પણ નથી. આપણે તો પરમાત્માનું સેવન કરવા, ધ્યાન ધરવા જવાનું છે. માટે પ્રભુ પાસે જતી વખતે શરીરની અને મનની અતિશય નિર્મળતા હોય તો જ ભગવત્સેવા અગર પ્રભુનું ધ્યાન થઇ શકે.

પ્રથમ સ્નાન કરતાં પહેલાં આપણે સંકલ્પ-વિચાર કરીએ છીએ, કે ભગવત્સેવામાં અધિકાર થવા માટે હું પ્રાતઃસ્નાન કરૂં છું. આ સંકલ્પમાં સ્નાનનો મુખ્ય હેતુ પ્રભુના સેવનનો જ છે. ગંગા આદિ પવિત્ર નદીઓનું સ્મરણ કરી જળમાં તેમનું આહ્વાન–સ્થાપન કરવાનું આપણા ધર્મશાસ્ત્રમાં કહ્યું.

જે લોકો નદીકિનારે શહેરમાં તેમ ગામડાઓમાં રહેતા હોય તેમણે તો એ કુદરતી રીતે થતાં ઠંડા જળથી સ્નાન કરવું ઘણું જ ઉત્તમ છે. ઠંડા જળથી સ્નાન કરવામાં વૈદ્યક દૃષ્ટિએ પણ અનેક ગુણો રહેલા છે. તેથી અંતઃકરણ અને તેની વૃત્તિઓ શાંત બને છે. બહુ જ ક્રોધ થઇ આવ્યો હોય તથા કામના વિકારથી મનુષ્યનું ચિત્ત ચંચળ બન્યું હોય તેવા સમયમાં ઠંડા જળથી સ્નાન કરવું ઘણું જ અસરકારક નિવડે છે. નવજીવનમાં ગાંધીજીએ પણ એક વખત કામ, ક્રોધને શાંત કરવાને ઠંડુ જળ મુખ્ય ઉપાય છે એમ જણાવેલું. અગીયારસ અથવા પર્વના દિવસોએ હજી પણ આપણા કેટલાક શ્રદ્ધાળુ, ભાવિક લોકો નદીઓનાં, સમુદ્રનાં તેમ સરોવરનાં શીતળ જળમાં સ્નાન પવિત્રતા અને સ્વચ્છતા કરવાનો મુખ્ય ગુણ છે.

આપણાથી ઠંડા જળથી સ્નાન કરવાનું ન બને તો ગરમ જળથી ઘર આગળ સ્નાન કરીએ તો પણ સ્નાન કરવાના પાત્રમાં પ્રથમ શિતળ જળ નાખી પછી ઉષ્ણ જળ મેળવવું, કેમકે આપણે તો જળનો દેવતા તરીકે સ્વીકાર કરનારા છીએ. સ્નાન કરતી વખતે શરીર સ્વચ્છ થવાની માત્ર ભાવના ન હોવી જોઇએ. પરંતુ શુદ્ધ પવિત્ર થવાની, પ્રભુની સેવા કરવામાં યોગ્યતા મેળવવાની ભાવના હોવી જોઇએ. પોતાને પવિત્ર થવા સ્નાન કરવાનું છે માટે જળ પણ પવિત્ર હોવું જોઇએ. જળને પવિત્ર કરવા, પવિત્ર તીર્થોનું તથા નદીઓનું સ્મરણ

કરી જળમાં તે તીર્થોની અને નદીઓની ભાવના સ્થાપન કરવી.જેનો આ શ્લોક છે :

પુષ્કરાદ્યાનિ તીર્થાનિ, ગંગાયાઃ સરિતસ્તથા ।
આગચ્છંતુ પવિત્રાણિ સ્નાનકાલે સદા મમ ॥

અન્વયાર્થ : પુષ્કર જેમાં મુખ્ય છે એવાં પવિત્ર તીર્થો તથા ગંગા જેમાં મુખ્ય છે એવી પવિત્ર નદીઓ મારા સ્નાન કરવાના સમયમાં નિરંતર આવો ! પધારો !

આ પ્રમાણે જળમાં પવિત્ર ભાવના કરી જળદેવતાનું તેમ કમલનયન પ્રભુનું સ્મરણ કરતાં સ્નાન કરવું અને પછીથી શરીર સ્વચ્છ રીતે લૂછી નાખવું.

[શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તંડના વર્ષ ૩ સં. ૧૯૯૫ના કાર્તિક અંક ૮ માંથી સાભાર]

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

(ગતાંકથી ચાલુ)

૨૬. નિખિલેષ્ટદ રૂપ

ભકત મનોરથ પૂરક જય જય,
જૈસો ભાવ નેહ મધુપતિસોં, તૈસેં પ્રેમસોં પૂરત જય જય. ૧
તાપ ભયે વિછુરે જીવનકોં, ભૂતલ વસે દૈવી હિત જય જય;
પૂરન કિયે અભિલાષ સબનકી, દરસાયે વ્રજ લીલા જય જય. ૨
વિખર રહે જીતતિત સબનકોં, કર એકત્ર શરન લીયે જય જય;
નેહી સદા નિજ જનકે પ્રભુજી, 'વ્રજ' કે વલ્લભ જય જય જય જય. ૩

૨૭. સર્વલક્ષણ સંપન્ન રૂપ

વેદ પ્રણિત શ્રી વલ્લભરૂપ,
ભૂષિત કોટી કલા લક્ષણસોં, સર્વ સંપન્ન શ્રી ગોકુલ ભૂપ. ૧
નહીં સમતુલ કોઉ યા જગમેં, અનંત કોટી બ્રહ્માંડ અનૂપ;
ચરન છાંય 'વ્રજ' વલ્લભ કે, કોમલ શિતલ હરત ભવધૂપ. ૨

૨૮. શ્રીકૃષ્ણ જ્ઞાનદો રૂપ

શ્રી મધુપતિ રસ તત્ત્વ પરમ,
વેદાતીત સ્વરૂપ અગમ જો, સોં પ્રથમેશ અનંત મેં વરમ્. ૧
ક્રિયાકાંડ ઉપાસન આદિ, બસ નાહીન કોઉ કરમ ધરમ;
પૂર્ણ સ્વરૂપ 'વ્રજ' કે શ્રી વલ્લભ, મન ચિત્તમેં કયોં કરે ભરમ. ૨

૨૯. ગુરુ રૂપ

જગત ગુરુ શ્રી પ્રથમેશ,
પટતર કો કોઉ નહી ઇન સમ, તિલક સબન કે સર્વાધીશ. ૧
ગુરુ કે ગુરુ સ્વામી કે સ્વામી, ઇશ કે ઇશ પ્રભુ જગદીશ;
સર્વ ઉદ્ધારક સર્વ સમર્થ, 'વ્રજ' કે વલ્લભ સબ કે શિશ. ૨

૩૦. સ્વાનંદતુંદિલ રૂપ

સ્વાનંદ પુષ્ટ હે આત્મારામ,
પીય સંગ વિવિધ ભાંત રસ કેલી, વિવિધ વિલાસ લીલા કે ધામ. ૧
તન્મય રહત સદા આત્મરત, શ્રી પ્રથમેશ જુ પૂરન કામ;
અનંત 'વ્રજ' લીલા એક રોમ પ્રતિ, સ્વકીય કે ઉર કી સુખદામ. ૨

–ક્રમશઃ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ-ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૫૨. રાગ-નટ. ચૌ. ૪૦

વંદૌં શ્રી સેવક જગતાનંદ,
સખી 'માધુરી' શ્રી ભામાજુકી, પઢે શાસ્ત્ર શ્રુતિ છંદ. ૧
કથા કહત શ્રી સરસ્વતી કે તટ, દરસ ભયો શ્રી વલ્લભ બ્રજચંદ;
વેણુ ગીત કી વ્યાખ્યા સુનકે, ગહે ચરણ અરવિંદ. ૨
ત્યાગ કીયો હે ભાગવત વૃત્તિકો, પધરાયે શિર નંદ કે નંદ;
'લાલદાસ' પ્રભુ હોત સાનુભવ, ભક્ત ભયે જગવંદ. ૩

૫૩. રાગ-નટ. ચૌ. ૪૧

વંદૌ શ્રી આનંદ-વિશ્વંભરદાસ,
સખી 'નાગરી – મલ્લિકા' દોઉ, રહત સંસારમેં ઉદાસ. ૧
મહા કલેશ ભયો જબ ઉનકોં, પ્રભુ મિલનમેં ભયે નિરાસ;
અર્ધ રાત્ર આજ્ઞા કર હરિને, શ્રી વલ્લભ પઠયેતા પાસ. ૨
બ્રહ્મ સંબંધ કરાય તિહિંછન, કીયે પૂરન સબ મનકી આસ;
વસ્ત્ર સેવા દીની કૃપા કર, છકે રહત લીલા રસ રાસ. ૩
ભગવદ્ વાર્તા કરત મગન હ્વૈ, ભરત હુંકારી હરિ બૈઠતા પાસ;
'લાલદાસ' પ્રભુ નિજ જન સુનિવે, સદા ધરત મનમેં અભિલાષ. ૪

૫૪. રાગ-નટ. ચૌ. ૪૨

વંદૌ બ્રાહ્મણી અડેલ કી ભોટી,
ભઇ વિધવા તબ શરણે આઇ, શ્રી વલ્લભચરણ મેં લોટી. ૧
બાલકૃષ્ણ સેવા શિર રાજત, આરોગત પ્રભુ હાથ લે રોટી,

મુસા-બિલાઇ લે ગયે જાની, ચિંતા કરત ચિત્ત ખોટી. ૨
આચાર ક્રિયા કછુ જાનત નાહીં, સરલ સુભાવ અરુ ભાવમેં મોટી;
‘લાલદાસ’ સખી ‘શશીકલા’ હૈ, મિલે ન જગમેં જોટી. ૩

૫૫. રાગ-નટ. ચૌ. ૪૩

વંદૌ શ્રી એક ક્ષત્રાની,
‘નીલા’ સખી શ્રી સ્વામીનીજી કી, પ્રગટી પ્રયાગ પહિચાની. ૧
યમુના સ્નાન કર ચલિ ઘરન પ્રતિ, ભર્યો લોટા એક પાની;
શ્રી બાલકૃષ્ણ આયે તાહિમેં, ડાર્યો તુલસી તબ જાની. ૨
શ્રી વલ્લભ કે શરણ આય કે, સેવા કરત ચિત્ત અતિ સરસાની;
‘લાલદાસ’ છાતી ફૂટી જબ, હાથ લે હાંડી અરોગે રસદાની. ૩

—ક્રમશઃ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. ‘વ્રજ’ ધોરાજી

પદ-૭૬

જય જય શ્રીયમુને માતા જગત વંદનિ ।
ત્રિવિધ તાપ દૂર કરત પાપ ખંડની ।૧।
સકલ વ્રજ ભૂ-વિહાર કલિંદ નંદની ।
ચતુર્ભુજ પ્રભુ ગિરિધરન લાલ કામ કંદની ।૨।

ભાવાર્થ : હે જગતમાતા ! જગતવંદની શ્રી યમુનાજી ! આપનો જય થાઓ ! આપનો જય થાઓ ! જીવોનાં ત્રિવિધ તાપો કાયિક-વાચિક-માનસીને દૂર કરી અને પાપોનું ખંડન કરનાર આપનો જય થાઓ ! જય થાઓ ! સર્વ વ્રજભૂમિમાં આપશ્રી કલિંદ નંદિનીનો સદા અખંડ વિહાર છે. અષ્ટપ્રહર ક્ષણ ક્ષણ નૂતન લીલાથી પ્રિયને રસવશ કરી અને રાખો છો. ચતુર્ભુજદાસના પ્રભુ શ્રી ગિરિધરનલાલ અનેકવિધ મનોરથોનો આપ કામ, કોષ, (કામ ભંડાર) છો.

વિવેચન : ત્રણ તાપો કાયિક-વાચિક-માનસિકના બે પ્રકાર છે. એક તો કેવળ-લૌકિક અને બીજો અલૌકિક મન, વચન, કર્મના તાપો, લૌકિક જીવનમાં વધારે અસર કરે છે, કારણ કે તેના પરિણામમાં સુખ અને દુઃખ સિવાય બીજું કંઈ પણ મળતું નથી અને જીવન નિરર્થક બની રહે છે. મન, વચન અને કર્મથી જીવનને સેવાપરાયણ બનાવી વૈષ્ણવી જીવન જીવવું એ છે. મનથી શ્રીવલ્લભ-વલ્લભીના સંગની અભિલાષાનો તાપ-વાણીથી અરે ! આ જીવન તો સેવા સ્મરણ વિના આલ્યું જાય છે તેનો તાપ અને કર્મ ઉપરના તાપને અનુસરી ભગવદ સાક્ષાત્કારની ભાવના રાખી શ્રી વલ્લભીની-પ્રાણાંત સુધી ટહેલ કરી અને તેને પ્રસન્ન કરવા.

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ બાલ સંસ્કાર નિકુંજ (પાઠશાળા)ના ત્રણ મહોત્સવો

(૧) ચિત્રજી-વાર્તાજી. આલેખન, પુષ્પ-માલાગુંફન સ્પર્ધા-પ્રદર્શની :

રાજકોટમાં ચાલતાં શ્રીવલ્લભ બાલસંસ્કાર નિકુંજ (પાઠશાળા)ના 'મોહનકુંજ' જયરાજ પ્લોટ કેન્દ્રના સંચાલક પ. ભ. શ્રી ભૂપેન્દ્ર ભાઇ ધાબલિયા દ્વારા ત્રણ ભવ્ય સ્પર્ધા રાજકોટમાં ચાલતાં ઉપરોકત પાઠશાળાના પાંચ કેન્દ્રના બાલક-બાલિકાઓ માટે યોજવામાં આવેલ.

(૧) ચિત્રજી આલેખન સ્પર્ધા : જેમાં શ્રીનાથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજી અથવા અન્યનિધિ સ્વરૂપો કે ભગવદ્‌લીલાના એક અથવા અધિક ચિત્રજી આલેખવા.

(૨) શ્રીમહાપ્રભુજીના અંગીકૃત નિર્ગુણ ચોર્યાશી ભગવદીયોના વાર્તા પ્રસંગો બાલકો દ્વારા મોટા, સુશોભિત કાગળ પર સુંદર અક્ષરે લખવાનું.

(૩) ઉપરોક્ત ચિત્રજીને સુંદર રીતે સિદ્ધ કરીને ફુલમાલાજી ધરવા.

આ સ્પર્ધાઓમાં રાજકોટની પાંચે પાઠશાળાના બાળકો તથા તેના વડિલો અને પાઠશાળાના સંચાલકોએ વિવિધ સ્વરૂપે ઘણી મોટી સંખ્યામાં ભાગ લીધેલ.

શ્રી મોહનકુંજ પાઠશાળા પ. ભ. શ્રી જમનાદાસ મોહનલાલ આડેસરાના નિવાસસ્થાને ચાલે છે. જ્યાં સારી રીતે શણગારેલ હોલમાં આ પ્રદર્શન-સ્પર્ધાનું આયોજન થયેલ જ્યાં પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ, પૂ. પા. શ્રી પુરુષોત્તમલાલજી બાવાશ્રી (શ્રી પંકજ બાવાશ્રી) પુ. પા. ગો. શ્રી રવિન્દ્રકુમારજી બાવાશ્રી (માંડવી-રાજકોટ), પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદય તથા પુ. શ્રી વ્રજવનીતા બેટીજીએ પધારી ચિત્રજી, માલાજી અને ૮૪ ભગવદીયોના ચરિત્રોના લખાણ અવલોકી ખૂબજ પ્રસન્નતાથી આશીર્વાદ આપેલ.

રાજકોટના સમસ્ત વૈષ્ણવ ભાઇ-બહેનોએ હજારોની સંખ્યામાં આ પ્રદર્શનીના દર્શન કરીને આનંદ અનુભવેલ અને બાળકો દ્વારા થયેલ આટલું સુંદર આયોજન નિહાળી ભાવ-વિભોર થઇ ગયેલ.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે પુ. પા. ગો. શ્રી પંકજબાવાશ્રી બિરાજેલ. રાજકોટના બધા પાઠશાળાના કેન્દ્રોના સંચાલકો, પ. ભ. શ્રી ભૂપેન્દ્રભાઇ તથા ભરતભાઇ ધાબલિયા, શ્રીમતી હર્ષાબેન ઠક્કર, શ્રીમતી વર્ષાબેન તથા શ્રીમતી કુમુદિનીબેન સોની, કુ. મીનાબેન તથા વર્ષાબેન દુધેરા, કુ. ઉર્મિલાબેન ડેલાવાળા, શ્રીમતી ચંદ્રિકાબેન, શ્રીમતી ગીતાબેન વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી બાળકોને તૈયાર કરાવેલ. પ.ભ. જમનાદાસભાઇ આડેસરા તથા તેમના સમગ્ર પરિવારે ખાસ કરીને શ્રી રાજુભાઇ તથા શ્રી હસુભાઇએ આ કાર્યક્રમ સફળ કરવા ખુબ ચીવટ રાખી કાર્ય કરેલ.

(અહેવાલ શ્રીમતી હર્ષાબેન ઠક્કર)

(૨) પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી)નાં ઉત્સવની ઉજવણી :

શ્રીમદ્ પ્રભુચરણ શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઇજી)ના ૪૭૬માં પ્રાકટયમહોત્સવની પૂર્વ સંધ્યાએ, રવિવાર તા. ૯-૧૨-૯૦ના રોજ રાજકોટના શ્રી જશુબાઇ મંડાણના વિશાળ સભાખંડમાં પુ. પા.ગો. શ્રી પુરુષોત્તમલાલજી બાવાશ્રી (શ્રી પંકજબાવા)ના અધ્યક્ષસ્થાને

રાજકોટની બધી પાઠશાળાના ૨૦૦થી વધુ બાલક-બાલિકાઓએ પ્રારંભમાં શ્રીનામરત્નાખ્ય સ્તોત્રના શુદ્ધ ઉચ્ચાર અને ભાવાર્થ સહિત પાઠ કરેલ. ત્યાર બાદ પાઠશાળાઓની બાલિકાઓ દ્વારા રાસ-ગરબા, નાટીકાઓ વગેરે વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત થયેલ.

ત્યાર બાદ શ્રી ગુસાંઇજીના અલૌકિક ચરિત્રોના ગુણગાન રૂપે બાળકોની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયેલ, જેમાં પ્રથમ ત્રણ સ્થાને આવનાર બાલક-બાલિકાઓને પુ. પા. શ્રી પંકજ બાવાશ્રીના વરદ્હસ્તે પુસ્તકો પારિતોષિક રૂપે અપાયેલ.

પુ. પા. શ્રી પંકજ બાવાશ્રીના લાલબાવા પુ. પા. શ્રી ગોકુલનાથજી બાવાસાહેબ (શ્રી પ્રણવબાવા) તથા બેટીજી પુ. શ્રી વ્રજવનિતા રાજા પણ પુરા કાર્યક્રમમાં બિરાજી સુંદર વચનામૃત કરેલ અને રસપૂર્વક સમગ્ર કાર્યક્રમ નિહાળેલ.

પુ. પા. શ્રી વ્રજવનિતા રાજાએ સ્વમાર્ગિય પ્રણાલી ગ્રંથ, પારિભાષિક શબ્દો આદિ અનેક વિષયોના પ્રશ્નો પાઠશાળાના બાલકોને પૂછેલ અને બાલકોએ તેના સુંદર ઉત્તરો આપતાં આપશ્રી ખુબ પ્રસન્ન થયેલ.

આ આહલાદક કાર્યક્રમ બાદ પુ. શ્રી પંકજબાવાશ્રીએ ખુબજ સુંદર વચનામૃતનું પાન કરાવેલ. પ્રારંભમાં આપશ્રીએ જણાવેલ કે, "હું ધન્યવાદ આપીશ આ બાલકોના માતા-પિતાને, હું ધન્યવાદ આપીશ તેના શીખવનાર સંચાલકોને (અહીંઆ પુ. બાવાશ્રીએ ગુરૂજન શબ્દ યોજેલ, પરંતુ સ્વયં પોતે શ્રી ગુરૂઃ છે. સામાન્ય વૈષ્ણવો જે બાલકોને આજ્ઞાનુસાર પાઠ કરાવે તેને માટે ગુરુજન શબ્દ તો ખુબ ભારે-વધુ પડતો ગણાય) એ પરમ વૈષ્ણવો કે જેણે માબાપો અને બાળકોને સ્વમાર્ગ માટે પ્રેર્યા અને પાઠશાળામાં મોકલ્યા.'

'બાળકોને સન્માર્ગ વાળવાનો સુંદર અને અલૌકિક પ્રયત્ન કર્યો છે, કેમકે આ પ્રયત્ન ખુબજ દુષ્કર છે, કદાચ એ કૃતિ પોતાની માને તો કયાંક અભિમાન પણ થઇ જાય આ કાર્ય થયું છે બાળકો એમાં પ્રવૃત્ત થયાં છે એ ખરેખર એક અલૌકિકતાના દર્શન તો કરાવે જ છે. એટલે આમાં નિશ્ચય જ એ ગુરુજનો (સંચાલકો) ઉપર અને માતા-પિતાઓ ઉપર હું સાક્ષાત્ શ્રી વલ્લભની કૃપાના દર્શન કરી રહ્યો છું.'

આગળ આપશ્રીએ આજ્ઞા કરી કે, 'મેં આજ લગી એવા પ્રસંગો ઘણા જોયાં છે જ્યાં ગોસ્વામી બાલકોને લોકો પ્રશ્નો કરે છે. અથવા વડીલોને બાળકો પુછે છે, પણ એવો પ્રસંગ પહેલો છે કે, જ્યાં અમે પ્રશ્ન કરી રહ્યા છીએ અને બાળકો જવાબ આપી રહ્યાં છે. (તાળીઓ....) એટલે આ એક યાદગાર પ્રસંગ કહી શકાય.

'જવાબ બાળકોના મુખથી સાંભળ્યાંથી એક અલૌકિક આનંદ હૃદયમાં પ્રવેશ કરે છે શા માટે ? કેમકે ભલે કેટલું પણ કોઇ ગોખાવી દે તો પણ અલૌકિક પ્રશ્નોના જવાબ માત્ર કૃપાથી જ અપાય છે. એટલે બાળકોની પોતાની ધગશ, પોતાની લગન, પોતાનું મન જ્યારે આચાર્ય ચરણે એમાં જોયું ત્યારે આપ હૃદયમાં બિરાજીને જવાબ આપી રહ્યાં છે એવો આભાસ મને ઘડીએ થતો, ખરેખર ! આ જીવકૃતિ નથી ?'

આગળ આપશ્રીએ શ્રી ગુસાંઇજી અને

શ્રીગિરિધરજીનો પ્રસંગ વગેરે આજ્ઞા કરેલ. આ ભગીરથ કાર્યમાં સ્તોત્રપાઠ, રાસ–ગરબા, વકતૃત્વ સ્પર્ધા, પ્રશ્નોત્તરી વગેરે કાર્યક્રમોને આપે વધાવ્યા અને આવા આયોજનો અવારનવાર થતાં રહે તેવા આશીર્વચનો સાથે કાર્યક્રમ સંપૂર્ણ થયો.

(અહેવાલ : વર્ષાબેન દુધૈરા)

(૩) મોરબી શ્રી મહાપ્રભુજીના બેઠકજીની યાત્રા :

અમો અબોધ–સુબોધ નાના ભૂલકાઓને બેઠકજીનું સ્વરૂપ અને મહાત્મ્ય સમજાવવા માટે અમારા સંચાલકોએ મોરબી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના બેઠકજીના પ્રવાસે લઇ જવાનુ નકકી કર્યું. પહેલા એવું કહ્યું હતું કે બેઠકજીએ આવવા માટે બસ ભાડા તરીકે ફી ભરીને નામ લખાવવું, પરંતુ તેમાં કોઈ સામાન્ય સ્થિતિના બાળકોને આર્થિક બોજો આવી ન પડે તે માટે એક પ.ભ.ના અંતરમાં પ્રભુએ પ્રેરણા કરી અને તેણે બધાં બાળકોને વગર ન્યોછાવરે જ મોરબી લઇ જવા માટે દ્રવ્ય આપ્યું. ખરેખર એ દૈવી દ્રવ્ય જ હશે જે અઢીસો કંઠીધારી વૈષ્ણવોને શ્રી મહાપ્રભુજી સન્મુખ કરવામાં વપરાયું. પ્રભુ કેવા દયાળુ છે કે, પોતાના જીવ પાસે તનુજા–વિત્તજા અને અનન્યતા હોય તેની પાસેથી માનસી સેવાનો અંગીકાર આ સમયમાં પણ કરે છે.

હાં, તો હવે અમારા પ્રવાસની વાત કરીએ. રવિવારે વહેલી સવારે જવાનું હતું, મન તો આનંદના હિલોળા લઇ રહ્યું હતું. લાં....બા ઇન્તજાર પછી રવિવારની સવાર આવી હતી. આપમેળે જ વહેલી સવારે ઊંઘ ઉડી ગઇ. આનંદનો તો પાર નહોતો ઝટપટ નિત્યક્રમ પતાવી નિયત સ્થાને એકત્ર થયાં. અને વ્યવસ્થિત રીતે ગોઠવાઇને બસમાં બેઠાં અમારી બસમાં હરિદાસ મંડાણ અને કરણપરાની પાઠશાળાના બાળકો બેઠા હતા. જ્યારે બીજી બે બસમાં જયરાજ પ્લોટ, અમરનાથ પ્લોટ તથા જલારામ પ્લોટની પાઠશાળાના બાળકો હતા. શ્રીવલ્લભ પ્રભુના જયઘોષ સાથે જ બસ મોરબીની દિશામાં દોડવા લાગી અને ત્યાર પછી સુમધુર રાગે શ્રીયમુનાષ્ટક, શ્રી સર્વોત્તમ સ્તોત્ર, શ્રી રાસલીલામૃત, શ્રી મધુરાષ્ટક અને ધોળ પદના ગાન સાથે જોતજોતામાં તો મોરબી આવી પહોંચ્યાં. મોરબી ગામમાં મચ્છુ નદી વહે છે. તેના પુલ પરથી પસાર થઇ સામા કાંઠે શ્રી મહાપ્રભુજીના બેઠકજીએ પહોંચ્યા. પ્રથમ વિશાળ મેદાન, ત્યાંથી આગળ એક બાજુએ ઉતારા માટેના આવાસ, પછી લાંબી ઓસરી વટાવી બેઠકજીના અંદરના ચોગાનમાં પ્રવેશ્યા ત્યાં ડાબી તરફ કૂવો તથા સ્નાનઘર અને જમણી તરફ રસોઇઘર તથા વચ્ચે વિશાળ છોંકરજીની નીચે પરમ આનંદદાયક જગદ્‌ગુરુ શ્રીમદ્‌ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દર્શન થયાં. અમો બધાં ત્યાં સન્મુખ બેઠાં અને પ. ભ. શ્રીમતી હર્ષાબેન ઠક્કરે સુમધુર રાગમાં સ્તોત્ર પાઠ કરાવ્યા. ત્યાં જ પુ.પા.ગો. શ્રી ગોપીકાલંકારાયજી બાવાશ્રી તથા એમના લાલન શ્રી પરાગ બાવા ત્યાં પધાર્યા. પુ. જનાના સરકાર તો આપના મોટા શ્વસુરજી (શ્રી મહાપ્રભુજી) ના ઘેર સુંદર સુંદર સામગ્રી સિદ્ધ કરવાની સેવા કરી રહ્યાં હતાં. શ્રી પ્રભુની કૃપાથી અમોને ત્યાં અપરસમાં નહાવા મળ્યું. દૂધઘર સામગ્રી, લીલામેવાની અને પાનઘરની સેવા તથા ઝારી ચર્ણુ સ્પર્શનો લાભ મળ્યો.

દરેકે ચર્ણસ્પર્શ કર્યા પછી પુ. બાવાશ્રીએ કૃપા કરી ઝારીજી ભરાવ્યા. પરમ ભાગ્યવાન એ બાળકોને કૃપા કરી નામ નિવેદન બ્રહ્મ સંબંધ કરાવ્યું. ત્યારબાદ અપરસમાં નહાયેલા સર્વે બાળકોને સમૂહમાં ગદ્ય મંત્ર બોલાવ્યો. ખરેખર ! અમો ખુબ જ ભાગ્યશાળી બન્યા. પછી શ્રી મહાપ્રભુજીની સન્મુખ રાજભોગમાં દુધગર-લીલોમેવો સંધાણા વિ. સાજવાની સેવા એમની કૃપાથી મળી. અને રાજભોગ આવ્યા પછી પુ. શ્રી ગોપેશબાવાએ કૃપા કરી વચનામૃતની ‘રસ બરખા’ વરસાવી. આપશ્રીએ બાળકો અને સંચાલકોનો ઉત્સાહ આશીર્વાદ આપી વધાર્યો. અને બ્રહ્મસંબંધ વિશે તથા સેવાના પ્રકાર વિશે સુંદર વચનામૃત કર્યા, અને સંપ્રદાયમાં પેસી ગયેલ ખોટી રૂઢીઓ અને માન્યતાઓથી દુર રહેવા સાવધાન કર્યા. અને પછી આપશ્રીના ચર્ણસ્પર્શનો લાભ મળ્યો અને ત્યાં જ રાજભોગના દર્શન ખુલ્યાં.

પૂ. બાવાશ્રીએ આરતી કરી અને પછી આપશ્રી ભોજનમાં પધાર્યા અને અહીં વિશાળ ઓસરીમાં બધાં બાળકોને પ્રસાદ લેવા બેસાડ્યાં. આપશ્રીનું અધરામૃત અને શ્રી વલ્લભે પ્રસન્નતાપુર્વક આરોગેલી સામગ્રીની તો મીઠાશ કંઇ ઓર જ હતી. તે તો જેણે માણ્યું હોય તે જ જાણી શકે. પ્રસાદ લઇ જલબીડા લીધા અને તૈયાર થઇ બસમાં ગોઠવાયાં. અમારી આંખો તો ત્યાંના ઝાડ-પાન-વૃક્ષોને જોતાં હતાં કે વાહ કેવા ભાગ્યશાળી છે તેઓ કે સદાય શ્રી મહાપ્રભુજીની સમીપમાં રહે છે. આવા વિચાર ચાલી રહ્યાં હતાં ને ત્યાં જ બસ ઉપડી અને હવેલી પાસે આવીને ઊભી રહી. હવેલીમાં જતાં જ અમોને સંધ્યાઆરતીના દર્શન થયા. શ્રી ઠાકોરજી તથા દાદાજીના દર્શન કરી બહાર આવી ચોકમાં બધાં ગોઠવાઇ ગયા. મોરબીમાં હજુ એક અઠવાડિયું જ થયું, નવી પાઠશાળાની સ્થાપનાને, તેના બાળકો લગભગ સો આસપાસની સંખ્યામાં તેના સંચાલકો સાથે ત્યાં હાજર જ હતાં. તેમની આગળ રાજકોટની પાઠશાળાના બાળકોએ સ્તોત્ર પાઠ ૮૪-૨૫૨ની વાર્તામાંથી પ્રસંગો તથા શ્રી મહાપ્રભુજી વિશેની વાતો કરી. પ.ભ. શ્રી ગોકુલદાસભાઇએ રાજકોટમાં પાઠશાળા પુ. પા. શ્રી વલ્લભરાયજી (સુરત)એ કૃપા કરી શરૂ કરાવી તેની વાતો કહી અને મોરબી પાઠશાળાના સંચાલકોએ તેમની માહિતી આપી. અને પ્રસ્તાવ મુકયો કે આવી પાઠશાળાઓ ગામડે ગામડે શરૂ કરાવીને આપણા માર્ગના સંસ્કારો નાના બાળકોમાં જાગૃત કરાવવા જોઇએ એ મોટી સેવા છે. માટે વ્હાલા વાંચકો આપ પણ આવી પાઠશાળા શરૂ કરવાનો મનોરથ કરો અને આજુબાજુના વૈષ્ણવોના બાળકોને ભેગા કરી પાઠ શીખવાડો, વાર્તા-પ્રસંગો કહો. શ્રી ઠાકોરજીની લીલાની અને નટખટ માખણચોર કનૈયાની વાતો કહો. બાળકોને ખુબજ ગમશે અને તમને પણ આનંદ આવશે. સત્સંગનો લાભ મળશે. આપણી પાસે જે ભગવદ્ નામ સ્મરણનો સંગ્રહ હોય તેમાંથી બાળકોને આપીએ તો એ ઘટી નહીં જાય પરંતુ વધતું જ રહેશે. અને પ્રભુની કૃપાના દર્શન થશે. માટે અમારી આપ સર્વેને વિનંતી છે કે આપ પણ આવી પાઠશાળા શરૂ કરો અને તમારે ત્યાં પાઠશાળા શરૂ થાય તેની વધામણી અમોને જરૂર જણાવશો. આજે ઘણાયે વૈષ્ણવ

પરિવારોમાં તેમના બાળકોને આપણા માર્ગનું નામ શું છે, આપણો ધર્મ શું છે, આપણા આચાર્યશ્રી કોણ છે, એવી બાબતોની પણ જાણ નથી હોતી. તો આ બારે વડીલોએ આગળ આવી પુષ્ટિ માર્ગીય જ્ઞાન નવી પેઢીને આપી માર્ગની સેવા કરે એવી વિનંતી છે. આમાં સુરતની શુદ્ધાદ્વૈત પરિષદની પરીક્ષાનો કોર્ષ પણ રાખી શકાય છે.

આમ હવેલીમાં શયનના દર્શનનો સમય થયો. દર્શન કરી વળી પાછા અમો બસમાં ગોઠવાયા 'શ્રી વલ્લભાધીશકી જય'ના નાદ સાથે બસ શરૂ થઇ. રીળ–પદ, સ્તોત્ર-પાઠની અંતાક્ષરીની રમત તથા શ્રી સ્વરૂપોના નામની અંતાક્ષરી રમાડી પછી સુંદર રાગે ધોળ ગવડાવ્યા. શ્રી ગોપીગીત ગવડાવ્યું અને શ્રી ગોવર્ધનવાસીનું પદ ગાયું. આવો આનંદ માણી રાત્રે રાજકોટ અમારે સ્થાને આવી પહોંચ્યા.

આ બેઠકજીની યાત્રા અમારે માટે અવિસ્મરણીય બની રહેશે. પ્રભુ ફરી હવે કયારે આવી કૃપા કરશે તેની રાહ જોઇ રહ્યા છીએ.

(અહેવાલ : શ્રીમતી કુમુદિનીબેન સોની)

* * *

શ્રદ્ધાંજલિ

શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિનાં ઉપપ્રમુખ છબીલદાસ ત્રીભોવનદાસ કેસરીયા ઉમર વર્ષ ૬૨ દિનાંક ૨૬–૧૧–૯૦ ને સોમવારના રોજ શ્રીજી ચરણ પામતાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત 'શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ" દુ:ખની લાગણી અનુભવે છે.

સદગત શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના સ્થાપનાં સમયથી એટલે કે છેલ્લા દશ વર્ષથી "શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ" નાં ઉપપ્રમુખ પદે રહી સેવા આપી રહ્યા હતાં. તથા પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત થતા માસિક શ્રીવલ્લભ સુધા માસિકનાં ગ્રાહકો બનાવવા સંસ્થાને જરૂરી આર્થીક સહાય પ્રાપ્ત કરાવવા તેમજ સંસ્થાનાં અન્ય પ્રકાશનોમાં માર્ગદર્શન આપી સહયોગી બની રહયા હતા,

સદગત આ સિવાય પણ રાજકોટનાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય દ્વારા શ્રી જસુબાઇ કાથડ ટ્રસ્ટ સંચાલીત મણીબેન પોપટલાલ કેસરીયા મંડાણનું મકાન પ્રાપ્ત કરવાથી માંડીને ફરી નવનીર્મીત કરવાના કાર્યમાં ટ્રસ્ટનાં મંત્રીપદે સેવા આપી પુષ્ટિ સંપ્રદાયની અનન્ય સેવા કરેલ છે.

સદગતનું નિધન થવાથી તેમના પરિવારને તો દુ:ખ થાય પરંતુ રાજકોટનો સમગ્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખા **શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ :** શ્રી જસુબાઇ કાથડ ટ્રસ્ટ તેમજ અન્ય સાંપ્રદાયીક સંસ્થાઓ દુ:ખની લાગણી સાથે શ્રદ્ધાજલી અર્પણ કરે છે.

આ માસના ઉત્સવ

પોષ વદ ૧૧ તા. ૧૧-૧-૯૧ શુક્રવાર. ષટ્તિલા એકાદશી વ્રત, તલનો ભોગ ધરવો, દાન આપવું.

પોષ વદ ૧૨ તા. ૧૨-૧-૯૧ શનિવાર. ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મદિન. (સં. ૧૯૦૧)

પોષ વદ ૧૩ તા. ૧૩-૧-૯૧ રવિવાર. ભોગી, ધનુર્માસ સમાપ્તિ.

પોષ વદ ૧૪ તા. ૧૪-૧-૯૧ સોમવાર. મકરસંક્રાંતિ, પુણ્યકાળ બપોરે ૨-૪૫ સુધી છે, તિલવા ભોગ ધરવા.

મહા સુદ ૨ તા. ૧૭-૧-૯૧ ગુરુવાર. ચંદ્રદર્શન, શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ, શ્રી લાડુબેટીજી મંદિર-મુંબઇ.

મહા સુદ ૪ તા. ૨૦-૧-૯૧ રવિવાર. શ્રી મુકુંદરાયજીનો પાટોત્સવ (કાશી). મહાનુભાવ શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧). ગો. શ્રી યોગેશબાવા (કામવન) તથા ગો. શ્રી કૃષ્ણકુમારબાવા (મથુરા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૨૧-૧-૯૧ સોમવાર. વસંતપંચમી, શ્રી મદનમોહનજી (શેઠ પુરુષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તેનો પાટોત્સવ (પોરબંદર).

મહા સુદ ૬ તા. ૨૨-૧-૯૧ મંગળવાર. શ્રી યશોદાજીનો જન્મદિન, ગો. શ્રી રાજકુમારજી (અનિરુદ્ધલાલજી) મહારાજ (મુંબઇ)નો તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

મહા સુદ ૭ તા. ૨૩-૧-૯૧ બુધવાર. ગો. શ્રી માધવરાયજી મહારાજ (વેરાવલ)નો જન્મદિન (આઠમનો ક્ષય હોવાથી આજે).

મહા સુદ ૧૧ તા. ૨૬-૧-૯૧ શનિવાર. જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૨૭-૧-૯૧ રવિવાર. શ્રી લાડીલેશજીનો પાટોત્સ (વેરાવળ).

મહા સુદ ૧૩ તા. ૨૮-૧-૯૧ સોમવાર. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (કામવન)નાં જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૩૦-૧-૯૧ બુધવાર. હોરી દંડારોપણ સાંજે, ધમારનો પ્રારંભ, માઘસ્નાન સમાપ્ત, ખેલના પદ.

મહા વદ ૩ તા. ૧-૨-૯૧ શુક્રવાર. ગો. શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજ (ચાંપાસેની)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૨-૨-૯૧ શનિવાર. ગો. શ્રી નૃત્યગોપાલ મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૩-૨-૯૧ રવિવાર. શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ. ગો. શ્રી કલ્યાણરાય બાવા (સુરત)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૪-૨-૯૧ સોમવાર. ગો. ચિ. રસિક પ્રિતમજીબાવા (વીરમગામ)નો તથા ગો. ચિ શ્રી રઘુનાથજી બાવા મુંબઇનો જન્મદિન.

મહા વદ ૭ તા. ૫-૨-૯૧ મંગળવાર. શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા).

મહા વદ ૯ તા. ૮-૨-૯૧ શુક્રવાર. ગો. શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજ (માંડવી)નો તથા ગો. ચિ. શ્રી યદુનાથબાવા (મુંબઇ)નો અને ગો. શ્રી ગોપાલલાલ બાવા (મથુરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૯-૨-૯૧ શનિવાર. ગો. શ્રી રાજેશબાવા (કોટા)નો જન્મદિન.

(૧) ખેલ ખેલે છે કુંજ-નિકુંજમાં રે લોલ...!

લાલો લાલી ખેલે છે રંગમાં રે લોલ, સખા સખીજનોનો સંગમાં રે લોલ.... ૧
ખેલ ખેલે છે કુંજ-નિકુંજમાં રે લોલ, લાડ નંદજીનો લાલો લડાવે રે લોલ.... ૨
લાલો લાડીલા નામે બોલાવે રે લોલ, સખા સખીજનોને હુલરાવે રે લોલ.... ૩
મુરલીની સુધાનો રસ પાવે રે લોલ, કહી કોઇને ‘શુક’ બોલાવે રે લોલ ... ૪
કહી ‘નારદ’ ‘સનકાદિ’ હુલરાવે રે લોલ, હસી નિરખી મધુરું બોલાવે રે લોલ.... ૫
કહી કોઇને ‘રંગીલી’ હુલરાવે રે લોલ, કહી છેલ ‘છબીલી’ બોલાવે રે લોલ.... ૬
ઘેરે સખીજનોને પ્રીતિ ભાવે રે લોલ, કહી ‘ઓરી’ ‘ભોરી’ બોલાવે રે લોલ.... ૭
‘ગોરા’ ‘છોરી’ કહી હુલરાવે રે લોલ, લાલો લાલી ખેલે છે રંગમાં રે લોલ.... ૮
સખા સખીજનોના સંગમાં રે લોલ, ખેલ ખેલે છે કુંજ-નિકુંજમાં રે લોલ.... ૯

–પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

(૨) લીલા લહેર...

[ઢાળ : મેરે આંગણમેં ...]

વલ્લભ તારી બેઠક પર અમને લીલા લ્હેર છે,
શ્રીજી તારા મંદિરમાં અમને લીલા લ્હેર છે....
બસો બાવન તાર્યા ચોરાસીને ઉગાર્યા, સેવક બનવામાં પ્રભુ તારી અમને મહેર છે....શ્રીજી૦
ચોરાસી બેઠકની યાત્રાઓ થાય છે, ઝારીજી ભરવામાં પ્રભુ વલ્લભની મહેર છે....શ્રીજી૦
સાત સ્વરૂપ સાત નિધિની સેવા. મિસરીના ભાવ થકી સેવામાં લ્હેર છે....શ્રીજી૦
યમુનાજીના ઘાટે ને વૃંદાવનની વાટે, શામળીયાની સાથે મને રાસ રમવાની લ્હેર છે....શ્રીજી૦
‘**લક્ષ્મી**’ના નાથ પ્રભુ વહેલા પધારજો, કૃપા કરીને મને દર્શનમાં લીલા લ્હેર છે....શ્રીજી૦

–શ્રીમતી લક્ષ્મીબેન અશ્વિન દેસાઈ, અમદાવાદ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક –રવજી પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥



શ્રીવલ્લભસુધા

હોરી ખેલ

[રાગ–કાફી]

પ્યારે, હોરી આઇ !
કેસરી રંગ ભરી ભરી પિચકારી, અબીર–ગુલાલ જુ લાઇ ॥૧॥

ગૃહ ગૃહ તેં બની બની બ્રજ–બનિતા, સુની સુની સબ ઉઠી ધાઇ ।
બાજત તાલ – મૃદંગ – બિન – ડફ, ગાવત ફાગ સુહાઇ ॥૨॥

આંખ આંજિ મુખ માંડી ભલી વિધ, કરી હૈં સબ મન ભાઈ ।
'ચંદસખી' હિત બાલકૃષ્ણ પ્રભુ, હંસી હરિ રીઝી રીઝાઇ ॥૩॥

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૧૧ ❖ ફેબ્રુઆરી, ૧૯૯૧

શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ એપ્રિલ ૯૧થી રૂ. ૨૦ * આજીવન એપ્રિલ ૯૧ થી રૂ. ૨૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

(ત્રીજા ટાઈટલથી ચાલુ)

C/o એમ. કે બાલધા
૭, ભવાની શોપીંગ સેન્ટર
માતાવાડી મેઈન રોડ, પ્રથમ માળે
વરાછા રોડ સુરત-૬

૨૯ શ્રી મનસુખલાલ કરશનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન
હળવદ

૩૦ શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
કંસારા બજાર, વાંકાનેર

૩૧ શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ
વડોદરા-૩૯૦૦૧૭

રાજકોટમાં નીચેના સ્થળોએ
',શ્રી વલ્લભ સુધા"નું લવાજમ લેવાય છે.

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા-રાજકોટ

૨ શ્રી મનસુખભાઈ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી પ્રભુદાસ તુલસીદાસ પડીયા
દરબારગઢ પાસે, ભટ્ટ શેરી સામે

૪ શ્રી વેણીભાઈ પ્રભુદાસ પારેખ
શ્રી ત્રિકમરાયજીની હવેલી
જાગનાથ પ્લોટ

૫ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o સંજય ગેસ સર્વીસ
રજની બિલ્ડીંગવાળી શેરી
ભૂપેન્દ્ર રોડ

૬ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫. ન્યૂ. જાગનાથ

૭ શ્રી વસંતભાઈ એન. વોરા
C/o વોરા એન્ડ કું.
દુર્લભ ચેંબર, ઢેબરભાઈ રોડ

૮ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
"લલિત કુંજ" ૪, કોલાસવાડી
જંકશન પ્લોટ

૯ શ્રી હેમતભાઈ પટેલ
C/o શ્રી કૃષ્ણ સીમેન્ટ એજન્સી
૪, વૈશાલીનગર, આમ્રપાલી સીનેમા સામે

૧૦ શ્રીમતી હર્ષાબેન એચ. ઠકકર
'આનંદ' જલારામ-૨, ગણેશ વાડી સામે

૧૧ શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે
ભકિતનગર, ગોડાઉન રોડ
કલ્યાણ સોસાયટી પાછળ

૧૨ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ
રૈયા રોડ

ચાલુ વર્ષના ગ્રાહકોને સૂચના

શ્રી વલ્લભસુધાના નવા વર્ષે ૯૧/૯૨નું વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- વીસ કરવામાં આવેલ છે તેની જાણ ગત અંકમાં કરવામાં આવેલ છે તે છતાં ઘણાં ગ્રાહકોએ રૂા. ૧૫ પંદર મોકલાવેલ છે તો બાકીના રૂા. ૫ પાંચ વહેલીતકે કાર્યાલયમાં જમા કરાવી સહકાર આપવા વિનંતિ છે

મુખિયાજીની જરૂરત છે

રાજકોટના વલ્લભીવૈષ્ણવ મંડાણ માટે બ્રાહ્મણ મુખિયાજીની જરૂરત છે તો આ શરનામે પત્ર-સંપર્ક કરવો.

શ્રી જશુભાઇ કાથડ ટ્રસ્ટ સંચાલિત શ્રી મણીબેન
કેશરીયા વલ્લભીવૈષ્ણવ મંડાણ.
લાલજી પારેખની શેરી, ખત્રીવાડ, રાજકોટ. ૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૧૧ ✻ ફેબ્રુઆરી, ૧૯૯૧

॥ શ્રી વલ્લભઃ ॥

પુષ્ટિમાર્ગમેં વરણ (બ્રહ્મસંબંધ)કી પ્રમુખતા

પ્રવકતા : નિ. લિ. ગો. **શ્રી પુરૂષોતમલાલજી મહારાજ** (કોટા)
સંપાદક : ગો. **શ્રી ગોપાલલાલજી મહારાજ** (કોટા)
અનુવાદક : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા,** આંખના સર્જન,

ભાગ્યવાન શ્રોતાજનો

આપણે ભગવાનની કથા તથા તેની લીલાઓ સંભાળીએ છીએ. સાંભળવું એ ખુબજ આવશ્યક છે. જે વસ્તુનો અનુભવ આપણે કરવાનો છે, તેનો પરિચય મેળવવો જોઇએ. પરિચય વગર તેની તરફ જઈ શકાય નહીં. તેથી જ એ પરમ આવશ્ય કહેવાય છે કે હૃદયમાં સત્સંગ દ્વારા ભગવત્ સ્વરૂપનું જ્ઞાન થાય. ભગવાન સાથે સંબંધ જોડવો છે તો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોવું આવશ્યક છે. જ્ઞાન જ ન હોય તો સંબંધ કોની સાથે જોડીશું ? ભગવાનનું જ્ઞાન થાય ત્યારે તો તેની સાથે સંબંધ જોડાઇ શકશે. જ્ઞાન જ ન હોય તો અજ્ઞાત વિષયનો સંબંધ કેવો !

અજ્ઞાત વિષય સાથે સંબંધ થઇ જ ન શકે. જાણીતા પદાર્થમાં જ આપણી રૂચિ અને પ્રવૃત્તિ હોય છે. અજ્ઞાત પદાર્થમાં રૂચિ ન થઇ શકે, કારણ કે આપણે

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ઘોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
* **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

દેહ ધારી છીએ, દેહધારી હોવાને કારણે અજ્ઞાત પદાર્થનો અનુભવ આપણે નથી કરી શકતા. આપણો પ્રયાસ લૌકિક છે. આપણી દૃષ્ટિ લૌકિક છે. તેથી અલૌકિક પદાર્થનો જો આપણે અનુભવ પ્રાપ્ત કરવો હોય તો પહેલા તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. જ્ઞાનનો અર્થ અહીં આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાન સમજવાનો નથી, પણ ભગવત તત્ત્વનું જ્ઞાન એમ સમજવાનું છે.

આત્મજ્ઞાન પણ જ્ઞાન છે. બ્રહ્મજ્ઞાન પણ જ્ઞાન છે. પરંતુ આપણે ત્યાં આચાર્ય ચરણોએ તત્ત્વજ્ઞાનને મહત્વ આપેલ છે. તત્વને જાણો આમ તો પાંચ તત્વ છે, ચોવીસ તત્વ છે, શાસ્ત્રોમાં અનેક તત્વોની ગણત્રી જુદા જુદા પ્રકારે બતાવી છે. આપણે અહીં જે તત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે એક તત્વ છે, અનેક નહીં. એ તત્વને બ્રહ્મ કહે છે, તેને પરમાત્મા કહે છે અને તેને ભગવાન પણ કહે છે વેદોમાં તેને બ્રહ્મ કહ્યું છે, સ્મૃતિઓમાં તે તત્વને પરમાત્મા કહેલ છે અને પુરાણોમાં તેનું નામ ભગવાન બતાવેલ છે.

અહીં બ્રહ્મ દ્વારા આપણે બીજા કોઇ પદાર્થનો વિચાર ન કરવો જોઇએ. પરમાત્મા શબ્દ દ્વારા પણ બીજા કોઇ પદાર્થનો વિચાર કરવાની જરૂરત નથી અને ભગવાન શબ્દ દ્વારા પણ નહી. ભગવાન શ્રીકૃષ્ણ આપણા પરમ તત્વ છે. તે જ સર્વસ્વ છે. તેને જ બ્રહ્મ, પરમાત્મા તથા ભગવાન કહેલ છે. તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું જાઇએ. કહી તો શકાય કે અહીં જ્ઞાનની શું જરૂરત છે ? શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા સમજાવેલ છે. એ તો છે જ કે આપણા અનુભવથી આપણે જાણી શકીએ છીએ કે જ્ઞાન વગર કામ ચાલતું નથી, વ્યવહાર ચાલતો નથી, જ્ઞાન વગર પરમાર્થ પણ નથી ચાલતો.

પરમ અર્થને જાણીશું ત્યારે તો તેને પ્રાપ્ત કરવાની ઇચ્છા થશે પરમાર્થને જાણીએ જ નહી, સમજીએ નહીં તો ત્યાં જવાનું કોઈ પ્રયોજન જ ન રહે. જાણીતી વસ્તુમાં જ માનવની પ્રવૃત્તિ થાય છે. અજાણીમાં નહીં. તો અહીં આપણે ભગવત્ તત્વનો અનુભવ પ્રાપ્ત કરવો છે. જ્યારે ભગવત્ તત્વનું જ્ઞાન થશે ત્યારે તેની મહાનતાનું જ્ઞાન થશે. ભગવત્ તત્વ કેટલું મહાન છે તેની જાણકારી જ્ઞાન વગર ન થઇ શકે. જ્યાં જ્ઞાનને ગૌણ માનેલ છે કે અમાન્ય કરેલ છે ત્યાં એમ સમજવું જોઇએ કે ત્યાં શુષ્ક જ્ઞાનનું જ ધ્યેય છે. ફક્ત શુષ્ક જ્ઞાન આપણું ધ્યેય નથી, બલ્કે ભગવાનનું જે સરસ તત્વ છે, તે આપણું ધ્યેય છે. તેને આપણે પ્રાપ્ત કરવાનું છે. પ્રાપ્ત કરવા યોગ્ય તે જ છે, બાકી બધું ત્યાગને લાયક છે.

તે પ્રાપ્ત કરવા યોગ્ય તત્વ છે જેને આપણે પ્રાપ્ત કરવું છે અને પ્રાપ્ત કર્યા વગર સંબંધ હોય નહીં. જેને જાણ્યું નહી, ઓળખ્યું નહી તેનાથી સંબંધ કેવો ? અહીં જે બ્રહ્મસંબંધની પ્રક્રિયાનું વર્ણન છે તે સંબંધનું ધ્યેય છે. સંબંધનો અર્થ શું ? સ્વીકાર કરવું, અંગીકાર કરવું. સંબંધ બે રીતે થાય છે. જીવ પણ અંગીકાર કરે છે, ભગવાન પણ અંગીકાર કરે છે. શાસ્ત્રોમાં સંબંધની બે પ્રક્રિયા પ્રચલિત છે. આચાર્યચરણે પણ તેને સમજાવેલ છે. એક તો જીવ

ભગવાનને અંગીકાર કરે અને બીજો પ્રકાર એ છે કે ભગવાન જીવને અંગીકાર કરે. બન્ને પ્રકાર ખૂબ જ મહત્વના છે. એક પણ ઉપેક્ષા કરવા યોગ્ય નથી.

કેટલાક લોકો એમ કહી દે છે કે આપણા અંગીકાર કરવાથી શું થાય ? ભગવાન અંગીકાર કરે તો કાર્ય સિદ્ધ થાય. આવું કેટલાક લોકો કહી દે છે. તેમનું આ કથન કયા પ્રકારનું છે કે જે પોતાના ઉપર જવાબદારી છે તેનાથી મુકત થવાનો પ્રયાસ છે. જે જવાબદારી ભગવાને આપણને સોંપી છે તેમાંથી મુકત થઇ જવું. આપણી જવાબદારી ભગવાન ઉપર નાખી દેવી. જે આપણે કરવાનું છે તે બધું ભગવાન કરશે, આપણે શા માટે કરવું ? આ પ્રકારની ભાવના કેટલાક લોકોની થઇ ગઇ છે. આ ભાવના યોગ્ય નથી. અનિષ્ઠ કરવાવાળી છે. દુનિયાના બધા કામ કરવા માટે આપણી પાસે અવકાશ છે, સમય છે, પ્રયત્ન પણ છે. ભગવાન અંગીકાર કરશે એમ માનીને આપણે ઘરનું કામ છોડી નથી દેતા. શું છોડી દઇએ ? નથી છોડતા, આતો પોતાની જવાબદારીમાંથી મુક્ત થવાનું એક બહાનું છે કે ભગવાન અંગીકાર કરશે ત્યારે કંઇક થશે. આપણા કરવાથી શું થાય છે ? ભગવાન ખવડાવશે ત્યારે તમે ખાશો ? તમારા ખાવાથી શું કંઇ નથી થતું ? ભગવાન આવીને પાણી પીવડાવશે ત્યારે તમે પાણી પીશો ? જાતે નહીં પીઓ ? શું આવું થાય છે ? નથી થતું.

કહેવાનું ધ્યેય એ છે કે ભગવાનનું અંગીકાર કરવું પણ અગત્યનું છે. અને જીવનું અંગીકાર કરવું પણ અગત્યનું છે. કોઇને ગૌણ માનો નહીં, સમજો નહીં. આ સાધારણ છે, તે મહાન છે એવું માનવા માટે કોઇ કારણ નથી. બને જ મહત્વપૂર્ણ છે. જીવે પણ અંગીકાર કરવાનું છે એ નિશ્ચિત વાત છે. દુનિયાની વસ્તુઓ આપણે અંગીકાર કરીએ છીએ, તેમને મેળવીએ છીએ. ધર્મ, કુટુંબ, ઘર આ બધાનો આપણે શું અંગીકાર કથી કરતાં ? દિવસ-રાત કરીએ છીએ. ભગવાનને અંગીકાર કરવાનો પ્રસંગ આવે, અથવા કોઇ કહે. તો આપણે કહી દઇએ છીએ કે ભગવાન અંગીકાર (સંબંધ) કરશે ત્યારે અમારો અંગીકાર (સંબંધ) થશે.

તો સંબંધમાં પહેલા આપણે આપણી જવાબદારી નિભાવવી પડશે. આપણે ભગવાનનો અંગીકાર કરવો છે. ભગવાન તો અંગીકાર કરે છે, ભગવાન તરફથી કોઇ ઉણપ નથી. ઉણપ આપણા તરફથી છે. આપણે જ ભગવાન તરફ ધ્યાન નથી આપતા. ભગવાન ઇચ્છે છે કે જીવ મારી તરફ આવે, આકર્ષિત થાય, ધ્યાન આપે પરંતુ આપણે જ ઉપેક્ષા કરીએ છીએ. આપણે ત્યાં ધ્યાન આપતા નથી. એ આપણો

લવાજમ ભરનારને ભેટ પુસ્તક

શ્રી વલ્લભ સુધાનું સને ૧૯૯૧-૯૨ નવા વર્ષનું લવાજમ રૂા. ૨૦/- વીસ તા. ૩૧-૩-૯૧ સુધીમાં જે કોઇ ભરશે તેમને ભેટ પુસ્તક અપાશે.

પ્રમાદ છે અને મોટો દોષ પણ છે, તેથી આપણે સાવધાન રહેવાનું છે.

સત્સંગ દ્વારા આપણે પ્રાપ્ત શું કરવું છે? ભગવાનને પ્રાપ્ત કરવા યોગ્ય સમજીને ભગવાનને પ્રાપ્ત કરવાના છે. સત્સંગનું ફળ શું છે? કે જીવ ભગવાનને પ્રાપ્ત કરી લે. દુનિયા ભરને અંગીકાર કરી લીધી બધું પ્રાપ્ત કરી લીધું. પરંતુ ભગવાન તરફ આપણને અભિરૂચિ ન થઇ, એ તરફ આપણે ન જઇ શકયા તો જીવનની સફળતા શું છે? જીવનની સફળતા ન થઇ શકે, ખાવું, પીવું, સુવું, ઘર ગૃહસ્થીનું કામ કરવું, એ તો પ્રાણી માત્ર કરે છે. માનવ જ કરતો હોય એવું કંઇ નથી. 'યથા બુદ્ધિ બલોદય' શક્તિ પ્રમાણે દરેક જીવ માત્ર કરે છે. જીવ માત્ર કુટુંબનું પોષણ નિર્વાહ કરે છે, કોણ નથી કરતુ? જો આપણે તેમાંજ અટવાઇ જઇએ, એમાં જ પડી રહીએ તો આપણા જીવનમાં અને અન્ય પ્રાણીઓના જીવનમાં ફરક શું રહેશે? માનવ તથા પશુમાં શું ફેર રહેશે પ્રાણનું જે જે પોષણ કરે તેને પશુ કહેવાય છે. ફક્ત પ્રાણનું પોષણ કરે, તેમાં જ લાગી રહે, તેનુ નામ પશુ છે. જો આપણે પણ પ્રાણના પોષણ માટે બધુ કરતા રહીએ, તો આપણામાં અને પશુમાં કોઇ ફરક રહી જતો નથી.

ભગવાને આપણને પરમ શ્રેષ્ઠ અધિકાર આપીને માનવ જન્મ આપેલ છે. તેની સફળતા એ છે કે આપણે ભગવાનને અંગીકાર કરીએ. ભગવાનને સ્વીકારીએ અંગીકાર કરવો એટલે સ્વીકાર કરવો. ભગવાનનો સ્વીકાર કરો કયા રૂપમાં સ્વીકાર કરવો! ફકત ભગવાનના રૂપે નહી કરો. ફકત ભગવાનના રૂપમાં સ્વીકાર કરશો તો કાર્ય પૂરૂં નહીં થાય.

ભગવાન અંગીકારણીય છે, અંગીકાર કરવા યોગ્ય છે. જે રીતે કન્યા વરને અંગીકાર કરે છે, તેવી રીતે જીવે પણ ભગવાનને અંગીકાર કરવાના છે, આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ. સામાન્ય રૂપથી અંગીકાર કરશો તો કામ નહીં ચાલે.

"સુહ્રદઃ સર્વભુતાનાં જ્ઞાત્વામાં શાંતિ મૃચ્છતિ" ભગવાન અત્યંત પ્રિય કરવા વાળા છે, હિતેચ્છુ છે, તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત કર્યા વગર આપણે શાંતિ પ્રાપ્ત નહી કરી શકીએ. તેમની નિકટતા વગર આપણે અશાંત રહીશું.

આ પ્રમાણે વિચાર જયારે હૃદયમાં આવશે ત્યારે તમે ભગવાન તરફ ગતિ કરી શકશો. તે સિવાય ગતિ થવી સંભવ નથી આચાર્ય ચરણોએ ભગવાનને અંગીકારણીય કહેલ છે. વેદોમા ગાયત્રીમાં પણ અંગીકારણીય (વરેણ્ય) શબ્દ પ્રયોગ છે.

ભગવાન કેવા છે! અંગીકારણ્ય છે. અર્થાત અંગીકાર કરવા યોગ્ય છે. પહેલા

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૧/-

પ. ભ. ચતુરાબેન લક્ષ્મીદાસ વનેચંદ રાજકોટના
જય શ્રીકૃષ્ણ હ. રમણિકલાલ તથા હીરાલાલ

અંગીકાર કરવા યોગ્ય ભગવાનને જ સમજો ત્યારે અંગીકાર કરી શકશો.

દુનિયાના પદાર્થોનોઃ સ્વીકાર કરીએ છીએ તેનો સંગ્રહ કરીએ છીએ, કારણ કે તેના સ્વરૂપને આપણે જાણીએ છીએ. તેનાથી વ્યવહાર ચાલે છે, તેથી તેનો સ્વીકાર કરીએ છીએ, અને ભગવાનનો સ્વીકાર કર્યાવગર પણ આપણું કામ ચાલે છે. તેથી આપણે એ તરફ ધ્યાન દેતા નથી. આ લોકોપયોગી પદાર્થો વગર આપણું કામ અટકી જાય છે. ધન ન સ્વીકારો કુટુંબ ન સ્વીકારો, શરીર ન સ્વીકારો તો કામ અટકી જાય છે. ભગવાનનો સ્વીકાર કર્યા વગર પણ કામ ચાલી જાય છે. આ પ્રકારની ભાવના જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી તમે ભગવાનનો સ્વીકાર નહીં કરી શકો.

ભગવાન તરફ આપણે જવાનું છે. ભગવાન વગર આપણે પૂર્ણ ન થઇ શકીએ. આપણે ગરીબ છીએ, ભગવાનને મેળવીને જ આપણે ધનવાન બની શકીશું. પરમ ધન ભગવાન છે. દુનિયાનો પૈસો પણ ધન છે? પરંતુ કેવું છે? અસ્થિર છે, ક્ષણિક છે અને ભય ઉત્પન્ન કરવા વાળું નથી, તે મહાન છે, ક્ષણિક નથી, નિત્ય છે. દુનિયાના પદાર્થોનો અંગીકાર ક્ષણિક છે, ભગવાનનો અંગીકાર નિત્ય છે.

આ પ્રકારની ભાવના આપણે હૃદયમાં લાવવાની છે. ભગવાનને આપણે જરૂર ચાહીએ છીએ. કોણ નથી ચાહતું! જે આસ્તિક છે અને ભગવાનની ભકિત માર્ગમાં આવ્યા છે તે બધા ભગવાનને ચાહે છે. પરંતુ ભગવાનને ચાહવાનું માત્ર વાતોનો વિષય બની જાય છે.

શાસ્ત્રોએ કહ્યું છે, માટે ભગવાનને ચાહો, જ્ઞાનીઓએ ઉપદેશ આપ્યો છે માટે ભગવાનને ચાહો આ એક અલગ વાત છે.

ભગવાનનું સ્વરૂપ અંગીકારણીય છે, અંગીકાર કરવા યોગ્ય છે, તેઓ પરમ સુંદર હૃદય વાળા છે, તેમજ તેમનું બધુંજ મધુરમાં અતિ મધુર છે. આ વાત બરોબર નહીં સમજો તો કાર્ય સિદ્ધ નહીં થાય. તેથીજ આપણે બધાએ સત્સંગ કરવો જોઇએ. સત્સંગ આપણે એ માટે કરવો જોઇએ કે આપણે ભગવાનને અંગીકારણીય બનાવીએ. ભગવાન આપણા અંગીકારણીય બની જાય એવી અભિલાષા જાગૃત થઈ જાય કે ભગવાન વગર આપણે એકલા છીએ, અટુલા છીએ, ગરીબ છીએ અને શુષ્ક છીએ. આ વાત જાણવાનો, સમજવાનો પ્રયાસ દરેક સત્સંગ કરવાવાળાએ કરવો જોઇએ. દુનિયાના સ્વરૂપને આપણે જાણીએ છીએ તેથી આપણું આકર્ષણ ત્યાં છે. ભગવાનના સ્વરૂપને જાણ્યું નહી તેથી ત્યાં આકર્ષણ નથી.

ભગવાનના સ્વરૂપને જાણવાની ઇચ્છા સર્વ પ્રથમ જાગૃત થવી જોઇએ. ભગવાનના સ્વરૂપને શા માટે જાણવું જોઇએ? તેની જરૂર શું છે? એ સમજવું જોઇએ. જીવનનું પરમ ફળ આ છે. જ્યાં સુધી આ નહી માનીએ ત્યાં સુધી ભગવાનને સ્વીકારવાની વાસ્તવિક અભિલાષા જાગૃત નહીં થાય, તેથી સત્સંગ મારફત આપણે પ્રાપ્ત કરવાનું છે. ભગવાનને અંગીકરણીય બનાવવા છે. આ સત્સંગ દ્વારાં જ સંભવ છે.

દુનિયાનું જે શિક્ષણ છે, દુનિયાનો જે સંગ છે તે તો આપણને ભગવાનથી બહિર્મુખ બનાવવાવાળો છે તેથી બહિર્મુખતાના કારણે છોડી એક માત્ર ભગવાનનો જ સ્વીકાર કરવો એ જીવનનું પરમ લક્ષ્ય છે. પરમ ફળ છે.

[પ્રથમ પ્રવચન સમાપ્ત]

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

-ગતાંકથી ચાલુ

ય ઇદં પરમ ગુહ્યં, મદ્‌ભકતેષ્વભિધાસ્યતિ ।
ભક્તિમયિ પરાંકૃત્વા, મામેવૈષ્યત્ય સંશયઃ ॥૬૮॥

શ્લોકાર્થ-જે મનુષ્ય આ પરમ ગુહ્ય શાસ્ત્રને મારા ભકતોને કહેશે તે મારી પરમ ભક્તિ કરીને મને જ પ્રાપ્ત કરશે પોતે જ સંદેહ રહિત બનીને ૬૮

ટીકા-આવા દોષથી ભરેલા મનુષ્યોને આ શાસ્ત્ર ન કહેવું અને આ દોષોથી રહિતને સર્વથા એમ આ ઉપદેશનું ફળ કહે છે. જે કોઈ દુર્લભ મનુષ્ય મારી ભકિતના રસથી ભરેલા આ પહેલાંના શ્લોકમાં કહેલ પરમ (મોટામાં મોટું શ્રેષ્ઠ) ગુહ્ય (ગોપન કરવા જેવું છુપાવીને જાળવી રાખવા જેવું) જ્ઞાન અગાઉ જણાવેલા દોષ રહિત અને તેવા ગુણ સંપન્નને (એટલે ઉપર કહેલા ગુણોને સારી રીતે સારા અથવા ઘણા પ્રમાણમાં ધરાવનાર લોકોને) કહેશે તો શ્રોતા (સાંભળનાર) તથા વકતા (કહેનાર) આના શ્રવણથી સંદેહ રહિત થઇને સર્વોત્કૃષ્ટ પૂર્વોક્ત મારી ભકિત કરીને (પામીને) મને જ પ્રાપ્ત કરશે. ૬૮

ન ચ તસ્માન્મનુષ્યેષુ, કશ્ચિન્મે પ્રિયકૃતમઃ ।
ભવિતાન ચ મે તસ્માદન્યઃ પ્રિયતરો ભુવિ ॥૬૯॥

શ્લોકાર્થ-તેથી મનુષ્યોમાં આ વકતા (ભકતોને જ્ઞાન-શાસ્ત્ર-કહેનાર) કરતાં અધિક પ્રિય બીજો કોઈ નથી. ૬૯

અધ્યષ્તે ચ ય ઇમં, ધર્મ્યં સંવાદ માવયોઃ ।
જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ॥૭૦॥

શ્લોકાર્થ-આપણા બેનો (શ્રીકૃષ્ણ તથા અર્જુનનો) આ ધર્મ યુકત (અથવા ધર્મોત્પાદક) સંવાદ ધ્યાનમાં બેસીને જપરૂપે જે મનુષ્ય પાઠ કરશે તેના વડે જ્ઞાન યજ્ઞથી હું તેને પ્રિય થઇશ એમ અર્થ છે. ઇતિ એટલે આ પ્રકારની મારી મતિ એટલે બુદ્ધિ છે. ૭૦

ટીકા-આ પ્રમાણે ઉપદેશ કરનારનું તથા શ્રોતાનું ફળ બતાવ્યા પછી પાઠ કરનારનું ફળ કહે છે શ્રીકૃષ્ણ અર્જુનનો આ ધર્મ યુકત અથવા તો ધર્મનો ઉત્પાદક જે સંવાદ પ્રશ્નો તથા ઉત્તરો સહિત ગીતાજીમાં આવેલો છે અને વદનાત્મક (કથનરૂપ) છે, તેનો જે મનુષ્ય ધ્યાન ધરીને જપ રૂપે પાઠ કરશે, તેના અધ્યયનથી (પાઠથી) સર્વ યજ્ઞોમાં શ્રેષ્ઠ એવા જ્ઞાન યજ્ઞથી હું તેને પ્રિય થઇશ એમ અર્થ છે. આ પ્રમાણે મારી મતિ (એટલે બુદ્ધિ) છે. પોતાની મતિ છે એમ કહીને એના પાઠનું આવશ્યકપણું (જરૂરિયાત-મહત્ત્વ) તથા એ પાઠ કરવામાં આવે તો પોતાના પ્રસાદ-પ્રસન્નતાનું અવશ્યપણું (ગેરંટી !) જણાવ્યું છે એ ભાવાર્થ છે. ૭૦

શ્રદ્ધાવાન ન સૂર્યશ્ચ, શૃણુયાદપિ યો નરઃ ।
સોપિ મુક્તઃશુભાન્ લોકાન્ પ્રાપ્નુયાત્પુણ્ય કર્મણામ્ ॥૭૧॥

શ્લોકાર્થ-જે મનુષ્ય શ્રદ્ધા (આસ્થા) વાળો થઇને (માત્ર) સાંભળે પણ (ભલે અર્થ ન જાણ્યો હોય તો પણ) એ મનુષ્ય મુક્ત બની જાય છે અને પુણ્ય કરનારાઓને મળતા શુભલોકને-સ્વર્ગાદિને-પામે છે. ૭૧

ટીકા-આ પ્રમાણે જ્ઞાનપૂર્વક એક જણ પાઠ કરતો હોય અને બીજો સાંભળતો હોય તેને પણ ફળ મળે છે એમ જણાવતાં કહે છે. જે માણસ શ્રદ્ધાવાળો હોય અને આ સંવાદ (પાઠ) ના શ્રવણથી હું કૃતાર્થ થઇશ એમ આદરથી માનતો હોય તે પણ ભલે અર્થને જાણ્યા વગર માત્ર સંભાળે તે સારા (શુભ) તથા મોક્ષને અપાવનાર લોકોને પામે છે. જ્યારે પેલો દંભ કરનારો મોટે મોટે અવાજે પાઠ કરતો હોય તે પાંખડી છે. જ્યારે દંભ વગરના માણસ સારી રીતે ગીતાજીનો પાઠ કરે અને મનથી પણ અનુમોદન આપે છે એ પણ સંસારથી મુક્ત છે અને પુણ્ય કરનારાઓના લોકને-સ્વર્ગાદિલોકને પામે છે ૭૧

કચ્ચિદેતચ્શ્રુતં પાર્થ, ત્વયૈકાગ્રણ ચેતસા ।
કચ્ચિદજ્ઞાન સંમોહઃ, પ્રણષ્ટસ્તે ધનજય ॥૭૨॥

શ્લોકાર્થ-હે પાર્થ ! તે એકાગ્ર ચિત્તથી આ (જે મેં કહ્યું તે) સાંભળ્યું ને ? હે ધનંજય ! તારો અજ્ઞાન-જનિત મોહ પુરો પુરો નાશ પામ્યોને ! ૭૨.

ટીકા-આ રીતે સંસારમાંથી મુકિત, શુભ લોકની પ્રાપ્તિ તથા મોહનો નાશ થાય છે અને તે પણ શ્રી ભગવાનના મુખથી બોલાયેલા જ્ઞાન વચનોના) શ્રવણ કરવાથી અર્જુનને તો એમ થયું જ એ પછી ફરીથી યુદ્ધ વગેરે કર્યું તેથી, પરંતુ અન્યનું કેમ થાય ? તેથી બહિર્મુખ હોવાની શંકાને દૂર કરતાં ભગવાન અર્જુનને પૂછે છે-હે પાર્થ ! શ્રદ્ધાપુર્વક આ શ્રવણ યોગ્ય છે ? એમ પ્રશ્નાર્થ છે. તેં એકાગ્ર ચિત્તથી અને વિનમ્ર મનથી આ મેં જે કહ્યું તે સાંભળ્યું ? તેના શ્રવણથી હે ધનંજય ! તારો અજ્ઞાનથી-મારા સ્વરૂપથી પ્રેરાયેલો અજ્ઞાન જનિત જે સમોહ હતો-અસુરોને મારવાથી લાગતા પાપના વિચારથી પ્રકટ થયેલો સંમોહ (એટલે સારા પ્રકારનો) ભ્રમ દૂર થયો ને ? ૭૨.

અર્જુન ઉવાચ-અર્જુન બોલ્યા.

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા, ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોસ્મિ ગત સંદેહઃ, કરિષ્યે વચનં તવ ॥૭૩॥

શ્લોકાર્થ-હે અચ્યુત ! (એટલે) કોઇ પ્રકારની ચ્યુતિ-ભૂલ-ચૂક-ખોડ-ખાપણ-અધુરપ વગરના શ્રીકૃષ્ણ !) અજ્ઞાન જનિત મારો મોહ નાશ પામ્યો છે, આપના સ્વરૂપને જાણવારૂપ સ્મૃતિ પ્રાપ્ત થઇ છે. આપની કૃપાથી જ મને આ બધો લાભ થયો છે. મારો સંદેહ (શંકા ભ્રમ) દુર થયો છે. આપના કહ્યા પ્રમાણે અત્યારે હું કરીશ.

ટીકા-આવો પ્રશ્ન કરવામાં આવતાં જેનો મોહ નાશ પામ્યો છે એવો અર્જુન ઉત્તર આપે છે-કહે છે કે મારો અજ્ઞાન જનિત મોહ આપના વચનોના શ્રવણથી નાશ પામ્યો છે. હે અચ્યુત ! ચ્યુતિ રહિત ! અહંકાર તથા અજ્ઞાનથી રહિત થઇને આપની કૃપાથી આપના સ્વરૂપ જ્ઞાનરૂપી સ્મૃતિ મને પ્રાપ્ત થઇ છે "પ્રસાદાત્" એમ કહીને એમ સુચવે છે કે એવી સ્મૃતિ સાધનોથી મેળવી શકાતી નથી.

તેથી હું જે આપનો દાસ છું તેને માટે આપ જેવા પ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવું એજ ધર્મ છે અને બીજો કોઈ પણ ધર્મ-ધર્મનો વિચાર સુદ્ધાં નથી. આ પ્રમાણે મારો સંદેહ ભ્રમ-મોહ-નાશ પામતાં આપની સમક્ષ દાસ પણાની ભાવનાથી ઊભો છું એટલે હવે પહેલાં આપે કહેલું વચન-યુદ્ધાદિરૂપ-જે આપના ભકતોને માટે આપના ઉપદેશરૂપ છે તે કરીશ. ૭૩

સંજય ઉવાચ-સંજય બોલ્યા.

ઇત્યહં વાસુદેવસ્ય, પાર્થસ્ય ચ મહાત્મનઃ ।
સંવાદ મિમમ શ્રૌષમદ્ભુતં રોમહર્ષણમ્ ।।૭૪।।

શ્લોકાર્થ-આ પ્રમાણે શ્રીકૃષ્ણનો તથા મહાન આત્માવાળા અર્જુનનો આ અદ્ભૂત તથા રોમહર્ષણ (રૂંવાડાં ઊભાં કરી દે એવો) આનંદ તથા બોધ આપનાર, સંવાદ, મેં સાંભળ્યો. ૧૪

ટીકા-ધૃતરાષ્ટ્ર વડે પુછાયેલા, શ્રીકૃષ્ણ તથા અર્જુનના સંવાદને સંપુર્ણતા (જરાપણ બાકી રાખ્યા વગર) અને સફળતા પુર્વક કહી સંભળાવીને, ભગવાનમાં અસુયા (દ્વેષ-વૈર ભાવના પ્રેમભાવ) રાખનાર ધૃતરાષ્ટ્રના ફલાભાવને કહેવા માટે, અને પોતાને (સંજયને) તેની (ધૃતરાષ્ટ્રની) પાસે કથનની આવશ્યકતા દર્શાવવા માટે પોતાને (સંજયને) શ્રીકૃષ્ણ તથા અર્જુનના સંવાદના શ્રવણથી થયેલા આનંદના કારણના જ્ઞાપન કરવા (જણાવવા) માટે, પ્રસ્તુત કથાના અનુસંધાન પુર્વક, સંજય બોલ્યા કે-આ પ્રકારે હું તારો દ્વેષભર્યા સંબંધ યુકત (ભરેલો) હોવા છતાં મોક્ષ દાતા એવા શ્રીકૃષ્ણનો તથા મહાત્મા અને ભગવદ્ભકત એવા અર્જુનના આ (મેં પહેલાં કહ્યો તે) સંવાદ જે ઉત્તર તથા પ્રત્યુત્તરરૂપ છે અને જે અદ્ભુત છે. સંવાદને સાંભળ્યો. જે સંવાદ અલૌકિક (દિવ્ય) છે અને રોમહર્ષ (આનંદથી રૂવાડાં ઊભા કરે એવો) છે અને આનંદ ઉપજાવે એવો છે તે મેં સાંભળ્યો. ।૭૪।

વ્યાસપ્રસાદાત્ શ્રુત્વાને તદ્ ગુહ્યમહં પરમ્ ।
યોગં યોગેશ્વરાત્કૃષ્ણાત્ સાક્ષાત્કથયતઃ સ્વયમ્
।।૭૫।।

શ્લોકાર્થ : આ ગુહ્ય તથા પરમ એવા યોગને યોગેશ્વર એવા શ્રીકૃષ્ણે સાક્ષાત્ પોતે કહેલો (સ્વયં શ્રીમુખે જ કહેલો) તે વ્યાસજીની કૃપાથી હું સાંભળી શકયો છું. ।।૭૫।।

ટીકા : જો એવી શંકા કરવામાં આવે કે દ્વેષભાવવાળો સંબંધ હોવા છતાં કેવી રીતે સાંભળ્યું ? એ શંકાનું નિવારણ કરતા કહે છે કે ભગવાન સંબંધી જ્ઞાનના અવતાર એવા વ્યાસજીની કૃપાથી- આંખ તથા કાન વગેરે ઇન્દ્રિયો વ્યાસજીએ અલૌકિક (દિવ્ય) આપ્યા તેથી સાંભળી શકયો- એ શું સાંભળ્યું તેના ઉત્તરમાં કહે છે કે આ પરિદશ્યમાન (આસપાસ સર્વત્ર દેખાય છે તે) ગુહ્ય-ગોપ્ય-છુપાવી રાખવા જેવું-પરમ-સર્વશ્રેષ્ઠ યોગનું શાસ્ત્ર યોગેશ્વર એવા શ્રીકૃષ્ણે સાક્ષાત્ (નજર સામે પ્રત્યક્ષ) પોતે સ્વયં કહેલું મેં સાંભળ્યું. ।।૭૫।।

-ક્રમશઃ

વૈષ્ણવતાનો દીવડો

[ગો. વા. પ. ભ. વૈષ્ણવ શ્રી રવજીભાઇ મિસ્ત્રીનું જીવન વૃત્તાંત]

પ્રા. એમ. આર. પાલેજા, રાજપીપળા

શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું

(ગતાંકથી ચાલુ)

રવજીભાઇએ શાળાનું પ્રાથમિક શિક્ષણ લીધું. ભણતર ઝાઝું નહીં છતાં ધર્મપ્રેમી માતાના સંસ્કાર ઝીલ્યા હતા અને બાલપણમાં ધાર્મિક વાતાવરણમાં એ પનપ્યા હતા. આ સમયે રવજીભાઇના એક કાકા મુંબઇ રહેતા હતા. કાકા–કાકી બંને પુષ્ટિમાર્ગી હતા અને તિલક–માલા સહિત શ્રીનાથજીની સેવા કરતા હતા. કાકને રવજીભાઇ પ્રત્યે સ્નેહ હતો, આથી રવજીની ઉંમર લગભગ ચૌદ વર્ષની થઇ ત્યારે કાકાએ તેમને મિસ્ત્રીનું કામ શીખવા મુંબઇ તેડાવી લીધા. જે જીવમાં પુષ્ટિનું બીજ હોય છે તે જીવને પરમકૃપાળુ શ્રી બાલકૃષ્ણ પ્રભુ પોતાના પ્રતિ આકર્ષ્યા–ખેંચ્યા વગર રહે નથી આથી રવજીભાઇ, ગંગામાં અને રવજીભાઇના અમરેલીવાળા કાકા–કાકી બધા મુંબઇ આવ્યા.

મુંબઇમાં રવજીભાઇએ કેસરિયા મંડળીના દર્શન કર્યાં. કાકા સાથે રહી તેમણે પુષ્ટિમાર્ગીય મંદિરોનાં દર્શન કર્યાં સંવત ૧૯૮૧ ના એક શુભ દિને રવજી, ગંગામા તથા અમરેલીવાળા કાકા–કાકીને શ્રી દાઉજી મંદિરમાં લઇ જઇ મુંબઇવાળા કાકાએ પરમ પૂજ્ય ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી પાસેથી શ્રી પ્રભુ સન્મુખ બ્રહ્મસંબંધ કરાવ્યો નીજ ગુરુદેવની અલૌકિક અને બ્રહ્મતેજોમય મુખમુદ્રા જોતાં રવજીના હૃદયમા પ્રેમભકિત અને પૂજ્ય ભાવ પ્રકટયાં આપશ્રીના પ્રેમપૂર્ણ અને ગુણકારી વચનામૃતથી તેમના તનમનના અણુએ અણુ પ્રેમાનંદમાં તરબોળ થઇ ગયા. તેઓશ્રીના પ્રભાવશાળી વ્યકિતત્વથી અને અલૌકિક બોધથી રવજીભાઇ પર સચોટ અસર થઇ બ્રહ્મસંબંધથી તેમનો પુષ્ટિ પ્રવેશ થયો આથી રવજીભાઇ અને ગંગામાને અપાર આનંદની અનુભૂતિ થઇ. જીવનને અલૌકિક આનંદથી પુલકિત કરી દેતી, તેમને જાણે તનુનત્વ પ્રાપ્ત થયું. તે દિવસથી ગંગામા અને રવજીભાઇ માટે પુષ્ટિ પંથ એ જાણે જીવન જીવવાનો માર્ગ બની ગયો ! તેઓ વધુ ને વધુ પુષ્ટિ મય બનતા ગયા અને તેમને અલૌકિક આનંદની ઝાંખી થવા લાગી સાંસારિક જવાબદારીઓ વચ્ચે પણ પ્રભુસેવા, ભજન કીર્તન અને સત્સંગમાં તેમની વિશેષ રુચિ રહેવા લાગી.

બ્રહ્મસંબંધથી રવજીભાઇએ ધન્યતા અનુભવી માનવદેહની અને માનવજીવનની સાર્થકતા પ્રભુની પ્રીતિપુર્વક, ભાવમય રીતે સેવા કરવામાં રહેલી છે એની તેમને અનુભૂતિ થઇ, કેસરિયા મંડળીનું રવજીભાઇને અજબ આકર્ષણ થયું. કીર્તનો સાંભળવામાં અને ગાવામાં તેમને ખૂબ રસ પડવા લાગ્યો અને તનમનમાં આનંદની ઝંકૃતિ થવા લાગી પ્રભુના ગુણગાન ગાવા માટે પ્રભુને રીઝવવા માટે તેમંને કીર્તન સાથે એક જાતનો નેહ લાગી ગયો, બ્રહ્મસંબંધે જાણે

તેમના હૃદયના બંધ કમાડ ખોલી દીધા હૃદયમાં તેમને દિવ્ય રસાનુભુતિ થવા લાગી.

રવજીભાઇને મુંબઇ આવ્યે લગભગ ચાર વરસ થઇ ગયા, આ ચાર વરસના ગાળામાં કાકાએ રવજીને એક કુશળ-કાબેલ કારીગર બનાવ્યો, વ્યવસાયમાં તેમણે જેમ કૌશલ્ય પ્રાપ્ત કર્યું તેમ બીજી બાજુ પુંષ્ટિ ધર્મમાં રવજીભાઇ ભકિત રસના અમી પીને પુષ્ટ થતા ગયા. એમનું હૃદય હમેશા ભકિત રસથી ભીંજાતું-છવકતું રહેતું તેમનું હૃદય પ્રભુના ભજન-કીર્તન સાંભળવા, ગાવા માંટે ઝંખ્યા કરતું.

પરંતુ મુંબઇના હવાપણી રવજીભાઇને માફક આવ્યા નહીં, તેથી તેમણે મુંબઇ છોડી વતનમાં જવાનો વિચાર કર્યો, મુંબઇવાળા કાકા પણ હવે રવજીભાઇ વિષે નિશ્ચિત બન્યા હતા પોતાનો ભત્રીજો રવજી હવે પોતાના પગ પર ઊભો રહી શકે તેનો સક્ષમ-સફળ કારીગર બન્યો હતો. વળી ગંગામાને પણ હવે કુટુંબ નિર્વાહ કરવા માટે જાતે કામ કરવાની કોઈ આવશ્યકતા રહી ન હતી તેથી કાકાની સંમતિથી રવજીભાઇ અને ગંગામા વતનમાં રહેવા અમરેલી આવી ગયા, જીવનનિર્વાહ માંટે રવજીભાઇએ અહીં પોતાને યોગ્ય કામ મેળવી લીધું. જીવનના કઠીન દિવસો પસાર થઇ ગયા હતા. મુસીબતોના વાદળ વિખરાઈ ગયા હતા શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કીધા થકી જીવનમાં સર્વ કંઇ સહેલું પડવા લાગ્યું એવી તેમને અનુભૂતિ થતી ગઇ, પ્રભુ કૃપાથી હવે તેમનું જીવન સેવા ભકિત અને કીર્તનથી ભર્યું ભર્યું લાગવા માંડયું.

-ક્રમશઃ

આજીવન લવાજમ સંબંધે

અત્યારે આજીવન લવાજમ રૂા. ૨૦૧/- છે તે તા. ૩૧-૩-૯૧ સુધીમાં ભરનારને જ ભેટ પુસ્તક અપાશે. તા ૧-૪-૯૧ થી આજીવન લવાજમ રૂા. ૨૫૧/- નક્કી થયેલ છે.

શ્રીનાથજી

।। માળાનું સ્વરૂપ ।।

જાદવજી ખેરાજભાઇ (ચરણરજ) સુરત

'માળા તુલસીના બને છે તુલસીજી પતિવૃતા છે ભગવદ્ પ્રિયા છે. બ્રહ્મસંબંધ વખતે પણ શ્રી ગુરુદેવ પ્રભુના ચરણમાં સેવક દ્વારા તુલસીજી સમર્પણ કરાવે છે. ત્યારપછી એ જીવનો શ્રી ઠાકુરજી અંગીકાર કરે છે. એનો હાથ પકડે છે. ત્યારપછી કયારેય છોડતા નથી શ્રી ગુરૂદેવની કાનીથી અને તુલસીજીની સાક્ષીની એ જીવ હંમેશાંને માટે પ્રભુનો બની જાય છે. તુલસીજીના સાનિધ્ય વિના શ્રીઠાકુરજી સામગ્રિપણ આરોગતા નથી.

ડોકમાં પહેરવાના કંઠી પણ તુલસીજીના બને છે. કંઠી બે પહેરવામાં આવે છે એક શ્રી ઠાકુરજીના ભાવથી અને બીજી શ્રીસ્વામિજીના ભાવથી.

કોઇ વખત માળાજી તુલસીજી ઉપરાંત અન્ય કષ્ટના પણ બને છે પરંતુ તેમાં શંકા કરવાની નથી મહાનુભાવો આપણને સમજાવે છે કે, વ્રજમાં તો વૃક્ષે વૃક્ષે વેણુધારી અને પત્રે પત્રે ચત્રભુજ સ્વરૂપ બિરાજે છે. જ્યાં જળથી રજ ઉત્તમ છે. રજથી જળ ઉત્તમ છે. જ્યાં કણ-કણમાં શ્રીકૃષ્ણની ચરણરજ બિરાજે છે એવા વ્રજ ભૂમિની રજ અને જળથી પોષાઇને ઉત્પન્ન થએલા વૃક્ષો પણ તુલસીજી સમાન છે જેના દર્શન માત્રથીજ ત્રિવિધ તાપ શાંત થાયછે.

'માળા' ભક્ત સ્વરૂપ છે, માળાનો પ્રત્યેક મણકો ફેરવતાં–નમનભાવ સહિત મન શ્રીનાથજીના મંગળ ચર્ણારવિંદમાં સ્થિર થઇ જાય છે અલોકિક આનંદનો અનુભવ થાય છે.

શ્રીનાથજીની દ્વાદશ નિંકુંજો છે એક એક નિકુંજમાં નવ–નવ ભકતો બિરાજે છે એટલે બાર નિકુંજના ૧૦૮ ભકતો થયા, એટલે માળા વ્રજ ભકતોના ભાવ સ્વરૂપ છે.

માળાનો 'સુમેર' શ્રીનાથજી સ્વરૂપ છે એટલે સુમેરનું ઉલ્લંઘન થઇ શકતુ નથી. માળા વ્રજ ભકતોના ચાર યૂથ સ્વરૂપ છે (૧) નિત્ય સિદ્ધા (૨) શ્રુતિરૂપા (૩) રૂષિરૂપા (૪) નિત્ય સિદ્ધા ચતુર્થપ્રિયા શ્રીયમુનાજીનું સ્વરૂપ.

એક યૂથમાં શ્રીકૃષ્ણના આઠ સ્વરૂપ અને ગોપીજનના સોળ સ્વરૂપ મળી ૨૪ થયા ત્યારપછીની ત્રણ ગુણ સાત્વિક, રાજસ, અને તામસ શ્રીયમુનાજીનો નિર્ગુણ સ્વરૂપ છે. આ ત્રણ મળી ૨૭ થયા. એટલે માળાનો એક બેરખો થયો. આ યુગલ સ્વરૂપનો ભાવ થયો.

વિશેષમાં મહાનુભાવો આપણને સમજાવે છે કે માળાજીમાં સુમેરૂ શ્રીમહાપ્રભુજીના ભાવરૂપ છે સુમેરૂની જમણી બાજુનો મણકો શ્રી દામોદરદાસજી (દમલાજી)ના ભાવરૂપ છે. તેની પાસેના આઠ મણકા અષ્ટસખાનો ભાવ છે. ત્યારપછીના ૮૪ મણકા ચોર્યાસી વૈષ્ણવોના ભાવથી છે. સુમેરૂની ડાબી બાજુના મણકા શ્રી ગુસાંઇજી અને સાત લાલજીના ભાવથી છે. ત્યાર પછીના સાત મણકા સાત સ્વરૂપ (૧) શ્રી મથુરેશજી (૨) શ્રી વિઠ્ઠલનાથજી (૩) શ્રી દ્વારકાધિશજી (૪) શ્રી ગોકુલનાથજી (૫) શ્રી ગોકુલચંદ્રમાજી (૬) શ્રી બાલકૃષ્ણજી (૭) શ્રી મદનમોહનજી. આ પ્રમાણે ૧૦૮ થયા. માળાજીનું આવું અલૌકિક સ્વરૂપ છે.

માળાજીનું આવા અલૌકિક સ્વરૂપને ખૂબ શ્રદ્ધાપૂર્વક માનવાનું છે. જેના પ્રત્યેક મણકાની સાથે નિકુંજનાયક શ્રીકૃષ્ણના શરણમંત્ર–'શ્રીકૃષ્ણઃ શરણં મમ' નું સ્મરણ થાય છે એનું મહત્વ અપરંપાર છે.

માળાનું અલૌકિક સ્વરૂપ છે. જેના જપથી જીવને શ્રી ઠાકુરજીનો સંબંધ થાય છે. એટલે કે તુલસીમાળા દ્વારા જીવને બ્રહ્મ–શ્રીકૃષ્ણનો સંબંધ થાય છે મહાનુભાવોએ આપણને આ પ્રકાર સમજાવ્યો છે. આ તો મહાનુભાવોની વાણી છે. શ્રદ્ધાવાનને માટે અલૌકિક ફળપ્રાપ્તિ થાય છે. સંશયાત્માની માટે કોઇ પ્રશ્ન નથી.

।। શ્રી સર્વોત્તમ પદ ।।

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

૩૧ પદ્મદલાયત વિલોચન રૂપ

કમલનયન ત્રયતાપ વિલોચન;
તીન્યો તાપ હરત નિજજનકે, દર્શન તેં રસકેલી સુચન, ૧
લોચન મુખ ઉર હસ્ત ચરન કંજ, પિયપ્યારીકી હે જહા ઉરઝન;
કમલ કુંજ રાધા સંગ લીલા, 'વ્રજ' કે વલ્લભ કી સુખ બરષન. ૧

૩૨ કૃપા દૃગ્વૃષ્ટિ સંહૃષ્ટદાસદાસી પ્રિય રૂપ

શ્રી પ્રથમેશ જુ કૃપા ઉદાર,
નેહ ભરે નયનન રતનારે, દાસદાસી કે સબ સુખ સાર. ૧
બરખત કૃપા સુધા રસ નિશદિન, મંદહાસ મોહત હે માર;
'વ્રજ' કે શ્રીવલ્લભ સુખદાની, કરી કરૂણા ભુતલ પાઉંધાર. ૨

૩૩ પતિરૂપ

દાસ દાસી પ્રિય પ્રાણપતિ;
ગો ગોપી હિત નાગે પાયન, વ્રજ વન ડોલે હિય રતિ. ૧
નિજજન સુખ કારન વ્રજ લીલા, અષ્ટ પ્રહર કીની બહુ ભ્રતી,
'વ્રજ' કે શ્રીવલ્લભ સુખ સાગર, ભકતન કી ઇન ચરન ગતિ. ૨

૩૪ રોષદૃકપાત સંપ્લુષ્ટ રૂપ

રોષ દૃષ્ટિ સોં શત્રુ પ્રજાળે;
ભકિત વિરોધી અસુરત્વકો, નયન રૌદ્ર રસ લાય નિહારે. ૧
ભકત ઉર રસાભાસ હોત જે, વક્ર વિલોક વહ્નિ સોં બાળે;
રસ વિક્ષપિ માની ભકતનકો, 'વ્રજ' વલ્લભ પર પાયે ટાળે. ૨

–ક્રમશઃ

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

।। શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ।।

।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ।।

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ–કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

મ્લેચ્છાક્રાંતેષુદેશેષુ, પાપૈક નિલયેષુ ચ ।
સત્પીકાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ।।૨।।

મલિન વસ્તુઓ જ ઇચ્છે તે મ્લેચ્છો એટલે વિષયીજનો મંત્ર વગેરેના ઉપાસકો અને કર્મમાર્ગીઓ ભલેને તેઓ નિષેધ ન કરવામાં આવ્યો હોય તેવું અને શાસ્ત્રોમાં કહ્યું હોય તેવું (વિહિતં) જ કાર્ય કરતા હોય તો પણ તેઓ સ્વાર્થ સાધવામાં પ્રવૃત્ત હોય છે. 'ક્ષીણે પુણ્યે મર્ત્ય લોકં વિશંતિ' એ સૂત્રમાં કહ્યા મુજબ તેમના કર્મોનું ફળ મલિન જ હોવાથી મલિન કાર્યમાં રોકાયેલા હોવાથી મ્લેચ્છ તરીકે તેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ પ્રકારના લોકોએ બધા પ્રદેશો પર આક્રમણ (હુમલો) કરેલ છે, અને તેથી જ તે તે લીલા વગેરેના તિરોભાવ–અદૃશ્ય થાવા) ને કારણે એવા લોકો (સાચા) સાધકો નથી એમ ભાવાર્થ છે. પોતાનું ઘર તો ભગવદીય પણાને કારણે અનુકૂળ જ ગણાય. પરંતુ ભાવની બાબતમાં તો માત્ર વિજાતીય પણાને કારણે તેમાં બાધક પણું આવે છે. એમ હોવા છતાં જ્યાં પ્રતિબંધનો ભાવ હોય ત્યાં માત્ર વિષય સાથે સંબંધ જોડતા દેશ (સ્થળ–જગ્યા) ના સંસર્ગને કારણે ભાવનો નાશ થતાં તો શું કહેવાનું હોય એવા 'કૈમુતિક ન્યાય' (કેમ અને પણ શબ્દોના ઉપયોગ દ્વારા ન્યાય તોળનાર પદ્ધતિ) દ્વારા પણ સ્થળ (દેશ) નું અસાધકપણું (કાર્ય સિદ્ધિનો અભાવ–નિષ્ફળતા)–તેનું નિરૂપણ કરેલું છે એટલું જ નહિ. પરંતુ કેવળ આક્રમણ માત્ર નથી કર્યું પરંતુ પાપાચરણની સમગ્ર ભુમિ બની ગયા છે એમ દર્શાવવા કહે છે (દેશો) એક માત્ર પાપના નિવાસ સ્થાન બનેલા છે. કર્મોમાં હિંસા અતિશય વધી ગઈ હોવાથી એમ કહ્યું છે. એને લીધે ત્યાં માત્ર જવાથી જ, તેના સંબંધથી જ પોતાના ધર્મનો નાશ થઇ જાય છે એ ભાવાર્થ છે. આમ હોવાથી ભગવાનના મંત્ર તથા ઉપાસના વગેરેના અસ્પષ્ટપણાને લીધે (એટલે સંસર્ગના અભાવને કારણે) આ શ્લોકમાં મંત્ર, ઉપાસના, વૈદિક તાંત્રિક દીક્ષા, અર્ચન વગેરેના સંગ્રહને લીધે અસાધક પણાનું કાર્ય–સિદ્ધિના અભાવ–નિષ્ફળતા–નું નિરૂપણ કરવામાં આવ્યું છે વગેરે શબ્દના ઉપયોગ દ્વારા એમ સૂચવ્યું છે કે શાસ્ત્રોક્ત ભકિત વગેરેનું પણ એમજ થયું છે. જો એમ દલીલ કરવામાં આવે કે ત્યાં પણ કેટલાક નિવૃત્તિ પરાયણ લોકો તો હશેજ ને ! એમ કહેવામાં આવે તો અહીં આચાર્ય ચરણ કહે છે કે 'સત્પીડાવ્યગ્રલોકેષુ' એટલે કે નિવૃત્ત પરાયણને કારણે જે કોઇ સાધુપુરુષો હોય તેમને તેમના દેહ (શરીર) તથા ઇંદ્રિયોનું દુઃખ હોય એ સત્પીડા, અને તે દેશ (સ્થાન) ના સંબંધમાં હોય તે વિષયોથી જ ભરેલી હોવાની અને તેના ઉપર

કાણુ મેળવવાની અશકયતા હોવાથી નિવૃત્તિ પરાયણ લોકોને ખેદ (દુઃખ) થાય એ પ્રકારની પીડા-જે પોતાના ધર્મના નાશથી ઉત્પન્ન થયેલી છે તે પીડાથી વ્યગ્ર એટલે અમારો પરલોક કેવી રીતે સિદ્ધ થશે (સચવાશે) એવી ચિંતાથી વ્યગ્ર (દુઃખી) એવા ધર્મ શીલ લોકો જેમાં છે એવા દેશોમાં (શ્રી કૃષ્ણ જ અમારું શરણ છે.) જ્યાં સ્થૂલ (ઉપર છલ્લી) દૃષ્ટિ ધરાવનારાના ધર્મનો પણ નિર્વાહ (ચાલુ રહેવાનું) શકય નથી ત્યાં અતિ સૂક્ષ્મ દૃષ્ટિ ધરાવનારા લોકોમાં ભાવની કેટલી બધી શિથિલતા (ઢીલા પણું) આવી જાય એ વિષે તો કહેવું જ શું ? આ કારણને લીધે તેમના ભાવના પોષણમાં આવતા પ્રતિબંધોના નિવારણ (દૂર કરવા) માટે માત્ર શરણજ લેવાનું હોય તેથી કહયું છે કે શ્રીકૃષ્ણ જ મારું શરણ (આશ્રય) છે. ૨.

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. **પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી**

જય યમુને જનની મહારાણી ।
શેષ સનકાદિ નારદ ગુન ગાવત,
ચતુરાનન મુખ વેદ લખાની ॥૧॥
શુક મુનિ આદિ પરાશર કે સુત,
ધ્રુવકોં દઇ અટલ રજધાની ।
ચતુર્ભુજ પ્રભુ ગિરધર ઇનિકે વશ,
કેલી કલા રસ રૂપકી ખાની ॥૨॥

ભાવાર્થ : હે જગ જનની મહારાણી શ્રી યમુને ! આપનો જય હો ! શેષજી સનકાદિક, નારદજી આદિ આપના ગુણોનું સદા ગાન કરે છે અને બ્રહ્માજી પણ આપના પાવન યશોનું વેદમાં વર્ણન કરે છે. ગુણગાન કરે છે શ્રી શુકદેવજી-પરાશર સુતશ્રી વ્યાસજી અને મુનિજનો પણ સદાય આપના ગુણોનું ગાન કરે છે. પાંચ વર્ષની વયે આપના તટ ઉપર તપ કરનાર ધ્રુવજીને તો આપે અટલ-અચ્યુત રાજધાની આપી છે એવાં શ્રીયમુનાજી રસકેલી અને તેની સર્વ કલાઓ સહ-રસ અને રૂપના ભંડાર છો. ચતુર્ભુજ દાસના પ્રભુ ગિરધર તો સદા આપને વશ છે.

વિવેચન : હે શ્રી યમુનાજી ! આપ તો અનેક જીવો અને દેવ દેવીઓ અનેક મર્યાદાભકતો, ઋષિમુનીઓ, નાગલોક, કિન્નર, ગંધર્વ એ સર્વથી સદા સેવાયેલા છો. આપના અપાર અદ્‌ભુત ગુણોનું કોણ વર્ણન કરી શકે ! વ્રજમાં ગોપો-ગોપબાલકો, ગોપીજનો અને સાક્ષાત રસેસ પ્રભુથી અનેક રીતે સેવાયેલા છો. આપની કુંજોમાં પ્રિયતમનો અષ્ટપ્રહર વિલાસ છે. પ્રભુ પરવશ થઇ અને સદા પાસે જ બિરાજે છે, અનેક હાસ્યવિનોદ આદિ વિલાસોથી વિવિધ રસમય સુખોનું દાન કરે છે એવાં હે શ્રીયમુને મહારાણી આપનો જય થાઓ.

દ્વિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી મનહરભાઇ શ્રોફ,
જય શ્રીકૃષ્ણ

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક : **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મિસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

તે માટે શ્રીકૃષ્ણ નામ સર્વોત્તમ જાણો ।
જપો અહર્નિશ પરમાનંદ વિના શ્રમ માણો
॥૬૪॥

ભાવાર્થ : શ્રીનારાયણ વશેષમાં પણ કહે છે કે, માટે શ્રીકૃષ્ણ નામને જ સર્વોત્તમ જાણો, અને એ નામનો પરમાનંદ વિનાશ્રમે, વિના કષ્ટે માણો. અન્ય અવતારોના ભજનમાં તો અનેક જન્માંતરો ચાલ્યા જાય છે ત્યારે શ્રીકૃષ્ણ નામસ્મરણથી એક જ જન્મમાં પ્રભુના અચ્યુત પદને પામી શકાય છે. આપણા ભક્તકવિ દયારામભાઇ ગોપીજનોનું દ્રષ્ટાંત આપે છે, જે ભક્તિપોષણ ગ્રંથમાં છે. વ્રજના ગોપીજનો જુઓ તો જાતિ આહિરની અને તેમાં પણ અબળાનો અધમ અવતાર, વળી તેઓ કંઇપણ વેદશાસ્ત્રો પણ ભણી ન હતી અને તેને ઉત્તમ કર્મનો અધિકાર પણ ન હતો, છતાં વિના અધિકારે એક પ્રેમલક્ષણાના પ્રતાપથી કૃષ્ણને પણ પોતાને આધિન અને પરવશ પણ કર્યા હતા. માટે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ, વળી બીજા પદમાં પણ કહે છે કે, કોડી ઉપાસન મલિનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો, રૂપૈયો સુર સેવના, વ્યુહકંચન મહોર વ્યુહ હરિ હીરો એમ અંશોઅંશ સમજી રહો સર્વ દ્રવ્ય હીરાથી થાય, હીરો કર્યો કોઇનો નવ થાય. મલિન દેવનું ઉપાસન કોડીની કિંમતનું છે. મનુષ્યનું સેવન એક પૈસા બરાબર છે, દેવાદિનું ભજન તે રૂપિયા બરાબર છે, અને વાસુદેવાદિ ચાર વ્યુહોનું ભજન સોનામહોર બરાબર છે, પરંતુ શ્રીહરિનું ભજન હીરા બરાબર છે, બીજું સર્વ દ્રવ્ય એક હીરાથી જોઇએ તેટલું મળે છે, પરંતુ હીરો તો અમૂલ્ય છે. તેં દ્રવ્યથી નથી મળતો. માટે હીરાનું જ સેવન ભજન કરી અચ્યુત લોકના પદને પ્રાપ્ત કરીએ–

ઔષધ-અમૃત-વા- વિષ વણ સમજ્યે કોઈ ખાયે,
તદપિ તેનો ગુણ આપે તે વ્યર્થ ન જાયે
॥૬૫॥

અગ્નિ સ્પર્શ થાય અજ્ઞાને તદપિ બાળે,
તો પછી કૃષ્ણ નામ કહો ! કુકર્મ ન પ્રજાળે ?
॥૬૬॥

અતિ અનાદરે થાય પાપ તો પણ ફળ આપે,
તો વણશ્રદ્ધા પણ નામે સુખ કયમ નહીં
વ્યાપે ? ॥૬૭॥

ભાવાર્થ : જેમ કોઇ ભૂલાં કે અજાણ્યે પણ અમૃતપાન કરે અથવા વિષ ખાય, તો પણ તે તેનો ગુણ આપે જ છે, વ્યર્થ નથી જતો. કોઈ વણસમજ્યે અજ્ઞાનથી અગ્નિનો સ્પર્શ કરે, તો પણ અગ્નિ તેને બાળે છે. તો પછી અણસમજમાં પણ કોઇ શ્રીકૃષ્ણ નામ લ્યે તો, તેના કુકર્મોને કેમ ન બાળે ? કદાચ કોઇ મન વગરનું પાપ કરે તો પણ તેને ભોગવવું જ પડે છે. જેમ પૃથ્વી ઉપર માંડવ્ય ઋષિએ બાલવયમાં અણસમજ્યે એક કીડાને બાવળની શુળમાં વીધ્યો હતો તો પરલોક યમપુરીમાં તેને શુળીએ ચડાવ્યા હતા અને ભોગવવું પડયું હતું. તો પછી કોઇ શ્રદ્ધા વિના પણ પ્રભુનામ લ્યે તો પણ તે શ્રદ્ધાપૂર્વક ભજન કર્યાનું જ ફળ આપે છે, અને મહાન સુખ મળે છે. માટે હાલતાં, ચાલતાં, ઊઠતાં કે કોઇ કાર્ય કરતા પહેલાં

પ્રભુનું સ્મરણ કરીએ, અને નિવૃત્તિના સમયમાં તો શ્રીકૃષ્ણનું સ્વરૂપ જાણે શ્રી ગોકુળ-વૃંદાવનમાં બિરાજે છે, અને આપણે તેની સન્મુખ જ ઊભા છીએ તેવી ભાવના મનમાં રાખી મન, વચન અને કર્મને પ્રભુમાં જ જોડી દઇએ. જેથી અગ્નિના સંબંધથી કોલસો પણ અગ્નિરૂપ થઇ જાય છે તેમ જ આપણે સમજી લઇએ.

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

૫૬ રાગ-નટ ચૌ. ૪૪

વંદૌ ‘શ્રીગોરજા-સમરાઇ,
સખી ‘નંદા’ ઔર ‘વૃંદા’, સિંહનંદ વાસ સુહાઇ. ૧
કૃપા કર શ્રીવલ્લભ પ્રભુને, શિર સેવા પધરાઇ;
સાસ-વહુ દોઉ મિલ સેવત હૈ, અનુભવ હોત સદાઇ. ૨
થાનેશ્વર ગઈ સાસ દરસકોં, જબ પધારે શ્રીવલ્લભરાઇ,
રાજભોગ તિનબેર સમર્પે, સામગ્રી બહુ નિઘટી ન પાઇ. ૩
આરોગત મેં પાસ બૈઠારી, પ્રભુને પ્રતિતિ કરાઇ;
‘લાલદાસ’ પ્રભુ ભકતાધિન હૈ, શ્રી દામોદર નામ ધરાઇ. ૪

૫૭ રાગ-ગૌરી ચૌ. ૪૫

વંદૌ સેવકની કૃષ્ણાદાસી;
વ્રજ મંગલા’ સખી સ્વામિનીજીકી, અંતરંગ સુખરાસી. ૧
બહી જાત મઝધાર જાન્હવી, શ્રીવલ્લભ કે નિકટ હી નીકસી;
બ્રહ્મ સંબંધ કરાયો કૃપા કર, હરિવંશ લે ગયે કાશી. ૨
આઇ અડેલ શ્રીવિઠ્ઠલ પ્રભુગૃહ, શ્રીરૂક્મિણિજી કી કરત ખવાસી;
‘લાલદાસ’ ઇન ગાઇ ‘શરદનિશા’ રાસ લીલા રસ પાજકી પ્યાસી. ૩

૫૮. રાગ-ગૌરી ચૌ. ૪૬

વંદૌં શ્રીબુલામિશ્ર બ્રાહ્મન;
સખી ‘સુમદિરા’ વિશાખાજી કી, લાહોર જુ વતન. ૧
વિદ્યા પઢન ગયે વે કાશી, કીયો બહોત યતન;
મરનકાજ બૈઠે સરસ્વતી પર, ત્યાગ દીયો જલ-અન્ન. ૨
શ્રીવલ્લભ પાસ પઠાય શ્રીવિષ્ણુ, કહી ગહવેકી શરન;
શરણ ગહ્યો શ્રીવલ્લભ પ્રભુકો, ભઇ કામના પૂરન. ૩
‘કૃષ્ણાશ્રય’ પઢાઈ કૃપા કર, જ્ઞાન કરાયો વેદપુરાનન;
‘લાલદાસ’ દીયો સુત ક્ષત્રીય કોં, જો ભયો ભક્ત નંદનંદન. ૪

–ક્રમશઃ

વ્રજની અનોખી હોરી લીલા

લેખક : **સોની કાન્તીલાલ છગનલાલ, ચીત્તલ.**

વ્રજમાં જેમ જેમ હોરી ખેલના દિવસો જાય છે. તેમ તેમ અનેક પ્રકારની નવી નવી લીલાઓ દ્વારા શ્રીઠાકુરજી શ્રીસ્વામિનીજી તથા દરેક વ્રજ ભકતો આનંદ લઈ રહ્યા છે. આ બાજુ શ્રી ઠાકુરજીનું યુથ અનેક પ્રકારની નવી તરકીબો દ્વારા શ્રીસ્વામિનીજીના યુથને કેમ પરાસ્ત કરવું તેમ વિચારી રહ્યા છે. ત્યારે અહિં શ્રીસ્વામિનીજી, શ્રીચંદ્રાવલીજી એ પણ કયાં ઓછા ઉત્તરે તેમ છે. કામદેવના પાંચ બાણોરૂપી પાંચે રંગોની ફેટ ભરીને દરેક શ્રીસ્વામિનીજીઓ તૈયાર છે શ્રીસ્વામિનીજીએ પોતાના ભાવનો પીળો ગુલાલ લીધો છે. શ્રીચંદ્રાવલીજીએ તેમના ભાવનો સફેદ ગુલાલ લીધો છે. ત્યારે લાલ ગુલાલથી શ્રી લલિતાજી સજ્જ છે. શ્યામ ગુલાલથી શ્રીયમુનાજી શોભી રહ્યા છે. તથા દરેક વ્રજ ભકતો પાસે લીલો ગુલાલ છે જે શ્રીસ્વામિનીજી તથા શ્રીઠાકુરજી બન્નેના ભાવનો છે.

સવારના પહોરમાં હોરી ડંડા જ્યાં રોપ્યાં છે ત્યાં બન્ને યુથો સામસામે આવી જાય છે. તેમાંય આજે તો નંદજી યશોદાજી પણ હોરી ખેલ જોવા પધાર્યા છે. ત્યારે આ બાજુ શ્રીસ્વામિનીજીના યુથમાં વૃષભાજી તથા કીર્તીજી પણ હાજર છે.

ખેલની શરૂઆત કરતા શ્રીસ્વામિનીજીએ સખીજનોને આજ્ઞા કરી કે શ્રી નંદરાયજી તથા જશોદાજીને ખુબ ખુબ છીરકો બધી જ ગોપીજનો શ્રીનંદરાયજીને તથા યશોદાજીને ખુબ ખુબ છીરકવા લાગ્યા.

આ બાજુ શ્રીઠાકુરજીએ વિચાર કર્યો કે, આ ગોપીજનો નકિક મારા માતા પિતાની હાંસી કરશે. તેથી આપે મધુ મંગલ, શ્રીદામા વગેરે સખાઓએ આજ્ઞા કરી કે; તમો બધા વૃષભાનજી તથા કીર્તીજીની છેડાછેડી બાંધો. સખાઓને તો ફકત કહેવાની જ વાર, તુરત રંગોની અંધિયારી કરી ચપળતાથી મધુ મંગલ શ્રીસ્વામિનીજીના યુથમાં ઘુસી જઇ વૃષભાનજી તથા કીર્તીજીની છેડાછેડી બાંધી દીધી. અને પાછો પોતાના યુથમાં સામેલ થઇ ગયા

બીજી તરફ દરેક ગોપીજનોએ પણ રંગોની અંધિયારી કરી જાણે વાદળોનો રંગ જ ફેરવી નાખ્યો છે અને ખુબ જ સાવચેતીથી શ્રીચંદ્રાવલીજી શ્રીઠાકુરના યુથમાં જઇ શ્રી નંદરાયજી તથા જશોદાજીની છેડાછેડી બાંધી તુરત પોતાના યુથમાં પાછા ફરી જાય છે.

રંગોની અંધિયારી શમી જતા જ્યાં પાછળ ફરીને શ્રી નંદરાયજી જુવે છે તો પોતાની છેડાછેડી જશોદાજી સાથે બાંધેલ છે. આ જોઇ શ્રીનંદરાયજી તથા શ્રીજશોદાજી ખુબ જ શરમાઇ ગયા.

આ જોઇ શ્રી સ્વામીનીજી શ્રી ઠાકુરજીને સંબોધીને કહેવા લાગ્યા, અરે... ત્યાં જુઓ તો ખરા તમારા માતા પિતા કેવા નિર્લજ્જ થઇ બધાની વચ્ચે કેવા છેડાછેડી બાંધીને બેઠા છે ! ! !

ત્યારે શ્રી ઠાકુરજીએ કહ્યું, ભલા અમે તો દશ ગામના સરદાર છીએ, ગરીબ છીએ. પરંતુ વૃષભાનજી તો મોટા રાજા કહેવાય છે અને કીર્તીજી તો રાણી કહેવાય છે. છતાં ત્યાં જુઓને ! કેવા નિર્લજ્જ થઇ છેડાછેડી બાંધીને બેઠા છે !!! અને જુઓને મારા

સખાઓ કેવા હસે છે. ત્યારે શ્રી સ્વામીનીજી અત્યંત શરમાઇ ગયા.

આ બધી લીલા પુરા થઇ ગયા પછી શ્રી સ્વામીનીજીએ સર્વ સખીઓને બોલાવીને કહ્યું, આજે લીલા થઇ તે તો યોગ્ય જ થઇ. પરંતુ કંઇક વિપરીત લીલા થાય તો આનંદ આવે. જેમાં માર્રા પિતાની છેડાછેડી જશોદાજી સાથે બાંધો, તો ખરેખરી હાંસી થાય ત્યારે સર્વ ગોપીજનો આનંદની કીકીયારી કરી નાચવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે, ખૂબ આનંદ આવશે ! ખૂબ આનંદ આવશે ...!

ગોપીજનોની આ કીકીયારીથી શ્રીઠાકુરજી સચેત થઈ ગયા અને વિચારવા લાગ્યા કે, શ્રી સ્વામીનીજીએ કંઇક નવા ખેલની યોજના કરી હોય તેમ લાગે છે અને વિચાર્યું કે નકકી મારી માંની હાંસી કરશે. તેથી શ્રી ઠાકુરજીએ પોતાના પ્રિય સખા મધુમંગલને બોલાવી આજ્ઞા કરી કે, રગોની ખુબ અધિયારી કરી ગોપીજનોને ઘેરો અને કીર્તીજીને ગોતીને મારા પિતા નદજી સાથે તેની છેડાછેડી બાંધો. આ સાંભળી સર્વ સખાઓ આનંદથી નાચવા લાગ્યા, અને અનેક પ્રકારના વાજીંત્રો વગાડવા લાગ્યા.

પછી અનેક પ્રકારના રંગોની ખુબ જ અંધિયારી કરી મૂકી અને વૃષભાનજી અને કીર્તીજી જ્યાં બેઠા હતા ત્યાંથી ચપળતાપુર્વક કીર્તીજીનું બાવડું પકડી મધુમંગલ કીર્તીજીને હોરી ડંડા પાસે લાવ્યો અને જશોદાજીનું ઉત્તરીય વસ્ત્ર કીર્તીજીને ઓઢાડી દીધું પછી શ્રીદામાને કીર્તીજીનું બાવડું સોંપી મધુમંગલ નંદરાયજી પાસે આવી કહ્યું, બાવા ! તમે હોરીડાંડા પાસે ચાલો, તમારી ઉપર જશોદાજી ખુબજ ખીજાયા છે અને કહે છે કે, કન્હૈયાને લઇને હું નંદથી જુદી રહીશ અને કહે છે કે, નંદજીનો સ્નેહ કાન્હા ઉપર જરા પણ નથી.

આ સાંભળી નંદરાયજી કહે, તેને મારાથી જુદા થવું હોય તો ભલે થાય, પરંતુ કન્હૈયાને તો હું મારી સાથે જ રાખીશ, તે જ જરાક માખણ માટે કન્હૈયાને બાંધે છે. તેથી મારા ઘરેથી આજે તેને નોખી કાઢું.

આમ નંદરાયજી બોલવા લાગ્યા, ત્યારે મધુમંગલેનંદજીના કાનમાં કહ્યું, બાવા ! વ્રજમાં બધાને ખબર છે કે નંદરાયજી અને અને જશોદાજીને પરમ સ્નેહ છે. છતાં હું તો તમારા હીતની જ વાત કરીશ મેં તમારૂં અનાજ ખાધું છે. અને તમારા ઘરનો બ્રાહ્મણ છું. ત્યાં જુઓ પેલા હોરી ડાંડા પાસે જશોદાજી ઉભા છે. તેને ઘરે લઈ જઇ સમજાવજો અને તેનું બાવડુ ખુબજ મજબુતથી પકડજો નહીતર છટકી જશે !!!

મધુમંગલની વાત સાંભળી નંદરાયજીએ મધુમંગલની ખુબ સરાહના કરી કહેવા લાગ્યા કે મધુમંગલ ! તું ખુબ ચતુર છે! અમારા ઘરનો જ છો. ચાલ તું કહે તેમ કરૂ ! આમ મધુમંગલ અને નંદરાયજી હોરી ડાંડા પાસે જ્યાં કીર્તીજી હતા ત્યાં આવ્યા. કીર્તીજી તો લાજ કાઢીને ઉભા હતા. નદરાયજીને પાસે આવતા જોઇ મનમાં વિચાર કર્યો આ નંદજી કેમ મારી નજીક નજીક આવે છે ? આજે આ નંદને શું થયું છે? આમ વિચારી પોતે થોડા દુર હટયા. આ જોઇ મધુમંગલે નદરાયજીને કહ્યું; જુઓ બાવા ! તમને જોઇ જશોદાજી દુર ભાગે છે. અને કહે છે હું તો નંદથી જુદી રહીશ

ત્યારે નંદજી થોડુ ઉતાવળા ચાલી કીર્તીજીનો હાથ એકદમ મજબુતથી પકડી લીધો.

કીર્તીજી તો ઘડીભર ડઘાઇજ ગયા, અને એકદમ હાથ છોડાવવા લાગ્યા. પરંતુ નંદરાયજીએ કીર્તીજીનો હથ ખુબ મજબુતથી પકડયો હતો. કીર્તીજી ડરના માર્યા કંપવા લાગ્યા, અને વિચારે છે કે; આજે આ નદને થયુ છે શું ? ગાંડો તો નહી થયો હોયને ? આજે આના હાથમાંથી છુટવું મુશ્કેલ છે, આ અરસામાં મધુમંગલે નંદરાયજી અને કીર્તીજીની છેડાછેડી બાંધી, જાણે કંઇ બન્યુ જ ન હોય તેમ શ્રીઠાકુરજીના યુથમાં જઇને ભળી ગયો.

આ બાજુ શ્રીસ્વામીજીના યુથના ગોપીજનો પણ ગાંજ્યા જાય તેમ નથી હોરીના દીવસો છે બસ મનમાની કરીજ લેવાની છે, ગોપીજનોએ પણ જાણે ચક્ર વ્યુહ ગોઠવ્યો હોય તેમ અમુક ગોપીજનોને રંગની છોળો ઉડાડવાનું કામ છે. અને અમુક ગોપીજનોને જે કામ કરવાનું હોય તે ચપળતાપૂર્વક કરી પાછું યુથમાં ભળી જવાનું હોય છે. અને અહી તો ઠાકોરજી સામે કામ કરવાનું છે, લોઢાના ચણા ચાવવા જેવું છે, તેથી ગોપીજનોને આજ્ઞા મળતા જ જાણે રંગબેરંગી વાદળોની વર્ષા જ વર્ષિ. એકદમ અંધિયારી કરી મુકી કોઈ કોઇના મોં પણ સુજે નહીં અને કોઇ ઓળખાણ પડે નહી, તેટલી રંગોની વર્ષા કરી મુકી અને ત્વરીત ગતિથી ચંદ્રાવલીજી જશોદાજીને બાવડુ પકડી લઇ આવ્યા, અને જશોદાજી કંઈ સમજે વિચારે એ પહેલા જ આંખના પલકારામાં વૃષભાનજી સાથે છેડાછેડી બાંધી દીધી. તેમાં જશોદાજી તો શરીરથી જાડા છે અને વૃષભાનજી પાતળા છે, તેથી જશોદાજી જયાં જયાં ચાલે છે. તેની પાછળ વૃષભાનજી તો આપો આપ ઢસડાય છે.

આ જોઇ શ્રીસ્વામિનીજી એ શ્રીઠાકુરજીને કહ્યું; તમારી મૈયાને રોકોને! કયારના મારા પિતાજીની પાછળ પડયા છે, મારા પિતાજી તો બિચારા સાવ દુબળા છે ! ! !

અત્યારે શ્રીઠાકુરજીએ હંસીને કહ્યું; ત્યાં હોરી ડંડા પાસે તો જુઓ, તમારી મૈયા પણ મારા પિતાજીનો છેડો મુકતા નથી. આ જોઇ શ્રીસ્વામિનીજી અત્યંત શરમાઇ ગયા. અને બધા ગોપ ગોપઓ આનંદની ચીચીયારી કરી નાચવા લાગ્યા.

આ બાજુ જશોદાજી તો ખુબ ખુશ મિજાજમાં છે. એટલામાં નંદરાયજીનું ધ્યાન જશોદાજી ઉપર પડયું. ત્યારે નંદરાજીએ મધુ મંગલને કહ્યુ; અલ્યા મધુ ગંગલ ! જશોદાજી તો સામે ઉભા છે. તો તે આ મારી છેડાછેડી કોની સાથે બાંધી છે ? ત્યારે મધુમંગલ પાસે આવી બોલ્યો; બાવા ! જયારે અમે જાણ્યું કે, આ બધી ગોપીઓ મળીને જશોદાજીની છેડાછેડી વૃષભાનજી સાથે જોડશે. ત્યારે મેં જાણ્યું કે અમારા નંદજીની હાંસી થશે. તેથી આ બધું છલ કરીને વૃષભાનજીના વહુ કીર્તીજીની છેડાછેડી બાંધી તમારો બ્રાહ્મણ છું. તમારૂં ભલું મારે કરવું જોઇએ.

આ સાંભળી મધુ મંગલ ઉપર નંદરાયજી ખુબ પ્રસન્ન થયા. અને પ્રેમ મગ્ન થઇને એકદમ દોડયા વૃષભાનજી પાસે, વૃષભાનજીને બન્ને હાથ જોડીને કહ્યુ; આજે હોરીના દિવસોમાં મારો અપરાધ ક્ષમા કરો, આ જુઓને છોકરાઓ એ કેવી હાંસી કરી છે ? ત્યારે વૃષભાનજી કહે; હોરીના દિવસોનો એજ આનંદ છે ને !

ત્યાં દુર ઉભા ઉભા સર્વ ગોપ ગોપીજનો આનંદથી નાચે છે. મધુ મંગલ મરૂં વગાડતા વગાડતા નાચે છે. બીજા સખાઓ પણ કોઇ ઝાંઝ, કોઇ મૃદંગ વગાડતા વગાડતા કોલાહલ કરી મુકે છે.

આ માસના ઉત્સવ

મહા વદ ૧૧ તા. ૧૦-૨-૯૧ રવિવાર વિજ્યા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૧૧-૨-૯૧ સોમવાર ગો. ચિ. શ્રી વસંતકુમારજી બાવા (મથુરા પોરબંદર)નો જન્મ દિન.

મહા વદ ૧૩ તા. ૧૨-૨-૯૧ મંગળવાર મહાશિવરાત્રી.

મહા વદ ૩૦ અમાસ તા. ૧૪-૨-૯૧ ગુરુવાર દ્વાપર યુગાદિ તિથિ ગો. શ્રી ગોવિદરાયજી મહારાજ (પોરબંદર)નો તથા ગો. વલ્લભલાલ બાવા (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૧૬-૨-૯૧ શનિવાર ગો. ચિ. શ્રીવલ્લભ બાવા (કામવન) તથા ગો. ચિ. શ્રી વિઠ્ઠલનાથ બાવા (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૧૭-૨-૯૧ રવિવાર ગો શ્રી અનિરૂદ્ધ બાવા (કામવન)નો તથા ગો. શ્રી ગોકુલનાથજી મહારાજ (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૨૦-૨-૯૧ બુધવાર શ્રી લલિત ત્રિભંગીજી (વેરાવળ)નો પાટોત્સવ આજથી બગીચા.

ફાગણ સુદ ૭ તા. ૨૧-૨-૯૧ ગુરૂવાર શ્રી મથુરેશજી (કોટા)નો પાટોત્સવ ગો. ચિ. શ્રી રાકેશબાવા (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી કૃષ્ણકુમાર બાવા (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૨૨-૨-૯૧ શુકવાર હોળાષ્ટક પ્રારંભ.

ફાગણ સુદ ૯ તા. ૨૩-૨-૯૧ શનિવાર બગીચા નોમ શ્રી ટિકેતના શૃંગારનો પ્રારંભ

ફાગણ સુદ ૧૧ તા. ૨૫-૨-૯૧ સોમવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી બાવા (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૨૬-૨-૯૧ મંગળવાર બગીચા તેરસ ગો. ચિ. મુરલી મનોહરજી બાવા (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ શુદ ૧૪ તા. ૨૭-૨-૯૧ બુધવાર, હોલીકા ઉત્સવ. ચિ. ગો. શ્રી મધુસૂદનલાલ બાવા (સુરત)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૨૮-૨-૯૧ ગુરુવાર, હોલીપ્રદીપન સાંજે સૂર્યાસ્ત પછી. કામદહન પૂર્ણિમા, મન્વાદિ તીથી. શ્રી ચૈતન્ય મહાપ્રભુ જયતિ. ચિ. ગો. શ્રી ગોકુલનાથજી બાવા (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૧-૩-૯૧ શુક્રવાર, ધૂળેટી.

ફાગણ વદ ૨ તા. ૨-૩-૯૧ શનિવાર, દોલોત્સવ.

ફાગણ વદ ૩ તા. ૩-૩-૯૧ રવિવાર, દ્વિતીયા પાટોત્સવ. આજથી છાક તથા કુંજના પદ બોલાય.

ફાગણ વદ ૫ તા. ૫-૩-૯૧ મંગળવાર, રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૭-૩-૯૧ ગુરુવાર, શ્રી દામોદરજી (જુનાગઢ) નો પાટોત્સવ.

ફાગણ વદ ૮ તા. ૮-૩-૯૧ શુક્રવાર, ચિ. ગો. શ્રી રાજેન્દ્ર બાવા (મથુરા)નો જન્મદિન.

સમાચાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

(૧) ભારતીય સંસ્કૃતિની અસ્મિતા અને રાષ્ટ્રીય એકતાના પ્રતીકસમ ભગવાન શ્રી રામચંદ્ર કરોડો હિન્દુઓના દેવ છે. આ રામમંદિરના નિર્માણનું કાર્ય શાંતિ અને સદ્ ભાવનાથી થાય એમ પરિષદ સ્પષ્ટ પણે માનતી હોઈ ૩૦ ઓકટો ૧૯૯૦ ના દિવસને 'સદભાવનાદિન' તરીકે ઉજવવા તેમજ તે દિવસે સામુહિક પાઠ કરવા અપીલ કરી

(૨) આં પુ. વૈ. પરિષદના પ્રણેતા અને વૈષ્ણવ સમાજ મારે સંપૂર્ણ જીવન સમર્પિત કરનાર નિ. લી પૂ ગો. શ્રી પ્રથમેશજી મહારાજના કાર્યોને યાદ કરી પરિષદના કાર્યને વ્યાપક બનાવવા પરિષદ તરફથી સંયુકત અપીલ કરવામાં આવી.

(૩) પરિષદે હવે પછીના દિવસોમાં રકત દાન કેમ્પનું આયોજન પણ વિચાર્યું છે. આ પાવન કાર્યમાં અને માનવતાના પવિત્ર કામમાં પરિષદના સૌ વૈષ્ણવોને સહયોગ આપવા વિનંતિ પાઠવવામાં આવી.

(૪) પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણજયંતી મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટના સૌજન્યથી પરિષદ આયોજિત નિબંધ સ્પર્ધાને ગુજરાતની વૈષ્ણવ પરિષદની વિવિધ શાખાઓએ સારો આવકાર આપી ઘણી મોટી સંખ્યામાં નિબંધો પ્રાપ્ત થયા છે. તે આનંદની ઘટના છે. શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તોના સુયોગ્ય પ્રસાર માટે અને વૈષ્ણવ જાગૃતિ માટે આ સ્પર્ધા ખૂબજ ઉપકારક બની રહેશે એની આશા વર્તાય છે.

(૫) સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિઓ ગામે ગામ સુવ્યવસ્થિત રીતે વિકસે વિલસે એ હેતુથી શ્રી ચીમનભાઇ શેઠ શ્રી વી. પી. પરીખ કોસિયા પાવી. જેતપુર અને છોટા ઉદેપુર વૈષ્ણવ પરિષદની શાખાઓમાં સત્સંગ સભાઓમાં ઉપસ્થિત રહી સત્સંગની તાતી જરૂરિયાત બાબત ધ્યાન દોરી પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્રો ઊભાં કરવાં અપીલ કરી.

(૬) ની. લી. પૂ. ગો. શ્રી પુરુષોત્તમ લાલજી મહારાજ (કડી–કોટા) ના પ્રાકટય મહોત્સવ પર ડેરોલ સ્ટેશન (તા. કલોલ) પર યોજાયેલ સત્સંગ સભામાં પરિષદ સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહ્યા.

(૭) ઉ. ગુજરાતમાં વડનગર ખેરાલુ, વીસનગર ખાતે વૈષ્ણવ પરિષદ દ્વારા સત્સંગ સભાઓ યોજવામાં આવી. પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય (વડોદરા) તેમજ પરિષદ ઉપ–પ્રમુખ અને પુષ્ટિચિંતક શ્રી રમેશભાઇ પરીખ શ્રી ચીમનભાઇ શેઠ આ પ્રવાસમાં જોડાયા હતા. પૂ. પા. વાગીશ બાવાશ્રીએ પણ આ સભાઓમાં ઉદબોધન કર્યું. ધર્મને સાચી રીતે સમજવા તેમજ વૈષ્ણવીજીવનું સાચું કર્તવ્ય શું હોઈ શકે તે અંગે સુંદર માર્ગદર્શન પૂરૂ પાડયું. શ્રી ચીમનભાઇ શેઠે પરિષદ આયોજિત વિવિધ પ્રોજેકટોનો સવિસ્તર ખ્યાલ આપ્યો.

સાઠંબા ધનસુરા પણ આવી સભાઓ યોજવામાં આવી. આ નિમિત્તે વીસનગર, વડનગર, મહેસાણા ખેરાળુ, વૈષ્ણવ પરિષદની સમિતિઓના નામોની જાહેરાત પણ કરવામાં આવી.

દ્વિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. શ્રીમતી ધનલક્ષ્મીબેન જે. પારેખના જય શ્રીકૃષ્ણ
હ. જે. પી. પારેખના જય શ્રીકૃષ્ણ

(૮) બોડેલી શાખાના ઉપક્રમે શ્રી દ્વારકાધીશ મંદિરમાં પૂ ડોગરેજી મહારાજના વૈકુંઠવાસ નિમિત્તે એક સભા યોજવામાં આવી. પરિષદ મંત્રી પ્રિ વી પી. પરીખે તથા બોડેલી શાખા મંત્રી શ્રી રજનીકાન્ત પરીખે શ્રી ડોગરેજીને શ્રદ્ધાંજલિ અર્પી. ઉપસ્થિત વૈષ્ણવોએ આ નિમિત્તે, કૃષ્ણાશ્રય શ્રી યમુનાંષ્ટકના પાઠ કર્યા.

(૯) વડોદરા શહેરની વિવિધ શાખાઓના વૈષ્ણવોનું એક સંમેલન શ્રી કલ્યાણરાયજી મંદિર વડોદરામાં મળ્યું પૂ. પા. દ્વારકેશલાલજીએ પરિષદની વિભિન્ન શાખાઓની કાર્યવાહીને બિરદાવી પૂ. પા ગો. શ્રી વાગીશ બાવાશ્રીએ સત્સંગની પ્રવૃત્તિની જ્યોત ઘેરે ઘેરથી શરૂ કરવાં જણાવ્યું પુ. પા ગો. શ્રી ધૃમિલબાવાશ્રીએ સ્વાધ્યાયની પ્રવૃત્તિને ગતિમાન કરવાની સમજ આપી શ્રી ચીમનભાઈ શેઠે પરિષદના વિવિધ આયોજનોની ઝાંખી કરાવી પુ પા માં શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીના જન્મદિન નિમિત્તે સૌ વૈષ્ણવોએ એમનું અભિવાદન કર્યું.

(૧૦) આ. રા. પુ વૈ. પરિષદ તથા વલ્લભસંસ્કૃતિ પાઠશાળાના ઉપક્રમે મહેમદાવાદ મુકામે કીર્તનકાર શ્રી ઘનશ્યામભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ પાંચ દિવસીય કીર્તન સિબિર યોજવામાં આવી ઘણી મોટી સંખ્યામાં વૈષ્ણવોને લાભ લીધો. અને શ્રી ઠાકોરજીની સેવા સાથે કીર્તનનો મહિમા જાણ્યો.

(૧૧) હિંમતનગર વૈ. પરિષદના ઉપક્રમે શ્રી ગૂસાંઇજીના પ્રાકટયદિને ૧૦૮ નામોનું અર્થસહિત પઠન આપશ્રીના જીવનના દિવ્ય પ્રસંગો તથા બહેનો/બાલિકાના કીર્તનગાન જેવા સુંદર આયોજનો કરવામાં આવ્યા. શ્રી અમૃતલાલ વ્યાસ શ્રી દુર્ગેશભાઈ જોષીનો આ કાર્યમાં સુંદર સહયોગ પ્રાપ્ત થયો.

જેતપુર માગસર વદી ૧થી માગસર વદી ૮ સુધી શ્રી ગોવિંદકુંજમાં પધારેલા સુરતવાળા ગૌસ્વામી શ્રી બાલકૃષ્ણલાલજીની સાનીધ્યમાં શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન થયુ જેમાં વ્યાસપીઠ ઉપર મુંબઈના પ્રખ્યાત શાસ્ત્રીજી શ્રી જીતુભાઈ બિરાજીને સુબોધીનીના આધારે કથા રસપાન કરાવ્યુ તેમજ દરરોજ સાંજે આપશ્રીના વચનામૃતો થતા ગામના તેમજ બહારગામના વૈષ્ણવોએ ખુબજ લાભ લીધો તથા માગસર વદી ૯ને સોમવારે શ્રી ગુંસાઈજીનો પ્રાગટય મહોત્સવ આપશ્રીની સાનીધ્યમાં શ્રી ગોવિંદકુંજમાં ઉજવાયો જેમાંશ્રીને પલના તીલકના દર્શન ત્યારબાદ રાજભોગ તથા સાંજે સભામાં પાઠશાળાના બાળકોની વાર્તા સ્પર્ધાનુ આયોજન થયેલુ ત્યારબાદ આપશ્રીના વચનામૃત થયેલા જેમાં આપશ્રીએ કહેલુ કે આવા સમયમાં બાળકોમાં ધાર્મીક શીક્ષણ આપવા માટે આવા કાર્યક્રમો અવારનવાર યોજવા જોઈએ જેથી બાળકોને માર્ગની જાણકારી થાય તેમજ શ્રીમહાપ્રભુજી તથા શ્રી ગુંસાઇજીના સ્વરૂપનો ખ્યાલ આવે આપશ્રીએ પણ શ્રી ગુંસાઈજીના સ્વરૂપનો ખુબજ સમજાવીને ખ્યાલ આપ્યો અનેક દષ્ટાંતો આપી, ખુબજ ભાવવિભોર કરેલા ત્યારબાદ આપશ્રીના કેશરીસ્નાન તથા વધાઈ કીર્તન થયાં સભાનુ આયોજન છોટુભાઈ સોનીએ કરેલું.

વધાઇ * રાજકોટમાં શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ * વધાઇ

પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના જયેષ્ઠ લાલજી પૂ. પા. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રીના લાલન દ્વય ચિ. ગો. શ્રી ભાગવતકુમારજી તથા ચિ. ગો. શ્રી કુંજરાયજીના શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ સં. ૨૦૪૭ના ચૈત્ર સુદ ૬ ને ગુરૂવાર તા. ૨૧–૩–૯૧ના શુભ દિને નિરધારેલ છે. આ અલૌકિક પ્રસ્તાવમાં સર્વે વૈષ્ણવોને તન મન, ધનથી ભાગ લેવા શ્રી યજ્ઞોપવિત પ્રસ્તાવ સમિતિ તરફથી અનુરોધ કરવામાં આવેલ છે.

વિશેષ જાણકારી : શ્રી યજ્ઞોપવિત પ્રસ્તાવ સમિતિ રાજકોટ.
૧૫, પંચનાથ પ્લોટ, શ્રી મદનમોહન કુંજ રાજકોટ–૧

સંપ્રદાય સમાચાર

શ્રી વલ્લભ કીર્તન મંડળ (અમદાવાદ)ના સ્થાપક પૂ પા. ગો. શ્રી વલ્લભલાલજી મહોદય (કડી–અમદાવાદ)ના પ્રમુખસ્થાને તા, ૨૬–૧૧-૯૦ બુધવારે શ્રી વલ્લભસદન, આશ્રમ રોડ ખાતે પ. પૂ. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજરાયજી મહારાજ શ્રી (અમદાવાદ)ના કરકમલો દ્વારા પૂ. ગો. શ્રી વલ્લભલાલજી મહોદયના વહુજી અ.સો. શ્રી વૃન્દાવહુજીના કંઠે ગવાએલ હવેલી સંગીત નિત્યપદની કેસેટનું "જાકો મન લાગ્યો ગોપાલસે" વિમોચન સમારોહ થયો હતો, એમાં પૂ ગો. શ્રી વ્રજેશકુમારજી, પુ ગો. શ્રી રાજેશકુમારજી (કડી–અમદાવાદ) પધાર્યા હતા. આ પ્રસંગે ખુબજ વિશાલ સમુદાય ધરાવતા વૈષ્ણવોએ અનેરો લાભ લીધો હતો.

થાનગઢમાં શ્રીવલ્લભ સંસ્કાર પાઠશાળાનુ ઉદ્દઘાટન

આં. રા પુ વૈ પરિષદ થાનગઢ શાખા સંચાલિત શ્રી વલ્લભ સંસ્કાર પાઠશાળાનું ઉદઘાટન મુંબઈ મોટા મંદિરવાળા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રીના કરકમલોથી મંગલદીપ પ્રગટાવીને તા. ૫–૧–૯૧ના દિને થયું

આપશ્રીએ સ્તોત્ર, સ્વસિદ્ધાંત ઉપર ભાર મુકી બાળકો પાઠશાળા દ્વારાજ સ્તોત્ર, સ્વસિદ્ધાંત શીખી શકશે તથા પાઠશાળામાં બાળકોને સમયસર મોકલવા તે માબાપની ફરજ છે. એમ આપશ્રીએ ભારપૂર્વક જણાવ્યું.

મહેમાનપદે પ. ભ. ભગવાનદાસભાઈ–મોરબી તથા પ. ભ હેમીબ્હેન રાજકોટ તથા સ્થાનીક શાખાના ઉપપ્રમુખ ડો. મૈઠાસાહેબ, મંત્રી કમળાબેન પાલા, સહમંત્રી માધવભાઈ ખજાનચી મુકુન્દભાઈ વડનગરા રૂખડભાઈ પરીખ તથા વૈષ્ણવ ભાઈબ્હેનોએ સારી સંખ્યામાં હાજરી આપી ઉપસ્થિત રહ્યા

બાળકોની સંખ્યા ૩૦ની રહી, અને મંગલાચરણથી શીખવવાની શરૂઆત કરવામાં આવી.

નિ. લિ. પૂ. પાદ ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની થાનગઢમાં પાઠશાળા ચાલુ કરવાની પ્રબળ ઈચ્છા સાકાર થઈ રહી છે. અને પાઠશાળા દિનપ્રતિદિન આગળ પ્રગતી કરે તેવી કૃપા આપશ્રી દ્વારાજ થતી રહે એજ અપેક્ષા.

બસો બાવન વૈષ્ણવની વાર્તા પ્રકાશન સંબંધે

આપને તે જાણીને અત્યંત આનંદ થશે કે ઈન્દોર વૈષ્ણવ મિત્ર મંડળ તથા આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ શાખા ઈન્દોરના તત્વાવધાનમાં ૨૫૨ વૈષ્ણવ વાર્તાના ત્રણ જન્મની ભાવના સહિત વ્રજ ભાષામાં પ્રકાશિત કરવાનું નકકી કરેલ છે તે ત્રણ ખંડોમાં પ્રકાશિત કરવામાં આવશે.. જમના તરફથી અગાઉથી રૂા. ૧૫૧/– રૂપિયા એકસો એકાવન માત્ર જમા કરાવવામાં આવશે તેવા સદસ્યોને પ્રાથમિકતા અપાશે. ત્યારબાદ ખર્ચ લાગ્યા મુજબ મુલ્ય આપવા પાત્ર થશે. જેથી પોતાની પ્રત સુરક્ષિત કરવા માટેની રકમ ક્રોસ ચેક, બેંક ડ્રાફટ કે મ ઓ. દ્વારા 'વૈધણવ મિત્ર મંડલ ઈન્દોર"ના નામથી નીચેના સ્થળે મોકલવાની સહયોગ પ્રદાન કરો;

શ્રી મુકુંદભાઈ સોની
૧૩૬ જુની કેસરા બાખલ. ઈન્દોર–૪૫૨૦૦૨

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. અસ્મિતાબેન, મુંબઇના

જય શ્રીકૃષ્ણ

જુનાગઢ-પ્રભુની પ્રાપ્તીની સુંદર કૃપા માર્ગ બતાવનાર, શુદ્ધદ્વૈત સિદ્ધાંત પ્રસ્થાપિત કરનાર સ્ત્રીઓ અને શુદ્રોનો ઉદ્ધાર કરનાર પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા શ્રીમદ્દ વલ્લભાચાર્યજીના પાઠને માધ્યમિક અને ઉચ્ચ માધ્યામિક કક્ષાએ અભ્યાસક્રમમાં આમેજ કરાવવા માટે સમગ્ર વૈષ્ણવ સમાજે આં. પુ. વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સમય સમય પર ગુજરાત સરકારને પત્રો-ઠરાવો-આવેદન પત્રો પાઠવવામાં આવ્યા છે. પરિષદનું ડેલીગેશન પણ મુખ્ય મંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીને મળ્યુ છે-તેમ છતાં ગુજરાતની સરકારે ગુજરાતના સાઈઠ લાખ વૈષ્ણવોની સાચી લાગણી અને ન્યાથી માગણીને હજુ સુધી ન્યાય આપ્યો નથી એટલે સમગ્ર વૈષ્ણવ સમાજમાં રોષની લાગણી પ્રસરી ગઈ છે. એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રા. ચિમનભાઈ એમ. શેઠ એક પ્રેસ નિવેદનમાં જણાવે છે.

શ્રી ત્રિકમરાયજી હવેલી ટ્રસ્ટના ઉપક્રમે રાજકોટ ખાતે પુ. ગો. શ્રી વ્રજેશબાબાશ્રી (કામવન) અને જામનગર ખાતે પુ. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહોદયના અધ્યક્ષસ્થાને યોજાયેલા વિશાળ સમારંભોમાં પરિષદના સંગઠન મંત્રી પ્રા. ચિમનભાઈ શેઠે શ્રીમદ વલ્લભાચાર્યજીના પાઠને અભ્યાસક્રમમાં આમેજ કરાવવા માટે પરિષદના ડેલીગેશનની જાણકારી કરી હતી અને તે સમયે માનનીય મંત્રીશ્રીઓએ વ્યકત કરેથી શુભ નિષ્ઠાનો શ્રીમદ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ સુધીમાં અમલ કરવાની જાહેરાત કરવા સરકારને અનુરોધ કર્યો હતો.

જામનગર-નિ. લી. પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીનો પ્રાકટ્ય મહોત્સવ પોષવદ ૧૨ તા. ૧૨-૧-૯૧ના દિવસે જામનગર વૈષ્ણવસમાજ અને આ. રા. પું. વૈ. પરિષદ શાખા જામનગરને ઉપક્રમે ઉત્સાહપૂર્ક યોજાયો આ પ્રસંગે પો. વ. ૧૧ના જામનગરમાં વિકટોરિયા પુલ પાસે વાડીમાં પૂ. પા. શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીની સ્મૃતિમાં તૈયાર થયેલ ચોતરા પાસે શ્રીયમુનાષ્ટકના પાઠ તથા સાંજે પ્રશ્નોતર સ્પર્ધા, રનીંગ શીલ્ડ આયોજન, પો. વ. ૧૨નાં સવારે પ્રભાતફેરી રાજભોગમાં નંદમહોત્સવ અને સાંજે પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને સત્સંગ હોલમાં વિશાળ સભાનું આયોજન થયેલ.

રાજકોટ-શ્રી ત્રિકમરાયજીની હવેલીના છપ્પનભોગ મહોત્સવ નિમિત્તે તા. ૭ થી ૯-૧-૯૧ ત્રણ દિવસનો કાર્યક્રમ પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન-રાજકોટ), ગો. શ્રી દ્રુમિલકુમાર બાવાશ્રી (વડોદરા) તથા ગો. શ્રી કલ્યાણરાય બાવાશ્રી (કામવન)ની સાન્નિધ્યમાં યોજાયો હતો. તા. ૭-૮ બે દિવસ સાંજના સમયે પ્રવચન, સવાલ-જવાબનો કાર્યક્રમ હતો અને ત્રીજે દિવસે તા. ૯ના રોજ શ્રી છપ્પન ભોગના દર્શનનો લાખેક ભાવિકજનોએ લાભ-લીધેલ. દર્શનની વ્યવસ્થા સરાહનીય હતી.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

માસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. હર્ષાબેન કરાંચીવાલાના
જય શ્રીકૃષ્ણ મુંબઇ,

"શ્રી વલ્લભ સુધા"નું લવાજમ નીચે દર્શાવેલ સેવાભાવી પ્રતિનિધ કાર્યકર દ્વારા સ્વીકારાય છે.

૧ મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ
વાયા મોટી મેંગણી, અનીડા (વાછરા)

૨ શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેશાઈ
૪૩, સરદાર પટેલનગર
એલિસબ્રીજ, અમદાવાદ-૬

૩ શ્રી હીરજીભાઈ રણછોડભાઈ
C/o શ્રી શંભુભાઈ હીરજીભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં
અમરેલી

૪ શ્રી અમ્રતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજમાર્ગ, ઉપલેટા

૫ શ્રી નિતિનભાઈ મહેતા
C/o શ્રી કાનજી સવજી પારેખ
૫૫ કેનીંગ સ્ટ્રીટ ૧લે માળે
મહેતા બિલ્ડીંગ કલકત્તા-૧

૬ શ્રી કૃષ્ણદાસ મથુરદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા, કલ્યાણ

૭ શ્રી દેવેન્દ્રભાઈ આર પાલેજા
૮૭૨, આર. જી. સ્ટ્રીટ
ફ્લાવર માર્કેટ સામે, કોઈમ્બતુર-૧

૮ શ્રી ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, ગોંડલ

૯ શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી, ઝવેરી રમણિકભાઈના મકાનમાં
જેતપુર

૧૦ શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી, જેતપુર

૧૧ શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ, જુનાગઢ

૧૨ શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિ-કિરણ એપાર્ટમેન્ટ
જલારામ સોસાયટી, જુનાગઢ

૧૩ શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
C/o ડો. વી. એન. ધોળકીયા
નાગર ચકલો, જામનગર

૧૪ શ્રી દિનકરભાઈ વી. લાઠીગરા
વીશી પ્લોટ, ધોરાજી

૧૫ શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા, ધોરાજી

૧૬ શ્રી મુકુન્દભાઈ ફીચડીયા
સોની બજાર, ધ્રોળ

૧૭ શ્રી ગોકળદાસ જગજીવનદાસ કંસારા
શક્તિમાતાના મંદિર સામે, ધાંગધ્રા

૧૮ શ્રી મહેન્દ્રકુમાર નગીનદાસ મણીયાર
આતાભાઈ-હીલ ડ્રાઈવ રોડ
૯, અંજલિ કો. ઓ હા. સોસાયટી
ઘંટી સામે, ભાવનગર

૧૯ શ્રી કનૈયાલાલ ભોગીલાલભાઈ
ટ્રસ્ટી શ્રીનાથજીબાવા હવેલી
પાળીયાદ રોડ, બોટાદ

૨૦ શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ, મોરબી

૨૧ પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ, મોટાભાદરા

૨૨ શ્રી સુરેશભાઈ ગોવિંદભાઈ પોંકીયા, મોટાભાદરા

૨૩ અાં. રા. પુ. વૈ. પરિષદ
મુંબઈ શાખા
શ્રી સાતસ્વરૂપ હવેલી, ૧લે માળે
૬૧એ, આત્મારામ મરચન્ટ રોડ,
ભૂલેશ્વર. મુંબઈ-૨

૨૪ શ્રી જયંતિલાલ મુલજીભાઈ રાજાણી
લીબર્ટી રોડ, પોરબંદર

૨૫ પ્રા. એમ. આર. પાલેજા
"લકુલીશ" માળીવાડ, રાજપીપળા

૨૬ શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ ખાખી
મહાલક્ષ્મી મંદિર પાસે, લીંબડી

૨૭ શ્રી ભોગીલાલ રમણભાઈ શાહ
૩૪/૪ બજાજ રોડ, નંદા ભુવન, ૧લે માળે
વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૫૬

૨૮ શ્રી ગોરધનભાઈ બી. રાણપરીયા

(વધુ માટે જુઓ ટાઈટલ બીજું)

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

ચુંદડીયે રંગ લાગ્યો ... !

રાધાજીની ચુંદડીયે રંગ લાગ્યો, મોહનનો મીઠો રંગ લાગ્યો;
લાગ્યો લાગ્યો રંગીલો રંગ આજ, ચુંદડીયે રંગ લાગ્યો..... ૧

માધવનો મીઠો રંગ લાગ્યો, કાનાનો કસુંબલ રંગ લાગ્યો;
લાગ્યો લાગ્યો રંગીલો રંગ આજ, ચુંદડીયે રંગ લાગ્યો..... ૨

શ્રી રાધા યમુના જલ જાતા, મન મોહનથી ભેટા થાતા;
ત્યાં નવલા સ્નેહના સાજ, ચુંદડીએ રંગ લાગ્યો ૩

પ્રિતમનો પીળો રંગ લાગ્યો, લાડકડાનો લાલ લાલ રંગ લાગ્યો;
લાગ્યો લાગ્યો રંગીલો રંગ આજ, ચુંદડીયે રંગ લાગ્યો..... ૪

નવલા નયના બેઉના મળતા, પ્રીતિના ફુલ પુષ્પો ત્યાં ખિલતા;
મધુવનમાં મધુરા રાજ, ચુંદડીયે રંગ લાગ્યો..... ૫

મોહનનો મીઠો રંગ લાગ્યો, લટકાળાનો લીલો રંગ લાગ્યો;
લાગ્યો લાગ્યો રંગીલો રંગ આજ, ચુંદડીયે રંગ લાગ્યો..... ૬

તે છબી છુપાઇને મેં જોઇ, પ્યારી પ્રીતમ ઉપર મોહી;
‘વ્રજલતા’ વારી વારી વ્રજરાજ, ચુંદડીયે રંગ લાગ્યો..... ૭

—પૂ. ગો. શ્રી વ્રજલત્તા વહુજી, જામનગર.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી ૫. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

શ્રી રામનવમી કી વધાઇ

આજ અવધિ આનંદ ભયો....
ભયો મનોરથ સિદ્ધ સબનિ કો, દુખ સંતાપ ગયો. ૧
નીલ કલેવર મંગલ મૂરતિ, ભક્ત ચંદ ઉદયો;
કહાંલો કહોં મદન મદ ગંજન, દશરથ ભવન જયો. ૨
નિગમાગમ પુરાન અતિ હરષે, નાક વિમાન છયો;
'વલ્લભ' દેવ, ધેનુ, ધર, પાલન, દશમુખ સુનત તયો. ૩

⁂

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૯ : અંક ૧૨ — **માર્ચ, ૧૯૯૧**
શ્રીવલ્લભાબ્દ ૫૧૨

વાર્ષિક લવાજમ એપ્રિલ ૯૧ થી રૂ. ૨૦ * આજીવન એપ્રિલ ૯૧ થી રૂ. ૨૫૧

શ્રીવલ્લભ સુધા કંસારા મહાજન વાડી બિલ્ડીંગ,
લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.

॥ શ્રી હરિઃ ॥

શ્રી નવનીતપ્રિય ગોવર્ધનધર પ્રભુ વિજયતે ।
શ્રીમદ્ આચાર્યચરણ કમલેભ્યો નમઃ ।
જાનીત પરમં તત્વં યશોદોત્સંગ લાલિતમ્ ॥

સ્વસ્તિ શ્રીમદ્ અખંડ ભુમંડલાચાર્ય વર્ય જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ ચાંપાસેનીસ્થ ગો. વિઠ્ઠલેશરાયજી મહારાજાત્મજ ગો. શ્રી વૃજનાથલાલજી મહારાજાત્મજ ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ ઇત્યેતેષાં .... સદા હરિ ગુરૂ સેવા પરાયણ સ્વકીયેષુ પરમ વૈષ્ણવેષુ શ્રી સમસ્ત વૈષ્ણવેષુ શુભાશિર્વાદા : શમિહ તત્રાસ્તુ અપરંચ ભગવત્કૃપાથી અમારા ચિરાયુષ્યમાન જ્યેષ્ઠ આત્મજ ગો. ચિ શ્રી રાજીવલોચનજી બાવાશ્રીના લાલબાવા ચિ ગો. **શ્રી દેવકીનંદનજી** (શ્રી ભાગવતબાવા) બાવાશ્રી તથા ચિ. ગો **શ્રી કુંજરાયજી** બાવા શ્રી ના **શુભ યજ્ઞોપવિત** પ્રસ્તાવ વિ. સં. ૨૦૪૭ ના ચૈત્ર સુદ ૬ ને ગુરૂવાર તા. ૨૧-૩-૧૯૯૧ ના શુભ દિને નિશ્ચિત થયેલ છે.

પ્રસ્તાવનો પ્રારંભ ચૈત્ર સુદ ૪ ને મંગળવાર તા. ૧૯-૩-૯૧ ના શુભ દિને થશે. તેજ દિવસે બન્ને ચિ. લાલબાવાશ્રી ની **બિનેકી** [વરણાગી] નો કાર્યક્રમ છે.

આ શુભ પ્રસંગે શ્રી... .... ના વિવિધ મનોરથો તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવચનો થશે.

સમગ્ર વૈષ્ણવ સમાજને આ શુભ અવસરે સેવા દર્શનનો અલભ્ય લાભ લેવા અમારૂં ભાવભીનું આમંત્રણ છે.

સેવા સ્મરણમાં ચિત્ત છે તેથી અધિક રાખશો....
બહારગામના આગંતુક વૈષ્ણવો માટે મંડાણની વ્યસ્થા છે.

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી....
* નિવેદકો *
શ્રી લાલબાવા યજ્ઞોપવિત પ્રસ્તાવ-
વ્યવસ્થા સમિતિ
પત્રવ્યવહાર સંકેત :

ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ
"શ્રી મદનમોહન કુંજ"
૧૫, પંચનાથ પ્લોટ, રાજકોટ (૩૬૦૦૦૧)
ફોન : ૪૧૬૩૬

: પ્રસ્તાવ સ્થળ :
૬, પ્રહલાદ પ્લોટની સામે
પેલેસ રોડ, **રાજકોટ.**

શ્રી, વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા. પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભકિતભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૧
વર્ષ ૯ : અંક ૧૨ * માર્ચ, ૧૯૯૧

॥ શ્રી વલ્લભઃ ॥

શરણાગતિના સ્વરૂપની તુલનાત્મક સમાલોચના

પ્રવકતા : **ગો. શ્રી દીક્ષિતજી મહારાજશ્રી–મુંબઇ.**
સંપાદક : **શ્રી હરિલાલ જે. શેઠ, એમ.એ.**

કર્મ, જ્ઞાન, ભક્તિ વગેરે યોગો શ્રીકૃષ્ણની પ્રીતિ-અર્થે કરતા રહે. કર્મ નહિ પણ કર્મફળ ત્યજી દેવું. ઇંદ્ર આરાધ્ય છે, સ્વર્ગાદિ ફળ છે. જીવ કર્તા છે. તેમાં રક્ષણ બુદ્ધિ રાખવાને બદલે હું શ્રીકૃષ્ણ સર્વભોકતા છું, ફળ છું, સાધન છું તેવી બુદ્ધિ રાખીશ તો અવશ્ય તારો ઉદ્ધાર કરીશ. વૈષ્ણવોના ઉદ્ધારનું સ્વરૂપ સૈંધવ સમુદ્રમાં મળી જેમ સમુદ્ર બની જાય તેવું નથી. અહીં તો 'પ્રેમકી ધ્વજા' ગોપીઓના 'અક્ષણવતાં ફલમિદ" ના આશયને અનુવાદ કરતાં દયારામભાઇ સ્પષ્ટ કહે છે તેવું છે. "નિત્ય નિરખીયે શ્રી નટવર રૂપ રે, હોંશ હૈયામાંથી મન માન્યું મળે સર્વ સુખ રે, તે તો એકતામાં કયાંથી રે"

શરણાગતિનો વિચાર : શરણાગતિનો વિચાર આ ફકરામાં વેદાંતાચાર્યના ગ્રંથ મુજબ કરવામાં આવશે. આશ્રય, પ્રપત્તિ, શરણ ઇત્યાદિ એકાર્થવાચી શબ્દો છે. વિભીષણની માફક 'અહંમદ્રક્ષણભરો' સર્વ શ્રીપતિનું છે એવી ભાવનાથી આત્માનો શ્રીપતિના ચરણાવિંદમાં નિક્ષેપ

કરવો તેનું નામ શરણાગતિ એટલે કે, હે ! શ્રીકૃષ્ણ, અકિંચન, અનુકૂલ, અનન્ય (શ્રીકૃષ્ણ સિવાય સર્વેની પરતત્ત્વરૂપે ઉપેક્ષા કરવાવાળો) 'અનન્યાચિંતયંતો' જેવો હું, આત્માને આત્મિય વસ્તુમાત્રનો આપના પદકમલમાં ન્યાસ કરૂં છું. થાપણ જેમ સોંપુ છું. રામાનુજોમાં, વલ્લભોમાં જેમ શ્રી ગોવર્ધનધરનું સ્વરૂપ સેવ્ય ગણવામાં આવે છે: તેમ શ્રી વરદરાજ ઉપાસ્ય છે. આથી વંગલ પેટા સંપ્રદાયના સ્થાપક વેદાંતાચાર્ય અભિષ્ટનું વરદાન આપવાવાળા શ્રીવરદરાજની સ્તુતિ કરતાં દેહાંતે તેમના ચરણકમલની પ્રાપ્તિ વાંચ્છે છે. પોતામાં રહેલું ચેતન, અચેતન, રાચરચીલાં સર્વ સ્વદાસનું સ્વીકારી લેવા શ્રીવરદને નિવેદન કરે છે. તે જ એક કરૂણામય, રક્ષક હોવાથી પાપક્ષય કરવા પ્રાર્થે છે, હે 'પ્રણતાર્તિહર' વરદ ! કર્તવ્યને ન કરનાર, અકર્તવ્યને કરનાર એવા પાપની ક્ષમા આપ.

શરણાગતિ છ પ્રકારની છે. તેમાં એક પ્રધાન પ્રકાર છે તે અંગી છે, અને બીજા પાંચ પ્રકાર તેના અંગ છે. છ પ્રકારની શરણાગતિ ટુંકમાં નીચે આપેલા શ્લોકમાં વર્ણવી છે—

આનુકુલ્યસ્ય સંકલ્પઃ પ્રાતિકુલ્યસ્ય વર્જનમ્ ।
રક્ષિષ્યતીતિ વિશ્વાસઃ ગોપ્તૃત્વે વરણં તથા ।
આત્મનિક્ષેપકાર્પણ્યે ષડ્‌વિધા શરણાગતિઃ ॥

ભગવાનને અનુકુલ કર્મો કરતો રહીશ એવો સંકલ્પ કરે, ભગવત્‌પ્રતિકુલનો ત્યાગ કરે, ભગવાન્ નિશ્ચય મારૂં શરણે ગયેલાનું રક્ષણ કરશે એવો વિશ્વાસ રાખી, તેનું જ રક્ષક તરીકે વરણ કરી, પોતાના આત્માનો દૈન્યથી અકિંચન નિક્ષેપ કરવો એ શરણાગતિ –એમ છ પ્રકારની શરણાગતિઓ છે.

આ બ્રહ્મસંબંધરૂપ શરણાગતિ કરવામાં અક્ષરબ્રહ્મ સાથે સંબંધ થાય છે. એવું કહેવાવાળા ખરે મિથ્યા પ્રલાપ જ કરે છે. શ્રીહરિરાયજી નિસંદિગ્ધ શબ્દોમાં કહે છે કે 'પુરુષોત્તમ રૂપત્વા ન ચિંતાં ચરેત્'– શ્રી પૂર્ણ પુરુષોત્તમ જેમનું ધામ અક્ષરબ્રહ્મ છે તેમની જોડે સંબંધ હોવાથી (બ્રહ્મપુરુષોત્તમ હોવાથી) ચિંતા ન કરવી.

આગળ વધતાં વેદાંતાચાર્ય કહે છે કે ઉપયુક્ત પંચાંગ શરણાગતિ મારી પાસે કરાવી, મારા શરણાગતિરૂપ ઉપાય બન્યા તેથી તે નિર્ભર છે. શુભકૃત ભગવાન રામાનુજાચાર્યે સંસારાવર્તનું પ્રશમન કરે તેવી પોતાને દીક્ષા આપી છે. અનુચિત કાર્યોથી વિરક્ત બનાવ્યો છે. તત્ત્વદૃષ્ટિથી તે કહે છે. હું એટલો નિશંક બની ગયો છું, નિરવધિ કારૂણિક વરદ ! આપ જયારે રક્ષક છો તો આપના પદકમલમાં સર્વ ભાર સોંપી, નિર્ભર થઈ બેઠો છું.

આ દૃષ્ટાંતમાં વર્ણવેલા પ્રકારે અંતઃકરણની ભાવના થવી એ જ શરણ.

ગીતાર્થસંગ્રહકાર – શ્રીયામુનાચાર્ય

એ રામાનુજના પરમ ગુરુ હતા. તેમણે અઢારમા અધ્યાયના પોતાના 'ગીતાર્થસંગ્રહ' નામક ભાષ્યમાં 'સર્વધર્માન….' શ્લોકનો આશય એક જ પંક્તિમાં સમજાવી દીધો છે. 'અમીતઃ ઉપાયતાં પરિત્યજ્ય ન્યસ્યેત દેવેતુતામ્' સર્વ ધર્મો ઉપાયરૂપ છે. એવી ભાવના એક નિર્ભય જીવ તરીકે છોડી શ્રીકૃષ્ણમાં જ ઉપાયભાવ કરવો તેનું નામ શરણ. આશ્રિતનો મોક્ષ અને અનાશ્રિતનું બંધન આ શ્રીપતિ કટાક્ષથી

કરી શકે છે. જે લોકો સર્વત્ર બ્રહ્મવાદની દષ્ટિથી શરણ્યની પરિચર્યા કરે છે, તેઓ મૃત્યુ ઉપર પગ મૂકી બેપરવા ચાલ્યા જાય છે. જેમણે શ્રીપતિ સાથે મિત્રતા બાંધી છે, તેઓ પવિત્ર છે, અનાશ્રિતો નહિ. આ સ્થળે ‘દેવ’ શબ્દ કેમ વપરાયો છે ? ‘દેવ’ શબ્દ ‘દિવુ’ ધાતુ ઉપરથી બન્યો છે. તેનો અર્થ ક્રીડા, ખેલ થાય છે. એટલે શરણે આવેલાઓનો મોક્ષ કરવો જેને મન એક ક્રીડા માત્ર છે તેવા દેવમાં ઉપાયતા બુદ્ધિ રાખવી એ જ અસલી શરણાગતિ એ દેવ દયા, વાત્સલ્ય, ઔદાર્ય વગેરેના નિધાન છે. મિત્રભાવથી શરણે આવ્યો તેથી વિભીષણને અભયપદનું દાન કરે છે. અશરણ-શરણ્ય એવા સ્વયં ઉપાય, શ્રીકૃષ્ણમાં કોઇનો ભય રાખ્યા વિના આત્માનો ન્યાસ કર.

સંક્ષેપમાં, સર્વધર્મો ઉપરથી આપણી ઉપાયતા બુદ્ધિ છોડી શ્રીકૃષ્ણ એ જ ઉપાય એનું નામ સર્વધર્મ ત્યાગ અને આજ સમસ્ત ગીતાનું નિકૃષ્ણ તત્ત્વ છે.

‘અનન્યસાધ્યે સ્વામીષ્ટે, મહાવિશ્વાસપૂર્વકં તદેકોપાતાયાચ્વા’ આ શરણનું લક્ષણ છે. વેદાન્તાચાર્યે ‘દ્રવિડોપનિષત્તાત્પર્ય’ લખ્યું છે. દ્રવિડમાં એક હજાર ગાથા છે. તેમાં શ્રીકૃષ્ણ ચરિત્ર અને ગુણાનુવાદ છે. ત્રણેય લોકમાં વેદ પ્રસરવો વરાહ દ્વારા જગદ્ઉદ્ધાર કરવો. પ્રલય સમયે ચરાચરનું અશન કરવું, ક્ષિતિનો ભાર ઉતારવો, લંકાને દૈત્ય-નૃપના ભારથી ઉગારવી, લોકસૃષ્ટિ રચવી, ગોવર્ધનાદિધારણ કરવો અને તે દ્વારા શરણમાર્ગનું સ્થાપન કરવું ઇત્યાદિ ગાથાઓ છે. વેદાંતાચાર્યે શરણનું સ્વરૂપ પોતાના ‘ન્યાસવિંશતિ’ નામક ગ્રંથમાં કહ્યું છે તેમાં ન્યાસને એક પ્રકારના મહાન તપ તરીકે વર્ણવામાં આવ્યું છે. ન્યાસ એટલે આત્મા, આત્મિયનું સમર્પણ, આમ રામાનુજ મત પ્રમાણે શરણનો અર્થ ઉપાય થયો પરંતુ તેની મુદ્રા ધારણ કરો, બ્રહ્મ-રુદ્રાદિનો વિચાર કર્યા વિના કેવળ તેને જ ઉપાય તરીકે સ્વીકારવો તે પ્રપત્તિ.

[શુદ્ધાદ્વૈત વર્ષ ૧૩ સં. ૧૯૯૪ આશ્વન અંક ૯માંથી સાભાર]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા, રાજકોટના જયશ્રીકૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરૂષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : પ્રોફે. **પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

(અધ્યાય ૧૮ મો)

–ગતાંકથી ચાલુ

રાજન સંસ્મૃત્ય સંસ્મૃત્ય,
સંવાદ મિમમદ્ભુતમ્ ।
કેશવાર્જુનયોઃ પુણ્યં,
હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥૭૬॥

શ્લોકાર્થ–હે રાજન । શ્રીકૃષ્ણ તથા અર્જુનના અદ્ભુત તથા પુણ્ય (પવિત્ર–પાવનકારી) સંવાદને ફરીથી અને ફરીથી આદર સહિત યાદ કરીને, હું વારંવાર હર્ષ પામું છું. ૭૬

ટીકા–વળી હે રાજા ! શ્રી કૃષ્ણ તથા અર્જુનના આ અદ્ભુત તથા લૌકિક ઉપપત્તિ (નિર્ણય) થી રહિત અને પુણ્ય જનક એવા સંવાદને સંભારીને અને આદર પૂર્વક યાદ કરીને હું વારંવાર (ફરીથી અને ફરીથી) આનંદ પામું છું. ૭૬

તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય, રૂપમત્યદ્ભુતં હરેઃ ।
વિસ્મયો મે મહાન રાજન,
હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥૭૭॥

શ્લોકાર્થ–અને હરિનું (શ્રીકૃષ્ણનું) એ અદ્ભુત સ્વરૂપ ફરી ફરી સારી રીતે યાદ કરતાં (યાદ આવતાં), હે રાજન ! મને ઘણું આશ્ચર્ય થાય છે અને હું વારંવાર આનંદ પામું છું. ૭૭

ટીકા–એ શું હતું ? તે અતિ અદ્ભુત, અલૌકિક સ્વરૂપને ફરી ફરી યાદ કરીને અને વળી શ્રીકૃષ્ણ સર્વ દુઃખહર્તા છે અને પુરૂષોત્તમ છે. તેમના એવા સ્વરૂપને ફરી ફરી યાદ કરતાં મને મહાન વિસ્મય થાય છે, કારણકે તમારા પક્ષના લડવૈયાઓ કેવી રીતે વિજય મેળવી શકશે એવું આશ્ચર્ય થાય છે. મૂળ ભૂત સ્વરૂપના દર્શનથી બધા મોક્ષ મેળવશે એમ વિચાર આવતાં વારંવાર આદરથી પ્રસન્ન છું. અથવા તો શ્રીકૃષ્ણનું અતિ અદ્ભુત, પુરૂષોત્તમપણાના એક માત્ર અનુભવથી જાણી (ઓળખી) શકાય એવું, તેને યાદ કરીને અને ફરીથી યાદ કરીને ધ્યાન ધરતાં મને મહાન વિસ્મય થાય છે, કારણકે મારા જેવો તુચ્છ (પામર) જીવ ક્યાં અને ક્યાં એ દર્શન ! એમ સંબોધન કરે છે. વળી ફરીથી આનંદ પામું છું. ભગવાનના દર્શનથી આનંદ થાય એ તારા અનુભવથી પણ સિદ્ધ છે એવા તજ્જ્ઞપણાથી મહત (મહાન) એમ કહીને સંબોધન કરે છે. હે રાજન........વગેરે. ૭૭

યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો, યત્ર પાર્થો ધનુર્ધરઃ ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥૭૮॥

શ્લોકાર્થ–જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં ધનુષ્ય ધારણ કરનાર પાર્થ છે, ત્યાં લક્ષ્મી, શત્રુપર વિજય, ભૂતિ (રાજ્યલક્ષ્મી) અને ધ્રુવા (નિશ્ચિત) નીતિ છે–એમ મારો મત (બુદ્ધિ કહે) છે. ૭૮

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતા સૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગ શાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે મોક્ષ સંન્યાસ યોગો નામાષ્ટાદશોઽધ્યાયઃ ॥૧૮॥

॥ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ॥

અર્થ-આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ઉપનિષદમાં, બ્રહ્મવિદ્યામાં, યોગશાસ્ત્રમાં, શ્રી કૃષ્ણ તથા અર્જુનના સંવાદમાં, મોક્ષસંન્યાસ યોગ નામનો અઢારમો અધ્યાય સમાપ્ત થયો. ૧૮.

શ્રીકૃષ્ણને અર્પણ થાઓ

ટીકા-આ પ્રમાણે ગીતાજીના શ્રવણથી, ભગવાનના દર્શનને લીધે આનંદ પામેલા ચિત્ત વડે પોતાની મતિએ નિશ્ચિત (નક્કી) કરેલા અર્થને કહે છે તથા વિજ્ઞાનને લીધે શાસ્ત્રાગતિને માટે અને કહે છે કે જેમના પક્ષમાં યોગના-સર્વસાધનોના-ઈશ્વર (એટલે નિયામક) છે ત્યાં લક્ષ્મી, જ્યાં પાર્થ છે એટલે પૃથાક્ષત્રિયાણીનો પુત્ર છે ("યદર્થે ક્ષત્રિયાસુત" "જે અર્થમાં ક્ષત્રિયાણીનો પુત્ર' એ વાક્ય બોલનારીનો પુત્ર) મહા શૂરવીર તથા ભગવાનના ભક્ત એવો અર્જુન ધનુષ્યને ધારણ કરનાર અને બધી સામગ્રી (યુદ્ધની) ધરાવનાર અર્જુન છે-ત્યાં જ શત્રુના પરાજય પૂર્વકનો ઉત્કર્ષ (વિજય) છે. જ્યાં લક્ષ્મી છે ત્યાં જ ભૂતિ (લક્ષ્મીના અંશરૂપ) રાજ્ય લક્ષ્મી, ધ્રુવા એટલે નિશ્ચલા અને જ્યાં વિજય છે ત્યાં નીતિ (નય) છે-એમ અર્થ છે. આ પ્રમાણેની મારી બુદ્ધિએ કરેલો નિશ્ચય છે.

અહીં આ ભાવ છે. જ્યાં શ્રીકૃષ્ણ તથા અર્જુન (જે પક્ષમાં) પાંડવોના પક્ષમાં છે ત્યાં લક્ષ્મી વગેરે હોય છે, સાક્ષાત્ હોય ત્યાં તો પૂછવાનું-કહેવાનું- જ શું હોય! તેથી તારો પણ સંરમ્ભ (મોહપ્રેરિત વિચાર-સંકલ્પ) નો ત્યાગ હોવાથી શરણાગતિ એ જ સર્વાર્થ સાધક છે-એમ ભાવ છે. ૭૮.

અહીં શ્રીમદ્ ભગવદ્ ગીતાના અઢારમા અધ્યાયનું તથા શ્રીપુરૂષોત્તમલાલજી કૃત સંસ્કૃત ટીકા અમૃતતરંગિણીનું ગુજરાતીમાં ભાષાંતર પ્રોફે. પી. કે. શાહે કરેલું સમાપ્ત થાય છે.

[**નોંધ**-અમૃત તરંગિણીને અંતે ૧૦ શ્લોકો છે તેના હિંદી અનુવાદનું ગુજરાતીમાં પ્રોફે. પ્રતાપરાય કાં. શાહે કરેલું ભાષાંતર આપ્યું છે.]

શ્રી કૃષ્ણાનન્ય ભક્તસ્ય,
ગીતા શ્રવણતઃ પરા ।
દૃઢા ભકિત ર્ભવેત્
ગીતાસારસ્ત્વેવં હિ બુદ્ધયતામ્ ॥૧॥

શાસ્ત્રાર્થ રૂપમજ્ઞાત્વા
કૃતં ન ફલદં ભવેત્ ।
હરિર્ભજન સિદ્ધયર્થં
ગીતા શાસ્ત્ર મયા બ્રવીત્ ॥૨॥

અર્જુનાય પ્રસંગેન
સર્વોદ્ધાર પ્રયત્નવાન્ ।
તસ્માજજ્ઞાત્વા હિ ગીતાર્થં
કૃષ્ણ સેવ્યો હિ સર્વદા ॥૩॥

અતસ્તદર્થં ગીતાર્થો
નિગૂઢો વિનિરૂપિતઃ ।
શ્રીમદાચાર્ય પાદાબ્જ ભકત્યા
લબ્ધો હ્યનન્ય યા ॥૪॥

શ્રી મદા ચા ર્ય પાદેષુ
ગીતાર્થ કુસુમાંજલિઃ ।
ન્યસ્તસ્તેન પ્રસીદંતુ તે
સદા મયિ કિંકરે ॥૫॥

પુષ્ટિમાર્ગીય ભકતાનાં
વિહારાર્થં સુનિર્મલા ।
કૃતા શ્રીકૃષ્ણ ભાવાબ્ધિ
ગીતામૃત તરંગિણી ॥૬॥

અનન્યે કૈવ ભકિત હિં
કાર્યા શ્રીકૃષ્ણ તુષ્ટ યે ।
વિદ્યાષ્ટા દશકેનાપિ
સર્વ થૌ વોચ્યતે યતઃ ॥૭॥
ઇત્યેવાષ્ટાદશા ધ્યાયૈ :
ગીતા શાસ્ત્રમ્ હરિઃ સ્વયમ્ ।
પ્રકટી કૃતવાન્ લોકે
દયાલુર્દેવકી સુતઃ ॥૮॥
અત્ર યુકત મયુકતં વા
જીવ બુદ્ધયા હવ લેખિ યત્ ।
તત્ક્ષમંતુ સદાચાર્યાઃ
સ્વાંગીકૃત બલાન્મયિ ॥૯॥
કૃષ્ણો જલધર શ્યામો
બભૌ રાજીવ લોચનઃ ।
શ્યામપિ યસ્ય વામાંશે
વિદ્યુલ્લેખેવ રાજતે ॥૧૦॥

ઇતિ શ્રીમદ્ ભગવદ્ ગીતામૃતતરંગિણ્યામષ્ટાદશોધ્યાયઃ સંપૂર્ણઃ ॥૧૮॥

શ્લોકાર્થ—શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તની દ્દઢ ભકિત ગીતાજીના શ્રવણથી થાય છે. તેથી શ્રીગીતાજીનો સાર આમ સમજવો જોઇએ.

શાસ્ત્રાર્થતા રૂપને ન જાણતાં કરેલું કર્મ ફલદાયી થતું નથી. તેથી હરિના ભજનની સિદ્ધિને માટે ગીતાશાસ્ત્ર કહેવામાં આવ્યું છે. ૨

શ્રીકૃષ્ણ, અર્જુનને બહાને સમસ્ત લોકનો ઉદ્ધાર કરવાની ઇચ્છા રાખે છે. તેથી શ્રીગીતાજીના અર્થને જાણીને સર્વદા શ્રીકૃષ્ણની જ સેવા કરવી જોઇએ. ૩

તેથી ગૂઢ ગીતાર્થને શ્રીમદાચાર્યચરણોની અનન્ય ભકિતથી મેં જાણ્યો છે. ૪

શ્રીમદાચાર્ય ચરણોમાં ગીતાર્થરૂપી પુષ્પોની અંજલિ સમર્પિત કરું છું, તેનાથી તેઓશ્રી મારા જેવા દાસપર પ્રસન્ન થાય. ૫

પુષ્ટિમાર્ગીય ભકતોના વિહારને માટે શ્રીકૃષ્ણના સ્વચ્છ ભાવોરૂપી સમુદ્રમાંથી શ્રીગીતાજીરૂપી અમૃતની તરંગિણી (નદી) બનાવી છે. ૬

અનન્યા એક ભકિત જ શ્રીકૃષ્ણની કરવી જોઇએ, કારણ કે અઢાર વિદ્યાઓમાં એ જ સાર કહ્યો છે. ૭

દયાળુ દેવકીનંદન શ્રીકૃષ્ણે પણ ૧૮ વિદ્યાઓના સારરૂપ ૧૮ અધ્યાયોમાં શ્રીગીતાજીના શાસ્ત્રને લોકમાં પ્રકટ કર્યું છે. ૮

આમાં જે કંઇપણ અયુકત હોય એ જીવ બુદ્ધિથી લખ્યું છે તેથી આચાર્યશ્રી ક્ષમા કરે, કારણ કે એમણે જ મને અંગીકાર કર્યો છે. ૯

કમળના જેવા નેત્ર છે જેનાં તથા મેઘની જેવા શ્યામ રંગવાળા શ્રીકૃષ્ણ વિજળીની રેખાથી જેમ શ્યામ વાદળું શોભે તેમ વામ ભાગમાં (ડાબી બાજુએ) બિરાજેલા રાધિકાજી જેઓ ગૌરવર્ણના છે તેમનાથી શોભાયમાન છે, ૧૦

આ પ્રમાણે શ્રીદ્વારકેશ સંસ્કૃત વિદ્યાલયના પ્રધાન (મુખ્ય આચાર્ય—પ્રીન્સીપાલ) સ્વ. પંડિત શ્રેષ્ઠ શ્રી શ્રીધરશાસ્ત્રી ચતુર્વેદના પુત્ર, સપ્તાચાર્ય શ્રીદ્વારકેશ સંસ્કૃત મહાવિદ્યાય મથુરાના પૂર્વ પ્રધાનચાર્ય (માજી પ્રીન્સીપાલ) વાસુદેવ કૃષ્ણ ચતુર્વેદે રચેલ શ્રીવ્રજેશ નદિની નામની હિંદી ભાષા રચેલા ટીકામાં શ્રીમદ્ ભગવદ્ ગીતામૃત તરંગિણી (નામની ટીકા)માં અઢારમો અધ્યાય સંપૂર્ણ થયો.

॥ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ॥

શ્રી વિઠ્ઠલેશ્વરોક્તા ચતુઃશ્લોકી

સદા સર્વાત્મ ભાવેન ભજનીયો વ્રજેશ્વરઃ ।
કરિષ્યતિ સ વાસ્મદ્, દૈહિકમ્ પારલૌકિકમ્ ।૧।

અન્યાશ્રયો નકર્તવ્યઃ, સર્વથા બાધકસ્તુ સઃ ।
સ્વકીયે સ્વતામ ભાવશ્ચ, કર્તવ્યઃ સર્વદા સદા ।૨।

સદાસર્વાત્મના કૃષ્ણઃ, સેવ્યઃ કાલાદિદોષનુત્ ।
તદ્ ભક્તેષુ ચ નિર્દોષ ભાંવેન સ્થેય માદરાત્ ।૩।

ભગવત્યે વ સતતં, સ્થાપનીયં મનઃ સ્વયમ્ ।
કાલોયં કઠિનોપિ શ્રીકૃષ્ણ ભક્તાન્ન બાધતે ।૪।

ઇતિ શ્રીવિઠ્ઠલેશ્વરોક્તા ચતુઃશ્લોકી સમાપ્તા ।

શ્લોકાર્થ-વ્રજના ઇશ્વર એવા શ્રીકૃષ્ણને સર્વાત્મ-ભાવથી ભજવા જોઇએ, તેઓજ આપણું દૈહિક તથા પારલૌકિક કલ્યાણ કરશે. ૧

અન્ય કોઇપણ દેવનો આશ્રય ન કરવો જોઇએ, કારણ કે અન્યાશ્રય સર્વ રીતે બાધક છે. પરંતુ પોતાના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણમાં પોતાના તરીકેનો ભાવ બધી રીતે અને સદા (હંમેશાં) કરવો જોઇએ. ૨

શ્રીકૃષ્ણ કે જે કાલિકાલના દોષોનો નાશ કરનાર છે તેમની સેવા હંમેશાં સર્વાત્મભાવથી કરવી જોઇએ અને શ્રીકૃષ્ણના ભક્તો સાથે નિર્દોષભાવે તથા આદરપૂર્વક રહેવું જોઇએ. ૩

સ્વયં ભગવાનમાં જ સતત (નિરંતર) મનને સ્થાપવું (સ્થિત કરવું) જોઇએ. આ કલિકાલ કઠિન છે તો પણ શ્રીકૃષ્ણના ભક્તોને બાધા (ખરાબ અસર) કરતો નથી. ૪

આ પ્રમાણે શ્રીવિઠ્ઠલેશ્વરજીએ રચેલ ચતુઃશ્લોકીનુ ગુજરાતીમાં પ્રોફે. પ્રતાપરાય કાં. શાહે કરેલું ભાષાંતર પૂર્ણ થયું.

॥ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ॥

વૈષ્ણવતાનો દીવડો

[ગો. વા. પ. ભ. વૈષ્ણવ શ્રી રવજીભાઇ મિસ્ત્રીનું જીવન વૃત્તાંત]

શ્રી વલ્લભ શરણ થકી સહુ પડે સહેલું

(ગતાંકથી ચાલુ)

રવજીભાઇ પ્રભુકૃપાથી એક વસ્તુ બરાબર સમજ્યા હતા માનવદેહે પ્રભુભક્તિનો આનંદ લઇ શકાય છે અને તેથી આ આનંદ વધુ સારી રીતે લઇ શકાય તે માટે દેહનો નિભાવ જરૂરી છે. તેથી દેહના નિર્વાહ માટે તેઓ પોતાના બાપદાદાનો જે વ્યવસાય હતો તે મિસ્ત્રીનું કામ મકાનોનું બાંધકામ કરતાં આ કામ માટે ઘણીવાર તેમને આજુબાજુના અને દુરના ગામો અને શહેરો સુધી જવાનું થતું

તનથી રવજીભાઇ મકાનોના બાંધકામમાં વ્યસ્ત રહેતાં પણ તેમનું મન સદા શ્રીજીચરણોમાં સંલગ્ન રહેતુ તેમનું ચિત્ત નિત્ય પ્રભુમાં પરોવાયલું રહેતું.

આપણા ભક્તકવિ શ્રી દયારામભાઇએ પોતાના 'ભક્તિ પોષણ' ગ્રંથમાં એક પદમાં ગાયું છે,

'ત્યાંહાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું,
સંસારમાં સાક્ષીવત્ રહેવું;
જગત જાણે જે એ છે જંજાળી,
રાખે હૃદે ત્રિકમશું તાળી.......

સેવો શ્રીકૃષ્ણ કૃપાલ

રવજીભાઇના ભગવદીય જીવનમાં આ પદની સાર્થકતા જોવા મળે છે. આ પદમાં કહ્યું છે તેમ રવજીભાઇ તનથી સંસારના-જગતના કામમાં જોડાયલા કહેતા પરંતુ તેમનું મન સદા જગદીશનાં ધ્યાનમાં મગ્ન રહેતું.

મુંબઇની 'કેસરિયા મંડળી'માં સાંભળેલું દયારામભાઇનું એક બીજું પદ રવજીભાઇને વારંવાર યાદ આવી જતું. મકાનોનું બાંધકામ કરતાં કરતાં મનમાં તેઓ આ પદ ગણગણી રહેતા.

'નિશ્ચેના મહેલમાં વસે મારો વ્હાલો, વસે વ્રજલાડીલો રે જે રે જાયે તે ઝાંખી પામે જી રે !'

આમ એક બાજુ રવજીભાઈ લોકોના મકાનોનું ચણતર કામ કર્યે જતા હતા તો બીજી બાજુ પોતાના મન પ્રદેશમાં નિશ્ચેના મહેલ' બાંધવાન કામ પણ શરૂ કરી દીધું હતું અને તેનું ચણતર ઘડતર કરવામાં દૃઢપણે આગળ વધી રહ્યા હતા.

મુંબઇથી આવ્યા પછી માતા ગંગામા અને ધર્મપત્ની મણિબેન સાથે રહી અમરેલીમાં સ્વતંત્રપણે જીવન જીવવાનું શરૂ કર્યું, તેમને જેમ ગંગામા જેવા ધર્મમયી માતા સાંપડેલ હતા તેમ મણીબેન જેવા પતિપરાયણ અને કુટુંબ વત્સલ ધર્મપત્ની મેળવવા રવજીભાઇ પ્રભુકૃપાથી સદ્‌ભાગી થયા હતા. લગ્ન સમયે મણીબેનની વય ૧૧ વર્ષની હતી. ૧૪ વર્ષની વયે તેઓ કાયમી સાસરે આવી ગયા હતા.

મણીબેન સ્વભાવે શાંત ગંભિર પ્રકૃતિના સમજદાર પણ થોડા કડક મિજાજના હતા. પરંતુ ગંગામાં જેવા વ્યવહારકુશળ, સ્નેહમયી અને ધર્મમયી સાસુમાની કુનેહભરી, મીઠાશભરી અને વાત્સલ્યપૂર્ણ કેળવણીથી કેળવાઇ તેઓ એક આદર્શ પુત્રવધુ, પત્ની અને માતા બની શક્યા હતા. પુત્રવધુ અને સાસુનો સંબંધ માતા-પુત્રીના સંબંધ જેવો સ્નેહમય અને સંવાદમય હતો. ઘણા ઘરોમાં સાસુ વહુનો સંબધ વિસંવાદી હોવાથી ઘરનું વાતાવરણ કલેશમય, કલુષિત અને વિષારી બની જતુ હોય છે. પરંતુ જેમ દુધમાં સાકર ભળી જાય તેમ મણીબેન રવજીભાઇના કુટુંબમાં સમાઈ જઇ ભૂષણરૂપ બની ગયા હતા અને તેથી તેમનું ઘર કજીયા-કંકાશ અને કલેશથી બચી જવા પામ્યું હતું. આથી રવજીભાઇ નિશ્ચિત મનથી પુલકિત ભાવે વ્યવસાય કરી શકતા હતા અને સાથે સાથે તેમનું મન જેમાં વધુ રાચતું હતું તે પુષ્ટિના પંથે તેઓ આગળ અને આગળ વધતા જતા હતા સંસારના કાર્યોમાં અને પ્રભુની સેવાના કાર્યમાં તેમને સાનુકુળ સંબંધીજન સાંપડયા હતા તેમાં તેઓ પ્રભુની કૃપા જોતા.

વ્યવસાયના કારણે રવજીભાઈ અનેક ગામોમાં જતા આવતા દરેક ગામમાં કામથી પરવારી તેનો ભગવદી વૈષ્ણવોને ભાવથી મળતા અને સત્સંગ મંડળમાં કીર્તન કરવા અને સત્સંગ કરવા જતા આમ તેમને દરેક સ્થળે સત્સંગનો લાભ મળતો ભગવદી વૈષ્ણવોના સત્સંગના અમી પીને તેમનામાં જે પુષ્ટિ ભાવનું બીજ હતું તે અંકુરિત થઇ એક સુંદર પ્રફુલ્લિત-સુવાસિત પુષ્ટિ વેલમાં પાંગરતું જતું હતું રવજીભાઈ સત્સંગ અને કીર્તનના ખૂબ રસિયા હતા, જે ગામમાં જતા તે ગામમાં એ પોતાના ભાવભર્યા કીર્તનોથી વૈષ્ણવોને ઘેલું લગાડતા અને બધે પુષ્ટિની એક મીઠી મહેક,

એક અલૌકિક સુવાસ મૂકી જતા સત્સંગી વૈષ્ણવોને રવજીભાઇ વિદાય લેતા ત્યારે થયા કરતું કે ફરી કયારે રવજીભાઇ અમારા ગામમાં આવે અને તેમના કીર્તન-સત્સંગનો લાભ મળે. જે ગામમાં જતા ત્યાં લોકો તેમને મિઠાશથી અને હૃદયના પુષ્ટિ ભાવથી સત્કારના તેમને જોઈ લોકો બોલી ઊઠતા: 'આ ભગવદી ગંગામાના પુત્ર રવજીભાઇ,' 'આમને ઓળખ્યા ? સત્સંગમાં જે કીર્તન કરે છે તે આ અમરેલીવાળા રવજીભાઈ મિસ્ત્રી.'

રવજીભાઇ શ્રીહરિના કૃપાપાત્ર વૈષ્ણવ હતા આથી શ્રીવલ્લભની, શ્રી ગુરુદેવની અને અન્ય બાલકોની તેમના પર સવિશેષ કૃપા વરસતી રહેતી અને સત્સંગ પ્રેમી ભગવદી વૈષ્ણવોના તેમના પ્રતિ ભાવનું તો પૂછવું જ શું ? જે જે ગામમાં રવજીભાઇ જતા તે ગામના વૈષ્ણવોને તો એમને જોઇને 'આયે મેરે નંદનંદનકે પ્યારે એવો ભાવ થતો આવા શ્રી હરિગુરુ વૈષ્ણવના કૃપાપાત્ર રવજીભાઇ પણ શ્રીહરિગુરુ-વૈષ્ણવ પ્રતિ હૃદયમાં ખૂબ અલૌકિક ભાવ અનુભવતા.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ॥

કૃષ્ણાશ્રય સ્તોત્રમ્

વિવરણ-કોઇએક ટીકાકારના વિવરણ સંમેતમ્

ભાંષાતર : **પ્રોફે. પ્રતાપરાય કાં. શાહ** એમ. એ. કોવિદ (મુંબઇ)

આમ દુષ્ટ લોકોના સંગને કારણે દેશોમાં (સ્થળોમાં) અસાધકત્વ કાર્ય સિદ્ધિનો અભાવ યાને નિષ્ફળતા) નું નિરૂપણ કર્યા પછી, "ત્યાં ભગવાનના ભકતો પણ હોય છે. તે નિષ્પાપ હોય તેથી તેમનો સંગ બાધક ન થાય (કે હોય) એવી દલીલની શંકાનું નિવારણ કરતાં કહે છે કે એવા (કહેવાતા) ભગવદ્ ભકતો પણ દ્રવ્યની અશુદ્ધતાથી પોષાયેલા હોવાથી તેમનો સંગ પણ બાધક હોય છે તેથી બીજા માર્ગો (સંપ્રદાયો) ના નેતાઓનું અસાધકત્વ દર્શાવતા કહે છે-"ગંગાદિતીર્થ વર્યેષુ....વગેરે."

ગંગાદિતીર્થવર્યેષુ, દુષ્ટે રેવાવૃતેષ્વિહ ।
તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥

ગંગા વગેરે તીર્થમાં શ્રેષ્ઠ છે તે ભકતો છે. આ ભાવાર્થ છે-"અસ્તિ ગંગાયાં ત્રિરૂપમિતિ"- ગંગામાં ત્રિરૂપ (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર) છે એમ સિદ્ધાંત મુકતાવલિમાં સ્પષ્ટ કરેલું છે, એ ત્રિવિધતા પણ અહીં સમજવાની છે. એ દ્વારા જલરૂપ આધિભૌતિક વગેરે ભેદ દ્વારા પ્રવાહમાર્ગને અનુસરનારા ભકતો ભકિત માર્ગ તથા જ્ઞાન માર્ગને અનુસરનારા ભકતો તથા જ્ઞાન માર્ગ અને મર્યાદા ભકિત માર્ગને અનુસરનારા ભકતોનું નિરૂપણ કરવામાં આવેલું છે. ત્યાં પ્રથમ પ્રવાહ ભકિતમાર્ગીઓનું અસાધકત્વ (સિદ્ધિ કે સફળતા મેળવવાની અશકિત) નું નિરૂપણ કરે છે. જો કે ગંગા

શબ્દનું શરૂઆતમાં નિરૂપણ કર્યું છે તેથી ગંગાના મર્યાદા ભક્તિમાર્ગીય ભક્તપણાને લીધે તે માર્ગને અનુસરનારા ભક્તોનું જ શરૂઆતમાં નિરૂપણ સંભવે છે, તો પણ આધિભૌતિક વગેરે ક્રમથી, દૃષ્ટિગોચર થતા (જોવામાં આવતા) પ્રવાહના જલનું જ પ્રથમ નિરૂપણ કરવામાં આવેલું હોવાથી શરૂઆતમાં પ્રવાહ ભક્તિ માર્ગને અનુસરનારાઓ જ સમજવા તેમાં અગ્રિમ (આગળ પડતા) લોકોનું નિરૂપણ, પછીના શ્લોકમાં કરવામાં આવ્યું છે. એવી જ રીતે પદ (શબ્દો) નો સંબંધ છે. ગંગા છે દેવી વગેરે જેમની તેવાં ગંગા વગેરે (તીર્થો), એ ગંગાના જ આધિદૈવિક વગેરે રૂપો, એ રૂપો જ 'તીર્થરૂપ બનેલા,' આદિ સાધક-વચનને લીધે ભક્તો, પરંતુ જોવામાં આવતા જલ વગેરે રૂપના આક્રમણને લીધે (એ લોકો) પ્રવાહ માર્ગી જ ગણાય. કર્મમાર્ગીયની અપેક્ષાને કારણે ઉત્તમ પણું જણાવવાને માટે "વર્ય" (એટલે શ્રેષ્ઠ) શબ્દ વાપરવામાં આવેલો છે. એ પ્રકારના (તિર્થોમાં) પણ "દુષ્ટૈઃ એવ" એ શબ્દોના ઉપયોગથી સ્વરૂપની અપેક્ષાથી અર્થ એવો લેવાનો છે કે "તદ્દોષૈઃ (એટલે તેના દોષોને લીધે) એ પ્રકારના ધર્મો તથા વ્રતો આચ્છાદિત થયેલા (એટલે ઢંકાયેલા) હોવાથી, તેમના ધર્મો જ ધર્મિસ્વરૂપના જ્ઞાનમાં આવરક (ઢાંકનારા પડદા અથવા આવરણ જેવા) બની ગયેલા છે. જો એવી દલીલ કરવામાં આવે કે ભગવદ્ ધર્મમાં નિષ્ઠા (શ્રદ્ધા) રાખનાર લોકોમાં એ ધર્મોમાં આવરણ બનવા પણું કેવી રીતે સંભવે ? તો જવાબ આપતાં કહે છે કે "તિરોહિતાધિદૈવેષુ" એટલે કે તિરોહિત (ઢંકાયેલું) છે અધિદૈવ સ્વરૂપ જેઓમાં તેવા લોકો–જેવી રીતે જલના પ્રવાહમાં મૂર્તિમતી (સાક્ષાત્) ગંગાજીનું તિરોધાન (અદૃશ્ય થવાનું) છે એવી જ રીતે પ્રવાહ માર્ગમાં પણ સાક્ષાત્ પુરૂષોત્તમના સ્વરૂપનું પણ તિરોધાન (અદૃશ્ય થવાનું) સમાયેલું છે. વિભૂતિ રૂપ વાળા તેમના ભજનનું એ પ્રકારનું જ ફળ મળે, એમ નહિ કે ત્યાં આધિદૈવિક ભજન ફળ રૂપ છે. અને 'ચ' (એટલે અને) શબ્દથી સૂચવે છે કે દ્રવ્યની અશુદ્ધિને કારણે પુષ્ટિ માર્ગને અનુસરનારા લોકો માટે તેમનો સંગ સાધક (સિદ્ધિ આપનાર કે સફળ) થતો નથી. તેથી શરણાગતિનો જ ઉપદેશ કરતાં કહે છે કે કૃષ્ણ જ મારી ગતિ (આશ્રય–શરણ) છે. આજ કારણને લીધે 'સેવાફલ' (ગ્રંથ) માં કહ્યું છે "આદ્યફલાભાવે ભગવતો દાતૃત્વં નાસ્તિ સા સેવાનાધિદૈવિકી "એટલે કે" શરૂઆતના ફળના અભાવની બાબતમાં ભગવાનનું દાતૃત્વ (એટલે આપવા પણું) નથી એ સેવા આધિદૈવિક નથી. પુષ્ટિમાર્ગીઓ માટે તો આધિદૈવક સ્વરૂપનું જ બધાનું સાધકત્વ સમાયેલું હોવાથી, આધિદૈવિક અને રસાત્મક તથા સદાનંદ સ્વરૂપના જ્ઞાપક (જ્ઞાન આપનાર) શ્રીકૃષ્ણનું પદ જ કહ્યું છે—સર્વત્ર (સર્વસ્થળે) શરણે આવવા માટે. આનાથી એમ પણ સૂચવવામાં આવ્યું છે કે શ્રીકૃષ્ણથી જુદા સ્વરૂપનો આશ્રય (શરણ) પણ સાધક (ફળસિદ્ધિ આપનાર) નથી. આ પ્રમાણે બહુ સારી વાત કરી છે. ૩.

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત શ્રી કૃષ્ણ નામ માહાત્મ્ય મંજરી

વ્યાખ્યા લેખક: **ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મિસ્ત્રી 'વ્રજ' ધોરાજી**

માટે લક્ષ વાતની વાત કહું છું હુ સમખાઇ
રટો કૃષ્ણ આ અવસર ફરી નહી મળે ભાઇ ।૯૮।

ભાવાર્થ–દયારામભાઇ કહે છે કે લાખ વાતની એક જ વાત કહું છું. અને તેવી પાક્કી ખાત્રી માટે સમખાઇને કહું છું કે શ્રી કૃષ્ણના નામનું સદા રટણ કરો આવો મનુષ્યા દેહ અને આવો અવસર ફરી નહીં મળે. તેનું એક દ્રષ્ટાંત છે એક સમય શંકર પાર્વતીજી વનમાં ફરવા નિકળ્યાં ત્યારે એક મોટી વાવ (પગથીયાવાળો કુવો) હતી. તેને કાંઠે એક વૃક્ષ ઉપર વાંદરો અને વાંદરી રહેતાં હતાં, તેમાં વાંદરો ફરવા ગયો હતો, અને વાંદરી વૃક્ષ ઉપર બેઠી હતી, તે વખતે શિવ પાર્વતી એ કહ્યું કે, આ સમયે અમૃત સિદ્ધિ યોગ છે, અને જો કોઈ આ વાવમાં પડે તો તેના સર્વ જન્મોનાં બંધનો છુટી જઇ અને સુંદર મનુષ્ય દેહ મળે. વાંદરીએ આ સાંભળ્યું અને તે વાંદરાની વાટ ન જોતાં પોતાતા જન્મોને સુધારવા વાવમાં પડી અને સોળ વરસની સુંદરીની થઇને બહાર નિકળી. ત્યાં વાંદરો આવ્યો. અને વાત જાણી પડવા તૈયાર થયો. પણ વાંદરી એ તેને રોકયો, કે અમૃત સિદ્ધિ યોગ તો ચાલ્યો ગયો. અને હવે તો મૃત્ય યોગ ચાલે છે. સમય ગયો તે ગયો, માટે પડીશ નહીં. કોઇ એક રાજા જંગલમાં ફરવા નિકળ્યો. અને સુંદરીને જોઇ લઇ જવા લાગ્યો ત્યારે તેણે વાંદરાને પણ સાથે લીધો. અને તે પશુનો પશુ જ રહ્યો. આમ અવસર ગયે જન્મ મરણની ચક્કરમાં પીસાવું જ પડે છે. એક નગરને એક જ નાનો દરવાજો હતો, એક આંધળા ભાઇને નગરમાં જવું હતું તે ગઢને હાથ દઇ અને ફરવા લાગ્યો, જ્યાં દરવાજો આવે ત્યાં તેને ખજવાડ ઉપડે, અને દરવાજો ભૂલાઇ જાય અને કેટલાયે ચક્કર ફરવા છતાં દ્વાર ન મળ્યું આમ આપણે સમય ચુકીએ તો ચોરાશી લાખ જન્મોના ચક્કરમાં ફરવું પડે છે. હવે આપણા ત્રિકાળ દર્શિ ઋષિમુનિઓએ ચોરાસી લાખ અવતારોની યાતનાનું વર્ણન કર્યું છે. સર્વ જીવોને માટે સચોટ રીતે અનુકરણીય છે. આપણા સર્વજ્ઞ ઋષિમુનીઓ સર્વ સિદ્ધિઓમાં પારાંગત હતા તેણે ચોરાસી લાખ અવતરોની પ્રત્યક્ષ રીતે ગણત્રી કરી છે.

સ્થાવર, વીસ અરૂ ત્રીસ પશુ–કૃમી કીટ અગ્યાર
નો જલ જંતુ વિહંગ દસ મનુષ્ય જાતી લખ ચાર

જડ વસ્તુના વીશ લાખ અવતારોએ જીવ કયારે છુટે કે ચોપગાં પશુઓના ત્રીશ લાખ અવતાર છે. તેમાં ઘણાં પશુઓની બહુજ લાંબી આયુષ્ય હોય છે. અગીયાર લાખ કૃમી કીટનો અવતાર રૂપે પણ કીડામાં ગણાય છે. જેની આયુષ્ય હઝાર વર્ષની હોય છે. તે તેવા અવતારોમાંથી કયારે છુટી શકાય ? જલ જંતુના નવ લાખ અવતાર છે. તેમાં જલમાં રહેલા મિંગલ, જેવાં મગર જાતીમાં જલ જંતુઓની આયુષ્ય તો દસ હઝાર વર્ષની હોય છે તેમ

વાંચ્યું તેવા અવતારો કયારે પુરા થાય? પક્ષીઓના અવતારો દસ લાખ છે તેમાં ગરૂડ પક્ષી જેવાઓની આયુષ્ય તો ઘણી લાંબી હોય છે, તે કયારે પુરી થાય અને જીવ છુટે ? ત્યાર પછી ચાર લાખ અવતારો હોય છે, તેઓ કાચાં પશુ પક્ષીઓને ખાઇને જીવે છે. ત્યાર પછી તેઓ બાફી શેકી અને ખાય છે. તેમાં પણ કેટલાયે અવતારો ચાલ્યા જાય છે. તે પછી રાંધી અને ખાય તેમાં પણ અનેક જન્મો જાય છે. પછી શાકાહારી બની અને ક્રમે ક્રમે ધીમે ધીમે સત્કૃત્યો અને ભજન કરતા તે શુદ્ધ મનુષ્ય અને પછી ભકત બને છે, આમાં અબજો વર્ષો ચાલ્યા જાય છે માટે તે યાતનાથી બચવા માટે સાવચેતી પુર્વક જીવનને પ્રભુ મય બનાપી. ભકત બનીએ.

દયારામભાઇ હવે ફલશ્રુતિ કહે છે

શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરી-જે કોઇ ગાશે
થશે ભકત શ્રીકૃષ્ણ તણો વાંછિત ફલ થાશે ।૬૯।

શ્રીગુરૂબલ દ્વિજં '**દયારામ**' શુભ કૃતિ આ કીધી
હરિજનને સુખ થવા આપ મન શિક્ષા દીધી ।૭૦।
રચના 'રસાવલિ' વૃત પ્રતિ પદ કૃષ્ણ નામ છે.
સર્વ કાળ સહ ગાજો પુર્ણાનંદ ધામ છે, ।૭૧।

ભાવાર્થ-આ શ્રીકૃષ્ણ નામ મહાત્મય મંજરીનું ગાન કરશે, તે શ્રીકૃષ્ણનો ભક્ત થશે અને શુભ મન વાંછિત ફલને પામશે. ।૬૯।

તવે દયારામભાઈ કહે છે કે શ્રીગુરૂકૃપાના બળથી દયારામે આ સુંદર કૃતિ (ગ્રંથ) કરી છે. તે ભકતોના સુખ માટે મેં મારા મનને શિખામણ આપી છે. ।૭૦।

આ રચના રસાવલિ (છંદ) વૃતમાં, સર્વ પદ (તુકમાં) શ્રીકૃષ્ણનાં મંગલમય અને આનંદ કારીનામો છે. તેનું ગુણગાન છે. સર્વ ભકતો જીવન ભર નિત્ય-આ મહાત્મય મંજરીનું ગાન કરજો. આ શ્રીકૃષ્ણનાં નામ-રૂપ મહાત્મય મંજરી, પુર્ણ આનંદનું ધામ છે. **-અસ્તુ**

દ્વિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. શ્રીમતી ધનલક્ષ્મીબેન જે. પારેખના જય શ્રીકૃષ્ણ
હ. જે. પી. પારેખના જય શ્રીકૃષ્ણ

॥ શ્રી સર્વોત્તમ પદ ॥

નિ. લી. પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજીના ૧૦૮ નામની પદાવલી

રચયિતા : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ મીસ્ત્રી ‘વ્રજ’ ધોરાજી

૩૫. ભકત સેવિત રૂપ

પ્રથમ ઇશ પદ મન દૃઢ કરકે, સેવિત રહત નિરંતર જાહી;
ચરનકમલ મકરંદ લુબ્ધ જો, ભક્ત ભ્રમર સબરસ અવગાહી. ૧
પાન કરત રસિકન સોં મિલકે, કાલ બાધ ‘વ્રજ કબહુ ન તાહી;
કોટી કલ્પ યુગ ચક્ર બિતત પર, મસ્ત રહત કછુ જાનત નાહી. ૨

૩૬. સુખ સેવ્યો રૂપ

સબ સુખ કર શ્રીમધુપતિ ચરન;
આદિ અનાદિ અભય ઓર અચ્યુત, યુગ યુગ ભકતન કે હિત કરન. ૧
કલિ કલ્મષ તાહી લગત ન કબહુ, સદા રહત વિસ્તરન ભરન;
અનંત સુખ અવધિ નિજ લીલા, દેત હેં ‘વ્રજ’ વલ્લભ ગિરિધરન. ૨

૩૭. દુરારાધ્યો રૂપ

નિજ જનકો સુલ્લભ પ્રથમેશ જુ, અતિ દુર્લભ ઔરનકો;
સાધન કોટી કરો કોઉ સાધક, દ્રષ્ટિ ન કરત કબહુ છોરનકો. ૧
નાગે પાય ભાજત ભકતન હિત, ભોજન કરત છાંડ કોરનકો;
દ્વેષી હરિ ઓર હરિ ભકતનકો, ‘વ્રજ’ પતિ રાખત જગ બોરનકો. ૨

૩૮. દુર્લભાંઘ્રિ સરોહ રૂપ.

દુર્લભ ચરન સરોરૂહ જીનકે, સો પ્રથમેશ પ્રાન ગોપિનકે;
વ્રત અનન્ય સેવન જો કરહીં, દૃઢ મન ચરન છાંહ રહે ઇનકે. ૧
દાસોહં શ્રીકૃષ્ણ તિંહારો, રટત અધિન હવે દૈન્યસોં નીકે;
તન્મય રહત વ્રજ જનકી નાંઇ, બસ ‘વ્રજ’ વલ્લભ હેજૂ તિનકે. ૨

દ્વિમાસિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી મનહરભાઇ શ્રોફ,
જય શ્રીકૃષ્ણ

॥ શ્રી ગુરુદેવ ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી પુષ્ટિભક્ત પદાવલી

રચયિતા : **કિર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ**

ગતાંકથી ચાલુ [૮૪ વૈષ્ણવ]

વંદૌં શ્રીરામદાસ મેવાડા;
સખી 'કંદર્પા' વિશાખાજીકી, કીર્તન કરત સુરતાલા. ૧
પુરી દ્વારિકા ગયે પિતા સંગ, ભયે દર્શન વલ્લભ વ્રજ પાલા;
ઇચ્છા ભઈ તબ શરણ ગહવેકી, પિતા યહ બાત કો ટાલા. ૨
તાત આપકો અંધ કીયો અરું, જાર્યો અગ્નિકી જ્વાલા,
આપુ કૃપાતે આછો કીયો તબ, આયો શરણ તત્કાલા. ૩
મીરાંકે ઘર કીર્તન ગાવત, રીસ ઉપની અતિ ભારા;
'લાલદાસ' તબ જાય અનત બસે, છાંડ ગાંવ ઘર બારા. ૪

૬૦. રાગ-ગોરી ચૌ. ૪૮

વંદૌ શ્રીરામદાસ ચૌહાન;
સખી 'મધુએની' શ્રીલલિતાજીકી, રૂપ રસકી ખાન. ૧
મન આઇ જો યુગલ સ્વરૂપકેં, બીરી અરોગાઉં પાન;
શાપ દીયો જો ગિરો ભૂમી પેં, લલિતાજી બાત યહ જાન. ૨
અનેક જન્મ પાયે ભૂતલ મેં, ભ્રમત સંસાર જો દુખકી ખાન;
ફીર પ્રકટે અબ બુંદેલ ખંડમે, ઘર ક્ષત્રીય કે પરમ સુજાન. ૩
શરણ આયે તબ શ્રીજી સેવા, દઇ શ્રીવલ્લભ કૃપા નિધાન;
'લાલદાસ' સબ આસ પૂરનભઇ, પાયે પરમફલ માનસી દાન. ૪

૬૧. રાગ-ગોરી ચૌ. ૪૯

વંદૌ શ્રી રામાનંદ પંડિત;
લીલા સ્વરૂપ 'તમચર' ઇનકો હૈ, વાદ કરત પંડિતસોં નિત. ૧
વાદ કરત હારે વલ્લભસોં, તબ સરસ્વતી આરાધ એકચિત;
ફીર હારે તબ કીયો શારદા, ગહી શરણ જો ચાહત હિત. ૨
કીયો અપરાધ ગોબર કાજ તબ, ત્યાગ કીયો જલ છિરકકે મંત્રિત;
લે જલેબી ધરે બજારકી, આરોગે પ્રભુ પૂરન પ્રીત. ૩
દીયો વચન પ્રભુ શ્રીવલ્લભકો, તાકી કરવાઈ પરતીત;
'લાલદાસ' પ્રભુ કબહુન છાંડે, શ્રીવલ્લભ સેવકકો ખચ્ચિત. ૪

॥ શ્રી વલ્લભ ॥

વડીલોનો વારસો

લેખક : મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ, હીંગનઘાટવાળા.

[આ ભૂતલ ઉપરની લીલા સમાપ્તિ પહેલાં બે કલાક ઉપર આચાર્ય શ્રી મહાપ્રભુજીએ પોતાના પુત્રો, આપ્ત મંડળ અને વૈષ્ણવોને અને તદ્ દ્વારા એમના વંશજો અને તે પછી થનારી પ્રજાઓને જે છેલ્લી શિક્ષા આપી છે તે ઘણી ધ્યાનમાં રાખવા લાયક છે.

આ દુનિયા છોડતી વખતે લૌકિકમાં ગુંથાયેલું મન, પાછળ રહેલાંએ મિલ્કતની શી રીતે વ્યવસ્થા કરવી, મકાનો અને સમૃદ્ધિ શી રીતે વહેંચવી, કેમ ચાલવાથી આબરૂ અને સમૃદ્ધિનું રક્ષણ અને પોષણ થશે વગેરે શિક્ષા આપે, પણ આચાર્યશ્રીએ પોતાનાં સ્ત્રી, પુત્રો, વૈષ્ણવ વગેરે બધાંને એક જ શિક્ષા આપેલી છે.

લૌકિક મન પોતાની લૌકિક દોલતનો મોટો ભાગ પોતાના પુત્ર, સ્ત્રી વગેરેને આપે છે અને બીજાને જુજ આપે છે. આચાર્યશ્રી જેને પોતાનું સર્વસ્વ ગણતા અને જે એમની ખરી લૌકિક અલૌકિક દોલત હતી. તે (ભકિત) બધી એમણે સર્વ મનુષ્યોને, ન્યાત જાત કે સગા સંબધીના તફાવત વગર આપી છે.

લૌકિક વસીયતનામાના ખરાપણાની ખાત્રી માટે જેમ સરકારી દફતરે નોંધણી થાય છે, તેમ શ્રીમહાપ્રભુજીએ કરેલું અલૌકિક વસીયતનામું "શિક્ષા શ્લોક" તો સર્વાધીશ શ્રીકૃષ્ણે મંજુર કરી મંજુરીના શેરાના દાખલા તરીકે દોઢ શ્લોક ઉમેર્યો છે. આવી અલૌકિક રીતે વારસામાં મૂકેલી સંપત્તિ એમના તમામ અનુયાયી અને વૈષ્ણવોએ આનંદ અને આદરની સાથે સ્વીકારવી જોઈએ.

આધુનિક સમયમાં પુષ્ટિમાર્ગના આ અમર વારસાને વૈષ્ણવ યુવા પેઢી વિસરતી જાય છે તેમને વડીલો દ્વારા અવગત કરાવવા એક ભગવદીય દ્વારા પ્રેરણા મળતા લેખકશ્રીએ "વડીલોનો વારસો" લેખ માળાનો પ્રારંભ કરેલ છે તે ક્રમશ: પ્રસ્તુત થતી રહેશે. તેના વાંચનથી વિસરાતા જતા વારસાને પ્રાપ્ત કરવા જાગૃત થશે તો લેખક પ્રકાશકનો પરિશ્રમ સાર્થક લેખાશે —તંત્રી]

હાલમાં કલિયુગ ચાલે છે, પણ જગો જગો ધાર્મિક ભાવનાં વધારે દેખાય છે, નવા નવા મંદિરો બને છે. મોટા મોટા ઉત્સવો ઉજવાય છે, કથા–કિર્તનો ખુબ થાય છે. દરેક ધર્મમાં નવ યુવકો તન મનથી ભાગ લે છે.

પુષ્ટિ માર્ગીય સંપ્રદાયમાં વડીલોનો અનુભવ એવો છે કે અમારા બાળકો ધર્મ પ્રત્યે ઉદાસીનતા બતાવી અન્ય વિચાર ધારાએ વિચરતા દેખાય છે તેનું કારણ શું ? કયાં ખામી છે ? સંસ્કારમાં કે વડીલોના વલણમાં કે પુષ્ટિમાર્ગીય શિક્ષણ વગર આમ બને છે ?

પુષ્ટિ માર્ગ અતિ ઉજજવલ માર્ગ છે, નિષ્કામ ભાવના રાખી શરણાગત રહી સેવા સ્મરણ થાય છે તેમાં દરેક જાતિને અગાઉ સ્થાન મળેલ છે તો આપણે તો પરંપરા ચાલ્યું આવે છે, તેમાં ઉદાસીનતા કેમ આવી ? ચોર્યાસી–બસો બાવન વૈષ્ણવોમાં ચહુડો ભંગી અલીખાન પઠાણ, રસખાન પઠાણ, મેહા ઢીમર, ધોંધી, આ જીવો કયા સંસ્કારવાળા હતા અને કેવા બન્યા. આપણે તેને મહાનુભાવી માનીયે છીએ, કારણ કે તેઓ ધર્મનો મર્મ સમજી ભગવદ્ પ્રાપ્તિના કાર્યમાં લાગી ગયા, સફળતા પણ મેળવી.

ગીતામાં વાકય છે કે જે જેને ભજે તે તેને પ્રાપ્ત થાય છે. શાસ્ત્રોમાં ૪ અવતારમાં કૃષ્ણાવતાર સોળકળા સંપૂર્ણ બતાવેલ છે. જે લૌકિક ધર્મમાં રહેવા છતાં તેનાથી પર છે. માયા જન્ય પદાર્થ તેને સ્પર્શ કરી શકતા

નથી. ગોલોકવાસીની ગોકુળની જ લીલાને અનુસાર બાળભાવની સેવા શ્રીમહાપ્રભુજીએ બતાવી છે, બાળક ઉંપર સહજ પ્રિતિ હોય તેનો દોષ ન જોવાય. માતા જેમ બાળકનું સુખ જ વિચારે છે. મોટા થયા પછી શું કરશે તે તેને ખબર જ નથી તેમ નિષ્કામ ભકિત પુષ્ટિ માર્ગીય છે કે પ્રભુ રાખે તેમ રહેવું છે, આપણે શરણાગત થઇ સ્વધર્મ પાલન સેવા સ્મરણ કરવું છે પ્રભુ અંતર્યામી છે, સર્વેશ્વર છે. સર્વેના આત્મામાં રહેલા છે અને સર્વ વ્યાપક રૂપ પણ એમનું જ છે. મનુષ્ય જીવનમાં કર્મ કરેલા તેનું ભાગ્ય બન્યું ભાગ્ય આધારે સુખ દુઃખના વાદળો ફર્યા કરે છે. તેમાં મોહિત ન થતાં ફક્ત કર્તવ્ય જ સારૂં કરવું. ફળ હરિના હાથમાં છે, તેમ માનવું શ્રેષ્ઠ રહેશે. માગવાથી મળતું નથી: પ્રભુ તેની ઇચ્છાથી બધું આપી શકે છે માટે જ નિષ્કામ ભકિત કર્તવ્ય સમજીને જ કરવાનું કીધું છે.

સંસારનો બોજો જેના માથે છે તે કયાંથી સમય આપી શકે, તેને કયારે સેવા કરવી–સ્મરણ કરવું. આમ વિચારવું બરોબર નથી જેને જેટલો સમય મળે તેટલો જ સમય લેવો. નાહી ધોઈ કપડાં પહેરતાં 'શ્રીકૃષ્ણઃ શરણુ' મમ'નો જપ ચાલુ રાખે તો કયાં સમયની ફીકર રહી. લૌકિક કૌટુંબિક જવાબદારીવાળાને સમય ઓછો મળે તો જેટલો સમય મળે તેટલા સમયમાં જ નિત્યનિયમ રાખી નામસ્મરણ અગર ઘરમાં શ્રીઠાકોરજી બિરાજતા હોય તો મિશ્રીભોગ ધરી કામે લાગી જવું. કોઇપણ રીતે મનથી પ્રભુ પરાયણ બનવાની ઇચ્છા રાખે તેજ આગળ જતાં બધું પ્રાપ્ત કરી શકશે.

આમાં નવયુવકોને કયાં અડચણ પડે છે તે વિચારવાનું છે. તેના મનમાં રહેલા સંદેહો વડીલોએ દુર કરવા જોઇએ અને સ્વધર્મ પાલનમાં રૂચિ વધે તેવું વલણ અપનાવવું જરૂરી છે.

'સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ'

આ વાકયનો અર્થ પોતે પોતાના ધર્મમાં મરવું ભલું પણ બીજા લાક્ષણિક ચમત્કારો મોટી મોટી વાતોમાં ન ભોળાઇ જવું.

મનુષ્ય જીવન કોનું કેટલું છે, કોઇ જાણતું નથી, તેમાં પણ જેના ઉપર લૌકિક પુરી જવાબદારી હોય તેને સમય કેટલો રહે! તો પણ મનથી સ્મરણ કરવાનું ચૂકવું જોઇએ નહીં. જે મનુષ્ય પ્રભુનો આશ્રય મનથી જ રાખી અને દરેક કાર્ય કરે છે તેને ચિંતાનું કોઇ કારણ જ નથી. કેમકે મનુષ્ય કર્તવ્ય કરે છે, ફળ ઇશ્વરાધીન છે. સુખમાં કે દુઃખમાં મનની શ્રદ્ધા ટકી રહે તેને એક પણ (સુખ કે દુઃખ) બાધા કરી શકતા નથી.

સંસારમાં જેમ વડીલોનો વારસો તેનાં બાળકોને મળે છે અને તેને તો આનંદપૂર્વક સ્વીકારે છે. તેમ ધાર્મિક વારસો સંભાળવો તે કર્તવ્ય માનીને તેને નિભાવવો જોઇએ. થોડું પણ બને પણ શ્રદ્ધાપૂર્વક બને. આગળ સમય મેળશે ત્યારે આગળ વધશે. મનની આવી ધારણા હશે તો પ્રભુ અવશ્ય સમય આપશે જ. આ લોક અને પરલોક બંને પ્રભુ સુધારશે જ. તે નિશ્ચિંત માનવું.

જે વ્યકિત ફળની ઇચ્છાથી જ્યાં ત્યાં દોડધામ કરે છે તે મિથ્યા છે. પ્રભુ ત્યાં છે તો અત્રે કેમ નથી ? તે વિચારવું. પરંતુ

ફળની ઇચ્છા રાખી કે મોહક વાણીથી આકર્ષાઇને સ્વધર્મ છોડી ભટકવાનું રાખશે તે ભટકતા જ રહી જશે. હાથમાં ગોળ ચાટવા જેવી વાત થાય. પછી તે ભ્રમિત બની જાય છે. આ સારૂં કે તે સારૂં તેનો નિર્ણય ન કરે ત્યાં જીંદગી પૂરી થઇ જાય.

માનવ દેહ ધરીને આત્મ કલ્યાણનો માર્ગ ભૂલી ભવાટવીમાં ભટકવા કરતા સ્વધર્મ પાલન કરી વડીલોનો વારસો સંભાળવો સારો છે.

આ માસિક પત્ર વાંચવાવાળા યુવકોને મારી નમ્ર વિનંતી છે કે– આમાં તમોને કયાંય પણ સંદેહ હોય તો મને અવશ્ય જણાવે તો તેનો યોગ્ય જવાબ આપી શકીશ તેવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

મારી ચાહના છે કે પ્રભુથી આઘા જવું રહેવા દો અને સ્વધર્મ પાલનમાં રૂચિ રાખો, નજીક આવો. પ્રભુ દયાળુ છે તમોને અપનાવશે જ. કયારેક નવયુવકોનું વલણ જોઇને મન ખિન્ન થઇ જાય છે. અંતરાત્મા ચાહે છે કે નવયુવક વર્ગ અન્ય જગોનું આકર્ષણ છોડીને સ્વધર્મમાં રહે.

અત્યારે સાચા કરતા ખોટા વધી ગયા છે. નિત્ય નવા વાદો–ધર્મો ઉત્પન્ન થતા જાય છે, તેમાં આપણે ભટકવાની જરાય જરૂર નથી. ત્યાં ભગવાન છે તો અત્રે કેમ નથી. પ્રભુનાં અનેક રૂપ, અનેક ગુણ અનેક લીલા છે તેમાં ભટકતા ખોવાય જવાશે. આપણા પુષ્ટિ પુરૂષોત્તમમાં શું ખામી દેખાણી કે અન્ય જગોએ ભટકવાનું મન થયું.

ભૂલેલા પાછા ફરે. અજ્ઞાન ન બને. પ્રભુનું શરણ સ્વીકારી આત્માનું કલ્યાણ કરે તે જ ધ્યેય છે. આ લોક અને પરલોક બધું પ્રભુ સુધારશે જ. પ્રભુ સર્વના ઇશ્વર છે. આપણા કેમ નથી. બધે છે તો અત્રે કેમ નથી. તો તેને જ શરણાગત રહેલા જીવનાં બંને લોક સુધારશે જ, તેમાં સંદેહને સ્થાન નથી.

સુજ્ઞેષુકિમધિકમ્ ।

–ક્રમશઃ

“ શ્રી વલ્લભ સુધા ”

પ્રિય વાંચક વૃંદ,

પરમ વંદનીય પૂજ્યપાદ ની. લી. ગો. શ્રી પ્રથમેશજી (શ્રીરણછોડાચાર્યજી) મહારાજ સ્થાપીત આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશીત થતા ‘શ્રી વલ્લભ સુધા’ માસીક સુજ્ઞ વૃંદ તથા પ્રકાશન સમિતિમાં સહયોગી થનાર સર્વે સેવા ભાવી કાર્યકરોનાં સહયોગથી નવ વર્ષ પુર્ણ કરી એપ્રીલ ૯૧થી૧૦ માં વર્ષમાં પ્રવેશતાં પ્રકાશન સમિતિ આનંદ વ્યકત કરે છે.

વ્યક્તિનાં વિકાસ માટે ધર્મશરણ જરૂરી છે. વિકસીત વ્યક્તિઓનો સમુહ એટલે એક સુખી સંપન્ન સમાજ. ધર્મ શબ્દ ‘ધૃ’ શબ્દ ઉપરથી પડેલ છે ‘ધૃ’નો અર્થ ધારણ કરવું એટલે કે વ્યક્તિઓએ નક્કી કરેલી ફરજોનું પાલન કરવું.

દરેક જીવનું મુખ્ય ધ્યેય પરમ આનંદની પ્રાપ્તિ કરવા માટે હોય છે.

સર્વ જીવોનું કલ્યાણ થાય તેમ ઇચ્છતા આદી અનાદીકાળથી પ્રચલીત જગતમાં સર્વશ્રેષ્ઠ પુષ્ટિમાર્ગીય સંપ્રદાયનાં સંસ્થાપક જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં આપણે સેવકો છીએ.

શ્રીવલ્લભની કૃપાથી સેવક ધર્મ સ્વીકારાયા બાદ આપણા આત્માનાં કલ્યાણ અર્થે તેમજ પ્રભુશરણની પ્રાપ્તી બાદ લીલારસનાં સ્વાનુભાવ

દ્વારા પરમ આનંદની પ્રાપ્તી માટે આચાર્યચરણે નિત્ય પ્રભુ સેવા અને નિત્ય પ્રભુ ગુણાનુવાદ કરવાનું શરણસ્થ જીવને કર્તવ્ય સોંપેલ છે.

દૈનમદિન લૌકિક વ્યવહારમાં આપણે સૌ વ્યસ્ત ડગલે ને પગલે દુઃસંગથી ઘેરાયેલા એવા આપણે સૌ કર્તવ્ય ચુકયા છીએ.

ક્ષણીક આનંદની અનુભુતી પ્રાપ્ત કરવા આપણે અન્યની નીંદા કુથલી કરવામાં, ન વાંચવા લાયક સાહિત્ય વાંચનમાં-ન જોવા લાયક ફીલ્મ ટી.વી. માં-ન સાંભળવા લાયક કેસેટ તેમજ વકતવ્યો સાંભળવામાં આપણે મહત્તમ સમય ગુમાવીએ છીએ.

જેને કારણે આપણે વિષયાશકત-કામલોલુપ સ્વાદલોલુપ-ક્રોધી-મદોન્મત-લોભી-મોહમાયા એવા અનેક દુર્ગુણોમાં લપટાયા છીએ તેની પાછળ અનેકવીધ ખર્ચ કરતા એવા આપણે સૌ આનંદની સાચી અનુભુતી પ્રાપ્ત કરી શકતા નથી સાથે આપણું તેમજ સમસ્ત પરિવારનું જીવન અશાંતીમય બનાવીએ છીએ તેમજ ભૌતિક સુખો તરફ લાંબી દોટ મુકી હંમેશ ઉદ્વિગ્ન મન સાથે ચીંતામય જીવન વ્યતીત કરીએ છીએ.

આ બધામાંથી બહાર નીકળવા માટે તેમજ આપણા જીવનનાં વિકાસ માટે આચાર્યચરણોએ નિત્ય તાદશી જનનો સત્સંગ કરવાનું જણાવેલ છે, જેથી મનને દુષીત કરનારા તત્વોથી આપણે દુર રહી શકીએ.

આ કલીકાલમાં તાદશીજનનો સત્સંગ નિત્ય મળવો દુર્લભ છે. તે સમયે જીવનું કલ્યાણ કરવા આચાર્યશ્રીઓએ પુષ્ટિ સંપ્રદાયનાં સેવકોને એક નેજા હેઠળ એકત્રીક કરી સંગઠીત કરવા વૈષ્ણવ પરિષદની સ્થાપના કરેલ. જે સંગઠન દ્વારા પુષ્ટિ સંપ્રદાયનાં સંરક્ષણ સાથે પુષ્ટિ સંપ્રદાયનાં સિદ્ધાંતોનાં પ્રચાર પ્રસારસહ વૈષ્ણવો મુળભુત તત્વોનો વીચાર કરી પોતાના જીવનનો વિકાસ સાધી શકે તે માટે અનેકવીધ આચાર્યશ્રીએ તથા વિદ્વાનજનો દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત થતાં અખીલભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના નામાભિધાન હેઠળ સંગઠનની વૃદ્ધિ થવા પામેલ.

પરમ વંદનીય પૂજ્યપાદ ગો. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ વૈષ્ણવોમાં વિશેષ જાગૃતિ આવે અને સંગઠીત બને તે હેતુથી પોતાના જીવનનો મહત્તમ સમય વૈષ્ણવ પરિષદનું સંગઠન વિશાળ વટવૃક્ષ બને તે માટે વૈષ્ણવ પરિષદમાં સમર્પીત કરેલ અને સતત પ્રવાસશીલ રહી ભારતના દરેક રાજ્યોની સાથે વિદેશમાં પણ વૈષ્ણવ પરિષદની સ્થાપનાં કરાવેલ તેમજ સતત માર્ગદર્શન અને ધર્મ સંસ્કારના સીંચન દ્વારા વૈષ્ણવોમાં જાગૃતિ લાવવા આચાર્યશ્રીઓ ને સાથે રાખી ધર્મ જાગ્રતિ લાવેલ.

સને ૧૯૮૧ માં રાજકોટમાં થયેલ સોમયજ્ઞ પ્રસંગે સંગઠનનો વ્યાપ વધારવા અખીલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદમાંથી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું નામાભીધાન પણ પૂજ્યપાદ ગો. શ્રીપ્રથમેશજી મહારાજનાં માર્ગદર્શન તળે આપવામાં આવેલ.

પૂજ્યપાદ પ્રથમેશજી મહારાજ શ્રી કાર્યકર્તાઓ સાથેનાં વાર્તાલાપમાં હમેશા કહેતા કે વ્યક્તિએ પોતાના જીવનનો વિકાસ સાધવો હશે તો સંપ્રદાયનાં સંરક્ષણ સાથે સંપ્રદાયના વિકાસ માટેપ્રયત્ન કરવો જરૂરી છે. સ્વમહાત્મ્ય વધારવાનાં ક્ષુલ્લક સ્વાર્થમાંથી બહાર નીકળી આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજીનું મહાત્મ્ય

વધે તે માટે આપણે પ્રયત્ન કરીશું સાથે પુષ્ટિ સંપ્રદાયનાં સિદ્ધાંતોને જીવનમાં ઉતારી ધર્માચરણ કરીશું તો આપણા પોતાના વિકાસની સાથે પુષ્ટિ સંપ્રદાયનો વિકાસ સાધી શકીશું.

સંગઠનનું સંકલન જળવાય તેમજ આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજી દ્વારા સંસ્થાપીત પુષ્ટિમાર્ગીય સંપ્રદાયની સિદ્ધાંતોની જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી પુજ્યપાદ પ્રથમેશજી મહારાજશ્રીએ રાજકોટમાં થયેલ સોમયજ્ઞ સમયે અનેક આચાર્યો તેમજ વિશાળ વૈષ્ણવ જન સમુદાયની ઉપસ્થિતિમાં “શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ”ની રચના કરેલ જેનાં દ્વારા આચાર્યશ્રીઓના આશીર્વાદ અને માર્ગદર્શન તળે નીયમીત રૂપમાં ‘શ્રીવલ્લભ સુધા’ માસીક પ્રકાશીત થાય છે જે ચાલુ માસે નવ વર્ષ પુર્ણ કરી એપ્રીલ ૯૧ થી દશમાં વર્ષમાં પ્રવેશશે.

જે માસીકમાં મુખ્યત્વે આચાર્યશ્રીઓનાં ગ્રંથોનાં વિવેચન સાથે વીવરણ આપવામાં આવે છે તેમજ આચાર્યશ્રીઓ તથા પુષ્ટિમાર્ગીય મર્મજ્ઞ વિદ્વાનોના લેખ પ્રકાશીત કરવામાં આવે છે, જેનું મનન અને ચીતન સાથે નીયમીત સ્વરૂપનાં વાંચન કરવામાં આવે તો તાદશી જનનાં સત્સંગ જેવો લાભ મળે.

શ્રી વલ્લભસુધા માસીક ૧૦ માં વર્ષના પ્રવેશ પ્રસંગે તેમજ પૂજ્યપાદ ગો. શ્રી પ્રથમેશજી (શ્રી રણછોડાચાર્યજી) મહારાજ શ્રી નિત્ય લીલાસ્થ થયાને એક વર્ષ પુર્ણ થતા આપશ્રીના આશીર્વાદ તેમજ માર્ગદર્શન વૈષ્ણવોને પ્રાપ્ત થતાં રહે તેને અનુલક્ષી આપશ્રીના જીવન કવનને ચરિતાર્થ કરતું પુસ્તક ‘શ્રી પ્રથમેશજી ચરિતામૃત’ પુસ્તક શ્રી વલ્લભસુધાના ગ્રાહકોને ભેટ આપવાનું શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિએ નક્કી કરેલ છે.

આ ભેટ પુસ્તકનો લાભ આજીવન ગ્રાહકો તેમજ સને ૯૧/૯૨ નું વાર્ષિક લવાજમ રૂા. ૨૦/- ૩૧ માર્ચ ૯૧ પહેલા સંસ્થાનાં કાર્યાલયે જમાં થઇ ગયેલ હશે તેવા ગ્રાહકોનેજ ભેટ પુસ્તકનો લાભ મળશે.

૧ લી એપ્રીલ ૧૯૯૧ થી આજીવન લવાજમનાં દર રૂા. ૨૫૧/- કરવાનું નક્કી કરેલ છે, તે પહેલા એટલેકે ૩૧ માર્ચ ૯૧ સુધી આજીવન લવાજમ રૂા. ૨૦૧/- ભરી “શ્રી વલ્લભ સુધા” ના આજીવન ગ્રાહક બની વિશેષ લાભ લઇ શકાય છે.

દિન પ્રતિદિન વધતા જતા કાગળનાં ભાવ છપાઇ પોસ્ટેજ મોંઘા થવા છતાં સામાન્ય જનને પોષાઇ શકે તે હેતુથી આર્થીક નુકશાની જવા છતાં સામાન્ય એવા લવાજમનાં દર રાખેલ છે.

વાંચક વૃંદને નમ્ર વિનંતિ કે સાંપ્રદાયીક સાહિત્યનો પ્રચાર વધે તે હેતુથી દરેક ગ્રાહક ઓછામાં ઓછા ૧ વધારાના ગ્રાહક બનાવી સાંપ્રદાયીક સેવા કરવાનો અવસર ઝડપી લ્યે કારણકે લવાજમ જેટલીજ કિંમતનું લગભગ ભેટ પુસ્તક થશે. ૧૨ માસનાં અંકો વિશેષમાં ગ્રાહકોને મળશે.

તેમજ સમર્થ વૈષ્ણવોને વિનંતી કે પૃષ્ટ પ્રકાશન સહાય–વાર્ષિક પૃષ્ટ પ્રકાશન સહાય તેમજ આજીવન પૃષ્ટ પ્રકાશન સહાયની યોજનામાં પ્રકાશન સહાય કરી ભગવદ્ સ્મરણ લખાવી આપના દૈવી દ્રવ્યનો સદુપયોગ કરો. આપશ્રી જાણો જ છો કે “શ્રી વલ્લભ સુધા” માસીકમાં જાહેરાત લેવાતી નથી પરંતુ આર્થીક નુકશાની સમર્થ વૈષ્ણવોનાં સહયોગથી સરભર કરવામાં આવે છે.

અંતમાં વાંચક વૃંદ તથા સેવા ભાવી કાર્યકરો દ્વારા જે સહયોગ પ્રાપ્ત થાય છે તેથી વિશેષ સહયોગની અપેક્ષા સાથે.

–શ્રી વલ્લન વિજ્ઞાત પ્રકાશન સમિતિ

શ્રીયમુનાજીના પદ

[ભાવાર્થ વિવેચન સાથે] લે. પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રી. 'વ્રજ' ધોરાજી

પદ-૭૮

પ્રાતઃ સમય રસના જુ રટીએ....
કલિંદ સુતા હરિકે સુખ દેની ॥
સાંવરે અંગ-તરંગ અનંગન....
મોતીન માંગ ભરી મૃગનૈની ॥૧॥
હાવ ભાવ વિલોકનમેં....
મનમોહન કે મનકોં હર લેની ॥
પ્રેમ કહે જગ પાવની....
ભૂતલમાં જ વૈકુંઠ નિશ્રેની ॥૨॥

ભાવાર્થ : શ્રીહરિનાં સદા સુખદાયક કલિંદ સુતાના નામને હે રસના ! પ્રાતઃસમય સદા રટણ કરો. શ્યામ અંગમાં અનંગના અનેકવિધ તરંગોવાળા મૃગનયની શ્રીયમુનાજીએ પ્રિયતમના મનને મોહ કરવા માટે મોતીઓથી માંગ ભરી છે. હાવ-ભાવ અને મદભર્યા કામ કલા સુચક નયનોના અવલોકનથી જગત મોહન શ્યામસુંદરના મનને પણ આપ હરનારાં છે. ભક્તપ્રેમ કહે છે કે જગતપાવની શ્રીયમુનાજી ભૂતલમાંજ વૈકુંઠની સીડીરૂપે બિરાજે છે.

વિવેચન : શ્રી મનમોહન સદા શ્રી યમુનાજીને વશ હોવા છતાં શ્રી યમુનાજી પ્રિયતમના મનને પરવશ કરવા માટે વિવિધ પ્રકારે પ્રયત્નશીલ રહે છે. શ્યામ સંગમાંથી અનેક કામ-કલાઓ પ્રગટ કરી અને પ્રિયતમના મનને રસ પરવશ કરી અનેક પ્રકારે સુખ આપે છે. સુંદર શૃંગારો, માંગને પણ સુંદર મોતીઓથી ભરવી વિગેરે કોટાનકોટી કેલી કલાઓ સહ, રસવિલાસ-કુંજવિલાસમાં અષ્ટ-પ્રહર ક્ષણ ક્ષણ નૂતનભાવો અને વિલાસોથી પ્રિયતમને વશ કરી રાખે છે એવા હે કલિંદ-ગિરિસુતા ! આપના નામનું અહર્નિશ રટણ કરીએ.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે
"શ્રી વલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) તેના પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	"અમૃત" જલારામ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ-૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૫) સંપાદકનું નામ	,,
રાષ્ટ્રીયતા	,,
સરનામું	,,
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ જી-૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઇ-૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૩-૩-૯૧

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૧૦ તા ૧૧-૩-૯૧ સોમવાર ચિ. શ્રીદેવકીનંદન (સૂરેશ) બાવા (ગોકુળ) નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૧૨-૩-૯૧ મંગળવાર પાપ મોચની એકાદશી વ્રત ગો. શ્રી ભરતકુમારજી મહારાજ (પુના) નો જન્મદિન

ફાગણ વદ ૧૩ તા. ૧૪-૩-૯૧ ગુરુવાર ગો. શ્રી રઘુનાથ બાવા (કામવન) અને ગો. શ્રી ગોકુલનાથ બાવા (માંડવી) નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૧૫-૩-૯૧ શુક્રવાર ગો. શ્રી વ્રજ રત્નલાલજી મહારાજ (ચાંપાસેની) નો જન્મદિન.

ફાગણ વદ ૩૦ અમાસ તા. ૧૬-૩-૯૧ શનિવાર ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજ (મુંબઇ) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૧૭-૩-૯૧ રવિવાર સંવત્સરોત્સવ, શાલિવાહન શક, ચૈત્ર નવરાત્રી પ્રારંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૧૯-૩-૯૧ મંગળવાર ગણ ગૌરી.

ચૈત્ર સુદ ૪ તા. ૨૦-૩-૯૧ બુધવાર ગો. શ્રી અજયકુમાર મહારાજ (પુના) જન્મદિન

ચૈત્ર સુદ ૬ તા. ૨૧-૩-૯૧ શ્રી ગુસાંઇજીના છઠા લાલ શ્રી યદુનાથજીનો પ્રાકટય દિન. (સં. ૧૬૧૫) શ્રીયમુનાજીનું પ્રાકટય. ગો. શ્રીયદુનાથજી બાવા (કોટા) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૨૪-૩-૯૧ રવિવાર રામનવમી વ્રત ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજ (પાર્લા) ગો. શ્રીયદુનાથ બાવા (મથુરા) અને ગો. ચિ. શ્રી અનિરુદ્ધ લાલજી બાવા (કોટા) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૨૫-૩-૯૧ સોમવાર ગો. શ્રી ગોપાલ લાલજી મહારાજ (કોટા) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૨૬-૩-૯૧ મંગળવાર કામદા એકાદશી વ્રત શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ ગો. શ્રી મથુરેશ્વરજી બાવા (સુરત) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૨૭-૩-૯૧ બુધવાર ગો. શ્રી શરદ બાવા (ચાંપાસેની) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૨૯-૩-૯૧ શુક્રવાર ગો. શ્રી પુરૂષોત્તમલાલ (પંકજ) બાવા (મુંબઇ-રાજકોટ) નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૩૦–૩–૯૧ શનિવાર પૂર્ણિમા વૈશાખ સ્નાનારંભ ગો. શ્રી રઘુનાથ લાલજી મહારાજ (કામવન) નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૩–૪–૯૧ બુધવાર ગો. શ્રી યદુરાયજી–યોગેશકુમારજી મહારાજ (મુંબઇ) નો તથા ગો. શ્રી યશોદા નંદનજી મહારાજ (બોરીવલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૫–૪–૯૧ શુક્રવાર પ્રથમેશ ગો. શ્રી લાલમણી મહારાજ શ્રી (કોટા) નો તથા ગો. શ્રી ત્રિલોકી ભૂષણજી મહારાજ (કાંકરોલી) નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૬–૪–૯૧ શનિવાર શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વારા) નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૦ તા. ૯–૪–૯૧ મંગળવાર શ્રી ગોવર્ધન લાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

॥ શ્રીવલ્લભઃ ॥

પ્રશ્નોત્તરી

પ્રષક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઈ 'ચરણરજ' સુરત**

પ્રશ્ન : કૃપાનાથ પંચપર્વ વિદ્યા અને અવિદ્યા કેમ સમજાય ?

ઉત્તર : અવિદ્યા આવા પ્રકારની છે. જીવ ભૌતિક વિષયમાં રચ્યો પચ્યો રહી એમાં જ આનંદ માની રહ્યો છે, પરંતુ વિષયાનંદ એ ખરેખર આનંદ નથી જ આનંદનો આભાસ માત્રછે, મૃગજળ સમાન છે એટલું સમજતો હોવા છતાં છોડી શકતો નથી.

સહસ્ત્ર પરિવત્સરથી પ્રભુથી વિખુટો પડેલો જીવ સ્વભાવથી પણ દુષ્ટ બની ગયો છે. અવિદ્યાથી બંધાઇ ગયો છે, તે પ્રભુની કૃપા સિવાય મુકત થઇ શકતો નથી.

પંચપર્વા અવિદ્યા આ પ્રકારની છે 'દેહ-ધ્યાસ ઇન્દ્રિયા ધ્યાસ, પ્રાણાધ્યાસ અંતકરણા ધ્યાસ અને સ્વરૂપ વિસ્મૃતિ–વ્રજભકતો પણ જ્યારે પ્રભુ કૃપાથી આ પંચપર્વા અવિદ્યાથી મુકત થયા ત્યાર પછી જ પ્રભુ પ્રત્યે પ્રેમ અનુરાગ ઉત્પન્ન થયો છે અને અવિદ્યાને સ્થાને 'પંચપર્વ વિદ્યા'નુ દાન પ્રભુ કૃપાથી થયુ છે અને ત્યાર પછી પ્રેમ સાથે આસકિત ઉત્પન થઈ છે. શ્રુતિ કથા અનુસાર "યમ એવ એષ: વૃણુતે તેન લભ્ય" પ્રભુ કૃપા સિવાય આ ભાવ ઉત્પન થતો નથી પ્રભુ જે જીવનો અંગિકાર કરે છે તેને પ્રભુ કૃપાથી "પંચ પર્વાવિદ્યા" પ્રાપ્ત થાય છે. પંચપર્વા વિદ્યા નીચે મુજબ છે. (૧) 'વૈરાગ્ય, પ્રભુ સિવાય કોઇનામાં પણ આસકિત નહી તે. (૨) સાંખ્ય :– પ્રભુનું સ્વરૂપ રસાત્મક છે. એવું જ્ઞાન. (૩) યોગ ચિતની વૃત્તિ પ્રભુમા એવી તન્મય થઇ જાય કે જેમ માળાના મણકામાં દોરો પરોવાએલો હોય, તેમ પ્રભુમા લિન થઇ જાય (૪) તપ :– પ્રભુના વિરહમાં જે તાપ કલેશ ઉત્પન થાય તેનો અનુભવ (૫) ભકિત :– ધર્મ અર્થ કામ અને મોક્ષ, આ ચારેય પુરૂષાર્થ રૂપી કામનાનો સદંતર ત્યાગ અને ભગવાનમાં પૂર્ણ આસકિત એટલે સ્નેહ પૂર્ણ ભકિત આ સર્વે પ્રભુ કૃપાથી જ સિદ્ધિ થાય છે.

"જેને શ્રીવિઠ્ઠલનાથ વિચારે તેને પ્રકટ પદારથ ચારે."

સંધ્યા અથવા ધ્યાન

લેખક : **રા. રા. ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી**

વેદમાં એમ જણાવ્યું છે કે "અહરહઃ સંધ્યામુપાસીત" દરરોજ સંધ્યા કરવી બાળકે બાલ્યાવસ્થાથી સંધ્યા તો શીખવી જ જોઇએ. 'સંધ્યા' એટલે સુંદર રીતે પ્રભુનું ધ્યાન કરવું તે, જનોઇ ધારણ કરનાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોએ પોતપોતાના વેદની શાખાના નિયમાનુસાર વેદ મંત્રોથી 'સંધ્યા વંદન' કરવું પણ અત્રે આપણે તો સામાન્ય નિયમથી ધર્મ શીખવવાનો પ્રયત્ન કરીએ છીએ, એટલે દરેકે દરેકે શાખાઓના નિયમ પ્રમાણે સંધ્યા વિધિ દર્શાવવા બેઠા નથી, પરંતુ ટુંકાણમાં તે માટે જણાવવાનું કે, જેમણે જનોઇ ધારણ કર્યું છે એવા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય બાળકો એ વૈદિક વિધિ પ્રમાણે સંધ્યા કરવી. જો ન કરે તો કર્મથી હીન થઇ દોષિત ઠરે. સંધ્યા કરવી એ પુણ્ય મેળવવા માટે નથી, પરંતુ નિત્યનો અવશ્ય કરવા જેવો ખાસ ધર્મ છે. બ્રાહ્મણ હોય અને જો તે ત્રણ દિવસ સુધી સંધ્યા ન કરે તો અંત્યજ સમાન બની જાય. તેવી જ રીતે ક્ષત્રિય વગેરેનું પણ તેમજ. માટે બ્રાહ્મણ ક્ષત્રિય, વૈશ્યો એ અવશ્ય કરવા યોગ્ય વિધિઓ મરણ થતાં સુધી પણ છોડવા નહિ.

જ્યાં સુધી દેહાભિમાન છે, ત્યાં સુધી દેહ ધર્મો છુટી શકે જ નહિ. આપણો આ દેહ છે. ત્યાં સુધી આપણે શું શું કરતાં નથી? ખાઇએ, પીએ, દેહને ઉદ્દેશી અભિમાન પૂર્વક બીજા દરેક ધર્મ આચરીએ, તો તે દેહને ઉદ્દેશીને જ બતાવેલા સંધ્યાદિક કર્મો શા માટે ન કરવાં? સર્વ વેદોમાં પ્રભુનું જ પ્રતિપાદન જ છે. તેવા વૈદિક મંત્રોથી પ્રભુનું ધ્યાન કરવાનો ઉદ્દેશ જ સંધ્યામાં સમાયેલો છે. સુંદર રીતે પ્રભુનું ધ્યાન એટલે પ્રભુની સેવા કરવી તે પણ સંધ્યા કહેવાય દરેક વિદ્યાર્થીએ સ્નાન કરી શિખાબંધન, તિલક વિગેરે કરીને પરમાત્માનું ધ્યાન કરવું. અથવા ઘરમાં કોઇ કોઇ પ્રભુનું સ્વરૂપ બિરાજતું હોય તો ચિત્તને સ્થિર કરીને તેની સેવા કરવી. ગીતા, ભાગવત્ વગેરે પરમાત્મા સંબંધીનો ઉપદેશ આપે એવાં પુસ્તકોનો પાઠ કરવો.

વૈષ્ણવ બાળકોએ શ્રીયમુનાષ્ટક, શ્રી સર્વોત્તમજી, શ્રીકૃષ્ણાશ્રય વગેરેના પાઠો કરવા. યથાશક્તિ નામ મંત્રથી માળા ફેરવવી. આટલું કાર્ય કર્યા પછી જ બીજી પ્રવૃત્તિ કરવી આ પ્રમાણે નિયમસર ન વર્તાય તો ધર્મ પ્રાપ્ત ન થઇ શકે. જીવનને ટકાવવા જેમ અન્નની જરૂર તેમ આત્માને ટકાવવા પ્રભુની ભક્તિ, પ્રભુની સેવા, ધ્યાન સંધ્યા વગેરે ધર્મો જરૂરનાં છે. ધ્યાન કરતી વખતે પ્રભુમાં ચિત્તને જોડી બીજા બધાં વિચારો છોડી દેવા ચિત્ત બહાર ભટકતું હોય અને આપણે કંઇ કરી જઇએ એ સુંદર ધ્યાન કે સંધ્યા ન કહેવાય.

આ ઉપરથી ધ્યાન વા સંધ્યા તો સામાન્ય રીતે સમજી ગયા હશો તો આ ધ્યાન કરવાનો શ્લોક પણ બોલો.

યં બ્રહ્મા વરુણેન્દ્ર મરુતઃ
સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈ-
ર્વેદૈઃ સાગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ
યં સામગાઃ ।
ધ્યાનાવસ્થિતતદ્ગતેન
મનસા પશ્યન્તિ યં યોગિનો,
યસ્યાન્તં ન વિદુઃ સુરા સુરગણા,
દેવાય તસ્મૈ નમઃ ।

અન્વયાર્થ-બ્રહ્મા, વરુણ, ઇંદ્ર, રુદ્ર, મરુદ્ગણો જેને દિવ્ય અલૌકિક સ્તોત્ર વડે સ્તુતિ કરે છે. સામ વેદનું ગાન કરનારા મુનિશ્વરો જેને અંગ સહિત પદક્રમવાળાં ઉપનિષદો વડે ગાય છે, યોગી લોકો જેનાં ધ્યાનમાં સ્થિર થઈ તેમાં જ જોડાયેલાં મન વડે ધ્યાન ભકિત કરે છે. તથા દેવ અને દાનવો જેના અંતને જાણી શકતા નથી, તે દેવ પરમાત્મા શ્રીકૃષ્ણને નમસ્કાર હો.

પ્રભુનું સ્વરૂપ એવું છે કે મોટા દેવતાઓ યોગીઓ, મુનિઓ, અને દાનવો તેમના અંતને પારને પામી શકતા નથી. માટે તે બધા એકાંતમાં એકત્ર થઇને સુંદર સુંદર સ્તોત્રો વડે, ગાનવિદ્યાથી ભરેલા સામવેદો વડે તેમનું ગાન કરે છે. પ્રાણાયામ વડે ચિત્તને સ્થિર કરી દઇ ભગવાનના તેજોમય દિવ્ય સ્વરૂપને અંતરમાં પધરાવી, તેમનું ધ્યાન કરે છે. એવા પ્રભુનું આપણે પણ આ શ્લોક વડે દરરોજ ધ્યાન કરીએ. તો મન વશ થાય, બુદ્ધિ નિર્મળ બને પ્રભુની કૃપા પ્રાપ્ત થાય. પ્રભુ દયાળુ છે, ધ્યાન કરનાર મનુષ્યને શરણે લઇ તેના ઉપર પોતાની પુર્ણ કૃપા વરસાવે છે. એમ પ્રભુની કૃપા મેળવવી એજ આ જન્મની સફળતા છે.

[શુદ્ધાદ્વૈત ભકિતમાર્તંડના વર્ષ ૪ સં. ૧૯૮૫ શ્રાવણ માસના ૫ માંથી સાભાર.]

સમાચાર

અમદાવાદ-આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા શ્રી સાતસ્વરૂપ હવેલીમાં દર રવિવારે પાઠશાળા ચલાવાય છે. તેમાં ૮૦ બાળકો લાભ લે છે બાળકો મંગલાચરણ, શ્રી યમુનાષ્ટક, ધોળ સમૂહમાં સરસ રીતે બોલે છે.

ગોંડલ-પરમ દયાલ શ્રી ગુસાંઇજીનો ૪૭૫મો પ્રાકટય મહોત્સવ માગશર વદ ૯ સોમવારના રોજ, પૂ. પા. ગો શ્રી દામોદરલાલજી મહારાજશ્રી તથા અ. સૌ. ગો. શ્રી કુમુદિની વહુજી, ચિ. ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી અને ચિ. ગો. શ્રી દર્શનકુમાજી બાવાશ્રીના સાન્નિધ્યમાં ધામધુમથી ઉજવાયો હતો. શોભાયાત્રા કીર્તનીયા મંડળી તથા બહેનાના કળશ તથા વૈષ્ણવ વૃંદ સાથે બોનજીબાની હવેલીએ પહોંચી સભાના રૂપમાં ફેરવાઈ ગઈ, તેમાં ઉત્સવ નાયકના જીવન ચરિત્ર સંબધે તથા પ્રસંગોચિત પૂ. મહારાજશ્રીના તથા પૂ. વહુજીના વચનામૃત થયા હતા. પાઠશાળાના બાળકોનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. છેલ્લે પૂ. મહારાજશ્રીને કેસર સ્નાન – વધાઈ – કીર્તન સાથે આનંદપૂર્વક સમારોહ સંપન્ન થયો હતો.

પુષ્ટિભકિત સંગીત વિદ્યાપીઠ (હવેલી સંગીત)

અખિલ ભારતીય ધોરણે કીર્તન સંગીત વિદ્યાલયો, મહાવિદ્યાલયો અનેક શહેરોમાં શરૂ કરવાની જરૂરત છે. શિક્ષણ, પરીક્ષણ, કીર્તન શૈલીની જાળવણી, શૈલીની ઐકયતા, પ્રસારણ પ્રકાશન શિક્ષકો માટે અધ્યાપન મંદિર વગેરેની જોગવાઇ વિશ્વવ્યાપી પુષ્ટિભકિત સંગીત વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવશે..

મુંબઈ, વડોદરા, સુરત, અમદાવાદ, જુનાગઢ. ભાવનગર, રાજકોટ આ શહેરોમાં ઉપરોકત સંસ્થાને મકાન ભેટ આપશે તેનું નામ આ સંસ્થા સાથે જોડવામાં આવશે.

સદા સ્મૃતિ અને સદઉપયોગનું આ કાર્ય કરવા જેવું છે

પત્રવ્યવહાર :-

વિઠ્ઠલદાસ બાપોદરા,
૪૫, નારાયણ નિવાસ, બીજે માળે, રૂમ-૧૮
દાદી શેઠ અગ્યારી લેન, ઠાકર કલબ, પાસે
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨

પુસ્તક પરિચય

વિજ્ઞાન વિહાર –

નિર્દેશક – શ્રી નવનીત પ્રિય જેઠાલાલ શાસ્ત્રી
પ્રકાશક – વિદ્યા નિધિ ટ્રસ્ટ
"વ્રજ વિહાર," મોટી પોળ, મોદી સાંથ
નડીઆદ – ૩૮૭૦૦૧

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૭૦૦ ઉપરાંત પાકું બાઇન્ડીંગ
ન્યોછાવર રૂા. ૧૦૦/– એંકસો પોસ્ટેજ અલગ.

પુષ્ટિ સંપ્રદાયમાં સુવિખ્યાત વિદ્વાન અને શ્રીમદ્ ભાગવતના પ્રખર પ્રવકતા માનનીય પ. ભ. શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજી પ્રસ્તુત પુસ્તકમાં શ્રીમદ્ ભાગવતમાં અદ્ભુત 'વિજ્ઞાન વિહાર" શ્રીમદ્ વલ્લભાચાર્યજીની નજરે શ્રીસુબોધિનીજીમાં દર્શાવેલ વર્ણનમાંથી સંશોધન કરી જેમ છાશ માંથી માખણ તારવવામાં આવે છે તેમ નવનોત રૂપે વિજ્ઞાન વિષયનો વિહાર કરાવે છે.

શ્રીમદ્ ભાગવતના બારેય સ્કંધના અધ્યાયોમાં જ્યાં જ્યાં જે જે શ્લોકોમાં વૈજ્ઞાનિક લીલા ચરિત્રોનું વર્ણન છે તેવા મૂળ સંસ્કૃત શ્લોકો સાથે સરળ શૈલીમાં ગુજરાતીમાં વિવેચન કરેલ છે એટલું જ નહિ પણ તે ગુજરાતી વિવેચનનું અગ્રેજીમાં અક્ષરશઃ ભાષાંતર આપીને આ અદ્ભુત ગ્રંથની સર્વ દેશીય લોક ભોગ્ય રચના કરીને શ્રીમદ્ ભાગવત પુરાણને આધુનિક વૈજ્ઞાનિક જગતમાં ગૌરવ પ્રદાન કરાવ્યું છે.

વર્તમાન કાળમાં જે વૈજ્ઞાનિક શોધ થયાનું અનુભવાય રહયું છે તેવા તમામ વૈજ્ઞાનિક વિષયોનો સમાવેશ શ્રીમદ્ ભાગવત પુરાણમાં નિર્દેશેલ છે તેમ સર્વ કોઈ જિજ્ઞાસુને આ ગ્રંથના વાંચનથી જણાયા વગર રહેશે નહિ

દુનિયામાં આશ્ચર્ય પમાડે તેવી દિન પે દિન નવી નવી શોધ ખોળ કરતા રહી આધુનિક વિજ્ઞાનિયો રજુ કરી રહયા છે પરંતુ શ્રી શાસ્ત્રીજીયે શ્રીમદ્ ભાગવત પુરાણમાં આ સમગ્ર વિષયોનું વર્ણન છે તેવું સંશોધન કરી પ્રકાશિત કરેલ છે જેથી મજકુર વિજ્ઞાનિઓ વિચાર કરતા થઈ જાય તો તેમાં નવાઈ નહિ લાગે.

શ્રીમદ્ ભાગવતમાંથી વૈજ્ઞાનિક વિષયને તારવી તેનું સંપાદન કરી ક્રમશઃ ગોઠવી એક વિશિષ્ટ ગ્રંથ રૂપે તૈયાર કરવામાં માનનીય શાસ્ત્રીજીએ વર્ષોનો શ્રમ, ધીરજ અને નિષ્ઠા દાખવેલ છે તે ખરેખર અભિનંદનીય છે.

આ વૈજ્ઞાનિક જમાનામાં આધુનિક યુવાન પેઢીને પુરાણો તરફ આદર પૂર્વક નિહાળવામાં માનવામાં આ ગ્રંથ આશીર્વાદ રૂપ નિવડશે તેમાં શંકાને સ્થાન નથી.

હિંદુ માત્રના ઘરમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવત બિરાજતા હોય છે તેની સાથો સાથ આધુનિક વૈજ્ઞાનિક શોધોનો સમન્વય સાધવામાં અને દૃઢ શ્રદ્ધા સ્થાપીત કરવામાં આ ગ્રંથ માર્ગ દર્શક અને અત્યંત ઉપયોગી હોય ને વસાવવા નમ્ર ભલામણ છે.

સમાચાર

માલવણ–પુષ્ટિમાર્ગીય પાઠશાળા તરફથી વાડાસિનોરના પ. ભ શ્રી મગનલાલ કંસારાનો સત્સંગ–કિર્તનનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રી મગનભાઈએ વિવિધ કીર્તનો મધુર આલાપની ગૂઢ ભાવાર્થ સાથે ગાયાં હતાં. પરિષદનાસંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ આં. રા. પુ. વૈ પરિષદનાં માલવણ શાખાનું તેમજ પુષ્ટિ સ્વાધ્યાય કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે હાજર રહ્યા હતાં.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212-L.P.W.P. 43

શ્રી યમુનાજીને વિનંતિ

[તાલ - દીપચંદી]

એક અરજ સુણોયમુના માવડી, માડી દરશન પયપાનની આશ.... શ્રી યમુનાજી માવડી૦
માડી અનેક જનમ એમ વહી ગયા, શ્રીવલ્લભ શરણે પામ્યાં સર્વે સુખ.... શ્રી યમુનાજી માવડી૦
માડી ઠકરાણી ઘાટ સોહામણા, જ્યાં શ્રીવલ્લભવરના છે વાસ.... શ્રી યમુનાજી માવડી૦
માડી રમણ રેતીમાં લોટાવજો, સદા રમણ કરે જ્યાં રાધાશ્યામ.... શ્રી યમુનાજી માવડી૦
માડી તટ પર કુંજ સોહામણી, કરે કલરવ શુક પીક-મોર.... શ્રી યમુનાજી માવડી૦
માડી વ્રજ વનિતા કેરા યુથમાં, નિત્ય ખેલે શ્રી નંદકિશોર.... શ્રી યમુનાજી માવડી૦
માડી તીરે ગોવર્ધન શોભતાં, ગાયું ચારે ગોવિંદ દિન રાત.... શ્રી યમુનાજી માવડી૦
વન કંદરા જલ ફળ ફૂલ છાંયથી, સદા સેવે શ્રી ગોકુળનાથ.... શ્રી યમુનાજી માવડી૦
જલ ક્રિડા કરે જ્યાં કાનજી, સંગે વ્રજ સુંદરી સુખ રાસ.... શ્રી યમુનાજી માવડી૦
માડી સરવે વ્રજલીલાનાં સ્વામિની, તમ કૃપાયે થાય પ્રવેશ.... શ્રી યમુનાજી માવડી૦
માડી કરી કરૂણા ઝાલો બાવડી, માડી રાખો ચરણની પાસ.... શ્રી યમુનાજી માવડી૦
માડી સુણો શ્રી 'વ્રજ' તણી વિનંતી, આપો કુંજમાં કાંઠડે વાસ.... શ્રી યમુનાજી માવડી૦

પ. ભ. શ્રી રવજીભાઈ મીસ્ત્રા 'વ્રજ', ધોરાજી



આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક —રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૮૨૧૩૮